પારસી મરત્બુક

ભાગ ૨ બીજો.

પારસી મરત્યુક

યાને

મુંબઇમાં ઇંગ્રેજી તથા ગુજરાતી વર્તમાનપત્રોનો પાયો નખાયો ત્યારથી તે આજસુધી થયલાં જાણીતાં પારસીઓનાં મરત્યુકોની તેમાં આવેલી નોધોનો સંગ્રહ.

દફતર બીજું—૧૮૬૧ થી ૧૮૮૦ ઇસવી.

રચનાર

મરહુમ ખા૦ બા૦ બહમનજી બેહરાંમજી પટેલ.

પ્રગટ કરનાર

દીનબાઈ બેહરાંમજી પટેલ,

નંબર ૧૨, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

દફતર આશકારા આંહલ એન્જીન પ્રેસમાં અરદેશર ભીખાજી દુબાશે છાપ્યું છે.
મુંબઈ, કોટ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ના૦ ૭—૧૨.

સને ૧૨૮૨ યજદજરદી.—સને ૧૯૧૩ ઇસવી.

OBITUARY NOTICES OF PARSEES

Republished from 1799 to the present times.

Vol. II. 1861-1880.

Compiled by

THE LATE KHAN BAHADUR

BOMANJEE BYRAMJEE PATELL

PUBLISHED BY,

DINBAI BYRAMJEE PATELL,

NO 12, COWASJI PATELL STREET FORT, BOMBAY.

BOMBAY

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS, FORT.
By Ardeshir Bhikaji Dubash.
1282 A.Y.—1913 A.D.

દીબાચો

"પારસી મરત્યુક"

આગલા પારસીઓ, તેઓનો વેપાર, તેમનું સાહસીકપણું, તેમની સખાવત, તેમની સાદાઈ, વગેરે.

આગલા પારસીઓએ મુંબઈની આબાદી વધારવામાં કેટલો હીસ્સો આપ્યોછે!

આજના પારસીઓની ભાષા કેવી જોઇએ!

લખનાર—**મી૦ રૂસ્તમ બરજોરજી પેમાસ્તર,** બી. એ., એલએલ. બી.

"*The noblest biographies have not always been written. There have been great, heroic men who have toiled on in their daily duties, and suffered and sacrificed and kept their integrity, who served God and helped their connections, and got on themselves, who have displayed in all this qualities of character of mind, courage, goodness that would have honoured a bishop, a general, or a Judge.*"—(*Smiles on Duty.*)

"પારસી મરત્યુક" નામે પુસ્તક મરહુમ બા૦ બા૦ બહમનજી બેહરામજી પટેલે ખ૦ સ૦ ૧૮૮૭ નાં સાલમાં છપાવી પ્રગટ કીધું હતું. એ પુસ્તક પ્રગટ કરવાની તેમની નેમ 'મુંબઇ મધે ઇંગ્રેજી તથા ગુજરાતી વર્તમાનપત્રોનો પાયો નખાયો ત્યારથી થઇ ગયલાં જાણીતાં પારસીઓના મરત્યુકોની તેમાં આવેલી નોધોનો સંગ્રહ કરી તે જાળવી રાખવી' એવી હતી, કે જેથી કરીને ભવિષમાં તે મરનારના એશ-કુટુંબોનેજ નહીં પણ કોમની તવારીખ લખનાર અથવા જાણીતા નરનારીઓના હેવાલ લખનારને ઉપયોગી થઇ પડે. મરહુમ બા૦ બા૦ બહમનજી પટેલે પોતાનાં એ પુસ્તકનું પેહલું દફતર છપાવી તેમાં મુંબઇ મધે છાપાની શરૂઆતથી બલકે ૧૭૯૯ થી તે ૧૮૬૦ નાં સાલ સુધીની નોધો આપી હતી. ત્યારપછી બરાબર પા સદી પસાર થઇછે, જે દરમેઆંન એ મરહુમ ઉદ્યોગી, કોમહિતાર્થી ગ્રહસ્થનું દુખદાયક મરણ તા૦ ૯ મી સપતેમ્બર ૧૯૦૮ ને દીને નીપજયું હતું. મરહુમ બા૦ બા૦ પટેલે પોતાનાં મરણ અગાઉ ૧૮૬૦ નાં સાલ પછીની વર્તમાનપત્રો મધે છપાયલી નોધોમાંની ઘણી-ખરીનો સંગ્રહ તૈયાર રાખ્યો હતો, અને તે છપાવવાનીજ માત્ર ખોટી હતી તે તેમનું કામ અત્રે રજુ કરવામાં આવ્યુંછે. આ બીજાં દફતર મધે ૧૮૬૦ નાં સાલથી ૧૮૮૦ નાં સાલ સુધીનાં જાણીતાં પારસી મરણોની નોધોનો સંગ્રહ આપ્યોછે, અને જો તેનો ઘટતો લાભ લઇ પ્રજા તરફથી તેને ઉત્તેજન મલશે તો ભવિષમાં એજ મિસાલ વધુ દફતર પણ બાહર પાડવામાં આવશે.

"પારસી પ્રકાશ" ની બેહનપણી—'પારસી મરત્યુક' એક રીતે જોતાં 'પારસી પ્રકાશ' ના બેહનપણી જેવી છે. 'પારસી પ્રકાશ' માં ગુજરી ગયલા જાણીતા પારસીઓની જીદગીના હેવાલો ઉપરાંત કોમનાં બેટાબેટીઓને લગતી દરેક જાણવાલાયક વિગતોના—કેળવણી, સખાવત, જાહેર ઉત્સાહ, ઓહ્દા, માનચાંદ વિગેરે વિગેરે કોમની કીર્તિમાં વધારો કરનારી દરેક બાબદનો—સમાવેશ ટુંકમાં કરવામાં આવ્યોછે. ત્યારે આ 'પારસી મરત્યુક' મધે કોમને લગતી એકજ બાબદ—તેનાં જાણીતાં નરનારીઓની જીંદગીને લગતા હેવાલો તેમનાં મરણ વેલા જેમ તે વેલાના છાપામાં પ્રગટ થયા હતા તેમ—આપવાની યત્ન કરીછે. 'પારસી મરત્યુકે' પોતાના વડા ભાઇની પુઠેજ શરૂઆતથી ચાલુ રાખ્યુછે. 'પારસી પ્રકાશ' નું પેહલું દફતર જે મિસાલ પારસીઓ હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથી તે ૧૮૬૦ નાં સાલ સુધીમાં કોમને લગતા અગતના બનાવોની નોધ અનુક્રમે તારીખ વારે આપેછે, તેજ મિસાલ 'પારસી મરત્યુક' નાં પેહલાં દફતરમાં છાપાની આ દેશમાં સ્થાપના થઇ ત્યારથી તે ૧૮૬૦ નાં સાલ સુધી વર્તમાનપત્રોમાં જાણીતાં પારસીઓનાં મરણોની નોધો લેવાઇ તેનો સંગ્રહ આપ્યોછે. ત્યારબાદ મરહુમ બા૦ બા૦ બહમનજી પટેલનાં મરણ બાદ ગયે સાલજ તેમનાં બેહન બાઇ દીનબાઇ બેહરામજી પટેલે 'પારસી પ્રકાશ' નાં બીજાં દફતરનો શેવટનો અંક સાંકળીઆં સાથ પ્રગટ કીધો, અને તે દફતર જેમ ૧૮૮૦ નાં સાલ સુધીની નોધો આપેછે તેજ મિસાલ આ 'મરત્યુક' ની નોધો જાળવી રાખવાની વેલાસર તક હાથ ધરવામાં ન આવે તો તે વર્તમાનપત્રોના અંકો નાબુદ થતાં કોમને તે હમેશની ખોહવી પડે. માટે આ કામ જે જોકે કોઇપણ વાતે માહભારત હોવાનો મરહુમ બા૦ બા૦ બહમનજી પટેલે યા તેમનાં બેહને દાવો કીધો નથી તોપણ તે કોમને કેટલું અગતનું છે, તે આટલાં ઉપરથીજ ખુલ્લું જણાશે. પોતાના વડા ભાઇએ 'પારસી પ્રકાશ' નાં નક્કી કીધેલાં ધોરણને વળગી રહી આ 'પારસી મરત્યુક' નાં બીજાં દફતરમાં તેટલીજ મુદત (૧૮૬૦—૧૮૮૦) સુધીની મરણોને લગતી નોધો સમાવવામાં આવીછે, અને છુટાંછવાયાં વર્તમાનપત્રો મધે અંધકારમાં પડી રહેલી કોમને અગત્યની એ નોધોને અજવાલાંમાં લાવવાનાં આ કામની કદર કોમ ઘટતી રીતે બુજશે એવી ઉમેદ છે.

'પારસી મરત્યુક' નાં બીજાં દફતરની બાબદો—આગલાં પુસ્તકની માફક આમાં પણ આપણી કોમના વડવાઓ વિષે જે નોધો વર્તમાનપત્રોમાં લેવાઇ હતી તેના ઉતારા રજુ કીધાછે, કે જેથી આ જમાનાના લોકોને પોતાના બાપદાદાની કીર્તિ કેવી હતી, અને તેઓ કેવાં કેવાં કામો કરી ગયાછે—છેલ્લી અર્ધી સદીની શરૂઆત પછીના બે દાહેકા ઉપર થઇ ગયલા જરથોસ્તીઓ કેવાં કેવાં કામો કરી ગયાછે,—અને તેની છાપાદ્વારે કેવી પીછાંન થઇછે—તે આપણને જાણવાનું બની આવે. તે જાણવાથી અનેક ફાયદા થવાની વકી છે. પોતાના બાપદાદાઓ કેવાં કામ કરી ગયા તેના હેવાલો તેજ વેલાનાં વર્તમાનપત્રોએ આપેલા તે ઉપરથી આપણ પોતે તેમની કારકીર્દીનું તોલ હાલ ત્રણ દાહેકા પછી બીનતાસુબીથી કાંઇપણ લાગણી વગર કરી શકીશું, અને તેથી પોતાના બાપદાદાને પગલે ચાલવાને ઘણાઓને ઉલટ થશે. અતરે સર જમશેદજી જીજીભાઇ, રેડીમની, વાડીઆ, બાટલીવાલા, આલબલેસ, જીજીભાઇ, પારખ; તારાચંદ વગેરે અનેક જાણીતાં ખાનદાનના નબીરાઓનાં સાહસકર્મોની નોધ જળવાઈ રહીછે. મરહુમ બા૦ બા૦ બહમનજી પટેલે પેહલા ભાગના દીબાચામાં જણાવ્યું હતું તેમ "આ પુસ્તકમાં આપેલા ઉતારાઓથી હમારા ઘણાક હમદીન ભાઇઓને

પોતાના વડીલો વિષે સંતોષભરી મગરૂરી ઉપજ્યા વિના રેહશે નહી." પોતાના વડવાઓએ બજાવેલાં કામો તથા વાપરેલી ભલમણસાઇની તે વખતના લોકોએ કરેલી એવી પીછાંન ઉપરથી તેઓના નબીરાઓને પણ હમણાં તેવેજ પગલે ચાલવાની ઉલટ થાય તો તે કાંઇ જેવો તેવો ફાયદો નથી.

વર્તમાનપત્રો મધેથી અત્રે ઉતારા લીધાછે—'પારસી મરત્યુક' ના પેહલા ભાગ મધે દશ જાણીતાં વર્તમાનપત્રો મધેથી જરથોસ્તી નરનારીઓનાં મરણને લગતી નોધોના ઉતારા આપ્યા હતા. ત્યારપછી 'જેનતલમેન ગેઝેટ,' 'તેલીગ્રાફ એન્ડ કુરીઅર' વગેરે કેટલાંક પત્રો હસ્તીમાંથી નીસ્તીમાં આવ્યાંછે, અને તેમની જગા બીજાં કયાં કયાં પત્રોએ લીધીછે તે આ બીજા ભાગ માટે ઉપયોગમાં લીધેલાં નીચલાં વર્તમાનપત્રોની ફાઇલો ઉપરથી જણાઇ આવશેઃ—

જામે જમશેદ, Telegraph & Courier, મુંબઇના ચાબુક, Bombay Gazette, મુંબઇ સમાચાર, Times of India, Poona Observer, રાસ્ત ગોફ્તાર, Deccan Herald, સત્ય દીપક, સરેદે લહા, સુરત મીતર, ગુજરાત મિત્ર, સીંધ સમાચાર, સમશેર બાહદુર, Bombay Argus, Sind News, વગેરે.

'પારસી પ્રકાશ' સાથ સરખામણી—આગલ જણાવ્યું તેમ આ મરત્યુકો મધેનાં કેટલાંક 'પારસી પ્રકાશ' માં આવી ગયાંછે. પણ 'પારસી પ્રકાશ' નું કદ અને તેની નેમ જોતાં તે મધે ફકત વધુ જાણમા આવેલાં હમદીનોનોજ હેવાલ અને તે પણ જગાની તંગાસને લીધે ટુકમાંજ આપ્યાંછે, અને તેમાં લેવાયલી નોધોવાલાં નરનારીઓ વિષે અતરે ઘણું વધુ જાણવાનું મલી શકશે.

પારસી બાબદો ઉપર ઈંગ્રેજી પત્રોની નોધો—આ પુસ્તકમાં આવેલા ઇંગ્રેજી ઉતારાઓ ઉપરથી વલી વધુ એ જણાશે કે, પારસીઓને લગતી બાબદો ઇંગ્રેજી વર્તમાનપત્રોમાં કેટલી મોટી જગા રોકેછે. ઘણાંક જરથોસ્તીઓનાં મરણોને લગતી નોધો ઇંગ્રેજી વર્તમાનપત્રોમાં લંબાણથી લેવાયલી જણાશે. જે ઉપરથી આ પણ અનુમાન નીકલી શકશે કે, ત્રણ દાહેકા ઉપર પારસીઓ આ હલાકામાં કેવો માનમરતબો ધરાવતા અને તેમને લગતી ખબરો ઇંગ્રેજી પત્રોમાં કેટલી જગા રોકતી હતી. સર કાવસજી જાંહગીરનો હેવાલ જે સંપુર્ણતાથી અતરેનાં 'ટાઇમસ ઑફ ઇંડીઆ' એ આપ્યોછે, તેવી સંપુર્ણતા આપણાં ખુદ પારસી વર્તમાનપત્રોએ બતાવી નથી. 'પારસી મરત્યુક' નાં પેહલાં દફતર ઉપર નજર નાખતાં માલમ પડેછે કે, જ્યારે ગુજરાતી છાપો ન હતો ત્યારે પણ ઇંગ્રેજી પત્રો જાણીતાં પારસી મરણોની નોધ લેતા હતા. ઇ૦ સ૦ ૧૭૯૯ થી ૧૮૨૧ નાં સાલ સુધી જે મરણ નોધો લેવાઇછે, તે સઘલી ઇંગ્રેજી વર્તમાનપત્રો મધેનીજ છે અને છેક ૧૮૨૨ નાં સાલમાં પેહલવેહલી ગુજરાતી છાપા મધેની નોધ 'મુંબઇ સમાચારે' મરહુમ શેઠ રતનજી બહમનજી વાહડયાની લીધી હતી, કે જેમની એક મુખ્ય ખુબી મજકુર ગુજરાતી પત્રે એ નોંધી હતી કે, તેવણનો

'શવભાવ હુવો તો સીઠો હતો જે કધી પોતાંનાં જનમમો કોઇ કાંમ ઉપર ચોટે શાદે બોલેઓ નથી.'

એજ તેમની ખુબી તે વેલાનાં 'બોમ્બે કુરીઅર' માં નીચે મુજબ જણાવીછે—

'The habitual equanimity of Ruttonjee was such that in the whole course of his life he was never known by any of his most intimate acquaintance to be once ruffled in temper.'

જાણીતાં પારસી બાનુઓના હેવાલ—વલી તે વેલાની નોંધોમાં પારસી બાનુઓને આપણા છાપાવાલા ભુલ્યા નથી. તા૦ ૨૪ મી મે ૧૮૬૨ નું 'મુંબઇ સમાચાર' જોકે ખુલ્લું જણાવેછે કે—

'દેશી અશતરીઓનાં મરણની નોંધ કોઇજ વાર લેવામાં આવેછે, અને જે વેલાએ તેહવું કરવાની ફરજ પડેછે તારે તેહેવો ચાલુ શરેશતો નહી હોવાથી ઓચંબામાં પડવું પડેછે. મોહોટી દલગીરી શાથે આજે હમુને એક શદગુણી અને ભલી અશતરીનાં મરણની નોંધ લેવી પડેછે.'

વળી 'મુંબઇ આલ્મુક' ૧૮૬૨ નાં સાલમાં કહેછે કે—

'દેશી શેઠાંણીઓનો મોટો ભાગ પોતાની જીંદેગાંની હેવી પરકારે ગુજારેછે કે જેઓનાં મરણની નોંધ કરતી વખતે તેણીઓના જનમારાને લગતાં બચ્યાંનમાં પોણીતરણ શતરો લખાએ એટલી પણ બાબદો મલી આવતી નથી'

છતાં આ દફતરમાં અનેક ભલી ઉદ્યોગી જરથોસ્તી બાનુઓની નોંધોનો આનંદમય દેખાવ નજરે પડેછે. કુલે ૩૨૬ જરથોસ્તી ગ્રહસ્થો સાથે ૫૧ બાનુઓની નોંધો આ દફતરમાં સમાઇછે તે તે જમાનાની કેળવણી તરફ જોતાં આપણી કોમનાં બાનુઓનો કાંઇ જેવોતેવો હીસાબ રજુ કરતી નથી. તે વેલા મોટાં કબીલાવાલાં થવું બહુ માનભર્યું લેખાતું. બાઇ શુનાબાઇ તે મરહુમ નસરવાનજી દાદાભાઇ ગામડીઆનાં વીધવા જેવણ ૧૮૬૫ માં ૮૦ થી ૮૫ વરસની આશરે વયે ગુજરયાં તેવણ પોતાની ઓલાદથી ઉતરેલાં ૯૩ તથા લગન સંબંધથી જોડાઇને પોતાનાં ખાનદાનમાં દાખલ થયલાં ૩૭ (૧૯ વહુ ને ૧૮ જમાઇ) મલી કુલે ૧૩૦ નાહનાં મોટાં બચ્ચાં-છોકરાંનો બોહલો ખટલો મુકી ગયાં તે વિષેની નોંધ લેતાં 'મુંબઇ આલ્મુક' દુવા દેછે—

'આ મરનાર ભાએગશાલી બાઇનું મીહીણ હમારી કોમની બીજી ઘણીક ઘરડી બોખી ડોશીઓને થાએ, ને તેઓ પણ એ મરહુમ બાઇને મીહીણે શવાશોથી વધારે બચાંકચાંની મોટી વશતીવાડી આબાદ મુકી, આ શાની દુનીઆંમાંથી મલી આવતું તમામ શુખ ભોગવી આ જીહાંનથી પોતાનો અશબાબ ઊઠાવે'

એજ માફક બાઇ ભીખાઇજી તે મરહુમ બરજોરજી નાનાભાઇ દાવરનાં વીધવા ૧૮૬૮ નાં સાલમાં ૮૮ વરસની વયે ગુજરયાં તેમનાં કુટુંબનાં ૧૫૯ આસામીઓ નોંધાયાંછે.

આગલાં મોટાંમાયો—આગલાં મોટાંમાયો કેવાં હતાં તેના અનેક દાખલા આ બીજાં દફતરમાંથી મલશે. તેઓ હાલની કેળવણી લઇ જોકે ચોપડીઓ અને વર્તમાન-પત્રો વાંચવાને બેનસીબ હતાં, તે છતાં તેઓમાં સંગીન ગુણો સાથ ઠરેલ ડાવકાપણું કાંઇ કમી ન હતું, અને પોતાનાં બચ્ચાંને પાંખમાં રાખી ગુજરાન કરી કુટુંબની આબરૂ રાખતાં. તેઓમાં અસલી ધરખમ ગુણો હતા. જેવું તે વેલાનું ટકાઉ રાચ-રચીલું બંગલાને શોભાવતું તેવાજ તેમના તે વેલા ગુણ હતા અને આજનું તકલીદી રાચરચીલું દેખાવમાં શોભીતું પણ ટકાઉપણામાં કોતાહ તેવો આગલા વખતનો મામલો ન હતો.

મરહુમ ખા૦ બા૦ બહુમનજી પટેલનાં પોતાના હાથનાં લખાણો—આ બીજાં દફતર મધે મરહુમ ખા૦ બા૦ બહમનજી પટેલનાં પોતાને નામથી તથા જાણીતા જાવત અક્ષરો બ. બે. પ. સાથ પ્રગટ થયલાં લખાણોની શરૂઆત છેલ્લાં છેલ્લાં થયલી

દીસેછે. તેવણે શેઠ અરદેશર નશરવાંનજી દાદીબરજોર જેવણ તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૦ ને દીને ગુજરયા હતા, તેમનો ઘણો જાણવાજોગ હેવાલ આપ્યોછે, જે વાંચવાની ખાસ ભલામણ કરીશ. મી૦ દાદીબરજોર ૮૨) વરસની મોટી ઉમરમાં કદી બીમાર પડયા હોય એવું તેવણના કોઇ એશીઓ જાણતા ન હતા, તે તેમની નીયમીત જીંદગીનું પરીણામ હતું.

'તેવણને કદી તબીબનું કામ પડયું નહી હતું. કોઇપણ દરદનો તેવણને અનુભવ નહી હતો. અને વધારે અગતનું એ છે કે તેવણે એવી નેમથી બાબખા પોતાની જીંદગીનું દરએક કામ બજાવેવાના કાયદા બાંધેલા હતા. તેવણ કદી પણ મોટે બોલતા નહી હતા, અને કોઇને પણ મોટે સાદે બોલાવતા ઇયા બોલાવવા દેતા નહી હતા પણ સઘલું ઘાંટની સીગનલથી કામ લેતા.'

મરણોનાં કારણ—કૉલેરાથી નાશ થયલાં કુટુંબો—ઘણાકોનાં મરણો શું કારણથી અને કયાં દરદથી નીપજ્યાં તે આ પુસ્તક મધેના છાપાના હેવાલો ઉપરથી જણાઇ આવેછે. કોઈ ચોકસ સાલમાં અનેક મરણ કૉલેરાના રોગથી નીપજેલાં નોધાયાછે. તે ઉપરથી જણાશે કે પારસીઓમાં કૉલેરા યા બીજા ઉડતા રોગનો ઉપદ્રવ કયાં સાલમાં થયો હતો. એ રીતે જેઓને મરણ તથા તેનાં કારણ શોધવાની અગત હોય તેમને તે સંબંધી વીગત અત્રે મલી શકશે. દાખલા તરીકે ૧૮૬૪ નાં સાલના પેહલા બે માસમાં પારસીઓમાં કૉલેરાએ જબરો ત્રાસ વર્તાવ્યો હતો. એકજ કુટુંબમાં પાંચ મોત—કોટ ભાગવાનું કંત્રાક્ટ લેનારને ત્યાં—એકજ અઠવાડીયાંમાં નીપજ્યાં હતાં. વલી એકજ ખાનદાનની બે પરણેલી બેટીઓ બેજ કલાકને અંતરે એજ બુરા રોગથી ગુજરી ગઇ હતી.

અરધી સદીપરના પારસીઓ કેવા હતા ? ચાર અને પાંચ દાહેકા ઉપરના પારસીઓ કેવા હતા, તેમનો ખવાસ, તેમના ગુણ વિગેરે કેવા હતા તે અત્રે જળવાઇ રહ્યુંછે. દાખલા તરીકે પુણાવાલા પદમજી ખાનદાનના વડા મરહુમ ખા૦ બા૦ પેસ્તનજી સોરાબજીના સખાવતી તથા સાહસીક ગુણોની સાથે તેમનાં મરત્યુકની નોધમાં તેમની મેહમાનદારી તથા પરોણાગતની ઉંચી સર્ટીફીકેટ નીચલા શબ્દોમાં 'રાસ્ત ગોફતાર' માં આપવામાં આવીછે—

'પુણે ગીએલો કોઇબી જરતોશતી હેવો નહી હશે કે જે પુણામાં એ ધરહસથની "ટેબલ" ઊપર બીરાજીઓ નહી હોએ.'

એ સઘલા હેવાલ એક વાર્તા કરતાં વધુ રસદાર તેમજ જાણવાજોગ વાંચણ પુરૂં પાડેછે.

અસલી પારસી રોજ માહ તથા સુધરેલી તારીખ—'પારસી મરત્યુક' માં સમાવેલાં દરેક ગુજરેલાંનો મરણ દીવસ સાથ પારસી રોજ માહ આપ્યોછે, કે જેથી ભવિષમાં તેમનાં કુટુંબની યાદદાસ્ત પણ તે વિષે તાજી કરી શકે. મરણને લગતી ઇંગ્રેજી તારીખ આપેલી હોવાથી જેઓ હાલનું કબસરવાલું વરસ છોડી સુરજની ચાલ માફક આપણા કદીમ ન્યાગાનો ધરાનમાં કરતા હતા તેમ જો વખતની ગણત્રી રાખે તો તેમને તેમ કરવું અત્રે ઇંગ્રેજી તારીખની મદદથી સેહલ થઇ પડશે.

જાહેર મેલાવડાઓમાં પારસી સ્ત્રીઓની ગેરહાજરી—તે વેલા પારસી બાનુઓએ સેજસાજ જાહેર મીજલસો મધે જવા માંડયું હતું, અને તેથી તેમને નાકદર લોકોના તાણાથી ખમવું પડતું હતું. મરદ ઓરતનું જોડું એકબીજાની સાથે ફરવા-

હરવા જવાનું નવાઇ જેવુંજ નહી પણ નમોજું લેખાતું, અને તેથી એવી હીમત દેખાડનારાં બાઇઓની તારીફમાં સુધારાવાલાઓનાં પત્રમાં લખાણો થતાં. એવી એક બાનુ બાઇ પીરોજબાઇ તે ડોસાભાઇ રતનજી કોહલાનાં ધણીઆંણીનાં મરણ વેલા તેમની તે એક મોટી ખુબી તરીકે યોગ્ય વખાણ થઇ હતી.

જાણીતાં મરણો—એ બે દાહેકામાં, બીજા સર જમશેદજી જીજીભાઇ, શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ, સર કાવસજી જાહગીર રેડીમની, શેઠ મેહરવાંનજી ફરાંમજી પાંડે, ડાવેજર લેડી આવાંબાઇ, પુણાવાલા પદમજી ખાનદાનના સ્થાપક ખા૦ બા૦ પેસ્તનજી શેરાબજી, શેઠ બહમનજી હોરમજજી વાડીઆ (બહમનજી બાવા), શેઠો બેહરાંમજી અને ડોસાભાઇ હોરમજજી કામાજી જેવા સખાવતી શેઠયાઓ, શેઠો ડોસા-ભાઇ શેરાબજી મુનશી અને રૂસ્તમજી હીરજીભાઇ વાડીઆ જેવા સ્કાલરો, મીલ-ઉદ્યોગના પીતા શેઠ કાવસજી નાનાભાઇ દાવર, મેહરજીરાંણા, કામદીનજી, દારાબ-પાલણ વગેરે દસ્તુર ખાનદાનના પરહેજગાર નબીરાઓ વીગેરે જાણીતા અને આગેવાન પારસીઓનાં મરણ નીપજ્યાં હતાં, અને તેમની કારકીર્દીની નોધ છાપાદ્વારે કેવી લેવાઇ હતી, તે 'પારસી મરત્યુક' પરથી જણાશે.

મુંબઈ શેહરની આબાદી વધારવામાં પારસીઓનો હિસ્સો—આપણાં મુંબઇ શેહરની આબાદી જે સબબોને આભારી છે તેમાં એક મુખ્ય પારસીઓ છે. આ શેહરની ગોદીઓ ઇંગ્રેજ સરકારે ઇ૦ સ૦ ૧૭૩૫ નાં સાલમાં બાંધવા માંડી, અને એ ગોદીઓને લીધે પૂર્વ સમુદરોમાં જુદા જુદા વાવટાવાળાઓનાં વાહણોની આવજા ચાલુ થઇ અને તેથી આ ટાપુ પ્રખ્યાત થયો, અને તે પછીજ મુંબઇ શેહરની આબાદાની દરરોજ વધતી ચાલી. તે અગાઉ સુરત શેહરની જાહોજલાલી ટોંચ ઉપર ચહડી હતી. ત્યાં ઇસ્ટ ઇંડયા કું૦ને માટે વાહણો બાંધવાને મી૦ ડડલી નામનો એક અમલદાર ગયો હતો, અને તેણે ત્યાં ધનજીભાઈ નામના એક પારસી પાસે એક બારકસ બંધાવ્યું હતું. આ ધનજીભાઇના હાથ તલે લવજી નશરવાંનજી નામનો એક જવાંન અને ચંચલ જરથોસ્તી સઘલા મીસ્ત્રીઓને માથે ઉપરીપણું ચલાવતો હતો. મી૦ ડડલી પોતાની સાથે આ લવજીને—તેમના શેઠ ધનજીભાઇને સમજાવીને—મુંબઇ લાવ્યો, અને લવજી પોતાની સાથે સુરતથી કેટલાક વાહણ બાંધનારા મીસ્ત્રીઓને લાવ્યા, અને તેઓએ મલીને ૧૭૩૫ નાં સાલમાં મુંબઇની સરકારી ગોદીનો પાયો નાખ્યો હતો. વખત જતાં ઇંગ્રેજ સરકારનાં મોટાં મોટાં લડાઇનાં બારકસો તથા વેપારી-ઓનાં વાહણો મરામત માટે મુંબઇ આવવા લાગ્યાં. તે વખતે ચીનથી તે હિંદી માહસાગરના કુલ સમુદરોમાં યુરોપીઅન વાવટાનાં જે સેંકડો બારકસો ફરતાં હતાં તેઓને માટે મુંબઇ સીવાય કોઇ બીજે ઠેકાણે એક પણ ગોદી હતી નહી તેથી તેવાં બારકસોને લવજીના હાથ તલે મુંબઇ આવવા વગર ચારો ન હતો. એ સબબને લીધે મુંબઇની હાલત સુધરવાને ઘણું ઉતેજન મલ્યું. ૧૭૫૪ નાં સાલમાં લવજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ સરકારે સુકી ગોદીઓ પણ બંધાવી અને ૧૭૬૦ માં સરકારે જુની ગોદીઓની નજદીક બીજી ગોદીઓ પણ બાંધી હતી. લવજીએ પોતાના દીકરા માણેકજી અને બહમનજી તથા તેમના દીકરા ફરામજી માણેકજી અને જમશેદજી બહમનજીને પણ ગોદી મધે દાખલ કીધા, અને તેઓ સઘલા ભેગા રહીને સરકારી ગોદીમાં કામ કરતા. લવજી વાડીઆએ પોતાનો બોહલો લાગવગ છતાં પોતાના મજકુર નબીરાઓને આલસુ પડી નહી ખાય માટે તેઓ દરેકને રૂ. ૧૨) ને પગારે સાધારણ,

સુથારો દાખલ ચાકરીએ લગાડયા, અને પાછલથી ૧૭૭૪ માં લવજી વાડીઆ ગુજરી જવા બાદ તેઓ મોટો ઓહ્દો પામ્યા હતા. જમશેદજીએ સરકાર સારૂં ૫૦ તોપની એક ફ્રીગેટ બાંધી હતી, અને તેનું કામ એટલુંબધું ઇંગ્લંડ ખાતે પસંદ પડયું કે, ઇંગ્લંડની સરકારને હીસાબે મોટી મનવારો બાધવાનો ૧૮૦૨ ના સાલમા મુંબઇ હુકમ આવ્યો, અને તેથી વાહડીઆજી જમશેદજીનાં એકલાના ઉપરીપણા હેઠલ ૭૪ તોપોની મોટી મનવાર બધાઇને તૈયાર થઇ, જે માટે તેવણે ખરેખર મગરૂર થવુ જોઇએ એવો સરકારી એડમીરલે અભીપ્રાય આપ્યો હતો. ત્યારબાદ જમશેદજીના બેટા નવરોજજીએ મોટાં બારકસો સરકારને હીસાબે બાંધ્યાં, જે માટે ઇંગ્લંડથી ૧૮૦૧ ના સાલમાં ઇસ્ટ ઇંડયા કું૦ની તરફથી રૂપાંનું એક રૂલર તેમને માટે ભેટ આવ્યું હતું. ત્યારપછી મુંબઇ મધે બાંધકામ મોંઘું પડયાથીજ સરકારનાં લડાઇનાં બારકસો ઇંગ્લંડ-માંજ બંધાવા લાગ્યાં. શેઠ નવરોજજી જમશેદજી વાહડીઆ તા૦ ૧ લી નવેમબર ૧૮૬૦ ને દીને ગુજરયા હતા. તે વેલા તેમનાં માનમાં અત્રેની ગોદી બંધ રાખવામાં આવી હતી, એટલુંજ નહી પણ બંદર માંહેલાં સરકારી વાહણોના વાવટા ઉતારી તે હેઠે પાડવામાં આવ્યા હતા.

દુનીયાના વેપારમાં લવજી કુટુંબથી કેટલો વધારો થયો! તે વેલા મનવાર બાંધવા માટેના હિંદુસ્તાનના આંટ વાડીઆઓને લીધે છેક ઇંગ્લંડમાં વધી ગઇ, અને તેથી વેલાત માટે લડાયક બારકસો આ દેશમાંજ અને તે પણ મુંબઇમાં વાડીયાઓને હાથે બાંધવાને આરડરો આવ્યા, અને છેલ્લા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના વખતમાં ૨૧ વરસના અરસામાં ૭૬ મોટાં બારકસો બંધાયા. વાડીઆ કુટુંબે બ્રીટીશ વેપાર માટે વેપારી બારકસો બાંધી કેવો જબરો વધારો કીધો તે નીચલાં ઇંગ્રેજી પત્રના લખાણ ઉપરથી જણાશે—

British commerce and enterprize have penetrated into the most remote corners of the old world, but had it not been for the genius and labour of the Lowjee Family, many a sea would still have been swept by pirates, and many a bay, now covered with princely merchantmen, would have been but a solitude, disturbed alone by the sweep of some solitary canoe, paddled from shore to shore By their industry and skill, we have seen enabled to discover new lands, and conquer old ones. Those magnificent rivers—the Euphrates, the Indus the Ganges, the Irrawaddy, and the Yang-tse-Kiang, have all, through their aid been explored from their mouths to their sources Their handiwork has conveyed our mariners to the flowery paradises of the Indian Archipelago, while their ships have revealed to us new wonders in seas which Kelson or Keel had never before divided After all, how glorious is labour, and how magnificent are the triumphs which this Parsee Family have achieved? For a century and a quarter, son has succeeded father, not by hereditary right, as is the case with titled rank, but by virtue of approved ability and tried worth; and during the whole of that time, their history has been progressive, their energies never having for a moment flagged. Well may the Lowjee family say with the Dramatist—"We honour birth and ancestry when they are the incentives to "exertion, not the title-deeds to sloth! We honour the laurels that overshadow "the graves of our father;—it is our fathers we emulate when we desire that "beneath the evergreen which we ourselves have planted, our own ashes may "repose!

[*Telegraph & Courier*, 5th Nov. 1860]

પારસી માસ્તર બીલ્ડરો—પારસી માસ્તર બીલ્ડરોમાંના એક શેઠ જાંગીરજી નવરોજજી વાડીઆનાં ૧૮૬૬ માં નીપજેલાં મરણ વેલા 'રાસ્ત ગોફતારે' ભલામણ કીધી હતી કે—

'વાડીઆ ખાંનદાંનના નબીરાઓને જે હોનર હાથ લાગેલો આપણે જોઈઓછે, તે હોનર સંબધી પોતાનું ગનેઆંન આગલ વધારવા તથા સુધારવાનુ તેઓને ઘટારત છે. વાડીઆ ખાંનદાને આગલા વખતમાં જેવી આબરૂ મેલવી તેવીજ આબરૂ હાલનાં ચઢતી કલાનાં વખતમાં તેઓએ મેલવવાનું જારી રાખવું જોઈએ. વેપાર અથવા એવા ધધામાં કદાચજ કમાંણી વધારે થાએ, તોપણ આવા હોનરો શીખવામાં વધારે આબરૂ અને વધારે કીરતી છે.'

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૬૬.]

પણ માઠાં ભાગ્યે ત્યારપછી વાહણ બાંધવાનો હુન્નર પારસીઓમાંથી અને ખુદ વાડીઆ ખાનદાનમાંથી જતો રહ્યો, જેથી આપણી કોમે એક ચઢતો હુન્નર અને તેથી મલતી આબરૂ હાથથી જતાં મુકયછે. પારસીઓની કીર્તીમાં વધારો કરનારો, સરકારમાં પારસીઓનું માન વધારનારો અને પારસી દોલત મેલવી આપનાર એ ધંધો બંધ થયો. પારસીઓમાં ચહડતી કીસમના એલમ હુન્નરની માહીતગારી મેલવનારાઓની ત્યારપછી ખુટ પડવા લાગી. વાડીઆજીઓ પોતાના બેટાઓને વેલાત ગોદી મધે શીખાઉ તરીકે મોકલતા જેઓ ત્યાંનાં ઉલવીચના આરસનલમાં કેળવણી લઇ પછી વાહણ બાંધવા અત્રે મદદનીશ તરીકે રેહતા, અને કાફલા (નેવી) નાં વાહણો બાંધવાનું તે પછી બંધ પડયું.

વેપારધંધો, વિદ્યાહુન્નર, આપબળપર આધાર—પેહલા સર જમશેદજી જીજીભાઇ બેરોનિટના બાવા કયાં પૈસાવાલા હતા ? તેઓ નવસારી મોહોલ્લે મધે ગરીબાઇમાં રહેતા. એમની ૧૬ વરસની વય થસ નહી તટલાં તેમનાં માબાપ બંને ગુજરી ગયાં. પણ તે અગાઉ નાનપણથી તેઓએ સર જમશેદજીને ગુજરાન શોધવા સારૂં મુંબઇ મોકલ્યા હતા. મરહુમ શેઠ હીરજીભાઇ રૂસતમજી પટેલે કંતાનમાં બોહોલા પાયાપર વેપાર કરવા માંડયો. હાંગકાંગ, શેંગાઇ, સીંગાપોર, પીનાંગ, મકાઉ, ઇંગ્લંડ, કલકત્તા વગેરે જગાઓપર એવણની જુદી જુદી પેહડીઓ સાથે આડત હતી. તેવણ જુદાં જુદાં ૮ વાહાણોના માલેક હતા, અને એકંદર ૨૨ વરસવેર ચીન રહી આવી શેવટે મકાઉથી ઇંગ્લંડ ગયા હતા, અને ત્યાંજ મરણ પામ્યા હતા. અમેરીકાનો વેપાર પણ પારસીઓમાં દાખલ થયલો હતો. મેસરસ ડોસાભાઇ મેહરવાંનજી વાડીઆની કું૦ એ વેપાર કરતી હતા, અને તેનો એક ભાગ્યો શેઠ ખરશેદજી મેહરવાંનજી વાડીઆ અમેરીકન સરકારનો અત્રેનો એજંટ હતો.

તે વેલા વિદ્યા અને રસાયણમાં પારસીઓ બહુ પછાત હેતા. મરહુમ શેઠ અરદેસર ખરશેદજી વાડીઆએ મુંબઇમાં પેહલો ગેયાસ-લાઇટનો અખતરો કરયો અને તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૩૪ ને દીને પેહલવેહલી એ રોશની પોતાના મજગામના બંગલામાં કીધી તે જોવા માટે સેંકડો દેશીઓનાં ટોલાં એવણના બંગલા આગલ આવી ઉભાં હતાં, અને ખુદ અત્રેનો ગવરનર અર્લ ઓફ કલેર પોતાના રસાલા સહીત તે જોવા ગયો હતો. વલી તેવણે કરાંચી જઇ ઇંડસ નદીમાં ફરી શકે એવી ત્રણ ચાર આગબોટો ફતેહમંદીથી બાંધી આપી હતી. તો જોકે તે અગાઉ ૧૮૩૩ નાં સાલમાં તેવણે એક નાંધલી આગબોટ પેહલવેહલે બનાવી તેનું નામ 'ઇંડસ' આપ્યું હતું.

દશ વરસનું પારસી બાલક જેણે તે વેલા શેત્રંજની રમતમાં નામ કાઢ્યું તેનાં મરણની નોધ જે રાસ્ત ગોફતારે ૧૮૭૪ નાં સાલમાં લખીછે, તે જાણવાજોગ છે.

'ફરાંમરોજ મનચેરશાહ બેજનજી મેહેરહોમજીના—એક જાણીતા પારસી ગરહસથ શેઠ મનચેરશાહ બેજનજીનું એક આસરે દશ વરસની વયનું જવાંન બાલક સેતરંજની બાજી ખેલવામાં એટલી તો મનશકતી બતાવતું હતું કે કેટલાક સારા રમનારાઓને તેણે માહાત કરી હેરત કરયા હતા, તે વીશેની ચરચા અમારા વાંચનારાઓને યાદ હશે. હાલ તે ઊધરતાં, કુમલાં બાલકનાં મરણના સમાચાર લખી જણાવતાં અમોને મોટો સંતાપ ઊપજેછે. આ બાલક-જોકે કાયાનું નબલું પણ મનશકતીએ બહુ ખીલેલું હતું, અને સેતરજ ખેલવાની તેની શકતી કોઇ મોજેજા જેવી હતી. અલબતાં તે એક કુદરતે નવાજેલું "જીનીઅસ" હતું અને જો તે જીવતે તો ઘણું કરી શકતે એ દેખીતું હતું, પણ અફસોસ! તે એક ગુલમોહોરની મીસાલે આજે ખીલીને કાલે કરમાઇ ગયું છે. ખરી ખુબીવંતી વસતુ કેઇ આ પાપી જીહાનમાં કાએમ રેહેછે! તેમની તો સુગંધ અને પમરાટથી દુનીઆને ગોયા લોભાવા સારૂં ખોદા તેમને હીઆં મોકલેછે, પણ બાકીનો વખત તેમને આ દુનીઆઇ હવસોથી દુર પોતાનીજ ગોદમાં અને પોતાની દરગાહમાં તે સાહેબ રાખેછે. આવાં એક કાબેલ બાલકનાં માબાપને જે નહી પુરાય એવી ખોટ ગઇછે, તેમનાં દુખમાં વાંચનારી આલમ ભાગ લેવા વના રેહેશે નહી.'

પારસી વેપારીઓનો જમાનો—દેશાવરમાં દુકાનદારીમા તે વેલા શેઠ ખરશેદજી બહમનજી પંથકીએ નામ કાઢ્યું હતુ. તેવણની મુંબઇ, સીકંદરાબાદ, કાંપતી, સાગર, અને જબલપોર મધે મલી જુદી જુદી પાંચ દુકાનો હતી. ૧૮૬૦ પછી પારસીઓ દુકાનદારોપરથી વધી મોટા મોટા વેપારીઓ બન્યા અને ૧૮૬૫ નાં પૈસાની રેલછેલના વખતમાં તેઓ ઉંચી ટોંચે પુગી શેવટે ગગડી પડયા તેનાં પરીણામ આ બીજાં દફતર મધે નજરે પડેછે.

'પારસી પ્રકાશ' માં તે બાબે વિવેચન—એ દાહેકાઓના પારસીઓની હાલત વિષે મરહુમ ખા૦ બા૦ બહમનજી પટેલે પોતાના 'પારસી પ્રકાશ' નાં બીજાં દફતરના દીબાચામાં હેઠલ મુજબ ઇશારો કીધોછે—

'તોપણ એ ત્રણ દાહેકા ખરેખર પશ્ચિમ હિંદુસ્તાનના પારસીઓની તવારીખમાં બહુ અગત્યનો ભાગ રજુ કરનારા છે. અમેરીકાની ઇ૦ સ૦ ૧૮૬૨ ની માંહોમાંહેની લડાઇથી મુંબઇમાં જે અચબુચ વ્યાપારની મોટી ઊઠલપાઠલ થઇ હતી, જે ઊઠલપાઠલ સાથ દોલતની રેલછેલ જાગી હતી, તેમજ શેરસત્તાની ખુમારીનો વખત જેણે મુબઇમાં અસ્તોદયનો ગંભીર ખરો ખેઆલ આપ્યો હતો, તે આ બીજાં દફતરમાં નોધાશે. એ અસ્તોદયના વમલમાં પારસીઓએ મોટો ભાગ બજાવ્યો હતો, અને જે વમલમાં તેમની આબાદી તેની ટોંચ ઊપર ચઢી હતી. એ આબાદીએ મોટી પાદશાહી સખાવતો નાતજાતનાં ફરક વગર કરાવવાને ઊતમ દીલગુરદાના પારસીઓને જોગવાઇ કરી આપી હતી. એ મોટી સખાવતો શું લાનકેશાયેરની લાચારી, શું ઊત્તર હિંદુસ્થાનના દુકાલથી પીડાતા લોકોની નાતવાંની, શું કલકતાના તોફાનથી થયલી ખરાબી, વગેરે શેંહકડો દયા પુનને લગતાં કામોમાં હતી, અને તે કરવામાં પારસી દીલગુરદાએ પોતાની ઠેલીનું મોહડું બહુ પોહલું કરી રેડી દેવાને જે મોટી ઊદારતા બતાવી હતી—તે ઊદારતા અને તે પરદુખભંજનનીકપણું વગર શક એશીઆખંડની સર્વે પ્રજાઓમાં પારસીઓને પેહલી પંકતીની દયાળુ બીનસ્વાથી કોમ તરીકે ઝલકાત સાથ આ દફતરના સફાઓમાં રજુ કરશે.'

ચીન સાથના વેપારે મેલવેલી દોલત—તે જમાનો ચીન સાથના વેપારનો હતો, કે જેણે પારસીઓને મોટી દોલત મેલવી આપી હતી. તે વેલા પારસીઓ ચીન તરફ વેપાર અર્થે વારંવાર મુસાફરીએ નીકલતા હતા. જોકે તે વેલા આજની સગવડભરી સ્ટીમરો ન હતી, તે છતાં મહીનાઓ પેર દરિયો ડોહવી ચીન વેપારને સબબ જવાને પારસીઓ પસ્તાત પડયા ન હતા.

૪૨ વખત ચીનની કીધેલી મુસાફરી—'પારસી મરત્યુક' નાં પેહલાં દફતરમાં એક દાખલો એવો નોધાયલો મલશે કે એકજ જરથોસ્તીએ ૬૦ વરસની મુદત દરમ્યાન ૪૨ વખત ચીનની મુસાફરી કીધી હતી. શેઠ જમશેદજી જીજીભાઇ પોરટર જેમનું મરણ ૯૫ વરસની વયે તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૩૭ ને દીને નીપજ્યું હતું અને જેવણે મુંબઇ મધે જનમ્યા હતા તેવણે ૪૨ વાર ચીનની મુસાફરી કરેલી નોધાઇછે. તે વિષેનો 'મુંબઇ ગેઝેટ' નો ફકરો હેઠે ટાંકુંછું—

'This venerable and respectable Parsee was born in Bombay, and for upwards of sixty years was in the habit of going backward and forward to China as a Commission Agent He has made 42 voyages from this to China He retained his faculties unimpaired, until within a very few days of his death'

એજ માફક કામાજી અને બીજાંખાનદાનવાળાઓએ વેપાર સંબંધી ભારે હીંમત બતાવી દેશેદેશ અને મથકેમથક પેહડીઓ કાહાડી લંબાણ રોજગાર ચલાવ્યો હતો, અને પોતાના હમદીનોને બનતો આશરો આપી વેપારે લગાડયા હતા. દાખલા તરીકે શેઠ બેહરામજી હોરમજજી કામાજીએ ચીન, સીંગાપોર, કલકતા, ઇગ્લંડ અને બીજી જગાઓ ઉપર મુસાફરી કરીને વેપાર સંબંધી સારો અનુભવ મેલવ્યો હતો, અને દેશેદેશ તેમનું નામ સોદાગર તરીકે પ્રસિદ્ધ હતું.

મોજશોખ માટે નહીં પણ વેપાર અર્થેની મુસાફરી—આજે ફકત મોજશોખને ખાતર વરસોવરસ મોસમ ઉઘડતાં લોકો કુટુંબ સાથે વેલાત ઉતરી પડી પૈસા ખરચી આવેછે, તેથી ઉલટું આગલા ખડતલ અને મેહનતુ જમાનામાં પૈસો મેલવવાને ખાતર તે વેલાની હાડમારી ભોગવી દરિયો ડોહવી પારસીઓએ વેપાર વધારયો હતો, જેનાં રૂડાં વાણાં અત્યારસુધી ચાખવામાં આવેછે. તે જમાનો અમેરીકાની લડાઇથી અત્રે થયલી રૂપીઆની રેલછેલનો હતો જે વેલા એકેક પારસી કરોડોની ઉથલપાથલ કરતો. એ લડાઇનો લાભ લઇ ઘણાંક પારસીઓએ લંડન, લીવરપુલ, હાંગકાંગ, કલકતા વગેરે મથકોએ એજનસી કાહાડી આડત વધારી હતી. ૧૮૬૦ થી ૮૦ વચ્ચેના બે દાહેકાઓમાં પારસીઓએ વેપારધંધામાં કેવી દોલત તથા નામના મેલવી તે અતરે નજરે પડશે. તે જમાનો ઉંચી ઇંગ્રેજી કેળવણીની શરૂઆતનો હતો. આપણી યુનીવરસીટી તુરતનીજ સ્થાપવામાં આવી હતી અને તેનાં રૂડાં ફળ ચાખવાને કાજે બીજ ફકત રોપાયાં હતાં. તેજ અરસામાં અત્રે મીલો વધવા માંડી અને તે ઉદ્યોગમાં પડી પારસીઓએ દોલત મેલવી, પણ તે પણ ચીન સાથના તેમના સંબંધને એક રીતે આભારી હતું. ચીન સુતર ચહડાવવામાં નફો પારસીઓ છેલ્લા ચાર દાહેકામાં આગલા વગને લીધે મેલવી શકયા હતા.

પારસીઓ આજે પગ ઉપર ઉભા રહેછે કે માથા ઉપર!—'ઇંડયન સ્પેકટેટર' પોતાના ગયા નવેમ્બર માસના એક અંકમાં લખેછે કે "પારસીઓ આજે તો ખાતરીપુર્વક રીતે જાણતાખી નથી કે અમે પગ ઉપર ઉભા રહેલા છૈયે કે માથા ઉપર." કેહછે

કે, સર જ્યૉર્જ બરડઉડ એક પારસી મીત્ર જોગાં પોતાનાં પત્રમાં બુજરૉગ પારસીઓને ચેતવણી આપી હતી કે તમારા પોતાનાજ ધંધામાં તમારા છોકરાઓને તમે નહી નાખતા તે ડાહપણભર્યું નથી. પારસી લક્ષાપતીઓના જે બેટાઓને નાની વયે પોતાના બાપ-દાદાની પુંજી વારસામાં મલીછે તેઓને તે બાપદાદાઓએ પોતાની હૈયાતીમાં પોતાના ધંધાધાપામાં નાખ્યા નહી તેથી તેઓને એ પુંજનો રૂડો ઉપયોગ કરતાં આવડતું નથી, અને નવી જોખમદારી વચ્ચે સંભાલથી વર્તી શકતા નથી. તે વેલાના પારસીઓ ગુજરાતનાં સુરત અને બીજાં શેહરોથી ઉઠાંગી કરીને ઘરબાર ઉંચકી નાખી મુંબઇ શેહરમાં આવી વસ્યા અને અત્રે અંગ્રેજો અને બીજાઓની વેપારી પેહડીના દલાલો તરીકે કામ કરવા લાગ્યા. તેઓ રફતેરફતે પોતાને હીસાબે મોટો ધંધો કરવા લાગ્યા અને વખતના વેહવા સાથે એ વેપાર બંગાલ, બરમા, સ્ટ્રેટસ, અને ચીન સુધી લંબાર્યો. તેમનો જે સઘલો વગવસીલો હતો તે વેપાર અને વેપારમાંજ હતો. પણ તેમના બેટાઓ આજે ખુશખુશાલ મોજશોખની જીંદગી ગુજારી વેલાત અને હિંદુસ્તાન વચ્ચે વારેઘડીએ સેહલ કરતા ફરેછે. **તે વેલાના માતબર વેપારીઓ ‘કોમના ગરીબોના માબાપ’ હતા**—‘ઇંડયન સ્પેકટેટર’ જણાવેછે તેમ ‘આગલા જમાનાના પારસીઓ મોંહથી બોલીને પરમારથ બતાવતા ન હતા, પણ તેઓ પરમારથનાં કામોના ખરેખરા પુરાવા રજુ કરતા હતા. પોતાની કોમના ગરીબોના માબાપની જગા તેઓ રાખતા. બને તેમ તેઓ પોતાનો ધરમ સમજતા; પણ તેઓના વારસો તો આજે પોતાનાં તદન જુદાંજ મંડલમાં ફરેછે અને નિયમીતપણે અહીંતહીં સહેલ કરી પોતાની શકતી બરબાદ કરવામાંજ જીંદગીની નેમ પાર પડેલી લેખેછે.’ ઉપલું ચીત્ર ખરૂં છે? આગલા જમાનાના પારસીઓ વેપારવનજમાં તેમજ સંસારી અને રાજદ્વારી બાબદોમાં પરકોમો ઉપર શું સરસાઇ ભોગવતા ન હતા?

પારસી સંગીન સદગુણો—તે વેલા વેપાર તથા ધંધારોજગારમાં મેહનતુ ખરતલપણું તથા સાદાઇ અખત્યાર કરવાને પારસીઓ ચુકતા ન હતા, અને તેથીજ તેઓ ઉગી નીકલ્યા તથા પૈસો ભેગો કર્યો. મરહુમ શેઠ નવરોજજી દોરાબજી સકલાતવાલા બજારના રેંહકરામાં સકલાતની પેટીઓ ઉપર ચહડી બેસતા અને પોતાની દુકાનના ગરીબ નોકરોને સાંજને છેડે પોતાને ઘેર લેઇ જઇ તેઓની સાથ જમવા કરવામાં તેવણ ખરી મોજ સમજતા એમ નોંધાયુંછે. વલી તે વેલા પારસી પારસીઓને વેપાર-રોજગારમાં મદદ કરવાને ભુલતા નહી, બલકે પોતાની ફરજ સમજતા. જે પણ મજકુર શેઠ નવરોજજી સકલાતવાલાના બાવા શેઠ દોરાબજી મહેલાના બાબમાં જણાઇ આવેછે. તેમના વખતમાં સકલાતનો વેપાર ઘણોખરો વાણીયાઓને હસ્તક હતો, પણ વાડીઆજી શેઠ હોરમજજી બહમનજી તથા બીજાઓએ તેમને મદદ કરીને બજારગેટના નાકા ઉપર સકલાતની એક દુકાન ઉઘડાવી, જેમાં ત્યારબાદ એજ પેહડીવાલી દુકાનોની એક આખી ચાલીનો ઉમેરો થયો. એવા એવા હેવાલોપરથી ગરીબાઇમાંથી પારસીઓ વેપારરોજગારમાં કેવી રીતે ઉદ્યોગ અને મેહનત કરીને ઉગી નીકલ્યા તેના અનેક દાખલા મલેછે, જે ભવિષમાં મી૦ સ્માઇલસનાં ધોરણ ઉપર પારસી ‘આપબળ’ (self help) ના લખનારને અચ્છો ખોરાક પુરો પાડી શકશે. પેહલાં દફતર કરતાં બીજાં મધે દેશાવરોમાં જુદે જુદે મથકે પંથરાયના પારસીઓનાં મરણોની નોંધ જે છાપાએ લીધીછે તે વધુ મોટી સંખ્યામાં નજરે પડેછે. તે વેલા પારસીઓ દેશાવર વેપારધંધા અર્થે ફેલાઇ ગયા હતા, અને આજની માફક મુંબઇને ધરીને બેસી રહ્યા ન હતા.

આજે જે પારસીઓએ દેશદેશ કોમ અને ધર્મનું નામ જાળવી રાખ્યુંછે તે એ આરબી સદી ઉપરના પારસીઓના વેપારધંધા અરથે નીકળી પડવાના ગુણને આભારી છે.

સંસારી અને ધાર્મીક સુધારા જે કેળવણીની હરોળમાં તેની સાથે સાથેજ થતા આવ્યા તે તે વેળા ઝાઝા થયા ન હતા અને રાજદ્વારી ઉલટ આપણામાં બહુજ થોડી હતી—તો જોકે દાદાભાઇ નવરોજજી, નવરોજજી ફરદુનજી વગેરેએ તે વેળા કાંઇ થોડું કીધું ન હતું.

માન અને ઓધાઓ—શેઠ વીકાજી મેહરજી તથા તેમના ભાઇઓએ પારસીઓમાં વેપારી તથા રાજદ્વારી તરીકે મોટું માન મેલવ્યું હતું, તે પણ અત્રે મરહુમ ખા૦ બા૦ બહમનજી પટેલની પોતાની કલમે નોંધાયલુંછે. પારસીઓએ કેવા મોટા ઓધા ભોગવ્યા હતા તે જોતાં એડનના પેહલા પારસી વેપારી શેઠ બરજોરજી શેરાબજી ખરાસ ઉપર નજર પડેછે જેવણે એડન ખાતે અમેરીકન એલચીખાતાંમાં કૉનસલ તથા ત્યાંના પોરચ્યુગીજ સરકારના આડત્યા હતા. જાહેર કીમતના બાબમા નોંધાયું છે કે મરહુમ શેઠ અરદેશર એદલજી ચીનાઇએ (મરણ તા૦ ૨૯ મી મે ૧૮૭૮) અત્રેની એક સ્ટીમર કુંપનીના વહીવટમાં ચાલતા અંધેરનું ભાગીદારો આગલ મોટું ભોપાલું બનાવી આપ્યુ હતું, તથા જાઇંટ સ્તાક કંપનીમાં ચાલતી માલની ચોરી, અને હીસાબમાં ધાલમેલ પકડનારો એક મોટો રીપોરટ અચબુચ રજુ કરીને સર્વને અચરતીમાં નાખ્યા હતા.

તે વેલાના પારસીઓની તારીફ—આજ ૬૦ વરસ ઉપરના પારસીઓના ગુણોની ઇંગ્રેજી પત્રો અને ખુદ યુરોપીઅનો કેવી કેવી તારીફ કરતા તેનો એક દાખલો મરહુમ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆનાં મરણની નોંધ લેતાં 'ટેલીગ્રાફ એંડ કુરીઅર"ના લખાણપરથી જણાયછે કે—

'In all those domestic and hallowed relations of life in which man's nature shines highest and holiest, he was regarded as a pattern, his virtues being pointed out for study and imitation.. . ... .It afforded us much satisfaction to learn that Commodore Wellesley, and all the Officers of the Indian Navy, vied with each other in shewing respect to the memory of the deceased.'

ખોદાનો ડર—આજ ૬૦ વરસપરના પારસીઓમાં મુખ્ય ગુણ **ખોદાના ડરનો** હતો. આ ગુણ મરહુમ માસ્ટર બીલડર નવરોજજી જમશેદજીમાં બહુજ ચહડતે અંશે હોવો જોઇએ, જેમની તારીફ તેમનાં મરણની નોંધ લેતાં જે થઇ હતી, તે નીચે મુજબ હતી—

'A pure minded, God-fearing man, just in his dealings amongst men, and kind and compassionate to all who required either assistance or sympathy.'

આજ હેંસી વરસની વાતપરના વર્તમાનપત્રોનાં ટીકા—૧૮૩૦ ના સાલમાં biogrophy પારસીઓમાં કેવી હાલતમાં હતી તે તે વરસમાં મરહુમ શાહેર અને ફીલસુફ મુલ્લાંફીરોઝ બીન મુલ્લાં કાઉસનાં મરણની 'મુંબઇ સમાચાર' મધે પ્રગટ થયલી નોંધ ઉપરથી જણાશે. મુલ્લાં ફીરોઝને ઉપલું પત્ર 'પરથવીનાં વીદ્વઆવાનોમેનો એક,' 'ફારશી ભાશાનો નામીચો પંડીત અને જાંણીતો આચારી' વિગેરે જણાવી તેવણે રચેલાં ગ્રંથો તથા.ભેટ કરેલાં કેતાબખાનાં વિષે ઇશારો કરી તેમની તસ્વીર તે વેલાના ચીફ જસ્તીસે ઉતરાવવા વિષે ઇશારો કીધો હતો. આજ હેંસી વરસ ઉપર મરણ વખતે

જે ટીકા થતા હતા તેની સાથ ત્યારપછીની અરધી સદીના ટીકા સરખાવ્યે. ૧૮૪૩ ના સાલમાં હીરાજી લાએર અને ફરાંમજી શુકાનાં ૮૨ વરસની આસપાસની ઉમરે નીપજેલાં મરણોની સામટી નોધ લેતાં 'મુંબઇના ચાબુકે' જણાવ્યું હતું કે—

'ઘણી મુદત થાઇ એ બધે જઇશેની વાત એનાં બીતરો શવરગમો જોતા હતા તેવોની આશેઆ અંતે પુરી પડી અને તેવોને નાંમીચી રમુજ મલી.'

એ એકજ ફકરા ઉપરથી તે વેલાની ભાષા, ટીકા કરવાની રીતી વગેરે જણાઇ આવેછે. આ૦ જાંગીરજી દાદાદારૂ વેલાતીનાં મરણ વિષે લખતાં 'મુંબઇ ચાબુક' ૧૮૪૪ ના સાલમાં જાંણે મરનારને બોલાવતો હોય તેમ લખેછે—

'જાહાંગીર તાહારાં નાંમ પરમાંણે તેં દુનીઆંને હાત કીધી પણ અંતે અજાજીલથી તું આજેજ આવેઓ અને આએ જાંહાંનથી તુંહને તાહારો અશબાબ ઊઠાવવો પડેઓ. પણ તેહનો કાંઇ અફશોશ નહી કાંએજે એક દાહાડો શરવેને ભરવોચ. પણ તું તાહારી નેક વાશનાં આએ મરતીઊ જગતમો મુકી ગએઓ તેથી એમ જાણવું કે તું હમોથી ગુંમ નથી થાએઓ પણ હએઆત છે.'

૧૮૪૪ નાં સાલમાં શેઠ બીખાજી દાદાભાઇ પાંડે ગુજરી ગયા હતા. તેવણની કાર-કીરદીનો 'મુંબઇનાં ચાબુક' નો અડસટો જુઓ—

'એ મરનાર શેઠ બીખાજી નાંમીચાં ખાંનદાંનનો અને ઓતમ કુલના તથા પુરાતમ પદવીનો પુરો મરદ હતો.—શાચાઇનો શરદાર અને શલુકાઇનો શાહેબ તથા શેઠાઇનો શપેશાલાર હતો. શેઆંનો—શઘ્ગ—શુધો— શતવાન—શકલગુણી—અને શાધુ તે આ જગતમો શેઠ બીખાજી જેહવા કોઇજ થાએઆ હશે અને થાશે. ગુણવાંન—ગંભીર—ગંમખાર—ગોશેખુરી—અને ગણેઆંનપતી તે શેઠ બીખાજી હતો. અઇઆશી—એશકી—આકીની—અકલમદ—અને અબેઆશી તે શેઠ બીખાજી જેહવા આ ધરતીપર થોડાજ હશે. શેઠ બીખાજીએ બચગીથી પોતાની વએ વેપારનાં કાંમમો ગુજારીતી અને જો પણ છેલાં પંદર વરશ તે કાંમથી અલગ હતો તોહોપણ ઘણાં નાંમીચા અને પંકાએલા વેપારીઆને પોતાના મરવાની છેલી ઘડી શુધી શુલેહ તથા મશલહત આપતો હતો. દોલત હેનાં હાથમો નોહોતી પણ દોલતની વાંશણાં હેનાં બદંનમોથી ગેઇતી નહી. માએઆનો મુરબી—મેહેર-બાંનીનું મકાંન—મીજાજનો માલેક—અને મરવતીનો મેહેલ તે શેઠ બીખાજી હતો.'

૧૮૪૭ નાં સાલમાં તેમના બેટા ફરાંમજી બીખાજી પાંડેનાં મરણની નોધ લેતાં 'મુંબઇ ચાબુક' એકજ ફકરામાં તેમના અનેક ગુણો કેવા જોશ સાથ વર્ણવેછે તે જરા જોઇએ—

'ઇશાંની પારશીઆનો ધરંમનો બાપ અને તે રહુજરતા અને રખરતા મુશાફરોની શરાહાનો શરદાર—અને તેવોનાં રખશંણનો રખેવાલ અને તેવોનાં શુખનો શાઠી અને તેવોની દાદનો હીમાએતી તે ફલાકાકા હતો. પરેહેજગાર—ફરજ ગુજાર—પરોપકાર—ખુધી-વાંન—ફએઆલુ—નમાંનો—અશરાફ—ખુનીઆદ—રાશત ગોફતાર—આપએખતીઆર—શુધો—શાચો—શાહુકાર—ધંનવાંન—પુતરવાંન—કબીલદાર— અઇઆશી—હીમતવાંન—શોકી—મોજી—ધુંનધી—કામદાર—અને છેલું પણ ઘણુંજ થોડું—શઘલી નેકીનો દોશત અને બદીનો દુશમંન તે જીનતગુજીન ફલાકાકા હતો. હેનું ગુજરવું નેક અને બરહક હતું—પણ હેની જીરાતનું નાંમીચું અને હેનાં ફરજંદોનો નેક અને ખરો બાપ—અને હેનાં કુતંબનો

કવી મુરબી—અને હેનાં દોશતોનો ખેરખાહા મીતર અને પરજાનો મશલહતદાર આજે ધરથીપરથી પોતાનો અશબાબ ઊઠાવી અમરગ જાંહાંનમો વાશો કીધો તેથી શઘલાઓને વટવટાનો પડયું પડીઊં.'

એજ શાલમાં એક પત્રે એક મરહુમ શેઠ ખરશેદજી કાવશજી બનાજીનાં તથા હીરજીની સુનાબાઇનાં મરણુની નોંધ લેતાં જે અલંકારીક અને અસરકારક રંગીન લખાણ કીધું હતું તે નમુના તરીકે અત્રે આપીશું--

'હમોને ખબર આપવાને બેહદ દુખ અને ભારે શતાપ લાગેચ કે—પારશીનાં શીરકાનો નાંમવર અને પંકાએલો અકાબર—હીનદોશતાનના ગાંમઠીઓમોનો નાંમીચો અધીકારી—શરદારોની શંશમાનો શુરો શરદાર—અમીરોની મીજલશનો ખાશ અમીર—શાહુકારોની શભાનો શુધો શાહુકાર—વેપારીઓની મંડલીનો કવી વેપારી—મલેકુલ તોઓજાર—ચોખુંડ પુરથવીનાં વેપારનુ ઠડ—અને શઘલા વાંશાના તથા શઘલી ગણેઆતનાં વેપારીઓની જડ—જમાંનાંનો હાતેમ--અને શુધો—શેઆનો--શાચો, અને શખી સરદાર શેઠ ખરશેદજી કાવશજી બનાંજીનાં .... આશરે ૫૮ વરસની વએમો આએ જુઠી માએઆની જગતમોથી પોતાનો અશબાબ ઊઠાવીને મીનોઇ લોકોની મીજલશમો હજરત જરથોશત અશફંતેમાંન અનોશેહરવાંનનાં રૂવાંનની શોડમો વાશો કીધો.'

'એ મરનાર બાંનું આએ ટાપુની મોટી જાગીરદાર અને પંકાએલી "લાંડ લેડી" હતી. જાતે અશતરી હતી પણ મરદનાં કરતા વધારે હીમતવાંન અને દીલાવર તથા પાકી બુધીની અને મોટાં શેઆંનપંનની હતી. માંનવીના અવતારની હતી પણ દેવતાની ખાશીહત રાખતીતી. ગીઆં ૩૬ વરશ થાએઆ એક દાહાડે બલકે આખા દાહાડાની પાંચ ઘેહેમોની એક ઘેહેની ફરજીઆત ચુકી નથી. જાહેરમો બખીલ હતી પણ બાતેનમો શખી હતી—શુનાંબાઇની છુપી સખાવતથી થોડાંજ લોકો જાણીતાં હશે—ઘાંણી વેંહેચીને ધાંધલ અને ધાભરી વેંહેચીને ધુમધામ કરતીતી નહી. લખલુટ નહી હતી પણ નીતીવાંન અને કશર કરનારી હતી કાંજે નાંનલાં મોટા પણ એક આખા કુતંબબનાં પાણોશો ખુમચાનાં ભોણાં દીવશમો તરણવાર પોતાને હાથે અને પોતાની જાતે આબરૂ ઇજત ભરચારથી કરતી હતી. એ ભારે મોટાં કુતંબબની પરવરશી કરવા છતાં અરધાં શેહરની પંચાતી અને જંજાલી અને વાંશા વશતારના શીડચા પંચાતના અકાબરોના કરતાં વધારે ખુબીથી અને વધારે તજવીજ તથા ઇનશાફથી કરતીની. ખોદા શાહેદ છે કે શુનાંબાઇ ઘણીજ પનોતી અને પવીતર અને પાક દાંમાંન તથા પહરેજગાર ઓરત હતી. દુખીઆરાંની દાઇ—શુખીઆરાંની શહી—પઇઅેરની પનોતી અને શાશરાંની શોભતી—શોની શાશુ—શહશતરની માંએ—હજારોની જેઠાંણી, અને લાખોની શેઠાંણી તે શુનાંબાઇ હતી. શુનાંબાઇનાં ગુજરવાથી ચરંદાંનો ચારો સુંઠાઇ અને ચલીઆંનો મારો મરડાઇ ગીઓ. હેનાં ગુજરવાથી જેહવું હેનાં બોહલાં કુતંબબને તેહવુંજ હેનાં આશરા હેઠલ પલનાર અને હેના શાએઆ હેઠલ વશનારને મોટું દુખ અને ભારે ઊદાશી ઊપજીચ તે ચંદરોકાલ શુધી એકાએક તેવોનાં મનથી મેલાશે તથા દીલથી ભુલાશે નહી.'

હાલમાં એવાં મસાલેદાર ઝમકવાળાં લખાંણુ કયાં છે. ૬૫ વરસ ઉપરનાં વર્તમાનપત્રકારો જેવું છુટાં દીલથી લખાણ કરતા તેવું ત્યારપછીના બે દાહેકામાં ન હતું જે 'મુંબઇ ચાબુક' પોતાના ભાઇબંધ 'દુરબીન' પ્રેસના માલેક શેઠ નશરવાંનજી તેહમુલજી દુરબીન વિષે લખંતાં જે વિવેચન કીધું હતું તે ટાંકવાથી માલમ પડશે—

'હમો એકીનથી કેહીજીએચ કે શમાચાર—તથા જામે જમશેદ—અને વરતમાન—એ તરંડે પતરો લખનારને કરતાં દુરબીન વરતમાંન પતર લખવાનાં કાંમગો વધારે હોશીઆર હતો—અને અગરચે એકવાર ચાબુકને કરતા શરશ નહી હતો પણ જો સાચ બોલવાની રજા આપશો તો તેમ કાંઇ નરશબી નહી હતો—અને હમો કબુલ કરીએચ કે કવેત અને મરશીઆ બનાવવા બાબમો ચાબુકનાં કરતાં કેટલેએક દરજે શરશ હતો. દુરબીન જેહવો શેઆંનો અને લાએક હતો તેહવોજ શાદો અને ભોલો હતો તેથી જરરા ખુદપરશતી અને ગરરૂની બોહો માલુમ પડતીતી—અને જો પણ બાજે વખત પોતાની ફજુલી પોતાને મોડે કરતોતો તોહોપણ શાદે દીલ અને ભોલો હુવો હતો કે જો પણ એ બધે એબ બુરી હતી તોહોપણ કોઇ ખેઆલપર લાવતુંતું નહી.'

એજ અરસામાં મોબેદ ફરદુનજી મરજબાનજીનાં મરણની નોંધ લેતાં તા૦ ૨૮ મી મારચ ૧૮૪૭ નાં 'મુંબઈ સમાચારે' લખ્યું હતું—

'હમોને લખવાને મોટું દુખ અને ખબર આપવાને ભારે શંતાપ લાગેચ કે પારશી ટોલામોનો નાંમીચો વીદઆવાંન—ફીલશુફ જમાંન—આલમે અઇઆંમ અને દમણ—ઊદવારા તથા બગવારા જીલલાના ગરીમોનો લુકમાંન અને આએ મુમબઇ શમાચાર છાપા-ખાનાંનો આગલો માલેક અને અધીપતી મોબેદ ફરદુનજી મરજબાંનજીએ કેટલાક દીવશની માંદગીથી ૬૦ વરશની વએમો આએ તરણ પાચ દાહડાની બોટી અને વગર ભરોશાની નાશ પાંમનારી આલમમોથી ચાલતા મહીનાંની તારીખ ૨૩ મી અને ગએઆ મંગલવારની પાછલી રાતરે જાવેદાંની જાંહાંનમાં જીનતવાશી લોકોમો જાઇ વાશો કરેઓ. એ મરનાર નમનતાઇ ભરેલો અને ખુબીનો સમુદર—માએઆ અને મીલંનશારીનો કોટ—શભાવનો હીરો અને શબદનો મીઠો—મીતરાચારીની ખાંણ અને માજદીઅશની દીનનો ઠામ—હુવો ગુણવાંન હતો.'

હવે એ સાથ હાલના બીજાં દફતરની એજ 'મુંબઇ સમાચાર' ની મરત્યુક નોધ સરખાવ્યે. તે વેલા મરણ નોધ ઘણાખરા એકજ શબ્દોમાં લેવાયછે. મરણથી કુટુંબના માણસોને ગયલી ખોટ લંબાણથી આપીછે. વલી મરનારોના ગુણો લંબાણથી આપવાની તજવીજ થઇછે. તે વેલા જાહેર જીંદગીમાં આજનાં પ્રમાણમાં પારસીઓ પડતા ન હતા. રાજદ્વારી લડત જેવું થોડુંજ હતું અને સંસારસુધારામાં પણ મુઠીભર કેળવાયલાઓએ જીપલાવ્યું હતું. મોટો ભાગ વેપારધંધામાં પડેલો હતો જે વિષે ટુકમાજ ઇશારો થતો. તે વેલાનાં લખાણમાં જોડાક્ષર, હસ્વ અને દિર્ઘમાં લખવાનું પારસીઓમાં બહુ અસાધારણ હતું. અને જેમ જેમ લોકોમાં વાંચણનો શોખ વધ્યો અને શુદ્ધ લખતા વાંચતાં શીખ્યાં તેમ તેમ વર્તમાનપત્રોનાં લખાણની લીપીમાં પણ સુધારો થતો ગયો, અને એબારતમાં પણ એજ મુજબનો સુધારો નજરે પડેછે. આગલી અલંકારીક, રંગીન, મસાલે-દાર, શહેરાગાતભરેલી એબારતની જગા હાલની સાદી ભાષાએ લીધીછે. અને એ આપણી ભાષાપર અંગ્રેજી એબારતબંદીએ થોડી અસર કીધી નથી. મરહુમ શેઠ કેખુશરો કાબરાજીની 'રાસ્ત ગોફતાર' મધે જેવી સરલ અને મીઠી એબારત તેમનાં ગઇ સદીની આખેરીનાં લખાણમાં હતી તેવીજ તેની ૩૦ વરસ બાદ પણ હતી. ૧૮૬૭ ના સાલમાં મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇનાં ધણીઆંણી ગુજરી ગયાં ત્યારે 'રાસ્ત ગોફતારે' જે લખાણ કીધું હતું તેમાં મરહુમ શેઠ કાબરાજીની જાણીતી કલમ છુપી રહી ન હતી—

'એક લાએક ભરતારની લાએક બાયડી તેને આખી દુનીઆનાં ખજાનાં કરતાં કીમતી છે, અને એક શાહજાદાના સરની દોલત જવાથી જેટલુ નહી લાગે, તે કરતાં વધારે પોતાનાં તેવા એક સોબતીનો જુદાઇ કલેજે કારી ઘા લગાડનારી છે. પેહેલી ખુટ પુરાતા વાર લાગતો નથી, પણ બીજી ખુટથી એક સુખી કબીલામાં સદાનો ખાડો પડી રેહેછે. પેહેલી ચીજની ગેરહાજરીથી જે અગ્નની અથવા દુખ પેદા થાય તે બીજી બખશેશની હાજરીથી મટેછે તથા દીલાસો અને ધીરજ આપવાને તે કામ લાગેછે. પણ શેઠ રૂસતમજીને તો એ બેહુ બખશેશો ખોહોવી પડીછે અને તેમા એકલા પારસી ટોલાનાંજ નહી પણ મુંબઇનાં અમે કમનસીબ સમજીએ છઇએ. મરહુમ બાઇ સોનાબાઇની પારસીઓનાં મોહોમાંથી એવી તારીફ સભળાયછે, પોતાના ભરથારનાં સારા વખતમાં સુખ વધારવા તથા માઠા વખતમાં દુખ ઘટાડવાની બાયડી તરીકેની પેહેલી અને પવીતર ફરજ કેવી રીતે બજાવી તેની જે કાઇ વાતો સાંભલવામાં આવીછે, તેથી શેઠ રૂસતમજીની આ બેવડી ખોટને માટે સરવેના દીલમાં બેવડું દુખ ઊપજેછે, પણ જાહા કુદરતનું ચાહાયું થયુ તાંહાં માણસનું શું ચાલે વારૂં ?'

તે વેલાની ગુજરાતી ભાષા—આ દફતર એક વાર વાંચી જોવાથી મરહુમ ખા૦ બા૦ પટેલે પેહલા ભાગના દીબાચામાં જણાવ્યુ છે તેમ—

'તે મધેથી આગલા વખતમાં થાઇ ગયલા જાણીતા પારસીઓની વીગત ઊપરાંત તે વખતનાં ગુજરાતી તથા ઇંગ્રેજી લખાંણોના નમુના, રૂઢી, અને વખતના આગલ વધવા સાથે થતા ફેરફારો માલમ પડી આવશે.'

એ ભાષા કેવી હતી તેનો કાઇક ખ્યાલ મરહુમ શેઠ રતનજી બહેમનજી વાડીઆનાં મરણની નોધ જે ૧૮૨૨ ના સાલનાં ઇંગ્રેજી તથા ગુજરાતી પત્રોએ લીધી હતી (અને જે બંને આ દફતરમાં મલશે) તેના ઉપરથી જણાશે. જે ઇંગ્રેજી ફકરો છે તેની ભાષામાં અને હાલની ઇંગ્રેજી ભાષામાં ઝાઝો ફરક નથી. ત્યારે ગુજરાતી ફકરો (૧૮૨૨ નાં સાલનાં 'મુંબઇ સમાચાર' મધેનો) તેની તે વેલાની ભાષા અને લીપી ઉપર અજવાળું નાખેછે. તે વેલાની ગુજરાતી અને હાલની ગુજરાતીમા કેટલો ફરક છે તે એ ફકરા ઉપરથી છુપું રેહશે નહીં. આ દાખલો ઇ૦ સ૦ ૧૮૨૨ ના સાલનો થયો. હવે તે સાથ ૧૮૬૧ ના સાલ—જયાંથી હાલનું દફતર શરૂ થાયછે—તેની પેહલાંજ પાનાપરની નોધની ભાષા તથા લખાંણની ઢબ સરખાવો. દસ્તુર એદલજી દારાબજી જામાસપઆશાના મરણ વિષે લખતાં તે વેલાનું—તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૬૧ નુ—'જામે જમશેદ' કેવા અલંકારીક, ફીલસુફી, અને કવીતાઇ જોશમાં આવેછે, તે નીચલા ફકરાપરથી જણાશે :—

'ખાકી ઇનશાંન આએ ફાંની ઘરથી ઊપર શા માટે જનમીઊંચ ? એ વાત શઊ કોઇ જાંણેચ અને તે વીશે લંમબાણ કરવાની હાલ હમોને અગત નથી. તેને આએ બીન-ભરોશાની ઘરથી ઊપર તે પરતીપાલ ઇશવરે માતર બે દાહાડાની ટુક મનજલ કરવા મોકલીઆછે કે જે મનંજલમાં દર પલેપલ ધાશતી અને આફત તેની શાંમણે છે, જે પલ પુરો થવા પછે શું બનશે તે માતર તે શાહેબજ જાંણેછે, તોપણ તે અરસામાં એ ઇનશાંન પોતાને અને પોતાના ઓધાને ભુલી જઇ દુનીઆંના લોભમાં ફશેછે. પણ પેલો માહા રાખશી જમ, માહા બલવંત કાશદ, મોહોત તેની શાંમણે આવતો જાએછે અને પછે એકદમ તેને ખેંચી જાએછે. ઇશવર તેને આએ ભવમાં તપાશી લીએછે કે જે તપાશ તેને બીલકુલ

ઇઆદ રેહેતી નથી. તે હીઆં ફશી પડી, પોતાની મોહોટી ફરજ—તે શાહેબની પરારથના અને ઊપકારને ભુલી જાએછે કે જે ફરજ જીઆરે મોહોત તેની શાંમણ આવેછે તીઆરેજ તેણે ઇઆદ આવેછે. પણ મોહોત આગલ કોણથી થોબાએ પડીત કે પીર, પાદશાહ કે ફકીર, મુલાં કે ભગત, શઊ કોઇને ઇશવરે મોહોત લખી આપીઊ છે, એટલુંજ નથી પણ—

'કાંટો ને કચરો ને નજીશ ને પાક, પાહાડ, અને જાહાડ અને ફુલ જીવતી ખાક,
નાં કપાલપર લખ્આ છે કુદરતે લેખ, કે પરાણીઓ માતરનું શેવટ છે એક
છોરશે નહી કોઇને જાલમ અજલ, એક મરશે આગલ તો બીજો પાછલ"

આટલુ છતા પણ પરહેજગારને મોહોતનો ડર નથી પોતાની ફરજ બજાવી તઇઆર થાએલા ઇનશાનને એ પેગાંમની વાશતી નથી તે જાએછે અને ભલાઇને હીઆં શદાની ઇઆદગારી દાખલ મુકી જાએછે પણ તેનુ પવીતર રૂહુ પોતાની ભલાઇનાં મીઠાં ફલ પાછલથી ચાખેછે.'

પંદર વરસ પછી એવીજ રીતનું લખાંણુ એજ પત્રમાં મરહુમ શેઠ મેહરવાનજી ફરાંમજી પાંડેનાં મરણ વેલા આવેલું તેની પેહલી થોડી લીટી હેઠલ ટાકીએ—

'દગલબાજ દુનીઆએ પારસી આલમને એક મોટો દગો દીધોછે. એવોના બાગમાં એક પુખત થએલા ખુશબોદાર ગુલાબ, જે તેઓમાંના ઘણાએકોને તેની ખુશબો અને લંપતથી આશાએશ અને દેલાસો આપતુ હતુ, અને જેના ઊપર તેઓની ઊમેદ લટકાએલી હતી, તે અચાનક કુમલાઇ ગએલ છે લોકોની ઊમેદ બાગબાન તરફ મોટી હતી કે, હાવા ઓતમ ખીલેલા ગુલાબને તે મોટી શંભાલ અને જતનથી જાલવશે, પણ તે બર આવી નથી. જે ગોલાબના ફુલને માટે હમો બોલીએ છઇએ તે મરહુમ શેઠ મેરવાનજી ફરામજી પાંડે છે.'

'મુંબઇ ચાબુક' મરહુમ ખરશેદજી રૂસતમજી વાડીઆ વિષે લખતાં કેહેછે કે—

'એ મરનાર માજી પનચાએતનુ એક પુરાંનુ થાંભુ હતું અને લવજીનાં ખાનદાંનની એક પુરાંની ડાહલ, વાહાડીઆ ખાંનદાનની બુજરોગીનો એક શંભાલ હતો ...... આજ શુધી એ મરનાર પોતાનાં કુટુંબને પોતાની પાખમાં મ્હાલી પડી રહેઓ હતો.'

ગમે એવા માહન પુરૂષ માટે તે વેલા એમ 'તું તાંમાં' લખવાનું સાધારણ હતું.

પારસીઓએ ફારસી નહી તો પારસી ભાષા કાં નહી લખવી જોઈએ? – ગુજરાતી લખાણોમાં ફારસી શબ્દો લખવાનું આગલા પારસીઓમાં વધુ સાધારણ હતું અને તે વેલા એ ભાષા શીખવાનો શોખ પણ ઘણાક લખકો રાખતા. આજે હિંદુઓ વાપરેછે તેજ બોલો પારસીઓ પણ વાપરેછે. તેને બદલે પારસી લખાણોમાં આગલ ફારસી શબ્દો જે ઇરાનીઓ બહુ વાપરે તે બહુ છુટથી અને ભારોભાર લખાણોમાં મલી આવતા. વલી ફારસી ભાષાની શીરીની ગુજરાતી એબારતમાં પણ તે વેલા વધુ આમેજ થયલી હતી અને તે સાથ ફારસી અલંકારો, મીસાલોજ નહી પણ નસર (ગદ્ય) લખાણમાં ફારસી કાફ્યા લેવાની પણ કોશેશ થતી, એટલુંજ નહી પણ વાકય-રચના પણ ફારસી લખાણોની ઢબપર હતી. આ સઘલું નીચલો ફકરો જે 'મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ મુગાનાના મરણ વિષે ૧૮૪૯ નાં 'મુંબઈ ચાબુક' માં મલેછે, તેપરથી સ્પષ્ટ રીતે જણાઇ આવશે—

'શંધલાં પંનડાંમો વખાણાંએલો અને શંધલા મહજબમો ખુજરોગી અને માંન પાંમેલા માજદીઅશની ટોલાનો એક નાંમીચો આલીશાંન દોલતનીશાંન શેઠ જીજીભાઈ દાદાભાઈ મુગાનાં કાઇએક દાહડા માંડ ભોગવી ૬૬ વરશની ઊમરમો ગઇ કાલ દીને આંએ શની ખમતા અને વગર ભરોશાની દુનોઆને પોતાનો મીટીથી શીનગારેલો જાંમો શોશી હેનાં અશોઇ ભરેલાં રૂઊએ જાવેદાનાં અને ખરા ભરોશાના ફલકઊલ અફલાકમો હેનાં પાકીજે પેગંમબરની બગલમો જાઇ વાશો કીધા એ મરનારની પીછાંન તેહકીક કરવાંમો—એ નાંમવરે પોતાની ઘણીખરી વએ અતરેનાં નામીચા ઇઅરોપીઆંન તુજારો અને પેહેડીવાલાઓને તાહાં મોહોટી આબરૂ ભારે હોરમત અને અટીશે આંતથી દલાલીનું કાંમ કરતો હતો, તેથી કરી સુ ઇઅરોપીઆંન શું હીનદુ—મુશલમાંન અને હમજાતી વેપારી વેહેવારીઓ એ મરનાર શારી ઓલખાંન અને જાન પીછાંન રાખતો હતો એટલુંજ નહી પણ તે શાથે ચીન અને ઇઅરોપ અને બીજા દેશોમો પોતાનો ખાશ વેપાર ચલાવતો હતો તેથી અતરેની શઘલી શોશાઇતી અને મંડલીઓમો જીજીભાઇ એક પેહલા દરજાનાં વેપારીઓની તેક અને તેજ ધરાવતો હતો. આપણી અંનજુમંનનો એ એક અકાબર હતો તે હુવો તો નીવરઓ અને દીપી નીકલેઓ કે ગોએઆ ગરીબ લાચારોનો કોઇ ખરો પીતા હતો. પહરેજગારી—એબાદત અને રીઆજતમો જીજીભાઇની પીછાંન લેવી હોએ તો એક દરેમેહેરનો ખાશ મુતવલી અને મોબેદોનો એક નમનતાઇ ભરેલો તાબેદાર—દીનદારીમો કોઇ ખરો જરથોશતીઓનો ઇઆર—દસતુર અને દાવરો ઊપર હમેશે એ કરતો હતો પીઆર તકલુફ—તાજો વ તવાજોમો જીજીભાઇ એક અછો ઊમરા અને કોઇ ખરો નેકરાહા જરથોશતી હતો. મરનાર નંમનતાઇ હુવી તો ધરાવતો હતો કે એક વેલાએ કમાંન તેહેની આગલ શરમનદગી હાંશેલ કરતી હતી. ધરમાતમાં અને શખાવતમો લાચારોનો શવાલ શમપુરન કરનાર. શુધી દીઆનત, ચોખા વેહેવાર, ખરી આંત અને વેપારીઓને કરતો હતો રાહાત. દોશતી, ખેરખાઇ અને મોહોબતમો એ મરનાર ખાશરો અને શીરીનની ખવાશનો હતો. પારશીમો શાહેબે શલતનતની ખવાશ ધરાવતો હતો તોપણ જાંને એક માહાજનના શેઠીઆની ખુબીનો દેખાતો હતો—શોદાગર હતો પણ એક શાદો અને અમીરી મીજાજનો દરદી અને ગરજીઓનો દાદખાં—દુખીઆરાંઓનો નેધાબાંન.—અને ગરીબોની ફરીઆદો ઊપર કરતો હતો હમેશે કાંન. અકલ અને હોશીઆરીમો કોઇ હતો ચતુરશજાંન. એ મરનાર હમેશે દાંનેશમંનદો શંઘાથે દોશતી રાખતો હતો અને હેનો અઇઆશી જાંન હેકમત અને ખોદાતાલાની પેદાએશની પીછાંન ઊપર કુરબાંન હતો. જીજીભાઇ પોતાની છેલી ઘડી સુધી દોલતથી ભરપુર—એક બાએગવંન અને પુતરવાંન થાઇ ગએઓ. એ મરનાર હજારોસે વેહવાર રાખતો—સેંકડોનું પાલણ કરતો હતો તેથી આએ ટાપુમો એ મરનાર એક ભારી કીરતી અને અતીશે વખાંણ અને ભારે માંન ધરાવતો હતો. જીજીભાઇ એક રેહમદીલનો—ખરી દેઆંનત—એટલુંજ નહી પણ આએ આબાદ વશતીમો હેની એટલી તો ખુબી હતી કે તે શરવેને ઇઆદ રેહશે રોજે કેઆંમત—એ મરનાર ગરીબ અને તવંગરની નોટાઇને એક કરી જાનતો—મીશકીન હાલ ઊપર ભારે દઆ આંનતો અને મોહરાઇ તો કસી તહરેથી નહી જાંનતો.'

આજ સાઠ વરસ ઉપરના પારસી મરત્યુકની નોધમાં મરનારના કુટુંબના જુદા જુદા શખ્સો ગમખારી કેટલી કરશે અને તે દરેકને કેટલી ખોટ જશે તે વિષે બહુ બહુ લખાતું જેનો એક દાખલો આપ્યે તો 'ચાબુક' અધીપતીરાજે એ બાબે જે રંગીન ઇબારતમાં એવી ખોટ વર્ણવી છે તે ગદ્ય કરતાં પદ્ય, નસર કરતાં નઝમનો વધુ ખ્યાલ આપેછે. મજકુર જીજીભાઇ દાદાભાઇ વિષેજ લખતાં 'ચાબુક' શેવટે કેહછે—

'એ મરનારના છોકરાઓ જે આજ સુધી પોતાના માંન અને આબરૂ મેલવનાર બાપની મોહટાઇ ભરેલી પાંખમો હતા તે જુદા પડેઆથી તેહનાંઓ રોજ રશતાએજ સુધી પોતાનાં બાપનાં લાડ પેઆર અને માએઆ મંમતાને હઇડેથી મેલશે અને મંનથી ભુલશે નહી. હેની વીઢવા પોતાના આમીરી ભરતારથી જુદી પડેઆનાં કારી ઘાઆનાં દરદમો છેલી ઘડી સુધી દેવાની થાઇ કુહડાપો અને બલાપામો પોતાનો કાલ કાહાડશે. હેનું બોહલું કુતંમ પોતાનાં એક મોહટી આબરૂ—અતીશે માલ અને જરદાર જીજીભાઇને ગુમ થાએઆથી ચંનદર અને સુરીએ ફલક ઊપર ફરતા રેહશે તે મુદતથી સું ભારે ગંમ અને અતીશે વતવતનું પોતીકા જાંન સગાથે તાવીજ કરી રાખશે. હેનાં બેહદ દોશતો અને અતીશે મીલંનશારો જેહનાંઓ જીજીભાઇની માએઆ અને પરીતીમો રાત અને દાહડો હતા તે લોકો એ મરનારને ગુમ થાએઆ ઊપરથી પોતીકી છાતીમો મોહટો વતવતો અને ભારે કુહડાપો પોતાનાં છેલ્લાં લોહીનાં ટીપાં સુધી કોતરી રાખશે.'

ઉપલા ફકરાઓ વાંચવાપરથી આજના પારસીઓએ તોલ કરવું છે કે આગલી ફારસી શીરીન શબ્દોની મેલવણી સાથની ગુજરાતી સારી કે આજની સંસ્કૃતના ભારે જડબાં-ભાગુ શબ્દો વાપરનાર ગુજરાતી સારી. ભલે હિંદુઓને છેલ્લી ગમે, કારણ તે તેમની રાહરીતી અને આગલી તવારીખને અનુસરતી છે. પણ પારસીઓના બાપદાદા જે ફારસી ઢબની જબાન ગુજરાતમાં આવી વસ્યા પછી વાપરતા તે હવે હિંદુઓનાં લખાણોનો વધુ માહવેરો પડયાથી અને ફારસી ભાષાની તાલીમ ઓછી થવાથી આપણે મુકી દીધીછે. તેમ કરવામાં શું આપણ વાજબી છેયે? ઉપર જે ફકરાઓ લંબાણથી ટાંકયાછે તેની એબારત અને વાકયરચનામાં શી ખામી છે? શુ તે Parsi tradition and Parsi genius ને વધુ પેશ પડતી નથી? એકબારગી કહો કે તે ગુજરાતી નથી, એટલે હિંદુ ગુજરાતી નથી. પણ પારસીઓ કાંઇ હિંદુ નથી. તેઓ પારસી છે માટેજ તેમની ભાષા ફારસી નહીં તો 'પારસી' તો રેહવીજ જોઇએ. પછી હિંદુઓ તે સામે ગમે તેટલા બખાલા કાઢે. જેમ અમેરીકનો અસલ ઇંગ્રેજ ખુનના છતાં પોતાની ભાષામાં અમેરીકન શબ્દો વિગેરે Americanisms વાપરેછે તેમ પારસીઓ ફારસીરોકી ગુજરાતી ભાષા વાપરે તેમાં ખોટું શું? કઇ ભાષા તેમને માટે વધુ બંધબેસતી છે—સંસ્કૃતશહી હિંદુ ગુજરાતી કે ફારસીરોકી 'પારસી' ગુજરાતી? પારસીઓ ફારસીને બદલે ગુજરાતી વાપરે તે પણ દેશ, કાળ અને સ્થીતીને અનુસરતું છે, તેઓ 'ફારસ-પાર્સ-ઇરાન' માં નથી. માટે ત્યાંની ભાષા નહી વાપરે. તેઓ ગુજરાતમાં લાંબો કાળ વસ્યા તેથી ગુજરાતી ભલે વાપરે પણ તેથી કાંઇ તેઓએ પોતાના આગલા traditions, તવારીખ અને બાપદાદાની જબાનને છોડી દેવી ન જોઇએ. પહેલવી, પાજંદ, દરી વિગેરે ભાષાઓને ઇરાનીઓ વાપરતા આવ્યાછે તેની તવારીખ તપાસતાં આપણને માલમ પડશે કે આપણી હાલની સ્થીતીને વધુ અનુસરતી ભાષા ફારસી લખાણોને મલતી ફારસી ઢબ ઉપર રચાયલી પારસી-ગુજરાતીજ છે. તેજ ભાષા આપણી ખાસ ભાષા કેહવાય. તેજ આપણી અસલ માદર જબાંનને મલતી કેહવાય; તેજ આપણી આગલી તવારીખ અને આગલાં વતનની યાદ આપનારી જબાંન લેખાય, અને નહી કે હિંદુ લોકો જે ભાષા આજે વાપરેછે, જે ભાષા ખુદ હિંદુઓમાં બદલાતી જાયછે, અને ખુદ હિંદુ વર્ણમાં જુદે જુદે મથકે જુદી જુદી રીતે બોલાયછે, તે ભાષા આપણે અખત્યાર કરવી જોઇએ. શું જેમ હિંદુઓ ફરશે અને પોતાની ભાષાને બદલશે તેમ આપણ પારસીઓ પણ ફરશું? આજે કાઠિયાવાડી ગુજરાતી અને અમદાવાદી ગુજરાતીમાં મોટો ફેર છે. 'અટાંણે' 'દી' વિગેરે કાઠિયાવાડી બોલે તે અમ-

દાવાદી સમજી શકતા નથી અને તે તેને પરભાષા જેવી લાગેછે. આજે ભરૂચી-ગુજરાતી સુરતી-ગુજરાતીથી જુદી અને સુરતી ગુજરાતી અમદાવાદી-ગુજરાતીથી જુદી. સુરતી કેહછે કે, મારી ગુજરાતી શુદ્ધ અને અમદાવાદી કેહછે કે, મારી. તેવી અટકામણ અને ગુચવણમાં આપણે પારસીઓએ શામાટે ઘસડાવું જોઈએ? કાં નહી પારસીઓ પોતાની ખાસ ભાષા રાખે, પછી તેને ગમે તો ગુજરાતીનું નામ આપો યા નહી. કાં નહી પારસીઓ પોતાની ખરી 'પારસી' ભાષાનેજ વલગી રેહવાની યત્ન કરે. પારસીઓને હિંદુ ભાષા લખવા કેહવું એ ઓછામાં ઓછું એક કચ્છી યા કાઠિયાવાડીને અમદાવાદી ગુજરાતી લખવા-બોલવા કેહવા બરાબર છે. તેમાં કશી 'ખારયત' રેહતી નથી. તેથી પારસીઓ પોતાનું પારસીપણું વધુ ખોહવાના ભયમાં રેહશે. તેથી પારસીઓ પોતાનાં-પણુંજ છોડતા જશે, અને પોતાના અસલ દેશ અને પોતાની સ્થીતી સારૂ પોતાનાં બાપીકાં અસલ વતનની યાદનો ભોગ આપેલો કેહવાશે, જે ભોગ કાંઇ જેવો તેવો ન લેખાય.

ગરીબોનાં મરણની નોંધો—આ દફતરમાં એક બહુજ સંતોષ લેવાજોગ અને કોમની આબરૂમાં વધારો કરનાર બનાવ એ છે કે, તેમાની નોંધ માતબરોનીજ નહી પણ ગરીબ પણ સ્વતંત્ર, રાસ્તીને ચાહનાર, અંતઃકરણ પ્રમાણે વર્તનારાઓની આપીછે. 'મુંબઇ સમાચારે ૧૮૬૪માં મરહુમ શેઠ જાગીરજી એદલજી પોહચા વિષેની નોંધ લીધીછે, તે એ સંબધમાં વાંચવાજોગ છે.

સેંકડો છુપાઈ રહેલાં પારસી ગવહેરો—જાહેર પત્રોની જાણમા આવેલાં પારસી નરનારીઓના હેવાલ આ 'મરત્યુક' માં આપ્યાછે, તે ઉપરાત બીજા કોમનાં હજારો બેટાબેટીઓ પડયાં હશે જેઓએ પોતાનાં વખતમાં પોતાના રોજીંદાં કામોમાં ભલાઇ, બાહદુરી, પરમાર્થ વિગેરે અનેક સદગુણો, જેથી કોમને વધુ પ્રકાશમાં આણી શકાય, તે બતાવ્યાં હશે. પણ તે સઘલાંની નોંધ કેમ રહી શકે ?

સખાવત—સખાવતના બાબમાં ચાર દાહેકા ઉપરના પારસીઓ કરતાં હાલ મધ્યમ વર્ગના પારસીઓ વધુ સંખ્યામાં આગલ પડયાંછે તે ના પાડી શકાશે નહી. અને એ બાબદમાં કોમમાં કેળવણીની સાથે સુધારો થયલો દીસેછે. આગન મોટી મોટી સખાવત એક સર જમશેદજી જીજીભાઇ, એક સર કાવસજી જાંગીરજી યા એક બેહરામજી જીજીભાઇ તરફથી થતી. પણ હાલ રોજને રોજ મધ્યમ વર્ગનાઓ મોટી યા નાહની રકમ સખાવતના કામમાં આપવાને ચુકતાં નથી. સખાવતના બાબમાં પેહલા 'સર જમશેદજી જીજીભાઇ બારોનેટ એક મોજેજો કરી બતાવ્યો હતો. એ નામદારનું બાવલું ટાઉન હૉલમાં મેલવા માટે મલેલી જાહેર સભા મધ્યે ગવરનર લૉર્ડ એલફીનસ્તને જણાવ્યું હતું કે લીવરપુલ, મેનચેસ્ટર અને ગ્લાસગો એ ત્રણ શેહરોની દોલત આપણાં મુંબઇની દોલત કરતાં આઠગણી વધારે છે ખરી પણ એ ત્રણડ શેહરો મધેથી એવો એકબી નર નીકલ્યો નથી કે જેણે સખાવત પુછવાડે પચીશ લાખ રૂપીયાની મોટી રકમ સર જમશેદજીની માફક ખરચી હોય. સર જમશેદજી પછી સર કાવશજી જાંહગીર અને શેઠ બેહરામજી જીજીભાઇની

સખાવતો પણ તે જમાનાની હતી. પણ હાલના જમાનાની શેઠ નવરોજજી માણેકજી વાડીઆની એક કરોડની સખાવતે તે બધીને ભુલાવીછે, અને તે ઉપરાંત હાલની દર માસની બલકે દર અઠવાડીયાંની સખાવતો, અને તે પણ મધ્યમ સ્થીતીના પારસીઓ કરેછે, તેવી તે જમાનામાં ન હતી.

નમનતાઈતથા નમાનાપણુ, દોસ્તો તરફ જાનફેસાંની—તે વેલાના માતબરોમાં પણ એક જાતનું અજબજેવું નમાનાપણુ, કમીનાપણુ અને સાદાઇ સાધારણ હતી. જે ગુણમા હાલ આપણે કેળવણીના વધારા છતાં ઘણાંજ પછાત પડેલા દીસેછે. તે વેલા હમકોમના લોક તરફ અજબ મમતા બતાવવામાં આવતી અને તેઓ તરફનુ હમદર્દીપણું પણ કમી ન હતું. દોસ્ત દોસ્તપર જાન આપતો, અને ગરીબાઇમા આવી ગયલા દોસ્ત તરફ હાલ જેમ કેટલીક વેના આડી નજર ફેકવામાં આવતી નથી તેમ ન હતું. તેથી ઉલટું તેવાને મદદ કરવી એ શકતીવાલો દોસ્ત પોતાની ફરજ માનતો. મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ પોતાના નિશાલના ગોઠીયાને પેટને ખાતર મેહતાગીરીનું વહીતું કરતો જોઇ, ઘરે બોલાવી, તેના માગવા વગર બે હજાર રૂપીઆની નોટ એક પરબીડાંમાં મુકીને આપેલી તે વાત મરહુમ શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ તેમનાં મરણ બાદ બાહર પાડી હતી. એજ મીસાલ વખતના દોરથી પડી ભાગેલા એક વેલાના શ્રીમંતોને એજ સખી ગ્રહસ્થે પોતાના સારા વખતમાં દર માસે એક હજાર રૂપીઆનો પગાર, વગર ભાડે બંગલો, તથા બીજી ઘટતી મદદ આપી હતી. તેવણે અકેક કુટુંબને ૩૦ થી ૪૦ હજાર રૂપીઆની છુપી મદદ કરવાના 'એકથી વધુ દાખલા જણાયલાછે' એમ શેઠ શોરાબજી બંગાલી જણાવેછે. (પા. ૯૭.) મનુષ્યજાતનું ભલું કરનાર પરમાર્થી ગ્રહસ્થ શેઠ રૂસતમજી જ. જીજીભાઇનો એ હેવાલ તથા તેની શેવટે શેઠ શોરાબજી બગાળીએ જોડેલી કવીતા અત્રે જાળવાઇ રહીછે. બાપદાદાઓ પરસેવો ઉતારી પૈસા પેદા કરી મુકી ગયા તે ખાનારા અને આઇતાંપર કોસનુ મારનારાઓની આજની મગરૂરી, મીજાજ અને તોર જેવો આગલા ઠરેલ પારસીઓમાં ન હતો. અધુરી કેળવણી સથે ઉછાછલાપણું, હેંકરાઇ–તકોબરી જેમ સ્ત્રીઓ તેમજ પુરૂષોમાં વધુ પ્રદર્શીત થવાની હાલ ફરિયાદ થાયછે. આગલા સંગીન ગુણોની જગા દેખાવડા તકલાદીપણાએ દરેક વાતમાં લીધીછે.

'પારસી મરત્યુક' થી થનારા લાભ—ખરૂં છે કે 'પારસી મરત્યુક' નું આ બીજું દફતર છપાવવામાં કાંઇ ભારે બાહોશીની જરૂર નથી, પણ તે છતાં એ મેહનતનું કામ કોમને ભવિષ માટે કાંઇ થોડું ઉપયોગી નથી. તવારીખ એ દાખલાથી ફીલસુફી શીખવનારૂં શાસ્ત્ર છે, તેજ માફક ઘણાકોની જીંદગીના હેવાલથી તેમના જમાનાની તવારીખ જાણવાને આપણને બની આવેછે. વલી તે જમાનામાં સંસારીક અને બીજી બાબદોમાં લોકચર્ચા અને જનચર્ચા શી હતી તે આપણને જાણવાને બનેછે. દાખલા તરીકે જેમ આજે પારસીઓની ધરમ તરફની બેદરકારી અને મોબેદોની હાલત વિષે અફસોસ કરીએ છીએ તેમ આજ બરાબર અરધી સદી ઉપર પણ હતું. મરહુમ દસ્તુર એદલજી દારાબજી જામાસપઆશાના વિષે લખતાં તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૬૧ નાં 'જામે જમશેદ' માં જણાવ્યું છે કે—

'કમનશીબે પારશીઓ ધરમશંબંધી બાબદોમાં દીન ઊપર દીન જેમ પછાત પડતા જાએછે તેમ તેઓનાં મોબેદો—ધરમઆચારી, દીનના પેશવાઓ—ની હાલત દાહાડે દાહાડે અફશોશ કરવા જોગ થાતી ચાલીછે.'

અલબતાં આ 'મરત્યુક' મધે કેટલાક જાણીતા પારસી નર નારીઓની જીંદગીનો હેવાલ આવ્યોછે, તેમજ ઘણાક ઓછી જાણમાં આવેલા હમદીનોની કારકીર્દી પણ સમાવીછે. એ સંગ્રહ ભવિષમાં કોઈ તવારીખનવેશ અથવા જીંદગીનો હેવાલ લખનાર (Biographer) ને પોતાનાં લખાણ માટે અગતનો ખોરાક પુરો પાડશે. એક કોમની તવારીખ હમેશાં તેના chronicles પરથીજ લખાયછે. આપણી કોમની વિગતવાર તવારીખની ભવિષની હવેલીને માટે જેટલો બને તેટલો માલમસાલો તૈયાર કરવાની હાલ અગત્ય છે. એજ ધ્યાનમાં લઇ મરહુમ ખા. બા. બહમનજી પટેલે 'પારસી પ્રકાશ,' 'પારસી ધર્મસ્થલો,' 'પારસી મરત્યુક' વિગેરે અનેક પોઠાઓ તૈયાર કીધાછે, અને તેનો લાભ હવે ભવિષમાં કેવો લેવાયછે, તે જોવાનું છે.

સાંકળીઉં

ગુજરાતી વર્તમાંન પત્રોમાં આવેલાં મરત્યુકોનું.

ઈંગ્રેજી વર્તમાન પત્રામાં આવેલાં મરત્યુકાનું.

"પારસી મરત્યુકો"માં આવેલી અટકોનું

સાંકળીઉં.

"પારસી મરત્યુકી" માં આવેલી અટકોનું સાંકળીઉં.

પારસી મરત્યુક.

ભાગ ૨ જો.

ઈ० સ० ૧૮૬૧.

તા० ૧૭ મી જાનેવારી.

રોજ ૨૬ માહ ૫ (ક०) ૧૨૩૦ યજદજરદી.

ફરદુનજી ડોશાભાઈ પારખ—આજનાં હમારાં પતરના પાછલા ભાગ ઉપર મરતીઉકની ટીપમાં એક લાએકીવાલા ગ્રરહશથનું નામ જોવામાં આવશે. હમોને જણાવવાને શંતાપ ઉપજેછે કે ચાલતા મહીનાની તારીખ ૧૭ મી અને ગએઆ ભરેશપતવારની રાતનાં આશરે તરણ કલાકને અમલે શેઠ ફરદુનજી ડોશાભાઇ પારખે ૬૯ વરશની જઇફ ઉમરે પુગા પછે આએ ફાંની જીહાંનમાંથી વાશો ઉઠાવી શવરગવાશી થાએઆછે. મરનાર ધરહશથ આપણી ટાપુમાં તથા શુરત શેહરનાં પારશી તેમજ હીંદુ વેપારીઓમાં શારી રીતે જાણીતા તથા વખાણાંએલા હતા તથા મરણની ઘડી શુધી પરેહજગારી તથા શારો શવભાવ જાલવી રાખીઓ હતો. શેઠ ફરદુનજી પોતાની પાછલ બે બેટા તથા બે બેટી મલી ચીઆર ફરજંદો મેલી ગએઆછે કે જેઓમાંનો એક બેટો મી० રતનજી મીશીઅરશ મીનીશની કંપનીમાં ભાગ ધરાવેછે; અને બીજો બેટો નશરવાનજી મીઉનીશીપાલ ટાકશનાં આશેશરનાં આશીશટંટ દાખલ કાંમ ચલાવેછે. શેઠ ફરદુનજીનાં દુખભરેલાં મરણથી તેવણની જઇફ વીધવા તથા મોટા કબીલાને જે ગમગીની ઉપજીછે તે એકાએક ભુંલી જાવી મુશકેલ છે.

[જામે જમશેદ, તા० ૧૯ મી જાનેવારી ૧૮૬૧.]

17*th January*.

Furdoonjee Dossabhoy Parekh.—It is with much regret that we have to announce the death, on last Thursday morning at about 3 o'clock, of Mr. Furdoonjee Doshabhai Parack, father of Mr. Ruttonjee Furdoonjee Parack, partner in the firm of Messrs. Menesse & Co. The venerable men died at the patriarchal age of sixty-nine, and was a well-known member of the Parsee community, in which he was held in respect and esteem, especially among those who knew him intimately. He leaves behind him a large circle of relatives and friends to deplore his loss.

[*Telegraph & Courier, 21st Jan.*1861.]

તા० ૨૪ મી જાનેવારી.

રોજ ૩ માહ ૬ (ક०) ૧૨૩૦ યજદજરદી.

પેશતનજી મેહરવાંનજી ઈરાંની—મરતીઉકની ટીપમાં એક ભલું નામ દાખલ કરતી વખતે હમોને જણાવવાને દલગીરી લાગેછે કે આપણી ટાપુના ચીનના વેપારી અને મીશીઅરશ પી. તથા ડી. ફરાંમજીની કુમપનીના એક ભાગીઆ શેઠ પેશતનજી મેહરવાંનજી ઇરાંની ગઇ પરમ દીને કેફશાંની કેટલાએક દીવશ સુધી માંદગી ભોગવેઆ પછે આએ ફાંની દુનીઆંથી ગુજરી ગએઆછે.

[મુંબઇના ચાબુક, તા० ૨૬ મી જાનેવારી ૧૮૬૧.]

તા० ૨૦ મી ફેબરવારી.

રોજ ૩૦ માહ ૫ (શે०) ૧૨૩૦ યજદજરદી.

દસતુર એદલજી દારાબજી જામાસપઆશાના—જણાવવાને મોહોટો શંતાપ ઉપજેછે કે પારશી ટોલાના માંન પાંમેલા બુજરગ

દશતુર શાહેબ એદલજી દારાબજી જામાશપઆશાનાં એઓએ પોતાનાં બુડા મરજથી કેટલાએક દીવશ શુધી માંદગી ભોગવીઆ પછે આએ ઘડીપલની ફાંની દુનીઆં છોડીને ગઇ પરમની પાછલી રાતનાં શદાનાં શવરગમાં વાશો કીધોછે. આએ જઇફ દશતુરજી શાહેબે બરોબર ૭૭ વરશો શુધી પોતાની જીંદગી ગુજારીછે કે જે વખતનાં અરશામાં પોતાનાં ભલા અને વખાંણવા જોગ ગુણોથી પારશી ટોલાનાં મોહોટાથી નાંહના અને તવગરથી ગરીબ વચે માંન અને પેઆર મેલવેઓ હતો. પાકીજગી અને પરેહજગારીને તેવણે ગોએઆ પોતાનીજ કરી મેલી હતી અને તે કુલે જીહાંનના શઉથી મોહોટા બાવીંદે મોકલેલા બરહક જરતોશતી ધરમનાં પાકીજે કલાંમો શદા પોતાનાં મોહોમાંથી બાહેર પાડતા હતા. હરએક વડું માંણશ જેમ બીજાઓને કેહે તેમ પોતે પણ ચાલે તો તેનાં બોલવા ઉપર વધારે વજણ રેહેછે તેજ મીશાલે મરહુમ એદલજી પોતાની કોમનાં લોકોને પોતાનાં પવીતર હોધા મુજબ જે ગમભીર અને શાલેશાઇભરેલા શખુનો કેહેતા હતા તે મુજબ તેવણ પોતે પણ ચાલતા હતા અને તેથી તેવણ શારી રીતે જણાએના હતા. પરહેજગારી શાથે મીલનશારી, ભલમનશાઇ અને નરમાશ એ દશતુરજી શાહેબ ધરાવતા હતા, અને હમો ધારીએચ કે પારશીઓના હાલનાં હીગાંમ પરમાંણે તેઓના મોહોટા ધરમઆચારીએ જેમ ચાલવું જોઇએ તેમ તેવણ ઘણું કરીને ચાલીઆ હતા. કમનશીબે પારશીઓ ધરમશંબંધી બાબદોમાં દીન ઉપર દીન જેમ પછાત પડતા જાએછે તેમ તેઓનાં મોબેદો—ધરમઆચારી, દીનના પેશવાઓ—ની હાલત દાહાડે દાહાડે અફશોશ કરવા જોગ થાતી ચાલીછે તોપણ તેઓમાં કેટલાએક જે લાએકીભરેલા અને શારા ગુણવાલા ધરમગુરૂઓ મલી આવેછે તેઓમાં મરહુમ દશતુર શાહેબ એદલજી દારાબજી જામાશપઆશાના વડા કેહવાતા હતા. આએ ભલા દશતુર પોતાની પાછલ એક મોહોલા કબીલાને દલગીરીમાં મેલી ગએઆછે કે જે કબીલાને અને તેવણનાં દોશતઆશનાંવોને લાગેલો ડાગ જલદીથી મીટવો ઘણો મુશકેલ છે, પણ જે કબીલાનાં હવે પછે થાતા વડાઓ એ પુરાતમ બાંનદાંનનો મરતબો તેવણનાં બેહેશતનશીન થાવા પછે પણ જાલવી રાખશે હેવી હમોને ઉમેદછે.

બાકી ઇનશાંન આએ ફાંની ધરથી ઉપર શા માટે જનમીઉંચ? એ વાત શઉ કોઇ જાંણેચ અને તે વીશે લંમબાણ કરવાની હાલ હમોને અગત નથી. તેને આએ બીનભરોશાની ધરથી ઉપર તે પરતીપાલ ઇશવરે માતર એ દાહાડાની ટુક મનજલ કરવા મોકલીઓછે કે જે મનજલમાં દર પલેપલ ધાશતી અને આફત તેની શાંમણે છે, જે પલ પુરો થવા પછે શું બનશે તે માતર તે શાહેબજ જાંણેછે, તોપણ તે અરસામાં એ ઇનશાંન પોતાને અને પોતાના ઓધાને ભુલી જઇ દુનીઆંના લોભમાં ફશેછે. પણ પેલો માહા રાખશી જમ, માહા બલવંત કાશદ, મોહોત તેની શાંમણે આવતો જાએછે અને પછે એકદમ તેને ખેંચી જાએછે. ઇશવર તેને આએ ભવમાં તપાશી લીએછે કે જે તપાશ તેને બીલકુલ ઇઆદ રેહેતી નથી. તે હીઆં ફશી પડી, પોતાની મોહોટી ફરજ—તે શાહેબની પરારથના અને ઉપકારને ભુલી જાએછે કે જે ફરજ જીઆરે મોહોત તેની શાંમણે આવેછે તીઆરેજ તેણે ઇઆદ આવેછે. પણ મોહોત આગલ કોણથી થોબાએ. પંડીત કે પીર, પાદશાહ કે ફકીર, મુલાં કે ભગત, શઉ કોઇને ઇશવરે મોહોત લખી આપીઉંછે. એટલુંજ નથી પણ—

"કાંટો ને કચરો ને નજીશ ને પાક,
પાહાડ, અને જાહાડ અને કુલ જીવતી બાક,
નાં કપાલપર લખેઓછે કુદરતે લેખ,
કે પરાંણીઓ માતરનું શેવટ છે એક.
છોરશે નહી કોઇને જાલમ અજલ,
એક મરશે આગલ તો બીજો પાછલ."

આટલું છતાં પણ પરહેજગારને મોહોતનો ડર નથી. પોતાની ફરજ બજાવી તઇઆર થાએલાં ઇનશાંનને એ પેગાંમની બાશતી નથી.

તે જાએછે અને બલાઇને હીઆં શદાની યાદગારી દાખેલ મુકી જાએછે પણ તેનું પવીતર રૂહુ પોતાની બલાઇનાં મીથાં ફલ પાછલથી ચાખેછે.

મરહુમ દશતુરજી શાહેબ એદલજી દારાબજી જામાશપઆશાંનાંએ પોતાની પાછલ પોતાની બલાઇને મુકીને તથા બુજરોગી ભરેલી ઉમર તુલક જીંદગીનું શુખ ભોગવીને આપણથી હેવે ઠેકાંણે કુચ કીધીછે કે જાહાં નેકોની શાથે તેવણનું રેહેવું થાશે અને જાંહાં પેદા કર-નાર ખાવીંદ તેવણની પોતે શંભાલ લેશે.

મરહુમ દશતુરજીનાં રવાંનને અવલમનજલ પોંહોંચાડવાની કીરીઆ ગઇ કાલે શહવારનાં થાઇ હતી તે વખતે તેવણનો છેલો શેજદો કરવાને તેવણનાં મકાન આગલ પારશીઓની ઠઠ મલી હતી અને તેવણનાં આએ દુખ ભરેલાં મરણના શોગમાં બજારમાંના શગલા પારશી દુકાંનદારોએ પોતપોતાની દુકાનોનાં અરધાં બારણાં બંધ રાખીઆં હતાં.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૬૧.]

20th February.

DASTOOR EDULJEE DORABJEE JAMASP-ASSANA.—We regret to announce the death, on Wednesday night, of Dustoor Eduljee Dorabjee Jamaspasana, one of the high Priests of the Parsees, at the advanced age of 75. He was a person of great piety; and was well versed in Persian, and in the Pehlevi and the Zend dialects, —the sacred and ancient languages of the Parsees He is the author of several works He has left behind him a son and a prety large family and a very large circle of friends, by whom he was endeared and respected, to bemoan his irreparable loss. His son Muncherjee Dustoor is also an able person who, we are sure, will walk in the foot-steps of his departed sire.

[*Telegraph & Courier, 22nd Feb.*1861.]

તા૦ ૨૦ મી ફેબરવારી.

રોજ ૩૦ માહ ૫ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

રૂસતમજી નવરોજજી આદમસનના— શેઠ રૂશતમજી નવરોજજી આદમશનના, જેઓ મેહજર મોરના રૂશતમજીને નામે ઓલખાતા હતા તેઓ ચાલતા મહીનાંની તારીખ ૨૦ માને દીને હક થાએઆ.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૬૧.]

તા૦ ૨૩ મી ફેબરવારી.

રોજ ૩ માહ ૬ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

ખરશેદજી બહમનજી પંથકી—હમારો ગએઓ આંક કેટલાએક વાંચનારાઓએ મરહુમ દશતુરજી એદલજી દારાબજી જામા-શપઆશાનાનાં મરણનાં શંતાપ ભરેલાં મરતી-ઉકનો વાંચી શમાપત કરેઓ નહીં હશે— તેટલાં એક બીજાં દુખદાએક મોહોતની ખબર અલબતે તેઓના જાણવામો આવી હશે— કે જેહની નોધ આજ રોજે હમો મોટાં દુખ શાથે હમારાં પતરમાં કરીએચ. મોબેદ શેઠ ખરશેદજી બમનજી પંથકી, કે જેહને વેપારના વેહવાર ઉપરથી ઘણાએક વેપારીઓ અને મઘરાજ તથા મુંબઇની ફોજના લશકરી અમલદારો શારી પઠે ઓલખતા હતા—અને જે ઘરહશથ જરથોશતી ટોલામો એક ઘરમી તથા મએઆલુ પુરૂશ તરીકે જણાએલો હતો—તે કેટલાએક દીવશ શુધી અતેશારનો રોગ ભોગવેઆ પછે ગએઆ શનીવારને દીને શવરગવાશી થએઓછે. મરનારને બાપીકો વારશો કાંઇ મોહટો નહીં મલેઓ હતો તોપણ તેણે મરતી વખતે મોટી દોલત ભેગી કરી હતી—કે જેહનો ફાએદો તે દર જોગવાઇએ ગરીબ ગુરબાંઓને આપતો હતો. એ મરનારને ધરમની તાશુબી વધારે હતી—તેથી તે જરૂર પડવે મોટા લોકોની ખોટી દેહેશત અથવા બરે મલેકોના કોપની નકામી ધાશતી, રાખેઆ વગર જેહવું જોતો તેહવું તેવોનાં મોહડાં ઉપર ખોલી રીતે કહી જણાવવાની હીમત બતાવતો હતો—તેજ પરમાંણે તે કેટલાએક

બેઅદબ અથોરનાનોને તેઓની ગેરશલુકાઇ વીશે દર તકે ઠપકો આપી શુધારતો હતો. મુશલમાનોના ફેશાદ વખત તેણે જે પોતાના હમજાતીઓ તરફ શારી શુચનાં બતલાવી હતી તે વીશે તવારીખમાં તેની નોંધ થઇછે—અને તેહાર પછેથી જરથોશતીઓ તેહને વધારે ચાહાવા લાગા હતા. તે કોઇ કોઇ વખતે ઠપકા લાએક દેખાવ દેતો હતો—તોપણ તે પુરાણા વિચારનો હોવાથી તે તેમ કરતો હતો એવું હમારે કેહવું જોઇએચ—તે કોઇના કેહવા કરતાં પોતાના અંતકરણનાં કેહવા પરમાણે ચાલતો હતો અને તેમ કરતાંમો તેહનેથી કાંઇ ચુક થાઇ હોએ તો તે વીશેનો તેહને ઠપકો ઘટતો નથી. તે એક દોશતીને લાએક, ઉદાર, અને દએઆલુ હતો, અને તેટલા માટે તેહનાં ૬૦ વરશની વએ ગુજરવા છતાં સરવે કોઇને મોટો શંતાપ પેદા થાએઓછે. મરનારની મુમબઇ અને મધરાજ ઇલાકામો જુદી જુદી પાંચ દુકાંનો હતી—તેહમાં એક મુમબઇ મધે, બીજી શેકંદરાબાદ મધે, તરીજી કાંમપટી મધે, ચોથી શાગર મધે, અને પાંચમી જબલપોર મધે. એ શઘલી દુકાંનો મલી શેંકડો માંણુશો તેહનાં હાથ હેઠલ નોકરી બજાવતાં હતાં, એટલુંજ નહીં પણ બીજા શેંકડો શખશો તેહની છુપી મદદથી પોતાનું ગુજરાંન ચલાવતાં હતાં, કે જેઓને મનથી એ મરનારનો ગંમ મનથી મેલાવો અને હઇડાંથી છોડવો મુશકેલ છે.

[મુંબઇના ચાબુક, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૬૧.]

23rd February.

Cursetjee Bomanjee Punthaky.—It is our painful duty to announce the death, of liver complaint, of Mr. Cursetjee Bomanjee Punthakee, a wealthy and respectable Parsee merchant of Bombay in the fifty fifth year of his age. The mournful event occurred on the forenoon of Saturday last. The deceased was a person of liberal and enterprizing spirit and of upright character. He always took a prominent part in all works which had, for their object, the good and welfare of the people. In him, his family have lost a kind parent; the Parsee community, a very useful member; the poor and the afflicted, a generous defender and benefactor. His loss will not be easily forgotten. Peace be to his manes!

[*Telegraph & Courier, 25th Feb.*1861.]

તા૦ ૧૩ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

દસતુર પેશોતનજી અસપંદીઆરજી કામદીનજી, ભરૂચના—જણાવવાને દલગીરી ઉપજેછે કે ભરૂચવાલા દશતુર પેશુતનજી અશપંદીઆરજી પોતાની ૭૪ વરશની વએમાં ચાલતા મહીનાની તારીખ ૧૩ મીને દીને ભરૂચ મધે શવરગવાશી થાએઆછે. એ મરહુમ દશતુરજીએ આપણી નાંમદાર શરકારનાં નીઆએ ખાતાંમાં મુનશફનો માંન ભરેલો ઓધો શારી હોશીઆરી અને ચાલાકીથી બજાવીઓ હતો, જે ઓધો પોતાની જઇફીને લીધે થોડાંએક વરશ થએઆં તેવણે છોડેઓછે તે વખતથી એ મરહુમ દશતુરજીને પેનશન મલતું આવીઉંછે. તાંહાંની પારશી પંનચાએતના વડા હદીકારી દાખેલ પણ તેવણે શારી રીતે કાંમ ચલાવીઉં હતું. મરનાર દશતુર ઘણા પરેહજગાર તથા દીનદાર હતા અને વલી તેવણનો શવભાવ નરમાશ તથા શલુકાઇ ભરેલો હોવાને લીધે તેવણના ગુજરવાથી ભરૂચની આખી પારશી વશતીમાં ઘણી દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી મારચ ૧૮૬૧.]

13th March.

Dastoor Peshotunjee Aspandiarjee Kamdinjee, of Broach.—By a Telegraphic Message dated the 13th instant, received yesterday forenoon, we are sorry to learn, that Dustoor Pes-

tonjee Uspandyarjee, the high Priest of the Parsee community of Broach, died at that place on Wednesday last. The deceased was in the seventy-sixth year of his age. He was a person of fervent piety, and was well versed in the religious lore of the Parsees. He was for many years a Munsiff in the Broach Collectorate, but old age and debility lately compelled him to retire from the busy scene of life. His death is deplored by the whole Parsee Community. Peace be to his manes.

[*Telegraph & Courier, 16th Mar.*1861.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૮ માહ ૭ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

મેહરવાંનજી ભીમજી ઉમરીગર—કાંનાનોરથી તારીખ ૧૨ મી એપરેલનો લખેલો એક પતર હમોને મલીઓછે. તેમાં તે તરફનો થોડોએક જાણુવાજોગ હેવાલ લખેલોછે. તેમાં જણાવેછે કે—

...... ગએઆં પખવાડીઆંની શરૂઆતમાં મને એક દુખભરેલી ફરજ બજાવવી પડી હતી. તે એ કે પારશી મેરવાંનજી ભીમજી ઉમરીગર જેવણ આએ જગોના અશલ મોટા વેપારી હતા પણ જમાંનાંની ગીરદેશથી જેવણનું આજ બે વરશ થાએઆં પડી ભાગાથી નાંચાર થાઇ અતરે રહેલા હતા તે તારીખ ૩૦ મી મારચની રાતે હક થાએઆ હતા. તેવણુની ચેઆર દીવશની શરવે કીરીઆ હમોને પોતાને કરવી પડી હતી. પેહલાં તો બે જણે મલી શચકેઆ હતા—તીઆર બાદ ગ્વારા ફરતી શરોશ તથા પેટેટ કરતી—તીઆર બાદ શહવારનાં ઘેહશારવાને શેવક તથા એક બીજો તઇઆર થાએઆ. શારે ચોઘડીએ હમારી પાશે તમામ અવશતાની ચોપડી હતી તેમાં જોઇ ઘેહ શારી હતી. તીઆર બાદ અવલમંજલ પોંહોચાડવાને અતરે એક નાંહાંની ટેકડી ઉપર એક હેલાએદી આપણા હમજાતની બનાવેલી ચોમેરથી ભરી લીધેલી જગા કરીછે તાંહાં ઘોહોડ ખોડાવી રાખેલી હતી. તાંહાં લેઇ જાઇ રવાંનને દફનાવીઉં હતું. એજ મીશાલે રાતની શરોશ પતેત વગેરે ઉઠમનાંની કીરીઆ તથા ચેહારમનું આફરગાંન, શેઆવ વગેરે હમોએ કીધું હતું.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી આપરેલ ૧૮૬૧.]

તા૦ ૧ લી આપરેલ.

રોજ ૧૦ માહ ૭ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

ડોશાભાઈ જમશેદજી વાડીઆ—જણાવવાને દલગીરી ઉપજેછે કે અતરેની મરકનટાઇલ બેંકના વડા શરાફ વાડીઆજી શેઠ ડોશાભાઇ જમશેદજી કેટલુંએક શુધી માંદગી ભોગવીઆ પછે ગએઆ શોમવારને દીને હક થાએઆછે. આએ મરનાર પુરશ ઘણા પરેહેજગાર હતા, અને જરતોશતી મજહબનાં ફરમાનોથી ઘણાખરા માહીતગાર હતા. તેવણે પોતાની શકતી પરમાંણે જંદ અને પેહલવી ભાશાનો અભીઆશ કીધો હતો. મરનાર વાડીઆજી ઘણા નમાના અને મીલનશાર, અને પોતાની શારી ચાલને માટે વખાંણ પાંમેલા હતા. જરતોશતી મજહબનાં ફરમાંણ પરમાંણે બંદગી કરવાનાં કાંમને તેઓ ઘણા ચાહતા હતા અને એક ખરા જરતોશતી દાખલની ફરજ બજાવવાને તેવણ હરગેજ ચુકતા નહી હતા. હેવા એક લાએકીવાલા અને ઇમાંનદાર પુરશનાં મરણથી હમોને દલગીરી ઉપજીછે, અને તેમજ તેવણના ઓલખવાલા લોકોમાં ખરેખરી દલગીરી ઉપજી હશે.

[જામે જમશેદ, તા૦ ૪ થી આપરેલ ૧૮૬૧.]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૭ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

હોરમજજી દાદાશાહ બેહરેમંદખાંન—હમારા શુરતના એક લખનારે મોકલેલો પતર હમો હેઠલ ટાંકીએચ—

તમોને જણાવવાને હમોને બેહદ શનતાપ ઉપજેચ જે આ શેહેરનો આગલો નાજર મી૦ હોરમશજી દારાશા શખત અને લાંમબી માંદગી ભોગવી આ ફાંની દુનીઆં કુછ કરી કાલ દીનેની શાંહાંજનાં આશરે પાંચને અમલે શવરગવાશી થયાછે? ઘણાં વરશ શુધી સરકારની નોકરી ઘણીજ નીમકહલાલી શાતે બજાવી હતી. અને તમોને હમોએ આશરે વરશ બેની અગાઉ એક શરકારી ઓવેદારની બદ નઇએતથી જે એ મરનારને દુખ ભોગવવું પડીઉં હતુ તે જણાવીઉં હતું. એ દાખલા શીવાએ એ નાજરની જીંદગીમાં હેવો બીજો કશો બનાવ નહી બનેઓ હતો જે જેથી—હેવા ખોટા થપકાને પણ આધીન થઓ હોએ—મરનાર ઘણોજ પાકીજગે અને પરેહજગાર હતો અને નજદીક પચીશ વરશની નોકરી ઘણીજ શચ્ચાઇભરેલી દેઆનતથી અદા કીધી હતી. મરનારને "રોહેરહુ બેહેશત હોજો."

[જામે જમશેદ, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૬૧.]

તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૭ માહ ૮ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

એદલજી દાદાભાઈ સુખીઆ—જણાવવાને હમોને દલગીરી લાગેચ કે આપણી ટાપુ માંહેલા લીલાંઉખાંનાંવાલા મીશીઅરશ બરાંઉન કલફની કંપનીનો ભાગીઓ શેઠ એદલજી દાદાભાઇ શુખીઆ ગોલાના મરજથી ગેઇ કાલ દીને એકાએક મરણ પાંમીઆછે. આએ મરનાર બોહલાં કુટુમબનો, મોટાં ખાંનદાનનો, નમનતાઇ અને શાલેશાહી તથા ભલમનશાઇ ભરેલો પુરશ હતો; માટે હેનાં મરણથી હેના ઘણા દોશતો તથા મોટા કબીલામાં અકશમાંત દુખ ઉપજીઉં હશે.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી આપરેલ ૧૮૬૧.]

28th April.

EDULJEE DADABHOY SOOKHIA.—We learn that in memory of the late Mr. Eduljee Dadabhoy, partner of Messrs. Brown, Claugh, & Co., who died last Sunday, a sum of Rs. 15,387 has been raised for various charitable purposes.

[*Bombay Gazette, 2nd May* 1861.]

તા૦ ૪ થી જુન.

રોજ ૧૪ માહ ૧૦ (ક૦) ૧૨૩૦ યજદજરદી.

ફરદુનજી હોરમજજી લશકરી—જણાવવાને દલગીરી ઉપજેછે કે પારશી ટોલામાં વખાણાએલા અને મુંબઇમાં શારં માંન પામેલા ઘરહશથ શેઠ ફરદુનજી હોરમજજી લશકરીએ ગેઇ પરમની રાતનાં આએ જેહાંન છોડી પેલી અમરગ જીહાંનમાં પોતાનો શદાનો વાશો કીધોછે. શવરગવાશી શેઠ ફરદુનજી અતેશારના ભુંડા મરજથી હેરાંન હતા અને ઘાટકી મોહોતને આધીન થાઇ તેવણે પોતાનાં બોહોલાં કુતુંબપરીવારને અને પોતાનાં બેહદ દોશતોને ઉદાશીમાં રાખીઆછે. શેઠ ફરદુનજી ૪૬ વરશની જુવાનીની વએમાં હતા અને તેટલી મુદતની પોતાની જીંદગાંનીમાં તેવણે શારી આબરૂ મેલવી હતી. શેઠ ફરદુનજી હવડેજ પોતાનાં લાએકીવાલા મીતર શર જમશેદજી જીજીભાઇ બારોનેટ શાથે ઇંગલંડ જાઇ આવીઆ હતા. તેવણ ઇઉરોપીઅનોમાં ઘણો શારો વગ ધરાવતા હતા. ઇનડોરનાં માહરાજાના તેવણ આડતીઆ હતા અને માહેલાં પરાંતોમાં શારી આબરૂથી તેવણ મુશાફરી કરી આવીઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૬ ઠી જુન ૧૮૬૧.]

4th June.

FURDOONJEE HORMASJEE LASCAREE. We regret to announce on the authority of a Telegram, the death yesterday from dysentery, of Mr. Furdoonjee Hormasjee, a well-known and highly popular citizen of Bombay. The lamented gentleman was foremost in every work of improvement, and his conduct gained him the respect and

friendship of many friends, both among the European and Native communities. Last year he accompanied Sir Jamsetjee Jejeebhoy, Bart. to England, and at this time a twelve month ago was in London. Mr. Furdoonjee Hormasjee was agent for the Maharajah of Indore, and many officers of high rank in both branches of the public service, and seldom has death caused a greater void in the mercantile world, as in social life, more to be regretted than that of the deceased gentleman.

[*Poona Observer*, 6th June 1861.]

તા૦ ૨૦ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

દસતુર મીનોચેહેરજી એદલજી જામાસપઆશાના—દશતુર મીનોચેરજી એદલજી જામાસપઆશાનાનાં મરણની દુખ ભરેલી નોધ હમોને આજ દને લેવાની ફરજ પડીછે. દશતુરજી શાહેબ એદલજી દારાબજી જામાશપઆશાનાને ગુજરવાને હજુર તો શાત માશ પુરા નહી થએઆ એટલામાં તેવણનો એકપુરો બેટો આએ જેહાંનથી અશબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં કુચ કરી ગએઓ. આએ દલગીરી ભરેલો બનાવ તેવણની પર વરશની ઉમરમાં તારીખ ૨૦ મી અકટોબર અને રવીવારની શાંહાંજનાં કલાક ૪ ને અમલે બનીઓ.

દશતુરજી શાહેબ મીનોચેહેરજીએ જંદ, પેહલવી અને ફારશી ભાશાનો શારો અભીઆશ કરીઓ હતો. જોકે તેવણને પોતાના એલમનું કવત બાહેર દેખાડવાને કાંઇ વધુ ટક મલી હતી નહી તોએ પણ કેટલીક વેલા જે ફતેહ તેવણે મેલવી હતી તે ઉપરથી તથા તેવણના દોશતઆશનાવોના બોલવા ઉપરથી માલમ પડેછે કે મરહુમ દશતુરજીએ એલમ પછવાડે ઘણીજ કોશેશ કરી હતી. દુરબીનનાં છાપખાંનાં મધેથી બાહેર પડેલી કેટલીએક અછી ચોપડીઓમાં એ દશતુરજીએ ઘણી વેલા મદદ કરી હતી. વલી ૧૮૫૩ ઇશવીનાં શાલમાં હાજી આબાદના ગોફાવાલી તખતી ઉકલાવવામાં બીજા શખશો કરતાં તેવણે શારી ફતેહ મેલવી હતી. ફારશી ભાશામાં એવણની માહીતગારી હતી એવું તેવણની બનાવેલી કવીતાઓ ઉપરથી માલમ પડેછે. નીતી શંબંધી બાબદો ઉપર બેતો રચવામાં તથા મોનાજાતો જોડવામાં તેવણની માહીતગારી આપણાથી છુપી નથી. એ વગરે કોઇ નામાંકીત ધરહશથની જીંદગાંનીનો હેવાલ એ મરહુમ દશતુરજીએ ફારશી ભાશામાં બેતરૂપી આકારમાં લખીઓછે જે હજુર જાહેરમાં આવીઓ નથી.

ધરમ શંબંધી ગનેઆંનમાં દશતુર મીનોચેહેરજી કાંઇ થોડી માહીતગારી ધરાવતા નહી હતા. હમારા જાણીઆમાં આવીઉંછે કે મરહુમ દશતુરજીએ જે વેલા પારશી ટોલામાં ધરમને લગતી એક અગતની બાબદ ઉપર ભારે જોશથી તકરાર ચાલી હતી તે વેલાએ એક મોતબર ગરંથ ઘણીએક રંજથી તે તકરારનો નીવેડો લાવવાને રચીઓ હતો, પણ કોઇ શબબને લીધે તે આજશુધી આલમથી છુપો પડી રહેઓછે. એ વગેરે કેટલાંએક ચોપાનીઆંઓ અને કવીતાઓ જીનતગુજીન દશતુરજીના હાથથી લખાએલીછે, તે આશા છે કે થોડા વખતમાં આલમના ઉપએઓગ માટે બાહેર પડશે.

જાહેરમાં વાઆજ કરવાને લગતી વાત નીકલીઆથી દશતુર મીનોચેહેરજીએ પારસીઓ ઇઆજદાંપરશત છે તે ઉપર એક મોતબર વાઆજ લખીછે, જે જેમ તેવણનું શઘલું ભંડોલ છુપું રહેઉં હતું તેમ આજ શુધી છુપીજ પડી રહીછે. એ વાઆજ ઘણા શખશોના જોએઆમાં આવીછે તેઓ તે વાઆજ ઉપરથી દશતુરજીના અભીઆશ માટે મોહટું મત આપેછે.

મરહુમ દશતુરજી જેવા એલમ હુનરમાં મોહટાઇ ધરાવતા હતા તેવીજ તેવણની ચાલચલણ, શવભાવ અને પહરેજગારી માટે

પણ મોહોટાઈ આપીઆ વીના ચાલતું નથી. આપણી ટાપુમાના જાણીતા હીંદુ ડાકટરે તેવણની શભીઆતા વીશે શાંભલીને એક વેલા મરહુમ દશતુરજીની મોલાકાત લીધી હતી. તે મોલાકાતમાં ઉપલા ડાકટરે દશતુરજીની કાબેલીઅત વીશે, તેવણે તે ડાકટરના હજુરમાં એક તખતી ઉકલાવીઆથી ઘણુંજ ઉંચું મત બાંધીઉં હતું, અને તે તે તખતી ઉપરના લેખની એક નકલ દશતુરજીને ઉકલાવવા માટે આપી હતી જે તેવણનાં એકાએકનાં મરણથી અધુરી પડીછે. દશતુરજી શવભાવે રાંક અને ચાલચલણમાં ઘણાજ મીલનશાર હતા. તેવણનાં મરણથી તેવણનાં બોહોલાં કુટુંબને તેમજ દોશતઆશનાવોને ભારે દલગીરી ઉતપન થાઇછે. તેવણના એલમ, શવભાવ અને પહરેજગારી માટે જરથોશતીઓનો જાણીતો ભાગ તેવણ તરફ ભારે માનથી નજર કરતો હતો. હેની શાબેતી તેવણની પાયદશ તથા ઉઠમણાંની વેલા મલેલી મીજલશ ઉપરથી મલી આવેછે. દશતુરજી મીનોચેહરજીનાં મરણથી અથોરનાંન ટોલામાં મોટી ખુટ પડેલી જણાએછે, અને જે પુરાવી હમોને મુશકેલ માલમ પડેછે. છેલાં હમો મરહુમ દશતુરજીના બેટા દશતુરજી જામાશપજીને ભલામણ કરીએછે કે તેવણે તેવણના પીતાની કેતાબો જાહેર પાડવાને વીલમ લગાડવો નહી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૧.]

20th October.

DASTUR MINOCHERJEE EDULJEE JAMASP ASSANA.—We have to record the death, on Sunday afternoon last, of Dustoor Menocherjee Eduljee, head priest of the Shensahee Parsees of Bombay. The deceased is said to have been an accomplished oriental scholar, having a knowledge of several eastern languages, including Sanscrit, Zend, and Pehlvee.

[*Times of India, 22nd October* 1861.]

તા૦ ૪ થી ડીજેમબર.

રોજ ૧૧ માહ ૪ (કo) ૧૨૩૧ યજદજરદી.

ખરશેદજી માણેકજી પારખ—જણાવવાને ઘણો શંતાપ ઉપજેછે કે અતરેનાં બુજરગ ઘરહશથ શેઠ ખરશેદજી માણેકજી પારખ ૮૧ વરશની વએ પુગા પછે ગઇ કાલે શહવારનાં આપણાં મરહુમ બેરોનેટનાં કોટ ખાતેના મેહેલવાલા મોહોલામાં આએ ફાંની જીહાંન છોડી શદાની શુખી જીહાંનમાં પોતાનો અશબાબ ઉઠાવી ગએઆછે. આએ લાએકીવાલા અને ઉંચી તાખમના ઘરહશથનું મરણ અચબુચ વગર શકતીએ નીપજીઉંછે અને એ રીત ગોએઆ તેવણની પરહેજગારી તથા લાએકીનો બદલો વાલવામાં આવીઓછે. પોતાના શરેશતા પરમાંણે ઘરનું કામકાજ કીધા બાદ તેવણને ઇશવરની પરારથણા કરતાં અચબુચી જુફણ આવી અને તેથી કરીને તેવણ નીચે પડીઆ જાંહાં તરતજ તેવણે પરાંણ મેલીઓ હતો. શેઠ ખરશેદજી પરેહજગાર, નમનતાઇ ભરેલા, લાએકીવાલા અને ઇમાંનદાર ઘરહશથ હતા તેથી જે મોહોટાં ખાંનદાનો શાથે તેવણને શગાઇ હતી તેઓને તથા તેઓના શગલા દોશતઆશનાવોને આએ માઠા બનાવથી ઘણી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી ડીજેમબર ૧૮૬૧.]

તા૦ ૨૪ મી ડીજેમબર.

રોજ ૨ માહ ૪ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

ખાંનબાહાદુર પેશતનજી શોહરાબજી, પુણાંવાલા—હમોને જણાવવાને દલગીરી ઉપજેછે કે દખણ પરાંતનાં જરતોસતીઓના વડા અને સરવેને જાંણીતા ખાંનબાહાદુર શેઠ પેશતનજી શોહોરાબજી કેટલાએક દાહાડા સુધી બીમારી ભોગવીને તા૦ ૨૪ મી ડીસેમબરને દીને મધરાતનાં ૭૧ વરશની વએમાં શ્રી પુણાં મધે શવરગવાશી થાએઆછે. જોકે આ ઘરહસથે એક ગરીબ માબાપને પેટે જનં લીધો હતો તથા પરથમમાં પોતાંની મ

ગરીબી હાલત હતી તોપણ એ મરહુમ શેઠે પોતાનાં ઉદીઓગ અને ચંચલાઇથી પોતાની તથા પોતાનાં કુટુંબની હાલતમાં ફેરફાર કરી નાખીને હાલ તેવણ પેહલા દરજાના એક ધરહસથ ગણાતા હતા. એ ધરહસથના બાપ ભરૂચના રેહનાર એક મોબેદ હતા તથા માએ શુરતની પાશેનાં અરાજંન ગામનાં હતાં. આ ધરહસથનો જનંમ સને ૧૭૯૦ માં શુરતની પાશેનાં અરાજંન ગાંમમાં થાએઓ હતો. શેઠ પેશતનજીના બાપ તેવણને બચપણમાં મેલીને મરણ પાંમીઆથી તેવણે પોતાની મા શાથે પચાશ વરશની ઉમર શુધી શુરત શેહરનાં નાનપરામાં વખત ગુજારીઓ હતો અને તાર પછે કોઇ જોગવાઇથી મુંબઇ આવવાને બનીઉં. મુંબઇથી સને ૧૮૧૪ માં દખણ તરફ ગએઆ. તાંહાં ઘોર નદીમાં એક ઇઉરોપીઆંનની દુકાંનમાં રહી "શાપકીપર" ની માહીતગારી મેલવી. તે પછે પુણે આવીને પોતે ઇંગરેજી શામાંનની એક દુકાન ઉંઘાડી. એ અરસામાં તેવણે સરકારનાં જુદાં જુદાં કંટરાકટો લેવા માંડીઆં, અને ઘણું કરીને તે દરએકમાં ફતેહ મેલવતા ગીઆ. સને ૧૮૩૬ માં ઓરંગાબાદનું અને તે પછે છેક નાગપોર શુધીનું ડાકનું કટરાકટ લીધું. શને ૧૮૪૨ માં મુંબઇ અને પુણાનું કટરાકટ લઇ પોતાંનો રોજગાર અતી બોહોલો કરી મુકીઓ, અને તાર પછેથી તેવણ શરકારનાં એક વીશવાશુ અને અગતનાં કંટરાકટર થાઇ પડીઆ હતા. કાબુલ અને પંજાબની લડાઇઓની વખતે શેઠ પેશતનજીએ પોતાનાં ટપાલની મદદથી શરકારને ધારવા કરતાં ઘણી જડપથી ડાકો પોંચતા કીધા હતા અને તેમ કરવાથી પોતાને પદરથી કેટલોએક મોટો ખરચ કરવો પડીઓ હતો જેથી વારેવાર નામદાર શરકારે એવણને શાબાશીઓ આપી હતી, અને છેહલે હીંદુસથાંનનાં બલવાની વખતે આપણી શરકારને પોશટ ખાતાંમાં કીમતી મદદો કીધાથી નામદાર ગવરનર જનરલે એવણને અને એવણની પછી એવણના વારેસ કીવાલા અને ચંચલ પુતર શેઠ પદમજીને ખાંનબાહાદુરનો ખેતાબ એક શુનાંનાં ચાંન સાથે ભેટ કીધો હતો, અને તે ઉપરાંત નાણાંની એક મોટી રકમ પણ આપી હતી. ઉપલા ખેતાબની શાથે નામદાર ગવરનર જનરલે નીચે જણાવેલી મતલબનું એક પતર શેઠ પેશતનજીને મોકલીઉં હતું.

"બુલંદ તથા બુજોરગ
શરકાર અંગરેજ બાહાદુર
હીંદુશથાંનના મુલકોનો કારો
બાર સઘલી રીતે ચલાવનાર
કુલ મુખતીઆરની મોહોર
સને ૧૮૩૧ ઇશવી.
(શાહી) કેનીંગ."

"નવાબ મુસતતાબે મોઅલલા અલકાબ વાઇસરાએ ગવરનર જનરલ બાહાદુર દામ એકબાલ હુ સાહેબે શ્રી મુમબઇની શરકારની કરેલી ભલાંમણ ઉપરથી "ખાંની વ બાહાદુરી" ના ખેતાબની આએ શનદ પેશતનજી શોરાબજી અને તેવણનાં ફરજંદ પદમજી પેશતનજી કે જેઓ ફેશાદ તથા બલવાના અઇઆંમમાં પોતાની વફાદારી તથા નેક એતેકાદી જાહેરમાં લાવેઆ તેથી કરીને આએ શરકાર તેવણ ઉપર ભારે ખુશી તથા રાજી થાઇછે અને તે ખુશાલી તથા રજામનદીની ઇધાંણી દાખલ "ખાંની વ બાહાદુરી" નો ખેતાબ એવણને તથા એવણની કજા બાદ એવણનાં ફરજંદે મજકુર પદમજી પેશતનજીને એનાઅત કરેઓ તથા બખશેઓછે તે વીશેની આએ શનદ આપીછે. હવે શક નથી કે હાવો બુજોરગી તથા માંનભરેલો ખેતાબ મલેઆથી આએ આશમાંનના દબદબાવાલી શરકારની નેક ખાહી તથા વફાદારીમો આગલના કરતાં વધારો કરવા વનાં એવણ રેહશે નહી અને આએ શનદ ધરાવીઆથી પોતાના હમશરીકો તથા દોસતઆશનાઓમાં માંન તથા બુજોરગી અખતેઆર કરેલી કેહેવાશે. તારીખ ૨૯ મી મેએ શને ૧૮૬૦ ઇશવી."

"ગવરનર જનરલ શાહેબના નાએબે
મીર મુનશીની મોહોર છે."

મરહુમ ખાંનબાહાદુર શેઠ પેશતનજીએ પોતાની જીંદગી ઘણું કરીને શુખ તથા એશઆરાંમમાં ગુજારી હતી અને તેથી તેવણે અતીશે મીતરો મેલવીઆ હતા—એ ઘરહસથમાં સઉથી વખાંણવાજોગ ગુણ એ હતા કે તેવણ પોતાનાં ગરીબ વખતનાં દોશતો તથા એશોને ભુલી નહી ગએઆ હતા, પણ તેઓને બનતી મદદ કરતા તથા માંન આપતા હતા તે સાથે તેવણ દોલત અને મરતબો મેલવીઆથી કશી મગરૂરી જણાવતા નહી હતા, પણ વારેવાર પોતાની આગલી ગરીબી હાલત ઇઆદ કરી પોતાનાં દોશતોને કહી શંભલાવતા હતા, અને પોતાના કરતાં ઉતરતા દરજાનાં માણસો સાથે ગમત કરવાને હલકું નહી શમજતા હતા. પરદેશી જાતભાઇઓની મોદારા અને મદારત કરવામાં તથા તેમને માંન આપવામાં શેઠ પેશતનજી શઘલી જગાએ પરખીઆત થાએલાછે. પુણે ગીએલો કોઇબી જરતોશતી હેવો નહી હશે કે જે પુણામાં એ ઘરહસથની "ટેબલ" ઉપર બીરાજીઓ નહી હોએ. શખાવત કરવામાં એવણનો હાથ ઘણો છુટો અને ખરચ ઘણો બોહોલો હતો.

શેઠ પેશતનજીએ પોતાની જીંદગીમાં આશરે ૨૬૪૦૦૦) નો જાહેર ધરમ કીધેલોછે. તેમાં ૩૯૦૦૦) રૂપીઆ પારસી અનજુમનને શવાધીન કરી કેટલાંએક ધરમનાં કામો ચાલુ કરાવીઆં હતાં, તથા ૨૨૦૦૦૦) ખરચ કરી પુણાં તથા નગર અને અરાજંન ગામમાં ધરમશરાઓ બનાવી તથા પુણાંનાં દોખમાંને ફરતી દેવાલ કરાવી તથા બીજાં ફંડોમાં આપેઆ હતા, તથા ૨૪૫૦૦) પુણાંનું ધરમનું દવાખાંનું ચાલુ કરવામાં ઉમેરીઆ હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૯ મી ડીશેમબર ૧૮૬૧.]

24th December.

Khan Bahadore Pestonjee Soraljee of Poona.—We deeply regret to announce the death, at his residence in Bhawanie Peit, of Khan Bahadoor Pestonjee Sorabjee, which melancholy event occurred at 12 o'clock on the night of Tuesday last, the 24th instant, after a lingering illness of several months duration. It will be in the recollection of our readers that this gentleman received for his extraordinary exertions as contractor for the conveyance of Her Majesty's Mails during the eventful period of the Indian Mutinies, the honorary title of Khan Bahadoor (which descends to his son Mr. Puddumjee Pestonjee), a gold medal, and a handsome gratuity in money. The death of this distinguished Parsee gentleman will be mourned as that of a public benefactor by the community to which he belonged.

Khan Bahadoor Pestonjee Sorabjee was well known for his extensive charities and the generosity of his disposition; and when some time ago a testimonial was voted to him by his countrymen in Poona, Bombay, and at up-country stations on the occasion of his being decorated by the Governor General for his services and honored with the title of "Khan Bahadoor" he particularly requested that the money so subscribed should be laid out in establishing a dispensary for the benefit of the sick poor of this station.

The remains of the deceased gentleman were followed to the Tower of Silence by every Parsee in Poona.

[*Deccan Herald, 27th Dec.* 1861.]

A Poona Observer Extra says:—

"We regret to announce the death at 12 o'clock on the night of the 24th instant of Khan Bahadoor Pestonjee Sorabjee. This lamented gentleman earned the high honor of a title, a medal, and a handsome gratuity from the British Government as a

reward for his indefatigable exertions in the conveyance of mails during the perilous time of the mutiny. The charity and generosity of the deceased were proverbial, his hand and heart were equally open, and we issue this supplement as a testimony of respect to the memory of a loyal servant of the British Crown Mr. Puddumjee Pestonjee, the eldest son of the deceased succeeds to his father's title of Khan Bahadoor."

ઈ૦ સ૦ ૧૮૬૨.

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

ધનજીભાઈ ફરાંમજી બાટલીવાલા—વલી એક માનવંતા પારશી ધરહશથનું મરણ નોધવાની દુખભરેલી ફરજ હમારે શર આવી પડીછે જે બજાવતાં કાંઇ થોડી ઉદાશી ઉતપંન થાતી નથી. શેઠ ધનજીભાઇ ફરાંમજી બાટલીવાલા ૬૩ વરશની બુજરગીભરેલી ઉમરે પોંહોંચીઆ પછે ગઇ પરમ દીને રાતનાં ૯ કલાકને અમલે કોટેકોટ આગલનાં પોતાનાં મકાંનમાં આએ ફાંની જીહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી શદાની શુખવાશી જીહાંન તરફ પધારીઆછે. જેથી તેવણના બોહોલા કબીલા અને શેઆંણી ખાશ વ આંમને ઉપજતી દલગીરી જલદીથી વીશરાઇ શકાશે નહીં. ધરમ ઉપરના પોતાના ચાહાને લીધે જેવી પાકીજગી અને પરહેજગારી, જેવી એબાદત અને શવાબમાં એ બુજરગ શેઠીઆએ પોતાની જીંદગાંનીનો પાછલો ફુરશતનો વખત ગુજારીઓ હતો તેવીજ શંતોશકારક રીતે ઇશવરે તેવણને પોતાની દરગાહમાં બોલાવી લીધાછે ઇઆને કશી શુશતી અથવા પીડાકારી ભોગવવા વગર અચબુચા અને પોતાનાં વાહાલાં એશીઓની વચે તેવણે પરાંણુ મેલીઓ હતો એ જેમ તેવણના ગમ કરતાં કબીલાને એક હાત ઉપર અફશોશ ઉપજાવા શરીખી તેમજ બીજા હાથ ઉપરે તેઓને દેલાશો દેનારી બીનાં છે. આપણા મરહુમ બેરોનેટની વીધવા બાનું લેડી આવાંબાઇનાં ભાઇ તરીકે મરનાર ધરહશથે શારૂં માંન મેલવીઉં હતું અને પોતાનાં એકમારગી તથા એખલાશપણાંથી અને ગરીબોને ખાંનગી રીતે મદદ આપવાનાં ગુણથી ધણાંઓમાં તેવણ નહી ભુલાએ હેવી ઇઆદગારી રાખી ગએઆછે.

[જામે જમશેદ, તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૬૨.]

તા૦ ૧૭ મી ફેબરવારી.

રોજ ૨૭ માહ ૫ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

ફરાંમજી નવરોજજી ઢાંડી—હમોને જણાવવાને બેહદ દલગીરી અને ભારે શંતાપ લાગેચ કે આપણી અંગરેજ બજારનાં નામીચા વેપારી શેઠ ફરાંમજી નવરોજજી ધોંડી ગઇ કાલ દીને નજલાનાં મરજથી અચબુચ મરણ પામેઆછે. આએ મરનારનાં શારા અને અપખશપાત ગુણોને લીધે તેહનાં બેહદ મીતરોને આએ બનાવથી મોહટી દલગીરી ઉતપંત થાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૬૨.]

તા૦ ૧૨ મી મારચ.

રોજ ૨૦ માહ ૬ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

એરચશાહ નશરવાંનજી વકીલ—શુરતવાલા નશરવાંનજી પેશતનજી વકીલના છોકરા ભાઇ એરચશાહ અતરે એક દીવશની માંદગી ભોગવેઆ પછે ગએઆ મંગલવારને દીને અતરેથી શુરત જાવા માટે ઇશટીમર વીકટોરીઆમાં શવાર થાએઆ હતા તેઓ ગેઇ પરમ દીને શહવારે દશ કલાકે એ ઇશટીમર મધેજ મરણ પામીઆછે, અને તેઓની લાશ શુરત ખાતે લેઇ જાઇને ઠેકાંણે પાંડીછે.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી મારચ ૧૮૬૨.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

એદલજી બરજોરજી ચીનાઈ—વેરાવલથી તારીખ ૧૬ મી એપરેલ ૧૮૬૨ ને દીને લખેલો એક મીતરનો પતર હમોને મલીઓછે. એ પતર ઉપરથી જોવામાં આવેચ કે ચાલતા મહીનાની તારીખ ૧૨ માને દીને મુંબઇથી ઉપડેલી ઇશટીમર ફલાકશમાં એક દલગીરીભરેલું મરણ થાએઉંછે એ ઇશટીમરમાં અતરેનો બારીશટર અને ગેઝેટ છાપખાંનાંનો માલેક મી૦ કાનન, ગેઝેટનો શબ એડીટર મી૦ એદલજી રૂશતમજી તથા ભાઇ એદલજી બરજોરજી ચીનાઇ અને બીજાં માણસો ચહડેલાં હતાં. તા૦ ૧૫ મીની શકુવારનાં ઊલા ઉતારૂઓ મધેના ભાઇ એદલજી બરજોરજી ચીનાઇને ઘણી ફેર આવવા લાગી અને અતીઘણું વામીટ કીધું. એ પછે તેઓનાં પેટ છુટી ગએઆં, અને ઘણી નબલાઇ પેદા થાઇ. એ પારશીની જેટલી બની તેટલી માવજત કપતાંને તથા બીજા ઉતારૂઓએ કીધી હતી, તે શાથે આએ ઘરહશથની ઘણીઆંણી બાઇ માણેકબાઇ તે શેઠ બેહરાંમજી નશરવાંનજી દાંતરાની દીકરીએ પણ શારી માવજત કીધી હતી; પણ તે શઘલા ઇલાજ ફોકટ ગએઆ, અને એ કમતાલેનો પારશી તેજ દીને આશરે ૪। કલાકને અમલે હક થાએઓ: આએ બનાવથી ઇશટીમર ઉપર શરવેને મોટી દલગીરી પેદા થાઇ હતી, અને અંતે શાંહજનાં તેની બને એટલી કીરીઆ કીધા પછે તેહને શમુદર મધે ઠેકાંણે પાડેઓ હતો. મરનાર ઘણો મીલનશાર, અને મેહનતુ તથા કાઠીઆવાડના કારોબારથી શગલી પાંતીએ વાકેફકાર હતો. તે જુનાઘડના નવાબની તરફથી કાંઇ કાંમશર મુંબઇ આવીઓ હતો, અને પાછું ફરતાં તેહને શમુદરવાટો કરવો પડેઓછે. એ બનાવથી ઇશટીમર મધેનાં દરએક માંણશને દુખ ઉપજીઉં હતું, પણ મરણ આગલ કોઇનુ કાંઇ ચાલીઉં નહી હતું.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી આપરેલ ૧૮૬૨.]

15th April.

EDULJEE BURJORJEE CHINOY.—We regret to learn that Mr. Eduljee Burjorjee Chinoy, Agent of the Nawab of Joonagur and of other Kattyawar Chiefs, died of cholera on the 15th instant, on board the steamer *Phlox*, on his way from Surat to Belawur.

[*Bombay Gazette, 18th April* 1862.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૩ માહ ૧૦ (ક૦) ૧૨૩૧ યજદજરદી.

મીઠીબાઈ તે શેહરાબજી જાંગીરજી દાદીશેઠનાં ધણીઆંની—દેશી અશતરીઓનાં મરણની નોધ કોઇજવાર લેવામાં આવેછે, અને જે વેલાએ તેહવુ કરવાની ફરજ પડેછે તારે તેહવો ચાલુ શરેશતો નહી હોવાથી ઓચંબામાં પડવું પડેછે. મોહોટી દલગીરી શાથે આજે હમુને એક શદગુણી અને ભલી અશતરીનાં મરણની નોધ લેવી પડેછે. બાઈ માકીબાઇ તે મરનાર આગલા નામીચા શેઠીઆ કેખશરૂ રેહીમનીની છોકરી તથા દાદીશેઠની ઓતમ ઓલાદના શેઠ શેહરાબજી જાંગીરજી શેઠની ધણીઆંણી કેટલાએક માશના લખવાના મરજથી હેરાંન થાઇને ગએઆ શનીવારને દીને હક થાએઆંછે. દેશી અશતરીઓને ઘટતી છુટ નહી મલવાથી તેઓની કોઈબી રીતેની ખુબી જાહેર થાતી નથી અને તેજ પરમાંણે આએ બાઇના શંઘલા ભલા ગુણો ધકાઇ રહેલા હતા. પોતાના વડાવાઓની અને બીજા લાગતાવલગતા અશીઓની જાહોજલાલી કમી થાએઆ છતાં આએ બાઇની શખાવત કરવાની ખુબી ઘણીજ ઉપીઓગી રીતે વાપડવામાં આવી હતી. પારશી અશતરીઓમાં ઉંડા વીચાર, શંતોશ અને દાહાપણવાલી તેમજ કેલવણી પાંમેલી-અશતરીઓનો એક અશો ચીતાર આએ મરનારમાં હતો.

આએ મરનારની હઇઆતીમાં ગએઆં ચાર વરશની વાત ઉપર એક બનાવ ઘણોજ અશરતી ભરેલો બનેઓ હતો. આએ વેલાએ

એ બાઇ કેટલાએક માશ વેર ઘણી બેહાલ પડી હતી અને તેઓને જલંદર થાએલોછે હેવા વીચારથી તેણીની આશા છોડીને મરણની કીરીઆની તઇઆરી કરી હતી. પણ ખોદાનો ખેલ નેઆરોજ છે. એ બોહોલાં કુટુંબના એક વાહલાં પરાંણીની અંતની ઘડી નજદીક આવેલી શંમજી શંઘલાંએ મોહોટી ગમગીનીમાં ભેગા થાએઆ હતા, તેહવામાં એક બનાવ ખુદરતે હેવો બતાવી આપેઓ જે રડન કરનારાઓ હશતે મોહોડે અને અચરતી શાથે પાછા ફરેઆ. તે એમ જે શપનામાં પણ ધારવામાં નહી આવે હેવી આએ બાઇને પેટે એક શુંદર પુતરીએ જનમ લીધો. હાલ આ બાઇની આ કજાને લીધે રેડીમનનાં, દાદીશેઠનાં, શુનાંબાઇનાં તથા બનાજીનાં બોહોલાં કુટુંબમાં મોહોટી ગમગીનીએ પગપેશારો કરેઓછે તે એકાએક વીશરાવો મુશકેલ છે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૬ મી મેએ ૧૮૬૨.]

તા૦ ૩ જી જુલાઇ.

રોજ ૧૩ માહ ૧૦ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

બહમનજી હોરમજજી વાડીઆ—વલી ચંદાલ મોહોતનો જમ માનવંતા પારસી ટોલાનાં લાએકીવાલા અકાબરો મધેનાં એક દીપતાં ગવાહેરને ઘશડી ગીઓછે અને એ રીતે તમાંમ ટોલાનાં શું બુજરગ કે જવાંન આદમીઓનાં દીલને ગમખારીમાં નાંખેઆંછે. જણાવવાને મોહોટો ગમ પેદા થાએછે કે આગલી પારશી પનચાએતના અકાબર, પરોપરાએતરી ઇશકુલના વાઇશ પરેશીડેનટ, મુંબઇ આશોશીએશનના મુખીઅ મીજલશી, જરતોશતીઓની ધારા બાંધનારી શભાનાં મેહેનતુ કારોબારી અને બીજી જાહેર મંડલીઓના આગેવાંન, એકવારના પારશી નેઆએશીશ, બીજીવારનાં શેરીફ, વેપારી, ગરીબોના મુરબી અને ટુકમાં બોલીએ તો લોકોનાં "બમનજી બાવા" વાડીઆજી શાહેબ શેઠ બમનજી હોરમજજી અઇ પરમ દીને ઇઆને રોજ ૨૩ મો માહ ૧૦ મો શેહેનશાહી શને ૧૨૩૧ ની મોડી રાતનાં ૩ કલાકને આમલે આએ ફાંની જીહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી તે બીનોઇ જીહાંનમાં કુચ કરી ગીઆછે. આએ માંન પામેલા શેઠીઆ ઉપર મોહોતે ૫૫ વરશની ઉમરનાં ભરજવાંનીના વખતમાં તરાપ મારીછે અને તેથી કરીને કેટલાએક દીવશ શુધી પીડાકારી ભોગવીઆ પછે ઉપલી રાતનાં પોતાનાં શરવે શગાંવાહલાં અને દોશતઆશનાઓને ગમમાં નાખીને શદાનાં શવરગમાં રવાંને થાએઆછે. આએ મરણથી પારશી ટોલાને ભારે દલગીરી પેદા થાઇછે કાંએકે એથી એ નાહનાં ટોલાએ પોતાનાં એક હાથને ગોએઆ બોહેઓછે.

હાવાં મરતીઉકને વખતે જાહેર લખનારને માથે આવી પડતી ફરજો બજાવતાં તેને શઉથી મોહોતા ગમનો બોજો ઉંચકી રાખવો પડેછે અને તેવા બોજા તલે આ વખતે કલમ કચરાતી ચાલેછે. એજ મીશાલેનાં ગમે શરવેનાં જીગરમાં ઘેર કીધુંછે કેમકે જે માંનવંતા પુરશને માટે તેઓ હાલ શોગ કરેછે તે પુરશે તેઓ શરવેમાં હેવું માંન, ઇજત અને પીઆર મેલવીઓ હતો—કે જેવું પરીનાંમ ઘણાજ શારા શવભાવ તથા નેક અને દીપી નીકલતા ગુણો શીવાએ આએ દુનીઆંમાં મેલવવું મુશકેલ છે, અને તેવી મધુર લપટનો આએ હવડેજ દુર થાએલા તુરામાં કાંઇ તોટો નહી હતો. ઉચી તાખમ અને માતબર તથા લાંબી મુદતનાં માંન પામેલાં ખાંનદાંનથી જેને એક મોહોતાં અને કીમતી બકતીનાં મકાંનથી પુરતી જેબ મલેછે તે ખાંનદાંનથી જનમ પાંમીઆથી જેવી હોરમત અને માંન મરહુમ વાડીઆજી શાહેબને ગોએઆ હોવે ઉતરાઉ હતું તેમાં વધારો કરી દુનીઆંમાં નેક કાંમોથી નાંમ મેલવવાંનો શઉથી મોહોતો અને મોતેબર લાભ પુરો પાડવાને જોઇતા ગુણોનો શીણગાર તેવણમાં હતો, અને તેથી તેવણે પોતાની જીંદગી ખરેખરાં શુખ, ચેન, બાકીજબી અને ઇજતમાં ગુજારી હતી. ધીરા શવભાવ, ઠંડા મીજાજ, દુલશો અને શખી જીવ, કશાએલું અને કાબેલ બન, ઇમાંનદારી અને

ચોખી દેઆનત, દીન અને ધરમની ઉપર ચાહા, ટોલાનું દરદ, જાહેર કામોની આગેવાંની, એકમારગી અને એકાંત જીંદગી, એ શરવે ગુણોથી વાડીઆજી શેઠ બમનજી પોતાની તોખમ, ખુનીઆદ, અને ખાંનદાનનું નામ આગલ વધારી ગીઆછે. પોતાનાં પીતાનાં મરણને વખતે તેવણ માંતર ૨૫ વરશની જુવાંન ઉમર છતાં ઉપલી પવીતર દરગાહનાં કાંમને ઉઠાવી લેઇને કીરતીમાં હુમેરો કીધોછે કે જે કીરતી વંઉશપરંમપરા કાએમ રેહે હેવી હમારી પરારથના છે.

પારશી ટોલાને ખરેખર માઠાં ભાએગનો ગણવો જોઇએ. જીનતગુજીન શર જમશેદજી શરખા માહા પુરૂશનાં મરણ પછે ટુક મુદતમાં આવા નબીરાઓ એ ટોલાની દોશતીને તજી જાએ, એ કાંઇ થોડો ટોટો નથી, અને તબી વલી હેવા વખતમાં કે જારે તેવા શખી તબેહના નરોની હાજરી વધારે કાંમની છે, જારે તેવા નેકોની મેહેનતની વધારે ગરજ છે. આગલ જારે પારસીઓમાં ધરમ દીન ઉપર વધારે ધેઆંન હતું—જારે શલેશાઇ, નમનતાઇ અને એકદીલી વધારે હતી—જારે મીજાજ, ટકોખરી, કુશપી નાબુદ હતી—તારે ઉપલા નામવર શેઠીઆઓએ કરેલાં ગુણવાંન કામ ઇઆદ રહેલાછે. તેઓનો તરાશ, તેઓની ગોઠવણ, તેઓની ધાક વીશે હાલ શારૂં બોલાએછે અને જારેબી કાંઇ મોહોટાં કામની અગત પડેછે તારે તે માંનવંતા શેઠીઆઓને શરવે કોઇ ઇઆદ કરેછે. તેઓ પારશી ટોલાને માંથેથી પેદરપે ચાલી ગીઆછે, ગોએઆ બાલક શરીખી હાલતમાં ટોલાને મેલી ગીઆછે, કે જેથી એ એકવાર કીરતી પાંમેલી કોમ જાંણે આશરા વગરની થાઇ પડી હોએ તેમ દીશેછે. તેવા જુંના શેઠીઆઓમાંના એક વાડીઆજી શેઠ બમનજી હતા, જેવણથી ટોલાને શોભા હતી, જેવણે જડજ અને શેરીફના હોધા ચલાવીને પારશીઓની આબરૂ વધારી હતી, પણ અફશોશ અજલે તેવણને બી બોલાવીઆછે, અને હવે આગલા બુજરગ પીતાઓની જગા ખાલી થાતી ગેઇછે. ઘણાં કામો પારશીઓમાં પડતાં રહેઆછે, જે જો તેઓ હઇઆત હતે તો નાખી મેલવાનું તેઓનું દીલજ ચાલતે નહીં. માંઠા ભાએગ, કે તેઓ જમાંનાના દોર પરમાંણે ઉઠી ગીઆ અને પોતાની શાથે પોતાની જાહેર હીમત અને પરોપકારીપણાંને પેલી જીહાંનમાં લેતા ગીઆ, કે જાંહાં તેઓ પોતાના પેદા કરનારની ખીજમતમાં એકઠા મલશે અને પોતાનાં નેક કાંમોનાં શુંદર ફલ જીનતનાં બાગમાં ચાખશે, તથા તાંહાંબી પોતાનાં ફરજંદો અને ભાઇબંધોમાં પોતા શરખા ગુણોનો શાહેઓ ઉતરેલો જોવાની ઉમેદ રાખશે હેવું જોવાથી આપણને દીલાશો આવેછે.

વાડીઆજી શેઠ બમનજીનાં મરણના શોગમાં ગઇ કાલ દીને શર જમશેદજીવાલી તથા પરોપરાએટરી અને બીજી નીશાલો બંધ હતી તથા શગલા પારશી દુકાંનદારોએ પણ પોતાનાં કામકાજ બધ રાખીઆં હતાં. એટલુંજ નહી પણ ગોદી વીગરે બીજાં કેટલાંએક ખાતાંઓનું કાંમકાજ બંધ પડીઉં હતું.

[જામે જમશેદ, તા૦ ૫ મી જુલાઇ ૧૮૯૨.]

4th July.

Bomanjee Hormasjee Wadia.—We regret to announce the death of Mr. Bomanjee Hormusjee Wadia, which took place yesterday at his residence at Parell.

The deceased was the last surviving member of the old Parsee Punchayet, and was highly respected by his community for his uprightness and public spirit. He was one of the first native gentlemen who were invested with the Commission of the Peace, and Government subsequently marked their appreciation of his worth by appointing him to the Court of Requests, and later on, to the Shrievalty of Bombay. The

deceased was also connected with the Bombay Association, the Parsee Law Committee, and several other public bodies, and their labors were not a little advantaged by his sound common sense and wide and varied experience. These services were rendered not amidst the calm retirement from active life, but in the midst of business avocations of an extensive nature;—Mr. Bomanjee having been the head of the well known mercantile firm of Messrs. B. & A Hormusjee As a token of respect to the memory of the deceased, most of the shops and mercantile establishments in the native part of the Town were closed yesterday, and we doubt not that such routine marks of respect will be followed up by the Parsee community with some substantial memorial to perpetuate the name of one who is entitled to their warmest gratitude by his life long labors for the good of his fellow religionists.

[*Bombay Gazette. 5th July* 1862.]

તા૦ ૨૪ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૩૧ યજદજરદી.

રતનબાઈ તે કાવશજી જાંગીરજી રેડીમનીનાં ધણીઆંની—હમો મોટાં દુખ શાથે જાહેર કરીએચ કે આ ટાપુમાં માંન પામેલા શેઠ કાવશજી જેહાંગીરજી રેડીમનીની નેક ધરીઆંણી શેઠાંણી રતનબાઇ ગએઆ રવીવારના પાછલા પોહોરને અમલે પોતાના ભાઇ શેઠ નાનાભાઇ જમશેદજી શપલાનાં ઘરમાં શુવરગવાશ થાએઆંછે. દેશી શેઠાંણીઓનો મોટો ભાગ પોતાની જીંદેગાંની હેવી પરકારે ગુજારેછે કે જેઓનાં મરણની નોધ કરતી વખતે તેણીઓના જનમારાને લગતાં બઆંનમાં પોણીતરણ શતરો બખાએ એટલી પણ બાબદો મલી આવતી નથી—તોપણ આ નેકબખત બાનુંમાં નેક ખશલતો, ઉદારતા, અને દએઆલુપણું હતું એટલામાટે તેહનાં મરણની નોધ કરતાં હમોને કાંઇ થોડી દલગીરી પેદા થાતી નથી. એ શેઠાંણી ૫૨) વરશની વએ ગુજરેલાં કેહેવાએછે—અને તેવણે કોઇ બાલકને જનમ આપેલો કેહેવાતો નથી—તોપણ જમશેદજી શપલાનાં કુટંબમાં તેવણ શરવથી વધારે શારી ખશલતનાં હતાં હેમાં કાંઇ શક નથી. મરનારની લાશને ગઇ પરમ દીને મોટા દબદબા શાથે અવલમંજલ પોહોચાડવામો આવી હતી તે વખતે હજારો રૂપીઆની દખશણાં વેંહેચવામાં આવી હતી.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૨૭ મી આગશટ ૧૮૬૨.]

તા૦ ૩૦ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

શોરાબજી દાદાભાઈ સંતોક—જણાવવાને દલગીરી ઉપજેછે કે ગએઆ મંગલવારને (ઇઆને શેહેનશાહી જરતોશતીઓના અમરદાદશાલને) દીને શેઠ શોરાબજી દાદાભાઇ શતોક પોતાની ૬૦ માં વરશની ઉમરમાં આએ જીહાંનથી અશબાબ ઉઠાવી કુચ કરી ગીઆછે. દુનીઆંના બીજા મોહોટા માણશોની મીશાલે આએ ઘરહશથની જીંદગી કાંઇ ઘણા જાણીતા જાહેર બનાવોથી ઇઆ નોધી રાખવાજોગ નોધોથી ભરેલી નથી. તોએપણ આપણ જાંણીએચ કે માંણશ જાહેરમાં નહી આવવા છતાંબી પોતાની શંધી ફરજો બજાવી શકેછે અથવા પોતાને અને પોતાનાં ભાઇબંધોને કાંમે લાગવાની જે નેમ ઇશવરે શરજી છે તે પાર પાડી શકેછે. તેવા પુરૂશોમાં મરનાર શેઠ શોરાબજી દાદીશંતોક ગણાએછે. પારશી ટોલાંના એક વગવાલા શેઠીઆ, અને થોડાના મોહોટા વેપારીમાં પોતાની ઇમાનદારીથી ઇઉરોપીઅન પરજામાં શારો વગ ધરાવનારા એક ઘરહશથ તરીકે, તથા વલી ઘોભીતલાવ ઉપરના (ચાબુક કેહેછે તેમ) એક "જમીનદાર" તરીકે, જંણાએલા હોવા છતાં કોઇબી રીતની ગરૂરી, મોહોટાઇ અથવા મીજાજ તેવણમાં નહી હતો અને

ગમે હેવી પુંજી છતાંખી તેવણુ ગરીબ મીતરોની મંડલી શાથે કેવા પરોટાઇ રહેલા હતા, અને ગરીબ માંણુશોને તેવણુથી કેવી મદદ હતી તેટલુંજ તેવણુની અશીનાઇ દેખાડવાને બશ છે. તેવા એક નરનાં મરણુથી તેવણુનાં કબીલા, દોશતો અને આશરે પડેલાઓને નહી બુજાએ હેવા ગમનો શોલો ઉતપંન થાએઓ હશે હેમાં કશો શક નથી.

[જામે જમશેદ, તા૦ ૨ જી અકટોબર ૧૮૬૨].

તા૦ ૩૦ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

બેહરાંમજી કાવશજી બાટલીવાલા— એજ દીને, ઇઆને ગઇ રાતરે, કોટ મધે પોતાનાં રેહેવાનાં ઘરમો શેઠ બેહરાંમજી કાવશજી બાટલીવાલા ગુજરી ગએઆછે. એ મરનારને એક પુરાના વેપારી તરીકે ઘણા શાહેબો ઓલખેછે—કે જેણે ખુદ પોતાની અકલ હુશીઆરીથી ગરીબી હાલતમાંથી નીકલી એક શારી દોલત ભેગી કરી હતી—અને તે દોલતનો કાંઇ નહી પણ ઘટતો ઉપીઓગ કરેઓ હતો.

[મુમબઇના આ૦ખુક, તા૦ ૧ લી અકટોબર ૧૮૬૨.]

તા૦ ૨૩ મી અકટોબર.

રોજ ૨૯ માહ ૨ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

કુવરબાઇ તે રતનજી રુસતમજી ભરુઆનાં વીધવા—રોજ ૨૯ મો માહા ૨ જો કદમી, તા૦ ૨૩ મી અકટોબર અને ભરેશપતવારને દીને પુણાં મધે આ પતરનાં મરહુમ અધીપતી નવરોજજી દોરાબજી ચાંનદારુની માશી, રતંનજી રુશતમજી ભરુઆની વીધવા, અને દીનશાભાઇ રતંનજી ઘડીઆલીની માતા કુવરબાઇ ૭૧ વરશની વએ શવરગવાશી થાએઆંછે. જોકે મરનાર જઇફીએ પોહોચેઆ પછે પોતાની પાછલ બોહોલું કુટંબ અને ઘણાંએક નેક ગુણો મેલી ગુજરેઆછે—તોપણ તેવણુની શાદી સીલંનશારી અને હેંતપરીતી ઉપરથી તેવણુનાં બોહોલાં કુટંબ અને મલતાવીશીકોને મોટી દલગીરી ઉપજીછે.

[મુમબઇનાં આખુક, તા૦ ૨૫ મી અકટોબર ૧૮૬૨.]

તા૦ ૧ લી નવેમબર.

રોજ ૯ માહ ૨ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

મનચેરજી જમશેદજી વાડીઆ— પારશી ટોલાના બુજરગ અકાબરોમાંના બીજા એક શેઠીઆતાં મોહોતે અતરેની વશતીમાં ખાડો પાડીએોછે. મુંબઇની તમાંમ કોમોમાં જાણીતા થાએલા માનવંતા મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીનાં એક ભાઇ વાહાડીઆજી શેઠ મનચેરજી જમશેદજી ગએઆ શનીવારની રાતનાં ૧૦ કલાકને અમલે આ ફાંની જીહાંનથી વાસો ઉઠાવી સવરગવાસી થાએઆછે. એ શેઠ જોકે ૮૨ વરશની મોટી ઉમરે પુગી હક થાએઆછે, તોપણ તે માઠા બનાવથી તેવણુનાં સગાંવાહાલાંઓ અને માંનીતા મીતરોમાં તેમજ તેવણુ સાથે કાંમ પાડનારાઓમાં મોટા સંતાપે ઘર કીધુંછે. વાહાડીઆજી શેઠ મનચેરજી ઘણા ઠંડા સવભાવનાં, સલુકાઇવાલા, ગમભીર અને પરહેજગાર હતા. દીન ધરમની બાબદો ઉપર તેવણુનું વધારે દીલ હતું. તેવણુને મીશીઅરશ ઇવરટ લાથામ અને કંપનીને તાંહાં પોતાના બેટાઓ સાથે વેપાર હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી નવેમબર ૧૮૬૨.]

1st November.

MUNCHERJEE JAMSETJEE WADIA.—It is with regret we have to announce the death of Muncherjee Jamsetjee Wadia Esq., which melancholy event took place at his Town residence in Church Gate Street at 10 P.M., last Saturday. The deceased was the surviving brother of the late highly respected and venerable master Builder, Nowrojee Jamsetjee Wadia, Esq. He was engaged in conjunction with his sons in business connected with the firm of Messrs. Ewart, Latham & Co. He was of a gentle and retiring disposition and was esteemed by all who were acquainted with him.

He was a loving husband and a kind and indulgent father. He was about 80 years of age and enjoyed remarkably good health. A few days ago he was attacked with diarrhœa, which suddenly changed into cholera and terminated in his death. He leaves behind him two sons, Mr. Nusserwanjee and Mr. Burjorjee and a daughter to mourn his irreparable loss It is painful to notice the melancholy fact that three of the leading members of the Lowjee or Wadia family so well known in connexion with the prosperity of this place, have been carried off within the short space of four months.

[*Bombay Gazette, 3rd Nov.* 1862.]

તા૦ ૮ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૩ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

ધનજીભાઈ હોરમજજી હકીમ—ગઆ મેલની સાથે હેવા શમાચાર આવેઆછે કે લંડન મધે કામા કંપનીની ચાકરી માહેલો એક પારસી મી૦ ધનજીભાઇ હોરમજજી હકીમજી ચાલતા મહીનાની તા૦ ૮ મીને દીવશે મરણ પામેઓ હતો. ઇંગલંડ મધે આ પેહેલાજ પારસીનું મરણ નીપજીઉં હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી નવેમબર ૧૮૬૨.]

8th November.

DHUNJEEBHOY HORMASJEE HAKIM.—We regret to learn that intelligence of the death in London shortly before the mail left, of Mr. Dhunjeebhoy Hukeemjee, was brought here yesterday by the overland steamer. The deceased was connected with the London firm of Messrs. Cama and Co. This is the first instance of a Parsee dying in England.

[*Bombay Gazette, 29th Nov.* 1862.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૧૮ માહ ૨ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

માણેકજી પેશતનજી પ્રીનસીપાલ સદર અમીન—

સુરત, તા૦ ૧૨ મી નવેમબર ૧૮૬૨.

અતરેનો જાણીતો જરથોશતી કોમનો ધરહશથ માણેકજી પેશતનજી વકીલ કે જે પરીનશીપાલ શદર અમીનની જગા ઉપર હતો તે તારીખ ૧૦ મીની બપોર પછે ગુજરેઓછે. એ મરનાર શીતેર વરશની વએનો હતો અને તમાંમ શુરત અઠાવીશીનાં ગામોમાં એક પરએઆત જાણીતો થાએલો હતો. આ મરનારે છેલી ઘડી શુધી પોતાની કાએઆને હેવી તો કશી હતી કે જેથી ઘણા માશ થઆ તેની તબીઅત નાકઉવત ચાલતી હતી, તોપણ મરનાર કોરટમાં આવીને કાંમ કરતો હતો. આ મરનાર દેવાંની કામના ફેશલા હેવી રીતે કરતો હતો કે આપીલ કોરટ અથવા દશપીશીઅલ કોરટ મોહેના કરેલા ફેશલા ફરતા નહી હતા અને ગમે હેવા તકરારી અને ખટપટીઆ કજીઆ હોએ તોપણ તેવા ફેશલાની હેવી દઉકતી શોધી કાહાડતો કે તે મુકરદમાનું તોલ વાજબી રશતાપર આવે અને હેવાં ડાપણથી ફેશલાં કરતો કે બેઉ ગંમનાં પારતીને શારૂં કોઇ ખરાબ નહી કેહે.

આ મરનારનો ૨૨ વરશની ઉમરનો એક છોકરો છે. મરનાર આગલ એક ખુનના તોમતમો આવેઓ હતો પણ તે પોતાનાં વીદવાંનપણાથી તે તોમતથી મોકલો થાએઓ હતો. આ મરનારનાં ગુજરવાથી શગલી ગનેઆતના લોકોને મોટી દલગીરી પેદા થાઇચ કે હેવો શુરતની કોરટમો પરીનશીપાલ શદર અમીન થાવો મુશકેલ છે. મરનાર આગલના શુરતના મેનેજરોની શંપમો એક મેનેજર પણ હતો.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી નવેમબર ૧૮૬૨.]

10th November.

KHAN BAHADOOR MANECKJEE PESTONJEE, PRINCIPAL SUDDER AMEEN OF SURAT.—We regret to announce

the death of Khan Bahadoor Maneckjee Pestonjee, Principal Sudder Ameen of Surat, which melancholy event took place at his residence on Monday the 10th instant. Mr Maneckjee was a hardworking, experienced and conscientious Judge, and by his impartiality he had gained the respect and esteem of the inhabitants of Surat.

[*Bombay Gazette, 15th Nov.* 1862.]

ઈ૦ સ૦ ૧૮૬૩.

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

અરદેસર પેશતનજી નવરોજજી બનાજી—ઉપલાજ ફકરાની શાથે વલી અતરેના પારસીઓમાં દલગીરી ઉપજાવનારા એક માહેતમ ભરેલા બનાવની ખબર આપવાની ફરજ પડીછે. ગઇ પરમ દીને શાહાંજનાં બનાંજીનાં ખાનદાનમાંનો એક ચંચલ અને ભલો જુઆંન મી૦ અરદેશર પેશતનજી આજ કેટલાએક દીવશની માંદગી ભોગવીને ભર જુઆંની અને પોતાની વાખવાખીની શરૂઆતમાંજ આ જેહાંનથી ગુમ થાઇ ગએઓછે. આ જુવાન શખશ અતીઘણો એકમારગી હોવાથી તે પરજામો જાહાજો જાહેર પડેલો હતો નહી, તોબી જેઓ તેહને પીછાનતા હતા અથવા જેઓ તેનાં વીશે જરાબી જાણતા હતા તેઓ આએ બનાવથી મોહોટા એચબા અને અચરતીમાં પડવા વગર રેહેશે નહી. આએ જુઆંન શખશ ઉનચી કેલવણીનો, શારા શંવભાવનો અને શઘલાઓનો પેઆર એંચી લીએ તેહવો હતો અને તેહેનાં હાવા શારા ગુણોને લીધે તેનું કવખતનું મરણ વધારે વતવતો ઉપજાવનારૂં થાઇ પડેઉછે. વધારે દલગીરીભરેલી બીનાં એ છે જે આએ જુઆંન ઘહરસથ માતરે ગએઆ છઅ મહીના થાએઆ એક નાંમીચાં કુટુમબની કનેઆ શાથે પરનેઓ હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૨ જી મારચ ૧૮૬૩.]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

ડાકટર રૂસતમજી હોરમજજી, નવસારીના—આ લાયકીવાલો નવસારી ડીસપેનસરીનો ડાકટર હતો. એ લાંબી મુદત થયાં એ ખાતાનું કામ ચલાવી તાંહાંના રેહેવાસીઓને માનીતો થઇ પડીઓ હતો તે બીમારી ભોગવીને થોડુંએક થઉં નવસારી ખાતે મરણ પામીઓછે એવું ગુજરાતી વરતમાંનપતરો ઉપરથી માલમ પડેછે.

[સત્ય દીપક, તા૦ ૧૫ મી મારચ ૧૮૬૩.]

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૨૬ માહ ૬ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

હીરજીભાઈ પાલણજી બાટલીવાલા—હમારા ભાઇબંધ અખબારે શોદાગરવાલાને જાહેર કરવાને હદથી જીઆદા દલગીરી ઉપજેચ કે ગીઆ બુધવારની રાતનાં ભાઇ હીરજીભાઇ પાલનજી બાટલીવાલાનું અચબુચ મરણ નીપજયું હતું.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૨૫ મી મારચ ૧૮૬૩.]

તા૦ ૪ થી આપરેલ.

રોજ ૧૩ માહ ૭ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

દસતુર અસપંદીઆરજી બરજોરજી, સુરતના—શુરતની ખબર ઉપરથી જોવામાં આવેછે કે શાંતપરાના દશતુર અસપંદીઆરજી બરજોરજી ૬૫ વરશની વએમા ચાલતા મહીનાની તારીખ ૪ થીની રાતનાં ૮–૧૦ દીવશની માંદગી ભોગવીને મરણ પાંમીઆછે.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી આપરેલ ૧૮૬૩.]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૮ માહ ૮ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

ખરશેદજી રૂસતમજી વાડીઆ—હમોને કેહવાને શનતાપ લાગેચ કે વાહાડીઆજી ખરશેદજી રૂશતમજી ૭૫ વરશની પુરતી

વએમો ગએઆ બુધવારે આએ જગતમોથી પોતાનો અશબાબ ઉઠાવી શવરગી લોકોમાં જાઇ વાશો કરેઓછે. એ મરનાર માજી પંનચાએતનું એકપુરાંનું ધાબું હતું અને લવજીનાં બાંનદાંનની એક પુરાંની ડાહલ, વાહાડીઆ બાંનદાંનની બુજરોગીનો એક શંભાલ હતો. એ મરનારે ઘણાં વરશ માશતર બીલડરની શરકારની ગોદીમો ચાકરી બજાવી તેહમો પોતાની ઘણીજ ચતુરાઇ દેખાડી હતી. પોતાના બુજરોગોની કાંણી વાંહાંણ બાંધવાનાં કાંમમો ફતેહમંદી મેલવી હતી—એ મરનાર ઘણોજ શુધો હતો અને શરકારને ઘણો વફાદાર થાએઓ હતો—તે ઉપરથી હેનાં હાત તલેનાં માંણુશોનો પેઆર એ મરનાર ઉપર થોડો હતો, તોપણુ તેની કોઇ રીતે દરકાર નહી કરતો હતો—એ મરનારે પોતાની વરેચપ વએ શુધી શું પારશી કે શું ઇઉરોપીઓનોમાં શારી આબરૂ મેલવી હતી. આજ શુધી એ મરનાર પોતાનાં કુટંબને પોતાની પાંખમો ઘાલી પડી રહેઓ હતો. એ મરનાર ઘણો શાદો, નમનતાઇભરેલો, મીલનશાર, અને માએઆલુ પુરૂશ હતો. હેવા બુજરોગ શખશનાં ગુમ થાવાથી હેનું બોહોલું કુટુંબ, હેનાં બેહદ દોશતો, હેનાં અતીશએ મીલાપીઓને અતીશે દુખ ઉપજેઉંછે. હમોને કેહવાને હરખ ઉપજેચ કે હેનો પછવાડેનો વશીલો એ મરનારનું નામ રાખે હેવો જોવામો આવેચ.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૨ જી મેએ ૧૮૬૩.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૩૦ માહ ૧૧ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

નશરવાંનજી ખરશેદજી દાદીશેઠ—હમુને જણુાવવાને બેહદ દલગીરી અને શંતાપ ઉપજેછે કે આપણી ટાપુના નામીચા વેપારી અને પારશીઓમાં પરખીઆત થાએલાં દાદીશેઠનાં કુટંબનો એક જહલકતો હીરો શેઠ નોશરવાંનજી ખરશેદજીએ ગઇ પરમ દીને બપોરનાં તરણુ કલાકને અમલે લામબા દાહાડાની બીમારી ભોગવીને આએ ફાંની દુનીઆંથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઇ જાહાંનમાં વાશો લીવોછે. એ મરહુમ શેઠીઆએ પરજાના હીમાતી તરીકે અથવા એક જાહેર આદમી તરીકે જોકે આપણી ટાપુ ઉપર દેખાવ કરીઓ હતો નહી—પણુ તેવણે શરવદા મેહરબાંની ભરેલી શોચના અને આદમજાત તરફ પીઆર બતાવવાથી શઘલી તરફથી તેવણુ માતર પારશી આલમનાંજ નહીં પણુ શઘલી વરણુના લોકોમાં પીઆરા થાઇ પડીઆ હતા. પારશી, ઇઉરોપીઅન, હીંદુ અને મુશલમીન વેપારીઓમા તેવણુનો અતી બોહોટો વગ હતો, અને જાતે શાલેશ અને ભલમનશાઇ ભરેલા હોવાથી તેવણુની મશલત લેવામા તેવો શદા માંન શમજતા હતા, એટલુંજ નહીં પણુ એ મજકુર શેઠીઆ શાથે ગાંઠ બાંધવાને ઘણા વેપારીઓ આતુરતા બતાવતા હતા. હાવા તેવણુના માનવનતા ગુણો હોવાથી તેવણુનાં મરણુને લીધે તેવણુના જેશકુટ મબમાં જેવી માહાતમપોશી ઉઠીછે તેવી દલગીરી તેવણુના ટોલામાંજ નહી પણુ કુલલે વરગ અને ધરમના લોકોમાં પેદા થાઇછે, જે મનમાંથી વીશરાવી મુશકેલ છે. આદમીની જીંદગીનો કાંઇબી ભરોશો નથી—માટે આદમજાતને લાએક છે કે તણે દર પલે અને ઘડીએ ખુબી કરી લેવી જોઇએ અને તે ફરજ અદા કરવામાં એ મરહુમ શેઠે પોતાની દોલત ઉપર કાંઇબી મગરૂરી બતાવીઆ વગર શરવદા આતુરતાથી ધાંઆંન આપીઉં હતું.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી જુન ૧૮૬૩.]

20*th June*.

Nasserwanjee Cursetjee Dady-sett.—It is with deep regret we have to announce the death on Saturday afternoon at his residence in Fort, of Mr. Nusserwanjee Cursetjee Dady Sett. The deceased belonged to the ancient and well-known family of Dady Sett, and was personally much liked and respected by all who had the pleasure of knowing him.

He was broker to the firm of Messrs. Grey and Co. He had been suffering from various complicated diseases for the last three or four months, and after severe illness during the last fortnight, he died on Saturday at the early age of forty-one. His remains were carried yesterday morning to the Tower of Silence built especially for his family, and the funeral was attended by nearly all classes of the Parsee community.

[*Bombay Gazette, 22nd June* 1863.]

તા૦ મી જુન.

ડાકટર બેજનજી રૂસતમજી—જણાવવાને દલગીરી ઉપજેછે કે ગરાંટ મેડીકલ કાલેજમાંથી સને ૧૮૫૮ માં પસાર થએલો ડાકટર બેજનજી રૂસતમજી જે હાલ કરાંચી ખાતે સબ આસીસટંટ સરજીઅનનું કામ ચલાવતો હતો, તેનાં મરણના સમાચાર અતરે ફરી વલીઆછે. આ તબીબનું મરણ મુખીઅ કરીને નોંધી રાખવાજોગ એટલામાટે છે કે તેથી પરજાએ એક કાંમ જોગ પુરૂશને ખોહેઓ છે. આપણા ગરાકુએટોમાં પરજાને લાભ કરનારા ઘણા થોડા છે, અને ડાકટર બેજનજીએ પોતાનાં "દરએક માણસના વઇદ" નામના પુસતકથી તથા વારેવાર પતરોમાં બાબદો લખવાથી પરજાને પોતાનાં ગનેઆંનનો સારો લાભ આપેઓછે. વલી મુફસીલ પરાંતોમાં આ તબીબે કેટલીક સારી શોધો કરીને હીઆંની "મેડીકલ સોસાઇટી" ઉપર રીપોરટો કીધા હતા અને તેને માટે ઇઉરોપીઅન તબીબોમાં તેણે સારૂં માન મેલવીઉં હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી જુન ૧૮૬૩.]

તા૦ ૨૬ મી જુન.

રોજ ૬ માહ ૧૧ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

શેરાબજી દોરાબજી ચાંનદારૂ—આજ દીન હમોને આ દુખ ભરેલી ખબર આપવાને ભારે દલગીરી અને મોટો ગમ લાગેછે કે આ ચાબુક પતરનો માલિક આ૦ શેરાબજી દોરાબજી ચાંનદારૂનાં ગેઇ કાલે શાંહાંજે શાહાડા ચાર કલાકને અમલે પોતાની ૫૭ વરશની ઉમરમાં, આજ લાંમબી મુદતનાં થાએલાં ગલાં માહેલાં એક કફોરાં દરદથી આશરે દશ બાર દીવશ ભારે બીમારી અને શખત વીપતી ભોગવીને પોતાનો પરાંણ તે કીરતારને શોંફીઓછે. આ મરનાર ઘરશથે આ તેમજ બીજાં પારશી રીફારમર નામનાં ગુજરાતી વરતમાંનપતરની મારફતે અતરેની પરજાની અછી રીતે શેવા બજાવીછે અને તેને પોતાના શવદેશીઓની હીમાએતમાં ભારે હીમતથી પોતાની કલમ કશી હતી—અને તેહવું કરતાં એ મરનારે શારી આપએખતીઆરી અને બેતુહમાપણું વાપરૂઉં હતું કે જે વીશે અતરેની આલમ શારી પેઠે જાણીતી છે. એ મરનાર છુટથી અને પખશપાતપણે માતર નાંમને ખાતર મેહનત લઇ ખુશામતથી તદન દુર અને હલાએદો રહી આલમના ફાએદા ઉપર પોતાનું શારૂં ધેઆંન આપનાર શખશ હતો—તેમજ એ મરનારની કલમથી કેટલીએક વાતે અતરેના લોકોએ ઘણો શારો ફાએદો પણ મેલવેલોછે. એ મરનારે લગભગ પોતાની જીંદગીનો શઘલો વખત છાપાખાંનાં જેહવાં શુધરાઇ ભરેલાં ઇઅનતરનાં કામકાજમાં કાહાડેઆથી એ વીશે હેને શારી માહેતગારી મેલવી હતી, અને હાલમાં અતરેનાં ગુજરાતી વરતમાંનપતર લખનારાઓમાં માતરે ખુજરોગ શખશ એજ હતો, તોપણ હેના શઘલા વીચારો શુધરાઇ ભરેલા હતા તેમજ દરેક રાજદરબારી અને બીજી હરકોઈ અનઘટતી બાબદની શાંમે થવામાં એ એક અછો શુરો નર હતો—એ મરનારે શતાવાલાઓનાં જુલમ અને જાશતી ભરેઆં કામ તથાં બેહુદા થાતા ઇનશાફ વીશે બાપોકારથી ફરીઆદો ઉઠાવી તેઓના કાંનો ખોલા કીધાછે—અને એ વગરે એ હીમતવાંન નરે પોતાથી બનતાં શુધી મેહનત અને કોશેશથી અતરેનાં લોકોને શારો ફાએદો કરી આપેઓ હતો તથા દુખીઆનાં

દરદ અને દાદીની ફરીઆદ ઉપર પોતાનું શારૂં ધેઆંન આપતો હતો—અને ગરીબોનું દુખ હઇડે ધરી શદાકાલ પોતાની કટારો તેઓને માટે ખોલી રાખી હતી. મરનાર શોરાબજી એક અછો મોજીલો જીવડો અને રમુજી તથા શાફ દીલનો, શરવે શાથે મીલનશાર અને મએઆલુ શખશ હતો અને આજવેર શારી આબરૂથી પોતાનાં કુટુંબનું પોશણ ચલાવતો હતો.

એ મરનાર પોતાનાં નાંમની બે રોશન ચેરાગ (હેનાં જવાંન છોકરાઓ) તથા પોતાનું નાહાનું મોહોટું કુટંબ પોતાની પાછલ મેલી ગએઓછે કે જે શઘલાઓ તેમજ હેની જાણ પીછાંણ અને ઓલખાંણવાલાઓ હેનાં ગુજરવાથી તેની માહાતમપોશીમાં ગીરફતાર છે કાંએજે એ મરનાર હલકારૂની ઓલખથી તેમજ બીજી રીતે શારી પેઠે અનરેની વશતીને જાંણીતો થાએલો હતો. છેલલે એ મરનાર તેની ખુબી પરમાંણે તે શવરગી જાંહાંનમાં બેહશત મુકાંમ પાંમે હેવી મુરાદ ચાહી એ ગમગીની ભરેલી બીનાનું અતરે ટુકાંમાં શેવટ લાવીએચ.

[મુમબઈનાં ચાબુક, તા૦ ૨૭ મી જુન ૧૮૬૩.]

તા૦ ૨૬ મી જુન.

રોજ ૬ માહ ૧૧ (કo) ૧૨૩૨ યજદજરદી.

શોરાબજી દોરાબજી ચાંનદારૂ—હમારા કેટલાક વાંચનારાઓ જાંણવાથી દલગીર થશે કે શોરાબજી દોરાબજી ચાંનદારૂ ગએઆ શુકરવારની સાંજનાં આ જીહાંનથી હક થએઓ છે. મરનાર પકાએલાં આબુકનો એક માલેક તથા તેનો અને પારસી રીફારમરનો તે અધીપતી હતો જોકે તેને છાપાને લગતાં કાંમમાં પોતાનો આખો જનમારો પુરો કીધાથી અજમાએશ મેલવી હતી, તોપણ તે "ઓલડ બોમબે" ની સંફમાં હોવાથી સુધારાની આડે આવનારા અને કેટલીએક વાર ગીબત ભરેલા વિચારો આપીને પોતાનાં પતરને સારી રીતે ચલાવી શકીઓ નહીં. મરનાર એક સમજુ, હીમતવાંન અને રસીક લખનાર હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી જુન ૧૮૬૩.]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

હીરાજી માણેકજી સરાફ—હમુને જણાવવાને દલગીરી ઉપજેછે કે પારશીની કોમમાં દીપી નીકલે હેવી ધપનો એક જુવાંન ગહરશથ હીરાજી માણેકજી ખરશેદજી શરાફ ૨૨ વરશની નાંધલી વએમાં કાલેરાના પલીત મરજથી આએ જાહાંનમાંથી તેનો વાશો ઉઠાવીને મીનોઇ જાહાંનમાં વાશો કરીઓછે જેથી તેનાં બોહોલાં કુટમમાં મોહોટી માહેતમપોશી ઉઠીછે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી જુન ૧૮૬૩.]

તા૦ ૨ જી જુલાઇ.

રોજ ૧૨ માહ ૧૦ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

ખરશેદજી બરજોરજી વાડીઆ—કોલારાના બુરા મરજે વાડીઆનાં બોહોલાં કુટુંબમાંથી એક જુવાંન પુરૂશનો ભોગ લીધોછે. શેઠ બરજોર જીમનચેરજી વાડીઆજીનો છોકરો ભાઇ ખરશેદજી જેની ઉપર ગએઆં અઠવાડીઆંમાં એ મરજનો હોમલો થાએઓ હતો, અને તે ગઈ કાલે હક થાએઓછે.

[મુમબઇ શમાચાર, તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૩.]

2nd July.

CURSETJEE BURJORJEE WADIA.—It is with sincere regret that we announce the death of Mr. Cursetjee Burjorjee Wadia, eldest son of Burjorjee Muncherjee Wadia Esq., one of the leading Merchants of Bombay, and one of the most esteemed members of the Parsee community. The deceased died of cholera, at six o'clock yesterday morning, at his father's family residence in Church Street.

[*Bombay Gazette, 3rd July* 1863.]

તા૦ ૪ થી જુલાઈ.

રોજ ૧૪ માહ ૧૧ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

પીરોજબાઈ તે મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજીનાં બેટી—કોલારાના બુરા મરજે બનાજીનાં કુટુંબમાં એક ભોગ લીધોછે. નાંમીચા શેઠ ફરાંમજી કાવશજીની છોકરી બાઈ પીરોજબાઈ તે શેઠ અરદેશર ખરશેદજી દાદીની પેહેલી ધણીઆંની ગએઆ શની- વારના રાતનાં આએ બુરા મરજથી હક થાઆછે.

[મુમબઈ શમાચાર, તા૦ ૬ ઠી જુલાઈ ૧૮૬૩.]

તા૦ ૬ ઠી જુલાઈ.

રોજ ૧૬ માહ ૧૦ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

બેજનજી બરજોરજી એંટી—અમારા વાંચનારાઓ જાણતા હશે કે જરતોશતી કોમના જાણીતા, બુજરગ ને જઈફ ગરહસથ શેઠ બેજનજી બરજોરજી એંટી તા૦ ૬ ઠી જુલાઈએ સ્વરગવાસી થયાછે. એ ગમગીની ભરેલા બનાવની નોંધ કરવાની કડવી ફરજ અમારા ઉપર આવી પડીછે.

ઈનસાન સારૂં કોઈ મોટા સુખનો પાયો નાખીને, ઈઆ જુવાનીઆઓની સુધરાઈની ઉલટમાં શામેલ થઈને તેવણે કંઈ દુનીઆઈ તારીફ એંચી લેવાની કોશેશ કરી નહીં હતી; પણ પોતાની આખી જીદગી એકમારગી અને બુજરગી ભરેલી રીતે ગુજારી હતી. સચ્ચાઈ, આપએખતીઆરી તથા નીખાલસપણાના ગુણો સારૂં મરનાર શારીપઠે જાણીતા હતા. સાહેબે દોલત છતાં પોતાની જીંદગીમાં એક પણ સાહેબી કે ગરૂરીનો દાખલો એવણે બાહેર પાડીઓ નહીં હતો, અને નીરમળ સાદાઈ અને ઈનસાનની ખરી લાએકી એ મરનારમાં હતી, કે જે વાતમાં સઘળા એવણથી જાણીતા લોકો અમારી સાથે એકમળતા થસે. આ શેહેરના મુખીઅ સેઠીઆઓમાં એવણનો મોટો મોભો હોવા છતાં જોકે જાહેરમાં એવણે કોઈપણ તરેહનો ભાગ લીધો નહીં હતો તોપણ, છુપી રીતે ઘણા દાખલા એવણથી થએલાછે કે જેથી પોતાના જાતભાઈઓની મુસકેલી ટાળવાનો નેક ગુણ એવણની પછવાડે પ્રકાશી રહયોછે.

મરનારના શરીરનો બાંધો અને સેંકડો બાબદોની પરેહજગારી લોકોને મોટો સબક આપી સકેછે કે કોઈપણ ઈનસાને પોતાના વખતમાં એકસરખી પહરેજગારીનો કાયદો બાંધી રાખવાથી તે પોતાની જાતને કેવું સુખ પમાડેછે—જે સુખના મુળમાંથી પછી બોહોલા ને ફાએદા નીપજાવનાર શાખાઓ ફુટીને આસપાસ ફેલાએછે.

ચોતરફ તથા દરેક વખતે બનતા બનાવોની માહેતગારીનું ભંડોલ મગજમાં એકઠું કરવામાં મરનાર અચરતીભરેલી હોંશ રાખતા હતા, પણ એવણના રૂહની સાથે જે યાદદાસ્તની ચોપડીમાં એ ખજાનો હતો તે ચોપડી પણ હમેશ સુધી બીડાઈછે, નહીંતર બીજી રીતે ઈતીહાસ લખનાર તરીકેની બારીકી જાણવાજોગ થઈ પડતે.

એવણના મરણથી જેમ સઘળા જરતોસતીઓમાં સંતાપ પેદા થયોછે તેમ બીજા હાત ઉપર એકસરખો સંતોષ તેઓમાં પથરાએલો જોવામાં આવેછે કે ૭૦ વરસની ઘણી ચઢતી ઉમરે અને ખરેખર ઘણી ટુંક માંદગી ભોગવીને વગર ઈજા પામવે આએ ફોગટની જહાન તેવણે છોડીછે.

> સર સઘળાં ખાકમાં સડશે,
> અજલ જ્યારે આવી પડશે;
> પાછળ માત્ર નેકી રેશે,
> અને લપટ હમેશ મારશે.

[સરેદે બહા, મેએ ૧૮૬૩.]

તા૦ ૧૦ મી જુલાઈ.

રોજ ૨૦ માહ ૧૧ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

જરબાઈ તે દોરાબજી જીજીભાઈ છાપગરનાં ધણીઆંની—કોલેરાનો ઉપદરવ આ ટાપુ ઉપર અતીશે વધેલો જોઈ હમો નીશચએ દલગીર છઈએ. એ પલીત રોગ હાલતુરત પારશીઓમાં અતીશે ફેલાઈ ગએઓચ જેથી

પારશીઓનાં દરએક મોહલામાં એ મરજને નાંમની મહાતંમપોશી ચાલેચ. હમારા એક ઇશટ મીતરના ભાઇને એ પલીત મરજે પકડેઓ હતો જેહની ખીદમતદારી કરતાં હમારા મીતરની પેઆરી બાંનુ રોજ ૨૦ મો બેહરાંમ માહ ૧૦ મો દેએ શેહનશાહી અને માહ ૧૧ મો કદમી તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૬૩ અને શુકરવારને રોજે આએ હશતીમાંથી નાપેદા થાઇ ગેઇચ. એ લાએક અશતરી મરનાર શેરાબજી હોરમજજી મેહતા જે આગલ કમરશીયલ બેંકમાં ડેપીઉટી અકાંઉનટંટની પદવી ધરાવતા હતા તેવનની તથા શેઠ ખરશેદજી નશરવાંનજી કાંમાંજીની પેહેડીવાલા મી૦ મેરવાંનજી તથા શેઠ પેશતનજી ફરાંમજી કાંમાજીની પેહેડીમાંના શેઠ ફરાંમજી હોરમજજી મેહતાની બેહન અને મરનાર જીજીભાઈ બેરાંમજી છાપગરની વહુ થાએ. એ મરનાર જોકે પઇશાથી માતબર નહી હતી તોપણ તેહનાં શબદોથી તે માતબરી ભોગવતી હતી. તેહનીનો પતી શંબંધી પેઆર અને હેતુ હેવો હતો કે તેહવો પારશીઓની થોડીજ અશતરીઓમાં જોવામાં આવેચ. તે જાતે દએઆલુ અને મીલનશાર હતી જેથી તેણીની ૩૨) વરશની ઉમરમો તેણીએ બેહદ લોકોને પોતીકાં બેરખાહ કરી લીધાં હતાં. હાવી એક ભલી અને ભોલી અશતરી બાર કલાકની કોલેરાની બીમારીમાં પોતીકાં પેઆરાં છોકરવો—પરેમહાર પતી—માંનવંતાં ભાઇઓ અને ટુકાંમાં તેહનીના શઘલા નેકખાહવોને પડતા મેલી આએ જેહાંનથી કુચ કરી જાએ એ ભારી અફશોશકારક બનાવ છે. આએ દુખદાએક મરતીઉકને હમો કદાચજ ભુલશું (એક મીતરનાં જીગરથી).

[મુમબઇ શમાચાર, તા૦ ૧૪ મી જુલાઇ ૧૮૬૩.]

તા૦ ૨૩ મી જુલાઇ.

રોજ ૩ માહ ૧૨ (ક૦) ૧૨૩૨ યજદજરદી.

ધનબાઈજી તે મરહુમ શેઠ હોરમજજી ભીખાજી મેહરજીનાં વીધવા—હમોને જણાવવાને ભારે દલગીરી અને શંતાપ લાગેચ કે બાઇ ધનબાઇજી તે મરનાર શેઠ હોરમજજી ભીખાજી મેહરજીની વીધવા તથા મરનાર શેઠ ખરશેદજી તથા મેહરજી હોરમજજીનાં માંએ અને કેટલુંક શુધી આ કારખાંનાં તથા પતરની માલેકંણ ગઇ રાતનાં આઠ વાગે બેહશતનશીન થાએઆછે.

આએ બનાવને લીધે આવતી કાલ દીને આ પતર બંધ રાખવામો આવશે.

[મુમબઇ શમાચાર, તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૬૩.]

તા૦ ૬ ઠી સપટેમબર.

રોજ ૧૮ માહ ૧૨ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

એ૦ બેજનજી તેહમુલજી ખંબાતા, અમદાવાદના—આએ હેઠલ ટાંકેલી અમદાવાદની બાબદ હમો હેઠલ પરગટ કરીએચ:—

લખવાને અતીશે દલગીરી લાગેચ કે આજ દીન ચાર થએઆ અતરેનાં મોબેદ મનચેરજીનાં ભાઇ બેજનજીએ પોતાની ભર જુવાંની શાથે આ દુનીઆંથી પોતાનો વાશો પેલી જેહાંનમાં ફેરવેચ. એ મરનાર ઘણાંએક દીવશથી કાહેલી ચાલતા હતા ને એ મરનારની આ જગા જેટલી તારીફ કરૂં તેટલી થોડી છે.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૯ મી સપટેમબર ૧૮૬૩.]

તા૦ ૨૦ મી સપટેમબર.

ગાથા ૨ (શે૦) ૧૨૩૨ યજદજરદી.

એ૦ શાપુરજી તેહમુલજી સંજાણા—પારશીઓના દશતુર તરીકે પરખ્યાત થાએલા પેશોતનજી બેરાંમજી શણજાંનાના બાવા શાપુરજી તેમુલજી શણજાંના ૫૮ વરશની વરઘપ વએમાં ગાથા બીજાને દંને હકનશીન થાએઆચ.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૬૩.]

13*th October*.

NOWROJEE NUSSERWANJEE LAM.—We regret to have to announce the death of this Parsee gentleman—a man well known to the sporting

world, and celebrated for his fine stable, and studs of thorough-bred Arab horses. He died of cholera on the 13th instant, and we are sure all our friends, who have had any dealings on the turf, will receive the tidings of his death with regret. He attended the Deccan Monsoon Meeting, but his health was so shattered, that his friends were all apprehensive with respect to his safety. He was a good man,—fair and honest in dealings, and spent a fortune in Indian race courses.

[*Deccan Herald, 19th October* 1862]

તા૦ ૨૯ મી નવેમબર.

રોજ ૭ માહ ૩ (શ૦) ૧૨૩૩ યજદજરદી.

પેશતનજી રૂસતમજી પોંહુચખાંનાં વાલા, બરજોરજી બેહુરાંમજી પેશીકાકાના, નશરવાંનજી આદરજી ગુજરાતી—પેલાં માઠાં બાએગનો જુવાંન પારશી પેશતનજી રૂશતમજી પોંચખાંનાંવાલા જે ચાલતા મહીનાની તા૦ ૨૪ મી અને મંગલવારની રાતરે નારેલ તથા કરજટ વચે રેલવેને બનેલી કજામાં જખમી થાએઓ હતો અને જેહનો પગ ડાકટર બાલીનગાલે કાપી નાખવાની ઇછા જણાવી હતી તે જુવાંન પારશી છ દીવશની પોતીકી બાકી રહેલી જીંદગી પુરી કરી ગએઆ રવીવારે મરણ પાંમેઓછે. આએ વખતની રેલવેમાં બનેલી કજાએ તરણ જુવાંન પારશીઓનો ભખશ લીધોચ જે શંતાપ ભરેલો બનાવ જોવામાં આવેચ—પણ હાવી મોટી નુકશાંની થાએઆ છતાં કોઇબી બીજી ગનેઆતને કશી ઇજા થાઇ નથી હેવું શાંભલી વાચનારાવોને જરા વીચાર આવશે. રેલવેવાલાવોએ જે શતા ભરેલો હેવાલ પરગટ કરેઓચ તે મવે જનાવેચ કે આએ એક શેકંડ કલાશની ગાડી શવાએ બીજી કોઇબી ગાડી ઉંધી વલીતી નહી. હમો બાકીના જોખમાએલા પારશીઓની તનદરોશતી ઇછીએચ.

[મુમબઇના ચાબુક, તા૦ ૨ જી ડીશેમબર ૧૮૬૩.]

ઈ૦ સ૦ ૧૮૬૪.

તા૦ ૪ થી જાનેવારી.

રોજ ૧૩ માહ ૫ (ક૦) ૧૨૩૩ યજદજરદી.

દસ્તુર અરદેસર રૂસતમજી મુલાંફીરોજના—હમુને જણાવવાને બેહદ દલગીરી અને શંતાપ લાગેછે કે કદમી પારશીઓના દશતુરજી સાહેબ અરદેશર રૂશતમજી મુલાંફીરોજના ગઇ કાલ દીને થોડા દાહાડાની માંદગી ભોગવીને આએ ફાંની દુનીઆંમાંથી તેવણુનો અશબાબ ઉઠાવીને મીનોઇ જાહાંનમાં જાઇ વાશો કરીઓછે. મરનાર ઘણો અશો, પરેહજગાર અને નેક ખશલતનો હતો જેથી તેવણને પારશીની કોમથી ઘણું માન અને ઇજત મલતી હતી, અને તેવણનાં મરણના શમાચાર બાહાર પડતાં આખી પારશીની કોમમાં દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી જાનેવારી ૧૮૬૪.]

4th January.

DASTOOR ARDESHIR RUSTOMJEE MOOLA FIROZ.—We regret to announce the death of Dustoor Ardaseer Rustomjee, High Priest of the Kudmee Parsees, which occurred yesterday morning at his residence near Dady Sett's fire temple. Unlike his predecessors, the deceased was a great advocate of reform and practised what he preached, as was illustrated in several works of moral and religious advancement among Parsees in which he took a zealous part. In private life, he was very amiable and gained the esteem of all who came in contact with him.

[*Bombay Gazette, 5th January* 1864.]

તા૦ ૮ મી જાનેવારી.

રોજ ૧૭ માહ ૪ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

શાપુરજી હીરજીભાઈ ગંદેવીઆનાં ફરજંદો—ઉપલા (અડવાડીઆંનાં મરતીઉકના) કોઠા ઉપરથી વાંચનારાવોના જોવામાં આવશે કે પારશીઓમાં માતરે ૬ મોહોત કોલેરાથી નીપજેઆંચ જે માંહેલાં પાંચ મોહોત હમોએ ગઇ વખતે જણાવેઆ પરમાંણે કોઇ પારશી શાપુરજી હીરજીભાઇ ગનદેવીઆ જે શખશે કોટ ભાંગવાનું કાંઇ એક કંનટરાકટ લીધું હતું તેહને તાંહાં થાએઆંછે—જે મધે તેના ૨ પેઆરા છોકરાઓ, ૧ વહુ, ૧ જમાઇ અને ૧ છોકરીની ઘાત થાઇછે. મરતીઉકની આએ ટીપ તરફ જોતાં આએ પારશીની હાલત ગમી ઉપજાવવાજોગ થાઇ પડીછે—વેહેમી લોકો હેવી અફવા ઉરાડેચ કે કોટ ભાંગવાનું કંટરાકટ લીધાથી આએ મોઠો બનાવ બનેઓછે—અને વલી કેટલાંએકો કેહેછે કે પેહલાં મરણની વખતે પંચક હોવાથી પાંચ જીવની ઘાત થાઇછે, આએ બધું બોલવું બેજા છે અને જે બનીઉં છે તે ખુદરતના બનાવ શવાએ હોવું નહી જોઇએ—તોપણ આએ દુખદાએક બનાવથી જેહારે શાંભલનારાવોનાં રૂવેરૂવાં કમકમે તેહારે જે ઉપર હાવો બનાવ બનેઓછે તેની હાલત કેવી દેવાંનાં જેવી બની હશે. હાવાં મોહોત ઉપર અફશોશ હોજો!!!

[મુમબઇનાં ચાબુક, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૬૪.]

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

શાપુરજી જીજીભાઈ ઉનવાલાનાં ફરજંદો—ચાર દાહડાનાં ટુક અરસામાં એકજ બાપનાં પંચ ફરજંદો ભરજુવાંનીમાં ચાલીઆં જાએ એ કેવો માહોતમભરેલો બનાંવ કેહેવાએ! અને તે બનાવ ખરેખર બનીઓછે. આજનાં હમારાં પતરમાં મરતીઉકની ટીપ મધે પારશી શાપુરજી જીજીભાઇ ઉનવાલાનાં એકદમ તરણ ફરજંદોનાં મોહોતની નોધ જોઇ વાંચનાર અચરતીમાં પડશે. આ તરંડ જણ તેમાં બે છોકરા અને એક છોકરી દુશટ કોલારાને ભોગ થઇ પડીઆછે, પણ એટલાં તેઓએજ તેમનાં કંમબખત માંબાપને જખમ દીધો નથી. એઓની અગાઉ ઉપલાજ પારશીની એક વહુ અને એક જમાઇ બને જણ એકજ દીને ગુજરીને એકઠાં દોખમે ચહડીઆં હતાં અને તેજ દેખાવ પાછો ગઇ કાલે તેનાં ઘરમાં બનીઓ હતો, જે વખતે બે ભાઇઓનાં રવાંનને શાથે જતાં જોઇને આખી મીજલશ માંહેતમ કરતી હતી. એ ભાઇઓની બેહેન ગઈ શાંજનાં ગુજરી હતી. તે શુધાં પાંચ રવાંન થાએઆંછે અને એજ પારશીની એક બીજી આશરે ૧૭ વરશની છોકરી ઘણીજ ધાશતીભરેલી હાલતમાં કોલારાથી દુખી થાએછે.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૬૪.]

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૫ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

આવાંબાઈ તે કાવશજી હીરજીભાઈ ઘડીઆલીનાં ધણીઆંની તથા જીનીબાઈ તે રતનજી મનચેરજી જાલનાં ધણીઆંની તથા બંધે શેઠ કુવરજી ઘડીઆલીની બેટીઓ—કોલારાના બુરા મરજનો ઉપદરવ થવા વીશેની ખબર આપતાં ગઇ કાલનાં પતરમાં વલી એક પારશી કુટુંબને તાંહાં એક દીને બે મરણો થવા વીશેની દલગીરી ભરેલી ખબર આપી હતી તે વીશે તલાશ કરતાં જાંણવામાં આવેઉછે જે એ મરનાર બંધે અશતરીઓ ઘડીઆલીનાં જાણીતાં કુટુંબમાં કુવરજી ઘડીઆલીની છોકરીઓ હતી, જેઓમાંની એક મી૦ રતનજી મનચેરજી જાલની ધરીઆંણી થાએછે. આએ બંધે બેહેનો એ દરદનાં ફેલાવાની વેલાએ કાંઇ એક ઘરમાં નહી પણ જુદે જુદે ઘેર હતી અને બંધેને એકજ વખતે એ મરજ લાગુ પડેઓ હતો અને તેઓ માતરે એકબીજાંથી બેએજ કલાકને તફાવતે મરણ પાંમેઆં હતાં. આએ દલગીરી ભરેલા બનાવમાં ઓચંબો ઉપજાવનારી બીના એ હતી જે એ દરએક મરનારને

પોતપોતાની બેહેનનાં બીમાર પડવા વીશેની ખબર હતી નહી અને તેથી દરએક પોતાનાં મરણનાં બીછાંનાં આગલ એકબીજીની ગેરહાજરી જોઇને ઉમેદીમાં પડી હતી. પણ ખોદાનો હોકમ તેઓને અનતની વેલાએ એકબીજીથી જુદાં રાખવાનો હોવાથી તેઓ એકબીજીને જોએઆ વગર તેમજ એકબીજીનાં મરણની ખબર જાણવા વગર હક થાએઆં હતાં. હાવા કમકમાત ભરેલા બનાવોમાં "ખોદા" બોલ શવાએ કાંઇ વધારે ઇઆદ આવતું નથી.

[મુમબઇનાં શમાચાર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૬૪.]

તા૦ ૧૮ મી ફેબરવારી.

રોજ ૨૮ માહ ૬ (ક૦) ૧૨૩૩ યજદજરદી.

બચુબાઈ તે મરહુમ ધનજીભાઈ નશરવાંનજી કામાજીની બેટી તથા બહુમનજી ખરશેદજી કામાજીનાં ધણીઆંની—ગઇ કાલ દીને પારશીના ટોલામાં એક દલગીરી ભરેલો બનાવ બનેઓછે. મરનાર શેઠ ધનજીભાઇ નશરવાંનજી કામાજીની બેટી તે મી૦ બમનજી ખરશેદજી કામાજીની ધણીઆંણી, ગઇ પરમ દીને બપોરની તરેનમાં નારેલ થાઇને માથેરાંન ખાતે ગએઆં હતાં અને તાંહાં શારી તનદરોશતીમાં ઉતરવા પછી પાછલી રાતનાં એકાએક હક થાએઆછે. એ બાઇની લાશને ગઇ રાતરે ટરેનમાં અતરે લાવવામાં આવીછે.

[મુમબઇના શમાચાર, તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૬૪.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૯ માહ ૮ (ક૦) ૧૨૩૩ યજદજરદી.

જાંગીરજી એદલજી પોંહચા—હમોને જણાવવાને દલગીરી લાગેચ કે જાંહાંગીરજી એદલજી પોહોંચાજી સુમારે એક અઠવાડીઆંની માંદગી ભોગવીને ગઇ કાલ દીને શહવારનાં શવંરગવાશી થએઆછે. આ મરનાર પોતાની જુઆંનીથી એક ખરોપહરેજગાર અને રાશતી તથા ઇમાનદારી ઉપર કદમ ધરાવનાર હોવાથી તેવણ અતરેની જરથોશતી વશતીના તવંનગર કે ગરીબ, વગવાલા કે મુફલેશ લોકોમાં જાણીતા થાએલા હતા, અને તેવણનાં આએ મરણની ખબર શાંભલતાંજ દરએક શખશને આપએખતીઆરી તથા ઇમાંનદારીનો ઢડો ઇઆદ આવેઆ વગર રેહનાર નથી. એ મરનારની જીનદગીમાં હેવા ઘણાએક દાખલાઓ મલી આવેઆ હતા જેમાં પઇશે ટકે ઓછી શકતીવાલા હોવા છતાં હજારો રૂપીઆની ગેરશીતીની આવક ઉપર આડી નજર પણ કરી નથી. ઘણાએક દાખલા હેવા મલી આવશે જેમાં તેવણ પોતે ઓછી શગવડ ભોગવવા છતાં રાશતીને માટે ઘણાંએક તવંનગર અને વગવાલાઓની દરકાર ન કરતે તેવણ પોતાનાં અંતકરણ પરમાંણે ચાલેઆછે. હેવા નરો જરથોશતીમાંથી ગઇ હરવી કે પાઆ શદીમાં કેટલાએક થાઇ ગએઆ હતા ખરા, પણ હાલના જમાનામાં જણાએલા હાવા દાખલા થોડાજ હશે. આ મરનારની ઉમર નજદીક ૭૦ વરશની હતી, અને છેલલાં પખવાડીઆં શુધી તેવણે અછી તનદરોશતી ભોગવી હતી, પણ થોડાક દીવશની વાત ઉપર એકાએક પડી જવા પછી લખવાના મરજે ગલબો કરવાથી મરનાર તદન મુગા થાઇ ગએઆ હતા અને તેજ મરજમાં તેવણે પોતાનો પરાંણ આખર કરેઓછે.

[મુમબઇનાં શમાચાર, તા૦ ૩૧ મી મારચ ૧૮૬૪.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

બેહરાંમજી નવરોજજી ફરીદન—હમુને જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ ઉપજેચ કે ગએઆં અઠવાડીઆંમાં દાદર આગલ થાએલા રેલવેના બનાવમાં જખમી થાએલો ઘહરશથ બેહરાંમજી ગીલટવાલો ગઇ કાલ દીને આએ જાહાંનથી તેનો અશબાબ ઉઠાવીને મીનોહી જાહાંનમાં વાશો કરીઓછે. એ બનાવથી પારશીની કોમમાં મોટી દલગીરી પેદા થઇછે કે એ મરનાર તેની બાર

જુવાંની અને ભર ઉમેદમાં હાવા બનાવથી કમોહતે મરણ પાંમીઓછે. એથી તેનાં એશ કુટમ અને શગાંવાલાઓમાં જે માહાતમપોશી ઉઠી હશે તેનું વરનન હમો આપી શખ્તા નથી.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી આપરેલ ૧૮૬૪.]

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૦ માહ ૮ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

દસતુર જમશેદજી કાઉશજી કામદીનના અથવા ભાઈ સાહેબ દસતુર—જણાવવાને દલગીરી ઉપજેછે કે જાણીતા "ભાઇ શાહેબ દશતુર" ભરૂચ મધે ગયા મંગલવારને દીને શવરગવાશી થાએઆછે. એ દશતુર ચંચલ, અશો અને એકમારગી કેહેવાતા હતા. શો વરશની મોહોટી ઉમરે એવણ પોહોચેઆ હતા.

[સુરત મીતર, તા૦ ૧૫ મી મેએ ૧૮૬૪.]

તા૦ ૧૯ મી મેએ.

રોજ ૨૯ માહ ૮ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

ફરાંમજી બહુમનજી સેલર—હમુને જણાવવાને દલગીરી લાગેચ કે પારશી ફરાંમજી બહમનજી લકબે ફલુ લાંમબો ગઇ પરંમ દીને આગ્મે જાંહાંનથી તેનો અચબુચ વાશો ઉઠવીને પેલી જાહાંનમાં મકામ કરીઓછે. એ મરનારને કેટલાએક તાલીમબાજોએ શખત માર મારેઓ હતો જે ઉપરથી તેનો મુકરદમો કોરટમાં ગએઓ હતો અને તેની ઉપર પડેલા ઘાતકી મારને માટે તેની તરફ ફુલલે આજંમની શુચના ઉશકેરાઇ હતી. મરનાર હાડ ઘણો જબરદશત હતો પણ ચાલચલણમાં ઘણો ભલો અને નરૂમ હતો. ઘોભીતલાવ જાંહાં તે રેહેતો હતો તાંહાં શેલરોનો ઉપદરવ કમી થાએઓ હતો અને પોલીશનાં આદમીઓ ઘણી વાર તેની મદદ મેલવવાના ઉપકારમાં આવી પડેઆં હતાં. આગ્મે પરમાંણે આગત પડતે તે પોતાનું શીંહના શરખું બલ બતાવતો હતો. તેના શાથે જેહેવો નરમાશથી તે રેહેતો હતો તેહેવોજ દીલનો તે દએઆલુ હતો અને હરએક વાબ્બામાં રેહેલો શખશ તેની પાસે મદદ માંગવા જાતો તો તે પાછો ફરતો હતો નહીં. મરનાર ગઇ પરમ દીને શહેવારનાં શારી તનદરૂશતીમાં હતો. બપોરનાં તે વાંદરા તરફ મોજ કરવા ગએઓ જાંહાં કાલેરાના ભુંડા મરજે તેના ઉપર ગલબો કરીને ઘડીના વચમાં તેનો પરાંન લઇ મુકીઓ. મરનારને અવલમંજલ પોહોંચાડતી વેલાએ એક ભાહારે મીજલશ મલી હતી.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી મેએ ૧૮૬૪.]

ફલુ લાંમબો ઘણો જોરાવર, કદાવર અને પીલતન સરખો હતો. તે કલાકમાં મરી જશે એવી વકીજ નહી હતી અને જારે તેણે એવો માર ખાધેલો કે સરવે કોઇ તેનું મોહોત ધારતા તારે તે જીવીઓ હતો. ખરેખર આ મોહોતથી સરવે કોઇને ભારી અચરતી લાગેછે. તેણે જેમ હીમત અને કુવતમાં તેમજ પોતાની ભલમણશાઇમાં નામ રાખીઉછે કેમકે બીજા તાલીમવાલાઓથી ઉલટી રીતે તે શંકટની વેલા મદદ આપતો હતો તથા ગરહસથ આસાંમીને છેડતો નહી હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી મેએ ૧૮૬૪.]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

ફીરોજશાહ નશરવાંનજી નાણાંવટી—નોંધ લેતાં અમોને મોહોટો શંતાપ ઉપજે છે કે મી૦ ફીરોજશાહ નોશરવાંનજી નાણાંવટી જેઓ અમદાવાદની ડીશટરીકટમાં "શબ આશીશટંટ શેટલમેંટ આફીશર" નો ઓધો ચલાવતા હતા તેવો ગએઆ મંગલવારને દીને એડામાં કાલેરાના મરજથી મરણ પાંમેઆછે. એ દુશટ રોગનો હોમલો એવો તો જબરદશત હતો કે ખીલતી જુવાંની ને પુરતી તંદરૂશતીનો એ જુવાન તરણ ઇઆ ચાર કલાકનો અરશામો બેજાન થએઓ! મી૦ ફીરોજશાહનું મરણ ખરેખર દુખ ઉપજાવનાર હતું. કેમકે તેનાં મોહોતનાં બીછાંનાં આગલ નહી તેનો કોઇ એશી કે નહી તેનો કોઇ મીતર હતો;

અને એ મુજબ પોતાની શખત નોકરીનાં મેદાંન ઉપર તેણે પોતાનો છેલલો દમ મેલીઓ. આ માઠા શમાચારથી હીઆંની જરતોશતી કોમમાં મોહોટી ગમગીની પેદા થાઇછે. મરનારે ઇંગરેજી કેલવણી ઘણી પકી લીધી હતી અને પોતાની જાતી ચંચલાઇ તથા ઉદીઓગપણું એટલે ચઢતે દરજજેનું હતું કે તે વીશે તેવણના ઉપરીઓમાં વખતે વખત ઘણું ઉંચું મત બેઠું હતું, જેના બદલામાં થોડાક માશની વાત ઉપર ઉપલી પદવી તેવણને આપવામાં આવી હતી. તેવણનાં ઘણાં કવખતનાં મરવાથી શરકારે પોતાનો એક ઘણો ઉપીઓગી ને બેશક ઇમાનદાર નોકર ખોઇઓ છે. મરનાર મી૦ ફીરોજશાહએ પોતાનો જોખમ ભરેલો ઓધો એટલી તો ફતેહમંદીથી બજાવેઓ હતો કે ડેપીઉટી માજીશટરેટના જેવા મોહોટા ઓધાને પણ તેવણ ખચીત જેબ આપી શકતે.

[સુરત મીતર, તા૦ ૫ મી જુન ૧૮૬૪.]

31*st* *May*.

Phirozsha Nasserwanjee Nanawattee.—We regret to have to announce the death on Wednesday, the 1st instant, at Kaira, of Mr. Feerozshaw Nusserwanjee Nanawuttee. The deceased was an Assistant in the Guzerat Alienation Department, and as such was of much value to the "Settlement" business. He was in the prime of youth, being only twenty-four years of age. He fell a victim to cholera.

[*Bombay Gazette, 4th June* 1864.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૨૩૩ યજદજરદી.

જીવાજી રતનજી અકલેસરીઆ—હમુને જણાવવાને દલગીરી ઉપજેચ કે પુણાંની છાવની મધે રેહનારો એક પારશી ગહરશથ જીવાજી રતનજી અકલેશરીઆએ ગએઆં અંઠવાડીઆંમાં આ જાહાંનથી તેવણનો અશબાબ ઉઠાવીને મીનોહી જાહાંનમાં વાશો કરીઓછે. મરનારની ઉમર ૭૦ વરશની હતી અને અંગરેજનું રાજ પુણાંમાં થાએઉં તેની અગાઉ પેશવાઇ રાજમાં એ શેહરમાં તે રેહેલો હતો. મરનાર ઘણો ખુબીવાલો હતો—અને તેનાંમાં એક ગુણ હતો, જે પુણાંના ઘણાખરા જરથોશતીઓમાં જોવામાં આવતો નથી તે એ કે તેવંણે પોતાની નીએમ જાલવીને બુરા હવશોને કોઇ વાર તાબે થાએઆ હતા નહી. હોવા અશો શખશનાં મરણથી પુણાંની જરથોશતી વશતીમાં મોહોટી દલગીરી પેદા થાઇછે. તેવણનાં ઉઠમનાંની ફીરીઆમાં જુદાં જુદાં ધરમખાતાંઓમાં તેવણનાં શગાઓએ રૂપીઆ બે હજારને આશરે ભરીઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુન ૧૮૬૪.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૧૯ માહ ૨ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

મનચેરશાહ દીનશાહજી ગાંધી—હમુને જણાવવાને દલગીરી ઉપજેચ કે આપણી ટાપુમાં જાણીતા થાએલા પારશી વેપારી શેઠ દીનશાહ દાદાભાઇ ગાંધીના છોકરા મનચેરશાહનાં મરણના દુખદાએક શમાચાર ગેઆલીથી તારની મારફતે મલીઆછે. મરનાર પોતાના પીતાની પેહડીનો વહીવટ ચલાવવા ચીન ગએઓ હતો. એ જાગાએ લાંમબો વખત રેહેવા પછે બીમારીના શબબથી તે અતરે પાછો ફરતો હતો એટલામાં મોહોતે આએ દુનીઆંથી તેહને ઉંચકી લીધોછે. મરનાર ઘણો બાહોશ અને શારી ચાલચલંણનો હોવાથી તેનાં કુટંમ પરીવાર અને દોશત આશનાવમાં તેનાં મરણથી મોહોટી દલગીરી ઉપજીચ.

[જામે જમશેદ, તા૦ ૭ મી ડીસેમબર ૧૮૬૪.]

10*th* *November*.

Munchersha Dinshaw Ghandy.—We regret very much to learn that information was received in Bombay through Galle, about five days ago, of

the demise of Mr. Munchershaw, son of Mr. Dinshaw Dadabhoy Ghandhee, a respectable merchant of this city. The deceased had been to China as manager in the firm of his father.

[*Bombay Gazette, 6th December* 1864.]

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૨૪ માહ ૨ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

બેજનજી ફરાંમજી નાજર—મી૦ બેજનજી ફરાંમજી નાજર—જણાવવાને દલગીરી ઉપજેછે કે આ ગરહસથ અમદાવાદ ખાતે મરણ પાંમીઆછે. મરનાર અમદાવાદની જેલના નાજરની પદવી ધરાવતા હતા અને તેણે એ જેલને એવી તો સરસ હાલતમાં લાવી મેલી હતી કે સતાવાલાઓમાં તે એક નમુનાની જેલ ગણાતી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી નવેમબર ૧૮૬૪.]

15th November.

BEZONJEE FRAMJEE NAZIR.—On the 15th of November, Mr. Bazenjee Framjee, for many years Nazir of Poona, was released from all the cares and toils of existence. As an old citizen of Poona, his death requires something more from us, than a mere obituary notice. He was, moreover, a remarkable man, in many respects; and had done in times of emergency, the State, good service. Entering the judicial department of Government as a Moonsiff, some fourteen, years ago, he rose rapidly to the notice of his superiors, who perceived in him qualities far above the average. Possessing the esteem and friendship of such men as Warden, Hebbert, Forbes, Newton, Cameron, Ogilvie, and Wishe, it must be obvious that he was not only an able but an upright man Sagacious, prompt, and enterprizing his services during the years of the Indian revolt, were invaluable. Indeed we have no hesitation in saying, that if he had been less retiring in his disposition, he would have held some higher appointment than he did, when he was stricken down in the prime of life. He, however, died in harness—and like a soldier at his post. This fact, and the remembrance of the many meritorious acts which he performed during his life-time will, we hope, induce Government to take into favourable consideration the circumstances of his widow. No one knows better, than Sir Bartle Frere, that the pay of a Nazir is altogether inadequate to enable any officer of education and respectability to make even the smallest provision for the future. Mr. Bazenjee looked forward to promotion, and the consequent increased rates of pay, to enable him to do something for his family, but he has been cut down prematurely. We beg, therefore, to remind the State of the good work which the late Mr. Bazenjee performed, on but poor pay—especially, when we come to consider the position he held. To render his widow's case still more painful, his eldest and we believe his only son, is now in England, acquiring that practical knowledge of Anglo-Saxon manners and customs, which can best be obtained by means of a visit to the British Metropolis.

[*Deccan Herald, 21st November* 1864]

તા૦ ૨૨ મી નવેમબર.

રોજ ૧ માહ ૪ (કે૦) ૧૨૩૪ યજદજરદી.

નાનાભાઈ ડોશાભાઈ મામાના—ફલાણી મામાના ડોશાભાઈનો લાએકીવાલો પુતર ભાઈ નાહનાભાઈ તાવના બુરા મરજથી શેહજ માંદગી ભોગવીને ગેઇ પરમ દીને હક થાએઓ

છે. એ ધરહશથ નમાનો, મીલનશાર અને વખાંણવાજોગ ચાલચલણનો હતો, જેહેના અચાનુચ મરણથી તેહેનાં બોહલાં કુટંબ અને મીતરોમાં દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૬૪.]

તા૦ ૨૬ મી નવેમબર.

રોજ ૫ માહ ૩ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

હોરમજજી દોરાબજી પટેલ—શેઠ હોરમજજી દોરાબજી પટેલ, જેઓ ચાલતા માહીનાની તારીખ ૨૬ મીને દીને હક થાએઆ તેઓનાં ઉઠીઆણાંની કીરીઆ: ગેઇ કાલ દીને થાઇ હતી, તે વખતે મરનારનાં એશીઓએ તેઓનાં પુનને શારૂં જુદાં જુદાં ધરમખાતાંઓમાં ૨૧૫૦ રૂપીઆ ધરમ ખાતે આપેઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી નવેમબર ૧૮૬૪.]

તા૦ ૨૯ મી નવેમબર.

રોજ ૮ માહ ૪ (ક૦) ૧૨૩૪ યજદજરદી.

કાવશાશાહ ખરશેદજી બુમલા—ગીએ વરશ આતરેથી શેઠ બેહેરાંમજી હોરમજજી કામાંની લંડન ખાતેની પેહેડી ઉપર ગએલા મી૦ કાવશા ખરશેદજી બુમલાનાં મરણના દુખદાએક શમાચાર છેલા મેલ શાથે આવીઆછે. હેવું કેહેચ કે જે દીને મુમબઇથી એ ધરશથની બાએડીનાં મોહોતનાં કાગલપતરો તાંહાં પુગાં તે દીને તેહેનું મરણ થાઆથી આએ કમનશીબ જોડું એકબીજાંનાં મોહોતથી અંનજાંણું એક માશમાં ગુમ થાઇઉં હતું. મરનાર મી૦ કાવશા એકમારગી તેમ વેપારનાં કામમાં શારી માહીતગારી ધરાવતો હતો. એ ધરશથનાં અચાનુચાં મરંણથી કુમલાં બાલકોના હકમાં મોહોટી ખરાબી થાઇછે કે એક ગંમથી પોતાની મઓતરને ખોઇ બેશતાં બીજી ગંમથી પોતાનો પેઆરો બાપ અશબાબ ઉઠાવી જવાની ખબર આવીછે.

[મુમબઇનાં ચાબુક, તા૦ ૩૧ મી ડીશેમબર ૧૮૬૪.]

29th November.

Cowassha Cursetjee Boomla.—We regret to learn that intelligence of the demise of Mr. Cowasjee Khursetjee Boomla was received in Bombay by the last mail. The deceased was employed in the firm of Messrs. Byramjee Hormusjee Cama and Company in England.

[*Bombay Gazette*, *29th December* 1864.]

ઈ૦ સ૦ ૧૮૬૫.

તા૦ ૨૩ મી જાનેવારી.

રોજ ૩ માહ ૫ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

ડોશાભાઈ એદલજી બાકસટર—આપણી ટાપુના લોકોમાં જાણીતો અને લીલાંઉખાંનાંવાલો પરખીઆત વેપારી શેઠ ડોશાભાઇ એદલજી બાકશટર બેચાર દીવશની માંદગી ભોગવીને આ ફાંની દુનીઆંમાંથી ગેઈ કાલે શાંહજે બીનોઈ આલમમાં કુચ કરી ગએઓછે, જેહનાં મરણથી તેહનાં બોહલાં કુટમબ અને ઘણા મીતરોમાં દલગીરી ઉપજી હશે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૬૫.]

23rd January.

Dossabhoy Eduljee Baxter.—We regret to record the death of Mr. Dossabhoy Eduljee Baxter, on Monday evening last. The deceased was the head partner of a well known auction firm in Bombay, and for some time kept extensive commission rooms in Meadow Street for the sale of carriages.

[*Times of India, 25th January* 1865.]

તા૦ ૨૬ મી જાનેવારી.

રોજ ૬ માહ ૬ (ક૦) ૧૨૩૪ યજદજરદી.

બેહરામજી ડોશાભાઈ પારેખ—શેઠ બેહેરામજી ડોશાભાઇ પારેખ નામના અતરેના એક જાણીતા ગરહસથનું ગયા ભરેસપતવારને દીને અચબુચું મરણ નીપજેઉં હતું; જેથી પારશીની કોમમાં દલગીરી પેદા થાઇછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૨૮ મી જાનેવારી ૧૮૯૫.]

જાનેવારી.

બાહમનજી કાવશજી તબાક—હમુંને જણાવવાને દલગીરી લાગેચ કે પારશી બહમનજી કાવશજી તબાકનાં શુરત ખાતે દુખદાએક મરણના શમાચાર ફરી વલીઆચ. એ ગહરશથનુ શેરનું કેટલુંએક નાણું લઇને કોઇ એક વાણીઓ નાહાશી ગએઓ હતો જેની પછવાડે તે શુરત ગએઓ. રશતામાં ધાશતીથી તેનાં પેટ છુટી ગએઆં અને શુરત પોંહચતાંતેને પોતાનો પરાંન તે કીરતારને શોપીઓ. આ માઠા બનાવથી એ ગહરશથનાં કુટંમ અને દોશત આશનાઓમાં ભાહારે દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જાનેવારી ૧૮૯૫.]

તા૦ ૨૫ મી મારચ.

રોજ ૪ માહ ૭ (શે૦) ૧૨૩૪ યજદજરદી

ફરામજી બેહરામજી પાલીસવાલા—એક ગરીબ પણ ભલમનશાઇ ભરેલા અને શલેશ પારશી ગરશથનાં મરતીઉકની નોધ હમારેથી લેવાને બનીઉં ન હતું તેથી હમો દલગીર છઇએ. મરનાર ગરસથ ફરામજી બેહેરામજી પાલીશવાલા લાંબી માંદગી ભોગવીને રોજ ૪ થો માહ ૭ મો હક થએઆછે. આ ગરશથ એકમારગી હતા પણ તેવણુની શલેશાઇથી તેવણે ઘણીજ બેહોલી ઓલખાંણ મેલવી હતી, તેથી તેવણનાં મરણથી ઘણા મીતરોને દલગીરી ઉતપન થાઇછે.

[મુમબઇ સમાચાર, તા૦ ૨૬ મી મારચ ૧૮૯૫.]

તા૦ ૨૦ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૭ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

શાપુરજી બેહરામજી દાદાભાઈ રેજીસ્ટ્રાર—ખંડાલા અને પુણાંના આગલા ફોજદાર તથા હાલનાં આકટીંગ રેજીસટરાર મી૦ બેહરામજી દાદાભાઇનો આસરે બાર વરસની વએનો એક નાહાનો છોકરો બાઇ શાપુરજી ગએઆ ભરેસપતવારને દીને બુરા કોલેરાનો ભોગ થાઇ ફકત બાર કલાક હેરાંનગતી ભોગવી આ જીહાંન છોડી ગએઓછે. આ નાના છોકરાનું મરતીઉક હમે અતરે પરગટ કરીઉંછે તે હમારા વાંચનારાઓને કદાચ લગાર નવાઇ જેવું લાગશે, પણ હમારી નજર હજુર જે આ સુપના સરીએ બનાવ બની ગએઓછે તે ઉપરથી હમારાં મન ઉપર જે અસર થઇછે તેથી હમોને આટલી જગા એ ઉપર રોકવાને ફરજ પડીછે. મરનારની ઉમર જોકે બાર વરસ કરતાં વધારે નહીં હતી, તોપણ તેની ચંચલાઇ, તેની બાહોશી અને ટુકાંમાં કહીએ તો તેની તમામ ચાલચલણ એવી હતી કે પાંચ લોકોમાં એક દાનાવ શખ્સ તરીકે તે પસાર થઇ જતો હતો. વીદીઆ અભીઆસ પાછલ પણ આ નાના છોકરાનું દીલ જે રીતે લાગેલું હતું તે ઉપર નીગા પુગાડતાં હમોને ખરેજ તાજુબી ઉપજેછે. અતીઆરથી આ છોકરાએ મોડી, મરાઠી તથા ગુજરાતી ભાશાનો સારો અભીઆસ કરવા ઉપરાંત કેટલોક ઇંગરેજી ભાશાનો અભીઆસ પણ કરેઓ હતો. આ સઘલી કેફીઅતો ઉપરથી આ જવાંન કુમલાં બાલકનું મોહોત હમોને ઘણું ગમગીની ભરેલું થઇ પડીઉંછે, ને તેમજ તેનાં માતપીતા તથા બોહોલાં સગાંવાહાલાંઓને જબરદશત જખમ લાગોછે. ગઇ કાલે મરનારનાં ઉઠમણાંની ફીરીઆમાં મી૦ બેહેરામજીએ ૩૧૫૦૦) ની રકમ ધરમ ખાતે આપીછે.

[સત્ય દીપક, તા૦ ૨૨ મી આપરેલ ૧૮૯૫.]

તા૦ ૩ જી મેએ.

રોજ ૧૩ માહ ૮ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

હોરમજજી પેશતનજી બાટલીવાલા—હમોને જણાવવાને દલગીરી તેમજ શંતાપ ઉપજેચ કે શેઠ હોરમજજી પેશતનજી બાટલીવાલા પોતાની ૭૪ વરશની બુજરગીએ પોહોંચી તરણ ચાર દીવશની માંદગી ભોગવી ગએઆ બુધવારની રાતનાં ૯ કલાકે શવરગવાશી થાએઆછે. આએ મરનાર ઘહરશથ આજ લાંબી મુદત થાઇ મુમબઇ મધે અગરેજી શામાંનનો વેપાર કરતા હતા જેમાં તેવોએ શેવટ તુલક દેઆનતદારી વાપરી હતી. મરનાર શવભાવે શાલેશ, જાતે વીશી, દીલે દએઆલુ હતા જેથી લાંબી મુદત શુધી વેપાર ચલાવતાં તેવોએ કોઇનેબી પોતા ઉપર દોશ મુકવાનું કારણ આપીઉંતું નહી. આએ મરનાર ઘહરશથે આજ લાંબી મુદત થાઈ પોતીકા નેઆતીલાવોના જાહેર વપરાશને માટે એક ઓટલો એતવારી મધે બાંધેઓ હતો જે આજ શુધી વપરાતો આવેચ. આએ મરનાર જોકે પુરી જઇફીએ પુગી શવરગવાશી થાએઆચ તોપણ તેમની લીઆકાત અને ભલાઇ તેમનાં એશીઓ, પીછાંનવાલાવો, અને પારશીઓ એકાએક વીશરશે નહીં.

[મુમબઇ ચાબુક, તા૦ ૬ થી મેએ ૧૮૬૫.]

3rd May.

Hormasjee Pestonjee Bottlewalla.—We regret to announce the death of Mr. Hormusjee Pestonjee Bottlewalla, a respectable Parsee merchant of this city. The deceased died on the night of Wednesday last at his residence in the Fort.

[*Bombay Gazette, 5th May* 1865.]

તા૦ ૯ મી મેએ.

રોજ ૧૯ માહ ૮ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

ડોશાભાઈ મેહરવાંનજી વાડીઆ—મરહુમ શેઠ ડાશાભાઇ મેરવાંનજી વાહાડીઆ—

કુદરતી બંધાએલા કાએદા શદા ભરંમથી પુર અને હરેક રીતની ખાંમીથી પુર છે, તેમાં શક નથી. મોહોતબી એક કુદરતી કાએદો છે, અને તેને તાએબે થવુ તેમાંજ ઇનશાનને ફાએદો છે. મોહોતશે હરીફાઇ કરવી તે ગોઆ કુદરતશે બરાઇ કરવા જેવું છે—મોહોતથી બીહવું તે ગોઆ જીંદગીમાં રીબવું છે. જેમ ઉપાએથી મોહોત દરતું નથી તેમ બીહીધાથી તે હટતું નથી. આ શંશારમાં નહીં મટે અને નહીં હટે એવી ચીજ તે મોહોત છે. જો ઇનશાંન શમજે કે મોહોત શું ચીજ છે, તો ત તેને ભએઅંકાર નહીં લાગે, પણ તે અણજાણી અને અનદીઠ ચીજ હોએઆને લીધે બહુ બદકાર અને શેતમગાર લાગેછે. અકલની આંખે જોતાં એ ચીજ એવી નથી કે જે જો, શમજાઇ શકાએ તો આપણથી તેનો ધીકાર થઇ શકે. જો કોઇ ઇનશાંન આ દુનીઆંમાં કોઇબી ચીજ પોતાની છે એવું બોલે તો ખરેખર ત ચીજ તે મોહોત છે. જેને કોઇ ઉપાએ લાગુ ન પરે, તેનો ઉપાએ તે મોહોત છે—અને જેની કોઇ વઇદ દવા નહીં કરે તેનો વઇદ તે મોહોત છે. માંણશનો ભખશ કરનાર ખરો રાખશ તે મોહોત! અને તે રાખશ હર જગોએ અને હર વખતે ભમતો ફરેછે તે જાણતાં છતાં ઇનશાંન પોતાની જીદંગી અકશર કરી ગફલતાઇ અને મુરખાઇ તથા બદકારી અને ગોનેહગારીમાં કાહાડેછે, એ વાત બહુ અજબ છે. જો મોહોત નહીં હોએ તો જીંદગીમાં મહજા હોએજ નહીં—અને જો મોહોત બંધ પરે તો જીવતાંઓ મોહોત માંગવા વગર રેહેજ નહી, એ એક ગુંચવારો છે કે જેનાં ખોલાશા પાછલ અકલ હેરાંન ને તદબીર પરેશાંન છે. બીજા લોકોને હેશાંનથી રીબતાં અને મોહબતથી રરતાં રાખી મરવું, એ શોઆ તે મરનારની પરોપકારી અને શોભા છે—પણ પોતાની પાછલ જીવતાંઓને હશતાં રાખી મરવું, તે ખરેખર બદકારી અને જફા છે.

હવે હમો આ હમારાં લખવાની અશલ મતલબપર આવીએછે. તે અશલ મતલબ તે

આ બાબદને મથાલે જણાવેલાં મુબારક નામનો ગહરશથ છે, કે જેવણ તા૦ ૯ મી મેએ ૧૮૯૫ ને દીને બપોરે કલાક તરણને અમલેથી "મરહુમ" નામથી જણાતાં લોકોની શંફમાં દાખલ થએઆછે, એવું જણાઇ શકાયછે, શબબ કે "મરહુમ" અથવા પેલી દુનીઆંનાં શુખવાશી લોકોની શંફમાં દાખલ થવાના જે ગુણો અને ખવાશો આ દુનીઆં તજી જનાર ઇનશાંનમાં જોઇએછે તે ગુણોથી મી૦ ડોશાભાઇ મેરવાંનજી વાડીઆ ખાલી નહી હતા એવું તેવણનો મુદઇ વતીકબી (જો કોઇ હોએ તો) કહી શકે. મોહોત પછે બુરાને વગોવવું—અથવા ભલાને વખાણવું એ એક દુનીઆઇ રીત છે, અને તે રીત મુજબ અમલ કરવાની તેનાં જાણીતાઓની અથવા અતલગીઆઓની ફરજ છે, અને તે ફરજ મુજબ હમો આ લખી હમારા વીચાર જણાવીએછે કે મરનાર શેઠ ડોશાભાઇ ખરેખર ઘણીજ શારી લાએકી અને શાએશતગીવાલા શખશ હતા. ગહરશથપણું અને અશરાફપણું છેક—માથાંનાં ટાલકાંથી તે પગનાં તલીઆં શુધી એ ગહરશથમાં હતું, અને ગરવ અને ગોશાનો જોશો ગોએઆ કુદરતેજ એ મરનારને બખશેલો નહી હતો. ગરીબને મોહબતથી ચાહવું—અને તવગરને મરવતથી રીજાવવું—તથા મીતરને આદરમાંનથી પુર—અને મુદઇને હેશાંનથી દુર કેમ રાખવો તેની શહમજ એ મરનારમાં પુરેપુરી હતી. પોતાનાં તનથી પહરેજગારી—અને મનથી દીનદારી—તથા ધંધામાં ઇમાનદારી—અને શહમજમાં હોશીઆરી ધરાવી, રોજીમાં રશકશ અને કામકાજમાં જશ મેલવતાં નાંધલી હાલતમાંથી મોહોટી હાલતુવારા અને ચાકરીથી નીકલી શેઠાઇ ભોગવનાર થએઆ હતા—એ બનાવ હરેક દુનીઆઇ શખશને તેમાં ખશુશ કરી તેમનાં ફરજંદોને એક નશીહત આપનાર ઘડો છે. કુદરતથીજ મોજીલો શભાવ—અને શોકીલો મીજાજ હોએઆને લીધે રંગરાગ ને ગાએણની રમત, તથા એશઆરાંમ અને ચેનની ગમત, એ મરનાર શેઠીઆને બહુ પેઆરી હતી. હરદમ દીલગુરદો કુશાદ રાખી દીનના કાએદા મુજબ ખોદાની ઇબાદ કરી—હરએક બનાવશર નીરાશીને દુર, અને શોકરગુજારીથી પોતાનું હઇઉં ભરપુર રાખવાની તબે આએ ખરા ગુણવંતા ગહરશથની હતી. ઘભરાતાને ધીરજથી દુર કરવો, આકલાને શહમજથી ઠંડો પારવો, બુરાઇનો બદલો ભલાઇથી વાલવો—અને તકશીરવારને નરમાઇથી મારવો—એ શીફતો તેવણમાં એટલી હતી કે તે વીશે કશું લ બાન બેઆંન થઇ શકતું નથી. એવા ખુબીવંતા ગહરશથની જુદાઇથી તેના દોશતોનાં જીગરોમાં ગુણની ઇધાંની અને બેશીઓનાં ઘેરોમાં માહેતમ અને પરેશાંની નજર આવે તેમાં નવાઇ શું !

[મુમબઇ સમાચાર, તા૦ ૧૩ મી મેએ ૧૮૯૫.]

તા૦ ૯ મી મેએ.

રોજ ૧૯ માહ ૮ (શે૦) ૧૨૬૪ યજદજરદી.

ડોશાભાઈ મેહરવાંનજી વાડીઆ—આપણી ટાપુના જાણીતા વેપારી અને શગલી કીશમના ધંધાદારીઓને જાણીતા પારસી ઘરહશથ વાડીઆજી શેઠ ડોશાભાઇ મેહરવાંનજી માંતરે છઆ દીવશ શુધી તાવના મરજથી માંદગી ભોગવીઆ પછે ગેઇ પરમ દીને પાછલા પોહરનાં આ જાહાંનથી અશબાબ ઉઠાવી આકાશવાશી લોકોમાં જાઇ વાશો કીધોછે. આ પારશી ગરહશથ એક નામીચો વેપારી અને ખરા શખુનનો, ધીરા શવભાવનો અને નમનતાઇવાલો પુરશ હતો, અને પોતાના મજહબ ઉપર શાચા એતેકાદથી પરહેજગારીપણાંથી ચાલતો હતો. હેવા એક શાચા, શુધા અને પરેહજગાર ઘરહશથનાં મરણથી હેનાં બોહલાં કુટુંબ અને દોશત મીતરોમાં મોટી ગમગીની પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી મેએ ૧૮૯૫.]

9th May.

DOSSABHOY MERWANJEE WADIA.—We regret to announce the death of Mr. Dossabhoy Merwanjee Wadia.

He was the senior partner of the firm of Dossabhoy Merwanjee & Co., and had been in active business in Bombay for thirty-five years. The commercial standing of the firm reflected great credit upon the sagacity of its head.

[*Times of India*, 27*th May* 1865.]

તા૦ ૧૧ મી જુન.

રોજ ૨૨ માહ ૯ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

એદલજી ફરાંમજી આલબલેસ—જણાવવાને દલગીરી ઉપજેછે કે શેઠ એદલજી ફરાંમજી કરાંણી જેવણ શેઠ એદલજી આલબલેસને નામે સરવે ઠેકાણે ઓલખાતા હતા તેવણ ગએઆ રવીવારની પાછલી રાતે ૮૦ વરસની જઇફ અને બુજરગી ભરેલી ઉમરે આ ફાંની જીહાંનથી કુચ કરી ગએઆછે. એ મરહુમ ગરહસથ ઘણી ગરીબી હાલતમાંથી પોતાનાં ઉદીઓગે વધીને તવંગરી હાલતમાં આવીઆ હતા અને આગત કરીને પારસીઓમાં માન તથા મરતબાને પોહોંચીઆ હતા. તેવણે મુખીઅ વેપાર ચીન તરફ ચલાવીઓ હતો, જાંહના જુના અને આગલા વખતનાં વેપારીઓમાં તેવણ એક હતા. તેવણ સવભાવે ઠંડા, સમજુ તથા મીલનસાર હતા તથા ધરમ અને ટોલાની રાહારસમોને ઘણાં દીલગુરદાથી વલગી રહેઆ હતા. પોતાની પાછલ તેવણ એક મોટો અને બચરવાલ કબીલો મેલીને જીંદગીનાં પાછલા દાહાડાઓમાં પુરતું સુખ ભોગવી તેવણ હક થએઆછે.

[શરત ગોફતાર, તા૦ ૧૮ મી જુન ૧૮૬૫.]

11*th June*.

Eduljee Framjee Allbless.—We regret to record the death of an old and respected member of the Parsee community, Mr. Eduljee Framjee Albarras, who died at his residence in the Fort yesterday morning at the advanced age of 80 years. The deceased had extensive business relations with China and other places.

[*Times of India*, 13*th June* 1865.]

તા૦ ૪ થી જુલાઇ.

રોજ ૧૫ માહ ૧૧ (ક૦) ૧૨૩૪ યજદજરદી.

શુનાંબાઈ તે મરહુમ નશરવાંનજી દાદાભાઈ ગામડીઆનાં વીધવા—હમારા વાંચનારાઓ જાણી ચુકાછે કે આપણી વશતીમાં જાણીતા થએલા શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં માતાજી બાઇ શુનાંબાઇએ ગએઆં અઠવાડીઆંમાં આ જીહાંનમાંથી પોતાનો વાશો ઉઠાવી બેહેશતી લોકોમાં પોતાનો મકાંન કરીઓછે. આ મરનાર બાઇ કેટલુંક થાઉં માંદગી ભોગવતાંજ હતાં તેમાં ગઆ મહીના બે થઆ એઓ ઉપર દરદનું જોર વધારે લાગુ પડીઉં હતું. આ મરનાર બાઇની ઉમર ૮૦ થી ૮૫ વરશની જાણવામાં આવીછે એટલી ઉમરે મરતી વખતે એ બાઇને કેહવો શંતોશ હતો તે નીચલી વીગત ઉપરથી તુરત ધીઆનમાં આવશે—કેહેછે કે એ બાઇથી ઉતરેલી ઓલાદમાં હાલે છોકરા તથા છોકરી મલી ૯૩ આ શામી હાલે જીવતાં છે, તેમજ વલી તેમની નજર આગલ ૧૯ વહુઓ અને ૧૮ જમાઇઓ મોજુદ હતાં. ઇઆને પોતાની ઓલાદથી ઉતરેલાં ૯૩ તથા લગન શંબંધથી જોડાઇને પોતાનાં ખાંનદાંનમાં દાખલ થએલાં ૩૭ મલીને કુલ ૧૩૦ નાહનાં મોટાં બચાં છોકરાંનો બોહોલો ખટલો પોતાની પાછલ હઇઆત મુકી મોટા શંતોશથી એ બાઇએ પોતાનો પરાંણ પોતાના પેદા કરનારની હજુર ધરીઓ હતો. ખરેખર આવી ભાગેશાલી બાઇઓ થોડીજ જોવામાં આવીછે જેઓએ મરતી ઘડીએ આ મુજબનો શનતોશ લીધો હોએ.

હમારી પારશી બાનુઓની લઢણ મુજબ તેમની બોલીમાં હાલ હમો એટલુંજ ઇછીએછે કે આ મરનાર ભાગેશાલી બાઇનું બીહીશ્ત હમારી કોમની બીજી ઘણીક ઘરડી બોઢી ડોશીઓને થાએ, ને તેઓ પણ એ મરહુમ બાઇને બીહીશ્ત શવાઇથી વધારે બચાંકચાંની મોટી વશતીવાડી આબાદ મુકી, આ ફાંની દુનીઆંમાંથી મલી આવતું તમામ

શુખ ભોગવી આ જીહાંનથી પોતાનો અશબાબ ઉઠાવે.

[મુમબઈ આબુક, તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૬૫.]

તા૦ ૨૧ મી જુલાઇ.

રોજ ૨ માહ ૧૧ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

શોરાબજી અરદેસર પુણેગર—શદાશીવગદથી વીજલીના તારમાં હેવા શમાચાર મલીઆચ કે તે તરફ વેપારને માટે ગએલો જુવાન ગહરશથ મી૦ શોહોરાબજી અરદેશર પુણેગર મરણ પાંમીઓચ. આથી એ ગહરશથના દોશત આશનાઓમાં મોહોટી દલગીરી પેવશ થાઇચ.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૬૫.]

જુલાઇ.

નવરોજજી કાવશજી ઘડીઆલી—હમુને જણાવવાને બેહદ દલગીરી લાગેચ કે ચીનના મેલની ગીઆલી બાતે આવેલી ઇશટીમર શાથે તારનો એક શંદેશો મલીઓચ કે શંગાહી તરફ મીશીઅરસ નશરવાંનજી રતનજીની કંપણીની તરફથી ગએલો જુવાંન ગહરશથ પારશી નવરોજજી કાવશજી ઘડીઆલી તે તરફ થોડાએક દાહાડાની માંદગીમાં મરણ પાંમીઓછે. આ નોજવાંનનાં મરણથી તેનાં બોહોલાં કુટંમ અને દોશત આશનાઓમાં મોહોટી દલગીરી પેદા થાઇચ—કેમકે મરણાર શીઆનો, ચબરાક, અને જાતી ગુણ ધરાવનારો હોવાથી ઘણાએકોમાં પીઆરો થાઇ પડીઓ હતો.

[જામે જમશેદ, તા૦ ૫ મી આગશટ ૧૮૬૫.]

તા૦ ૨૬ મી જુલાઇ.

રોજ ૭ માહ ૧૧ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

વીરબાઈજી તે મરહુમ નવરોજજી નશરવાંનજી હાથકાપુનાં વીધવા—ગુજરાત તરફ જરતોશ્તીઓ મોટી ઉમર ભોગવેછે પણ તેનાં દાખલા વરતમાંનપતરોમાં નહી આવેઆથી તે વીશે આપણે અનજાણેઆ રેહજીએચ. ગએઆ માશની તા૦ ૨૬ મીએ શુરતનાં શઇઅદપુરામાં નવરોજજી નોશરવાંનજી હાતકાપુનાંની ધણીઆંણી વીરબાઇજી ૧૦૭ વરશની લાંમબી મુદતે મરણ પાંમેઆંચ.

[મુમબઇ આબુક, તા૦ ૫ મી આગશટ ૧૮૬૫.]

તા૦ ૧૪ મી આગશટ.

રોજ ૨૬ માહ ૧૧ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

દાદાભાઈ બેહરાંમજી, પુણાં આબજરવરવાલા—પુણાં આબજરવરના માલેક શેઠ દાદાભાઇ બેહરાંમજી ગએઆ શોમવારની રાતનાં ૯ કલાકે આ ફાંની દુનીઆ છોડી શવરગવાશી લોકોમાં જાઇ રહેઆછે.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી આગશટ ૧૮૬૫.]

14*th August*.

Dadabhoy Byramjee Poona Observerwalla.—It is with feelings of no ordinary regret that we have to announce the death of Mr. Dadabhoy Byramjee, the pioneer of English journalism in the Deccan. It is true there had been a paper in Poona, previous to the advent of the *Observer*, but it was a small sheet, full of Camp gossip, and rarely contained any article of interest, to any one, residing beyond the limits of the station. The honour of establishing a really first class paper, in the ancient Capital of the Mahrattas, undoubtedly belongs to the genial-hearted old gentleman, who, full of heart and honours, has just passed from amongst us.

[*Deccan Herald*, 16*th August* 1865.]

તા૦ ૩૧ મી આગશટ.

રોજ ૧૩ માહ ૧૨ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

ગુલબાઈ તે સર જમશેદજી જીજીભાઈ બારોનેટનાં બેટી—હમોને જણાવવાને દલગીરી ઉતપન થાએચ કે આપણા હાલના જુવાંન હીંદી ઉમરાવ શર જમશેદજી જીજીભાઇ બારોનેટની ૨૧ વરશની ઉમરની દીકરી

બાઇ ગુલબાઇ ઘણા દાહાડાની તાપની માંદગી ભોગવી ગેઇ કાલની શાંહાંજનાં મજગાંમ કાશટલમાં બેહેશતનશીન થાએઆછે, જેથી એ મરનારનાં બોહલાં કુટંમબમાં ભારે દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી સપટેમબર ૧૮૬૫.]

31st August.

Goolboy, Daughter of Sir Jamsetjee Jeejeebhoy Bart.—We regret very much to announce the death of Goolbaee, one of the daughters of Sir Jamsetjee Jeejeebhoy, Bart. The sad event occurred on Thursday last at the residence of her father, "Mazagon Castle."

[*Bombay Gazette*, *2nd September* 1865.]

તા૦ ૧૦ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શે૦) ૧૨૩૪ યજદજરદી.

ફરાંમજી બહમનજી પાલખીવાલા—જણાવતાને દલગીરી લાગેચ કે અતરેની કશટમનો અપરેજર મી૦ ફરાંમજી બમનજી પાલખીવાલા ગઇ પરમ દીને આ જેહાંનથી અશબાબ ઉઠાવીને મીનોહી જાહાંનમાં વાશો કીધોચ. મરનારે શરકારની નોકરી ઘણો લામબો વખત વેર કરી હતી અને શંઘલી વખતે શારી ચાલાકી અને ઇમાનદારીની પુરવારી આપી હતી જેથી તેના મોહોટાઓનો પીઆર તેના ઉપર ઘણો હતો.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૬૫.]

તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૨૩૫ યજદજરદી.

દાદાભાઈ પેશતનજી આલપાઈવાલા—હમોને જણાવવાને મોહોટી દલગીરી લાગેછે કે આપણી ટાપુને જાંણીતા પારશી ઘરહશથ શેઠ દાદાભાઇ પેશતનજી આલપાઇવાલા ગઇ કાલે શાંજનાં પોતાનાં રેહવાનાં મકાંન મધે થોડાએક દાહાડાની માંદગી ભોગવી આએ જાંહનમાંથી મીનોઇ જાંહનમાં જાઇ વાશો કીધોછે. મરનાર જાતે ઘણા નમાના અને પારશી આલમને જાણીતા હતા. એ મરનારનાં મરણથી તેવણનાં બોહોલાં કુટંબને તથા દોશત આશનાવોમાં ભારે દલગીરી ઉપજશે. મરનાર આશરે પનચીઆશી વરશની ઉમરના હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૬૫.]

13th October.

Dadabhoy Pestonjee Alpiewalla.—We regret to record the death, last evening at his residence in the Fort, of Dadabhoy Pestonjee Alpiewalla Esq., one of the oldest and most respected merchants of Bombay, at the advanced age of eighty-five. The deceased was one of the pioneers of British trade with the coast, and Alleppie, and derived his surname from the latter. He held business relations for many years with the wealthiest Parsee merchants of the island.

[*Times of India*, *17th October* 1865.]

તા૦ ૨૮ મી નવેમબર.

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૨૩૫ યજદજરદી.

બરજોરજી નશરવાંનજી ગોટલીબાજ—

હાંગકાંગ, તા૦ ૩૦ મી નવેમબર ૧૮૬૫.

જત લખવા અરજ એ છે જે મી૦ બરજોરજી નશરવાંનજી ગોટલીબાજ નામનો આસરે ૪૫ વરશની ઉમરનો એક પારસી ગરહસથ આરે દલાલીનો ધંધો કરતો હતો તે તા૦ ૧૭ મી નવેમબર ૧૮૬૫ ને દીને રાતનાં પોતાનાં શરેશતાને વખતે પોતાનાં બંગલાનાં બારી બારણાં કલ કુંચીથી ચોકસ બંધ કરી પોતાનાં બીછાનાંપર નીરાંતે શુતો તે વેલા તેહને થોડીજ ખબર હશે જે તે દીને મધરાતનાં તેનો બંગલો લુટી લેવાને કીજે આસરે ૧૫ થી ૨૦ હથીઆરબંધ ચીના ચોરોની એક ખુની ટોલકી તેની નજદીક બાહેર બેઠી રહેલીછે. અફશોશ જુ

આવતા વખતની વાત ઇનશાંનને ખબર રેહેતી નથી! મધરાતનો વખત થએઓ અને લુટારાઓએ બંગલાની આસપાસ ઘેરો ઘાલી બારી બારણાં બેધડક ભાંજીઆં અને બંગલામો દાખલ થએઆ. મી૦ બરજોરજી જાતે હીમતી હતો તેથી પોતાની હીમત આવે વખતે છોડી નહી દીધી પણ પોતે તેઓની શાંમે થાઇ પોતાની પાશેની ભરેલી પીશટોલ તેઓની તરફ તાંકી પણ માઠાં ભાએગે નેમ કોઇપર લાગુ થાઇ શકી નહી અને મી૦ બરજોરજીને તે ચંડાલ ચીનાવોએ પોતાનાં બુઠાં હથીઆરો વતે માથામાં તથા પેટમો મલી ચાર પાંચ જખમ કીધા જે વેલા બરજોરજીથી વધારે વાર સાંમે નહી થોભી શકાઆથી નાહાસી જઇ એક અંધારા ઓરડામો છુપાઇ બેઠો અને લોહી ઘણું જવા લાગાથી બીચારો બેશુધ થઇ જમીનપર પડી ગીઓ. બંગલો ઘણો ઉનચાન ટેકડીપર વશતીથી તદન હલાએદો હોવાથી આશપાશ મદદને શારૂં કોઇ જલદી આવી શકીઉં નહી અને બંગલા મધેનો શેહેનાઈથી ઉંચકી શકાએ તેવો આશરે રૂ૨૫૦૦) શુધીનો શામાંન લેઇને ચોરો ચાલતી પકડી ગીઆ અને જતી વેના તે કમબખતોએ બંગલાને આગ લગાડવાની ગોઠવણ કીધી પણ તેમાં તેઓ ફાવી શકેઆ નહી. એ વખત શુધીમાં બરજોરજીનું એક ખરેખરૂં વીશવાશુ અને નીમખહલાલ માણસ ગુપચુપ બારી વાતે નીચે કુડાવી પડી પરથમ ડાકટરને ખબર આપીને પછે બરજોરજીનાં શરવે મીતરોને ચોરોની હકીકતથી વાકેફ કીધા જેથી એવણનાં કેટલાએક જરથોશતી મીતરો પોતાની શલાંમતીને કીજે સાથે હથીઆર લેઇ રાતોરાત બંગલા મધે ગીઆ અને બરજોરજીની શોધ કીધી તો એક અધારી કોથડીમો બેશુધ હાલતમાં તે બીચારો પડેલો હતો. તેજ વેના અતરેના જાંણીતા ડાકટર જાકે ઘણી મોહોટી મેહેનત કરી જખમ સાફ કરવાના ઉપાએ લાગુ પાડઆ અને બરજોરજી આસતેઆસતે શુધીમો આવતો ગીઓ અને જખમ પણ આસરે તરણ ચાર દીન પછે રૂજ આવવા માંડઆ અને પરથમ અતરેનાં સરવે જરથોશતીઓનાં દીલમાં જે ધાસતી હતી તે મટી ગઇ અને સરવે જણા ઘણા ખુશી થઆ જે બરજોરજી પાછો જલદી તનદરોશત થાશે પણ બેઆરા વાંચનાર ધારેલું કોણનું પાર પડે? મી૦ બરજોરજીને જખમ લાગાને લીધે લોહી ઘણું ગીઉં હતું તેથી નબલાઇ ઘણી વધી અને નબલાઇને લીધે એવણને કલેજાંનું દરદ હતું તે ૮—૯ દીવશે ઉભરી આવેઉં અને અંતે તે બીચારાના આએ દુનીઆંના દીવશ ભરાઇ ગીઆ, તેની હઈઆતીનો આતશ બુજાઈ ગીઓ, તેનાં રૂહનો ચેરાગ ગુલ થાઇ ગીઓ, તેની જીંદગીની દોરી તુટી ગેઇ અને ગરીબ બીચારો બરજોરજી તા૦ ૨૮ મી નવેમબર શને ૧૮૬૫ ને વાર મંગલે શહવારનાં કલાક ૭॥ ને અમલે આએ જંજાલી દુનીઆંમાંથી કુચ કરી તે હમેશગીની હશતીમાં પોતાનાં કીરતારની દરગાહમો રવાને થાઓછે.

આખાં હાંગકાંગ મધે શરવે જરતોશતીઓમાં એ મરણની ખબર એક પાઆ કલાકમાં પંથરાઇ ગીઆથી દલગીરીએ દરએક ચેહેરાપર ઘેર કીધું. જે જરતોશતી મીતરનાં ઘેરમાં મરનાર બરજોરજી હક થાઓ તે મુકામ મધે શરવે જરતોશતીઓ તરત એકઠા મલેઆ અને અરધા કલાક પછે બરજોરજીનાં રૂવાંનને તાંહાંથી એક લાકડાંનાં પાટીઆંપર મુકીને કપડાંથી ઢાંકી અનજુમનનું ધરમનું મુકામ જે ઘેરથી આશરે ૧૦૦ વાર વેગલું છે, તાંહાં આપણાં પારસી માંણશો લેઇ ગીઆ અને તે મુકામપર શરવે દીન ધરમની કીરીઆ જે આપણા દશતુરજી શાહેબોએ મુંબઇથી લખી મોકલેલીછે તે મુજબ કીધી અને પાછના પોહોરનાં તરણ કલાકને અમલે અથોરનાંન ટોલાના બે ભાઇઓ જેઓ અતરે ધંધાશર આવેલાછે તેઓએ ગેહેશારણું શહરૂ કીધું, જે આશરે ૪॥ વાગે પુરૂં થાઆથી રૂવાંનને એક લાકડાંની પેટીમાં મુકી ૧૦ આપણા

માણુશો ખાનેઆ થાએઆ હતા તેઓ લઇને દફનાવવાની જગા તરફ ચાલિઆ અને રવાનની થોડ છેટે દુર હાંગકાંગની કુલ પારશી અનજુમન દલગીરીભરેલાં ધીમાં કદમે પાછલ ચાલી અને આશરે પાા વાગે રવાંનની જગા જે આશરે રાા માઇલ દુર છે તાંહાં પોહોતા. તે જગાએ રવાનને દફનાવવાને કીજે એક ખાડો આગમજથી ખોદાવેલો હતો તાંહાં રવાંનનો શેવટનો શેજદો કરી પેટી શમેત મુકીઉં ને તેપર પથરની લાડી ગોઠવીને મડાડાંથી ખારો પુરી નાખેઓ અને પાએદશે આવેલા શરવે જરથોશતીઓ તરતના બનેલા બનાવથી ઘણા દલગીર તથા ગમભીર થાઇ પોતપોતાને મુકામે રવાને થએઆ.

મરનારને જખમ કરનાર ચોરો હજી પકડાઆ નથી પણ વખતે પકડાએ તો તેઓની ઉપર ખુનનો દાવો મુકવાને ધારાની રીતે બરાબર બની શકે તેને કીજે બે અંગરેજ ગરશયો તથા એક આપણો જરથોશતી મલી જણ ૩ ની જુરી અતરેના કારોનરે પોલીશ આફીશમો તેજ દીવશે બોલાવી હતી તે ફકત ૦ાા કલાક બેશી ઉઠી ગઇછે અને ફરીથી તે બાબેની તપાશ કરવા તા૦ ૪ થી ડીસેમબરે મલનાર છે

પરદેશ મધે હાવા માઠા બનાવની વખતે અતરેના કેટલાએક જાણીતા જરથોશતી શાહેબો તથા કેટલાએક પારશી ચાકરો પોતાની અએન ફરજ શમજી દીલોજાનથી એ કામમાં મદદ આપવાને બાહેર પડેછે તેઓને ખરેખર શાબાશી ઘટેછે.

આએ પતર બંધ કરેઆ આગમજ તે કીરતાર પાશે હું દુવા ચાહુંચ જે "ખોદા શાહેબ બીચારા બરજોરજીને શારી જગો બખશે, આમીન."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી ડીસેમબર ૧૮૬૫.]

ઈ૦ સ૦ ૧૮૬૬.

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૨ માહ ૬ (શે૦) ૧૨૩૫ યજદજરદી.

જાંગીરજી નવરોજજી વાડીઆ—વાડીઆ ખાંનદાંને વાંહાણ બાંધવાના હોનરમાં જે આબરૂ મેલવીછે તેને માટે પારસીઓ મગરૂર છે. પણ એવી આબરૂ મેલવનારાઓ એક પછે એક દુનીઆં છોડી ચાલતી પકડે એ દલગીરી ભરેલું છે. શેઠ જાંહાંગીર નવરોજજી વાડીઆ, જેને જાંણીતા પારસી માસટર બીલડરોની લાઇનમાં છેલોજ ગણી શકાશે તેવણનું દલગીરીભરેલું મરણ ગએઆ બુધવારને દીને નીપજીઉંછે પારસીઓ ચહડતી કીસમનાં એલમ હોનરોની માહીતગારી મેલવે એ ઘણું પસંદ કરવાજોગ છે. એવા હોનરમંદ કારીગરોની આપણાંમાં ખુટ છે, અને તેથી તે લોકોની કીમત વધારે લાગેછે.

જોવામાં મરનાર મી૦ જાંહાંગીર મરહુમ વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીનો બીજો પુતર હતો. અને ૧૮૩૮ માં ગોદી મધે એક શીખાઉ તરીકે દાખલ થવા પછે મી૦ જાંહાંગીરને તેના બાપે શેઠ હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆની સાથે ઇંગલાંડ મોકલાવીઓ હતો, જાંહાં ઉલવીચનાં "આરસનલ" માં કેલવણી લીધા પછે અતરે આવી પોતાના બાપની "આસીસટંટ બીલડર" દાખલની જગા લીધી, તથા ૧૮૫૭ માં તેને માસટર બીલડરની પદવી મેલી. કેહેછે કે એ સઘલો વખત સુધી મી૦ જાંહાંગીરે એવી રીતે પોતાનો હોધો બજાવીઓ હતો કે લશકર ખાતાંનાં તથા દરીઆઇ ખાતાંના વડા અમલદારો ખુશી થતા હતા. એ ગરહસથનાં ખાતાંએ ફરેંચ નેવીનાં બારકસોની સારી સેવા કીધાથી ૧૮૬૩ માં ફરાંનસના શેહેનશાહાએ મરનારને એક સુનાંનું "પાકેટ કરોનાંમીટર" ભેટ મોકલીઉં હતું.

વાડીઆ ખાંનદાંનના નબીરાઓને જે હોનર હાથ લાગેલો આપણે જોએઓછે, તે હોનર સંબંધી પોતાનું ગનેઆંન આગલ વધારવા

તથા સુધારવાનું તેઓને ઘટારત છે. વાડીઆ ખાંનદાને આગલા વખતમાં જેવી આબરૂ મેલવી તેવીજ આબરૂ હાલનાં ચહડતી કલાનાં વખતમાં તેઓએ મેલવવાનું જારી રાખવું જોઇએ. વેપાર અથવા એવા ધંધામાં કદાચ કમાંણી વધારે થાએ, તોપણ આવા હોનરો શીખવામાં વધારે આબરૂ અને વધારે કીરતી છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૬૬]

21st *February*.

Jehangir Nowrojee Wadia.—We yesterday announced, in a short paragraph, the death of Mr. Jehanghir Nowrojee Wadia, Master Builder of the Bombay Dockyard. This melancholy event took place at 6 o'clock on Wednesday evening, at his residence, Middle Colaba. Mr. Jehanghir was the second son of Mr. Nowrojee Jam setjee Wadia, formerly Master Builder of the Dockyard. The deceased entered the dockyard as an apprentice at an early age in 1838, and was subsequently sent by his father, in company with his cousin, Mr. Heerjeebhoy Merwanjee Wadia, to England, and on his return to Bombay in 1841, after completing his professional studies in the Arsenal at Woolwich, and on the retirement of his father, he was appointed First Assistant Builder, and in 1857 he succeeded the late Mr. Cursetjee Rustomjee Wadia, the then Master Builder, in his appointment. The deceased gentleman filled this responsible and onerous appointment with great credit to himself and advantage to Government, and from the manner in which he discharged these duties he won for himself the respect and esteem of his superiors, amongst whom were several Commanders-in-Chief and other distinguished officers of the late Indian Navy as well as of the Royal Navy.

In 1863 Mr. Jehanghir was presented with a handsome gold pocket chronometer by H. I M. the Emperor of the French, as a mark of approval for services rendered to the vessels of the French Navy by the department, of which he was the head.

The deceased was deservedly held in great esteem by the members of his own community, who assembled in unusually large numbers yesterday morning at his late residence, when his remains were conveyed to the Tower of Silence. There were also several of the European heads of departments present on the melancholy occasion.

[*Bombay Gazette*, 23*rd Feb.* 1866.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૪ માહ ૯ (શે૦) ૧૨૩૫ યજદજરદી.

દાદાભાઈ દીનશાહ—

શ્રી કલકતાની તા૦ ૯ મી જુન ૧૮૬૬.

હું ધારૂંચ કે તમોને આએ આગમજ અતરે એક પારશીનાં દુખદાએક મરણની ખરી હકીકત માલમ પડી હશે. એ પારશી નાંમે દાદાભાઇ દીનશા શેઠો નવરોજજી નશરવાંનજીની કુંપનીને તાંહાં તખીલદાર હતા. માહરાંણી કુવીન વીકટોરીઆની શીઆલગીરીને દીને મરનાર તથા એવંણના તરણ દોશતો મોજ કરવા શારૂં ઉશપાર શેઠો નવરોજજી નશરવાંનજીની કુંપનીની રૂઉની કલમો ગીઆ અને ગરમી અતીશે હોવાનાં શબબથી એ મરનાર નદીમાં નાહાવા ઉતરીઓ, પણ અફશોશ પાંણીના જોરથી દુર ઘશડાઇ ગીઓ ને કશો ઉપાએ નહી રેહો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી જુન ૧૮૬૬.]

6th *October*.

Sorabjee Byramjee Dustoor Jamasp-Assa.—We regret to announce the death, from snake bite, of Mr. Sorabjee Byramjee, son of Mr.

Byramjee Jamaspjee Dustoor, which took place on Saturday night last, in the City Agairie. It seems that the young man, while asleep, was bitten by a snake, and in the morning his uncle and other relatives, perceiving that he did not make his appearance as usual, went into his room, and found him quite dead. On examination, it was traced that he was bitten by a venomous serpent.

[*Deccan Herald*, 8*th October* 1866.]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૧૫ માહ ૧ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

એ૦ શોરાબજી બેહરાંમજી દસ્તુર જામાસ્પઆશાના—

પુણાં, તા૦ ૧૧ મી અકટોબર ૧૮૬૬.

દસતુરજીના કબીલામાં એક ઘણું દુખ દાએક મોહોત નીપજીયુંછે. દસતુર સાહેબ નોશરવાંનજી જાંમાસપજીના ભાઇ મી૦ બેહેરાંમજી જાંમાસપજીનો દીકરો નાંમે સોહોરાબજી ૧૮ વરસની જવાંન વએ મરણ પાંમીયોછે. મરનાર ચાલાક અને હોશીઆર હતો અને તેનાં કબીલાને તેનાં ઉપર ઘણી ઉમેદ હતી, પણ લખવાને અફસોસ છુટેછે કે એક ખીલતી કળીની મીસાલે તે કરમાઇ ગયોછે, અને એકજ રાતમાં કસી અગમચેતી વગર તેની જીંદગીનો અંત આવીયોછે. વધારે દુખ એમ ઉપજેછે કે મરનારનો બાપ તેનાંથી ઘણોક દુર નલદરૂગમાં રેહેછે અને જેઓ આગલ હતા તેઓ પણ બેફાંમ રહી ગયા હતા. રાતનાં ખાઇ પીને સુતા પછે તે મોહોતની ઉંઘમાં સુઇજ રહયો અને મોડું થવાથી ઉઠાડવા જતાં તે જાંનથી બેજાંન થયલો જણાયો. એવું ધારવામાં આવેછે કે સાંપનાં દંખથી તે મરણ પાંમીયોછે. તેનાં મોહોતથી પુણાંની તમાંમ પારસી વસતીમાં દલગીરી ઉપજીછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૬૬.]

તા૦ ૧૪ મી અકટોબર.

રોજ ૨૨ માહ ૧ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

ધનજીભાઈ એદલજી સુખીઆ—મી૦ ધનજીભાઇ એદલજી સુખીઆના જે પુણાંવાલા ખાંનબાહાદુર શેઠ પદમજી પેસતનજીના જમાઇ થાએછે, તેઓએ, હમોને જણાવતાં ભારે દુખ લાગેછે કે, ગઇ પરમ દીને સેહેજ માંદગીમાં એકાએક આ જીહાંનથી પોતાનો વાસો ઉઠાવી સવરગવાશીઓમાં જઇ મુકામ કરીયોછે. આ જવાંન ગરહસથનાં એકાએક ને કવખતે નીપજેલાં મરણથી તેમનાં બોહોલાં કુટુંબમાં ઘણીજ દલગીરી ઉતપન થઇછે. મરનારનાં બચ્ચાં છોકરાં આ માઠા બનાવ વખતે હાજર ન હોવાથી તથા તેઓને પુણાંથી આવવાની ખોટી થવાને લીધે મરનારનાં રવાંનને પરમ દાહાડે આખો દાહાડો ઘરમાં રાખવામાં આવયું હતું તે ગઇ કાલ દીને સવારમાં તેની હમેશની આશાએશની જગાએ લઇ જવામાં આવીયું. મરનારનાં બોલચાલ વગરનાં ને અચબુચ મરણથી તેમનાં બોહોલાં કુટુંબમાં તથા બેહદ દોશત આશનાવોમાં ભારે ગમગીની ઉતપન થઇછે, તે ગમગીનીમાં મરનારના એક રફીક તરીકે શામેલ થતાં હમો એટલીજ દોવા ગુજારીએછે કે તે કુદરતનો ખાવીંદ એ મરહુમ ગરહસથને તેની લાયકી મુજબ નેક જગા બખશે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૬ મી અકટોબર ૧૮૬૬.]

તા૦ ૨૫ મી અકટોબર.

રોજ ૩ માહ ૨ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

પાલણજી હોરમજજી કાપડીઆ—હમોને દલગીરી શાથે જણાવવું પડેછ કે પેલો પરખ્આત પારશી પાલંણજી રૂપજી (હોરમજજી) કાપડીઆ ગેઇ પરમની રાતનાં પોતાની વરૂધ વયમાં ગુજરી ગએઓછે. મરનાર જોકે ઘણો ભણેલો નહી હતો તોપણ શારી શહમજ ધરાવતો હતો, અને શુધારાની બાબદોને ઉંચકી લેતો હતો. રાહનોમાએની શભાને એ મરનારે કંઇએક વખતે પોતાની

શકતી મુજબની મદદ કરી હતી—અને શુધારાને તે ચાહાતો હતો. મરણની મીજલશ માતર શચકાર થએ તાંહાં તક તે રાખવાને દરૂશત ધારતો હતો, અને તેજ તરીકાથી તે પોતેખી ઠેકાંણે પડી ગએઓછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૨૭ મી અકટોબર ૧૮૬૬.]

તા૦ ૧૯ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૨ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

કાવશજી શોરાબજી પોંહચખાંનાંવાલા—

ફુલ કરમાએ, રહી જાએ વાશે,
પીતા તહમો તેહવા, હમારા તે ખાશે—
શંઘલા કબીલાના પોશતપના હતા,
નેકબખત અને વલી ગુણવંત ઘણા થા.
મોટાં એક કુટુંબને, લેનાર પાલી,
બોહલા વીશતારના, બગીચાના માલી—
ખાશ એશાવંદોને લેનાર શંભાલી,
નહી કાકા, થા બાવા, કબાલાના પાલી.
પોતાં વીશેકોનું કરનારા રખશંણ,
દુખે દુખી થાનારા, તતઅખશણ—
શુખે શુખી ને બહુ થાનારા મઘન
મરણથી તમારાં, ઉપજી રહીચ અગન.
ખોદાની ફરજોમાં ખાશ ફરજ એ,
પીતા તમોએ બજાવી હતી તે—
શરવે જાંણીતાથી, બોલાતાતા બાવા,
ને હમો મંનથી તો, મીઠા હતા માવા.
પંચેઆશી વરશની જઇફીએ પુગી,
પીતા આજ ભોગવી તમોએ આશુદગી—
પણ હરશ હમારો નથી પુરો થાએઓ,
ગોલાબ કાલે ખીલીને આજે કરમાએઓ.
કાઉશ નાંમ તમારૂં, પીતા નાંમ શોરાબ,
પરવારાં વીઘાંની અટક ખુબ આપે આબ—
જુઠી જગ છોડી, કીધો આજ ખુશ ખાબ,
ખુબી જો લખું તો ભરાએ કાંઇ બાબ.
પીતા, તંમ રેહપર આફરીન હોજો,
શવરગનું શુખ તે શદા કાલ જોજો—
મીનો ફીરશતા નીઘેબાંન રેહજો,
હકતાલાની ઇઆરીથી શુખજ શેહજો.
મરણના તમારા દીવશની કીની ઇઆદ,
અહાવીશમો માલંમ થીઓ રોજ જમીઆદ—
૧૨૩૬ ઇઅજદેજરદી, અરદીબેહશત માશે,
ફીરતી કરીને, પાંમા છો કઇલાશે.
૧૯ મી નવેમબર, શોમવાર દાહડો,
૧૮૬૬ ઇશવીનો; શુમાર કાહાડો—
મધાઅરાતનાં, બારપર એક વાગે,
ખલક ખાકી છોડી, જોએઓ બેહશત બાગે.
ખાંમોશ રેહે બદેખોદા, વધુ બોલવું બેવજન,
આયું ફનાં થાયું, શું શતરૂ ને શું શજજન.

(મલેલું.)

[મુંબઇ ચાબુક, તા૦ ૨૧ મી નવેમબર ૧૮૬૬.]

તા૦ ૨૫ મી ડીશેમબર.

રોજ ૪ માહ ૪ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

હીરજીભાઈ ખરશેદજી વારડીન—હીરજીભાઇ ખરશેદજી વારડીન, જેણે ઘણીવાર અગતની બાબતશર અંગરેજી વરતમાંન પતરોમાં દેખાવ કીધો હતો, અને જાંણવાજોગ બાબતો ઉપર લખશ આપેઉં હતું, તે શખશ થોડા વખતની માહદગીથી ગઈ પરમની રાતનાં મરણ પામેઓછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી ડીશેમબર ૧૮૬૬.]

તા૦ ૨૬ મી ડીશેમબર.

રોજ ૫ માહ ૫ (ક૦) ૧૨૩૬ યજદજરદી.

શોરાબજી જાંગીરજી દાદીશેઠ—શેઠ શોરાબજી જાંગીર શેઠના જેઓ સોલીશેઠને સાધારણ નામે ઓલખાતા હતા તેઓએ હમોને જણાવતાં દીલગીરી લાગેછે કે ગઇ પરમ દીને રાતનાં આ ફાંની દુનીયાંમાંથી પોતાનો વાસો ઉઠાવી સવરગવાશી લોકોમાં પોતાનો મુકામ કરીયોછે. મરનાર ગરહશથ ઘણા સાદા ને સાલેસ હોઇને તેમનો ખવાસ ખરેખર અમીરી ખવાસને મલતો હતો. આ ગરહસથનાં મરણથી તેનાં કુટુંબીઓને તથા દોસત આશનાવોના બોહોલા ભાગને બહુ ગમગીની ઉતપન થઇછે. મરનારની વય આસરે ૫૫ વરસની કેહવાએછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી ડીશેમબર ૧૮૬૬.]

ઈ૦ સ૦ ૧૮૬૭.

તા૦ ૬ થી જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

નવાજબાઈ તે નાનાભાઈ પેશતનજી શાંણનાં ધણીઆંની—એક ઇશટ મીતરનું ગોહેર ખોવાઇ ગઇઉંછે. દરરોજનાં પતરોમાં ભાઇ નાનાભાઇ પેશતનજી રાંણા, તે આએ ચાબુક પતરનાં આગલા અધીપતીની ધરીઆંણી બાઇ નવાજબાઇ (લકબે મેરબાઇ) ને તેણીની ભર જુવાંનીમાં ૨૬ વરશની વએ ગુજરવાના શમાચાર આવેઆછે—અને તે વીશે બે શબદો બોલવાની હમે જરૂર જોઇછે. પેહલે, હમો એક ઇશટ મીતરનાં ખાશ અને એખલાશ ભરેલાં જોડાંને ખોરાવવાનો ગંમ ખાઇએચ—બીજો તેણીનાં મરણ શંબંધી અફશોશ ગુજારીએચ, અને તરીજો તેણીનાં કફોરાં અને કઢંગાં દુખ (Cancer) કે જેહનો ઉપાય હજુર શુધી કાબેલમાં કાબેલ તબીબોના હાથમાં આવેઓ નથી તે વીશેનો વીલાપ કરીએચ—અને મરનાર બાઇના શદગુણો તરફ નજર ફેરવીએચ તેહારે હમોને જણાએચ કે મરનાર, ખાવંદ તરફની, મીતરો અને શહીઓ તરફની, એશ અને કબીલા તરફની, પાર અને પડોશી તરફની, અને એ વનાએ બીજી ફરજો અદા કરવાનું મોતબર ગ્નાન ધરાવતી હતી, જેહવું બીજી પારશણોમાં થોડુંજ જોવામાં આવેચ. જોકે મરનાર કાંઇ શખાવત કરવાથી અથવા મોટાં કામો ઉઠાવવાથી જાહેરમાં થોડીજ આવી હતી તોપણ હાવા તેના શદગુણો માટે તેનાં દુખદાયક મરણથી તેણીને શંબંધ ધરાવનારા દરએક અને શઘલાંવોને કેટલું દુખ ઉપજવું જોઇએ, તે હમો જણાવી શખતા નથી. હાવાં એક મોહતપર અફશોશ !

[મુંબઇ ચાબુક, તા૦ ૯ મી જાનેવારી ૧૮૬૭.]

તા૦ ૧ લી મેએ.

રોજ ૧૧ માહ ૮ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

હોરમજજી નશરવાંનજી મગોલના—ઇનદોરની છાવની મધે રોજ ૧૧ મો ખોરશેદ માહા આવાં તારીખ ૧ લી મેએ ૧૮૬૭ ને દીને શહવારનાં પારશી હોરમજજી નશરવાંનજી મોગોલનાં એવંનને ગીહાખાંન કાકાને નાંમે પણ ઓલખતા હતા. એવણ અશલ શુરતના રેહવાશી હતા; પણ ધંધા રોજગારનાં શબબથી ઇનદોર આવેઆ હતા અને ધણાંએક વરશો અતરેની છાવનીના અશલ પેહલવેહલા જરથોશતી ઇનદોરમાં હતા. એવણે આગલી અતરેની ઇનદોરની ગાદીનાં તે વખતના વારશ માહરાજા મહલલરાવ હુલકર તથા માહરાજા હરીરાવ હુલકરની ખાશ હજુરની નોકરીમાં ધણાંએક વરશો શુધી ધણીજ ખાતરીથી તથા ઇમાંનદારીથી એ માહરાજા શાહેબોની નોકરીઓ બજાવી હતી, અને એ ઉપલી નોકરી વીશે એવંણને ધણુંજ મોહોટું માંન પણ મેલવેઉં હતું અને હાલનાં ગાદીનાં રાજકરતા માહારાજા શાહેબ ટુકાજીરાવ હુલકરની પણ મેહરબાંની શારી હતી. એવણ જાતે ધણાજ નમનતાઇ ભરેલા, ધીરા શવભાવનાં, દાનાંઇમાં પુરા, શરવ શાથે મીલનશારી ભરેલા, પાકી તથા પરહેજગારી ભરેલા શખશ હતા. એવંણના ગુજરવાથી અતરેની ટુક જરતોશતી વશતીમાં ધણીજ દલગીરી પેદા થઇછે. એવણ પુરાતમ શાહેબ હતા, અને એવણની ઉમર વરશ નેવુંની હતી. ઇંનદોરની તારીખ ૧ લી મેએ ૧૮૬૭.

[જામે જમશેદ, તા૦ ૭ મી મેએ ૧૮૬૭.]

તા૦ ૨૫ મી મેએ.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

દાદાભાઈ શોરાબજી સંતોક—દાદીશંતોક, જે નાંમ પારશીઓમાં વીખીઆત છે તે નામનો વારશો મેલવનારો જુવાંન દાદી શોરાબજી સંતોક ગએઆ શનીવારની પાછલી રાતનાં શંગરાનીના મરજથી, ૩૯ વરશની ચહડતી વએ પુગી આ ફાંની દુનીઆં, અને કારોબારથી વેગલો થાઇ પોતાનાં શરવદાના મકાંન તરફ કુચ કરી ગએઓછે, જેહેનું મરતીઉક બખતાં હમોને જીગરથી દલગીરી ઉપ-

જેચ. જે અજમાએશ મેલવવાનો નશીબો હમોને બચગીથી તે ઉઘરતી જવાંની તક એ મરનાર (દોશત) શાથે મલેઓ હતો તે ઉપરથી—અને તેહાર પછેની તેહેની ચાલચલગત અને હીલચાલ ઉપરથી હમો જણાવી શખીએચ કે મરનાર નમાંનો, મીલનશાર, દએઆલુ, ધીરો, દોશતપરશત અને શંનતોકનાં નાંમ તથા ખાંનદાંનનો એક શુરવીર ઘરહશથ હતો. મરનારે પાછલા દાહડાવોપર એકાદ બે શભાવોમાં શાંમેલગીરી કરી હતી, અને જો હઇઆતી વફાદારી આપતે અને કાએઆ દગો નહીં દેતે તો તે તેહેનાં જમાનાંનો એક લાએક પુરૂશ થાઇ નીકલતે. જે જીભલી બચગીથી એ મરનારને દાદી કરી પેઆર ભરેલી રીતે બોલતી આવીચ તે તેહેનાં શેવટનાં વખતની માહાતમમાં પણ તેજ શબદ વાપરવાને મરનાર તથા પોતા તરફ મમતા ભરીઉં વીચારેચ. આ મરનારની પાછલ તેહેનાં બે લાએક બીરાદરો, એક ઇઆદગાર બેટો, બે બેટીઓ, અને તેહેની લાએક મોહોરદાર ઓરત વીગરે એક જઇફ અને લગભગ એક શદીએ પુગેલા બપાઈ હઇઆત છે. જેવો એ મોહોતનો ગંમ જલદીથી વીશરનાર નથી. મરનાર દાદીનાં શદગુણોને લીધે તેહેનાં દોશત બીરાદરો, મલતાવાંથીકો, ચાકરનફરો, કરકબીલો વગેરે જેવો તેથી જાંણીતા છે તેવો થોડા દલગીર થાએઆ નહી હશે—અને હમો પણ એ આગલા મોહોબતદાર બીરાદરનાં કવખતનાં ગુજરવાથી કમી દલગીર નથી.

[મુંબઇ ચાબુક, તા૦ ૨૯ મી મેએ ૧૮૬૭.]

તા૦ ૮ મી જુલાઇ.

રોજ ૧૯ માહ ૧૦ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

શુનાંબાઈ.વે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈનાં ધણીઆંની—બાઇ સોનાંબાઇ તે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇનાં ધણીઆંનીનાં દુખ ભરેલાં મરતીઉકે આખી પારસીની કોમમાં દલગીરી પેદા કીધીછે. પોતાની ઉતમ શખાવતથી આખી જ્ઞાતમાં નામદારી મેળવેલી એવો પારસી ટોલાનો જે પેહલો નર સર જમશેદજી, તેની દોલત શાથે તેનાં શખી ગુણનો પણ વારશો નવાઇ જેવી રીતે મેળવીને શેઠ રૂસતમજીએ પોતાના ટોલા ઉપરજ નહીં પણ પરલોક ઉપર પણ મોટા ઉપકાર કરયાછે અને પોતાના મરહુમ પીતાનું નામ રાખયુંછે. તેવા એક સખી શેઠીયાનાં શંકટનાં વખતમાં તેઓ ઉપર જે આ ખરેખરો ગજબ ગુજરયોછે, તેને થકી આખી કોમ તેઓનાં દુખમાં ભાગ લેયછે. એક લાએક ભરતારની લાએક બાયડી તેને આખી દુનીઆંનાં ખજાંનાં કરતાં કીમતી છે, અને એક શાહજાદાનાં સરખી દોલત જવાથી જેટલું નહીં લાગે, તે કરતાં વધારે પોતાનાં તેવા એક સોબતીની જુદાઇ કલેજે કારી ઘા લગાડનારી છે. પેહેલી ખુટ પુરાતાં વાર લાગતો નથી, પણ બીજી ખુટથી એક સુખી કબીલામા સદાંનો ખાડો પડી રેહેછે. પેહેલી ચીજની ગેરહાજરીથી જે બેચેની અથવા દુખ પેદા થાય તે બીજી બખશેશની હાજરીથી મટેછે તથા દીલાસો અને ધીરજ આપવાંને તે કામ લાગે છે. પણ શેઠ રૂસતમજીને તો એ બેહુ બખશેશો ખોહોવી પડીછે અને તેમાં એકલા પારસી ટોલાનાંજ નહી પણ મુંબઇનાં અમે કમનસીબ સમજીએ છીએ. મરહુમ બાઇ સોનાંબાઇની પારસીઓનાં મોહોમાંથી એવી તારીફ સંભલાયછે, પોતાના ભરથારનાં સારા વખતમાં સુખ વધારવા તથા માઠા વખતમાં દુખ ઘટાડવાની બાયડી તરીકેની પેહેલી અને પવીતર ફરજ કેવી રીતે બજાવી તેની જે કાંઇ વાતો સાંભલવામાં આવીછે, તેથી શેઠ રૂસતમજીની આ બેવડી ખોટને માટે સરવેનાં દીલમાં બેવડું દુખ ઉપજેછે, પણ જાંહાં કુદરતનું ચાહાવું થયું તાંહાં માણસનું શું ચાલે વારૂં ?

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૪ મી જુલાઇ ૧૮૬૭.]

8th July 1867.

SOONABAI, WIFE OF RUSTOMJEE JAMSETJEE JEEJEEBHOY—We regret to announce the death of Sonabai

wife of Mr. Rustomjee Jamsetjee Jijeebhoy, which occurred at Mr. Rustomjee's residence in the Fort yesterday afternoon. The deceased lady was 43 years of age, and was held in high esteem amongst the Parsee community. She had been ill for about a fortnight, and yesterday morning suffered a surgical operation, after which she gradually sank. The funeral will take place this morning, and we believe that the shops of Parsees in the Fort will be closed during the day in respect for the memory of the deceased.

There was a general attendance of the members of the Parsee community, at the town residence of Sir Jamsetjee Jeejeebhoy at 6 o'clock yesterday morning, to evince their respect for the memory of the late wife of Mr. Rustomjee Jamsetjee Jeejeeboy. Business was generally cast aside during the day, and most of the shops in the Fort and native town were closed in token of sympathy with the bereaved husband. We have seldom seen so general an exhibition of mourning amongst our native fellow subjects.

Bombay Gazette, 9th & 10th July 1867.

તા૦ ૨૦ મી જુલાઈ.

રોજ ૧ માહ ૧૧ (શે૦) ૧૨૩૬ યઝદજરદી.

તે દશતુર નશરવાંનજી જામાસપજી જામાસપઆશાનાં દીકરી—

કલીઆંણી, તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૬૭.

પુણેવાલા દશતુરજી શાહેબ નોશરવાંનજી જામાશજીની છોકરીનું રોવાન ખાંમગામથી અતરે લાવા હતા, તે રોવાનને ગઆ શોમવારે અતરેનાં દોખમાંમાં ચડાવીઉછે. એ વેલાએ અતરેનાં જરથોશતીઓએ હંમેશની માફક અછી મેહેનત કીધી હતી. મરનારનાં અંચીતાં મોતથી એવંનાં બેશીઓને ઘણો શંતાપ પેદા થાએઓ હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૬૭.]

તા૦ ૩૧ મી જુલાઈ.

રોજ ૧૨ માહ ૧૨ (ક૦) ૧૨૩૬ યજદજરદી.

દાદાભાઈ નશરવાંનજી કામાજી તથા મેહેરબાઈ તે દોરાબજી નશરવાંનજી કામાજીનાં ધણીઆંની—હમોને જણાવવાને દીલગીરી લાગછે કે શેઠ ખરશેદજી નોશરવાંનજી કામાજીના વડા ભાઈ શેઠ દાદાભાઈએ ગઈ કાલ દીને આસરે સાઠ વરસની વએમાં આ જીહાંનથી પોતાનો અસબાબ ઉઠાવી મીનોઈ લોકમાં વાસો કરીયોછે. આ મરનારનાં મોહોત સાથ એજ કુટંબમાં જે એક બીજો બનાવ બનીઓછે તે જેમ એક હાત ઉપર દુખદાએક તેમજ બીજા હાત ઉપર તાજુબી ઉપજાવનાર છે. શેઠ ખુરશેદજી કામાજીના બીજા ભાઈ મી૦ દોરાબજી જેઓ કેટલુંક થયું વેપારને અરથે ચીન જઈ વસેલાછે તેમનાં ધણીઆંણી બાઈ મેહેરબાઈ પણ ઉપલેજ વખતે હક થયાંછે. મરનાર બાઈની ઉમર આસરે ૩૫ વરસની કેહેવામાં આવેછે ને કેહેછે કે એ બાઈ ગઈ પરમ દીને સાંહાંજ સુધી સારી સુખાકારી ભોગવતાં હતાં, પણ એ દીને રાતનાં તેમના ઉપર નાપાક કોલારાના સુરા મરજે તરાપ મારી હતી ને જેથી સહવાર પડતાંમાં એ બાઈએ પોતાનો પરાણ પોતાના પેદા કરનારને હવાલે કરીઓ હતો. એક તરફથી શેઠ દાદાભાઈના ગુજરી જવાના સમાચાર પરેલથી કોટમાં મોકલવામાં આવીઆ હતા ને તેજ વખતે બીજી તરફથી મજકુર બાઈ મેહેરબાઈનાં હક થવાનો સંદેશો કોટમાંથી પરેલ કેહેવાડવામાં આવીઓ હતો. હાવી રીતે એકજ કુટુંબમાં એકીવારે પણ જુદે જુદે મકાને બે મોહોત નીપજવાથી ગઈ કાલે બપોરનાં આસરે એક કલાકે પરેલથી શેઠ દાદાભાઈનાં રવાંનને અવલમંજલ પોહોંચાડવામાં આવીયું હતું ને તારબાદ

તાંહાની ઓટલાની મીજલસ પાધરી કોટમાં આવવા બાદ તરણ કલાકે એ બાઇની ઘેસારવા પછે ચાર કલાકે તેમનું રવાંન કાહાડવામાં આવીઉં હતું. કુદરતનાં કાંમ ઓરજ છે, તેના ભેદને પુગી વલવાની કાલાં માથાંનાં માનવીની તાકાત નથી, ને તેથી તેને તે સાહેબની મરજીને તાબે થઇ રેહેવું પડેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧ લી આગશટ ૧૮૬૭.]

તા૦ ૨૯ મી આગશટ.

રોજ ૧૧ માહ ૧૨ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

શોરાબજી નવરોજજી તાતા—ગઇ પરમ દીને કલકતાની રાહે મલેલો હાંગકાંગનો એક તારનો સંદેશો હમોને બતાવીઆમાં આવીઓ હતો તે ઉપરથી જોવામાં આવેછે કે ગીઆ આગશટ માશની તા૦ ૨૯ મીને દીને શ્રી હાંગકાંગ ખાતે આ૦ શોરાબજી નવરોજી તાતા અચલુચ તાવના મરજથી પોતાની ૩૬ વરશની વએમાં શવરગવાશી થઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૬૭.]

તા૦ ૯ મી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શે૦) ૧૨૩૬ યજદજરદી.

ધનજીભાઈ મેહરવાંનજી વાડીઆ—જણાવવાને દલગીરી લાગેછે કે શેઠ ધનજીભાઇ મેરવાંનજી વાહાડીઆ ગઇ કાલ દીને આ ફાંની દુનીઆંથી તેવંણેના અશબાબ ઉઠાવીને મીનોઇ આરાંમમાં વાશો લીધોછે. મરનાર ઘણા શાલેશ, બાહોશ અને મીલનશાર હતા. તેવંણેનાં મરણથી તેવંણેનાં બોહોલાં કુટંબ અને દોશત આશનાઓમાં બાહારે દલગીરી પેદા થઇછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૬૭.]

9th September 1867.

DHUNJEEBHOY MERWANJEE WADIA—We regret to announce the death yesterday of Mr. Dhunjeebhoy Merwanjee Wadia, a respected member of the wellknown Wadia family of Bombay. The deceased was the senior member of the late firm of Dosabhoy Merwanjee Wadia and Co., and father of the present Master Builder of Her Majesty's Dockyard. His remains will be conveyed to the Parsee "Tower of silence" this morning.

[*Times of India*, 10*th September* 1867.

તા૦ ૧૨ મી અકટોબર.

રૂસતમજી બરજોરજી દોશાબજી કોપર—ગઇ કાલ દીને મલેલા ઇંગલાંડના તાર ઉપરથી જાણવામાં આવેછે કે ઇંગલાંડમાં જઇ વસેલા ડાકટર બરજોરજીનો ૧૩ વરસનો વયનો રૂસતમજી નામનો છોકરો મરણ પામીયોછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૬૭.]

તા૦ ૨૪ મી અકટોબર.

રોજ ૨ માહ ૨ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

રતનજી ખરશેદજી કેરાંવાલા—ગઇ કાલ દીને પુણેથી આવેલા તારના એક શંદેશા ઉપરથી જણાવાને દલગીરી લાગેછે કે એ જગાએ શેઠ રતનજી ખરશેદજી કેરાંવાલા શવારનાં ૧૧ કલાકને અમલે આ ફાંની દુનીઆંથી તેવણેનો અશબાબ ઉઠાવીને મીનોહી જાહાનમાં વાશો કરીઓછે. મરનાર ઘણા શાલેશ, મીલનશાર અને ધરમાનુ શવભાવના હતા અને લામબી મુદતવેર એક વેપારી તરીકે શારી આબરૂ અને હોરમત ભોગવી હતી. તેવંણેનાં મરણથી તેવંણેના બેહદ દોશતઆશનાઓમાં મોટી દલગીરી અને અફશોશ ઉપજેઓછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી અકટોબર ૧૮૬૭.]

તા૦ ૧૭ મી નવેમબર.

રોજ ૨૬ માહ ૨ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

ખરશેદજી એદલજી ચીનાઈ—ગએઆ રવીવારે ખરશેદજી એદલજી ચીનાઇ નામનો એક ૪૮ વરશનો, પણ મજબુત બાંધાનો અને ભલો તથા નમનો પુરૂશ ફરવા જતાં ગાડીમાં કાહેલી પડી, પાછો આવતાં અશશલો

બાઈ એ તરસ્યુ ઘડીમાં આ દુનીઆંમાંથી આલી કુચ કરી ગીએો. આ મરનારનાં અચરતી જાહેરાં મોહોતથી ઘોડીમાં ઘભરાત મચી રહેલો હતો—તેહમાં તેનાં મરણની બીજી શહવારે તેના અવીઅવનો કોઈ ભાગ હાલેઓ એ રીતની અવલોકન બાએડીઓએ કીધાથી, એ બીચારા મરનારની લાશને શચકેલી પાછી છોડી, ડાકટરો તથા તબીબોને બોલાવેઆમાં આવેઆ હતા, અને તેથી ઘોળીતલાવનાં આખા અકલામાં હોહોકાર થાઈ રહેલો હતો—પણ માઠાં ભાગ્યેગે જે ખરૂંજ મરણ પામેઉં હોએ તે પાછું શજીવન કેમ થાએ! આખેરશ આ નોબલ પુરૂશ મરણ પામેલો ઠરેઓ, અને તેને શોમવારની શાંહાજે અવલમંજલે પોહોંચાડવામાં આવેઓ.

[મુંબઈ ચાબુક, તા૦ ૨૦ મી નવેમબર ૧૮૬૭.]

ઈ૦ સ૦ ૧૮૬૮.

તા૦ ૪ થી જાનેવારી.

રોજ ૧૪ માહ ૫ (ક૦) ૧૨૩૭ યજદજરદી.

હીરાંબાઈ તે સર જમશેદજી જીજી-ભાઈ બારોનેટનાં બેટી—હમોને જણાંવવાને દલગીરી ઉપજેછે કે આપણાં હાલી હીંદી ઉમરાવ સર જમશેદજી જીજીભાઈ બારોનેટની એક હીરાંબાઈ નાંમની ૨૧ વરશની ઉમરની જવાંન બેટી, તે મી૦ કાવશજી દાદી લીમજીની ધણીઆંણી પોતાની ટુંક ઉમરમાં ગએઆ શનીવારની રાતનાં આ ફાંની દુનીઆં છોડી શવરગવાશી થાઈછે. આ બાઈનાં કવખતનાં મોહોતથી તેનાં નામીચાં અને મોટાં કુટંબમાં ભારે દલગીરી અને શોગ ઉપજેઓછે.

[મુંબઈ ચાબુક, તા૦ ૮ મી જાનેવારી ૧૮૬૮.]

4th January, 1868.

HEERABAI, DAUGHTER OF SIR JAMSETJEE JEEJIBHOY BART.—We regret to announce the death on Saturday evening of Heerabai, second daughter of Sir Jamsetjee Jejeebhoy, Bart and wife of Mr. Cowasjee Dady Limjee. She had been suffering for some time from an acute internal tumour, and was in consequence removed to her father's residence, Mazagon Castle, where every possible medical aid was afforded her, but proved of no avail. The tumour burst on Friday and caused her premature death, she being only twenty-one years of age. Her remains were consigned yesterday morning to the Dady Sett's Tower of Silence, followed by a large funeral procession.

[*Bombay Gazette, 6th January* 1868]

તા૦ ૧૫ મી જાનેવારી.

રોજ ૨૫ માહ ૪ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

દસતુર કેખશરૂ દાદાભાઈ, સુરતવાળા—જણાવતાં અમને દલગીરી ઉપજેછે કે શુરતની પારશી કોમના દશતુર કેખશરો બીન દશતુર દારાબ બુધવારની શાંહાજે લાંબી માંદગી ભોગવીને શવરગવાશી થએઆછે. બીજે દીને તેઓને અવલમંજલ પોહોંચાડવામાં આવીઆ હતા.

[ગુજરાત મીતર, તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૬૮.]

દસતુરજીએ પોતાને માટે સારી આબરૂ જાલવી હતી અને પોતાના હાથ હેઠલનાઓનો ઘણો સારો બંદોબશત રાખતા હતા.

[મુંબઈ સમાચાર, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૬૮.]

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૨૭ માહ ૪ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

હોરમજજી શાપુરજી મોતીવાળા—જણાવવાને અતીઅંત દલગીરી અને મોટો અફશોશ ઉપજેછે કે આ જાએ જમશેદ કારખાંનાના માનેજર શેઠ હોરમજજી શાપુરજી મોતીવાળા ૫૧ વરશની ટુકી ઉમરમાં રોજ

દાહાડાની માહગીમાં આ દુનીઆંથી તેવણનો અશબાબ ઉઠાવીને મીનોઇ જાહાંનમાં ગઇ કાલ દીને રાતનાં ૭ા કલાકને અમલે વાશો લીધોછે. મરનારના ગુણો અને ખુબીઓ તથા શલેશાઇ જોતાં તેવણ પોતાનાં કુટંમ પરીવાર અને દોશતઆશનાઓમાં ઘણા પીઆરા થઇ પડીઆ હતા. તેવણનાં કવખતનાં અને દુખદાએક મરણથી તેવણનાં બોહોલાં કુટંમમાં મોટો અફશોશ અને ગમ પેદા થએઓછે જે મંનથી ભુલવો અને દીલથી વીશરવો મુશકેલ છે. આ જામે જમશેદ પતરને હેવી તો શારી રીતે અને શંભાલથી તેવણે ઉધારીઉં છે કે એક નાધલા શરખા રોપા ઉપરથી તેને એક મોહોટું દરખત બનાવીઉંછે. આ પતરનાં હમો ઘણાં કમનશીબ શમજીએચ કે તેને ઉધારનારો એક નેકખાહા, હુનડી અને ચાલાક માનેજરે તેને છોડીને મીનોઇ આલંમમાં મકાંન કર્યોછે. આ પતરના લખનારે તથા છાપાખાંનાંનાં માણશોએ એક ખરો ખેરખાહ, એક શાચો મીતર અને મીલનશાર દોશત ખોએઓછે જેથી ઉપજતાં દુખનું વરનંન વાંચનારાઓની આગલ ખરા આકારમાં તે મુકી શખાતું નથી. રેહેમ હોજો એ નેકખાહાનાં રૂહ ઉપર તે શત પેગમબર હજરત જરથોશતની અને પનાહા હોજો શરોશની.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૬૮.]

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

પેશતનજી શાપુરજી પેશતનજી માણેકજી જામે જમશેદવાલા—આ પતરના માલેક મી૦ શાપુરજી પેશતનજી માણેકજીનો છોકરો ભાઇ પેશતનજી ગઇ કાલ દીને શહવારનાં થોડાએક દાહાડાની બીમારીમાં ફુલગુજાર થએઓછે. આ દુખદાએક મરણના શબબ ઉપરથી આજ દીને આ પતરના ઉપર ધીઆંન આપવાને બનીઉં નથી તેથી હમારા વાંચનારાઓ દરગુજર કરશે હેવી આશા હમો રાખીએચ.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૬૮.]

તા૦ ૧૬ મી ફેબરવારી.

રોજ ૨૭ માહ ૫ (શે૦) ૧૨૩૭ યજદજરદી

હીરજીભાઈ એદલજી મારીસ—જણાવવાને દલગીર છઇએ કે આપણી ટાપુના જાંણીતા શેઠ એદલજી બમનજી મારીસનો ૩૦ વરશની વએનો જવાંન દીકરો મી૦ હીરજીભાઇ આજ થોડા દીવશ ઉપર કોટમાંનાં ચરચ ઇશટરીટમાં આવેલાં પોતાનાં બાપનાં ઘરની મરામત કરાવતાં એક બારીનો કટેરો ભાગી ગએઆથી નીચે પડી અતીશે ઘાહેલ થાએઓ તે થોડા દીવશ માંદગી ભોગવી, મરનારનાં ભાઇનાં વચલા કોલાબાવાલાં ઘરમાં ગએઆ રવીવારે શહવારનાં મરણ પાંમેઓ હતો.

[મુંબઇ બાજુક, તા૦ ૧૯ મી ફેબરવારી ૧૮૬૮.]

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૨ માહ ૬ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

ડોશાભાઈ ખરશેદજી વાડીઆ—શેઠ ડોશાભાઇ ખરશેદજી વાડીઆ—આ ઘરડા અને જાણીતા શેઠ ગઇ કાલે રાતનાં સવરગવાસી થયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૬૮.]

21*st February*, 1868.

DOSSABHOY CURSETJEE WADIA.—This morning we have to announce the death on Friday evening of Mr. Dossabhoy Cursetjee Wadia, a well known and respected Parsee merchant. Mr. Dossabhoy had been ill for about six weeks before his death. He was the only son of the late Cursetjee Framjee Wadia, who for several years was the agent in China of Messrs. Forbes and Company. Having served in the Builder's Department of the Dockyard for a long period, he resigned his appointment and entered the commercial establishment of his uncle Mr. Jehangeer

Nusserwanjee Wadia, and since his uncle's death in 1843 he carried on business on his own account, and was known for his correct and honest dealings by all with whom he came in contact. Mr. Dossabhoy had considerable dealings with French firms; and the French Government in recognition of his valuable services in the introduction of French commerce, presented him with a gold medal and a letter of thanks. The deceased gentleman was of an amiable and generous disposition.

[*Bombay Gazette*, 24*th Feb.* 1868.]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૯ માહ ૬ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

રૂસતમજી હોરમજજી અફીણવાલા અથવા મીસતરી—હમોને જણાવતાં દલગીરી ઉપજેછે કે ગેઇ કાલે રાતનાં આઠ કલાકને અમલે રૂશતમજી હોરમજજી અફીણવાલા, હેવે નાંમનો ૩૫ વરશની વએનો એક પારશી કોટમાં ગોલવારની ગલીમાંથી ચાલી જાતો હતો તેવાંમાં એકાએક વેઆર પાઇપની ઠોકર લાગાથી પડી ગએઓ, અને તેથી થોડાવારમાં તે બીચારાએ પોતાનો પરાંણ છોડેઓ હતો. માંણશની જીંદગી કેટલી બીનભરોશાની છે !

[મુંબઇ ચાબુક, તા૦ ૨૯ મી ફેબરવારી ૧૮૬૮.]

તા૦ ૧૫ મી મારચ.

રોજ ૨૫ માહ ૬ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

એ૦ આદરબાદ દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસ્પઆશાના—હમો જાણીને દલગીર થએઆય કે પુણાંવાલા દશતુરજી શાહેબ નોશરવાંનજી જાંમાશજીનો બેટો આદરબાદ આ દુનીઆંથી અશબાબ ઉઠાવીને મીનોહી જાંહાંનમાં વાશો કીધોછે.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી મારચ ૧૮૬૮.]

પુણાં, તા૦ ૨૬ મી મારચ ૧૮૬૮

ખાંનબાહદુર દસ્તુર નોશિરવાંનજીના છોકરા આદરબાદે પોતાનાં વડીલ તથા કુટંબીઓને સંતાપમાં નાખી આ દુનીઆંથી પોતાનો અસબાબ ઉઠાવી ૧૮) વરસની ઉમરે મીનોઇ જેહાંનમાં વાસો કરીયો.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી મારચ ૧૮૬૮.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૧૦ માહ ૭ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

શોરાબજી જાંગીરજી દાવર—જરથોશતી ટોલામાં દાવરનાં નામથી ઓલખાતાં ઘણાંક નવાં અને જુનાં કુટંબોમાંનાં એક અવલ અને પુરાતન દાવર કુટંબનો ઘરહશથ શેઠ શોરાબજી જાંહાંગીરજી દાવરના ગએઆ શોમવારને દને આએ ફાંની દુનીઆંથી પોતાનો વાશો ઉઠાવી બેહેશતનશીન થઆછે, એ ગરહશથ જોતાં ઘણા લાએકીવાલા અને મીલનશાર હતા અને પાછલ એક મોટું કુટંબ મેલી ગીઆછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી આપરેલ ૧૮૬૮.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૧૦ માહ ૮ (ક૦) ૧૨૩૭ યજદજરદી.

બીખાઈજી તે બરજોરજી નાનાભાઈ દાવરનાં વીધવા—ગયાં પખવાડીયાંમાં હક થયનાં એક ભાયગશાલી પારસી બાનુને લગતી જે કેટલીક હકીકત, તે કુટુંબનાં એક સમજુ બાઇએ હમારા હાતમાં મુકીછે, તે ઉપરથી મલીછે. એ ભાએગશાલી બાઇ તે શેઠ બરજોરજી નાહાનાભાઇ દાવરનાં ધણીઆંણી બીખાઇજી હતાં, જેઓએ ૮૮ વરસની પાકી વયે ગયાં પખવાડીયાંમાં, આ જીહાંનથી પોતાનો અસબાબ ઉઠાવી મીનોઇ લોકોમો પોતાનો વાસો કરીયોછે. આ મરહુમ બાઇને પેટે બે છોકરા તથા ૩ પુતરીઓ મલી પાંચ ફરજંદ થયાં હતાં, જેઓ માહેલાં તરણ ફરજંદ—બે છોકરી તથા એક છોકરો—હઇઆત છે. મરહુમ બાઇનો પોતાની છોકરી-

ઓ તથા છોકરાઓ તરફથી જે વશેલો થયો હતો તેઓ માંહેલાં કેટલાંક, જેઓ હક થઇ ગયાં હતાં તેમને બાદ કરતાં, બાઇની સેવટની ઘડીએ તેમની ઓલાદથી ઉતરેલાં તથા લગન સબબે જોડાઇ તેમનાં કુટુંબમાં ઉમેરાયનાં મલી ૧૫૯ આશામીઓ નીચલી વીગતે હઇઆત હતાં:—

છોકરીઓ	૫૨
છોકરા	૫૩
વહુઓ	૩૦
જમાઇ	૨૪

એ મરહુમ બાઇને, પોતાની સેવટની ઘડીએ, તેમજ તેવણનાં હઇઆત કુટંબીઓને મજકુર વીગત જેમ સંતોશ પમાડનારી હતી, તેમજ હમો ધારીએછે કે તે હમારા વાંચનારાઓને પસંદ પડતી જણાશે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૮ મી આપરેલ ૧૮૯૮.]

તા૦ ૩ જી આપરેલ.

રોજ ૧૪ માહ ૭ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

દાદાભાઈ રતનજી બીલીમોરીઆ—મી૦ દાદાભાઇ રતનજી બીલીમોરીઆ—શેરના બજારમાં જાણીતા આ જવાંન દલાલે ઘણાં દીવશની માંદગી ભોગવીને પોતાના ઘણા મીતરોને તથા પોતાનાં બોહોલાં કુટુંબને પોતાની પાછલ માહોતમ કરતાં મેલીને, ગઇ કાલે સહવારનાં કલાક ૧૦ ને અમલે આ જેહાંનથી અસબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં વાસો કરીઓછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૪ થી આપરેલ ૧૮૯૮.]

તા૦ ૧ લી મેએ.

રોજ ૧૨ માહ ૮ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

તેહમુલજી રૂસતમજી રેડીમની—જણાવાને દલગીરી ઉપજેછે કે ગઇ કાલ દીને શાંજના પાંચ કલાકને અમલે શેઠ તેમુલજી રૂશતમજી રેડીમની આએ જાહાંનથી અશબાબ ઉઠાવીને મીનોઇ આલંમમા વાશો કરીઓછે.

[જામે જમશેદ, તા૦ ૨ જી મેએ ૧૮૯૮.]

તા૦ ૫ મી મેએ.

રોજ ૧૬ માહ ૮ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

શાપુરજી દોરાબજી સકલાતવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે ગઇ કાલ દીને ચહડતા પોહોરનાં ૧૧ કલાકને અમલે આતરેની પારશી કોમના અથોરનાંન ટોલાના અકાબર શેઠ શાપુરજી દોરાબજી સકલાતવાલા પેલી મીનોઇ જેહાંનમાં વાશો કરવા માટે આ ફાંની તથા વલભકીઆદાર દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવી, પોતાના બેશકબીલાને તથા દોશત આશનાવોને ગમગીન દીલના કરી મલકુમ કરી ગીઆછે. આજ ઘણાએક દીવશો થએઆ મરનાર પથરીનાં મરજથી તથા ગાલ આગલ નીકલેલાં એક નવાં કરોડાં દરદથી બીમાર હતા, જે માંદગીની વેલાએ તેમણી હજુર તેમણી બરદાશત કરવાને ડાકટરો મેકનજી તથા ભાઉ દાજી હતા. ગીઆ અઠવાડીઆંના મંગલવારને દીને ગાલ આગલનું દરદ ડાકટર મેકેનજીએ, ચંચલ તબીબ ભાઉ શંગાથે મલી આશાંનીથી તથા ફતેહમંદીથી ચીરીઉં હતું. મરનાર શેઠ પોતાની ૫૨) વરશની ઉમરે, પોતાની પાછલ ફકત ૪ બેટીઓ મેલી જીનતગુજીન થાએઆછે. મરનારની લાએકીઅત, કાબેલીઅત તથા કમાલીઅત બાબે બહુ તારીફ થાએછે, તથા એવું કહેછે કે જોકે મરનારે અરબી ભાશાનો ખુદ અભીઆશ ન કરીઓ હતો તોપણ આરબ વેપારીઓ શંગાથેના વેહેવારને શબબે વાતચીત કરવાની વાબેશતા પડેઆથી અરબી ભાશાનાં એક પુરવીણ તરીકે મરનાર બહુજ જડફથી, ચંચલાઇથી તથા શુધપણે વાતચીત કરતા હતા.

[મુંબઇ ચાબુક, તા૦ ૬ થી મેએ ૧૮૯૮.]

તા૦ ૧૭ મી મેએ.

રોજ ૨૮ માહ ૮ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

બેજનજી જામાસપજી ખરશેદજી દેસાઈ—

નવસારી, તા૦ ૧૮ મી મેએ ૧૮૯૮.

આતરેનાં દેસાઇ જામાસપજી ખુરશેદજીનો છોકરો બેજનજી ગઇ રાતે આસરે ૩૩

વરસની જુવાન વયમાં આ જેહાંનથી અસ-બાબ ઉઠાવી ગયાછે. દેસાઈ ખાંનદાન વચે મરનાર શખસ આ તરફની સરકારી બાબ-દોમાં સારી માહીતગારી ધરાવનાર તે સાથે લાયકીવાલા તથા પરેહેજગારી ધરાવનાર હતા. એ મરણથી અતરે પારસીઓમાં ઘણી દલગીરી ફેલાઇછે તથા તેનાં ખાંનદાંનને તેમાં વીશેશ કરી તેમનાં લાયકીવાલા તથા રાંક બાવાને મોહોટો તોટો ગયોછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૧ મી મેએ ૧૮૬૮.]

તા૦ ૨૨ મી મેએ.

રોજ ૩ માહ ૯ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

દોરાબજી જીવણજી મીસતરી—ગઇ કાલ દીને બપોરનાં એક કલાકને અમલે આપણી શરકારી ગોદીના વડા મીશતરી શેઠ દોરાબજી જીવણજી અચબુચ બે ચાર કલાકની પીડા શોશીને આએ જેહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી, ૬૦ વરશની વરધપ વએમાં શવરગવાશ થાએઆછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૨૩ મી મેએ ૧૮૬૮.]

તા૦ ૩ જી જુન.

રોજ ૧૫ માહ ૯ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

બહમનજી મેહરવાંનજી વછીઆત—

વરોડરા કાંપ, તા૦ ૬ થી જુન ૧૮૬૮.

અતરેની કાંપના શેઠ મનચેરજી મેરવાંનજી ગુરગુરના ભાઇ બહમનજી મેરવાંનજી (જેવોને વછીઆતની ઓલખથી ઓલખતા હતા) તેમની નીમચથી ખબર આવેઆથી ગેઇ કાલે એવોએ અતરે ઉઠીઆંણું કીધું હતું.

[મુંબઇ ચાબુક, તા૦ ૧૦ મી જુન ૧૮૬૮.]

તા૦ ૨૯ મી જુન.

રોજ ૧૧ માહ ૧૦ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

એ૦ તેહમુલજી મીનોચેહરજી હોજદાર—પુણાં અખબરવર ઉપરથી જોવા-માં આવેછે કે તે તરફની સર જમશેદજીની દરેમેહરના દસતુર તેમુલજી મનચેરજીનો છોકરો મરણ પાંમીઓછે. શોમવારે શહવાર નાં પાદીઆબ કરવા માટે કુવામાંથી પાણી કાહાડતાં તેને ફેર આવી ગએઆ અને અંદર પડી ગએઓ અને બાહાર કાહાડવામ આવે એટલામાં દુખી મરણ પાંમીઓ.

[જામે જમશેદ, તા૦ ૭ જી જુલાઇ ૧૮૬૮.

તા૦ ૧૭ મી આગશટ.

રોજ ૩૦ માહ ૧૧ (શે૦) ૧૨૩૭ યજદજરદી

પીરોજબાઈ તે ડોશાભાઈ રતનજી કોહલાનાં ધણીઆંની—જણાવવાને બેહ દલગીરી ઉપજેછે કે આપણા ટાપુના એ જાણીતા ગહરસથ શેઠ ડોશાભાઇ રતનજી કોહોલાનાં ધણીઆંણી બાઇ પીરોજબા ગએઆ સોમવારને દીને પાછલા પોહોરન આએ ફાંની દુનીઆં મધેથી ૨૧) વરશન ટુક ઉમરમાં પોતાના ખાવંદ તથા બેશાવંદો ભારી ગમગીનીમાં નાખીને તથા પોતાન પછવાડે ચાર નાધલાં બાલકોને મુકી ગુજરી ગએઆછે. એ મરનાર બાઇએ આ એક પખવાડીઆંની વાત ઉપર એક બાલક જનમ આપીઓ હતો, તેથી નીપજેલી માંદગ મધેથી મરનારના જીવનો બચાવ નહ થાએઓ, કે જેથી કરીને ભરજુવાની તેવણનું આએ દુખદાએક મરણ થાઇઉંહે આ મરનાર બાઇ પીરોજબાઇનું મરતી આ રીતે હમારી કટારોમાં નોંધી રાખવાજો છે, કાંએકે ખોદાતાલાએ મરદોની મજલસ જેબ આપવા તથા ઇજત અને અદબઆ ભરેલી કરવાને સારૂં સ્ત્રીજાતને સરજી તે મુજબ નેક સ્ત્રીઓની હાજરીની ખુબી આપણા સંસારમાં જે ભલાઇ થવી જોઇ તે ભલાઇ બતંલાવનારી આગેવાંન કેટલ પારસી બાઇઓ જે આજ થોડું એક થાઇ મીજલસો મધે આપણા જોવામાં આવે તેઓ માંહેલી એક બાનું એ મરનાર બ પીરોજબાઇ હતી. હેવી રીતની આગેવાં કરનાર ઓરતો ને અંજાણા તથા નાક લોકોના તાંણાથી કાંઇ થોડું ખમવું પડ નથી પણ તે ખમવાને સબુરદ થાઇને, ત

પોતાના ખાવંદનો સુખન તે ખોદાનો સુખન છે હેવું સમજીને, મરનાર બાઇ પીરોજબાઇ પોતાના ધણીના સાએઆ તલે કોઇબી બાએક મીજલસમાં આવવાને અડચણ કરતીતી નહી, એટલુંજ નહીં, પણ મરદ ઓરતનું જોડું એકબીજાની સાથે બાહેર ફરવા હરવાથી તથા સદા એકબીજાંની પાસે સુલેહ અને સંપથી રેહવાથી કેહવું મીઠું અને નાદર સુખ પાંમેછે તેહનો દાખલો એ મરનાર બાઇએ પોતાની તથા પોતાના ખાવંદની ચાલચલણથી પોતાંનાં ટોલાંનાં લોકોને સારી રીતે બતલાવીઓ હતો. મરનાર ઘણી અસરાફ અને ખુબી ભરેલી તથા ગુજરાતી અને ઇંગરેજી ભાશામાં સારી કેળવણી પાંમેલી હતી. તેહનાં કવખતનાં મરણથી તેણીના ખાવંદની ઉપર એક મોહટો ગજબ પડીઓછે, તેણીનાં નાજુક બચાં પોતાની શેઆણી માતાજીની તરફથી જે કીમતી તરબીઅત પાંમવાનાં હતાં તે વકીમાં નીશફલ થાએઆછે, અને પારસી મીજલસોમાં સુધરાઇને ચાહનારા શખસોએ એક ભલી ચાલની આગેવાંની કરનાર હીમતવાંન બેહનને ખોઇછે. એ મરનાર બાઇ તરફના માનની ઇધાંણી દાખલ અતરેની "એલકજાનડરા ગરલસ ઇસકુલ" ગએઆ બુધવારને દીને બંધ રાખેઆમાં આવી હતી.

[શરત ગોફતાર, તા૦ ૨૭ મી આગશટ ૧૮૯૮.]

તા૦ ૧૮ મી આગશટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

દસ્તુર મીનોચેહરજી અસપંદીઆરજી કામદીનજી, ભરૂચવાલા—દશતુર મીનોચેરજી અશપંદીઆરજી જેવી શારી ખસલતના અને ગુનીઆંની દશતુરનું મોહોટ નીપજવાથી પારશી આલમ ગમગીન થઇછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૩૦ મી આગશટ ૧૮૯૮.]

તા૦ ૯ થી સપટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૨૩૭ યજદજરદી.

ભીખાજી નશરવાંનજી કરંજીઆ—ભીખાજી કુવરજી નામનો એક આબરૂવાલો અને પોતાના બોહલા કબીલાનું પોશણ કરનારો પારશી ગએઆ રવીવારનાં રાતે પોતાનાં ગલાંમાં ફાંશ લઇ મરણ પાંમોચ તેથી પારશીઓ જાંણીતા થાએઆ હશે. મરનાર શખસ અવલથી વેઆજ વટાવ અને શરાફી ધંધો કરનાર હોવાથી તે ઘણાંએકોને જાણીતો થાએઓ હતો, અને ભીખો કરંનજીઓ કેહતાંજ લોકો તેને શીતાબીથી પીછાંનતા હતા. દરવીઅને કેમ જાલવવો અને તેનો ઉપીઓગ કેમ કરવો તે આએ મરનાર પારશી જાંણતો હતો—અને તેણે પોતાની મેહેનતથી મેલવેલી મોટી દોલતને તે શંભાલીને વાપરતો હતો. મરનાર ઘણાઓ શાથે મીલંનશાર, નમાનો અને ગરવ હતો, અને તેનો હરદએ હેવો તો હતો કે કડવાં અથવા મીઠાં બોલવાને તે આશાંનીથી શોશતો હતો. ઉપલા ગુણો દેખાડવાનું કારણ હમોને એટલા વાશતે પડીઉછે કે આએ રવેશનું પાકું માણશ પણ બાજે વખતે ધભરાતમાં પડી આપઘાત કરવાને ચુકતું નથી, પણ આપઘાત કરવી એબી એક હોનારત જો ગણાએ તો પછે હાવાં ડાહેઆ, અથવા કંમશમજ માંણશો જેવો ઉપલો મારગ અખતીઆર કરે તેવોની કશુર નીકલે નહીં.

[મુંબઇ ચ બુક, તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૯૮.]

તા૦ ૨ જી નવેમબર.

રોજ ૧૨ માહ ૨ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

રતનજી પીરોજશાહ મીનવાલા, કરાંચીના—જણાવવાને ભારે શનતાપ લાગેચ કે અતરેનાં જાણીતાં મીનવાલાનાં ખાનદાનના મી૦ રતનજી પીરોશાએ કાંઇ કામકાજને લીધે હુલરાઇ કરી પોતાની ર૫ વરસની બરજુઆનીમાં આપઘાત કરી શવરગવાજ થાએઆછે અને એથી મરનારના ભાઇઓને તેમજ સગાંવાહાલાંને ભારે ધા લાગોછે. મરનાર ઘણો મીલનસાર હસમોખા શવભાવનો હુશીઆર હતો. એનાં એકાએક આવાં કઢંગાં મરણથી અતરેની પારશી પરજા તેમજ વેપારી આલમને ભારે દલગીરી લાગીછે.

[સીંધ સમાચાર, તા૦ ૧૮ મી નવેમબર ૧૮૯૮.]

તા૦ ૩૦ મી નવેમબર.

રોજ ૧૦ માહ ૩ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

માણેકજી એદલજી મીસતરી—શેઠ રતનજી એદલજી બાટલીવાલાનાં મેહતા ભાઇ માણેકજી એદલજી મીશતરી, અથવા ભટ્ટુશા ગઇ પરમ દીને એક દીવશની તાવમાં થાએના ઉડતા રોગથી મરણ પાંમેઆછે. આએ મરનાર જાતે નમાંણો, ગરવો, ગરીબ, રાંક, અને એક અછો પરહેજગાર જરથોશતી હતો—એટલુંજ નહીં, પણ તે ગરીબ હોવા છતાં પોતાથી બની આવતો આશરો પોતાનાં ગરીબ બેશાવદોને તથા મીતરોને આપતો હતો. આએ મરનારની વએ ચાલીશ વરશને નુકતે પુગતાંજ તે કાલની જાલમાં શપડાઇ જાઇ પોતા પાછલ ઘણાંવોને અંદેશો કરતાં મેલી ગએઓછે. વધારે દલગીરીભરેલું એ છે કે મરનારની માએ જે ગએઆ માશમાં ધોબીતલાવ ઉપરનાં ઘરની એક દેવાલ પડવાથી મોહોતની અણીએ આવી પુગી હતી તે બીચારી મોહોતનાં ગીત ગાવાને બચીછે. બચાત આએ મરણ દયા ઉપજાવનારું બનીછે.

[મુંબઇ આખબાર, તા૦ ૨ જી ડીસેમબર ૧૮૬૮.]

ઇ૦ સ૦ ૧૮૬૯.

1*st January*, 1869.

ARDASEER LIMJEE BANAJEE.—We regret to announce the death of Mr. Ardaseer Limjee Banajee, which took place on Friday evening. The deceased belonged to the respected family of Banajee. He commenced life as a merchant and commission agent; was for some time broker to European houses, and latterly auctioneer. After his failure in this last capacity he was employed in the office of the Agent for Army clothing. The immediate cause of his death was the appearance of an acute abcess on his left arm, which, on being operated upon, proved fatal. He was on his fifty-ninth year, and was universally respected for his urbanity and frank-heartedness.

[*Bombay Gazette, 4th January* 1869]

તા૦ ૩ જી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

જમશેદજી બરશેદજી ધનજીમેહતાના—હમોને જણાંવવાને દલગીરી લાગેછ કે શેઠ જમશેદજી બરશેદજી ધનજીમેહતાના જે ઘરશથ આગલ નીજાંમ હેદરાબાદ ખાતે તાંહાંનાં વજીર શર શાલારજંગના હાથ હેઠલ એક વીશવાશુ હોધા ઉપર હતો અને પાછલથી એ વજીરની ઇતરાજીમાં આવેઆથી તે હોધો છોડી અતરે આવી વશેઓ હતો તે ગરશથ અતરે આવેઆ પછે એક લાંબી માંદગી ભોગવી ૫૧ વરશની મવેઅમ વએમાં ગએઆ બુધવારે રાતનાં બેહેશતનશીન થાએઓછે. આ મરનારનાં ગુજરવાથી તેનાં બોહોલાં કુટુંબમાં અતીશે દીલગીરી પેદા થાઇછે.

[મુંબઇ આખબાર, તા૦ ૬ થી ફેબરવારી ૧૮૬૯.]

તા૦ ૨ જી મારચ.

રોજ ૧૨ માહ ૭ (ક૦) ૧૨૩૮ યજદજરદી.

નશરવાંનજી પેશતનજી વકીલ, સુરતવાલા—જણાવવાને અતીઅંત દલગીરી પેદા થાએછે કે સુરતની પારસી કોમમાં જણાએલાં વકીલ ખાંનદાંનના વડા શેઠ નોશેરવાંનજી પેશતનજી વકીલ લકવાના મરજથી તરણ દીવસની માંદગી ભોગવીને ગયા શોમવારની રાતે પાંચ કલાકે આ ફાંની દુનીઆંથી પોતાનો વાસો ઉંચકી મીનોઇ જાહાંનમાં વાસો કીધોછે. મરનારની ઉમ્મર જોકે ૬૨ વરસની હતી તોપણ તેઓના કદાવર શરીરનો બાંધો એવો મજબુત હતો કે કોઈ ભાગ્યેજ એઓની એટલી ઉમ્મર ધારે.

એઓ ઘણુાજ મિલનસાર, નરમ મિજાજના, સાદા અને ઉધરાઉ સ્વભાવના હતા અને સુરતના બીજા કેટલાક પારસી માતબરોમાં જે તુછાગી, તુંડાઇ, અને ગરૂરી હોયછે તેથી મરનાર મોકળા હતા. માણસજાતમાં કંઇ ને કંઇ ખામીઓ તો હોયજ છે, અને તે મુજબ શેઠ નસરવાંનજીમાં પણ ખાંમીઓ હતી, પણ તે ખાંમીઓ કરતાં સારા ગુણ વધારે તથા ખાંમીઓને ઢાંકી નાંખે તેવા હતા. એઓને દુનિયાદારીના કામમાં સારી માહિતી હતી અને તેનો લાભ જેઓ શોધે તેઓને ખુશીથી આપતા હતા. એ શેઠની આબરૂ તથા મોભો પારસીઓમાં સારો હતો. મરહુમ સર જમસેદજી જીજીભાઇ પેહલા બારોનેટ તથા મુંબઇની પારસી પચાએતના બીજા મેમબરોનો એઓમા ઘણો ભરોશો હોવાથી એઓએ સુરત ખાતેના પારસી પંચાતના ધરમના ફંડના એક ટ્રસ્ટીનું તથા ટ્રસ્ટીઓના સરનશીનનું કામ ચોવીસ વરસ સુધી ઘણી મેહનત, કાળજી તથા હોશીયારી સાથે ચલાવ્યું હતું, પણ પાછળથી થોડા વરસની વાત ઉપર કેટલાક સબબોને લીધે એ કામ એ શેઠને છોડવું પડયું હતું. એ શેઠ હરેક સારાં (તેમાં વિશેશ કરીને પોતાની કોમની સેવા બજાવવાના) કામો કરવાને હંમેશા તૈયાર રેહતા અને તેને પોતાના જેવું જાણી બજાવતા હતા. સુરતના પારસીઓમાં આગલા શેઠીયાઓમાંના ગણત્રીના થોડાકજ જુના શેઠીયાઓ હમણા સુધી હયાત રહયાછે તેમાંના એઓ શેઠ એક હતા; અને એઓના મરણથી એઓના બોહોળા કુટુંબમાં તથા ઘણાંક દોસ્ત આશનાવોમાં જે માહેતમ તથા ગમગીની પેદા થઇછે તે એકદમ ભુલાવી, અને સુરતના પારસીઓએ એક મોભાવાળો અને માનવંતો શેઠીઓ ખોયોછે તે ખુટ પુરાવી, મુશકેલ છે.

[ગુજરાત મિત્ર, તા૦ ૭ મી મારચ ૧૮૬૯.]

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

જમશેદજી એદલજી ભંડારા—લખવાને દલગીરી ઉપજેછે કે મી૦ જમશેદજી એદલજી ભંદારાનાં મરણના શમાચાર ચીન ખાતેથી અતરે આવીઆછે. મરનારનાં ઉઠીઆંણાંની કીરીઆ ગેઇ કાલ દીને અતરે કીધામા આવી હતી.

[જામે જમશેદ, તા૦ ૭ મી આપરેલ ૧૮૬૯.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૧૦ માહ ૭ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

માણેકબાઈ તે હાનરેબલ બેહરાંમજી જીજીભાઈનાં ધણીઆંની—હમુણે જણાવવાને ભારે દલગીરી લાગેછે કે હાનરએબલ શેઠ બેહરાંમજી જીજીભાઇનાં ધણીઆંની બાઇ માંણેકબાઇએ, એકાદ બે દાહાડાની સેહેજ માંદગી ભોગવી, ગઇ પરમ દીને રાતનાં અગીઆર કલાકને સુમારે, પોતાની ૪૪ વરસની ભરજુવાનીમાં, આ ફાંની દુનીઆંમાંથી પોતાનો અસબાબ ઉઠાવી મીનોઇ જાહાનમાં વાસો કર્યોછે. મરનાર બાઇ ઘણાં ગરવાં તથા સાલિસાઇવાલાં હતાં, અને જેઓ એ બાઇના સંબંધમાં થોડાં ઘણાંબી આવીયાંછે તેઓ સઘલાં એકઆવાજે આ બાઇનાં રૂડા ગુણોની તારીફ કરેછે. મરનાર બાઇનાં રવાંનને ગઇ કાલ દીને સાંજનાં તેની સેવટની આરાએશની જગાએ અવલમંજલ પોંહચાડતી વેલા, પારસીઓની એક દબદબાભરી પાયદસતની મજલસ થઇ હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૧ લી આપરેલ ૧૮૬૯.]

30*th March* 1869.

MANECKBAI WIFE OF HON'BLE BYRAMJEE JEEJEEBHOY—*A heavy affliction has overtaken the Honorable* Byramjee Jeejeebhoy, *Member of the* Legislative Council of Bombay. His wife, Maneckbye, died at her family

residence at Breach Candy on Tuesday night. The deceased lady had been ailing for about two days, but no danger to her life was apprehended. Her death was almost sudden. She was much respected in the Parsee community for her many excellent qualities; and her untimely death (she being only 42 years of age) has cast a gloom over a large circle of friends and acquaintances. Her funeral took place yesterday, and was most numerously attended.

[*Bombay Gazette*, 1*st April* 1869.]

30*th March* 1869.

Maneckbai, wife of Honble Byramjee Jeejeebhoy—We have to announce with regret the death of Maneckbai, wife of the Hon'ble Mr. Byramjee Jeejeebhoy at her residence Tardeo, Breach Candy Road, on Tuesday night. The deceased lady was held in high esteem amongst the Parsee community and was distinguished for many excellent virtues. The funeral took place yesterday, and was numerously attended.

[*Times of India, 1st April* 1869.]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

માણેકજી મેહેરવાંનજી શેઠના—જણાવવાને મોટી દલગીરી અને શનતાપ લાગેછે કે આપણી ટાપુના જાણીતા રેહેવાશી શેઠ માંણેકજી મેહેરવાંનજી શેઠનાં આ ફાંની દુનીઆંમાંથી તેવણનો અશબાબ ઉઠાવીને બેનીહાળી જાંહાનમાં વાશો કીધોછે. શેઠ ખાંનદાંનને નામે જણાએલાં કુટંમના વડા તથા એ કુટંમની પેહડી દર પેહડી ઉતરેલા વારશાના તેવંણ માલેક હતા. એટલુંજ નહીં પણ અથોરનાનોનાં પંથના તેવણ વડા ગણાતા હતા. મરનાર ઘણાં શાલેશ અને નમનતાઈ ભરેલા હતા અને તેવણ જીંદગી એકાંતમાં ગુજારતા હતા. તેવણનાં મરણથી તેવણનાં ખેશાવંદો અને જરતોશતી આલમમાં મોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી જુન ૧૮૬૯.]

31*st May*, 1869.

Maneckjee Merwanjee Sethna—We have with regret to announce the death of Mr. Maneckjee Merwanjee Sethna, one of the oldest and most respected members of the Parsee community. The deceased gentleman, who died yesterday at his residence in Girgaum, was on octagenarian. He was an extensive landed proprietor, being the owner of Nowrojee Hill, Merwanjee Dongur, and other properties, yielding an almost princely revenue. Large numbers of the Parsee community followed his remains to the Tower of Silence. Although averse to dispensing his wealth in public charities, it is believed that his loss will be much felt by numbers of poor people who were the recipients of his bounty.

[*Bombay Gazette*, 1*st June* 1869.]

તા૦ ૫ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

મેહેરવાંનજી દાદાભાઈ પોસ્ટવાલા, પુણાંના—દખણ હારસડ ઉપરથી જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાંનો પુરાંનો અને હોરમતે પુગેલો પારશી ગરશથ મી૦ મેરવાંનજી દાદાભાઇ ચાલતા માશની તા૦ ૫ મીએ આ ફાંની દુનીઆંથી અશબાબ ઉઠાવી ગએઆછે. મરનાર ગરશથ શરકારનો ઘણો પુરાંનો અને ઇમાંનદાર નોકર હતો. ૧૮૨૫ નાં શાલમાં શોલાપુરનાં કલેક્ટરની નોકરીમાં

એક કલારક તરીકે તે રહેઓ હતો, અને એ ખાતું કાહાડી નાંખેઆ પછે તે પોશટ આંફીશમાં દાખલ થએઓ તાંહાં વધતાં ઇનિશપેકટીંગ પોશટ માશતર તે થએઓ હતો. ૧૮૫૭ નાં શાલમાં તેને નોકરી છોડીને પેનશન લીધું હતું. ૩૨ વરશની લાંમબી મુદતની નોકરી તેને ઘણા ઉલટ અને નીમકહલાલીથી કરી હતી અને તે માટે તેને ઘણી વાર શાબાશી મલી હતી.

[જામે જમશેદ, તા૦ ૯ મી જુન ૧૮૬૯.]

5th June, 1869.

MERWANJEE DADABHOY POSTWALLA.—We regret to announce that Mr. Merwanjee Dadabhoy, one of the oldest and most respected of the Parsee community of Poona, has just passed away from amongst us. The deceased gentleman was an old and faithful servant of Government. He entered the service in 1825 as clerk in the Collector's office at Sholapore, and on its abolition in 1827 joined the postal department, and was promoted to the highest grade, that of Inspecting Post Master, which post he held upto 1857, when he retired on his pension. The whole course of his long career of 32 years' public service was marked by a zeal and fidelity which always called forth the highest approbation. This melancholy occurrence took place on the night of Saturday, 5th instant.

[*Deccan Herald*, 6*th June* 1869.]

તાં૦ ૭ મી જુન.

રોજ ૧૫ માહ ૯ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

ખરશેદજી મેહેરવાંનજી વાડીઆ— જણાવતાને દીલગીરી લાગેછે કે મુંબઇના અમેરીકન શરકારના એજેનટ અને અમેરીકાનો વેપાર કરનાર મેશરશ ડાશાભાઇ મેરવાંનજી વાહાડીઆની કુંપનીના ભાગીઆ શેઠ ખરશેદજી મેરવાંનજી વાહાડીઆ ૫૬ વરસની ઉમરે ગયા શોમવારે હક થયાછે. ગયાં ચાર વરશમાં મેશરશ ડાશાભાઇ મેરવાંનજી વાહાડીઆની કુંપનીએ પોતાના તરણ મુખીઅ ભાગીઆ ખોયાછે. શેઠ ડાશાભાઇ, શેઠ ધનજીભાઇ જેવણ હાલના આપણી શરકારી ગોદીના "માશટર બીલડર" ના બાવા થાય અને શેઠ ખરશેદજી. આ મરણ માટે પોતાની દીલગીરી જાહેર કરી દીલાશો આપવા પરકોમના કેટલાક ગહરસથો હાજર થયા હતા, અને તેમાં મશકતના ઇમામનો બાઇ શઇઅદ તુરકી પણ હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૩ મી જુન ૧૮૬૯.]

7th June 1869.

CURSETJEE MERWANJEE WADIA.—We regret to announce the death of Mr Cursetjee Merwanjee Wadia, a partner in the firm of Messrs. Dossabhoy Merwanjee Wadia, & Co, the well-known American merchants and agents in Bombay. The deceased gentleman returned from Poona on Monday evening, and died in about an hour afterwards at his family residence in the Fort, at the age of 56. Within the last four years, the firm of Messrs. Dossabhoy Merwanjee Wadia & Co, have lost three of its principal members, Mr. Dossabhoy, Mr. Dhunjibhoy, the father of the present worthy Master Builder of H. M. Dockyard, and now Mr. Cursetjee. From the high character of the firm, and the personal worth and urbanity of its members, it has long maintained its position among English, American and native merchants who have had business relations with it, and among a large number of officers of the American Navy who visited Bombay; and it is

to be trusted that its prestige will *not suffer at the hands of the surviving partners.* A large number of Parsees assembled at the third day's funeral ceremonies performed in honor of the deceased's memory. Even foreigners showed sympathy for the loss the deceased's family had sustained, and among others, Syed Tookee, the brother of the Imaum of Muscat, visited the deceased's relations in order to give them consolation.

[*Times of India*, 12*th June* 1869.]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૧૦ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

એદલજી નશરવાંનજી માસટર— જણાવવાને મોટું દુખ અને ભારે સંતાપ ઉપજેછે કે મી૦ એદલજી નશરવાંનજી માસટર ("પરશીઆ")ને શીંગાપોર ખાતે (ધારવા મેલે ખહીનાં બુરા મરજથી) મરણ પાંમવાનાં ગમભરેલા સમાચાર તારની મારફતે અતરે આવયાછે, અને તેમનાં કુટુંબ તથા દોસતો- ને ભારે શોકમાં નાખયાછે. આ જવાન ગરહસથનાં મરણને અમે કાઇજ નહીં પણ હોધા ઉપર ખંતીપણું, દેશહીતકારી મેહેનત, ભલાં કામની ભારી બુજ તથા લોકોનાં દુખ- ની ખરાં દીલની દાહાજના એક ભોગ લેખે ગણીએ છઇએ, અને અમારી ખાતરી છે કે જે જવાંનોએ તેનાં હાથ તલે તાલીમ લીધી- છે, જે સભાસદોએ તેનાં નીબંધો અથવા ભાશાંણો સાંભળયાંછે તથા જે વાંચનારાઓએ તેનાં લખાંણ વાંચયાંછે તેઓ આ વાતમાં અમને ટેકો આપશે કે મરનારે ખહીનો બુડો રોગ પકડયો તે નીશાળ મધે અનેક પરકારના ચેલાઓને તાલીમ અને કેળવણી આપવાને પોતાનું ધાંટુ તોડતાં અને જાહેર- માં અનેક બાબતો ઉપર ભારી દાહાજ ધરાવતાં એ મરજ પકડયો હતો. અતરેની કેળવણીના પેહેલા દાએકામાં શેઠ દાદાભાઇ નવરોજજી તથા નવરોજજી ફરદુનજીની સાથવાળા જે મુઠીભર જવાંનોએ આટલું- બધુ જાહેર કાંમ કીધુંછે તેઓમાં મરનાર એક હતા. તેવણે લાંબો વખત સુધી આ રાસત ગોફતાર તથા ગનાંન પરસારકનું અધી- પતીપણું ચલાવયું હતું, અને એજ સભા તથા રાહાનુમાએ સભાના મોટા મદદગાર હતા. હરએક વાત, હરએક ચીજ અને હર- એક કાંમ વીશે તેવણને એટલું તો ખરેખરૂં દરદ લાગતું હતું કે તેવણની તે બેહદ દાહાજ જોઇ તેવણની સુખાકારી વીશે તેવણનાં લાગતાવલગતાઓ અદેશો કરતા હતા અને બીજા હાથ ઉપર તેવણનું એકમારગીપણું અને ગરીબાઇ એટલી હતી કે તેવણનાં સાથી- ઓ જારે દુનીઆંમાં ઘણા વધી ગયા તયારે તેવણ પોતાની ટુંક રોજી ઉપર સંતોશી પડી રહયા હતા. તેવણનું આ મોત ખરેખર અફસોસ ઉપજાવનારૂં છે.

[રાસત ગોફતાર તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૬૯.]

28*th June* 1869.

EDULJEE NUSSERWANJEE MASTER— We have to announce the death of Mr. Eduljee Nusserwanjee, a well known Parsee gentleman of this place A telegram was received in Bombay from Singapore on Friday last in which this intelligence was communicated. Mr. Eduljee was for a long time a journalist. His contributions to the *Rast Goftar* and the *Duyan Pursarak*, and his essays on moral and religious subjects, are still fresh in the minds of Guzerathee readers. He took an active part in everything that had for its object the amelioration of the natives of India. Mr. Eduljee was for some time manager of the *Bombay Times*, while the late Dr. Buist was its editor

[*Bombay Gazette*, 12*th July* 1869.]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૧૦ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

દોરાબજી માણેકજી પરબેજ—હમોને જણાવવાને દલગીરી લાગેચ કે જી. આઇ. પી. રેલવેની ખંડવાની લાઇન ઉપર કંટરાકટનું કામ કરનાર એક જવાંન મોબેદ નામે દોરાબજી માંણેકજી પરવેજ ખંડવા ખાતે ટટુ ઉપરથી પડી જાવાથી ઘાહેલ થાઇ ગઇ પરમ દીને ગુજરી ગએઓ હતો. આ મરનારની લાશને એક ખાશ ટરેનની મારફતે ગઇ કાલે અતરે લાવવામાં આવી હતી.

[મુંબઇ ચાબુક, તા૦ ૩૦ મી જુન ૧૮૬૯.]

તા૦ ૬ થી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

નશરવાંનજી મનચેરજી વાડીઆ—અતરેનાં વાહાડીઆ ખાંનદાંનના એક નાંમીચા વેપારી શેઠ નશરવાંનજી મનચેરજી વાડીઆ પોતાની ચાપણ વરશની પુગતી વએમાં ગએઆ મંગલવારે બેહેશતનશીન થાઆછે. આ મરહુમ વાડીઆજી ઘણાં ભલા અને વેપાર વનજમાં શારૂં ગનેઆંન ધરાવનાર હતા. તેમનાં મરણથી અલબતે તેમનાં એશકબીલાને ઘણી ગમગીની ઉપજીછે. મરનાર શેઠ આજ વરશ દોહડ વરશની લાંબી મુદત થાઇ ખહીના બુરા મરજથી હેરાંન હતા, અને ડાકટરોની ઘણીબી મેહેનત થાતી હતી, પણ તેમની જીંદગીએ ઇબ્યારી નહીં આપેઆથી તેવો અંતે એ નાશકારક રોગનાં ભોગ થઆછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૬૯.]

6th July 1869.

NUSSERWANJEE MUNCHERJEE WADIA.—We regret to announce the death of Mr. Nusserwanjee Muncherjee Wadia, which event occurred at his residence on Tuesday afternoon. Deceased was well known among the mercantile community. He had been ailing from general debility for the last three months.

[*Bombay Gazette, 8th July* 1869.]

તા૦ ૬ થી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

રુસતમજી જીવણજી પોસ્ટ માસટર, સુરતના—સુરતથી મલેલી ખબર ઉપરથી જણાવતાં ઘણી દલગીરી પેદા થાએછે કે તાંહાના, પોતાની લાએકી તથા ભલમનશાઇને માટે વખાંણ પામેલા પોશટ માશટર મી૦ રુશતમજી જીવણજી, ગઇ તા૦ ૬ ઠીને મંગલવારની શાંજનાં ૫ કલાકે કોલેરાના દુશટ રોગથી કેટલાક કલાક શુધી હેરાંન થઇ, આશરે ૪૬ વરશની ટુંક વએમાં પોતાની પાછલ એક ધણીઆંણી તથા કેટલાંક બચાંઓને હાએ અને અફશોશમાં નાંખી મરણ પાંમેઆછે. શુરતનાં પોશટ માશટરની જગો ઉપર તેમની નીમનુક થવા પછી તેવોની ભલમનશાઇ, શલુખાઇ તથા વાજબીપણાંને લીધે શુરતનાં લોકો તેમનાં ઉપર ઘણા રાજી રેહતા હતા. માટે હેવા એકલા એક ઓધેદારનાં મરણથી શુરતની રઇએતમાં તેહેમાં ઘણું કરી તેવોનાં ખેશીઓ, દોશતો તથા પોતાના તાબાના નોકરોમાં અતી ઘણો શંતાપ પેદા થાએ એમાં કાંઇપણ નવાઈ જેવું નથી. આ ઓધેદારનાં મરણ બાબે દલગીરી જણાવવા પછી હમો આશા રાખીએચ કે શુરત જેહેવાં એક મોહટાં શેહેરમાં એ મરનાર પોશટ માશટરની ખાલી પડેલી જગો કોઇ પુરતી રીતે લાએક દેશી ધરહશથથી પુરાશે.

[જામે જમશેદ, તા૦ ૯ મી જુલાઇ ૧૮૬૯.]

તા૦ ૩૧ મી જુલાઇ.

રોજ ૧૩ માહ ૧૨ (ક૦) ૧૨૩૮ યજદજરદી.

દીનબાઈ તે શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં ધણીઆંની—જણાવવાને ભારે દલગીરી ઉપજેછે કે આપણી ધારા બાંધનારી સભાના આગલા મેમબર તથા પારસી ટોલા-

ના માન પાંમેલા અકાબર શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલનાં ધણીઆંણી બાઇ દીનબાઇ ગઇ તારીખ ૩૧ મીની રાતરે હક થયાં હતાં, અને તેવણનાં ઉઠમણાંની કીરીઆમાં તેવણના ખાવીંદ તથા બીજાં સગાંવાહાલાંઓ તરફથી અને તેવણનાં પોતાનાં નાણાંમાંથી બધા મલી ૧૧।। હજાર રૂપીઆ ધરમખાતે આપવામાં આવીયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી આગશટ ૧૮૬૯.]

31*st July* 1869.

Dinbai Wife of Framjee Nusserwanjee Patel.—We regret to announce the death of Bai Dinbai, the wife of Mr. Framjee Nusserwanjee Patel, lately an additional member of the Bombay Legislative Council. The deceased lady was much respected in the Parsee community, and was remarkable for her intelligence and kindness of feeling Her funeral was largely attended.

[*Bombay Gazette, 4th August* 1869]

તા૦ ૧૨ મી આગશટ.

રોજ ૨૫ માહ ૧૧ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

બહુમનજી કુવરજી લીલાંઉવાલા—ચરનીવાડી તરફ જુની શુનાંપોગની ગલીમાં વશનારા બમનજી કુવરજી લીલાંઉવાલા નામના ૨૭ વરસની ઉમરના જવાંન પારશીએ ગઇ પરમ દીને વીખ ખાઇ આપઘાત કરેઓ છે....આ મરનાર ઘણો રાંક અને બાહોશ પુરૂષ હતો, અને તે પોતા પાછલ પોતાની ઘરડી માવતરને, તેમજ પોતાનાં પાંચ છઇઆંવો સાથે મોહોરદારને તજીને જે આવાં દુખદાએક મરણથી ગુજરેઓછે તે બનાવ મોટો અફશોસકારક છે.

[મુંબઇ આખુક, તા૦ ૧૪ મી આગશટ ૧૮૬૯.]

તા૦ ૧૬ મી આગશટ.

રોજ ૨૯ માહ ૧૧ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

નશરવાંનજી બહુમનજી માસટર—શોકોમાં એક નહી જણાએલા, તોપણ આબરૂદાર, એકમાગ્ગી, કેળવણી પામેલા, અને ભલી ખસલતનાં ગરહસથનાં મરણની નોંધ લેવાની દલગીરી ભરેલી ફરજ અમારે સર આવી પડીછે. એ મરણ નવસારીની કાવશજી જાંહાંગીર મદરેસાના બીજા શીખશક મી૰ નશરવાંનજી બમનજીનુ છે. આવા હોદેદારો તો ઘણાં હોયછે, પણ આ મરણની નોંધ લેવાનાં ખાશ કારણો છે. મરનાર ગરહસથે એલફીનસટન કાલેજમાં મી૰ કરસનદાસ મુલજી તથા મી૰ કરસનદાસ માધવદાસ અને બીજાઓઓની જોડમાં વીદીઆમાં સારી કેળવણી લીધી હતી, પણ તાર પછે પોતાની અસુખાકારીને લીધે તેવણને હમેશ સુધી નવસારીમાં વાસો કરવો પડયો હતો, અને તાંહાં તેવણે બજાવેલી સેવાને અમે અગત કરીને જાહેર કરવા માંગીએ છઇએ. નવસારીની મદરેસાનું વડાપણ તેની શરૂઆતથી ચલાવવાનુ માન સરવેને જાણીતા મી૰ શોરાબજી માસટરને છે, પણ તોબી આપણા હવે પછેના ધરમગુરૂઓની એ નીશાલ મરનાર મી૰ નશરવાંનજીની ભારી દીલસોજી અને જેહેમતને કેટલી આભારી છે, અને તેવણે પોતાનુંજ નહીં પણ મી૰ સોહોરાબજીનું કાંમ પણ કેવી કાબેલીઅતથી ચલાવયુ છે તે એ પાછલા શીખશક પોતે કબુલ કરેછે. મરનારની ભલી ખશલત અને નેક દેઆનતનો આ એકજ દાખલો બસ થશે કે હમણાં એ મદરેસાનું ફંડ ઘટી ગયું તારે એ ગરહસથે પોતે પોતાનો પગાર ઘટાડવાને કારોબારીઓને અરજ કીધી અને પોતાની ગરીબી હાલત છતાં નીશાળને ફાયદો થાય એવી ઉમેદથી પોતાનો પગાર પોતાને હાથે ઘટાડયો. માટે ખરેખર તેનાં મરણથી નવસારીની મદરેસાને મોટો તોટો ગયોછે અને તાંહાંના સઘળા જરતોશતીઓ દલગીર થયાછે. પણ તે સાથે એ ગરહસથનાં મરણથી આ રાસ્ત ગોફતાર પતરે એક અછા લખનારને ખોહયોછે. તેવણે કેટલીક મુદત સુધી આ પતરનાં મદદગાર અધીપતીનું કાંમ ચલાવયું હતું, અને તાર

પછેથી શેવટ સુધી રાંજદુવારી તથા સંસારી બાબતો ઉપર એક જાતનાં લેહેજતદાર તેમજ કાબેલીઅતભરેલાં લખાંણથી પોતાની મદદ જારી રાખી હતી. મરનારને ખેતીવાડીની બાબત ઉપર સારૂ ધીઆંન હતું, અને એ બાબે કેટલાક અખતરા કરવાથી અતરેની ચેમબર આફ કામરસે તેવણને શાબાશી આપી હતી, તથા એજ બાબતમા તેવણે આએ પતરનાં વાંચનારાઓને માટે સારી બીનાઓ લખી આપી હતી. એવી લાએકી છતાં પોતાના જાતી નરમ ખવાસથી તેવણ પોતાને માટે અજાએબ જેવી રીત ઓછુ વીચારીને તેને લીધે જાણમાં આવયા નહી હતા. તેવા એક લાએક માંણસ ભરજવાંનીમાં પોતાની પાછલ એક મોટા કબીલાને ગરીબી અવસથામાં મેળીને મરણ પાંમે તો ગમનાં થોડાંક આજુ તેની પાછલ રેડવા એ ખુદરતી છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૬૯.

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શે૦) ૧૨૩૮ યજદજરદી.

બરજોરજી વીકાજી મેહરજી—જણાવવાને દલગીરી અને શનતાપ ઉપજેછે કે નલદરૂપ, બોદિર અને નાનદેરનાં શદર ટાલુકદાર શેઠ બરજોરજી વીકાજી મેહેરજી ચાલતા માસની તા૦ ૮ મીએ ધારાશી તરફ ૫૯ વરશની ઉમરમાં મરણ પાંમીઆછે. તેવણને નાનદેર તરફ લાવીને દફનાવવામાં આવીઆછે. તેવણનાં મરણથી તેવણનાં બોહોલાં કુટંબમાં મોટી દલગીરી ફેલાઇછે. મરનાર શારી કેલવણી પાંમેલા અને રાજદુઆરી બાબતમાં ઘણાં બાહોશ હતા, અને તેવણે પોતાનો ઓધો હેવી કાબેલીઅતથી ચલાવીઓ હતો કે તે માટે તેવણને વારેવાર શાબાશી મલતી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૬૯.]

તા૦ ૨૫ મી સપટેમબર.

રોજ ૪ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ધનજીભાઈ દોશાબજી ગોઈપોરીઆ, ભુશાવલના—ભુશાવલ ખાતેથી હમોને મલેલાં એક પત્રમાં જણાવેચ કે તે તરફ શેઠ ધનજીભાઇ દોરાબજી શાપકીપર અથવા ગોઇપોરીઆ ગીઆ રોજ ૪ થા માહ ૧ લાને દીને તાવના મરજથી ગુજરી ગયાછે. ભુશાવલ ખાતે કનટરાકટરો તથા શાપકીપરો મલી હાલમાં ૩૦–૩૫ જરથુશતીઓ વશેછે, અને ભુશાવલમાં આ પારશી પેહેલવેહેલાજ ગુજરેલા કેહેછે. આ મરણથી તેહાં એક દખમાંની અગત જણાઇછે, અને તેથી એક નાહનું દખમું અથવા એલાહેદી જગો બાંધવાની ગોઠવણ કરવાની હીલચાલ તે તરફ ચાલેચ, જેનાં કામમાં અતીઆર લગીન તે તરફ રૂ૧૦૦૦ ભરાઇ ચુકાચ.

[મુંબઈ ચાબુક, તા૦ ૨ જી અકટોબર ૧૮૬૯.]

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

મનચેરજી પેશતનજી ચીજગર—જણાવવાને દુખ ઉપજેછે કે અતરેના એક લાએકીવાલા અને જાંણીતા પારસી ગરહસથ શેઠ મનચેરજી પેશતનજી ચીજગર ૪૫ વરસની ભરજવાંનીમાં આ જીહાંનથી હક થયાછે. એ ગરહસથ સરકારી "શીપીંગ બરોકર" નો ધંધો ચલાવતા હતા, જે ધંધાંમાં પેહેલાં ઘણીક લુચાઇ ચાલુ થવાથી, ૧૮૫૦ માં મરચંટ શીપીંગ આકટ પસાર થયા પછે એ ધંધો ચલાવવાની સધળી પરવાંનગી સરકાર તરફથી એકલા એ ગરહસથની પેહેડીને મલી હતી અને તારથી આજ સુધી સરકારી શીપીંગ ખાતાને, પી૦ ઓ૦ કંપનીને તથા મુંબઇનાં વાંહાંણના પરચુટણ વેપારને ઘણી સગવડ અને મદદ થઇ હતી. આજના વખત પરમાણે કોઇ મોતેબર કેળવણી નહી મલવા છતાં મરનાર શેઠ મનચેરજીનાં વીચાર ઘણાંજ સુધરેલા હતા અને કેટલાક સુધારામાં તેવણની ઘણી મદદ હતી. તેવણ થોડુંક સુધી રાહાનુમાએ માજદીઅસનાં સભાની કમીટીના મેમબર હતા, પણ અગત કરીને આપણી કસરતશાળા સ્થાપક મંડળી તેવણને ઘણી આભારી હતી. એ મંડળી ઉભી થાઇ તારથી આજ

સુધી તેવણ તેની કમીટીનાં અધીકારી તરીકે ઘણી ઉલટ બતાવતા હતા, અને વખતેવખત તેનાં સેક્રેટરી તથા ખજાનચીનાં હોદાઓ ચલાવયા હતા. તેવણનાં ગુજરવાથી આ ઉપયોગી ખાતાંએ એક ધુનવી અને ઉલટમંદ મદદગાર ખોહયોછે, જેનાં શોક તરીકે એ ખાતું તરણ દાહાડા સુધી બંધ રાખવામાં આવયું હતું. એ ગરહસથનાં ઉઠમણાંમાં આસરે ૯૦૦ રૂપીઆની રકમ જુદાં જુદાં ધરમખાતાંઓમાં ભરાઇ હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી અકટોબર ૧૮૬૯.]

28*th* *September* 1869.

MUNCHERJEE PESTONJEE CHICHGUR.—*We regret to announce the death of Mr Muncherjee Pestonjee Chichgur, of the Government shipping office at Bombay,* which occurred on Tuesday last. In respect to his memory, the Parsee Gymnastic Institution, of which he was an active Director, was ordered to be closed for three days.

[*Times of India*, 1st *October* 1869.]

તા૦ ૨૯ મી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

નશરવાંનજી જાંગીરજી પારખ, સુરતના—જણાવતાં દલગીરી પેદા થાયછે કે ગયા મંગલવારે અતરેનાં એક જાણીતાં ખાંનદાંનનો એક જુવાન પારસી નોશરવાંનજી જહાંગીરજી પારખ પોતાના કેટલાક દોસતોની સાથે મુલ્લાંના ઓવારા તરફ નદીમાં નાહાવા ઉતરેલો તે તરફની કરાડીમાં ડુબી મરણ પામેઓછે. આ બીચારાની લાશ શોધાવી કઢાવી આપવામાં શેહેરના ફોજદારે અછી કોશેશ કરી હતી, જેથી થોડાક કલાકમાં તે દુર ઘસડાઇ ગયલી રાત પડવાની અગાઉ હાથ લાગી હતી.

[ગુજરાત મિત્ર, તા૦ ૪ થી અકટોબર ૧૮૬૯.]

તા૦ ૨૫ મી અકટોબર.

રોજ ૪ માહ ૨ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

દાદાભાઈ માણેકજી વાછા—હમોને જણાવવાને દીલગીરી લાગેચ કે આપણી ટાપુનો જાણીતો પારશી ઘરશથ શેઠ દાદાભાઇ માણેકજી વાછા જે આપણા પારશી બારોનેટનો બેશી થાએચ તેણે ગયા શોમવારે રાતનાં શેહેજ દીવશની માંદગીમાં પોતાની ૫૧ વરશની મધીઅમ વએમાં આ જીહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઇ જીહાંનમાં વાશો કરીઓછે. આ ઘરશથનાં મરણથી તેહનાં બેહદ કુટંબમાં અતીશે દલગીરી પેદા થાયછે. આ મરનારને પેટે કોઇપણ ફરજંદ ન હોવાથી તેણે પોતાની હઇઆતીમાં શારૂં ડાંહાપણ વાપરી પોતાની મીલકતનો એક મોટો ભાગ અતરેનાં જુદાં જુદાં ધરમખાતાંઓમાં કાહાડેઓ હતો. અને ગઆ બુધવારે એ મરનાર ઘરશથનાં ઉઠમણાંની કીરીઆ ગઇ તે વેલાએ પઢાએલી તંદરોશતી ઉપરથી જોવામાં આવેચ કે મરનારે શઘલા મલી રૂ. ૯૯૭૦૦ ની એક ઘણીજ મોહોટી, અથવા લગભગ એક લાખ શુધીની રકમ ધરમખાતાંઓમાં આપીછે. પોતાને કોઇપણ ફરજંદ ન હોવાથી મરનારે આ મોટી રકમ જે ધરમખાતાંમાં આપી એ તેણે પોતાની હઇઆતીમાં ઘણુંજ ડાહાપણ કરેલુ કેહવામાં આવેચ. હમો શેરવે કોઇ શખી તથા ધરમાતુ ઘરશથોને ભલાંમણ કરીએચ કે તેવોએ શખાવત કરવાની હીમતમાં આ મરનાર દાદાભાઇનો દાખલો લેવો.

[મુંબઇ ચાબુક, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૬૯.]

25*th* *October* 1869.

DADABHOY MANOCKJEE VACHA.—Mr. Dadabhoy Maneckjee Vacha, a retired Parsee gentleman who died on the 25th inst., set apart out of his estate a sum of Rs. 99,700 for charitable purposes.

[*Times of India*, 29*th* *October* 1869].

તા૦ ૧૭ મી ડીસેમબર.

રોજ ૨૭ માહ ૩ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

મનચેરજી શોરાબજી કરંજાવાલા— લખવાને અતીશે દલગીરી ઉપજેછે જે અમદાવાદવાલા શેઠ મનચેરજી શોરાબજી "લીવર" ઇઆને કલેજાનાં દરદની બીમારીથી શુરત મધે પોતાની તેહેશટ વરશની ઉમરે ગુજરેઆછે—એ મરનાર ગરહશથ અમદાવાદનો નાંમાચો, પરબેઆત, શરવેથીજુનો, મોહોબાવાલો અને મોહોટી આબરૂ ઇજતવાલો વેપારી હતો—એ ગરહશથ ચોખો, દેઆનતદાર, શવંતતર વીચારવાલો, પાખ દાંમનનો, મઆલુ, શખાવત દીલનો અને અનુભવી હતો—અને અમદાવાદની પારશી પંચાએતનો શેઠીઓ હતો, તથા તે જગાનાં ઘણાંએક દેશહીતુ અને બીજા શારાં કામોમાં એ મરનાર શેઠનો શંબંધ હતો—અને એવોનાં શદગુણોને લીધે અમદાવાદનાં પારશી ફીરકાને જેબ આપતો હતો—એ ગરહશથ અમદાવાદનો એક મોઉનીશીપલ કમીશનર હતો અને એ શેહેરનાં શુધારામાં આજ કેટલાંએક વરશ થાએઆં તંન દેહ પોતાનો વખત રોકતો હતો—તે હમેશાં ગરીબોની હીમાએત કરતો હતો અને ગરીબોની શારી બરદાશ કરતો હતો તથા તેવો ઉપર માએઆ રાખતો હતો—ઘણીએક વખત ગરીબોને શારૂં એ ગરહશથે હીમતથી તકરાર લીધી હતી—દુકાલની વખતે તથા વરશાદ અને રેલની વખતે જાહરે અમદાવાદના ગરીબો ઉપર આફત આવી પડી હતી તારે એ ગરહશથે શારી કોશેશ કીધી હતી—એ ગ્રહશથે પોતાની જાતી ચાલાકી, હીમત, શાચવટ, અને ઉદીઓગથી શારો મોભો, આબરૂ, દોલત, અને માન મેલવીઉં હતું, અને તેહેવા લાએકીવાલા ગરહશથનાં મોતથી અમદાવાદની રઇએત ખરેખરી દલગીર છે.—હેવા નાંમાંનકીત પુરૂશનાં મરણથી અમદાવાદનો એક લાએક, કીરતી પાંમેલો, આબરૂવાલો આગેવાંન ગુમ થાએઓછે.

એ મરનાર ગરહશથ કુટંબ પરવરશ હતો અને એક મોહટું કુટંબ મુકી આએ ફાંની દુનીઆં છોડી હક થએઆછે, પણ પોતાની નેક નામની ખુશબો પાછલ મુકી ગએઆછે.—એ ગરહશથનાં ઉઠમનાંની મીજલશ દબદબા ભરેલી શુરત તથા અમદાવાદમો મલી હતી, અને પારશીઓનાં ધરમને લગતાં જુદાં જુદાં ફંડમો મરનારની તરફથી ગટારટ મુજબ આપવામો આવેઉંછે, તથા હાંધલાં, પાંગલાં તથા નાચાર અને ગરીબોને અનાજ તથા નાણું મરનારનાં પુનને અરથે વેંહેચવામો આવેઉં હતું.

એ મરનાર ગરહશથનાં ઉઠમનાંને દીવશે અમદાવાદના 'માણેક ચોક' મધે—જે ઠેકાંણું એ શેહેરના વેપારની મુખીઅ જગા ગણાએછે તાંહાંની દુકાંનો બંધ રહી હતી. ઇઆને એ મરનાર તરફ ખરી દલગીરી અને જીગરની મોહોબતની ઇઆદદાશ બતલાવવા માટે ધંધાદારીઓએ તે દીવશે "હડતાલ" પાડી હતી.—તેમજ ઉઠમનાંને દીવશે મરનારનાં મકાંન ઉપર ઘણાંએક આબરૂવાલા શેઠ શાહુકારો મરનારનાં કુટંબને જે મોહટો જખમ લાગોછે તેહનો દીલાશો આપવા હાજર થએઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૬૯.]

17*th December* 1869.

MUNCHERJEE SORABJEE KARANJAWALLA.—A correspondent informs us of the death, from liver complaint, in the sixty-third year of his age, of Seth Muncherjee Sorabjee of Ahmedabad, which melancholy event took place at Surat on the evening of the 17th instant. "The deceased gentlemen was a highly respectable and enterprising merchant of old standing in Ahmedabad. He was straightforward, kind, and liberal in all his dealings. He was the head of the Parsee punchayet at Ahmedabad,

and was connected with numerous institutions of that place. He was for many years a very active commissioner of the Ahmedabad Municipality, in which he took much interest He was a sympathizer with the poorer classes, whom he always treated with kindness and liberality, and advocated their cause. His assistance during the late famine and flood at Ahmedabad was most useful and charitable. He was an old gentleman of great experience, and rose to his honourable position by his own diligence and industry. He was respected by all classes of the community, by whom his death is deservedly and sincerely lamented, and in him Ahmedabad loses one of her most useful, honourable, and leading citizens." We understand that on the third day of the death ceremony, several sums of money were given for charitable purposes, both of Surat and Ahmedabad, from the funds of the deceased and by his relatives. Grain and money also were distributed to the blind, lame, and destitute. Out of respect to the memory of the deceased gentleman, the shops at "Maneck Choke," the principal business place at Ahmedabad, were closed on the 19th instant.

Bombay Gazette, 25th December 1869.

તા૦ ૨૯ મી ડીસેમબર.

રોજ ૯ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ફરાંમજી એદલજી બીશની, કલકતા-વાલા—

શ્રી કલકતાની તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૬૯.

લખવાને અતીશે દુખ ઉપજેચ કે તા૦ ૨૯ મી ડીસેમબરે અતરેનાં એક ઘણાજ જાણીતા અને પુરાનાં પારશી ગહસ્થનું મરણ થાઇ-ઉછે. મરનાર શેઠ ફરાંમજી એદલજી બીશની તે અતરેની જાણીતી પેહડી શેઠો નવરોજજી નશરવાંનજીની કુમપનીના ભાગીઆ અથવા તમારી તરફ કાપીશખાઉનું દુખમું બનધાવ-નાર મરહુમ શેઠ કાવશજી એદલજી બીશની-નાં ભાઇ થાએછે. એ મરહુમ શેઠ અતરેની આખી પારશી અનજુમનના ખેરખાહ અને જાંની દોશત હતા, તે એવા કે અતરેની અનજુમનમાં બે ફાત તે બેઉમા એકશરખી રીતે શમાઆ જાતા હતા, પણ એવી રીતનો મીનાકેશો જોઇ શદા દીલગીર રેહતા ને કોઇ દીવશે પોતે તેમાં ભાગ લીધો નહી હતો. વલી તે ઉપરાંત અતરેનાં ગરીબના ચાર પારશી-ઓની દીલે દાજ રાખી શદા પુછપરછ કરતા હતા. હેવા એક શમજુ ગરહશથનાં મરણથી અતરેની પારશી અનજુમને એક ખેરખાહ દોશત ખોઓછે જેને માટે આખી અનજુ-મન શોકાતુર થઇછે. મરનારની ૬૨) વરશની ઉમર કેહવાએછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૮ મી જાનેવારી ૧૮૭૦.

ઇ૦ સ૦ ૧૮૭૦.

તા૦ ૧૦ મી જાનેવારી.

રોજ ૨૧ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨૯ માહ ૪ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

માણેકજી પેશતનજી સરાફ તથા પીરોજશાહ મેહરવાંનજી મીનવાલા, કરાંચીના—કરાંચીના બે સઉથી જુના પારસી વેપારીઓનાં મરણની દલગીરી ભરેલી ખબર અતરે આવીછે. તેમાં એક શેઠ માણેકજી પેશતનજી સરાફ, જેઓનાં બેટાઓની દુકાંનો પેશાવર તથા કેમપબેલપોરમાં ચાલેછે તેવણ હક થયાછે, તથા તારપછે આઠ દાહાડામાં શેઠ પીરોજશાહ મેહેરવાંનજી મીનવાલા ગઇ તા૦ ૧૮ મીને દીને ગુજરયાછે. કેહેછે કે

જારે સીંધ પરગણું ઇંગરેજે પોતાનાં રાજ સાથે જોડયું તારનાં આ જઇફ દુકાંનદારો કરાંચી ખાતે સુરતથી વેપાર કરવા ગયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૭૦.]

તા૦ ૨૪ મી જાનેવારી.

રોજ ૫ માહ ૫ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ડાવેજર લેડી આવાંબાઈ જમશેદજી જીજીભાઈ—મોહોતનો જાલમ જમ જેમ ગરીબો તેમજ તવંગરો, નાહાનાં તેમજ મોટાં સરવેને એકસરખી રીતે આ જીહાંનથી ઉઠાવી અને છીણાવી લીએછે. મોહોત માણસને સરજેલુંજ છે, અને સરવેને એકવાર મરવુંછે, પણ એક પગાકરમી અથવા ખુબીવંતુ માંનવી, જેનાં જીવવાથી બીજાં માંનવી જાતને લાભ હોય અને જેનાં મરવાથી મોટો ટોટો જાય, તેના ઉપર જારે મોતનો દુત તરાપ મારેછે, તારે બેશક તે બહુ શોકકારક બનાવ થઇ પડેછે. પારસી ટોળામાં પેહેલું નામ ગણનાર અને માનવંત બાનુ લેડી આવાંબાઇનાં દુખદાએક મરણનાં સમાચાર પરગટ કરવાની દલગીરી ભરેલી ફરજ અમારે સર આવી પડીછે. એ માઠા બનાવ તેવણની ૭૭ વરસની બુજરગી ભરેલી વએ, તેવણનાં કોટેકોટનાં ઘર મધે ગયા સોમવારને દીને બનયોછે.

એક માહા ધરમી અને દયાલુ ભરતારની બાનું તરીકે તથા એક દોલતમંદ અને બોહોલાં કુટુંબની માતા તરીકે, લેડી આવાંબાઇ જાંણ તથા માનમાં આવયાં હતાં. પણ તેવણ પોતાની જાતી અને લાએકીથી પણ મશહુર હતાં. લેડી આવાંબાઇનાં બાપ મરહુમ શેઠ ફરાંમજી નશરવાંનજી બાટલીવાલા હતા અને તેવણનાં એ બાપ તેજ પેહેલી બારીમાં મરહુમ સર જમશેદજીનાં પોતાના પણ બાપ સરીખા હતા. નોસારીનાં મલેસર ફળીયામાં જે લાલ રંગનું નીચું ઘર જે આજેબી પારસીઓ હોંશ અને ગરૂરીથી જોયછે, તાંહાં ગરીબ જીજીભાઇ અને જીવીબાઇથી જનમ પામવા બાદ જારે સર જમશેદજી જવાંન વએથી ગુજરાંન અને ધંધાની શોધને માટે મુંબઇ આવીયા હતા, તારથી તેવણ પોતાની ચઢતી કલાને માટે લેડી આવાબાઇનાં મુરબ્બીને આભારી હતા, જેનાં ઘરમાં તેવણે નોસારીથી આવતાંવાર ઉતારો લીધો હતો તથા જેની કોટ ખાતેની બાટલી વેચવાની દુકાનમાં તેવણ પેહેલ ચાકરીએ રહયા હતા. એ રીતે છેક બચપણથી અને ગરીબી હાલતથી આ ભાયગશાલી જોડું સંધાયું હતું, દુનીઆંનો કવડાસ અને મીથાસ તેઓએ સાથે ચાખયો હતો અને જેમ આગલી ગરીબી હાલતમાં તેમજ પછવાડેની પાદશાહી દરજજેની જાહોજલાલીમાં લેડી આવાંબાઇએ એકસરખી રીતે સંસાર સાચવયો હતો.

તે જુના વખતમા લેડી આવાંબાઇ પોતાના ભરતારનીજ મીશાલે કોઇ ઉંચી કેળવણીથી અનજાંનાં હતાં. તોપણ એક આગલા અંકમાં અમે એવુ દેખાડવાની તજવીજ કીધી હતી કે મરહુમ સર જમશેદજી પોતાનાં વખત પરમાંણે એક સુધારાવાલાનાં નાંમ તથા દરજાને લાએક હતા. પારસીઓમાં મોટા પાયા ઉપર ધરમીપણું અને શખાવત ચલાવવાનો બેમીશાલ દાખલો તેવણે આપયો, એટલુજ નહી, પણ કેળવણીનાં તેવણ ખરા દોસ્ત હતા અને છોકરાઓનીજ નહી પણ છોકરીઓની કેળવણીને તેવણ એટલી ચાહાતા હતા કે પોતાને ખરચે છોકરીઓની નીશાળો કાહાડી હતી તથા પોતાનાં કબીલામાં સ્ત્રી કેળવણીને દાખલ કરીને પોતાની દીકરીને ઇંગરેજીની વટીક કેળવણી આપી હતી. તેમજ વળી ધરમ સંબંધી છીટ જેવી તેવણનાં વખતના બીજા લોકોમાં હતી, તેવી છીટ સર જમશેદજી રાખતા નહી હતા. પારસીઓમાં પેટ ચીરવાની તેવણે હીમાએત કીધી તથા કુતરાંનાં હાબલની વખતે લોકોની ચાલ તેવણે નાપસંદ કીધી તે પોતાના સુધરેલા વીચારને લીધે કીધું હતું, એટલુંજ નહી પણ

પારલામેંટમાં એકવાર જાહેર થયું હતું તેમ સર જમશેદજીને ઇંગરેજો સાથ જમવાની પણ કાંઇ સુગ કે છીટ નહી હતી.

પણ આપણાં લોકોમાં સુધરેલા વીચારો અમલમાં આંણતાં ધરધણીઆંણીની કેટલી મદદ જોઇએછે અને તેણીનાં મળતા વીચાર વગર તે કામ બજાવવાં કેટલાં મુશકેલ પડેછે, તેનો વીચાર કરતાં તરતજ એઆલ આવેછે કે મરહુમ સર જમશેદજીને તેવણનાં પાદશાહી સખાવતનાં કામોમાંજ નહી, પણ આ સુધારાનાં કામોમાં લેડી આવાંબાઇથી મોટો ટેકો મલયો હશે. તેમ હશે તેની એક સાબેતી એક બીજાં સુધારાનાં કામ ઉપરથી મલી આવેછે, કે જે કાંમ ઓરતોની મરજી વગર કદી પાર પડેજ નહી. તે એ કે જેને આપણાં લોકો "હાથ ચોખા નહી રેહેવા" નું કેહછે, તેવી હાલતમાં પોતાની બાનુઓને માળા ઉપરજ બેશાડવાનો અગતનો અને મોટો સુધારો મરહુમ સર જમશેદજીનાં ધરમાં છેક આગલનો ચાલુ થયો હતો. એ ઉપરથી દીસતું છે કે મરહુમ લેડી આવાંબાઇના પોતાના વીચાર કાંઇ સર જમશેદજીથી ઓછા સુધરેલા નહી હશે. એ સઘલું આ વખતે જાહેર કરવાની અમારી મતલબ એટલીજ છે કે લેડી આવાબાઇ માતરે મોટે ધરનાં સાધારણ બઇરાંમાંનાં એક હતાં એવું સમજવાની કોઇ ભુલ કરે નહી.

પણ ખરૂં છે કે તેવણની સઉથી વધારે કીરતી તેવણની સખાવતમાં હતી, જે બાબે તેવણે પોતાના સખી ખાવંદની ફતેહમંદીથી નકલ કીધી હતી, એમ કહીએ તો ખોટું નથી. જેમ પારસી ગરહસથોમાં સખાવતના બાબમાં સર જમશેદજીની બરોબરીયો આજ સુધી કોઇ થયો નથી, તેમજ પારસી બાનુઓમાં લેડી આવાંબાઇની બરોબરની દોલત બીજી બાઇઓ પાસે હશે, પણ તેવણનાં સરખો સખી દસત કોઇએ દેખાડયો નથી. છેક ૨૫ વરસ ઉપર જારે હજારો રૂપીયા લાખોની કીમતના હતા અને લાખોની દોલત થોડાંજ લોકો પાસે હતી, તારે લેડી આવાંબાઇએ વાંદરાનો પુલ બાંધવા માટે ૧,૩૮,૦૦૦ રૂપીઆ એકી રકમે કાહાડી આપયા હતા, જેથી જાંહાં દર વરસે હોડીઓ ડુબી પેઆરા પરાંણોની ઘાત થતી હતી, તાંહાં એક માઇલ લાંબો, ૩૦ ફીટ પોહોલો અને દરીયાની સપાટીથી ઓછામાં ઓછો ૪૦ તથા વધતામાં વધતો ૮૦ ફીટ ઉંચો ફરસબંધીનો પુલ મુંબઇ અને છાસટી વચેની આવજાવને સેહેલી કરી આપેછે. સન ૧૮૪૭માં આંધલાં લુલાંને માટે સર જમશેદજીએ "ડીસટરીકટ બેનીવોલેંટ સોસાઇટી" નામની જે ધરમશાલા ભાએખલામાં સ્થાપી, તે બાંધવા માટે તેવણે આપેલા ૩૫૦,૦૦૦ માં લેડી આવાંબાઇ એ પોતાની તરફથી ૩૨૦,૦૦૦ ઉમેરયા હતા. ૧૮૪૨માં જારે સર જમશેદજીએ પારસીઓને માટે પોતાનું દુજવું "સખાવતનુ ધરમખાતું" સ્થાપયું, તારે લેડી આવાંબાઇએ તેમાં આસરે ૧ા લાખ રૂપીયા ભરયા હતા. સર જમશેદજીની યાદગારીવાલી જંદ અને પેહલવી મદરેસા એ બાનુએ આપેલા નજદીક ૫૦ હજાર રૂપીઆની નામાંચી રકમથી સ્થાપવામાં આવીછે. રવાનોને અવલમંજલ પોંહચાડવાનું ધરમખાતું ૩૧૦,૦૦૦ ની મોટી સખાવતને માટે લેડી આવાંબાઇને આભારી છે.

એ વીનાં એ, આ મરહુમ બાનુએ સખાવતોમાં બીજી ઘણી રકમો આપીછે, જેમાંની ઘણીક ખાનગી સખાવતો છે, અને આપણને સંતોશ એટલોજ છે કે એ સઘલી સખાવતોનાં ફળ તેવણ પોતાની હઇઆતીમાં જોવા પાંમયાંછે, તથા તેને માટે તેવણ પુરતું માન મેળવી ચુકાંછે. તેવણે બંધાવેલા વાંદરાના પુલ બાબે પેહેલો વીચાર સન ૧૮૩૭માં થયો, જારે માતર ૬૭૦૦૦ રૂપીઆનાં ખરચનો અડસટો કરવાંમાં આવયો હતો, પણ તેથી અડધીબી રકમ મરહુમ શેઠ ખરશેદજી કાવશજી બનાજી જાહેર ઉઘરાંણાંથી ઉભી કરી શકયા નહી. તે પછે આસરે વીસ હોડીઓ ડુબાથી ૧૮૪૩

માં લેડી આવાંબાઇને દયા લાગી અને જોકે સરકારે અમલ કરતાં ઉપલો ઘણો મોટો ખરચ બતાવયો તોપણ લેડી આવાંબાઇએ તે સઘલો ખરચ આપી આ પુલ બંધાવયો અને તા૦ ૫ મી એપરેલ ૧૮૪૫ ને દીને જારે ગવરનર આરઠર મરહુમ સર જમશેદજી-ને પોતાની ગાડીમાં પોતાના જમના હાથ ઉપર બેસાડીને મોટું સરઘસ પુલ ઉપરથી લઇ ગયો, તારે વાંદરા તરફનાં પુલને છેડે લેડી આવાંબાઇ સાથ તે નામદારે લીધેલી દબદબાભરેલી મુલાકાત અને ખાંનાંની ટેબલ ઉપર લેડી આવાંબાઇની સલાંમતીમાં તેણે કરેલું ભાશાંણ હજી ઘણાક લોકોને યાદ છે. એજ પરમાંણે તારપછે બીજા ગવરનરો તથા ગવરનર જેનરલો વઠીક લેડી આવાંબાઇની મુલાકાતે તેવણુનાં ઘર વેગ આવતા હતા. એ મોટું માંન આખાં મુંબઇમાં એકલાં એજ કુટુંબને હતું તથા પારસીઓ તે બાબે મગરૂર હતા, પણ લેડી આવાંબાઇનાં મરણથી પારસીઓએ એવું પેહેલું માન ધરાવનારી અને સખીવજુદ બાંનુને તથા જમશેદજી ફેમલીએ પોતાનાં માંન તથા ઇજતનાં મુળ ઠાંમને ખોહયોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૭૦.]

24th *January* 1870.

DOWAGER LADY AWABAEE JAMSETJEE JEEJEEBHOY.—We regret to announce the death of Lady Awabaee, widow of the late Sir Jamsetjee Jeejeebhoy, Bart., which occurred yesterday morning at the family residence in Hornby Row, Fort. The Lady Awabaee had been ailing for about a fortnight past from general debility, and her illness having assumed a serious aspect during the past week, it was thought advisable to send a telegram to her eldest son, Sir Jamsetjee, who was travelling in the North West, summoning him at once to Bombay. Sir Jamsetjee accordingly returned to Bombay on Wednesday last. Ever since the death of her husband, the first Baronet, the deceased Lady led a comparatively retired life, only occasionally going out to visit the various members of her family at their respective residences. The stream of private charity which, during the life time of her late husband, had endeared her to a large circle of relatives and of the public, was after his death not interrupted, though confined within narrower limits than before. Lady Awabaee died at the advanced age of seventy-eight years, leaving a large family of children and grand children. The funeral party was the largest that has been known for some years past among the native community. Her remains were conveyed to the Tower of Silence shortly before 3 p. m. yesterday, her three sons being the chief mourners. In respect to the memory and in token of sympathy with the deceased's family, the Parsee shops in the English Bazar, Bazar Gate Street, Borah Bazar, and generally in the Fort and the native town, were closed for the day, as were also the Government Dockyard, the Government High School, and most of the Schools in the island. The share-bazar was also closed. The offices of the daily Guzeratee papers were also shut up, and these papers will not be issued to-day in consequence of the mournful event

Times of India, 25th January 1870.

તા૦ ૨૭ મી ફેબરવારી.

રોજ ૯ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

રૂપાંબાઈ તે ફેબશર હોરમજજી આલપાઈવાલાનાં ધણીઆંની—આપણા જાણીતા શેહેરી મી૰ કેખુશરો હોરમજજી આલપાઇવાલાનાં ધણીઆંણી બાઈ રૂપાંબાઇનાં ગયા રવીવારની શાંજે નીપજેલાં મરણ વીશે આજના અંકમાં જણાવતાં હમને ઘણી દલગીરી લાગેછે. મરનાર બાઇ પોતાની પાછલ કેટલાંએક બચાં તથા બીજાં સગાંઓને નહીં ભુલાએ એવા શોકમાં નાખી ગઇછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૬ થી મારચ ૧૮૭૦.]

તા૦ ૩ જી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ખરશેદજી રતનાગર—જણાવવાને ઘણો શંતાપ ઉપજેછે કે શેઠ ખરશેદજી રતનાગર ગએઆ બરેશપતવારની રાતનાં ત્રણ ચાર દીવશનાં તાપનાં મરજથી ૫૮ વરશની ઉમરે મરણ પાંમીઆછે, જેથી તેવણનાં બોહોલાં કુટુંબમાં અને દોશત આશનાઓમાં ભારે ગમગીની પેદા થાઇછે. મરનાર ઘણાજ પરહેજગાર, એકમારગી અને શાલેશ મનના હતા. તેવણનાં શંબંધમાં આવેલા શઘલા મીતરોમાં આ દુખદાએક મરણથી મોટી ગમગીની પેદા થાઇછે. શેઠ ખરશેદજી અતરેના મીશીઅરશ ફેર, પરેશકાટ, અને વીનટર વકીલોનાં મેનેજરનું કાંમ કરતા હતા, જે ઓધા ઉપર તેવણે પોતાની શદાની નમનતાઇભરેલી ચાલથી ચોમેરથી માંન મેલવીઉં હતું.

[જામે જમશેદ, તા૦ ૫ મી મારચ ૧૮૭૦.]

તા૦ ૨૧ મી મારચ.

રોજ ૧ માહ ૮ (ક૦) ૧૨૩૯ યજદજરદી.

શોરાબજી ખરશેદજી કામાજી—જણાવવાને બેહદ દલગીરી ઉપજેછે કે આપણા માનવંત શેઠ ખરશેદજી નોશરવાંનજી કામાજીના દીકરા શોરાબજીની ઇંગલંડથી ગેઇ કાલ સાંજે તારની મારફતે ખબર આવીછે કે તેવણ ચાલતા મહીનાની તા૦ ૨૧ મીએ પાછલી રાતનાં તરણ વાગતે શનેપાતથી ફક થએઆછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી મારચ ૧૮૭૦.]

21*st March* 1870.

SORABJEE CURSETJEE NUSSERWANJEE CAMA.—One of the natives of India, Mr. S. C. Cama, a Parsee student, died at Dollar, Scotland, on the 22nd instant. He was the son of Mr. Cursetjee Nusserwanjee Cama, a gentleman well known in Bombay for his liberality and interest in education, especially of females. The young man was, we are told, of a very amiable disposition, and was much esteemed by his fellow-students and the professors. He was studying to compete for the Indian Civil Engineering Service. Mr. C. N. Cama has, we believe, sent to this country four of his sons, three for study and one for business. The death of Mr. S. C. Cama, who was but 20 years of age, has thrown a gloom over the Parsee Community in England.—*Asiatic.*

[*Times of India*, *2nd May* 1870.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૪ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

એડન, તા૦ ૩૦ મી આપરેલ ૧૮૭૦.

જામાસપજી દોરાબજી કોપર—લખવાને દલગીર છું કે ગએઆં અઠવાડીઆંમાં અતરે બેએ જરથોશતીઓનાં મરણ થાએઆંછે. તેમાં એક પારશી જામાશજી દોરાબજી કોપર જે ઘણી આજ લાંબી મુદત થાઇ શરકારી ચાકરીમો હેડ મીશતરી હતો અને તે પેનશન મેલવનાર હતો તેટલાંમાં તો તે બીમારો ગઇ તા૦ ૨૩ મી એપરેલ ગુજરી ગએઓછે. આ મરણની ખબર તેમનાં શગાં-

ઓને મુંબઇ અતરેવાલા શેઠ કાવશજી દીનશાજીની તરફથી તુરત કરવામાં આવી હતી.

[મુંબઇ ચાબુક, તા૦ ૧૧ મી મેઅ ૧૮૭૦.]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૧૦ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ખરશેદજી એદલજી ગાંધી, એડનના—

એડન, તા૦ ૩૦ મી એપરેલ ૧૮૭૦.

બીજું મરણ પારશી ખરશેદજી એદલજી ગાંધીનું નીપજીઉંછે કે જેવોએ અતરેવાલા શેઠ શોરાબજી કાવશજી ખરાસની ફરમમાં નજદીક વીશ વરશવેર ઘણી નીમકહલાલીથી કાંમ ચલાવેઉં હતું. આએ એક જરથોશતી છે કે જેવો એડનમાં ઘણા પુરાંણા, શરવેમાં જાણીતા અને માનીતા થઇ લાગા હતા. અંગરેજ શરકારે જાહારે એડન પેહલવેહલું લીધું તેવા જોખમભરેલા વખતમાં આ પારશી અતરે આવી વશેઆ હતા. તેવોને અતરેની શંગલી વરણનાં નાહાનાં મોટાં લોક શારીપેઠે ઓલખતાં હતાં અને તેવોની ભલમણશાઇથી તે શરવે લોક ઘણું માંન આપતાં હતાં તેથી તેમનાં મરણની ખબર જાંણી શરવેને એકશરખી દલગીરી ઉપજી હતી. મરનાર શેહેજ દીવશની માંદગીથી મરણ પાંમેઆ તેથી લોકોને વધારે દલગીરી લાગી અને તેમનાં માંનને ખાતર અતરેનાં વેપારીઓ તથા બીજાઓએ પોતાનું કાંમકાજ અને દુકાનો બંધ રાખી હતી. આ મરનાર તા૦ ૨૯ મી એપરેલને દીને પાછલા પોહોરનાં અતરેથી પાંચ માઇલના તફાવતે તવાઈ ગામમાંનાં એક હાટેલમાં ગુજરેઆ તેમની ખબર અતરેનાં જરથોશતીઓને પડઆથી ઘણાઓ તાંહાં ગીઆ ને શુથારો, શરકારી માંણશો તથા બીજાઓએ તઇઆર થાઇને પોતાની ખુશીથી મરનારની ખાંન મારી હતી. અતરે રૂવાંનોને આખલમંજલ પોંહોચાડવાની જગો મુંબઇની પઠે પાહાડની ચઢાંણની છે અને તેની ઉંચાઇ નજદીક જમીનથી ૬૫૦ ફીટની છે, અને તેપર ચહડતાં લોકોને ઘણી મેહેનત પડેછે. મરનાર ખરશેદજી ઘણા ભલા અને લાએકીવાલા હતા તેથી તેવણનાં મરણની ખબરથી જેમ અતરેના જરથોશતીઓ તેમજ અરબ, વાંણીઆ વીગરેની તમાંમ વરણના લોકો ઘણાં દલગીર થયાંછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૧૧ મી મેઅ ૧૮૭૦.]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૧૦ માહ ૯ (ક૦) ૧૨૩૯ યજદજરદી.

આવાંબાઈ તે ખાંનસાહેબ અરદેસર ધનજીશાહ બાહદુર સુરતવાલાનાં વીધવા—

સુરત તરફથી મલેલા શમાચાર ઉપરથી જણાવતાં દલગીરી ઉપજેછે કે તાંહાંના પ્રખ્યાત મરહુમ અરદેશર ધનજીશાહ ખાંનબાહદુરનાં ધણીઆંની બાઇ આવાંબાઇ ગએઆ શુકરવારની રાતનાં મરણ પાંમેઆંછે. મરનાર અરદેશર બાહદુરનાં માંન પામેલાં અને જાહોજલાલીભરેલાં કુટંબની આએજ બુજરગ બાઇ હતાં, જેવો બીચારાં પોતાના ભરથાર અને જવાંન દીકરાનાં મોહોતની ગીરફતારીને લીધે ઘણો અફશોશ ખમીને ઠેકાંણે લાગાંછે. તેમનાં મોહોતથી તેહાંના લોકોને અને તેમની જાંણપીછાંણનાઓને બારે દલગીરી ઉપજીછે.

[મુંબઇ ચાબુક, તા૦ ૪ થી મેઅ ૧૮૭૦.]

તા૦ ૧ લી મેએ.

રોજ ૧૨ માહ ૮ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

નવાજબાઈ તે શોરાબજી ખરશેદજી વજીફદારનાં વીધવા—બાઇ નવાજબાઇ તે શોરાબજી ખરશેદજી વજીફદારની ધણીઆંની ઉમર વરશ ૬૦ એ નવશારી કશબામાં પોતાની પછવાડે પોતાના છોકરાઓ તથા છોકરીઓની એક મોટી ૧૦૨ માણસની ફૅમીલી મુકી આએ ફાંની દુનીઆંમાંથી પોતાનો અશબાબ તા૦ ૧ લી મેએ ૧૮૭૦ ને દીને ઉઠાવી ગઆંછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી મેઅ ૧૮૭૦.]

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૧ માહ ૯ (કો૦) ૧૨૩૯ યજદજરદી.

દીનશાહજી માણેકજી મીનવાલા—જણાવતાં દલગીરી લાગેછે કે આપણા જાણીતા થએલા પારસી શોલીશીટર મી૦ પેશતનજીના બાવા દીનશાજી ગઇ કાલ દીને અતરે ઉતાંગરી કરી મીનોઇ જીહાન માટે ચલકુચ કરી ગીઆછે.

[મુંબઇ આબુક, તા૦ ૧૧ મી મેએ ૧૮૭૦.]

10*th May* 1870.

DINSHAW MERWANJEE JAULNAYWALLA.—We regret to have to announce the death at Jaulna, on the 10th instant, of Mr Dinshawji Merwanji, Collector of Customs, N. W. Division, Deceased had been suffering for some time from a paralytic attack. He served H. H. the Nizam's Government long and faithfully, and will be much regretted by his friends.

[*Times of India*, 14*th May* 1870.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

બેહરામજી તેહમુલજી મીસતરી—મરતીઉકની ટીપ મધે વધારો કરતાં, જણાવવાને દલગીરી લાગેછે કે પારશી પંચાએતનાં શેક્રેટરી મી૦ નશરવાંનજી બેહરાંમજીના બાવા બેહરાંમજી ટેમુલજી થોહજ વખતની માંદગી ભોગવીઆ પછે ગેઇ કાલ દીને આ ફાંની દુનીઆંથી અશબાબ ઉઠાવી વઇકુંઠ લોકોમાં જાઇ વશીઆછે. આ ઘરહશથ શારી આબરૂનો, લાએકીવાલો, ધીરા શવભાવનો અને મીલનશાર હોવાથી તેના દોશત મીતરો, અને એશીઓમાં મોટી દલગીરી ઉપજી હશે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી મેએ ૧૮૭૦.]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

જરબાઈ તે નવરોજજી રૂસતમજી મોટાભાઈનાં ધણીઆંની અને સર જમશેદજી જીજીભાઈ બારોનેટનાં બેટી—જણાવાને બેહદ દલગીરી અને મોટો અફશોશ ઉપજેછે કે પારશી ટોલાના હાલના બારોનેટ શર જમશેદજીની બેટી અને મી૦ નવરોજી રૂશતમજી મોટાભાઇની ધણીઆંની બાઇ જરબાઈ ૨૭ વરશની ઉમરે ગએ પરમ દીને શાંહાંજનાં બેહશતનશીન થાએઆછે. હાલના બારોનેટનાં કુટંમમાં આ શાથ કેટલાંએક દલગીરી ઉપજાવનાગં મરણો થાએઆછે કે જેથી એવણનાં આખાં કુટંમમાંજ નહી પણ પારશીના આખા ટોલામા મોટી દલગીરી પેવશ થએછે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી મેએ ૧૮૭૦.

28*th May* 1870.

JERBAI DAUGHTER OF SIR JAMSETJEE JEEJEEBHOY AND WIFE OF NOWROJEE RUSTOMJEE MOTABHOY—We regret to have to announce the demise of Bae Jerbae, daughter of Sir Jamsetjee Jejeebhoy, Bart., and wife of Mr. Nowrojee Rustomjee Motabhoy, on Saturday evening last at her husband's residence, Byculla. On the occasion of her funeral obsequies yesterday, the sum of Rs. 2,700 was subscribed by her mother, Lady Jamsetjee, and other relatives, for charitable purposes. She was only 28 years of age, and was of a most amiable and affable temper.

[*Times of India*, 31*st May* 1870.]

તા૦ ૭ મી જુન.

રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

દોરાબજી પેશતનજી કાવશજી રૂબાડી—જણાવવાને બેહદ દલગીરી અને અફશોશ

ઉપજેછે કે આએ પતરના કાબેલ, ચાલાક અને શાલેશ રીપોરટર મી૦ પેશતનજી કાવશજી રબાડીનો એક છોકરો મી૦ દોરાબજી ગઇ કાલ દીને શહવારનાં કાલારાના પલીત મરજથી મરણ પાંમેઓછે મરનાર ઘણો નમાનો, લાએકીવાલો અને બાહોશ છોકરો હતો અને આગલ ચાલતાં તેના શારા નીવડવા બાબતની વકી રખાતી હતી, તેનાં અચબુચ મરણથી તે શઘલી ફોકટ ગઇછે, જે માટે તેના પીતાને માહેતંમપોશી ઉપજીછે તે અફશોશ અને દલગીરી ઉપજાવનારી બીનાં છે.

[જામે જમશેદ, તા૦ ૮ મી જુન ૧૮૭૦.]

તા૦ ૧૧ મી જુન.

રોજ ૨૩ માહ ૯ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

જીવાજી માણેકજી વાછા—લખવાને દલગીર છઇએ કે શેઠ જીવાજી માણેકજી વાછા તે મરહુમ શર જમશેદજી જીજીભાઇ (પેંહલા) બારોનેટનાં ભતરીજા ઇઆને હાલનાં આપણા નાંમવર હીંદી ઉમરાવ શર જમશેદજીનાં પીતરાઇ ભાઇ પોતાની ૬૦ વરશની વએ ગએઆ શનીવારની રાતે ગોલીનાં મરજથી અચબુચ મરણ પાંમેઆછે. મરનાર શેઠ શારા શવભાવના, લાએકાવાલા અને શરવે શાથ અછી મીલનશારી ધરાવનારા હતા, તથા અવલથી શર જમશેદજીનાં આખાં કુટંબ અને તેમનાં ઘર શંશારનો કારભાર શેઠ જીવાજીજ કરતા હતા તેથી એ નામીચાં કુટુંબમાં એવોએ શારૂં માંન મેલવેઆ શાથ, પારશી કોમમાં પણ તેવો અછી પેરે જાંણીતા થાઆ હતા. એવોનાં મરણથી જેમ તેમનાં પોતાનાં કુટંબમાં તેમ તેમનાં શરવે એશીઓમાં મોટી દલગીરી ઉપજીછે.

[મુંબઇ શ્માચુક, તા૦ ૧૫ મી જુન ૧૮૭૦.]

11*th* *June* 1870.

Jeewajee Manockjee Vacha.—We regret to announce the death, on Sunday morning, at his residence, in the Fort, of Mr. Jewajee Manockjee, cousin of the present Sir Jamsetjee Jejeebhoy, Bart. The deceased gentleman was much respected in the native community. He had been suffering from an internal complaint, and died very suddenly, in his sixtieth year. His funeral took place on Sunday afternoon, attended by a large concourse of Parsees.

[*Bombay Gazette*, 14*th* *June* 1870.]

તા૦ ૨૩ મી જુન.

રોજ ૫ માહ ૧૦ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

Sorabjee Dossabhoy Subadar.—We are sorry to record the death, the other day, of a Parsee gentleman named Mr. Sorabjee Dossabhoy Subadar, a partner of Messrs. Nursey Kessowjee & Co. Deceased was only forty years of age, and was cut down after only two or three days' illness; and one of the most unfortunate features of the melancholy incident is that he came to this colony only three months since with his wife and family. *Overland China Mail (Hong-kong), 7th July 1870.*

[*Bombay Gazette*, 1*st* *August* 1870.]

તા૦ ૨૭ મી જુન.

રોજ ૯ માહ ૧૦ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

માણેકજી શાપુરજી કાકા—હમારા અશરાફ વાચનારાવો પેલા પરશીધ વેપારી માણેકજી શાપુરજી કાકાને ઓલખતા હશે, કે જેવણ "માઇકલ" નાં નામથી વેપારી આલંમમાં મશહુર હતા. આ જાંણીતા વેપારીએ ગઇ પરમની મધીઅરાતે એકાએક મોહોતના જ મની ફરેબી જાલમાં ફશી પડી અફીણ ખાઇને આપઘાત કીધોછે, જેથી કુલ વેપારી આલંમમાં તેમજ તેમનાં બોહોલાં કુટંબ પરીવારમાં દલગીરીએ ગમીનો જુશશો જારી કરેઓછે.

[મુંબઇ આચુક, તા૦ ૨૯ મી જુન ૧૮૭૦.]

27*th June* 1870.

Maneckjee Shapurjee Kaka.— This well-known Parsee merchant, who dealt largely in cotton and opium on his own account, and is alleged to have managed the business of the firm of Messrs. Finlay Scott & Co, at Bombay, committed suicide on Monday night last by taking a large dose of opium. It was rumoured that the deceased was implicated in the affair of the *Aurora*, but the evidence of his brother, who questioned him on the point before his death, clears up the suspicion entertained against the deceased.

[*Times of India*, 29*th June* 1870]

તા૦ ૧૯ મી જુલાઇ.

રોજ ૧ માહ ૧૧ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ડાકટર મેહરવાંનજી શોરાબજી ખરાસ—અતરેની ગરાંટ મેડીકલ કાલેજના જાણીતા ગરાડુએટ ડાકટર મેહેરવાંનજી સોહોરાબજીનાં દુખદાએક મરણનાં સમાચાર પરગટ કરવાની ફરજ અમારે સર આવી પડીછે. આપણી વઇદકશાલામાંથી પેહેલી બારીમાં પસાર થયલા આપણા જવાંન તબીબોમાંનો એક મરનાર હતો, અને પોતાની સાલેમાઇ તથા નરમાસથી પેહેલી બારીમાં તેણે સારૂં માન તથા નફો મેલવયો હતો. પાછલથી એ જવાંન ગરહસથે પોતાનો ધંધો ઘણે દરજે ઓછો કીધો હતો અને ખાંનગી રીતે પોતાનાં શુખમાં જીંદગી ગુજારવામાં મશગુલ થયો હતો. મરનારનું મરણ ૪૦ વરસની જવાંન વએ નીપજયુંછે અને તેથી તેના દોસત આસનાઓને ઘણી દલગીરી પેદા થઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મો જુલાઇ ૧૮૭૦.]

19*th July* 1870.

Dr. Merwanjee Sorabjee Kharas—We regret to announce the death on Tuesday afternoon of Dr. Merwanjee Sorabjee Kharas, a graduate of the Grant Medical College, at the age of forty years. The deceased was one of the first batch of graduates who passed a successful examination in medicine, nearly twenty years ago. At one time he enjoyed a very extensive practice; but latterly, owing to failing health, he had to give it up. His remains were carried to the Tower of Silence yesterday morning.

[*Bombay Gazette*, 21*st July* 1870.]

તા૦ ૨૨ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

ડોશાભાઈ શોરાબજી મુનશી—જણાવવાને દલગીરી ઉપજેછે કે આ બુજરગ અકાબર અને માંન પામેલા મુનશી શેઠ ડોશાભાઇ ૮૭ વરસની લાંબી જીંદગી ભોગવીને ગયા શોમવારની રાતે આ જીહાંનમાંથી દેહેરા ઉઠાવી મીનોઈ જીહાંન ગયાછે. તેવણુની એ મોટી ઉમર જોતાં આપણા જાહેર ગરહસથોમાંના એક સઉથી જઇફ અને જુનાં ગરહસથને તથા આગલા જમાનાના અકાબરોમાંના બાકી રહેલા એકપુરા અકાબરને આપણે ખોહયોછે. નવી જુની વાતોની અજમાસવાળા એક આદમી તરફ હંમેશાં આપણો ચાહ દોડેછે તથા અકાબરનાં દરજાના એક ગરહસથ તરફની આપણી વલાંણમાં આપણુ ચોકસ નમરતા રાખીએ છઇએ, પણ શેઠ ડોશાભાઇ સોહોરાબજી મુનશી આપણા હાલના સાધારણ અકાબરમાં ખપનારા સાહેબોથી ચહડતા દરજાના માણસ હતા. આગલા જમાનાની વીદીયા પરમાણે આપણા જઇફોમાં તેવણુ એક ભણેલા અને ગ્યાનવાલા ગરહસથ હતા, અને આપણા ટોલાના અકાબરોમાં એક લખનાર તથા ગરંથકરતાની નવાઇ જેવી પદવીએ પોંહોંતા હતા, જેથી તેવણુના ચોકસ વીચારો આપણાથી ગમે એવા જુદા હોય તોપણ તેવણુ ઘટતો વજન પાંમવા લાએક માણસ હતા.

શેઠ ડાશાભાઈ સોહોરાબજી મુનશી એક પોતાની મેળે વધેલા નર હતા. માબાપની દોલત ઉપર મુસતાક રેહેવા અથવા પારકા પઇસા ઉપર મોટાઇ મારવા સરખું તેવણમાં કાંઇ નહી હતું. તેવણના બાપ સોહોરાબજી ભરૂચમાં યોજદાથરેગરીનું કાંમ કરનારા એક ગરીબ મોબદ હતા, અને તેવણની મા તેજ જુનાં શેહેરમાં કબીસાની મોટી કડાકુટમાં જણાયલા દસતુર કામદીનજીની દીકરી હતી. તેઓએ ડાશાભાઇને છેક સને ૧૭૮૬ માં જનમ આપવા પછે, બાર વરસમાં પોતાનું અસલ વતન છોડી મુબઇમાં વાશો કરયો તારે તેઓને તથા તેઓનો જે છોકરો મુનશી હાજી મહમદ કાઇમની ફારસી મકતબમાં સાત વરસ સુધી તાલીમ લેતો અને એક સાધારણ મોબેદની મીશાલે તપકા જનમોતરી જોતો હતો તેને તે વખતે પોતાનાં ભવીશની થોડીજ ખબર હતી. ૧૮૦૫ માં મકતબ છોડવા બાદ વાહાડીયા ખાનદાનમાં શેઠ ડાશાભાઇ ફારસી શીખાડનારા મુનશી તરીકે દાખલ થયા, અને તે પારસી જવાનો સાથ ઇરાનથી આવેલા કેટલાક આરમીનીઅન છોકરાઓ તેમજ પાછલથી ઘણાક ઇંગરેજી અમલદારો આ ઉસતાદના ચેલા થયા હતા.

આ વખતથી શેઠ ડાશાભાઇની આબરૂ, વગ તથા પીછાણમાં વધારો થવા લાગો અને છેક ૧૮૫૫ માં તેવણને સરકારે સુલેહનાં અમલદાર ઠરાવયા. તેવણનાં પારસી સીશયોમાંથી શેઠ ડાશાભાઇ જમશેદજી વાહાડીયા તથા શેઠ બરજોરજી મનચેરજી વાહાડીયાનાં નામ પાછલથી જાણીતાં થયાંછે, તેમજ તેવણના યુરોપીઅન ચેલાઓમાં સર બારટલ ફરીઅર, તેનો ભાઇ હાનરેબલ ફરીઅર, તથા મીશીઅરસ વારડન, સીમપસન, રીવસ, લીજેટ, મેલાસીસ, ગીબસ, રાબરટસન અને એલીસનાં નામજ બસ થશે. પોતાના મુનશીની શીખાડવાની કળા ઉપર તેઓ ખુશી હતા અને તેની યાદગારીમાં મી૦ ફરીઅરે તેવણની તસવીર ઉતારેલી કેહેવાયછે. તેવણના વખતમાં ઇંગરેજી નીશાળો નહી હતી, પણ કેહેછે કે શેઠ ડાશાભાઇ પોતાની જાતી હોશીયારીથી ઇંગરેજી શીખીયા હતા, તેમજ ફારસી અને ઉરદુ ભાશાઓનાં અભિઆસ તથા માહાવેરામાં પણ ઘણો વધારો કરી શકયા હતા.

પોતાના વખતમાં તેવણ એક વીદવાંન થઇ પડયા હતા અને વીદીઆ પરકરણની બાબતોમાં પોતાના ભાઇબંધોને જાણીતા કરવાની તેવણની હોંસ એટલા ઉપરથી માલમ પડેછે કે ફારસી અને ઇંગરેજી ઉપરથી તરજુમાંની આસરે અડધી દજણથી વધારે કેતાબો તેવણે બનાવી હતી. કબીસાનો જઘડો પચાસ વરસ ઉપર જારે સુરત અને ભરૂચથી મુબઇ આવયો અને એટલો વધી પડયો હતો કે કેટલાકોને બારણાં ધાંકી ઘરમાં ભરાઇ બેસવું પડયું હતું, તે અરાબામાં શાહનશાહીઓની તરફથી તકરાર ચલાવનારા હાજી હાસમ નામના મગોલની કેતાબોનો તરજુમો કરનાર મરહુમ શેઠ ડાશાભાઇ હતા, જેવણે એ બાબતમાં તરણ કેતાબો કાહાડી હતી. તેવણની બાકીની કેતાબોમાં "કદીમનામા" મધે પારસીઓની એક ટુક ફારસી તવારીખનો તરજુમો હતો. બીજી મરહુમ શેઠ ફરાંમજી કાવશજીના આસરા હેઠલ છપાયલી કેતાબ યુનાની તથા મોમીન માહાપુરૂશો બાબે હતી. તરીજું પુસતક "તાલીમે જરતોશત" હતું કે જે મીશનરીઓ સાથની જરતોશતી ધરમ સંબંધી જીકરને લગતું હતું, અને એ વખતે ડાકટર વીલસન સાથ શેઠ ડાશાભાઇએ કેટલીક તકરાર ચલાવી હતી. વળી નવાઇ જેવું એ છે કે વઇદક શાસતર બાબે એક નાહાનો ગરંથ પણ તેવણે ઇંગરેજી ઉપરથી રચયો હતો અને તે ઉપરાંત દોહોરા, કેહેવતો, રાગ અને ગાઓણોને લગતી બીજી તરણ ચાર ચોપડીના પરવરતાવનાર પણ તેવણ હતા.

શેઠ ડાશાભાઇ મુનશીની એબારત અને લખાંણ જોકે જુની ઢબનું તોપણ કસવાળું

અને સારી છટા સાથનું હતું, અને આજેખી કાહાર્ડીને વાંચ્યા જોતાં આ જઇફ ગરંથકરતાનાં ગરંથે ગમત ઇઆ ગનાન આપવામાં ઉતરતા નથી. ફારસી કેહેવત છે તે ખરૂં છે કે "બુજરગી ઉમરમાં નથી પણ અકલમાં છે" મગર જઇફી અને અકલ બેહુ સાથ હોય તો બુજરગીને વધારે જેબ મલેછે, અને શેઠ ડાશાભાઇ મુનશીની આ દુનીઆઇ કારકીરદીને આખી જોતાં તેમાં તેવણની બુજરગીને જેબ આપનારી બીનાઓ મળેછે ખરી. જારે આપણા હાલના વીદીઆરથીઓ જોહોલીમાં હીચ ખાતા તારે તેવણ એક વીદીઆરથી હતા અને તુચકા તથા મીશાળો તથા કેહેવતો તથા રાગણીઓથી મંડલીમાં પોતાનું કદમ પોસાય તથા વજન મલે એવો જે ગુણ આજના ઘણાક જવાંનોમાં નથી તે આ બુજરગ મુનશીમાં હતો. ટુંકમાં તેવણ પારસીઓમાં ગોયા એક જુના "પેટરીઆરક" હતા અને તેવણનાં મરતીઉકથી જેઓ જુની બાબતો તરફ ચાહ ધરાવેછે તેઓ એક ડચકું ખાઇ કેહેશે કે આજે એવા જઇફો, આગલા અને હાલનાં જમાના વચેના એવા દુભાસીયાઓ, આગલા બનાવની યાદગારીનાં એવા સતંભો આપણામાં કોઇ રહયા નથી.

શેઠ ડાશાભાઇ જેવા એક આગલા વખતનાં માણસના વીચારો જુના અને કેટલાંક સુધારાનાં કામોની વીરૂધ હોવા જોઇએ. તેમ હતું અને તેથી તેવણે રાહાનુમાએ માજદીઅસનાં સભાની શરૂઆતને વખતે તેની સાંમે કાગળજંગ ચલાવયાં હતાં, જેથી આપણા સુધારાની ઉલટવાલા જવાનોમાં કેટલુંક જોસ ઉશકેરાયું હતું. પણ આપણા ટોલાના જે કેટલાક સાહેબો સુધારાનાં કામોની સાંમે વીચાર આપેછે તેઓમાં અને શેઠ ડાશાભાઇમાં એક મોટો તફાવત હતો, તે એ કે તેવણનો જેવો આચાર તેવોજ વીચાર હતા, તેવણ સુધારાની સાંમે જે કાંઇ લખતા તે ખરા એતેકાદ અને ખાતરી મુજબ લખતા હતા, અને કોઇ ખાંનગી મતલબને સારૂંજ સુધારાનાં કામોની આડે આવવા નીકલતા નહી હતા. તેમજ વળી સુધારાવાલા જવાંનો સાથ તેવણ કાંઇ દુશમની લઇ બેશતા નહી હતા, અને તેનાં વેરમાં તે જવાંનોને વરસનાં વરસો સુધી તરેહવાર દાવપેચ ઇઆ ફરેબથી સતાવવાનો ગુણ તેવણમાં નહી હતો. તેવણે રાહાનુમાએની વીરૂધ આપેલા વીચારો જોકે બોટા અને ભુલભરેલા હતા, તોપણ તે તેવણે જેમ ધારયું તેમ ખરા દીલના હતા તથા ખાંનગી ઇયા વેરભાવી મતલબ વગરના હતા, એટલાજ માટે તેવણે વખત જતાં પોતાના કેટલાક વીચારોને ફેરવયા હતા તથા આગલનો જોસો ભુલી ગયા હતા.

આમ કેહેવાનો અમારી પાસે એક દાખલો છે અને તે એ કે જારે છોકરીઓની નીશાલો પેહેલવેહેલી ઉભી થઇ અને તેને માટે જાગે સર જમશેદજી ઇનસટીટટીયુટસનના અધીકારીઓની એક સભામાં પરોફેસર દાદાભાઈ તેમની મદદ માંગવા ગયા, તારે છોકરીઓને કેલવણી આપવાની સાંમે છુટથી અને હીમતથી બોલનાર એકલા શેઠ ડાશાભાઇ હતા. પણ તારપછે જારે જરતોશતી છોકરીઓની નીશાળો હાલની મંડળીને સવાધીન થઇ અને જારે પોતાના આગલા વીચારોની ભુલ જોઇ તારે શેઠ ડાશાભાઇ મુનશી એ કામને નાણાંની મદદ કરનારાઓમાં એક હતા.ખરેખર, ખાંનગી મતલબને ભોગ થયલા તથા સુખનપરવરીને વલગી રેહેલા અમારા હમનબરદોનાં કરતાં પોતાના વીચારો છુટથી જાહેર કરવાનાં અને પોતાની ભુલ માલમ પડતાં તેવીજ છુટથી તે વીચારોને પાછા ફેરવવાનો ઉપલો ગુણ ઘણો પસંદ કરવાજોગ છે અને તે ગુણને માટે મરહુમ શેઠ ડાશાભાઇને અમે જીઆદે માન આપીએ છઇએ. આજ અઢાર ઇઆ ઓગણીસ વરસની વાત ઉપર એ જઇફ મરહુમ આ પતરના હરીફ જેવા હતા, અને તે વખતે

જોસની ગરમીમાં તેવણુ વીશે આ પતરે કેટલુંક શખત લખયું હતું, જે લખાંણુ તે વખતની ૮પ પરમાંણે સારૂં લાગું હશે. પણ મરનાર ભલા ગરહસથ તરફ ઇનસાફને ખાતર અમે જાહેર કરવુ જોઇએ કે આજની નજરે તેવણ ખાબેનુ તે લખાંણ તપાસીશું તો કદાચ તેના લખનાર પોતે તેના કેટલાક ભાગ ઊપર વાંધા વીચારશે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી આગશટ ૧૮૭૦.]

22nd *August* 1870.

DOSSABHOY SORABJEE MUNSHI.—We regret to announce the death of Mr. Dossabhoy Sorabjee Moonshee, a Justice of the Peace, which occurred yesterday at his residence in the Fort. He had reached a venerable old age, and was esteemed for his quiet, unostentatious bearing and great affability by all who know him. He was the teacher of Hindoostanee to a large number of the Military and other officers serving in this Presidency. The office of Moonshee has been hereditory in his family, and two sons follow the profession of their father.

[*Times of India*, 24th *August* 1870.]

તા૦ ૨૮ મી આગશટ.

રોજ ૧૧ માહ ૧૨ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

બહુમનશાહ બેહુરાંમજી વકીલ, ભરૂચવાલા—

(ભરૂચથી લખાઇ આવેલું.)

લખવાને અતીઅંત દલગીરી તથા બેહદ નાખુશી ઉપજેછ જે આગશટ મહીનાની તા૦ ૨૮ મીને દીને શવારના ૬ કલાકે અતરેના જરથોશતી ફીરકાના વડા મુરબી શેઠ બહમનજી બેહરાંમજી વકીલ આશરે ૬૫ વરશની ઉમરે ૭ માશની લાંમબી તથા દુખદાએક માંદગી ભોગવીને આએ નાપાએદાર ફાંની દુનીઆંથી પોતાનો અશબાબ ઉઠાવી પેલી મીનોઇ જાંહાંનમાં બેહેશતમો વાશો કરેઓછે.

૨ એઓનાં દુખદાએક મોતથી અતરેના શરવે જરથોશતીઓમ એક જહલકતો શીતારો, પરદુખભંજ ગરહશથ, અને બેમુલં ગહવેર અથવા ટુકમો એક મુરબી પોતા તરીકે ખોઇ દીધોછે. પેતે એક પણ ફરજંદ નહીં હોવા છતાં પોતાની પાછલ એક અતી મોટા કબીલાને ઘણી મારી હાલતમાંથી પેહેલા દરજાની હાલતમો લાવીને, તનુ ખરૂ શુખ પોતાની જીવતી જીનદગીને દેખાડીને પોતાના પાખ જીવને કીરતારને હવાલે કીધોછે.

૩ શને ૧૮૫૭ ના નાપેકાર બલવાની વખતે ભરૂચમો મુશલમાનોએ અતરેના જરથોશતી ઉપર તુફાન કરી મોટો જુલમ તથા મુશીબત ગુજારી હતી તે વીશે કોઇ અનજાણ્યું નહી હશે, પણ તે બારીક વખતે જીઆરે શરવે લોકોને પોતાના જીવનીજ માતરે ફીકર હતી તેવા જોખમ ભરેલા વખતમો પોતાના સુખીઆરા જીવની જરા પણ ફીકર કીધા વગર એ નામીચા અકાબરે બાહેર પડી બીજા શેઠીઆઓની મદદની દરકાર વગર અતરેનાં જરથોશતી ફીરકાની જે કીમતી શેવા બજાવી હતી તે વીશે લંબાવવા તથા તારીફ લખવા કરતાં એ બાબદ વીશે એક અલાહેદી ચોપડી "ખુશમતેહ ભરૂચ, અથવા ભરૂચના ફીશાદ" એવે નામની અતરેના મી૦ કેખશરો શીકશાગુરૂની કલમથી કવીતારૂપી આકારમો બાહાર પડીછે અને અતરેની પારશનોમો એઓ શેઠની ખરી તારીફનો જે ગરબો ગવાએછે તે શરવે એ ગરહશથની ખરી કીરતીની ગહવાઇ આપેછે. આ જગોએ શેઠ જીવાજી જશુભાઇ ભરૂચાએ તે વખતે મુમબાઇમો નાણાં એખતાં કરી તથા બીજી જોઇતી કીમતી મદદ એઓને આપી હતી તે ભુલી જવું જોઇતું નથી.

૪ શર જમશેદજી જીજીભાઈની ગુજરાતી છોકરાઓની તથા હમણા જનમ પામેલી છોકરીઓની નીશાલો ઉપર એવો શેઠની મોટી તકેદારી હતી તે આજથી ખતમ થાઇછે.

૫ મુમબાઇના શેઠીઆઓ જેવી એમના લખો રૂપીઆની શખાવત નહી હતી તોપણ એ બાબદમો અતરેના શરવે શેઠીઆઓને પછાત નાખેઆછે તે એ જે બાહારકોટમો જમાતખાનું નહી હોવાને લીધે અતી ઘણી ઇજા પડતી હતી તથા એઓએ એક મોટા મકાંન નદી કીનારે બાંધી આપીઓછે, તથા અતરે પંચાતમો વારણો જુજ હોવાથી શરઅવશરે ઘણી અગવરો ભોગવવી પડતી હતી તે પણ રૂ૧૨૦૦) ખરચીને ટાલેઉછે. અને એ શીવાએ શરવેથી અગતનું શંન ૧૮૫૭ ના બલવા વખતે પોતાની કીમતી મદદ સાથે નાણાંની એક અમુક મોટી રકમ આપી હતી, એટલુંજ નહીં પણ પોતાના ઘણા દુરના શગાઓને તથા લાચાર થાએલા અતરેના જરથોશતીઓને પોતાની ગીરોથી ખાનગી રીતે સેંકડો રૂપીઆ આપી નીવાજેશ કરેઆછે.

મુમબાઇની માફક અતરે નશેશાલારોનો આગલ ઘણોએક જુલમ હતો તે આએ શેઠે તરણ વરશ ઉપર શુરતથી મોટા પગારે નશેશાલારો બોલાવી તથા પોતે એક અલાહેદુ "નશેશાલાર ફંડ" ઉભું કરી તેમાં પેહેલાં એક રકમ આપી બીજા શેઠીઆઓને શરમાવીને તે ફંડને મદદ કરવાની ફરજ પાડી હતી.

૬ મુમબાઇથી આવી ગીએલા પેહલા દરજજાના જરથોશતી શેઠીઆઓથી તે ઉતરતે દરજજેના પણ આબરૂવાલા જરથોશતીઓનો એઓએ ઘણોએક પેઆર મેલવેઓ હતો તેનો એકજ દાખલો ઓનરએબલ શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇએ એઓનાં દુખ વીશે દલગીરી બતલાવનારો એક બેસુલો કાગજ લખેઓ હતો અને અતરેના જરથોશતીઓના વડા તરીકે ઘણી દુવાઓ લીધી હતી.

૭ શર જમશેદજી જીજીભાઇ બારોનેટ જેવા શખાવતના શાગરના ગુજરવાથી મુમબાઇમો લોકો ઘણા દલગીર થાએઆ હતા તોપણ એઓના મોતથી કાંઇ અતરેના જરથોશતીઓ ઓછા થાએઆ નહીં હતા. એક ખુબીવંતા ગરહશથનાં ગુજરવાથી તેની જગો કોઇબી વખતે પુરી શકાએ એવો નીઅમ છે ખરો પણ એઓની જગો બરોબર રીતે પુરી પાડી શખે એવો નર હાલમો અતરે કોઇજ નથી જોકે દોલતમો તથા આબરૂમો એની બરોબરીઓ વખતે નીકલી આવે પણ પોતાની શવદેશભુમીની પુરતી શેવા બજાવવાને કોઇબી એઓની બરોબરી ભરૂચમો તો કરી શખનાર નથી એવો લાંમબી અજમાએશવાલા અતરેના ગરહશથોનો વીચાર છે.

૮ શેરશતાના જુગારી ધંધાના વખતમો અતરે પણ "ભરૂચ બેંનક" નીકલી હતી તેવામો તેના ડાઇરેકટરોએ લુછાઇ કરી શરવે નાણું ઉચાપત કરી લીધું હતું અને બીજો કોલ કરવાની મોટી ધાશતીને લીધે અતરેની ગરીબ રઇએત લાખો રૂપીઆ ગુમાવવા છતાં મોટી ફીકરમો હતી પણ તે વખતે એઓએ આગેવાંની કરી બીજા વકીલોને શામેલ રાખી તે બદકાર ડાઇરેકટરોને ઇનશાફની દેવરીએ ચઢાવી ૩ શખશોને સુરતની જેલની શેલગાહને માટે તશદી આપી હતી.

૯ એ વીગરે બીજી ઘણીએક બાબદોમો પુરતી મદદ કરી શરવે શવદેશીઓની પુરતી શેવા પોતાથી બનતી રીતે બજાવી હતી, પણ લંબાન થવાને શબબે બંધ કરૂં છેઉં.

૧૦ હવે એઓના એશાવંદો શેઠ મનચેરશા દોશાભાઇ વકીલ વીગરેને ઘટારત છે જે પોતાના મુરબ્બીજીનાં નામને જેબ મલે એ વાશતે અતરેના શરવે જરથોશતીઓની તથા એઓના મોટા કબીલાનાં અને શરવેથી તારીફ થાઇ નહીં શખે એવાં એઓ શેઠનાં ખુબીવંતાં ઘરીઆંનીની પુરતી શેવા બજાવવાને તઇઆરી કરે.

[જામે જમશેદ, તા० ૨ જી સપટેમબર ૧૮૭૦.]

28th August 1870.

BOMANSHAW BYRAMJEE VAKEEL, OF BROACH.—The Gujrati papers announce with regret the death of Mr. Bomanshaw Byramjee Vakil, a well known citizen of Broach, who died at that station last week. The papers speak in high terms of the services rendered by the deceased to his countrymen on several occasions.

Bombay Gazette, 6th September 1870.

તા૦ ૧૦ મી સપટેમબર.

રોજ ૨૪ માહ ૧૨ (શે૦) ૧૨૩૯ યજદજરદી.

નાનાભાઈ હોરમજજી બરજોરજી, રંગુનવાલા—રંગુનથી તારીખ ૧૦ મી સપટેમબરના કાહાડેલો એક તારનો સંદેશો અમને મલયોછે તેમાં જણાવેછે કે હેનાબાદ ખાતે મી૦ નાહનાભાઇ હોરમજજી બરજોરજી એક બેટ ઉપરથી વલતાથી ડુબીને મરણ પામયાછે.

[શાસ્ત ગોફતાર, તા૦ ૧૮ મી સપટેમબર ૧૮૭૦.]

તા૦ ૧૪ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧ (ક૦) ૧૨૪૦ યજદજરદી.

નાનાભાઈ બરજોરજી મેહતા રંગુનવાલા—જણાવવાને દલગીરી લાગેછે કે રનગુનવાલા પરએઆત પારશી વેપારી શેઠ નાનાભાઇ બરજોરજી મેહતા ચાલતા માશની તા૦ ૧૪ માને દીને તે તરફ ગુજરી ગએઆછે, જે વીશેના માઠા શમાચાર ગએઆ શનીવારને દીને અતરે આવેઆછે. મરનાર ઘરશથ મુંબઇના વેપારીઓમાં પોતાના બોહલા વેહવારને લીધે ઘણા મશહુર થએલા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી સપટેમબર ૧૮૭૦]

કલકતા, તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૭૦.

છેલા રંગુનના મેલ સાથે એક નાગીતા પારસી વેપારી નાનાભાઇ બરજોરજીનાં મરણની ખબર મલીછે. રંગુન ટાઇમસવાલો લખેછે કે આ પારસી ગરહશથને અંગરેજોમાં એટલું તો માન હતું કે તેનાં રવાંનની પછવાડે ઓછામાં ઓછી એકસો ગારી ભરીને ઇંગરેજો ગયા હતા.

[શાસ્ત ગોફતાર, તા૦ ૨ જી અકટોબર ૧૮૭૦.]

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

બરજોરજી માણેકજી વાછા—જણાવવાને બેહદ દલગીરી અને અફશોશ ઉપજેછે કે આપણી ટાપુના જાણીતા ઘરશથ શેઠ બરજોરજી માણેકજી વાછા ગઇ પરમ દીને રાતના થોડાએક દીવશની માંદગીમા બેહેશતનશીન થએઆછે. ટુંક અરશામાં તેવંણના બે ભાઇઓ શેઠ દાદાભાઇ અને શેઠ જીવાજી એવા મરણ પામીઆ અને હમણા તેવંણ મરણ પામીઆછે તથી ગીને મરનાર ઘરશથના કુટંમમા મોટી માહાતમપોશી ફેલાઇછે. મરનારના ગુણો ઘણા તારીફલાએક હતા અને તેવંણની શાલેશાઇ અને નમનતાઇને માટે તેવંણ આશનાશનાઓમાં ઘણા પીઆરા થઇ પડીઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૭૦.]

28th September 1870.

BURJORJEE MANOCKJEE VACHA.—We regret to announce the death of Mr Burjorjee Manockjee Vacha, a nephew of the late first Parsee Baronet, who died at his residence at Khetwady on Wednesday night.

Bombay Gazette, 30th September 1870.

તા૦ ૨૪ મી નવેમબર.

રોજ ૪ માહ ૪ (ક૦) ૧૨૪૦ યજદજરદી.

બીખાઈજી તે રૂસતમજી કાવશજી પટેલનાં વીધવા—

આજ ચાર પાંચ દીવશ થએઆ પારશીઓનાં એક પુરાતન ખાનદાનનાં મુટાંમાંએ ગુજરી ગએઆછે જે ઉપરથી આ બાબદ લખવાને અમોને શુજ પડેછે. આ ખાનદાંન પટેલનાં ખાંનદાંનનાં નામથી ઓલખાએછે કે

જેઓના વડવાઓએ આએ મુંબઇ શેહરમાં કેટલાંક વરશોવેર પટેલાઇ કીધી હતી. આએ ખાનદાંન પારશીઓમાં શરૂથી પેહલું મુંબઇમાં આવી વશીઉં હતું. જે વેલાએ મુંબઇમાં પોરટુગીજ શરકારનું રાજ પેહલવેહલું થપાઈઆમાં આવીઉં તે વેલાએ તેઓ અતરેના લોકોની રીતભાત તથા વેહવારથી તદન અંજાણા હોવાથી તેઓએ પોતાંની નોકરીમાં એ ખાનદાનનાં વડા દોરાબજીના ભાઇને મુંબઇના લોકોની રીતભાત તથા વેહવાર તેઓને શમજાવવા માંટે રાખીઆ હતા. જે કાંમ તેવણે મનમાનતી રીતે બજાવીઉં હતું. તીઆર બાદ દોરાબજીના મરણ પછી તેવણનાં છોકરા રૂશતંમજી દોરાબજી પણ તેજ કાંમપર મુબઇમાં ઇંગરેજ શરકારનું રાજ થએઉ તીઆરથી રહેઆ હતા. એક વેલા એવો એતેફાક બનીઆં કે ઇશવી શને ૧૬૦૨) માં મુંબઇમાં શખત મરકી ચાલી કે જેથી શગલા ઇંગરેજ અમલદારો તે મરકીના ભોગ થઇ પડીઆ. આ તકનો લાભ લઇ જંજીરાના શીદીઓએ એક મોટી ફોજ લઇ મુંબઇ ઉપર હોમલો કીધો. આથી કરી રૂશતમજી દોરાબજી પટેલ કે જેવણને રૂશતંમ જંદરાલ કરી કેહતા હતા તેઓએ મુંબઇનાં માછીમારૂઓ તથા કોલીઓની એક મોટી ફોજ એકઠી કરી તે શીદીઓને હંકારી કાડીઆ અને તુરતજ શુરત તરફ બરીટીશ ફેકટરીમા પેગામ મોકલીઓ કે જેથી કરી તીઆંના શતાવાલાઓએ અહીઆં આવી પોતાંનાં હાથમાં શઘલો અખતીઆર લીધો. તથા રૂશતમજીને પોતાંની શરકાર તરફની નીમકહલાલી તથા બાહદુરીને માટે એક ખાશ શરોપાવ શાથે મુંબઈની પટેલાઇ એટલે હાકમી આપી તથા તીઆંનાં લોકોનાં શશાર શંબંધી, ધરમ શબંધી, તથા બીજા કજીઆઓ ચુકવવાનો શઘલો અખતીઆર તેવણને "આપીઓ. આ રૂશતમજી પટેલ ફીરોજા નામની એક ઇરાંણી ઓરત શાથે પરણીઆ હતા કે જેને પેતે ચાર બેતાઓ અવતરીઆ હતા. રૂશતમજીનાં મરણ પછી તેમના વડા બેતા કાવશજીને ગવરનર હારનબીએ પટેલાઇનો શરોપાવ આપીઓ. તથા રૂશતમજીના બીજા બેતા દોરાબજી રૂશતમજી પટેલ બોહોલા વેપાર વનજમાં ગુંતાએલા હતા. હાલમાં પટેલનું જે મોટું ખાનદાન મુંબઇમાં વશેછે તે આ બે ભાઇઓ કાવશજી તથા દોરાબજીનાં નબીરાઓ છે.

બીજું જેઆંરે ઇંગરેજોએ મરાથાઓનાં શરદાર રગુનાથરાઓ દાદાશાહેબ પાશે થાંનાનું ગામ લીધુ તેઆરે પણ કાવશજી પટેલે તેમને ઘણી મદદ કરી હતી તથા તીઆં પારશીઓને વશાવીઆ હતા. તથા કાવશજીનાં મરણ બાદ તેઓના બેતા રૂશતમજી કાવશજી પટેલે એ શેહરમાં પોતાંનાં ખરચે પારશીઓનાં વપરાશને માટે એક દરેમેહર તથા દોખમું બંધાવીઉં હતું. અમોએ ઉપર જે મોટાંમાએનાં હાલમાં થએલાં મરણની ખબર આપીછે તે આએ રૂશતમજી કાવશજી પટેલના ધરીઆણી છે કે જેઓએ પોતાંની પાછલ પોતાનાં છોકરાઓનાં તથા છોકરીઓનાં છોકરાં તથા તેમનાં છોકરાં મલી લગભગ (૫) માણશોનું એક બોહોલું કુટુંબ મેલી મીનોઇ જેહાનમા વાશો કરીઓછે. કાવશજી પટેલનો તલાવ તથા મોહોલો કેહવાએછે તે પણ ઉપલા કાવશજી રૂશતમજી પટેલનાં નાંમથી છે.

એવી રીતે અમોએ ઉપર મુંબઇમાં પારશીઓનાં એક શરૂથી પુરાતમ ખાંનદાનની થોડીક વીગત આપીછે. જે ઉપરથી અમારા પારશી વાંચનારાઓનાં જોવામાં આવશે કે ઇંગરેજ શરકારે જીઆરથી પોતાંનું રાજ મુંબઇમાં શથાપીઉં તીઆરથી પારશીઓનાં આ ખાંનદાંનના વડવાઓએ.તેમની કીમતી નોકરી બજાવીછે. તે શાથે આજ શુધી પણ ઇંગરેજ શરકારનાં રાજદરબારી કામકાજોમાં પારશીઓએ મોટા ઓધાઓ ભોગવીઆછે અને ભોગવેછે એ બચીત આપણા નાધલા ટોલાને મગરૂબ રેહેવા જોગ છે.

[જામે જમશેદ, તા૦ ૯૦ મી નવેમબર ૧૮૭૦.]

11*th December* 1870.

Awabaee, wife of Pallonjee Pestonjee Pochkhanawalla.—We regret to have to announce, the death of Awabaee, the wife of Mr. Pallonjee Pestonjee, proprietor of the Adelphi Hotel, Byculla She died on Monday morning, after a fortnight's illness, at the age of 51 years. The English residents in Bombay, and many in other parts of India, will learn of this event with great regret. Mr. Pallonjee Pestonjee, more distinctly known as "Our Pallonjee," has been for about thirty years proprietor of the Adelphi Hotel, and during that long period has gained the esteem of the visitors to his establishment. His bereavement will beget much sympathy for him.

Times of India, 13*th December* 1870.

તા૦ ૨૬ મી ડીશેમબર.

રોજ ૬ માહ ૪ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

કલકતા, તા૦ ૩૦ મી ડીશેમબર ૧૮૭૦.

નવરોજજી નશરવાંનજી ગજધર—જણાવવાંને અતીશઅ દલગીરી તે સાથે શનતાપ ઉપજેચ કે અતરેની જાણીતી મી૦ એન. નશરવાંનજીની કુમપનીના વડા ભાગીઆ શેઠ નવરોજજી નશરવાંનજી ગજદર તમારી તરફના એવનનાં વતન ગનદેવી ખાતાંમાં અતરેથી છેક શાત વરશે શેજ કરવા શારૂં ગઆ હતા તેવન તેહાં તા૦ ૨૬ મી ડીશેમબર ૧૮૭૦ ને દીને બેહશતનશીન થવાનાં બુરા શમાચાર મલીઆછે તેથી અતરેની આખી પારશી અનજુમનમાં ભારે દલગીરી પેદા થાઇ હતી, એટલુંજ નહીં પણ અતરેનાં શરવે ગનીઆતનાં વેપારીમાં તેની ભારે અશર થાએલી જણાઇ હતી. ઘણીવાર દેશી વેપારીઓ કોઇ શાથે ઉઠેલા પોતાના વાંધા અદાલતના ચુકાદા ઉપર શોકવા બદલે એ શેઠનાં ઘંભીર વીચારની લવાદ ઉપર શોકતા હતા અને તેથી જે ચુકાદો થાતો તે ઉપર રાજી થાઇ જાતા હતા, એટલુંજ નહીં પણ એ શેઠ પોતાની છુપી શખાવતોથી અને શારી શકતીની વપરાશથી પણ અતરે ઘણા ઉપીઓગી હતા, તેમાં અતરેની અનજુમનનાં ફંડ વીશે ઉઠેલા વાંધામાં એવન જોકે મુખીઅ હતા, તોપણ તેની શાશતીજ તરફેનમાં ભાગ લેતા આવીઆ હતા. વલી એ શેઠ ગરીબો તરફ કેટલો ચાહા અને માન ધરાવતા હતા તેનો આજ ડોઢ વરશની વાત ઉપર અતરે થએલાં એક ગરીબ છોરાની નોકરનાં મરણ વેલાએ આખી અનજુમનને દેખાડેલો દાખલો શરવે કોઇને યાદ છે, તે એ કે એ મરનાર છોરાંની ગરીબ નોકર હોવાથી જેઆરે ઘણાએક શેઠીઆવોએ તેને ઉંચકવાને પોતાનાં માણશો વકીક આપેઆં નહી તારે એ શેઠ નવરોજજીએ પોતાનો એકપુરો માણસ જે માંદો હતો તેને આપવા ઉપરાંત પોતે પણ કપડા કાહાડી ખાંધીઆ તરીકે અડકવાને બાહેર પડીઆ હતા, તે વેળા બીજાઓ વચે પડી એવણને અટકાવતે નહી અને એક ખાંધીઓ જે બાકી હતો તે મલતે નહી તો બેશક એ શેઠ ખુશીથી તે મરનાર છોરાંનીની લાશને મદદ આપતે. વલી એવણનાં બાપીકાં શ્રી ગંનદેવી ગામના કુલ રેહેવાશીઓ પણ એ મરનાર શેઠનાં ઘણા ઉપકારી છે કેમકે તેહાની શેઠ કાવશજી જાંહાંગીરવાલી ધરમશાલ અને દવાખાંનું જે કેટલીવાર તદન દુબનાની હાલતીમાં હતું તે તમારી તરફવાના શેઠો અરદેશર ફરામજી મુશ અને નવરોજજી દોરાબજી ચુકનાતવાલાની તનની મેહેનતથી બચીઉછે ખરૂં, પણ તેમાં મરહુમ શેઠ નવરોજજી નશરવાંનજી ગજદરે કેટલી ઉલટ અને મદદ આપી હતી અને હજુર પણ દર માસે આપીઆ જતા હતા તે સારી પેઠે જાણીતું છે, એટલુંજ નહી પણ શ્રી ગનદેવી ગામના ઘણાંએક ગરીબ કુટુંબો ઉપર એ મરનાર

શેઠની છુપી સખાવતનો ઝેલો સદાનો ચાલુ હતો. તેમજ ખાજી ઘણી વાતે શ્રી ગનદેવી ગાંમનાં ગરીબ રેહેવાશીઓને પણ આધાર હતો, તેવા એક શેઠનાં મરણથી કેટલાવોંને ગેરો થશે અને ખમવું પડશે તેનો ખેઆલ કરતાં અતીશએ દુખ ઉપજેછે. મરનારની ઉમર માતર ૪૯) વરસની કેહેવાએછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી જાનેવારી ૧૮૭૧.]

ઈ૦ સ૦ ૧૮૭૧.

તા૦ ૮ મી જાનેવારી.

રોજ ૧૯ માહ ૪ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહેરજી-રાંણાના, નવસારીના—જણાવવાંને ઘણી દલગીરી પેદા થાએચ કે આપણાં નવશારી-નાં વડા દશતુર કેકોબાદજી દશતુરજી રૂશ-તમજી રોજ ૧૯ મે માહ ૪ થે રાતે શારાબાર કલાકે આ ફાની દુનીઆંની અંદરથી પોતા-નો અશબાબ ૫૯ વરશ ૧ મહીના ને ૧૯ દાહાડે ઉઠાવીને જે હંમેશનાં શુખની જગીઆ-તીઆં વાશો કીધોછે.

એ મરનાર દશતુર માહીઆર રાંણાની ઓલાદથી ઉતરતા આવીઆછે અને પોતાનાં બાપદાદાનાં ઓધા ઉપર વરશ ૨૩ ની નાંની ઉમરે ગાદીએ બેઠેલા હતા. એ મહરૂમ દશતુરે ઘણી જાવજલાલી શાથે અને મોટાં માન શાથે પોતાની ઉમર ગુજારીછે.

હાલની દશતુરી એવનના વડા છોકરા માહીઆરજીને આપવાની ગોઠવનો ચાલેછે અને વલી એ વીશે કોટમો માણેકજી શેઠની અગીઆરી ઉપર એક માનપતર તથા દલ-ગીરી પતરનાં આકારમાં એક રોલ ઉપર શહીઓ થાએછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૭૧.]

8th January 1871.

Dustoor Kaikobad Rustomjee Meherjee Rana—The Gujrathee papers announce with regret the death of Dustoor Kaikobadjee Rustomjee, high priest of the Parsees at Nawsaree, which sad event occurred at that station on the night of Sunday.

[*Bombay Gazette;* 11*th January* 1871.]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૦ માહ ૫ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

રતનબાઈ તે દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાનાની બેટી તથા શાપુરજી કાવશજી કોટવાલનાં ધણી-આંની—જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ લાગેછે કે આપણી ટાપુના જાણીતા દશતુરજી શાહેબ જામાશપજી મીનોચેરજીની ૨૧ વરશની જુવાંન બેટી રતનબાઇ ગઇ પરમ દીને રાતનાં એક દીવશની બીમારીમાં મરણ પાંમીછે. મજકુર દશતુરજી અતરેના જરથોશતીઓમાં જે માંન અને ઇજતભરી પદવી ભોગવેછે તે ઉપરથી તેવણની બેટીનાં મરણ શંબંધી શઘલા વરગના જરતોશતી-ઓમાં મોટી દલગીરી પેવશ થઇછે.

[જામે જમશેદ, તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૭૧.]

તા૦ ૩૧ મી જાનેવારી.

રોજ ૧૨ માહ ૫ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

બરશેદજી હોરમજજી કાંગા—હમારા વાંચનારાઓને ભારે દલગીરી શાથે જણાવ-વાને રજા લેઇએચ કે "પારશી એલફીનશટન ડરેમેટીક કલબ" નાં એક ચલકતા શેતારા બાઇ બરશેદજી હોરમજજી કાંગા ઉપર કોલે-રાનાં દુશત મરજે ગલબો કરીઆથી એ જુવાંન ગએઆ મંગલવારની શવારે પોતા-ની ૨૬ વરશની કુમલી વએમાં આ ફાની દુનીઆંમાથી અશબાબ ઉઠાવી મીનોઇ જેહાં-નમાં વાશો લીધોછે. મરનારે લગભગ નવ વરશની લાંબી મુદત શુધી નાટકના તખતા ઉપર અછો દેખાવ દેઇને એટલી તો જેબ મેલવી હતી કે જેઓએ એ ગરહશથને એક-વારબી જોએઆ હશે તેઓને આ ખબરથી

શંતાપ પેદા થએઆ વનાં રેહેનાર નથી. મરનાર ઘણાં મીલનશાર શવભાવના હોવાથી પોતાના દોશત આશનાઓનો એશ્રો ચાહ મેલવીઓ હતો. એવણના મરણથી પોતાનાં બોહોલાં કુટમબની તથા એવણના મીતરોની ભારે શંખીઆને ઘણા ગમખાર કીધાછે. એ મરણથી એલફીનશટન કલબને ભારી મોહોટી એક ખોટ ગઇછે અને પારશી નાટકકારોમાં એ ગરહશથથી ખાલી પડેલી જગો બરોબર પુરતાં ઘણો વખત લાગશે.

[જામે જમશેદ, તા૦ ૨ જી ફેબરવારી ૧૮૭૧.]

31*st January* 1871.

CURSETJEE HORMASJEE KANGA—We regret to learn that a promising member of the Parsee Elphinstone Dramatic Club, Mr. K. O. Banajee, whose real name appears to be Mr. Cursetjee Hormusjee Kanga, died of cholera on Tuesday morning.

[*Times of India, 2nd February* 1871]

તા૦ ૬ થી ફેબરવારી.

રોજ ૧૮ માહ ૫ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

દસ્તુર શાપુરજી દારાબજી, ઉદવારેના—ઉદવારા નામે ગામ, જાંહાં જરતોશતીઓનો શરવેથી પુરાંણો (આતશબેહરાંમ શાહેબ) કેબલો છે તાંહાંનાં દશતુરજી શાહેબ મનચેરજીના ભાઇ દશતુર શાપુરજી દારાબજી ચાલતા માશની તારીખ ૬ ઠીએ બેહશતનશીન થાએઆછે. શાંભલીઆ પરમાંણે આ લાએ-કીવાલા દશતુરને આશરે ૮૦ વરશ હતાં.

[જામે જમશેદ, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૭૧.]

તા૦ ૨૫ મી ફેબરવારી.

રોજ ૭ માહ ૬ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

દીનશાહજી હોરમજજી કરાકા—લખ-વાને બહુજ દીલગીર છીએ કે, શેઠ દીનશાજી હોરમજજી જેવો થોડો વખત થઆં ગુજ-રાત ટરેડીંગ કંપની સાથનો પોતાનો સંબંધ છોડીને ભાવનગરનાં દરબારી દફતરો તપાસ-વાનાં કામ ઉપર તે તરફ ગઆ હતા, તેઓ કેટલાએક દીવસની માંદગી ભોગવીને બેહસત-વાશી થઆછે. મરનાર બહુજ સાલેશ સ્વભાવના, મીલનશાર અને પરમાણીકપણે ચાલનાર શખસ હતા. એઓએ સરકારી નોકરી સારી આબરૂદારીથી બજાવીને પેનશન મેલવીઉં હતું, અને શેરસટાની વખતથી તેઓનો સંબંધ કમપનીઓ સાથે જોડાયો હતો.

[સમશેહર બાહદુર, તા૦ ૧ લી મારચ ૧૮૭૧.]

25*th February* 1871.

DINSHAW HORMUSJEE KARAKA—Some of the Guzerat papers announce with regret the death of Mr. Dinshaw Hormusjee, late Secretary of the Guzerat Trading Company, and who had been appointed last year by Mr. Percival, Superintendent of the Bhownuggur State, to examine the books of the State.

[*Bombay Gazette, 7th March* 1871.]

તા૦ ૨૭ મી ફેબરવારી.

રોજ ૯ માહ ૬ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

મોટીબાઈ તે જમશેદજી ધનજીભાઈ જશાપટેલનાં માએ—વેશુ મધે રેહનારા જમશેદજી ધનજીભાઇ જશાપટેલની માએ મોટીબાઇ એકશો ને બાર વરશની લાંમબી જીનદગી ભોગવીઆ પછે ગએઆ ફેબરવારી માશની તારીખ ૨૭ માને દીને વેશુ મધે મરણ પામીછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી મારચ ૧૮૭૧.]

તા૦ ૨૮ મી મારચ.

રોજ ૮ માહ ૭ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

નાનાભાઈ મેહરવાંનજી મસાલાવાલા—ઇનડોર, તા૦ ૬ ઠી એપરેલ ૧૮૭૧.

લખવાને દલગીરી ઉપજેછે કે મઉવાલા પારશી અકાબર શેઠ નાનાભાઇ મેહરવાંનજી મશાલાવાલા તારીખ ૨૮ મી મારચને દીને

પોતાની પાછળ મોહલુ કુટુંબ મેલીને ૬૭ વરશની ઉમરમાં જાતરગવાશી થાએઆછે. મરનારના મોહતથી અતરના તેમજ મઉના જરતોશતીઓમાં મોહટો ગમ પેદા થએઓછે. મરનારના ગુન ઘણા શાગ હતા. પારશીઓના વડા તરીકે લાએકી અને બુજોરગીથી પરકોમમાં નાંમ મેલવીઉ હતુ. ટુકમા ભાઇ ફરાંમજી હોરમજજી માડને તેવનના ઉંડીઆંનાંમો કાધેલાં ભાશાંણના બોલમાં બોલીએ તો મરનારની હઇઆતીથી પારશી કોમને માંન અને બુજરગી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી આપરેલ ૧૮૭૧.]

28*th March* 1871.

NANABHOY MERWANJEE MUSSALLAWALLA—We regret to announce the death of Mr. Nanabhoy Merwanjee Mussallawalla, which occurred at Mhow on the 28th ult. The deceased had been a Merchant at Mhow for some years, and was much respected by the Zoroastrian community of that place and of Indore

[*Bombay Gazette*, 13*th April* 1871.]

13*th April* 1871.

RUSTOMJEE HEERJIBHOY WADIA—We regret to announce the death, yesterday mornining, of Mr. Rustomjee Heerjeebhoy Wadia, a member of the respectable and well-known family of Wadia, several of whom have been Master-Builders for nearly half a century past in Her Majesty's Dockyard at Bombay. The deceased was a young gentleman of considerable experience as a merchant. He had travelled over the principal cities of Europe and America, and had resided for several years in the latter.

[*Times of India* 14*th April* 1871.]

Mr. Rustomjee Heerjeebhoy Wadia, a member of one of our most respected Parsee families, who died the other day in the prime of life, was not a public man in any way, and had for nearly two years past been withdrawn very much from active pursuits of every kind. Yet this little known Parsee merchant should not be allowed to pass away without our noticing the circumstances that his name is connected with one of the vital changes in the policy of England towards India. He was the first native of this country who entered himself as a candidate for the Covenated Civil Service By the untoward change and mistaken policy which led the Civil Service Commissioners, without any notice, to put back the age for passing the competition, Mr Rustomjee was turned back on the threshold of his carreer. We cannot do better by way of noting his decease than quote a passage from one of the speeches of Mr. Bright, in August 1859—made on the occasion of Sir C. Wood supplementing his financial statement by taking power to borrow five millions to fillup the deficit—in which passage, the then position of the young Indian student are described —

"The East India Company was a wonderful Company for writing despatches. There was nothing so Christian as their doctrine, nothing so un-Christian as their conduct. That proclamation has in it the basis of all you should aim at in future in India—a regard to the sacredness of their property, and the sacredness of their religion, and an extension to them of as regular and full justice as is shown to your own countrymen,

Depend upon it these Natives of India can comprehend this as well as we comprehend it; and, if you treat them as we are treated, and as they ought to be treated, you will not require 400,000 men to help you to govern a people who are notoriously among the most industrious and most peaceful to be found on the face of the earth. There has lately been an act done by the noble Lord (Lord Stanley) to which I must allude. Why he did it I do not know. I am sure the noble Lord did not mean to do an act of injustice—though very great-injustice has been done. The question was put the other night about a Native of India who had come to this country to qualify himself for entering into competition for employment in the Civil Service of his country. I have seen that young gentleman, and conversed with him, and when I state his case, it will be seen whether he has been treated well or wisely, though the regulation under which he has suffered may have been made without any reference to him individually. He arrived in this country in June, 1856, and remained preparing himself for competition for two years and a half, till December, 1858, when a new regulation came out, which made twenty-two instead of twenty-three years of age the period for entering the Civil Service. He might have been ready for competition in July, 1860, but he could not be ready in July 1859. Under these circumstances he would be past the age of twenty-two before he could be able to present himself for examination. The consequence is, that he has been obliged to turn himself to another channel for employment. His father is an assistant builder in the Government Dockyard of Bombay, and has been in England There was great interest excited among the Natives when the young man left India to come to England, and there is great disappointment among his friends at the result. He has been laughed at for trusting the Government, and it is said that while Government go on changing there regulations in this way no faith can be put in them. Now this is the first case of this kind that has happened. This young gentleman (or his father) has expended £ 1,500 in coming here and in endeavouring to get the best education, solely with a view to be suited for the Civil Service. If he had entered into that Civil Service, a great thing would have been accomplished. The result would have been that the House and the Secretary for India any one would here pursue his studies at home and enter into competition for the Civil Service, that the sons of the Natives of India who wish to enter into the service of their own country must come thousand of miles at great expense, and live apart from their families for years, before they are able to accomplish their object, and the result must have been that you would have established in some city in India the same more of examination that you have established here You must have been led to do that which would have enabled young men in India to offer themselves for the Civil Service of their country on as favourable terms as could be done

in England. I am sure the noble Lord never had the slightest idea of regulation having reference to this young man, or of injuring him, yet it has been done, and what has occured leads to the conclusion that either some body very deep in these matter has been at bottom of this change, or that some combination of unfortunate circumstances has been at work, by which that which we have all so much at heart has been retarded. If the noble Lord had struck out this regulation, or made a new one, by which this young man could have had a chance of going home as a servant of the Civil Service, the fact, would have been worth many regiments of soldiers in India."

Many other Indian students have proceeded to England with like intent, and nearly half a dozen have succeeded in the great intellectual struggle, but some persons behind the scenes of India House have taken fright even at this very modest, moderate acceptance of a royal offer. Public opinion at home is, however, still sound in regard to this policy, but how many there are in this country who are unable to raise themselves to the height of the wise and noble spirit which breaths through the passage we have quoted!

[*Times of India, 21st April* 1871.]

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

રૂસ્તમજી હીરજીભાઈ વાડીઆ— જણાવવાને ઘણી દલગીરી ઉપજેછે કે વાડીયા ખાંનદાંનના જાણીતા ગરહસથ શેઠ હીરજીભાઇ મેહેરવાનજી વાડીયાના બેટા શેઠ રૂસતમજી હીરજીભાઇ વાડીયા ૩૪ વરસની ભરજવાન ઉમરમાં આ ફાંની જીહાંનથી પોતાનો વાસો ઉઠાવી ગયાછે. મરનાર જવાંનનાં એકમારગીપણાને લીધે તેને આમ લોકો કદાચ ભુલી ગયા હશે, પણ એક વખત એવો હતો કે જયારે એ ચંચલ જવાંન વીશે ઇગલંડ અને હીંદુસતાનમાં ચરચા ચાલી રહી હતી અને પારલામેંટ વટીકે તે ચરચામાં ભાગ લીધો હતો. તેની ટુકી પણ માનભરેલી જીંદગીના એવા કેટલાક અગત જોગ બનાવોની નોંધ તે જીંદગીની કવખતની આખરીએ અમારાં પતરમાં લેવાની અગત ધારીને આ જવાંનનાં દુખભરેલા મરણ ઉપર થોડીક વધારે વીગતો ઉતારી લેવાનુ દરૂસત ધારીએ છઇએ.

પારસી કોમાએ ઘણાં સુધરાઇના કામોમાં પેહેલ કાહાડીછે, મગર એવું કેહેવાનુ આવયુછે કે પેહેલવેહેલા દેશીને સીવીલ સરવંટ કરવાનું માન બંગાલીઓએ મેલવયુંછે. જોકે સીવીલ સરવીસમાં પેહેલવેહેલા દેશી દાખલ એક બાબુ પસાર થયોછે. તોપણ એ નોકરીની ઉમેદવારીમાં ઇંગલંડ જનાર પેહેલવેહેલો એક પારસી હતો અને તે વાડીયા ખાંનદાંનનો આ મરનાર જવાંન નબીરો હતો. સીવીલ સરવીસમાં દેશીઓને દાખલ કરવાની સતાવાલાઓની આનાકાનીથી જે કેટલાક જવાંનો નાસીપાસ થઈ તથા ઉમેદ ભશટ કરી જખમી દીલે પાછા ફરયા હતા તેઓમાં મરનાર મી૦ રૂસતમજી પેહેલવેહેલા હતા અને તેવણ વીશે જે ચરચા અમે ઉપર જણાવીછે, તે પણ એ બાબેજ હતી.

પારલામેંટમાં નામાંકીત જાંન બરાઇટે ઉપલી ચરચા ઉઠાવતાં બોલખાંણ આપી તેમ મરનારનો પીતા શેઠ હીરજીભાઇ આગલ મુંબઇની ગોદીમાં એક આસીસટંટ બીલડર હતા અને પોતે ઇંગલંડ તથા અમેરીકા જઇ આવયા હતા. તેવણે મરનાર શેઠ જાંહાગીર નવરોજજી વાડીયા સાથ ઇંગલાંડ અને અમેરીકામાં કરેલી મુસાફરીના હેવાલ-

નું ઇંગરેજીમાં પુસ્તક છપાવ્યું હતું અને તેની તે વખત ઉપર તારીફ થઇ હતી. એ રીતે સુધરેલાં મુલુકોની પોતે લાભ લઇ આવેલો એક બાપ પોતાના બેટાને પણ તે સવંતતર મુલુકમાં મોકલે એ સવભાવીક હતું. દેશીઓને સીવીલ સરવીસમાં દાખલ કરવાનાં કેટલાક અટકાવો માજી ઇસટ ઇંનડીઆ કંપનીના ફેલા ચારટરમાં કાહાડી નાખવાથી શેઠ હીરજીભાઇએ પોતાના બેટાને ૧૮૫૬ માં એ સરકારી નોકરીને માટે મોકલ્યો હતો.

ઇંગલંડ ખાતે મરનારે હડી વરસ સુધી લંડનની યુનીવરસીટી કાલેજમા અભીઆસ કીધો, જે અરસામાં ઇંગરેજી, લાટીન, ફરેંચ અને ગણીતમાં તેવણને "સરટીફીકેટ આફ હાનર" મળી હતી અને એક મોટી જાહેર મીજલસમાં યુનીવરસીટીના વડા લારડ મેં ટીગલે તાંહા શીખનારા આ પારસી જવાંનને મુબારકબાદી આપી હતી. અમે મી૦ બરાઇટનાં ભાશણમાંથી ટાંકીએ છઇએ— "જારે આ જવાન વીદીઆરથી અભીઆશ કરતો હતો, તારે સીવીલ સરવીસમાં દાખલ થવાની ઉમરની હદ ૨૩ વરસ ઉપરથી ઘટાડીને ૨૨ વરશની કરવામાં આવી, તે ૧૮૬૦ ના જુલાઈ મહીનામાં પરીખશાને માટે તઇઆર થાત, પણ નવા કાયદા પરમાણે ૧૮૫૯ ના જાનેવારીમાં તેણે તઇઆર થવું હતું, મગર જારે ઉમરની હદ ૨૩ ઉપરથી ઘટાડીને ૨૨ વરશની કીધી તારે પરીખશાની આગમચ તેનાં ૨૨ વરસ પસાર થઇ ગયાં અને તેની ઉમેદોનો ભંગ થયો."

મરનારે પોતાના ઉપર ગુજરેલી આ ગેરઇનસાફી બાબે લંડનનાં મારનીંગ સટારમા પોતાને ખરે નામે ફરીઆદ છપાવી અને આજે જારે તેનાં તે કાગળ ઉપર નજર કરીએ છઇએ તારે કેવી ભરઉમેદે તેને નીરાશ થવું પડયું હશે તે દુખ સાથ યાદ આવેછે. તેણે તે કાગળમા જણાવ્યું કે "હું દલગીર છઉં કે મારો વીસવાસ ખોટી જગાએ મેં મુકયો હતો અને આ પરમાણેની નાઉમેદી જારે પેહેલીજ વાર બનીછે, તારે મને ભય લાગેછે કે એ બનાવથી શીખવા સારૂં ઇંગલંડ આવવાની માગ દેશી ભાઇઓની ઉલટમાં ઘણો અટકાવ થશે." સુધાઇના ખરા સાથી મી૦ બરાઇટે મરનારની ફરીઆદને ઉંચકી લઇ પારલામેંટમાં મોટી ગડબડ મચાવી મેળી. તેણે એવી દરખાસત કીધી કે જોકે સીવીલ સરવીસમાં દાખલ થવાની હદ ૨૨ વરસની ઠરાવીછે તોપણ આ જવાંનને વગર ખબર મળવે એ ફેરફાર કરવાથી ગેરઇનસાફ થયોછે, માટે તેના બાબમાં એ કાયદો ફેરવવો. માઠાં ભાગ્યેગે આ દરખાસત પસાર થઇ નહી, પણ મી૦ બરાઇટે એ વખતે દેશીઓની હીમાએતે જે નાદર ભાશણ કર્યું હતું તે સોનેરી હરફે કોતરી રાખવા જોગ છે.

મી૦ બરાઇટના કેહેવા મુજબ સીવીલ સરવીસમાં દાખલ થવાને ૧૫૦૦૦ રૂપીયાનો ખરચ કીધા છતાં આ પરમાંણે નીશફળ થવાથી મરનાર પારીસ ખાતે છ માસ ગુજારી ફરેંચ ભશાનો અભીઆસ પુરો કરવા બાદ અમેરીકા ગયો. મરનારનાં ખાંનદાંનને અમેરીકા સાથ વેહેવાર હતે. જાંહાં બોસટાન, નયુયારક વગેરે શેહેરોમાં મરનાર મી૦ રૂસતમજીએ ૧૮ માસ કાહાડયા હતા, અને એ અરસામાં અમેરીકા ખાતે સારૂં માન અને પીછાણ મેળવી, એટલુંજ નહી પણ અમેરીકાના પરેસીડંટ બુકાનન સાથ મુલાકાત પણ કીધી હતી. યુનાઇટેડ સટેટસની દખણે જવાની મરનારની ધારણા હતી, તેવામા તાહાં લડાઇ ઉઠી અને તારબાદ મરનારને હીંદુસતાન તરફ પાછું આવવું પડયુ. અતરે આવતાં તેવણ વેનીસ, ટાઇરોલ, બેલજીઅમ અને દખણ યુરોપના મુલુકોમાં મુસાફરી કરી આવયા જે પછે તેવણે મીશીઅરસ ડોશાભાઇ મેહેરવાંનજીની પેહેડીમાં સામેલ થઇ વેપાર ચલાવયો હતો. પાછળથી તેવણપર ખાહીના બુરા મરજે હોમલો કરયો, જે મરજે આ ઉધરતા જવાનનો અંતે ભોગ લીધોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી આપરેલ ૧૮૭૧.]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૭ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

દસ્તુર શોરાબજી પેશોતનજી કામદીનજી, ભરૂચના—લખવાને દલગીરી લાગેચ્ છે કે શ્રી ભરૂચનાં વડા દશતુરજી શાહેબ શોરાબજી પેશોતનજી દીન ૧૦ સુધી માંનદગી ભોગવીને તા૦ ૧૯ મીની શવારે બેહશતનશીન થઆછે. એ દશતુર ઘણા લાએકીવાલા તથા શવભાવે શાલેશ હતા. એવોનાં ગુજરવાથી એવોનાં બોહોલાં કુટમબને તથા શ્રી ભરૂચની આખી અંજુમનમા મોટી દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી આપરેલ ૧૮૭૧.]

તા૦ ૩ જી જુન.

રોજ ૧૫ માહ ૯ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

નવરોજજી દોરાબજી સકલાતવાલા—જણાવવાને ઘણી દલગીરી ઉપજેછે કે અતરેના જાંણીતા "એસવાલા" નાં ખાંનદાંનના વડા શેઠ નવરોજજી દોરાબજી સકલાતવાલા થોડાજ દીવસની માંદગી ભોગવીને ગઇ તા૦ ૩ જી અને શનીવારને દીને આ જીહાંનથી પોતાનો વાસો ઉઠાવી ગયાછે. આ દલગીરીભરેલાં મરણની અમે અતરે ખાસ નોધ લઇએ છઇએ, તે માતર મરનાર ગરહસથની ખુબીઓ અને સેવાઓનેજ સારૂં નહી પણ સુધરેલી પરજાઓમાં જેવાં "મોટાં મીડલ કલાસ ફેમલી" ઓ હોયછે તેવાં કુટુંબોને પારસી ટોલામાં અમે વધેલાં જોવા ચાહીએ છઇએ. તેવાં ખાનદાનોમા એક સકલાતવાલાનાં ખાનદાનને અમે ગણીએ છઇએ. એ ખાનદાન ટોળામાં જાણીતું થતું આવયુંછે અને કેટલીક આગેવાંની કરતું આવયુંછે. તેનો પેહેલો પાયો નખાયો તે માતર ૫૦ વરસની વાત છે. મરનાર શેઠ દોરાબજી મેહેલાના અથવા એસવાળા સને ૧૮૧૬ માં પેહલવેહલા નોસારી છોડીને મુંબઇ આવયા તારે તેવણ પોતાની એોટીમાં ૧૫ રૂપીઆ બાંધીને આવયા હતા. પણ આજે તેવણની ઓલાદ સકલાતના વેપારમાં દર વરસે બેથી પાંચ લાખ રૂપીયાની ઉથલપાથલ કરેછે, તેમના કુટુંબીઓ લાખો રૂપીઆના ધણી થયાછે, તથા તેમની દુકાનો ઉપર ઘણાંક માણસોનો રોજગાર અને પરવરશી થાયછે. દોરાબજી મેહેલાના વખતથી આજના વખત સુધી સકલાતનો વેપાર એ ખાંનદાંન લગભગ એકહાથ કરી શકયું હતું, જે "મોનાપલી" માતર હમણાંજ થોડુંક થયું તુટીછે. સકલાતના વેપારમાં એ કુટુંબની સમજ, પીછાંણ તથા ચાલાકી આજે મુંબઇમાં દરએક સાધારણ રેહવાસીને જણાયલીછે. મરનાર દોરાબજી એસવાલા જારે ૧૫ રૂપીઆ ગાંઠે બાંધીને આવયા હતા, તારે પાછલથી તેમનુ ભાએગ એટલું જોર કરશે એવુ તેવણે ધારયુ નહી હશે. પણ માધવદાસ શેઠવાલા તથા વાહાડીયાજી શેઠ હોરમજજી બહમનજીમાં તેવણને બેરખાહ મદદગાર મલી આવયા. તે વખત ઉપર સકલાતનો વેપાર ઘણોખરો વાંણીયાઓને હસતક હતો, પણ ઉપલા શેઠીયાઓએ દોરાબજી મેહેનાને મદદ કરીને બજારગેટનાં નાકાં ઉપર સકલાતની એક દુકાંન ઉઘડાવી. તે દુકાન તેજ જગોએ હજી ચાલેછે, મગર આજે તેમાં એજ પેહેડીવાલી દુકાંનોની એક આખી ચાલીનો ઉમેરો થયોછે. શેઠ દોરાબજી મેહેલાના હાથમાં એ વેપારની ચાવી આવી, તેજ અરસામાં દઇવ જોગે એક બનાવ એવો બનયો કે જેથી એ બાહોશ વેપારીના રોજગારને એકદમ ગતી મલી ગઇ. તે બનાવ એ બનયો કે ઇંગલંડનો અને હીંદુસતાંનનો રાજો જારજ ચોથો મરણ પાંમયો. તેનાં મરણનો શોગ પાલવા માટે અતરે મોટા પાયા ઉપર ગોઠવણો થઇ અને તેથી કાલી સકલાતનો એટલો તો ખપ નીકલી આવયો કે શેઠ દોરાબજીની દુકાંનનો સઘળો માલ એકની ચારઘણી કીમતે વેચાઇ ગયો. તારપછે તેવણનો વેપાર ઘણો વધી ગયો, પોતાના બેટાઓને તેવણે એ વેપારમાં

નાખયા, સરકારે પણ પોતાનાં લશકરને માટે જોઇતી સકલાતનો આધાર એજ પેહેડી ઉપર બાંધયો અને એ રીતે આ પારસી સકલાતવાળાઓ જાંણીતા થઇ પડયા.

શેઠ દોરાબજી સકલાતવાલા સને ૧૮૫૩ માં ગુજરી જવા બાદ તેવણના પાંચ બેટાઓ-માંથી શેઠ નવરોજજીને માથે મુખીઅ કારભાર આવી પડયો, જે કારભાર બીજા ભાઇ-ઓની મદદ સાથ તેવણે આજ સુધી બાહાદુરીથી ચલાવયો હતો. ગયા સનીવારે ગુજરી જવાની અગાઉ ચાર પાંચ દીવસ સુધી તેવણ ધંધામાં મેહેનતથી રોકાયલા હતા. ૬૫ વરસની ઉમર છતાં તેવણ કાથીએ કુવતમંદ અને મજબુત હતા તથા દોલત અને વગ છતાં તેવણમાં મોટાઇ કાંઇ નહી હતી. બનદના રોહેંકરામાં સકલાતની પેટીઓ ઉપર ચહડી બેઠેલા તેવણ દેખાતા હતા અને પોતાની દુકાનના ગરીબ નોકરોને સાંજને છેટે પોતાને ઘર લઇ જઇ તેઓની સાથ જમવા કરવામાં તેવણ ખરી મોજ સમજતા હતા, એટલી સાદાઇ તથા સાલેસાઇ તેવણમાં હતી. શેઠીયાઓની પુછપુછ કરવું અથવા માતર પતરાજીને ખાતર તેમની દોસતી બાંધવી એવી તેવણને કાંઇ ખાએસ નહી હતી, અને તોપણ શેઠીયાઓના વરગમાં તેવણને પીછાણ હતી અને કેટલાંક સારાં કામોને માટે શેઠીયાઓની સામેલગીરી માગવા સારૂં તેવણને મોકલવામાં આવતા અને તેવણ ફતેહ પામતા હતા. તેવણ એટલા સાદા હતા કે ગમે એવા ગરીબ દોસતને રસતે ચાલતાં હાંક મારીને બી તેવણ સલામ કરતા હતા અને એવી લાએકીથી તથા પરોપકાર જવાના ગુણથી પોતાનાં સધરનાં એકમારગીપણા છતાં તેવણ લોકોમાં અતીશય જાણીતા થયા હતા. અગત કરીને નોસારી, ગનદેવી વગેરે કસબાઓમાં તેવણે ચોકસ કામો બજાવયાં હતાં. નવસારીમાં ગાહમબાર વગેરેનાં ફંડો તેવણે સથાપયાં હતાં તથા હીઆંના નોસાકરાઓનાં ફંડમાં તેવણ મુખીઅ હતા. ગનદેવીનાં ધરમનાં દવાખાંનાં બાબે તથા ઇસકુલ બાબે તેવણે ઘણી મેહેનત કીધી હતી અને એ ખાતાંઓ પાછાં ચાલુ થયાછે તેનું ઘણું માન મરનાર શેઠ નવ-રોજજીને ઘટેછે. નોસારીના મોબેદોના તેવણ એક આકાબર હતા. તે કસબામા હાલ ચાલતી અનગાતી વીશે કાંઇ બંદોબસત કરવાને જે મોબેદો ઇનતેજાર હતા તેઓને પેહેલો ટેકો શેઠ નવરોજજીથી મલયો હતો અને તે કારણ-સર તેવણ પોતે ચોકસ શેઠીયાઓ આગલ ગયા હતા. ગરીબ નાચારોમાં એ ગરહસથની ખાનગી મદદ ઘણી હતી અને તેવણથી નોસારીના કેટલાક ગરીબ પારસીઓનું પાલણ હતુ. ધરમ સંબંધી વીચારો ઉપર તેવણ ઘણા ચુસત હતા અને કેટલી કુસતી પાદીઆબ કરીનેજ તેવણે પરાણ મેલયો હતો. ટુકમાં કહીએ તો તેવણના ગમમાં ગીરફતાર થયનાં કુટંબીઓ અને બીજાઓને ધડો લેવાજોગ તથા નકલ કરવાજોગ મરનાર શેઠ નવરોજજીમાં ઘણું હતુ અને તેવણનાં મરણ વખતે એવી મોટી મીજલશ મલી કે જેવી શેઠીઆઓને તાંહાં પણ કદાચજ મલેછે, તે મીજલશે પણ કહી આપયું હતું કે એક જણ મોટી દોલતનો ધણી નહી હોય અથવા ગમે એવો મેહેનતુ, ખરતલ તથા સાદા દેખાવનો હોય, તોપણ સારા ગુણોથી તે એટલું માન મેલવી શકેછે કે જે માન ફકત દોલતને મલતુ નથી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૧ મી જુન ૧૮૭૧.]

3rd June 1871.

NOWROJEE DORABJEE SAKLATWALLA—We regret to announce the death yesterday of Mr Nowrojee Dorabjee Saklatwalla, the head of the firm of Parsee broad-cloth merchants in Bombay. The deceased gentleman was well known for his affability and extensive but unostentatious charity, and a very large gathering of sorrowing friends and

dependents at the funeral party testified to the loss which the Parsee community has sustained. Some of the principal Parsee Shetts and the Dustoors joined the funeral procession Mr. Nowrojee had reached a good old age, and has left behind him many children and grand children.

[*Bombay Gazette, 5th June* 1871]

તા૦ ૬ થી જુન

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૨૪૦ યઝદજરદી.

બરજોરજી ભીખાજી શાહરીઆર—ખાંનબાહદુર બરજોરજી ભીખાજી, જેઓ છેલાં અમદનગરમાં પરીનસીપાલ સદર અમીનના ઓધા ઉપર હતા, તેઓ આ માસની તા૦ ૬ ઠીને દને, નવસારીમાં ૭૫ વરસની વયે મરણ પામીઆછે. પેહેલાં તેવણે અમદનગરના જીલામાં વકીલનું કામ શરૂ કીધું હતું, અને તે પછી તેઓ એક પછી એક એવી રીતે મુનસફ, સદર અમીન અને છેલાં પરીનસીપાલ સદર અમીનના ઓધા ઉપર ગયા હતા, તેઓએ નાશક, પુનીઆ, શોલાપુર, બાગલકોટ, સુરત અને અમદનગર, એટલી જગો ઉપર પોતાના ઓધાનું કામ ચલાવીઉં હતુ, અને એ સરવે જગોએ મલીને ૩૨ વરસ સુધી સરકારની નોકરી કીધી હતી. તે દરમીઆનમાં તેઓ બહુ માન પામીઆ હતા, અને પોતાની ચાલચલણમાં લોકોને બહુ પસંદ પડતા થઇ પડીઆ હતા. જે વેલાએ તેઓએ બુઢાપાને લીધે પેનશન લીધું, તે વેલાએ અમદનગર અને પુણાંના લોકોએ તેમનાં માનને વાસતે એક સભા ભરીને તેમને સોનાંનું ઘડીઆલ તથા માનપતર નજર કર્યું હતું. એમનાં મરણથી નગરના લોકોમાં ભારે દલગીરી લાગી હતી. આ ગરહસથ મરણ પામીઆ તીઆં સુધી, પોતે અંધીઆર હોવાથી માથે ઉજડી પાઘડી રાખી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ મી જુન ૧૮૭૧.]

6th June 1871.

Khan Bahadur Burjorjee Bhickajee Sahiar—Khan Bahadoor Burjorjee Bhickajee, late Principal Sudur Ameen of Ahmednuggar, died at Nawsary on the 6th inst., at the age of 75. He served the Government for a period of 32 years, having held appointments in several collectorates. He was much respected by the people for his urbanity and kindness, and when he retired from the service, he was presented by the inhabitants of Poona and Ahmednuggur with a gold watch, and an address was read to him. His loss has been much felt by a great number of people who knew him. At his funeral ceremony, held at Ahmednuggur in honour of the deceased, a sum of Rs 300 was subscribed for the relief of the famishing Persians

[*Times of India, 26th June* 1871]

તા૦ ૫ મી જુલાઇ.

રોજ ૧૭ માહ ૧૦ (શે૦) ૧૨૪૦ યઝદજરદી.

પાલણજી હીરજીભાઈ બાટલીવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે અતરેના વેપારીઓમાં સરવે પરકારે જાણીતા શેઠ પાલણજી હીરજીભાઇ બાટલીવાલા ગઇ પરમ દીને રાતનાં ૯ કલાકને અમલે આએ ફાંની દુનીઆં છોડીને મીનોઇ આલમમાં જાઇ વસો કીધોછે. મરનાર ઘણા સાલેશ, નમાના અને શદગુણી હતા, અને તેથી કરીને તેવણનાં મરણથી તેવણનાં કુટંમ અને દોશતઆશનાઓમાં મોટી દલગીરી પેદા થઇછે.

[જામે જમશેદ, તા૦ ૭ મી જુલાઇ ૧૮૭૧.]

5th July 1871.

Pallonjee Hirjeebhoy Bottlewalla—A native contemporary announces with regret the death of

Mr. Pallonjee Heerjeebhoy Bottlewalla, a well-known Parsee merchant of this city

[*Bombay Gazette, 8th July* 1871.]

તા૦ ૧૭ મી જુલાઈ.

• રોજ ૨૯ માહ ૧૦ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

હોરમજજી કાવશજી સુખડવાલા—ગયાં અઠવાડીઆંમાં એક પારસી નામે હોરમજજી કાવશજી મુબઇમાં મરણ પાંમીઓ તેની ઉમર ૧૦૧ વરસની હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મો જુલાઇ ૧૮૭૧.]

17*th July* 1871.

HORMUSJEE COWASJEE SUKHADWALLA—The other day a Parsee named Hormusjee Cawasjee died in Bombay at the age of 101 years.

[*Bombay Gazette*, 19*th July* 1871.]

23*rd July* 1871.

RUSTOMJEE HORMUSJEE WADIA—We regret to have to announce the death on Sunday night last, at his residence at Girgaum, of Mr. Rustomjee Hormusjee Bomanjee Wadia. The deceased gentleman belonged to a very respectable family, and was much liked for his simple and unassuming manners and for his pious disposition. He was at one time in business, but owing to reverses, he led a retired life. He was three or four times seized with paralysis, and the last attack on Saturday proved fatal. He died in his sixty-eighth year, leaving his widow and five children to bemoan his loss. He was the elder surviving brother of our townsman, Mr. Ardaseer Hormusjee Wadia.

[*Bombay Gazette*, 25*th July* 1871.]

તા૦ ૮ મી આગશટ.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

દસ્તુર રતનજી મનચેરજી કુટાર—દસ્તુર રતનજી મનચેરજી કુટાર, જેઓ પોતાની બુજોરગી અને લાયકીથી નવસારીના જરતોશતીઓમાં માન પામેલા હતા, તથા જેઓ એ કસબામાં દારાબ પાહલનનાં દસતુરી ખાંનદાંનના વડા તરીકે ગણાઇ તેની ખુરસીનો હક ભોગવતા હતા, તેઓ ચાલતા માસની તા૦ ૮ મીની રાતે કલાક ૭ ને અમલે આ ફાંની દુનીઆ તરક કરી મીનોઇ જેહાંન કુચ કરી ગયાછે. આ મરણથી નવસારીના ભગરીઆ સાથના ટોલામાં દલગીરી ફેલાઇછે, કેમકે તેની અંજુમનમાંનો એક બુજોરગ અને બુઢો દસતુર ઓછો થયોછે. મરનારની ઉમર સીતોતેર વરસ અને આઠ મહીનાની હતી, તથા તેમનો કબીલો બોહલો છે. તેમની પાયદશત તથા ઉઠમણાંની મજલેસ જાણવાજોગ મલી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૨ મી આગશટ ૧૮૭૧.]

તા૦ ૨૯ મી આગશટ.

ગાથા ૨ (શે૦) ૧૨૪૦ યજદજરદી.

બેહરામજી હોરમજજી કામાજી—જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ લાગેછે કે આપણી ટાપુના ઉપર જાણીતો શોદાગર શેઠ બેહરાંમજી હોરમજજી કામાજી લાંમબા વખતની બીમારી ભોગવીને ગએઆ શનીવારને દીને પેહલા પોહરે શવરગવાશી થએઆછે. મરનાર ઘણા બાહોશ, સાલેશ અને નમનતાઇવાલા હતા, અને એ અને બીજા ગુણોથી તેવણ વેપારીઓમા તેમજ જાંનપીછાંન અને દોશતઆશનાઓમાં પીઆરા થઇ પડીઆ હતા. તેવણના વેપાર શંબંધી હીમત બાહારે હતી અને તેવણે દેશદેશ અને જગાઓ ઉપર પેહડીઓ કાહડી હતી અને લમબાન રોજગાર ચલાવીઓ હતો અને ઘણાં ઉદાર બલથી પોતાના લાગતાવલગતાઓ અને દોશતઆશનાઓને

પોતાથી બનતો આશરો આપીને વેપારે લગાડયા હતા, અને આજે તેવણની ઉદારતા અને શાએતા પામેલી કેટલીક પેહડીઓ મોટો રોજગાર ચલાવેછે. જેહવો મરનારનો બોહલો રોજગાર હતો તેહવીજ તેવણે ચીન, શીંગાપોર, કલકતા, ઇંગલંડ અને બીજી જગાઓ ઉપર મુશાફરી કરીને વેપાર શંબંધી શારો અનુભવ મેલવેઓ હતો, અને દેશેદેશ અને જગાજગાએ તેવણનું નામ એક શોદાગર તરીકે પરશીધ થએઉં હતું. ગઇ કાલ દીને તેવણને અવલમંજલ પોંહોચાડતી વેલાએ એક બાહારે મીજલશ મલી હતી, જેવી માજલશ કોઇ કદાચજ મલતી હશે. તેવણનાં મરણથી આખી પારશી આલમમાં જે દલગીરી પથરાઇછે તે ઉપરથી શમજાએછે કે તેવણ કેહવા ગુણવંતા હતા.

[જામે જમશેદ, ત.૦ ૨૧ મી આગશટ ૧૮૭૧]

19*th August* 1871.

BYRAMJEE HORMUSJEE CAMA—We regret to announce the death, on Saturday afternoon last, of Mr. Behramjee Hormusjee Cama, at his bungalow on Malabar Hill. he had been ailing for some months past The deceased was about forty-eight years of age A very large number of persons assembled at his bungalow yesterday morning to pay their last respects to the deceased. He was a member of a respectable and enterprising Parsee family. During the American war, deceased was the largest trader in cotton in Bombay, and had opened agencies in London, Liverpool, Hongkong, and Calcutta. Some time after he failed, when his liabilities amounted to more than a crore of rupees.

[*Times of India*, 21*st August* 1871.]

6*th September* 1871.

BHIKA'JEE WIDOW OF DHUNJIBHOY NUSSERWANJEE CAMA.—We regret to announce the death of Baee Bhickaijee, widow of the late Mr. Dhunjeebhoy Nusserwanjee Cama, which took place at the bungalow of her brother-in-law, Mr. Cursetjee Nusserwanjee Cama, at Chinchpoogly on Wednesday last

[*Bombay Gazette, 8th September* 1871]

તા૦ ૫ મી અકટોબર.

રોજ ૧૪ માહ ૧ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

બહમનજી જીજીભાઈ—આ એકમારગી, શીઆણા અને મીલનશાર પારશી વેપારી, શેઠીઆ અને અકાબરના મરણની નોંધ લેતાં અમને ભારે દલગીરી લાગેછે. ઘણાજ થોડા વખતની સેહેજ માંદગી ભોગવીને આ ભલા શેઠ ગઇ તા૦ ૫ મીએ ગુજરી ગયાછે. એમની ઉમર જોકે થોડી ન હતી, તોપણ એવા પરોપકારી અને લાયકીવાલા અકાબરમાં, ૫૯ વરસની ઉમરે થયલુ મરણ, પાકી ઉમરે થયલુ મરણ ગણાવું જોઇએ નહી. શેઠ જીજીભાઇ દાદાભાઇનાં ખાનદાનમાં વડા તરીકે આ શેઠે પુરતા સાદાપણાંથી અને ઘટતે ખાનગીપણે સંસારમાં પોતાની વરતણુક ચાલુ રાખી હતી. આ શેઠનું નામ,—જોઇએ તેટલા ઘોંગાત સાથે વારંવાર બાહેર આવેલું જોવામાં આવતું નથી, તોપણ તેવણે જે ખાંનગી સખાવત અને લાયકી રાખી હતી, તે તરફ જોતાં તે જો બાહેર આવતે તો થોડો ધાગાત મચાવીઆ કરતે નહી. તેમની જાણપીછાનમાં આવેલા ઘણું કરીને શરવે માણસો, તેમને ભારે માન અને દરજજા સાથે યાદમાં લાવેછે, અને તેની અસર સાંભલનારના દીલમાં એટલામાટે વધેછે કે, તે મરનાર શેઠ એકમારગીપણું વધારે જાલવતા અને પોતાને ઘોંગાત સાથે બાહેર આયેલા જોવાને શરમાતા હતા,

એવણુ પોતાની પછવાડે ઘણા બેરખાહ મીતરોને અને પોતાનાં બોહોલાં કુટુંબને અફસોસ કરતાં મેલી ગયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૯ મી અકટોબર ૧૮૭૧.]

5th October 1871.

BOMANJI JEEJEEBHOY.—With deep regret we have to announce the death, at Parell, of Mr. Bomanjee Jejeebhoy, brother of the Hon. Mr. Byramjee Jejeebhoy, a well-known Parsee merchant of this city, which occurred at one o'clock yesterday morning. The deceased had been suffering from brain fever for the last three days. He was known to all classes of the community for his mild and generous character. He died at the age of 57, and has left a large circle of kinsfolk and friends to mourn his loss.

[*Times of India, 7th October* 1871.]

તા૦ ૯ મી ડીશેમબર.

રોજ ૧૯ માહ ૩ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

પીરોજશાહ ખરશેદજી લાહેરના—

કરાંચી, તા૦ ૨૩ મી ડીશેમબર ૧૮૭૧.

તા૦ ૯ મીની શહવારનાં મી૦ પીરોશા ખરશેદજી લાહેરના આએ જીહાંનમાંથી ચાલ પકડીછે. એવણુની ઉમર બાવીશ વરશની હતી અને ચઉદ દીવશમાં લકવાના મરજથી ગુજરેઆછે. એ મરનાર ઘણા એકમારગી હતા અને જાતે ઘણા ચંચલ હતા. એવણુનાં મરણુથી કરાંચીની આખી જરથોશતી કોમ ઘણી દલગીર થઇછે.

[શરત ગોફતાર, તા૦ ૩૧ મી ડીશેમબર ૧૮૭૧.]

તા૦ ૧૪ મી ડીશેમબર.

રોજ ૨૪ માહ ૪ (ક૦) ૧૨૪૧ યજદજરદી.

ફરાંમજી મોટાભાઈ વકીલના—અતરેના જાણીતા વકીલ પેશતનજીના છોકરા મોટાભાઇનો છોકરો ફરાંમજી કે જે અતરે એક પરાઇવેટ અંગરેજી ઇશકોલ કહાડવાથી લોકોમાં જાણીતો થએલો હતો તેણે ગએ ગુરૂવારે પેહેલા પોહોરના આ ફાંની દુનીઆંતજીને પરવરદીગારની પાસે મુકામ કીધોછે. એ ભાઇ અતરેના નામીચા વકીલ કેખશરોનો જમાઇ થતો હતો. એના મરવાથી અતરેના લોકોમાં ભારે શોક થયોછે. એ જુવાને પોતાની ભરજુવાનીમાં જેમ પોતાની અસતરીને રંડાપો આપેઓછે, તેમજ પોતાની ઇસકોલને પણ આપેઓછે.

શેઠ મોટાભાઇ પેશતનજી તથા મી૦ કેખશરો વકીલને અમારી ભલામણ છે કે તમારા મરનાર પેઆરાનું નામ અમર રાખવાની ખાતર તમારે એ ઇશકોલ કાએમ રાખવી જોઇએ. એની સઘળીજ ઉપજમાંથી સારા સારા માસતરો રાખવા જોઇએ. જો બની શકે તો એક રૂ. ૫૦) ના પગારનો એફ. ઇ. એ. રાખવો. એવો માસતર રાખવામાં આવશે તો તે એ ઇશકોલને સારી આબાદ કરશે. જો તમોને તેવો માસતર ન મલી શકે તો કેળવણીખાતાંના ઇનસપેકતર ડાકટર બુલરને ભલાંમણ કરવી, કે તે તમોને એવો માસતર મેલવી આપશે. ગમે તેમ કરીને પણ એ ઇસકોલ કાએમ રહે તેમ કરવું જોઇએ. એવી ઇશકોલની આ શેહેરમાં ઘણી જરૂર છે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૭ મી ડીશેમબર ૧૮૭૧.]

તા૦ ૨૦ મી ડીશેમબર.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દોરાબજી પીરોજશાહ મીનવાલા—

કરાંચી, તા૦ ૨૩ મી ડીશેમબર ૧૮૭૧.

તા૦ ૨૦ મીની રાતનાં શાડા આઠ વાગે શેઠ દોરાબજી પીરોશા મીનવાલા ચાર દીવસની માંદગી ભોગવીને હક થયાછે. એ મરનાર જાતે ભારે કદાવર હતા ને વેપારમાં માહીતગાર ને હુશીઆર હતા. એવણુની ઉમર માતર સુમાલીશ વરશની હતી. એવણે

જરથોશતી ધરાનીઓની પછવાડે ભારે મેહનત ને રંજ ખેંચી હતી. એવણનાં મરણથી આખી જરથોશતીઓની વશતીમા ભારે દલગીરી ઉપજાવીછે.

[રાશ્ત ગોફતાર, તા૦ ૩૧ મી ડીશેમબર ૧૮૭૧.]

તા૦ ૨૦ મી ડીશેમબર.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

શાપુરજી દાદાભાઈ સુરતી અથવા કાપડીઆ—મી૦ શાપુરજી દાદાભાઇ શુરતી અથવા કાપડીઆ, જે શ્રી ટીટવાલાનાં ઇશટેશન માશટર હતા તે થોડા દીવશ તાવ આવેઆથી તારીખ ૨૦ મી ડીશેમબર ૧૮૭૧ ને દીને રાતનાં ૮ વાગે ગુજરેઆછે. તેવંનને કલીઆંણી મધે લાવીને તાંહાંનાં દોખમાં મધે અવલમંજલ પોંચાડેઆછે. એ ધણીની ઉમર ૫૦ વરશની હતી. અને મી૦ કરફુવન શીવીલ શરવીશનો હતો તેનાં એવન આગલા રાઇટર હતા. ટીટવાલા મધે એવંન એપલાજ હતા. અને તેવંનનાં શગાંવાહલાં કોઇ છે કે નહીં અને કાંહાં છે તે માલમ પડતું નથી—પણ અશલ એવંન શુરતના રેહનાર છે એવી શોધ લાગીછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી ડીશેમબર ૧૮૭૧.

20*th December* 1871.

SHAPOORJEE DADABHOY SOORTTEE—Mr. Shapoorjee Dadabhoy Soorttee, formerly employed under Mr. Turquand, of the Bombay Civil Service, and lately employed in the Railway Department as station master at Titwalla, died at Titwalla, of fever, on the 20th inst. Mr. Mills, the Superintendent, took considerable trouble in attending to the deceased.

[*Bombay Gazette*, 23*rd Dec.* 1871.]

તા૦ ૨૪ મી ડીશેમબર.

રોજ ૪ માહ ૪ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

જાંહગીર બહુમનજી દસ્તુર જામાસ્પઆશાના—જણાવવાને ભારે દલગીરી લાગેછે કે પુણાં ખાતે ગએઆ આદીતવારને દીને રાતનાં ખાંનબાહાદર દશતુરજી શાહેબ નોશરવાંનજી જામાશપજીનાં મકાંન ઉપર આકોલાના આશીશટેનટ કમીશનર દશતુરજી બહમનજી જામાશપજીનો જુવાંન બેટો મી૦ જાંહગીર કલેજાંનાં દરદથી ૨૪ વરશની નાંધલી વએમાં મરણ પાંમેઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી ડીશેમબર ૧૮૭૧.]

24*th December* 1871.

JEHANGIR BOMANJEE DUSTOOR JAMASP-ASSANA.—We regret to learn that Mr. Jehangier, eldest son of Dustoor Bomanjee Jamaspjee, Assistant Commissioner of Akola, died on Monday last at the house of the Very Reverend Khan Bahadoor Dustoor Nusserwanjee Jamaspjee, High Priest of the Parsees. The deceased has been for some time suffering from on affection of the lungs, which has now proved fatal. He died at tho early age of 24 years. A large party consisting of all the Parsee gentlemen in Poona, and many from Bombay, met Yesterday at the fire temple for the third day's ceremony, when the sum of about 500 was given for charitable purposes by the Khan Bahadoor's family. Much sympathy is felt for the family of the deceased in this the loss of their first born, cut off in his early manhood.

[*Deccan Herald*, 27*th* Dec. 1871.]

તા૦ ૨૬ મી ડીશેમબર.

રોજ ૬ માહ ૪ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

મનચેરજી પેશતનજી પોસ્ટવાલા--ગઇ કાલ દીને શહવારનાં મનચેરજી પેશતનજી પોસટવાલા નામનો એક જવાંન પારસી, અચબુચ મરણ પામીઓ હતો. મરનાર કેમેશરીએટ ખાતાંમાં ચાકરી હતો. ગઇ પરમ દીને રાતનાં તેણે પોતાના ભીતરો સાથે

બેસીને ખાણું ખાધું હતું, અને ગઇ કાલ દીને સહવારનાં તેણે બામદાદમાં ઉઠીને નાહી-ધોઇને ચાહ પીધી હતી, અને તે પછી તેનો જીવ બીગડી આવીઓ અને તુરતજ મરણ પામીઓ હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૭ મી ડીશેમબર ૧૮૭૧.]

ઇ૦ સ૦ ૧૮૭૨.

તા૦ ૨૧ મી જાનેવારી.

. રોજ ૨ માહ ૫ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાલણના—સુરતથી એક ગરહસથે હમારા ઉપર એવી ખબર મોકલીછે કે, તીઆંનાં રૂસતમપરા ખાતેના વડા દસતુર ખરશેદજી બરજોરજી, ગઇ તા૦ ૨૧ મીને દીને આ દુનીઆંથી પોતાનો અસબાબ ઉઠાવી ગયાછે. મરનાર દસતુરજીની ઉમર ૬૭ વરસની હતી, અને તેઓ દસતુરોની અસલી રીત મુજબ જંદ, પેહલવી, ફારસી તથા જરતોશતી ધરમ સંબંધી બાબતોની માહીતગારી ધરાવતા હતા. આ સાથે તેઓ ઘણા લાયકીવાલા હતા, જેથી તેમનું મરણ ઘણાઓને સંતાપ ઉપજાવનારૂં થઇ પડીઉંછે. તેઓ દારાબ પાહલનનાં ખાંનદાંનના હતા; અને સુરત મધે વસનારા નવસારી પંથકને તાબેના બગરીઆ સાથના અથોરનાંનો ઉપર તેઓ દસતુરી ભોગવતા હતા.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૭૨.]

21*st January* 1872.

Dustoor Cursetjee Burjorjee Darab Palonna.—We regret to hear that Dustoor Cursetjee Burjorjee, high priest of the Nowsaria Parsis of this city, breathed his last on the 21st inst., at 67 years of age. The deceased was highly respected by the Parsees of Surat and Nowsaree, and was well-versed in several of the Oriental languages. His only son succeeded to his Dustoorship on the third day of his death, and was presented with 21 shawls from different individuals and anzoomans, as a token of respect.

[*Gujerat Mitra, 28th January* 1872]

તા૦ ૨૨ મી જાનેવારી.

રોજ ૩ માહ ૬ (ક૦) ૧૨૪૧ યજદજરદી]

નશરવાંનજી દસ્તુર શોરાબજી રુસતમજી મુલ્લાં ફીરોજના—કદમી જરથોશતીઓના દશતુરજી શાહેબ શોહરાબજી રૂશતમજી મુલાં ફીરોજજીના પુતર બાઇ નશરવાંનજી તારીખ ૨૨ મી જાનેવારીને દીને "તેહરાંન'. ખાતે મરણ પાંમવા શંબંધી ખબર અતરે આવીછે, અને આજ દીને એ મરનારનાં ઉઠીઆનાની કીરીઆ બાહેરકોટ મરહુમ શેઠ દાદીભાઇ નશરવાંનજીવાલાં આતશબેહરાંમ મધે કીધામાં આવનાર છે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૭૨.

22*nd January* 1872.

Nusserwanjee Sorabji Moolla Firoz.—We regret to learn of the death of Mr. Nusserwanji Sorabjee Moolla Feroze, at Teheran, on Monday, the 22nd instant. The deceased was the son of Dustoorjee Sorabjee Rustomjee Moolla Feroze, the High Priest of the Kudmi Parsees. He left Bombay for Persia about three years ago to prosecute his studies in the Persian and Zend languages. His age was about twenty-four years

[*Times of India, 24th January* 1872.]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૦ માહ ૫ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

હોરમજજી મોટાભાઈ થાંણેવાળા, પુણાંના—પુણાં મહિલો વેપારી, અને શરવેને જાણીતો શેઠ હોરમજજી મોટાભાઇએ ગએઆ શોમવારની રાતનાં પોતાનાં મકાંન મધે પચોતેર વરશની વએમાં ગએઆ શોમવારની રાતનાં આ ફાંની દુનીઆં છોડીને

શવરગવાશી લોકોમાં જાઇ વાશો કરેઓછે. મરનાંરને અવલમંજલ પોંહોંચાડતી વેલાએ તેને છેહલી શલાંમ કરવા શારૂં ઘણીજ મોટી મીજલશ મલી હતી, કારણકે મરનાંર પુણાં મધે એક વેપારી તરીકે ઘણા લોકોમાં જાણીતો થાએલો હતો, અને અંગરેજ શરકારે પુણું હાથ કીધું તેની આગમચથી મરનાર પુણાં મધે વેપાર ચલાવતો હતો. મરનારના છોકરાનો છોકરો અગાઉ મરણ પાંમીઆથી તેનો ગમ મરનારને ઘણો લાગો હતો. આ મરનારને પુણાં માંહેલા વેપારી, અને શરવે વેહવારીઓમાં મોટું માન મલેલું હતું, અને ઘણાં લોકો પોતાનાં વેહેવારમાં કાંમ શંબંધી તેની મશલેહત લેવા જાતા હતા, માટે તેનાં મરણથી પુણાંની વશતીના મોટા ભાગમાં દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી ફેબરવારી ૧૮૭૨.]

29th January 1872.

Hormusjee Mottabhoy Thanawalla.—We exceedingly regret to record the death of Mr. Hormusjee Mottabhoy, which melancholy event occurred at his residence in Main Street, at 7 p.m., on Monday evening. An immense assemblage of the Parsee community of Poona met to do honour to his funeral and accompany his honoured remains to their last resting place. Never was it our lot to see such a large gathering of the Parsee community of Poona on such an occasion, and the fact bears evidence to the great respect in which Mr. Hormusjee Mottabhoy was held by his own people. He was also highly respected as a most upright and honourable merchant by the European commdnity, with whom he had large dealings in matters of business for a long period of years.

[*Deccan Herald*, 31*st January* 1872.]

તા૦ ૫ મી ફેબરવારી.

રોજ ૧૭ માહ ૫ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દોરાબજી બરજોરજી કોપર—શેઠ દોરાબજી બરજોરજી કોપર તે ડાક્ટર બરજોરજી દોરાબજીનાં બાવા ગએઆ શોમવારને દીને શુરત મધે આશરે ૮૦ વરશની ઉમરમાં બેહશતનશીન થાએઆછે.

[જામે જમશેદ, તા૦ ૭ મી ફેબરવારી ૧૮૭૨.]

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૩ માહ ૬ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

નવરોજજી બરજોરજી પારખ—જણાવવાને દલગીરી અને અફશોશ ઉપજેછે કે આપણી ટાપુના જાણીતા ગરશથ શેઠ નવરોજજી બરજોરજી પારખ ગઇ પરંમ દીને રાતનાં આએ દુનીઆંથી અશબાબ ઉઠાવીને મીનોઇ જાહાંનમાં વાશો કીધોછે. તેવણનાં કવખતનાં મરણથી તેવણનાં કુટંમ પરીવાર અને દોશતઆશનાંઓમાં ભાહારે દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૭૨.]

તા૦ ૬ થી મારચ.

રોજ ૧૭ માહ ૭ (ક૦) ૧૨૪૧ યજદજરદી.

બહમનજી કેખશરૂ મોદી, સુરતના—ગઇ તારીખ ૬ થી મારચને બુધવારે અતરેનો પારશી ઘરહશથ શેઠ બમનજી કેખશરો મોદી આશરે પાંચ મહીનાની શકત બીમારી ભોગવી શવરગવાશી થએઓછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૦ મી મારચ ૧૮૭૨.]

તા૦ ૨ જી આપરેલ.

રોજ ૧૪ માહ ૭ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

ખરશેદજી શોરાબજી મેજર—જણાવવાને દલગીરી ઉપજેછે કે ઇનશાલવેંટ કોરટના હેડ કલારક મી૦ ખરશેદજી શોહોરાબજી મેજરે ગઇ પરમ દીને રાતનાં બે કલાકને અમલે આ ફાંની દુનીઆંથી અશબાબ ઉઠાવીને મીનોઇ જાંહાનમાં વાશો કીધોછે.

મરનારે તેના ઓધા ઉપર લાંમબો વખત ગુજારીઓ હતો જે દરમીઆંનમાં તેવણે પોતાનું કામ પોતાના વડાઓની ખાતરી-ભરી રીતે બજાવીઉં હતું. મરનાર ગરહથ ઘણાં શાલેસ અને મીલનસાર સ્વભાવનાં હતા અને તેથી તેવંણુનાં મરણને લીધે તેવંણુ-નાં દોસતઆસનાંઓ અને સાગાવાહલાંઓમાં મોટી દલગીરી પેવસ થઇછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી આપરેલ ૧૮૭૨.]

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

રૂસતમજી જમશેદજી જીજીભાઈ— જાલેમ જમાંનો આ જીહાંનમાં કોઇને છોડતો નથી. મોત મોડું વેહલું સરવેને સરજેલું છે અને આ દુનીઆંમાં આપણ સરવેની જીંદગી માતર એક નાંહની પણ મુસીબતોભરેલી મંજલ મીશાલે છે. મોહોત માણસજાતનું એક સાધારણ શેવટ છે અને શેવટનો પણ એક છુટકારો છે, મગર તેને આધીન થતાં એક મોટા આદમીની જુદાઇ તથા ખુટનો જખમ તે આદમીની મોબત, કામ અને કીરતીનાં પરમાણ મુજબ વધારે જબ્બર, વધારે ઉંડા, વધારે ફેલાવાનો હોયછે. તેવાં એક દુખ ઉપજાવનારાં પરજાનાં જીગરને જખમ લગાડનારાં સંતાપકારક મરતીઉકના માઠા સમાચાર વાંચનારી આલમ હજુર મેલવાની દુખભરેલી ફરજ આજે અમારે સર આવી પડીછે. જણાવવાને બેહદ દલગીરી ઉપજે છે કે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ લાંબા દાહાડાની માંદગી ભોગવવા પછે ગઇ કાલ દીને પાછલા પોહો-રનાં ૩ કલાકે આ ફાંની જીહાંનથી અસબાબ ઉઠાવીઓછે. તેવણ આજ કેટલુંક થયું જલંદરના મરજથી હેરાંન હતા, અને તે દરદમાં ઘણો વધારો થવા પછે તેવણને તેવણની ખાએસથી કોટમાં તેવણના મરહુમ પીતા સર જમશેદજી જીજીભાઇનાં ઘર મધે લાવયા હતા, જાંહાં પોતાની જાાંન વએેતા લાડ અને જાહોજલાલીનાં અસલ રેહેઠાંણ તલે તેવણે પોતાની જીંદગીનો છેલો દમ લઇ આ જીહાંનથી કુચ કીધીછે. તેવણનાં રવાંનને આજ સહવારનાં અવલમંજલ પોહોચાડવામાં આવશે જે વેળા અમારી ખાતરી છે કે તેવણનાં તથા તેવણનાં ખાંનદાંનનાં નામ અને કામ પરમાણે, આ મરતીઉક ટોલાને લગતા એક જાહેર બનાવ લેખે ગણીને જર-તોશતીઓ આપણા એ છોડી ચાલતા અકાબરને શેવટનું ઘટતું માન આપવાની ફરજમાં પછાત પડશે નહીં.

શેઠ રૂસતમજી જમશેદજી સને ૧૮૨૩ માં જનમયા હતા, જેથી હાલ ૪૯ વરશની ભરજવાંન ઉમરે, તથા ભરઉમેદે તેવણે આ દુનીઆંથી દેહરો ઉઠાવયોછે. તેવણના જનમ-ની વેળા સર જમશેદજીનું આશકારા નામ પરકાશ પામેલું નહી હતું, પણ પોતાની વધતી જતી ઉમર સાથ પોતાના નેકનાંમ બાપને ચીત તથા બંગાલાની તે વખતની હાદેસાભરેલી સફરોમાંથી તથા ગરીબડા ઉદીઓગોમાંથી રફતે રફતે વધતાં, આબાદી-એ ચહડતાં, નામદારી હાંસલ કરતાં શેઠ રૂસતમજીએ પોતાની જવાંન અજમાશમાં જોયું હતું અને એટલું પણ કહીશું કે પોતાના બાપના જમાનાની તે ચહડતી સાથ તે ધરમી બાપના ભલા ખવાસ પણ ગોયા તે વખતથીજ તેવણે હાંસલ કરયા હતા. પોતાના બાપનાં મરણ પછે દુલા હાથની, ઉદાર જીવની, મોટાં મનની જે સખાવતોથી શેઠ રૂસતમજીએ પોતાના બાપની જગા અને નામ રાખયું હતું, તેનાં બીઆં ગોયા તેવ-ણનાં બચપણની ઉપલી તરબીએતમાં આપણ જોઇએ છઇએ, જે બીઆંથી તેના વખતે સખાવતનું એક દુજતું, પાકેલું, મીઠું, પરમતું, ઠંડું દરખત ઉગયું હતું, જે જાહા-ડમાંથી નીકલતું ધરમદાંનનું દુધ, ન્નાતજાત, રંગરૂપ, અથવા ચામડી ઇઆ ધરમના તફા-વત વગર સરવેને પોહોંચતું થયું હતું, જે જાહાડની દાહાલીનો છાંએડા દેશ પરદેશ,

વતન મુરવતન સરવે ગમ ફરી વળયો હતો, જે જાહાડની શુગંધી લપટ દુનીઆંના બેઅબુંદ ભાગની આબોહવા સાથ ગોયા બધમધતી રીતે મલી ગઇ હતી.

મરહુમ શેઠ રુસતમજીની સઘલી કીરતી તેવણુનાં મોટાં દીલ અને સખાવતોમાં સમાવેલી હતી. તે સખાવતો અમે ઉપર કહયું તેમ મોટી, છુટી અને લાંબી હતી. તે સખાવતો જેમ ઘણીક જાહેર હતી, તેમ ઘણીક ખાંનગી પણ હતી. પરદુખભંજન હાથે પોતાની ડેલીનું મોહો ખોલીને લાખો-ના લાખો રુપીઆ કાહાડી આપવાનો દાખલો પેહલવેહલો મરહુમ સર જમશેદજીથી નીકલયો, અને તેનાં મરણ પછે તેની ઉમદા સખાવતનો સાએઓ ગોયા વચલા પુતરની પીઠપર ઉતરયો. શેઠ રુસતમજીએ વેપારમાં કરોડપતીની દોલત મેલવી અને કરોડપતી જેવો હાથ સખાવતમાં લાંબો રાખયો. તેવ-ણુની સઘલી જાહેર સખાવતો આસરે ૧૧ લાખ રુપીઆની થઇછે, અને તેટલીજ બીજી ખાંનગી સખાવતોથી કાંઇ ગરીબોનાં દુખ ટાલયાંછે, કાંઇ ભુખયાંને અંન, કાંઇ નાગાંને વસતર, કાંઇ બેરોજગારીને મદદ આપેલીછે તે જુદી. આસરે બાર વરસ ઉપર તેવણે ગુજરાત ખાતે કરેલી સેહેલની વેળા એબાદત-ખાનાંઓમાં કેબલાને અરપણ કરવામાંજ નહી, મોબેદોને આશીદાદમાંજ નહીં, પણ ઘરેઘર, રસતેરસતે જે મોટી બખશેશો કીધી હતી તથા જે નાણું ગોયા ફુલ ઉરાડે તેમ લગભગ વેરયું હતું, તે બનાવને ગુજરાતી-ઓનો હાલનો જમાનો જીવશે તાંહાં તક યાદ રાખશે. તે એકજ સેલઘામાં શેઠ રુસત-મજીએ આસરે ૫ લાખ રુપીઆ ખરચયા હશે. પણ એ સઘલી ખાંનગી સખાવત હતી અને તેવણુની એવી સખાવતોની કસી નોધ રહી શકી નથી.

એ શેઠની જાહેર સખાવતોની એક સમપુરણ ટીપ, જે અસુરે વખતે અમે લખવા બેઠા છઇએ તે વખતે, ઉપજાવી કાહા-ડવી મુશકેલ છે, તોપણ થોડી ઘણી સખાવતો યાદદાસત ઉપરથી ઉતારી સંતોશ પકડીએ છઇએ. પારસીઓ પોતાનાં રવાંનોને અવલ-મંજલ પોંહોચાડવાનાં ફંડને માટે આ સખી-વજુદ શેઠીયાને કેવા આભારી છે, તે તેઓ પુરતી હેશાંનમંદી સાથ હજી સુધી યાદ કરે-છે. એ ફંડ થવા આગમજ રવાંનને અવલ-મંજલ લઇ જવાના ગમી અને માહેતમના વખતમાં ગીરફતાર થયલાં લોકોને નસેસાલાર તથા ખાંધીઆઓની બેરડાઇ અને જુલ-માતથી કેવાં આજુરદે થવું પડતું હતું તે કોઇથી અનજાનું નથી. તે સઘલા દોરનું દુખ અને કડાકુટ ઉપલું ફંડ સથાપવા પછે નીકલી ગયુંછે, જે ફંડથી નસેસાલાર તથા ખાંધીયાઓના બાંધેલા મુસારા કરયાછે. આ મુસારાઓ માટેનાં ફંડમાં શેઠ રુસતમજીએ પેહલાં પોતાની તરફથી ૭૦૦૦ રુપીયા આપયા હતા તથા ખરચમાં દર માસે પડતી ખુટ ફંડમાં પુરતું નાણું થાય તાંહાં સુધી પોતાની ગીરોથી પુરવાનું માથે લીધું હતું, એ ફંડમાં શેઠ રુસતમજીએ બીજા રૂ. ૨૫૦૦૦ આપયા હતા, પણ તેટલાંએજ બસ થયું નથી. તેવણુની સખાવતે આ ફંડને કુલે ૩૫૦૦૦ રુપીઆની મદદ કરીછે.

શેઠ રુસતમજીનાં ઉદાર દીલથી સથાપેલું એક બીજું મોટું કામ મોબેદોનાં ફરજંદોને પુરાતન ભાશાઓની કેળવણી આપનારી મરહુમ પેહેલા બારોનેટ સાહેબને નામની જરતોશતી મદરેસા છે. આ મદરેસામાં મુખીઅ નાણું એ શેઠનાં માતાજી મરહુમ બેડી આવાંબાઇનું છે, પણ તે નાણાંને આપણી દીનના પેશવાઓની હાલત સુધાર-વાના આ ખરા મારગ ઉપર રોકવાની સઘલી સુજ તથા સલાહ આપવાનું માન જે ઉદાર દીલનાં શેઠીયાનાં મરણું વીશે આપણુ ગમ કરતા બેઠા છઇએ તે શેઠને ઘટે છે અને જેમ એ ખાતાંને જનમ આપવામાં તેમજ તેને નીભાવા તથા ચલાવાની આગે-વાંનીમાં તેવણુ ભાગ લેતા આવયા હતા.

એ ખાતાંમાં એ શેઠે તરણ વરસ સુધી દર માસે રૂ. ૧૦૦ નો ખરચ આપતો કરવાનું ચલાવયું હતું, એ ખાતાંમાં પોતાને ખરચે પુસતકો પુરાં પાડવાનું તેવણે માથે લીધું હતું અને એ વીના બીજી ઘણી મદદ તેવણે પોંહોંચાડી હતી.

આ કામ કેળવણી સાથ નીસબત રાખેછે અને કેળવણીમાં શેઠ રૂસતમજી જમશેદજીને આપણ હમેશના મદદગાર જોતા આવીએ છઇએ. સર જમશેદજી ઇનસટીટીયુશનમાં તેવણે રૂ. ૮૦૦૦ ને ખરચે સકાલરશીપો આપતી કરી હતી તથા એજ ખાતાંનાં સંબંધમાં ચંદનવાડીની શાખા શાળાનો સઘલો ખરચ તેવણ ચલાવતા હતા. પણ કેળવણીને લગતી તેવણની કીમતી મદદ મરહુમ સર જમશેદજીવાલી હોનર-શાળામાં થઇછે, જાંહાં ઉંચા હોનરો-ના વધારાને માટે તેવણે ૭૫૦૦૦ રૂપીઆની નાદર રકમ આપીછે. એવીજ તારીફલાયક સખાવત ઉંચી કીસમની કેળવણીના સંબં-ધમાં જે એ શેઠથી થઇ હતી તે સરકારી કેળવણીખાતાંના વડાને ૧।। લાખ રૂપીઆ આપતા કરી કલકતા, મધરાજ અને મુંબ-ઇથી પાંચ જવનોને બારીસટરનો ધંધો શીખાડવા સારૂં વેલાત મોકલાવાની હતી. આ સખાવત કેટલે દરજે કારગત લાગી હતી તે વાંચનારાઓ સારી પેઠે જાણેછે. આ ભાગમાં એટલુંજ કેહેવું બસ છે કે ગુજરાત-માં નીશાળો અને કેળવણીખાતાંઓ પાછળ શેઠ રૂસતમજીની સખાવત રૂ. ૧૦૦૦૦૦ ની અંકાયછે.

જેમ કેળવણીમાં તેમજ દુખીઆંની દયા અને દાદમાં શેઠ રૂસતમજી જમશેદજીએ જે છાતી ને દીલગુરદો ચલાવયોછે તે વખાણ-વા લાએક છે. રગદપીતથી પોતાના જીવની આશા મેલી બેશીને રીબતા દરદીઓને માટે ૮૦૦૦૦ રૂપીઆ ખરચીને ભાએખલા ખાતે-ની જમશેદજી હાસપીટાલના સંબંધમાં શેઠ રૂસતમજીએ એક "લીપર હાસપીટાલ" બંધાવીછે. પણ તેવણે ઇંગલંડની જુદી જુદી હાસપીટાલો અને ધરમ ખાતાંઓમાં વેંહેંચવા કીજે જે રૂ. ૧૫૦૦૦૦ ની રકમ એકીવખતે મોકલી હતી તે છુપી સખાવતથી અમારા ઘણા વાંચનારાઓ અનજાના હશે. નવસારી અને બીજાં ગામોમાં તેવણે ધરમ-નાં દવાખાંનાંઓ ચલાવેલાછે. ગુજરાતની રેલવેના મુસાફરોની સગવડને માટે એ શેઠની આગેવાંનીથી જુદી જુદી ધરમશાળા-ઓ બંધાઇછે અને તેમને લગતી મોટાંમાં મોટી ધરમશાળા મુંબઇ મધે બેલાસીસ રોડ ઉપર ૧૧૦૦૦૦ રૂપીઆને ખરચે તેવણે બંધાવીછે. આપણી પડોસના પોરટુગીસ સંઉસથાનો આ સખીજીવના શેઠીયાની સખાવતથી દુર ગયાં નથી. તેવણે જેમ ગુજ-રાતમાં તેમજ ગોવા સુધીની સેલધામાં ઘણો ધરમ કરયો હતો, જે મધે દમણમાં ધરમનું દવાખાંનું આસરે ૫૦૦૦૦ રૂપીઆને ખરચે તેવણે ચલાવયું હતું તથા એજ શેહરમાં સકુલ અને લેકચર હાલ રૂ. ૮૦૦૦૦ ને ખરચે તેવણે બંધાવયું હતું. પુણાં ખાતે જમશેદજી બંદને માટે નવો સાંચો મંગાવા તથા એ બંદથી તે શેહેરને પાંણીનું સુખ આપવા માટે બંદમાં સુધારો કરવા શેઠ રૂસતમજીએ રૂ. ૮૦૦૦૦ આપયા હતા.

આ સઘલી મોટાં દીલની સખાવતોની વીગત લંબાવવાને અમારી પાસે જગા નથી અને તેની જરૂર પણ નથી. શેઠ રૂસતમજીની સખાવતોની રકમ કરતાં જે દીલમાંથી તે સખાવતનો જહરો વેહતો હતો તે દીલની જાબજા સીફત કરવી રવા છે. આ માનવંત અકાબરની નજર આગલ પઇસા ગોયા કાંઇ ચીજ નહી હતી. સગાંવાહાલાં, બેશકુટુંબ અથવા દોશતઆશનાવોની દસતગીરીએ તેવણ પોતાની દામાનથી તઇઆર હતા, અને ખાંનગી રીતે ઘણાક ગરીબો તેવણથી પલાયા જતા હતા. તેમજ લડાઇ, દુકાલ, આગ ઇઆ બીજાં પરજાનાં શંકટોમાં તેવણની સખાવત વગર પુછવે, વગર માંગવે

ઉચાઉચ ઉભાઇ જતી હતી. એવાં પરચુટણ ફંડોમાં તેવણે આપેલી મદદનો હીસાબ કે સુમાર કાહાડવો મુશકેલ છે. પણ તેની મોટાઇનો આ એક દાખલો છે કે લાંનકેશાએરના દુકાળનાં ફંડમા તેવણે ૩૫૦૦૦ રૂપીઆ તથા કલકતાનાં તોફાંનને વખતે રૂ.૨૫૦૦૦ આપયા હતા. વળી એક બીનાથી તેવણની કીરતી વધી જાયછે, અને આ દુખભરેલી નોંધની શેવટે તે બીના દુખ સાથે યાદ આવેછે. શેઠ રૂસતમજી જમશેદજીની ઉપલી સઘલી સખાવતો થોડાજ વખતમાં થઇ ગઇછે. આ સખાવતનાં કામોનો મોટો ભાગ પાંચ કે દશ વરસની રમત હતી, જે વખત પછે દગાખોર જમાનાએ એક સેતારા પેરે ચલકતાં આ નામને જાંખ લગાડવાનો દગો કીધો હતો. અને આ વાતમાં કાંઇજ શક નથી કે જે સખી નરે પાંચ સાત વરસમાં નજદીક પાઆ કરોર રૂપીઆ સખાવતમાં આપયા તે નરને અગરજો જમાનાએ યારી દીધી હતે તો તે પોતાના મરહુમ પીતાની સખાવતોને કદાચ વીસરાવતે. પણ દુનીઆંનું ચકર સદા ફરતું છે, અને ખુદરતના ભેદોને કોઇ પામી શકતું નથી. માણસ ધારેછે, પણ સઘલું બજાવનાર તે ઉપર બેઠોછે અને તેની નહી મપાએ એવી મરજીને આધીન થઇ એક પરજા ઉપકારી અકાબર સઘલી જાહોજલાલી છોડીને આજે આપણા ગમ વચે ચાલતો થયોછે. અફસોસ !

મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇનાં દુખદાએક મરણથી પારસી ટોલામાંજ નહીં પણ મુંબઇના સઘલા રેહેવાસીઓમાં ભારે મોટી દલગીરીએ ઘર કરયુંછે અને કબુલ કરવું જોઇએછે કે એ સખી શેઠીયાની હઇઆતીમાં તેવણને માટે જેટલું માન આપણ જાણતા હતા તે કરતાં વધારે માન અને વફાદારીનો જોસો તેવણનાં મરણ પછે ઉભરી નીકલયોછે. એ હાતમદીલના અકાબરનાં રવાંનને અવલમંજલ પોંહચાડતી વખતે પારસીઓની જે દબદબાભરેલી પણ ગંભીર મીજલશ મળી હતી, તે પોતેજ એક નવાઇ જેવો દેખાવ હતો, પણ વળી અવલમંજલના મારગના મોટા ભાગ ઉપર શું પારસી કે પરજાતની જે સંખીઆ એ શેઠીયાના છેલા સેજદાને માટે ઘરોની બાહેર નીકલી હતી, તેવું મરહુમ સર જમશેદજીનાં મરતીઉક પછે કોઇના બાબે બનયું નહીં હતું. પોતાનું ભલું કરનારના દીદાનાં છેલાં દરશણ કરવા તથા કીરીઆમાં સામેલ થવા પુણાં, સુરત અને બીજે ઠેકાંણેથી ઘણા હેશાંનમંદ લોકો આવયા હતા, અને જુદ્દીનનાં કોઇ ગરીબગુરબાંઓ પાએદસતને વખતે રસતાઓ ઉપર છુટાંછવાયાં પોક મુકીને રડતાં સભળાતાં હતાં. શેઠ રૂસતમજીના ગુજરી જવા પછે આપણા ટોલામાં ગોયા એક ખુટ અને બાડો પડયો હોય એવું સરવેને લાગેછે અને જે નરે માનવીજાતનાં ભલાંને માટે પોતાનો ભોગ આપયો તે પુરૂશની યાદગારીને માટે આપણે કાંઇજ કીધું નથી તે એક મોઠી ભુલ અને નગુનાપણું તરીકે દીસવા લાગુંછે. એટલામાટે શેઠ રૂસતમજીની યાદગારીના ઉપાયો કરવાનું કામ કેટલાક સાહેબોએ માથે ઉઠાવયુંછે અને એ વીશે જલદીથી જાહેર સભા બોલાવામાં આવનાર છે.

શેઠ રૂસતમજી તરફનું આ સઘલું ધારવા કરતાં વધારે જોસ બતાવી આપેછે કે એ શેઠીયામાં ધારવા કરતાં વધારે ખુબીઓ હોવી જોઇએ અને તેવણના ગુજરવા પછે તે ખુબીઓ વધારે માલમ પડતી જાયછે. શેઠ રૂસતમજી પોતાના મરહુમ પીતાનાં પગલાં ઉપર ચાલવાને ખંતી હતા, તેવણે કેટલાંક સખાવત અને ધરમનાં કામો કરયાં હતાં, ધરમખાતાં સથાપયાં હતાં, દરદીઓને આરામ કરયો હતો, કેળવણીને મદદ કરી હતી, ભીખારીઓમાં દાન કરયું હતું. એ સઘલું આપણ જાણતા હતા, પણ એ ઉપરાંત તેવણે જે અજાએબ જેવો મોટો દીલચુરદો ખરા ગરીબોને ખાંનગી મદદ કરવા માટે બતાવયોછે, તેથી આપણે ઘણે દરજજે

અનજાના હતા. તેવણે પોતાની દોલતમાં વધારો કરવા બાદ પોતાની આસપાસ મદદ કરવામાં એટલો છુટો હાથ રાખ્યો હતો કે પોતાનાં સગાંવહાલાં અને નોકરચાકરોમાંજ નહીં, પોતાના દોસ્તો અને સાથીઓમાંજ નહીં, પણ પોતાની નાની બચપણમાં શીખનારા ભાઇબંધ નીશાળીઆઓને પણ તેવણ ભુલી ગયા નહી હતા.

એક દાહડે શેઠ રૂસતમજી ગાડીમાં બેસીને જતા હતા તેવામાં તેવણને પોતાની નીશાળના એવા એક સોબતીથી રસતામાં મુલાકાત થઇ. શેઠ રૂસતમજીએ તરત ગાડી ઉભી રાખી તે સોબતી સાથે વાત કરવા માંડી. તેવણને માલમ પડયું કે તેવણ જારે પાદશાહી દરવીઅના ધણી થયાછે તારે તેવણના આ નીશાળના જોડીયા પટના રોટલાને માટે જુદા જુદાં ખાતાંઓમાં નહતા નોકરીનું વાગતર કરેછે. એ ઉપરથી તેના આ ભાગ્યશાળી સોબતીએ બીજે દીને તેને ઘેર બોલાવયા અને તાહા તેના માગવા વગર તેને બે હજાર રૂપીઆની નોટ એક પરબીડામાં મુકીને આપી. શેઠ રૂસતમજી જારે ગુજરાતમાં ફરવા ગયા હતા, તારે એકલા સુરત શેહરમાં તેવણે એક લાખ રૂપીઆ જુદા જુદા ધરમ-ખાતાંઓમાં આપયા હતા તથા બીજું ઘણું નાણું વેહેચયું હતું, પણ તે ઉપરાંત તેવણે ગરીબોમાં કરેલી સખાવત જુદી હતી. તાહાના કેટલાક આબરૂદાર ગરહસથો સાથે તેવણે તાંહાંનાં આગલી મોટાઇ ખોઇ બેસીને ગરીબી હાલતમાં આવેલાં કેટલાંક કુટુંબોના નામ મેળવયાં હતાં, અને પછે તેઓમાં રૂ. ૩૦૦૦૦ થી ૫૦૦૦ અને ૨૦૦૦ સુધીની રકમો ભેટ મોકલાવી હતી. આ ઘણીક ભેટ તેવણે માતર બીજાઓની મારફતે અને એટલી ખાનગી રીતે આપી હતી કે તે લેનારાઓને પોતા વીશે ખબર પણ પાડવા દીધી નહીં હતી.

આવી રીતની શેઠ રૂસતમજીની દયા અને ઉદારતાના મુંબઇમાં ઘણા દાખલા બનયાછે. અગત કરીને આગલા વખતમાં મોટી દોલત અને મીલકતની જાહોજલાલી ધરાવનાર એક કુટુંબ વખતના દાખલા પડી ભાગા પછે, તેને માટે દર માસે ૧૦૦૦ રૂપીઆનો પગાર, વગર ભાડે બંગલો અને બીજી જે ઘટતી મદદ શેઠ રૂસતમજી તરફથી આપતી કરવામાં આવી હતી તે પારસી ટોળા ખુશાલી અને માયા સાથ યાદ કરેછે. શેઠ રૂસતમજીએ એકેક કુટુંબને ૩૦ હજાર અથવા રૂ. ૪૦ હજારની છુપી મદદ કરવાના એકથી વધારે દાખલા જણાયનાછે. કેહછે કે આવી રકમો પોતાનાં નામ વગર માતર પરબીડાંમાં બીડીને થાવકાં માણસ જોડે મોકલાવી દેતા હતા, અથવા કોઇવાર એ રકમો મોકલવાનાં બાહનાં તરીકે કેહવાડતા કે "તમારે નામે અમે રૂમાં વેપાર કીધોછે ને તમારે હીસાબે આ નાણું નીકળેછે." આ રીતે ભેટ કરેલી એકેક રકમ એકેક કુટુંબની દોલત જેવડી છે, અને વળી જે ભરમ તેમના માટે ગખયો હતો તે હીઆં સુધી કે એકવાર એવી એક સખાવત જાહેર કરવા માટે આ મરહુમ શેઠીયાએ અમારા ભાઇબંધ જામે જમશેદવાલાને ચોકી લખી ઠોકો આપયો હતો, એ બનાઇની તારીફજ થઇ શકે નાહી.

આ બનાવો ધ્યાન જાહેર થવા પછે શેઠ રૂસતમજીને ગરીબાઇના વખત છતાં મુંબઇએ જે માન આપયુંછે અને હજી આપવા માગેછે, તે જેટલું એ મરહુમ શેઠીયાને માનભરેલું છે, તેટલું આપણાં શેહરને સોભાભરેલું છે. પણ શેઠ રૂસતમજીની યાદગારી રાખવાની આગેવાની કરનારા ગરહસથો એ કામને જે એકજ ટોળાની તરફનુ અને નાતજાતના તફાવતનું કરવા માગેછે તેની સામે અમારો મજબુત વાંધો અમે હીઆં નોંધવા માગીએ છઇએ. ગયા શુકરવારને દીને હાનરએબલ શેઠ બેહરામજી જીજીભાઇના બંગલામાં જે સભા બોલાવામાં આવી હતી, અને જે મુલતવી રહીછે, તે સભામાં એકલા જરતોશતીઓને નોતરૂં દેવાનો

વીચાર અમે ઘણો નાપસંદ કરીએ છઈએ. મરહુમ શેઠ રૂસતમજીની સખાવતો એક જાત અથવા એક કોમમાં નહી હતી. તેવણુની બોહોલી નજરમાં સઘલી કોમ એકસરખી હતી અને સરવે ગ્નાતની મદદને માટે તેવણુની થેલી ખોલી હતી. તેવા એક નરની યાદગારીનું કામ માતર જરતોશતીઓની નાહાની હદમાં રાખવાનો સાંકડો વીચાર મરહુમ શેઠની ઉમદા સખાવતોની કદર અધુરી બુજવા જેવો છે. એ સાંકડો વીચાર કયાં સાંકડાં મગજમાંથી નીકલયોછે તે અમે જાણતા નથી, પણ એટલું જાણીએ છઈએ કે જેની સખાવતમાં નાતજાતનો તફાવત નહી હતો તેની યાદગારીમાં તેવો તફાવત રાખવાનો વીચાર કરવો એ મરહુમ શેઠની સખાવતોને તેવણુની પાછળ માઠું લગાડવા બરાબર છે. શેઠ રૂસતમજીની યાદગારીમાં સામેલ થવા તથા પોતાનો ઉપકાર જાહેર કરવાને તેવણુની સખાવતનો લાભ ચાખનારા સઘલી કોમના લોકોને જોગવાઇ આપવી જોઇએ.

લાખો ખરચેઆ લાખો ખવાડીઆ,
લાખોની કીધી બખશેશ,
તાહાડક દીધી તેં હજારોને,
તુંને તાહાડકસે કલેશ;
પીતાનાં પગલાં પુઠ ચાલીઓ,
પસંદ કીધો પીતાનો વેશ,
પીતા જેહવો ભાગ્યેગશાલી નહી,
થાએઓ દુખી દરવેશ;
ખોદાએ કીધી મોહોટી રેહેમ,
કહીઉં—ન ઘટે તુંજને દુખ,
તુંને બોલાવી લઇ પોતાને ઘર,
આપીઉં—સદાનું સુખ.

શો. શા. બાં.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૪, ૨૧ મી આપરેલ ૧૮૭૨.]

13*th April* 1872.

RUSTOMJEE JAMSETJEE JEEJEEBHOY- Bombay has to deplore the loss of one of her notable citizens, who, though for some years past removed from active life, has not been forgotten, and will always be remembered, in connection with those palmy days of this city, which, just now, seem departed never to return. We refer to Mr. Rustomjee Jamsetjee Jeejeebhoy, second son of the first baronet, and younger brother of the present Sir Jamsetjee. Since the early part of 1865, Mr. Rustomjee has been ailing more or less, and during the last twelve months it has been evident that he must succumb to the maladies which oppressed him. He died on Saturday, the 13th, at the Fort mansion of the family, whither, at his own urgent request, he had been brought from Breach Candy during last week. He dies at the comparatively early age of fifty. His later years have been passed under the dark clouds of ill-fortune and heavy disappointment, and while the gains of a successful career have been swept away, the loss of his wife, the intelligent associate of his days of prosperity, has deepened the gloom which during the last three years has settled upon our once active, enterprising, and ever benevolent, public spirited citizen But amidst all his depression and reverses, it must have been an unfailing consolation for him to remember that in the days of prosperity he had not only scattered his gifts with unsparing hand, but made secure provision for many permanent benefactions that will conduce to the welfare and happiness of our community during many generations. Seldom could the ancient words of the afflicted patriarch Job be more fitly applied than in Mr. Rustomjee's case—"I delivered the poor that cried, and him that had none to help

him. The blessing of him that was ready to perish came upon me; and I caused the widow's heart to sing for joy." The public benefactions made by Mr. Rustomjee amounted to some eleven lakhs (£. 110,000), when the frost of adversity come down upon him, and those who are likely to be well informed on the subject, assure us that the sums disbursed by him in private charities have amounted to as large an aggregate besides.

Amongst these gifts, some of th more important are—Rs. 75,000 for endowment of the Jamsetjee School of Art, a rather larger sum for machinery and improvements to the Jamsetjee Bund by which Poona has been saved from water famine, the Hospital for incurables about one lakh, the Dhurmsala (rest house) for Gujerat railway passengers cost rather more, over a lakh and quarter were laid out by Mr. Rustomjee at Damaun in building and endowing a lecture hall, school and dispensary; a lakh and half (£. 15,000) he handed over to the Director of Public Instruction to provide a fund for defraying the expenses of native barristers from Bombay, Calcutta, and Madras whilst studying in England; about a lakh has also been given by Mr. Rustomjee to various moffasil educational institutions chiefly in Gujrat. About a lakh and half (£. 15,000) was contributed by him at one time or other to various charities in England, and also considerable donations to the Lancashire Cotton Famine, and Calcutta Cyclone Relief funds. There are besides several very substantial benefactions entirely for the benefit of the Parsee community, which we need not here particularise, one of which was a large sum, in promotion of a thorough reform amongst the Zoroastrian servitors of the Towers of Silence, whose extortions and violence used to add another terror to the sorrows of bereavement amongst all but wealthy classes of the Parsee community.

Not only was Mr. Rustomjee notable for the benevolent gifts he made, but he ever cherished an intelligent desire to extend the industrial resources of Western India. From this motive he entered with zeal into the Victoria Museum project, and sympathised heartily with Dr. Birdwood's plans for developing through that institution a complete, permanent, economic, and technological exhibition for this presidency. And though a blight settled down on this, in common with so many other excellent schemes conceived in Bombay during the early years of last decade, it is interesting to know that in the seclusion of later years Mr. Rustomjee with such little strength and has been steadily working slender resources as remained to him at various industrial investigations. He had, we believe, all but succeeded in demonstrating that it is feasible to cultivate the Manilla hemp (*Musa textilis*) in Western India and to prepare it on a large scale for the export market. He had bestowed similar attention on the Aloe or Mexican *agave* which grows profusely, but now utterly to waste, in so many of the most barren, tracts of India. And in regard to the competition between the 'Rhea Fibre machines now going on at Saharunpore—on experiment in the prospect of which the late Viceroy

took deep interest—it is very likely that such success as is likely to be there attained will be due indirectly to efforts made and outlay incurred by Mr Rustomjee several years ago In these respects Mr. Rustomjee's quiet perseverance while under the cloud of sickness and misfortune affords a lesson to many men of wealth and leisure, both here and elsewhere in India, who ought to be the pioneers of industrial, sanitary, and social improvements—not by the harsh, repellant methods of official routine, but by the quiet and gradual processes of practical experiment worked out by personal example.

One of the best memorials of our departed citizen is supplied in the terms recorded by members of the Executive Government when Mr Rustomjee retired from the Legislative Council and public life in 1866. The following is an extract from Sir Bartle Frere's minutes written at the time of Mr Rustomjee's resignation of his seat in the Legislative Council. His Excellency wrote under date of 29th May 1866 —"As a public man and "an adviser on questions of public "interest, we have all had occasion "to appreciate that mixture of "shrewdness, simplicity, and bene-"volence, always directed by tho-"rough and hearty loyalty to the "British Government, which dis-"tinguished his father, and which "have placed the father and son in the "honorable position of habitual un-"official advisers of the Bombay "Government on all questions affect-"ing the native community of "Bombay during the administrations "of ten successive Governors of the "Presidency."

The following is from the joint minute of Messrs B. H. Ellis and C. J. Erskine dated 6th June 1866 —"By his (Mr. Rustomjee's) "wide spread benevolence he has "acquired great influence among all "classes in every part of Western "India, and it will not be easy to "find as his successor in the Legisla-"tive Council one who so fully "represents the feelings of the com-"munity to which he belongs, and "of the people of Bombay gene-"rally."

Mr Rustomjee had Knighthood conferred upon him by H M. the King of Portugal in acknowledgement of his large benefactions at Damaun, and his efforts towards agricultural enterprise in the Goa territory, where at one time he had a large estate.

[*Times of India*, 15th April 1872.]

તા૦ ૧૬ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૭ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

ભીખાજી કેખશરૂ દસ્તુર—આપણાં દસ્તુર નશરવાનજીનાં ભાઇ ભીખાજી દસ્તુર કેખુશરો તા૦ ૧૬ મીને દીને મુંબઇ મધે ગુજરી ગયા હતા. તેમનું ઉઠમણું તેમના બાગ્રીમ આગરે તા૦ ૧૮ માને દીને કીધું હતુ.

[ગુજરાત મિત્ર, તા૦ ૨૧ મી આપરેલ ૧૮૭૨.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દાદાભાઈ નાનાભાઈ બેહરામજી જીજીભાઈ—જણાવવાને અતીઅંત દલગીરી પેદા થાએછે કે આનરએબલ શેઠ બેહરામજી જીજીભાઇનાં છોકરા શેઠ નાહનાભાઇને

નાંધલો પુતર શેઠ દાદાભાઇ ગઇ કાલ દીને ૭ વરશની બાલક વએમાં મરણ પામેઆછે. જેથી આ મજકુર શેઠનાં દોશતઆશનાઓ અને શગાવાહલાંઓમા મોટી દલગીરી ફેલાઇછે. મરનાર જાતે ઘણો ચાલાક અને હોશીઆર હતો અને ઉમરે પોહોંચતાં મોટું શીઆંનપણુ બતાવે તેવી ઉમેદ મલી હતી અને તેથી કરીને તેનાં મરણથી વધારે અફશોશ ઉપજેઓછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી આપરેલ ૧૮૭૨.]

23rd April 1872.

DADABHOY NANABHOY BYRAMJEE JEEJEEBHOY.—A mournful case has just occurred in the family of the Hon'ble Mr. Byramjee Jejeebhoy in the death of one of his grandsons, a child of five years of age, who appears to have suffered from typhoid fever. After a fortnight's suffering, the child died yesterday morning. He appeared to be precocious and too intelligent for his age, and it was anticipated by some that he would not live long. The funeral was largely attended, and the Parsee community deeply sympathized with Mr. Byramjee and his son, Mr Nanabhoy, for the affliction laid upon them.

[*Bombay Gazette, 25th April* 1872.]

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૭ માહ ૮ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દીનશાહજી રતનજી ઘડીઆલી, પુણાંવાલા—દખણ હારલ્ડ ઉપરથી જણાએછે કે પુણાં ખાતેના નામીચા અને પરખીઆત ઘડીઆલી મી૦ દીનશાહ રતનજી ગઇ પરમ દીને પાછલી રાતનાં ૧ કલાકને અમલે મરણ પાંમીઓછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૭૨.]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૮ માહ ૮ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

જીવણાઈ તે નશરવાંનજી ખાંનસાહેબનાં વીધવા—

સુરત, તા૦ ૨૮ મી આપરેલ ૧૮૭૨.

અમવાને દલગીરી ઉપજેછે કે જીવનાઇ તે નશરવાંનજી ખાનશાહેબનાં ધણીઆંણીએ કેટલાક માશની શખત બીમારી ભોગવી તારીખ ૨૬ મી એપરેલને દીને મીનોઇ જહાનમા વાશો કીધોછે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી આપરેલ ૧૮૭૨.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દીનબાઈ તે શેરાબજી એદલજી તાતાનાં ધણીઆંની—ચાલતા માસની તા૦ ૨૩ માને દીને અતરેના વચલે વાઘેના એક પારસી ગરહસથ મી૦ સોરાબજી એદલજી તાતાના ધણીઆંણી બાઇ દીનબાઇ બેહશતનશીન થયાં હતા, તેમના વીશે એક ગરહસથ હમારૂ ધેઆન ખેંચેછે. આ ગરહસથ હમોને એવું લખી જણાવેછે કે, એ મરનાર બાઇ પોતાના બીજા સારા ગુણો સાથે જરતોશતી ધરમ ઉપર ઘણાજ ચુસત રેહનારાં હતાં, અને તેથી તેને લગતી દરેક ફરજીઆતો તથા કીરીઆઓ તેના વખતસર અદા કરવામાં તેઓ કસુર ગણતાં નહીં હતાં. પણ આ ગુણ સાથ તેમનામાં બીજી ઘણીક બાઇઓથી જુદી ખુબી એ હતી કે, તેઓ વેહમી તથા અવીચારી હતા નહી, બલકે વેહમી કીરીઆઓ તથા જરતોશતના દીનમાં આમેજ થયલી કેટલીક જુદદીનની રસમોને તેઓ ધીક્કારનારા હતાં. અલબતાં આવી પારસી બાનુઓ પોતાની બીજી હમજાત બેહનીઓ માટે નમુના સરખી ગણાવી જોઇએ. જરથોશતી ધરમ ઉપર ઘણી ચુસત રેહનાર બાઇઓ તેજ વખતે ઘણી વેહમી નીવડેલી સાંભલીઆમાં આવેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૩૧ મી મેએ ૧૮૭૨.]

31*st May* 1872.

DHUNJIBHOY COWASJEE SETHNA. -We regret to announce the death of Mr. Dhunjeebhoy Cowasjee, Deputy collector of the Sattara district, and son of Mr. Ardaseer Sett Cursetjee, the pensioned moonsiff. The deceased died of liver complaint on Friday night last, at Sattara.

[*Times of India, 5th June* 1872.]

A correspondent "G" writes in the Times of India of 12th June 1872 —"I was very sorry to see recorded in your paper the death of Mr. Dhunjeebhoy Cowasjee, Deputy Collector of the Sattara district. He was one of several brothers, who have risen to good positions through their own energy and conduct. Dhunjeebhoy was in the police during the disturbances in the Nugger district in 1857-58. He distinguished himself as a Fouzdar, and eventually rose to the honourable position he held at the time of his death.

In the troublesome times in one of the Bheel fights he came out as a soldier, going into the thick of the fray, gun in hand. He assisted to bear away the Superintendent of Police, who was wounded on that occasion, and stood by him when attacked as he was carried off the field, tending his wound; for Dhunjeebhoy had some skill in surgery.

This is but a small tribute to the memory of a sturdy, honest man. I grieve to think it should be called for in the case of one still young, with the world before him, as far as man could see."

તા૦ ૬ થી જુન.

રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

બચુબાઈ તે હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સી. એસ. આઈ. નાં બેટી અને જીજીભાઈ ધનજીભાઈ બાટલીવાલાનાં ધણીઆંની—જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ લાગેછે કે પારસી કોમના અકાબર આનરેબલ શર જંમશેદજી જીજીભાઇ બારોનેટની વડી દીકરી બાઇ બચુબાઇ તે શેઠ જીજીભાઇ ધનજીભાઇ બાટલીવાલાની ધરીઆંણીએ ગઇ કાલ દીને શહવારનાં ૮ કલાકને અમલે અચઅુચ તાવની શેહેજશાજ બીમારીથી આએ હાડમંદ દુનીઆં તરક કરીને હંમેશની દુનીઆંમાં વાશો કીધોછે. એક પછે એક એમ શર જંમશેદજીની વાહલી બેટીઓનાં મરણ થવાથી એ નેક નાંમદાર તરફ પારશી આલંમની મોટી સુચનાં ઉશકેરાઇછે. વલી શખાવતે બાહાદર શેઠ રૂશતમજીનાં મરણને જરાએ વીલમ નથી લાગો એટલામાં આએ અફશોશ ભરીઉં બીજુંં મરણ થવાથી મરહુમ શર જમશેદજીનાં કુટુંબમાં ફરીને માહેતમપોશી તાજી થઇછે, જે મનથી વીશરાવી અને દીલથી ભુલાવી મુશ્કેલ થઇ પડવાની.

[જામે જમશેદ, તા૦ ૭ મી જુન ૧૮૭૨.]

6*th June* 1872.

BACHUBAI DAUGHTER OF THE HON'BLE SIR JAMSETJEE JEEJEEBHOY BART, C. S. I., AND WIFE OF JEEJEEBHOY DHUNJIBHOY BOTTLEWALLA–We regret to learn of the sudden death of the eldest daughter of Sir Jamsetjee Jejeebhoy, Bart., which took place yesterday at her husband's residence in Alibaugh Street outside the Fort. She was the wife of Mr. Jeejeebhoy Dhunjeebhoy Bottleewalla.

[*Bombay Gazette, 7th June* 1872.]

તા૦ ૯ મી જુન.

રોજ ૨૨ માહ ૯ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

રૂસતમજી રતનજી બીલીમોરીઆ, રેલવે કંત્રાકટર—રૂશતમજી રતનજી બીલીમોરીઆ કનટરાકટર ગઇ કાલ દીને રાતનાં અમદાબાદ ખાતે ગુજરી ગએઆછે, જે માટેની ખબર ગઇ રાતનાં એ મરનારનાં અતરેનાં લાગતાવલગતાઓને તારનાં શંધેશાથી મલીછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી જુન ૧૮૭૨.]

તા૦ ૧૦ મી જુન.

રોજ ૨૩ માહ ૯ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

બેહરામજી માણેકજી વાડીઆ, સુરતના—હમોને જણાવવાને દલગીરી લાગેછ જે શુરત શેહેરના જાંણીતા વેપારી શેઠ બેહેરાંમજી માંણેકજી વાડીઆ રોજ ૨૩ મો માહ ૯ શેહનશાહી, તા૦ ૧૦ મી જુન ૧૮૭૨ ને દીને શહવારનાં શાત કલાકે થોડા દીવશની માંદગી પછી આએ જેહાંનમાંથી અશબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં વાશો કીધોછે. મરનાર ઘણા મીલનશાર, શારી આબરૂવાલા હતા અને અતરેના જાણીતા શેઠ ખરશેદજી ફરદુનજી પારખના ઘણા નજદીકના ખેશી હતા. એ કવખતના મરણથી એ કુટંબમાં ભારી દલગીરી પેદા થઇછે જે એકાએક ભુલાવાની મુશકેલ છે.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી જુન ૧૮૭૨.]

10*th June* 1872.

BYRAMJEE MANECKJEE WADIA—THE JAMI-JAMSHED announces with regret the death of Mr. Byramjee Manockjee Wadia, a well known Parsee Merchant of Surat, which occurred at that station on the 10th inst.

[*Bombay Gazette*, 18*th June* 1872.]

તા૦ ૩૦ મી જુન.

રોજ ૧૩ માહ ૧૦ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

દસ્તુર શોરાબજી બરજોરજી દારાબ પાલણના, સુરતના—અમે સાંભળી દલગીર થયા છીય કે અતરેના રૂસતમપુરાના દસતુર શોરાબજી પોતાની ખુલી ગાડીમાંથી ગોઇપરાની ગોલવાડ આગલ પડી જવાથી ગયે રવીવારે મરણ પામયાછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૭ મી જુલાઇ ૧૮૭૨.]

30*th June* 1872.

DUSTOOR SORABJEE BURJORJEE DARAB PALANNA.—We learn from a native paper at Surat, that the other day Dustoor Sorabjee Burjorjee accidentally fell out of his carriage and died shortly afterwards in consequence of the injuries he received

[*Bombay Gazette*, 10*th July* 1872.]

તા૦ ૧૧ મી જુલાઇ.

રોજ ૨૪ માહ ૧૦ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

કાવશજી હોરમજજી સરાફ—બેતવાડી મધેની આએરણ ફાઉનડરીનો એક માલેક મી૦ કાવશજી હોરમજજી શરાફ શેહજ વખતની માંદગી ભોગવીને ગેઇ પરમ દીને મરણ પામીઓછે. આ ઘરહશથ ડાહેઓ, અને ધીરા શવભાવનો હતો, અને એ ફાઉનડરી ઉભી કરનાર મી૦ શેહરાબજી શાપુરજીનાં મરણ પછે એ કારખાનું ચલાવતો હતો.

[જામે જમશેદ, તા૦ ૧૩ મી જુલાઇ ૧૮૭૨.]

15*th July* 1872.

MOTIBAI, MOTHER OF COWASJEE FRAMJEE PASTAKIA.—A Parsee woman named Moteebai died in Bombay the other day at the advanced age of one hundred years.

[*Bombay Gazette*, 17*th July* 1872.]

તા૦ ૨૭ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શ૦) ૧૨૪૧ યજદજરદી.

હોરમજજી પેશતનજી શેઠના અથવા દુબાશ, કરાંચીના—અમોને જણાવિઆમા આવેછે કે હોરમજજી પેશતનજી શેઠનાં, અથવા ડુબાશ ચાલતા માહની તા૦ ૨૭ મીને દીને રાતનાં દશ કલાકને અમલ કરાંચી ખાતે મરણ પાંમીઆછે, જેઓ તે ઉઠીઆં-ણાંની ક્રીઆ આજ દીને પાછલા પોહરે તેના ભાઇ અરદેશર કોટ માહેલી શેઠ માંણે-કજીની વાડી મધે કરનાર છે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૭૨]

તા૦ ૫ મી સપટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૨૪૧ યજદજરદી.

ફરદુનજી શોરાબજી જમશેદજી જીજીભાઈ—જણાવવાને મોટી દલગીરી અને શંતાપ લાગેછે કે હીંદુસથાંનના નામાચા ઉમરાવ મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનિટનાં નેકબખત પુતર શેઠ શોહરાબજી જંમશેદજી જીજીભાઇના પુતર શેઠ ફરદુન-જીએ શેહેજ દીવશની માંદગીને લીધે ગેઇ પરમ દીને આએ ફાની દુનીઆંથી અશ-બાબ ઉઠાવીને મીનોઇ લોકોમા જઇ વાશો કીધોછે. આ માઠા બનાવથી સર જમશેદજી-નાં કુટમબમાંજ નહીં, પણ પારશીના આખા ટોલા મધે દલગીરી પેદા થાઇછે. એ મર-હુમને ગેઇ કાલ દીને પાછલા પોહરે અવલ-મંજલ પોંહચાડવાની ક્રીઆ કરવામાં આવી હતી, અને તે વેલાએ તેઓને છેહલુ માન દેવા માટે જરતોશતીઓનો ગંભીરાઇ-ભરેલો મેલાવડો થાએઓ હતો. મરનારે પોતાની ૨૦ વરશની નાહની વએમાં શાહલે-શાઇ, નમનતાઇ, બલમનશાઇ, અને ડાહ-પણની અછી ઇધાણી દેખાડી હતી, પણ જાલમ જમરાથી તે શગલું દેખી શકાએઉં નહી, માટે હમો નીશચે દલગીર છેઇએ.

[જામે જમશેદ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૭૨.]

6th September 1872.

Furdoonjee Sorabjee Jamsetjee.—It is with deep regret that we have learned of the death, early yesterday morning, of Furdoonjee, third son of Mr. Sorabjee Jamestjee Jejeebhoy, at the residence of his father at Breach Candy. The deceased was a young man of only twenty, and died of typhoid fever after an illness of a week. His remains were carried to the Tower of Silence yesterday afternoon, attended by a large party of friends and acquaintance of the family of the deceased

[*Times of India, 7th Sept.* 1872.]

તા૦ ૧૨ મી સપટેમબર.

રોજ ૨૭ માહ ૧ (ક૦) ૧૨૪૨ યજદજરદી.

નવરોજજી બેહરાંમજી પારખ—બેલ-ગાંમ ખાતેનુ શંતાપભરેલું મરતીઉક—અતરે લખવાને શંતાપ ઉપજેછ કે અતરેનો વખ-ણાએલો બેલગાંમના ડેપીઉટી કલેકટર મી૦ નવરોજજી બેરામજી પારખ એક બે દીવશની માંદગી બોગવીને તા૦ ૧૨ મી સપટેમબર ને વાર ગરેઉ, રોજ ૨૭ મો આશમાંન માહ ૧૨ મા અશપદાદ શેહનશાહીને દીને શહ-વારના કલાક ૮ ને અમલે આએ ફાંની દુનીઆં છોડી મીનોઇ આલમમાં વાશો કીધોછે. આએ માઠા બનાવની ખબર અતરે શરવેને ફેલાઆથી ઘણોજ શંતાપ ઉપજેઓ-છે ને એ દુખકારક બનાવથી મરનારનાં કુટંબમોજ નહી પણ આપણા અતરેનાં જુજ વશતીના જરથોશતીઓનાં આખાં ટોલાંમો બેહદ દલગીરી ઉપજીછે. એ મર-હુમને અવલમંજલ પોહોચાડવાની ક્રીઆ એજ દીને પાછલા પોહોરનાં કીધોમો આવી હતી તે વેલાએ છેલું માંન દેવાને કીજે અતરે શરવે જરથોશતીઓનો ગમખાર-ભરેલો મેલાવડો થાએઓ હતો. એ મરનાર

પોતાની ૪૫ વરશની ઉમરની વએમો શાહાલેશાઈ, નમનતાઇ, અને દાહાપણુની અછી નીશાની મેલી ગીઓછે તે એ મોહોતનાં જાનમ પંજાથી દેખાઇ શખાઇઉં નહી. અતરેનાં શરવે ગંનઆતનાં લોકો એ શંતાપભરેલી વાત શાંભલીને ઘણાં દલગીર થઆછે ને આખી કલેક્ટરની કચેરી દલગીર થાઇછે. તાંહાંનાં કાંમદારો, કલારકો, વગેરે શરવે લોકો એ મરનારને જોવા આવેઆં હતાં. તેઓએખી આંખમોથી આશુની ધાર ચલાવી હતી. ગરીબ લોકોંને ધનશાફની દાદ લેતો હતા. ધનશાફના કામમો કોઇની તરફદારી કરતા નોહોતાં વાજબીની રીતે ધનશાફ આપતો હતો. એહેવો અદલ ધનશાફી ડીપીઉટી કલેક્ટર આજ દંન શુધી થાએઓબી નથી ને થાશેબી નહી. અતરેની શરવે કાંપ તથા ગાંમની આખી રઇએત અફશોશ ને માહાતમપોશીમો છે. એ મરનાર પોતાની પછવાડે ૨ છોકરા ૩ છોકરીઓ તથા વીધવા મેલી ગીઓછે. જે લોકોને હઇડાંથી ભુલવુ અને મનથી વીશરવુ મુશકેલ છે.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી સપટેમબર ૧૮૭૨.]

12*th Sept.* 1872.

NOWROZJEE BYRAMJEE PAREKH — We regret to announce the death yesterday morning, at Belgaum, of Mr. Nowrojee Byramji Alpiewalla, Deputy Collector and Magistrate of Belgaum. The deceased was head master of the Government English School at Surat under the late Professor Green, and was appointed to a similar post in Bombay on the latter gentleman taking charge of the office of Principal of the Sir Jamsetjee Jejeebhoy Parsee Benevolent Institution, Bombay. He was one of the first batch of educated natives appointed to the office of Deputy Collector, and had therefore been in the employ of Government about a quarter of a century at the time of his death. He was a distinguished English scholar and was an occasional contributor to newspapers As to his extensive acquaintance with English literature, it is believed, he has had few equals among his countrymen.

[*Bombay Gazette*, 13*th Sept.* 1872.]

તા૦ ૨૪ મી સપટેમબર.

રોજ ૪ માહ ૧ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બેહરાંમજી મેહરવાંનજી ટુંડાના, બેલગાંમવાલા—બેલગાંમ મધે બેહરાંમજી મેહરવાંનજી ટુંડાના કરીને એક પારશી રેહતો હતો તે ગએઆ શપટેમબર માશની તારીખ ૨૪ મીને દીને મરણ પાંમીઓછે. આ પારશી શુરતનો રેહેવાશી હોવાથી તે તરફ તારની મારફતે ખબર મોકલાવી હતી, અને તે ઉપરથી શુરત મધે તરણ દીવશ શુધી તે પારશીનાં એશીઓની ખબર કાડી, પણ કોઇ મલી આવીઉ નથી, માટે તે બીના હમારાં પતર મધે દાખલ કરવાની એલતેમાશ થાઇછે કે મરનારનો કોઇ હોએ તેને ખબર પડે. હેવું કેહેચ કે મરનારે શુરત છોડવાને લગભગ પચાશ વરશ થાએઆંછે.

[જામે જમશેદ, તા૦ ૭ મી અકટોબર ૧૮૭૨.]

તા૦ ૨૯ મી સપટેમબર.

રોજ ૯ માહ ૧ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

દાદાભાઈ કાવશજી દમણવાલા—દમણવાલા શેઠ દાદાભાઇ કાવશજીનું નામ અમારા ઘણાક વાંચનારાઓમાં અનજાણીઉં નહી હશે. અગત કરીને વસાઇથી સુરત સુધીની સઘલી પારસી વસતીમાં તે સારી પેઠે જાણીતું છે અને તેવણનાં દુખદાએક મરણથી એ સરવે ઠેકાંણે ઘણી દલગીરી પેદા થઇછે. મરનાર શેઠ દાદાભાઇમાં દોલત અને દરજા છતાં તારીફ લાએક સાદાઇ અને મીલનસારપણું હતુ અને દમણ તથા ઉદ-

વારાના ગરીબ લોકોને સદા મદદો આપીને તેઓએ તાંહાં ઘણું માન મેળવયું હતું. ઉદવારાનું મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી-વાલું ધરમનું દવાખાંનું બંધ થવાને વખતે શેઠ દાદાભાઈએ તથા તેવણના લાએકીવાલા ભાઈ શેઠ માણેકજીએ તેને ચાલુ રાખવામાં પોતાની તરફથી રૂ. ૫૦૦ વરશ દાહડે આપતા કીધા હતા. આવા એક લાએક ગરહસથનાં મરતીઉક ઉપરથી દમણની આસપાસનાં અને દુરનાં ગામોમાંથી આસરે ૧૦૦ પારસીઓ મરનાર ગરહસથનો છેલો સેજદો કરવા દમણમાં આવયા હતા, અને તેવણનાં રવાંનને અવલમંજલ લઈ જતી વેળા દમણના રૈહે-વાસીઓની મોટી સંખયા રસ્તાની બેહુ બાજુએ બાહેર નીકલી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૬ થી અકટોબર ૧૮૭૨.]

29*th September* 1872.

Dadabhoy Cowasjee Damanwalla.—We regret to announce that Mr. Dadabhoy Cowasjee Damanwalla, one of the two Nuggurshetts of Damaun, died at his residence at that city, on Sunday morning last, at the early age of thirty-eight. The deceased was the younger brother of Mr. Manekjee Cowasjee, Dewan of the Rajah of Dhurumpore. At the funeral ceremony, which took place on the same day, all the inhabitants young and old of Damaun, Oodwara, Pardee, Vapee, and the surrounding places, were present to render homage to the memory of the departed gentleman. Business was suspended in the city in consequence for two days.

[*Times of India*, 1*st October* 1872.]

તા૦ ૧૭ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

મેહરવાંનજી નશરવાંનજી ભાવનગરી—શેઠ મેહરવાંનજી નશરવાંનજી ભાવનગરીઆ જેવા સાલેસ અને મીલનસાર ગરહસથનાં અચઅુચ તથા કવખતનાં મરણથી તેવણની બોહોલી પીછાણવાળા ઘણાક લોકો દલગીરી-માં ગીરફતાર થયાછે. આજ લાંબી મુદત થાઈ મરનાર ગરહસથ ભાવનગરનાં દેશી રાજના આડતીઆનું કામ ચલાવતા હતા અને તે શબબથી દેશી રાજયો સંબંધી, માહેલાં પરાંતો સંબંધી અને ગુજરાતી ભાશા તથા સાધારણ ગનેઆંન સંબંધી એઓ એટલો પાકો અનુભવ ધરાવતા હતા કે એમના વરગના વેપારીઓ ઇઆ દેશી ગરહસથોમાં તેટલું કહરેલપણું તથા ખબર-દારી કવચીતજ જણાતી હશે. મરનાર ગર-હસથ લાંબી મુદત સુધી ટેલીગરાફ અને કોરીઅર પતરના માલેક હતા, તથા મેદાંન માહેલી કસરતશાલાને જનમ આપનારાઓમાં તેવણ આગેવાંન હતા, અને તારથી આજ સુધી ૧૪ વરશ સુધી એ ખાતાંના સરનશીન-નો ઓધો બાહોશી અને ચાલાકીથી તેવણ ચલાવતા હતા. તેવણના ગુજરવાથી આ ગરીબડી કસરતશાળાને ખરેખર મોટી ખોટ ગઈછે. તેવણ એકવાર મોટા લખાપતી થયા હતા, પણ તેવણની સદાની સાદાઈ તથા કમીનાપણાંએ તેવણની આસપાસ દોસતોના મોટા ટોળાને ખેંચયા હતા, જેઓનો તેવણ તરફ ચાહા તથા માન તેવણનાં રવાંનને લઈ જતી વખતની ખરેખર મોટી મીજલસના આકારમાં માલમ પડયું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી અકટોબર ૧૮૭૨.]

17*th October* 1872.

Merwanjee Nusserwanjee Bhownaggree.—It is with regret we have to announce the death yesterday at noon of Mr. Merwanjee Nusserwanjee Bhownuggree, at his residence in Girgaum. He was in perfect health up to yesterday, and was suddenly seized with a fit of apoplexy, which terminated fatally. He was about fifty years of age. He was a native of Surat, but spent the best part of

his life in Bombay. He was the Agent of the Thacore of Bhownuggar in Bombay, and traded largely at one time on his own account, as most of the Bombay merchants and traders. He succumbed to the pressure of the commercial crisis of 1865, from which he never regained his former position. Latterly he managed one of the local spinning and weaving concerns conjointly with another. At one time he was a proprietor of the *Telegraph and Courier* newspaper, and always took a lively interest in the well-being of the local press. His views were large and liberal, and personally he was of a very obliging and amiable nature. His funeral will take place this morning.

[*Times of India*, 18*th October* 1872.]

તા૦ ૨૫ મી અકટોબર.

રોજ ૫ માહ ૨ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બાઈઆઈ તે પેશતનજી મના વાડીઆનાં વીધવા—આજનાં હમારાં પતર મધેની મરતીઉકની ટીપ મધે જોવામાં આવશે કે પુણાંવાલા મી૦ નશરવાનજી પેશતનજી વાહાડીઆનાં માએ બાઇઆઇ ગયા શુકરવારે છેક ૯૯ વરસની અસાધારણ ઉમરે ગુજરયાછે. હમોને જણાવવામાં આવયુંછે કે પુણાં મધે પારસીઓમાં એ બાઇ સરવેથી ઘરડાં હતાં અને એઓના બાપ પણ ૧૦૫) વરસની મોટી ઉમરે ગુજરયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી અકટોબર ૧૮૭૨.]

25*th October* 1872.

Baiai widow of Pestonjee Mana Wadia.—The oldest Parsee lady in Poona, Bye Baiai, died the other day at the respectable age of 99. Her father is said to have reached the age of 105 years.

[*Times of India*, 29*th October* 1872.]

તા૦ ૨૨ મી નવેમબર.

રોજ ૩ માહ ૩ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બરજોરજી નાનાભાઈ કાબુલી—શીંધીઅન ઉપરથી જોવામાં આવેછે કે હેધરાબાદની મીઉનીશીપાલીટી ખાતાંનો પારશી બરજોરજી નાંહનાભાઇ કાબુલી ઘોડા ઉપરથી પડીને મરણ પાંમીઓછે. શીંધ ખાતે શરવેથી એક પુરાંણો એ પારશી હતો, અને કાબુલની લડાઇમાં જાઇ આવીઓ હતો, જે એકવાર મોટો દોલતમંદ ગણાતો હતો.

[જામે જમશેદ, તા૦ ૩ જી ડીશેમમર ૧૮૭૨.]

ઇ૦ સ૦ ૧૮૭૩.

તા૦ ૬ થી જાનેવારી.

રોજ ૧૮ માહ ૪ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બાઈ તે દસ્તુર જમશેદજી રૂસતમજી જામાસપઆશાનાનાં ધણીઆંની—

નવસારી, તા૦ ૯ મી જાનેવારી.

અતરેના જાણીતા દસતુર જમશેદજી રૂસતમજી જામાસપઆશાવાલાનાં ધણીઆંણી રોજ. ૧૮ મે માહ. ૪ થે બેહશતનશીન થયાંછે, જેમની પાયદશત તથા ઉઠમણાંની મજલેશ દેશાઇઓ તથા દસતુરો વગેરેથી અછી રીતે ભરાઇ હતી. મરનાર દસતુરણ ઘણાં ભલાં હતાં.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૭૩.]

તા૦ ૨૨ મી જાનેવારી.

રોજ ૪ માહ ૫ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

શોરાબજી રૂસતમજી પુણાં આબજરવરવાલા—પુણાં આબજરવરનો માનેજર મી૦ શોરાબજી રૂસતમજી ગએઆ બુધવારની પાછલી રાતનાં ૩ કલાકને અમલે ૨૨ વરશની ભરજુવાનીમાં મરણ પાંમીઓછે. તેના

શદગુણોની તારીફ આબજરવરવાલો ભાઇબંધ કરેછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૭૩.]

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૧૦ માહ ૫ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

ડોશાભાઈ જાંહગીરજી ટેલીગ્રાફ ઇનસ્પેકટર, સુરતના—વડોદરા રેલવેનો ટેલીગરાફ ઇનશપેકટર મી૦ ડોશાભાઇ જહાંગીરજી ગએઆ જાનેવારી માસની તા૦ ૨૮ મી ને બુધવારને દીને રાતનાં શાત કલાકને અમલે મરણ પામેઆછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૨ જી ફેબરવારી ૧૮૭૩.]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૧ માહ ૫ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

કોલીબાઈ કાવશજી પટેલ, નવસારીનાં—

નવસારી, તા૦ ૧ લી ફેબરવારી ૧૮૭૩.

માંગાશાહ ચાંગાંશાહનું કુંટુંબ—આ વખાણાયલું નામ, જેનેથી નવસારીના અથવા કદાચ હીંદુસથાંન ખાતેના અસલ પારસીઓ ખરી પારસીગીરી પામીઆ હતા, તેમનો કોઇ વંશવેલો હજુ હયાત હોય, એવું ધારવામાં આવેછે. ગયા ખોરશેદ રોજે કોલીબાઇ નામે એક બુજોરગ પારસણ, ૯૫ વરસની મોટી ઉમરે સવરગવાસી થયાછે, કે જેઓ અસલ ગાયકુવાર શેહનુજીરાવના ખેદમતગાર દાદાભાઇનાં વહુ તથા હોરમજજી કાવશજી પટેલનાં બેહન કેહવાયછે, તથા તેમનું ખાનદાન, ઉપલા માનવંત અકાબર માંગાશાહ ચાંગાશાહથી ઉતરેલું ધારવામાં આવેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૫ મી ફેબરવારી ૧૮૭૩.]

તા૦ ૨૭ મી ફેબરવારી.

રોજ ૧૦ માહ ૬ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

મેહરવાંનજી માણેકજી શેઠના—મોટી દોલત ધરાવવી એ એક ખુબી છે, પણ મોટી દોલત છતાં ગરીબાઇ અને સાદાઇ ધરાવવી એ વધારે મોટી ખુબી છે. દોલત ધરાવવી એ માન હાંસલ કરવાનો એક રસતો છે, પણ દોલત સાથ લાએકી અને નમરતા ધરાવનારને વધારે માન મલેછે. એક દોલતમંદના ગુજરી જવાથી લોકો રડેછે, પણ જેને દોલત વીશે કસી મોટાઇ કે તકોબરી નહીં હોય, જે પઇસા ટકાની કીમત અને વજન કેટલો તે સમજતો હોય અને તેથી જે પઇસા ટકા કરતાં ગરીબાઇ, સખાવત ઇતીઆદીમાં વધારે મોટાઇ સમજતો હોય, તેવા દોલતમંદનાં મરણ પાછલ લોકો વધારે રડેછે. મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ ગરીબી હાલતમાં બેહશતનશીન થયા, અને તોપણ તેવણના મોતથી એક આખી આલમે એવી માહેતમ કીની હતી કે, પઇસાવાલા બીજા ઘણાબી જીવેછે ને ઘણાબી મરેછે, પણ તેમને ખોહોવાનું તેટલું દરદ લોકોને ઉપજતું નથી. એ રીતે પઇસા કરતાં તેની સાથના ગુણોને વધારે માન છે. કોઇના પઇસા જાયછે તોપણ હોરમત રેહેછે, અથવા કોઇના પઇસા રેહેછે અને હોરમત જાયછે, અને કોઇ પઇસા તથા હોરમત બંને સાથે જાલવેછે, પણ માન સઘલું તે હોરમતનું છે—તે સાદાઇનું, નરમતાનુ અને લાએકીનું છે.

શેઠ મેહેરવાંનજી માણેકજી શેઠનાનાં દુખદાએક મરતાંકમા આવો એક બીજો દાખલો મલી આવેછે. તેવણનાં રવાંનને અવલમંજલ લઇ જતી વેળા તેવણનાં મકાનમાં એક એવી મોટી મીજલસ મલી હતી, કે જેમાં પારસી ટોળાનો સઘલો કસ અને ગર ગોયા રજુ થયો હતો; શેઠીયાઓ અને બીજા સઘલા વરગના લોકો તેવણના છેલા સેજદાને માટે ભેગા મલયા હતા. એ મરનાર શેઠ કાંઇ મોટી સખાવતોથી પરખેઆત થયા નહી હતા, ઇઆ કાંઇ બુજરગીભરેલી જઇફીએ પોહોતાથી આ ઇજત પામયા નહી હતા. તેવણ ૫૦ વરશની જવાંન વએ હક થયાછે અને પોતાના મરહુમ પીતાના ગુજરવા બાદ વખાણાયલાં શેઠ ખાંનદાંનનું વડાપણું તેવણે

મેલવવાને માતર પાંચ છ વરશ થયાંછે. પણ તેવણમાં બીજા સારા ગુણો હતા કે જેથી પોતાનાં મરતીઉક ઉપર શોક કરવાને તેવણ આટલાબધા દોસતઆસનાવોને સંધરી શકયાછે. તે ગુણો તેવણની સાદાઇ, સાલેસાઈ આપએબતીઆરી, સારી સમજ, ચંચલ બુધી, અને સુધરેલા વીચારો છે. એ ગુણ ઘણા જાણમાં હોયછે, પણ શેઠ મેહરવાનજી સરખા દોલતમંદોમાં એ ગુણોની નવાઇ છે અને તેથી આ મરહુમ ગરહસથનું નામ દોલતમંદોની સપાટી ઉપર તરી નીકલયુંછે.

શેઠ ખાનદાંન એક એવું કુટુંબ છે કે જે માટે પારસીઓ મગરૂર રહી શકે, એ ખાંનદાંન આજકાલનું નથી, તેઓ પારસીઓના અસલ "શેઠ" હતા. આગલા શેઠનાઓએ મોટી આગેવાનીઓ કરેલીછે. માટે એ ખાંનદાંનની તાબમ, અને બુનીઆદ તથા તે સાથે વળી સારી રૂઢી, વરતણુક અને મહલાજા તરફ પારસીઓ માનથી જુવેછે. આજ સુધી તેઓ "શેઠના" ગણાતા આવયાછે, અને અકાબરીનો એક દરજો આજેબી એ ખાંનદાંનના હાથમાં છે, શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠના આજેબી લાએકી સાથ એક અકાબરનું માન ધરાવેછે. એ કુટુંબ મોબદના ઉંચા દરજાવાના ટોલામાંથી ઉભું થયુંછે, તે તેનાં માનનું એક બીજું કારણ છે. મરહુમ શેઠ મેહરવાંનજી એવાં તાબમદાર ખાંનદાંનના વડા હતા. તેવણ અથોરનાંનોના એક અકાબર હતા પારસી ટોળામાં તેવણ એક ઉધરતા શેઠીયા હતા અને રેહતાં રેહતાં તેવણે એવી આગેવાંની લેવા માંડી હતી કે જો તેવણની જીંદગીએ યારી આપી હતે તો સારાં કામોનો સુગંધી પમરાટ તેવણ ફેલાવી જતે. તેવણનાં કવખતનાં મોતે જીંદગીને ભરજવાંનીમાં ટુંકી કીધીછે. તેવણ શેઠીયાના વરગમાં નવાજ હતા, અને તેથી તેવણની પુરતી તપાસ કરવાની પણ દુશટ મોતે તક આપી નથી. મગર તેવણની જેટલી તપાસ થઇ શકીછે, તેનું પરીનાંમ મનમાનતું હતું, તેવણની જેટલી જીંદગી ગુજરી તેટલી ઉમેદ અને હોંસ પેદા કરનારી હતી.

માણેકજી શેઠનું કુટુંબ મોટી દોલત ધરાવા છતાં સખાવતમાં આગલ પડેલું નથી, એમ સાધારણ રીતે કેહેવાયછે. પણ માણેકજી શેઠની વાડી, માણેકજી શેઠનો ડુંગર, માણેકજી શેઠનું દોખમું, માણેકજી શેઠની દરેમેહર વગેરે ખાતાંઓને યાદ કરતાંજ આપણને લાગેછે કે પારસીઓની પેહેલી અને મોટી શેવા તો ગોયા એ ખાંનદાંનેજ બજાવેલીછે, અને ઉપલો જે અપવાદ નીકલેછે, તે, સખાવત ગોયા દરએક માણસથી બનતી હોય એવા ખેઆલથી નીકલેલો લાગેછે. પાછલા વખતના નબીરાઓથી સખાવત સંબંધી ફરજ જલવાઇ રહી નથી, પણ શેઠ મેહેરવાનજીએ વખત જતાં આ ફરીઆદને ધોઇ નાખવા ચાહયું હોય તેમ સખાવતો ચાલુ કરવાનો એ કુટંબની તવારીખમાં ઘણે વરશે પેહેલો દાખલો શેઠ મેહેરવાંનજીએ કાહાડવા માડયો હતો. તેવણ અકસર કરીને કેળવણીના મદદગાર હતા. નીશાલો, કેતાબખાંનાં, વગેરેમાં તેવણ પોતે પોતાની ખાહેશથી, નાણાં ભરતા હતા. કાંદાવાડીની છોકરીઓની નીશાલ તેવાણને ખરચે ચાલતી હતી. વાંદરા ખાતે પારસી બાળકોને માટે જે બોરડીંગ સ્કુલ નીકલનાર છે, તેની જે ખોટ જાય તે પુરવાને એ મરહુમ શેઠે માથે લીધું હતું, પણ તેવામાં તેવણના ગુજરવાથી એ સકુલના માલેક મી૦ ફરાંમજીએ ખરેખર એક મોટા મદદગારને ખોહયોછે.

મોબેદોનાં વડા કુટંબના વડા તરીકે શેઠ મેહેરવાંનજી તેઓનું ભલું ઇછનારા હતા. દસતુર મોબેદોમાં ચાલતા લાંબી મુદતના કુઠલા પતાવાનું કામ માથે લઇ તેવણે પોતાનાં મકાનમાં તેમની સભાઓ બોલાવી, કમીટીઓ કીધી અને બીજી ઘણી ઉલટ તથા ધનતેજારી દેખાડી, પણ મોબેદી એંટાલી આગલ કાંઇ વલયું નહીં. નોસારીમાં નાત-

બાહારના હાલના જથડામાં એરવદ મનચેરજીની તરફથી આગેવાંની કરવાનું તેવણે ખુશીથી માથે લીધું હતું, પણ તેટલાં તેવણની જીંદગી ખતમ થઇછે. આવી જાહેર હીમત તેવણનાં ખાંનદાંનમાં તેવણેજ વધારે બતાવીછે. જોકે શેઠીયાઓના વરગમાં તેવણને માન હતું, તોપણ જવાંનીઆઓના વરગના તેવણ દોસત હતા, અને જવાંનીઆઓ સાથ તેવણ ઘણાખરા મળેલા હતા. ઉંચાં મોબેદી ખાંનદાંન છતાં તેવણ ફ્રીમેશન થયા હતા. જેઓમાં આજ વીશ વરસ સુંધી તેવણ ચુસત મેશન તરીકે જણાયલા હતા, તેવણ પેહલવેહલી પારસી "લાજ" માં તથા "ચાપટર" માં એક "પાસટ માસટર" હતા અને યુરોપયન તેમજ દેશી મેશનોમાં તેવણ વીશે ઘણું માન હતું. જુદદીન સાથ ખાવાપીવાની તેવણને કસી છીટ નહીં હતી, અને એ વીગરે બીજી ઘણી બાબતમાં પોતાના ચંચલ ભાઇઓની સાથ તેવણે ખોટી છીટોને છોડી દીધી હતી. ખુશ મીજાજ, મશખેરા સવભાવ, અને સરવે સાથ એકસરખા મિલાઇ જવાના ગુણથી તેવણ સરવેના માંનીતા હતા.

મરહુમ શેઠ મેહેરવાંનજી મી૦ અરદેશર નામના આશરે ૨૫ વરસની ઉમરના બેટાને મેલી ગયાછે. માણેકજી શેઠનાં કુટંબની મોટી દોલત હવે તેને મલીછે અને એ જવાંનથી આપણ એટલીજ ઉમેદ રાખીશું કે પોતાના બાપદાદાઓની દોલતનો ઘટતો ઉપયોગ કરવામાં પોતાના બાપદાદાથી જીઆદે રૂડા ગુણ દેખાડી તેમનાથી જીઆદે હોરમત હાંસલ કરે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી મારચ ૧૮૭૩.]

27th *February* 1873.

Merwanjee Maneckjee Sethna.—We exceedingly regret to announce the sudden death yesterday forenoon of Mr. Merwanjee Maneckjee Sethna, a respected and wealthy citizen of Bombay. The deceased gentleman has been suffering the last few days from disease of the chest, and was removed to Bandora for a change. But getting worse he was brought back on Tuesday to his residence in Girgaum, where he died at about 12 noon. He was about 50 years of age. His late father Mr. Maneckjee Sett, an old and esteemed leader of the Parsee community, by whose name the Maneckjee Sett's Oart is known to the public, left a large fortune to the deceased (who was the eldest son) including the large property known by the name of Mazagon Hill. After the demise of his father, Mr. Merwanjee was reckoned as one of the foremost of the Parsee Shettias, and was trustee to several of the charity funds.

[*Times of India, 28th February* 1873.]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૧૧ માહ ૬ (શેં૦) ૧૨૪૨ યજદજરદી

પેશતનજી દોરાબજી લાલકાકા—ગએ શુકરવારે નાહનપુરાનો એક પારશી બુઢો પેશતનજી લાલકાકાના અચાનક પડી જવાથી કપાળ ફુટી ગયું અને તુરતજ મરણ પામયો હતો.

[ગુજરાત મિત્ર, તા૦ ૨ જી મારચ ૧૮૭૩.]

તા૦ ૨૪ મી મારચ.

રોજ ૫ માહ ૭ (શેં૦) ૧૨૪૨ યજદજરદી.

નાનાભાઈ શાપુરજી પટેલ, તવડીના—

નવસારી, તા૦ ૨૮ મી મારચ ૧૮૭૩.

અતરેની પડોસમાં આવેલાં ગામ તવડીના પટેલ પારસી નાહનાભાઇ શાપુરજી રોજ, ૫ મો માહ. ૭ મો શેહનશાહીને દીને પાછલા પોહરે કલાક ચારને અમલે ૬૫ વરસની વએ બેહશતનશીન થયાછે. તેઓએ નજદીક ૩૮ વરસ પટેલાઇ કરેલી, અને તે સારી

રીતે કરેલી કેહવાયછે, જેથી તેમનું મરણ દલગીરી ઉપજાવનારૂં થયુંછે. એમનાં ઉઠમણાંની ક્રીઆ જાણવાજોગ રીતે થઇ હતી. તેને માટે અતરે પણ તેડાં કરીઆં હતાં. તેની મજલેશમાં અતરેના દસતુરો (વડા દસતુર માણીઆરજી પણ) દેશાઇઓ તથા તે વગેરે બીજા હડીસો આસામીઓ ભેગા થયા હતા. તે ઉપરાંત કેટલાક પરગણેઆતના કુણબીઓ પણ આવી જુદી તરફ બેઠા હતા.

[મુંબઇ સમાચાર, તા૦ ૨ જી આપરેલ ૧૮૭૩.]

તા૦ ૩૧ મી મારચ.

રોજ ૧૨ માહ ૭ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

રતનજી એદલજી બાટલીવાલા—અતરેના જાણીતા વેપારી શેઠ રતનજી એદલજી બાટલીવાલાનાં દુખદાએક મરણના સમાચારો ગઇ કાલે દમણથી તારમાં અતરે આવીઆછે. એ શમાચારો અતરે ફેલાતાં તમામ વેપારી આલમમાં તથા મરનારના દોશતઆશનાઓમાં બાહારે દલગીરી અને ઉદાશી પેદા થઇછે. મરનારે તેની આખી જીંદગી વેપારમાં ગુજારી હતી અને જેઓને તેના સાથ કામ પડીઉં હતું તેઓ સઘલા એક અવાજે તેના સારા શવભાવ અને સદગુણોની તારીફ કરેછે. મરનારે તેની સખાવતનો જહરો લાંમબો વખત વેર જારી રાખીઓ હતો અને જોકે તેવણે કોઇ મોટું ધરમખાતું સથાપન નથી કરીઉં તોએ શેંકડો જનાઓનું પાલન કરીને તેઓનાં જીગરના આશીરવાદ મેલવીઆ હતા અને તેથીજ તેવંણના ગુંચવણમાં આવીઆની વખતે કુલસે આલંમની સુચનાં તેવણ તરફ ઉશકેરાઇ હતી. ખરા ધરમી અને કરમીઓ ફરતા આશમાંનના ચકરમાં આવીને ચાલતા થાએ એ ખરેખર દલગીરીની વાત છે પણ જાંહાં ખુદરતની મરજી તાંહાં માણસજાતનો કાંઇ પણ ચારો નથી માટે તેના હોકમને માન આપીને શબુરી પકડવી જોઇએછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી આપરેલ ૧૮૭૩.]

31*st March* 1873.

RUTTONJEE EDULJEE BOTTLEWALLA.—We regret to announce the death of Mr. Ruttonjee Eduljee Bottlewalla, at Damaun, yesterday morning, after a few days' illness. He was a very extensive trader with China, especially in opium, until about four months ago, when reverses in fortune and the pressure of his creditors obliged him to seek shelter in Damaun. He was adjudicated an insolvent, his estate passed into the hands of the Official Assignee at Bombay, and his assets are being still collected. Mr. Ruttonjee long enjoyed the reputation of being strictly honest and straight-forward in his dealings; and though possessing certain eccentricities in his habits and hours of work, was very generally respected in the native community. He dispensed considerable charity privately; and the poor shared largely in his bounty. He was a gentleman of a quiet, unobtrusive nature, and seldom took part in any of the questions of the day either in his own community or otherwise.

[*Bombay Gazette*, 1*st April* 1873.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બહુમનજી જમશેદજી મુલ્લાં—ગયાં અઠવાડીઆંમાં આ જાણીતા ગ્રહસથે પણ આ દુનીઆંમાંથી પોતાનો અસબાબ ઉઠાવી બેહેસત મુકાંમ કરયોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી જુન ૧૮૭૩.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૫ માહ ૧૦ (ક૦) ૧૨૪૨ યજદજરદી.

માણેકબાઈ તે ખરશેદજી અરદેશર દાદીશેઠનાં બેટી તથા નાનાભાઈ નશરવાંનજી બનાજીનાં વીધવા—જણાવવાને

દલગીરી ઉપજેછે કે બાઇ માણેકબાઇ તે મરહુમ શેઠ ખરશેદજી અરદેશર દાદીશેઠની બેટી ગઇ કાલ દીને પાછલા પોહોરનાં તરણ કલાકને અમલે આએ ફાંની દુનીઆં છોડીને મીનોહી જાહાનમાં વાશો લીધોછે. એ બાઇ અતરેના જાણીતા શેહરી શેઠ મનચેરજી નવરોજજી બનાજીના મમાઇ થાએછે. એવંનનાં રૂવાંનને આજ દીને શવારના એવંનનાં કુટંમનાં ચોપાતીવાલાં દુખમાં મધે અવલમનજલ પોંહોચાડવામાં આવશે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી મેએ ૧૮૭૩.]

23rd May 1873.

MANECKBAI, WIDOW OF NANABHOY NUSSERWANJEE BANAJEE AND DAUGHTER OF CURSETJEE ARDESHIR DADYSETT.—We regret to announce the death yesterday of Bai Maneckbai, the daughter of the late Cursetjee Ardaseer Dadysett. She belonged to the oldest and one of the most respectable families in Bombay, and was the grandmother of our townsman Mr. Muncherjee Nowrojee Banajee

[*Bombay Gazette, 24th May* 1873.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૮ માહ ૯ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

પાલણજી ખરશેદજી કામા—જણાવવાને દલગીરી ઉપજેછે કે ગેઇ કાલે પેહલા પોહરે અતરેની જરતોશતી આલમમાં જાણીતા થાએલા શેઠ પાલણજી ખરશેદજી કામાએ આ ફાંની દુનીઆં તરક કરીને મીનોઇ આલમમાં જાઇ વાશો કરેઓછે. એ મરનાર ઘણો શાહલેશ, મીલનશાર, અને દએઆલુ શવભાવનો હતો, અને તેણે આશરે દોહડ લાખની એક પાદશાહી રકમ ખરચીને પારશીઓને માટે "કામા બાગ" નામનું એક મકાંન બાંધીઉંછે, અને એ મધે તખતનશીન કીધેલા આતશઆદરાંન અને દરેમેહરના જાશુકના ખરચને માટે ૪૦૦૦૦ રૂપીઆની એક બીજી રકમ કાડેલીછે. એ ઉપરાંત પોતાની તરફથી કેટલીએક બાંનગી ધરમ કીધેછે. એટલુંજ નહીં, પણ પોતાના બોહલા કબીલા, અને લાગતાવલગતાઓને સુખી કીધાછે, તેઓમાં, તેમજ જરતોશતી આલંમમાં એનાં મરણથી બરેબર દલગીરી ઉપજશે. આજ દીને શહવારે એ મરનારનાં રવાંનને શેવટની આશાએશની જગાએ લેઇ જવામાં આવશે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી મેએ ૧૮૭૩.]

તા૦ ૨૭ મી મેએ.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

કાવશાહ બેહરામજી પેશતનજી ડાકટર—

સુરત, તા૦ ૧ લી જુન ૧૮૭૩.

તા૦ ૨૭ ને રોજે અતરેના જાણીતા ડાકટર બેરામજી પેશતનજીનો અરાર વરશની ઉમરનો કાવશાહ નામનો છોકરો શેજ દારાની માંદગીમો ગુજરેઓછે. આ ડાકટર અતરેની વશતીમો આબરૂવાલો કેહેવાએછે ને આ જઇફી વખતે આ બનાવથી મોટી દલગીરી થાઇછે.

[જામે જમશેદ, તા૦ ૩ જી જુન ૧૮૭૩.]

તા૦ ૩૦ મી મેએ.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

દોરાબજી શોરાબજી હકીમ—તા૦ ૨ જી જુનના સુરતનાં એક કાગજ ઉપરથી માલમ પડેચ કે, તાંઆંનાં શેહર મધે રેહેનારા ડાકટર દોરાબજી શોરાબજી ગઇ તા૦ ૩૦ મીની રાતનાં શેજ માંદગી ભોગવી અચબુચ મરણ પાંમેઆછે. મ નારના બાપ "શોલા ડાકટર" ને નામે સુરતમો તેમજ બીજાં આસપાસનાં ગામોમાં પરખીઆત હતા. એ ભલા ડાકટરનાં મરણથી શેહરમો એટલી તો દલગીરી ફેલાઇ હતી કે, તેટલી બીજા કોઇનાંબી મરણથી કદાચજ ફેલાઇ હશે, કેમકે તેઓ ઘણાજ સખી અને ઉદાર દીલના હતા. પોતે મધીઅમ હાલતના હોવા છતાં, ગરી-

ઓને ઘણીકવાર મુફત દવાઇ અને શહલા આપતા હતા, જેથી દરરોજ તેમનાં ઘરની નજદીક મોટી ભીડ ગરીબોની થાતી હતી, અને તેમાં જેમ સુરતનાં તેમજ બાહેરગામનાં લોકો પણ આવતા. મરનાર જાતે કાબેલ પણ ઘણો હતો. કેટલાંક દરદો જે બીજાઓને હાથે સારાં ન થએલાં તે તેને હાથે થએઆં હતાં. ટુકામો તે સુરતના લોકોને મનથી એક આશીરવાદ હતો. મરનારની લાએકાત મુજબ તેઓની પાએદશત તથા ઉડમણુંની મજલેશ ઘણીજ દબદબાભરેલી મલી હતી. આ મરણથી એખલા પારસીઓમોજ નહીં, પણ હીંદુ મુસલમાંન વગેરેમો મોટો ગમ ફેલાએઓછે. સુરતનાં ગરીબ રેહેવાશીઓનાં કમનશીબ કે તેઓએ પોતાનો એક બેરખાહ ખોઇ દીધોછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી જુન ૧૮૭૩.]

30*th May* 1873.

Dorabjee Sorabjee Hakim of Surat.—On the 30th ultimo, a Parsee doctor, named Dorabjee Sorabjee, died at Surat, where he had been practising. The deceased was well-known in Surat by his father's name "Sola Doctor." The Parsee community of Surat have lost in him a kind friend and a successful medical adviser.

[*Times of India, 4th June* 1873.]

31*st May* 1873.

Merwanjee Fuckeerjee Morrinas.—We are sorry to announce that Mr. Merwanjee Fuckeerjee Morrinas, a well known merchant, died on Saturday afternoon last. The funeral ceremony took place on Sunday at 8 a.m., when a large number of gentlemen assembled at the deceased's residence, Dhobhi Talao.

[*Times of India, 4th June* 1873.]

તા૦ ૪ થી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

બાપુજી વીરજીભાઈ ગોઈપોરીઆ—અતરેના જાણીતા ઘરશથ શેઠ વીરજીભાઇ ડોશાભાઇ ગોઇપરીઆનો છોકરો ભાઇ બાપુજી થોડા દીવશની માંદગીમાં અને ૨૧ વરશની ભરજુવાંનીમાં ગઇ કાલ દીને ગુજરી ગએઆછે. આજ દીને શહવારનાં મરનારનાં રવાંનને અવલમનજલ પોહોંચાડવામાં આવશે. શેઠ વીરજીભાઇ સરખા એકમારગી ભલા અને શાલેશ ઘરશથને તેવણની જઇફીમાં નહીં ખમાએ હેવું નુકસાંન તેવણનાં વાહલાં ફરજંદના ખોવાથી ગએઉંછે તેથી તેવણનાં બોહોલાં કુટંબ અને દોશતઆશનાઓમાં મોટી દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી જુન ૧૮૭૩.]

જુન.

રૂસતમજી કાવશજી મેહરનોશજી ડાકટર—ઇંડોર—એ જગોના સમાચારમાં જણાવેછે કે તાંહાંના ડાકટર કાવશજી મેહરનોશજીનો એક દશ વરશનો છોકરો રૂસતમજી મરણ પાંમીઓછે. આ મજકુર ડાકટર ઇંડોરના લોકોની દવાદારૂ ઉપર શારૂં ધીઆંન આપેછે તેથી આ બનાવથી તાંહાંના લોકોમાં મોટી દલગીરી ફેલાઇ હતી. આ મજકુર ડાકટરે પોતાનાં ફરજંદની ઇઆદગારીમાં પારસીઓની ખાંનગી સકુલમાં એક શકાલરશીપ સથાપવાને તાંહાંની પંચના હશતકમાં કેટલુંએક નાણું આપીઉંછે.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી જુન ૧૮૭૩.]

તા૦ ૪ થી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

રૂસતમજી એદલજી વખારીઆ—લખવાને દલગીર છીએ કે અતરેના શેઠ એદલજી માણેકજી વખારીઆનો છોકરો ધોળકાં ખાતે અચાનક કુવામાં પડવાથી મરણ પામ્યોછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૦ મી આગશટ ૧૮૭૩.]

તા૦ ૩ જી સપટેમબર.

રોજ ૧૮ માહ ૧૨ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

ખરશેદજી હોરમજજી પરભુ—ખરશેદજી હોરમજજી પરભુ, જેઓ સુરતના શાહપોર મધે રેહતા હતા તેઓ ૬૫ વરશની વએમાં ચાલતા માસની તા૦ ૩ જીને દીને મરણ પાંમીઆછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૭૩.]

તા૦ ૭ મી સપટેમબર.

રોજ ૧૭ માહ ૧ (ક૦) ૧૨૪૩ યજદજરદી.

ખરશેદજી પેશતનજી લાલા—જણાવવાને બેહદ દલગીરી અને શંતાપ ઉપજેછે કે શીંગાપોર ખાતેનાં નામીચા વેપારી શેઠ ખરશેદજી પેશતનજી લાલાનાં ભરજુવાંનીમાં મરણ પામવાના સમાચાર તારમાં અતરે આવીઆછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી સપટેમબર ૧૮૭૩.]

7th September 1873.

CURSETJEE PESTONJEE LALA.—A telegram was received in Bombay on Monday, announcing the death of Mr. Cursetjee Pestonjee Lalla, a well-known Parsee merchant at Singapoor, on the 7th inst.

[*Bombay Gazette*, 10*th Sept.* 1873.]

તા૦ ૧૭ મી સપટેમબર.

ગાથા ૪ (શે૦) ૧૨૪૨ યજદજરદી.

એદલજી કાવશજી કીઆસના—શેઠ દાદાભાઇ પારેખને તયાં નોકરીમાં જેણે પોતાની આખી જીંદગી ગુજારી તે શેઠ એદલજી કાવશજી કીઆસનાએ પારસી રોજ ગાથા ચોથો એટલે ગઇ તા૦ ૧૭ મી શપટંબરે સવારનાં આઠ વાગે આ દુનયાં છોડી પેલી જીહાનમાં વાસો કીધોછે. કાંઇ ચોકસ કારણસર આ મરતીઉકની નોધ લેવાને હમને ફરજ પડીછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૭૩.]

તા૦ ૮ મી નવેમબર.

રોજ ૧૯ માહ ૨ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

દસ્તુર માહીઆરજી કેકોબાદજી મેહરજીરાંણાના—

નોશારી, તા૦ ૯ મી નવેમબર ૧૮૭૩.

જાલેમ જમે કોણને છોડી દીધોચ ? ભલા ભલા શેહેનશાહોને જરરીન તખત ઉપરથી ખાકની અંદર પતકી નાંખીઆચ; ભલા ભલા નર પેહેલવાંનો કે જેઓએ લડાઇનાં તેમજ શેકારગાહનાં મેદાંનમાં બાહદુર નર શાહીઓનાં શર દડીની મીશાલ ઉડતાં કીધાં તેઓની ઉપર પણ જમનીજ ચુંગાલ ફતે પાંમીચ; ભલા ભલા પહરેજગાર ઇનશાંનો કે જેઓએ ફકત પોતાની પવીતરાઇથીજ નાશકારક બુરા દુશમનોને પોતાની ઉપર ગાલેબ આવવા દીધા નથી તેઓની ઉપર પણ આખેર નાપેકાર જમ ગાલેબ આએઓચ; છેલે કીરતારનો ખરો પીઆરો જરતોશત પણ મોતના પંજામાં શપડાઓચ, તો ઇનશાંન ! ખાકી ઇનશાંન ! તારી ઉપર એક દીવશ એવો આવે એમાં શક શાનો.

ગઇ કાલનો એટલે તા૦ ૮ મીનો દીવશ નોશારીની ગમભરી તવારીખની અંદર રડતી આંખોનાં આંશુની શીહાઇથી નોંધવા લાએક બનીઓચ. તરણ મહીના અને ચઉદ દીવસની એકશરખી ઘણીજ અફરાતુન માંદગી ભોગવીને આખરશ દસતુરજી સાહેબ માહીઆરજીએ અજલના કાશદને તાબે થઇ આએ ફાંની દુનીઆંમાંથી અશબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં જાઇને વાશો કીધોચ. પોતાના પાદશાહી મુરબીની પછાડી તરણ વરશનીખી અંદર શરવે બેશીઓને રડતાં અને તવલતાં નાખી ભરજુવાંનીમાં ચાલતી પકડી ઉમેદ તો દીલમાંજ રહી ગઇ. આખર બીચારાએ મીઠો જાંણુ આએઓ. ખુશનુમા બાગને શોભા આપનારૂં છાઆદાર જાહાડ મરી ગીઉં; ગમભરીઆં દીલને બે ઘડી ખુશ કરનાર બુલબુલ બાગમાંથી એક પલમાં ઉડી ગીઉં; શરવે ઉજડ અને વરાંન થઇઉં. આવી

સ્પત માંદગી છતાં પોતાનો જાંન જાશે એવું દશતુરજી સાહેબ વીચારતા પણ નહીં હતા, જે શબબથી કેટલાંક અગતજોગ કાંમો પોતાની માંદગીમાંથી ઉઠીઆ બાદ કરવાનો ઠેડાવ રાખીઓ હતો, પણ હવે તે શઘલું ધુલ મલી ગએઉં. શાત બેટા અને તરણ બેટીઓમાં દશતુરજી પોતાની પછાડી તરણ બેટા અને બેએ બેટીઓ મુકીને ૪૨ વરશની ભર જુવાંનીમાં ગુમ થએઆછે. માંદગીમાંથી ઉઠવાની ઘણી ઉમેદ હોવાથી દશતુરજી સાહેબે ગુજરવાની થોડો વખત અગાઉ પણ બે બોલ કહેઆ કે "મને શારો કરો" આએ બોલો બીચારી ધણીઆંણીનાં અને ફરજંદોનાં પેટમાં તીરની માફક લાગેછે. બીચારી ધણીઆંણી બેહદ આજોરદેહ થઇછે; એ બીચારીનાં દુખનો કાંઇ પાર નથી. દશતુરજીએ થોડી મુદતમાં લોકોનો સારો પેઆર એંચએો હતો, તોબી બીચારાએ તરણ વરશની દસતુરીમાં એકબી દીવસ ખુશીભરેલો જોએઓ નહીં. દશતુરજીનાં માનને ખાતર ગુજરવાને દીવસે પારસીઓની દુકાંનો બંધ રાખવામાં આવી હતી, તેમજ સર કાવશજી જેહાંનગીરવાળી મદરેસા પણ એ દીવસ બંધ રાખી હતી. મરહુમ દસતુરજી સાહેબ પેહેલા દસતુર મેહેરજીરાંણાનું કેતાબખાંનું, તેમજ જરતોશતી છોકરીઓની નીશાલ તરણ દીવસ બંધ રાખવામાં આવીછે. દશતુરજીની પાએદશતની મીજલશ ઘણીજ ભારી હતી; આશરે ૪૦૦ માંણસોની આએ ગંજાવર મીજલશમો એવો કોણ હતો કે જેની આંખ આંશુથી ભરેલી નહીં હોએ, અફશોશ! અફશોશ?

[જામે જમશેદ, તા૦ ૧૧ મી નવેંમબર ૧૮૭૩.]

• *8th November* 1873.

Dustoor Mahiarjee Kaikabadjee, of Nawsaree.—A telegram was received in Bombay on Saturday, announcing the death of Dustoor Mahiarjee Kaikobadjee, Head Priest of the Parsees at Nawsaree, who had been consumptive for some time past.

[*Bombay Gazette*, 11*th Nov.* 1873.]

તા૦ ૧ લી ડીસેમબર.

રોજ ૧૨ માહ ૩ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

પેશતનજી પાલણજી શબાવાલા—સુરતથી હમોને એવી ખબર મલીછે કે, તીઆંના જાણીતા શેઠ શોરાબજી તીજોરી માસટરના બાવા શેઠ પેશતનજી પાહલણજી શબાવાલા ચાલતા માસની પેહેલી તારીખે અચબુચ મરણ પામીઆછે, જેથી તીઆંનાં ઘણાખરા લોકોમાં દલગીરાઇ ફેલાઇ હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૭૩.]

તા૦ ૨૨ મી ડીસેમબર.

રોજ ૩ માહ ૪ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

કાવશજી નાનાભાઈ દાવર—જણાવવાને દલગીરી અને શંતાપ ઉપજેછે કે અતરેના જાંણીતા વેપારી શેઠ કાવશજી નાહનાંભાઇ દાવરે ગઇ કાલ દીને શહવારે આઠ કલાકને અમલે અચબુચ લકવાનો મરજ થવાથી, આ હાડમંદ દુનીઆં તરક કરીને મીનોઇ જેહાંનમાં જાઇ વાશો કીધોછે. મરનાર વેપાર શંબંધી, અને મોટાં મોટાં કામો ઉઠાવવા શંબંધી સારી સહમજ અને હીમત ધરાવતો હતો, અને તેથી કરીને મુંબઇનાં વેપાર અને ઉદીઓગને ખીલવનારાં ઘણાંએક કામો તેણે ઉઠાવીઆં હતાં, જેને માટે તવારીખની અંદર એ મરનારનું નામ દીપતું રેહશે. મુંબઇ મધે ઉભી થાએલી ઘણીએક એંનગલો ઇંડીઅન બેંકો ઉભી કરવાની આગેવાંની એ ધરહશથે કીધી હતી. કમરશીઅલ અને મરકનતાઇલ બેંક એ ધરહશથની આગેવાંનીથી ઉભી થાઇ હતી, અને ઓરીએનટલ બેંક ઉભી કરવામાં એ મરનારે મોટો ભાગ લીધો હતો. મુંબઇ મધે હાલમાં શુતર કાંતવાનાં તથા કાપડ વણવાનાં જે ઘણાં કારખાનાં છે, પણ એવો મધેથી શરવેથી પેહેલું કારખાંનું એ મરનાર

ધરહશથે ઉભું કરેઉં હતું. જેવારે અતરેનાં લોકો એવાં કારખાંનાના ફાએદાથી અંજાણા હતા તેવારે તે કારખાંનાંઓને ઉભાં કરવાથી મુંબઇની દોલત અને ઉદીઓગમાં કેટલો વધારો થાએ, તે વાત એ મરનાર શારીપેઠે શહમજતા હતા, અને તેથી તે ઉઠાવી લેવા માટે તેવણે ઘણી સારી દીલસોજી બતાવી હતી. શેઠ કાવશજીને તેવણનાં ઘણાંએક કામોમાં અતરેના જાણીતા શેહરી મી૦ એડવીન હેકાકથી સારી સલાહ મલી હતી. બેંકો અને ઇશપીનીંગો ઉપરાંત બીજાં કેટલાંએક ખાતાંઓ ઉભાં કરવામાં શેઠ કાવશજીની આગેવાંની અને શામેલગીરી હતી, જેઓમાં હેધરાલીક પરેશ, મુંબઇ ઇશટીમ નેવીગેશન કંપની અને બીજાં ખાતાંઓ હતાં. મુંબઇ મધે જાહેર કંપનીઓના શેરોના શોદા, અને મોટી લેવડદેવડની કેટલાએક ધરહશથોએ પેહલી શરૂઆત કીધી હતી, તેમાં મુખીઅ ભાગ એ મરનારે લીધો હતો. શેરશટાના વખતમાં શેઠ કાવશજી જો જાહેર કંપનીઓ વીગરે ઉભી કરવા માંગતે તો તેવણ ઘણું કરી શકતે, પણ તેમ તેવણે કરીઉં નહીં. તેવણે ફકત વીકટોરીઆ બેંક કાહડી હતી, પણ જેવારે તેવણને જણાવીઆમાં આવીઉં કે એ ખાતાંને માટે જગા નથી તેવારે તેવણે એ બેંકનું નાણું ભાગીદારોને પાછું આપીને એ કામ માડી વાલીઉં હતું. વેપાર સંબંધી હીમત સીવાએ શેઠ કાવશજીમાં બીજા કેટલાએક ઉતમ ગુણો હતા, જેહમાંનો એક ગુણ એવો હતો કે પોતાના મીતરોની બરદાશત લેવાની ફરજને શારીપેઠે શહમજતા હતા. મરનારની ઉમર ઓગણશાહઠ વરશની હતી, અને તે અરસામાં તેવણે આવાં જે કામો કીધાંછે માટે એવા એક લાએકીવાલા ધરહશનાં મરણથી તેઓનાં બેશીઓ, અને દોશતમીતરોને મોટી દલગીરી ઉપજી હશે.

[જામે જમશેદ, તા૦ ૨૩ મી ડીસેમબર ૧૮૭૩.]

22nd December 1873.

Cowasjee Nanabhoy Daver.—Mr. Cowasjee Nanabhoy Daver died yesterday morning of paralysis at his residence on the Tardeo road. He was about sixty years of age; had a very extensive knowledge of the commerce of Bombay; and was the originator of some of the local banking institutions and spinning and weaving mills. He was the sole owner of the Bombay Spinning and Weaving Company's mills situated on the Breach Candy road. He possessed large landed estates, and was reputed to be a shrewd native merchant.

[*Bombay Gazette, 23rd Dec.* 1873.]

તા૦ ૨૪ મી ડીસેમબર.

રોજ ૫ માહ ૪ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

નશરવાંનજી સીરવાઈ—શેઠ બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ, જે ધરહશથના ટબેલા મધે આગ લાગવા શંબંધી ખબર અમોએ ગેઇ કાલનાં પતરમાં આપી હતી તેઓને એજ દીને એક શરવેથી મોટું નુકશાન થાઇઉંછે. એ નુકશાન એ છે કે એ ધરહશથના પીતા શેઠ નશરવાંનજી આશરે નવાંણુ વરશની વએમાં મરણ પાંમીઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી ડીસેમબર ૧૮૭૩.]

ઈ૦ સ૦ ૧૮૭૪.

તા૦ ૨ જી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

મેહેરજીભાઈ બાપુજી વીકાજી—શેઠ મેહેરજીભાઇ બાપુજી વીકાજીનું મરતીઉક વીકાજીનાં વખણાયલાં ખાનદાનમાં અને તેમનાં લાગતાંવલગતાં મોટાં પારસી મંડળમાં આ અઠવાડયનો ઘણો દુખદાયક બનાવ છે. શેઠ મેહેરજીભાઇએ આજ લાંબી મુદત થાઇ કસટમ ખાતાંના આસીસટંટ કમીશનરનો ઓધો સારી ચાલાકીથી બજાવયો. તે અરસામાં એવણે પોતાના વડાઓનો વીશવાસ અને માયા મેળવવા ઉપરાંત જે વેપારી આલમ સાથ તેમને હંમેશ કામ પડતું હતું તે આલમના લોકોમાં એઓએ થોડું માન અને પેઆર હાંસલ કરયો નહીં હતો. લોકોને ખુશી રાખીને પોતાનો હોધો બરાબર બજાવવાની કુનેહ અને કળા જે થોડાજ સરકારી નોકરોમાં હોયછે, તે મરનાર ગરહસથમાં વધારે હતી અને એવા એક મોટા હોધા ઉપર એક દેશી અને પારસીની ફતેહમંદી ખુશાલી ઉપજાવનારા દાખલા તરીકે કામની હતી. શેઠ મેહેરજીભાઇને સરકારે તેવણની પદવી પરમાણે સુલેહના અમલદાર તરીકેચુંટી કાહાડીને આજ લાંબી મુદત થઇ માન આપયું હતું. પોતાના મોટા હોધા છતાં તેઓની નરમાશ, સાલેસાઇ અને તવંગર તથા ગરીબ સરવે સાથનું તેમનું મીલનસારપણું, પોતાના કોઇપણ ભાઇબંધનું કામ બજાવી આપવાની તેવણની ઉલટ અને ગરીબ કુટુંબીઓ તરફની તેવણની ઉદારતા તથા ખાંનગી સખાવતથી મરનાર ગરહસથથી વીકાજીનાં ખાંનદાંનને સોભા હતી. માટે તેવણનાં કવખતનાં મરણથી તેવણનાં બોહોલાં તથા બચરવાલ કુટુંબને ટોટો ગયોછે, એટલુંજ નહીં પણ તેમના બોજોરગ બાપ જેઓ આજ સુધી નીજાંમ હેધરાબાદમાં પોતાના બાપની સેવા તથા મદદના બદલા તરીકે સર સાલારજંગ જેવા નાંમીચા ઉમરાવના આસરાથી માનભરેલી પદવી ભોગવેછે તેવણને, તથા તેવણનાં જઇફ માતાજી વગેરે વડીએલોને નહીં રૂજાય એવો જે કારી ઘા લાગોછે, તેને માટે પારસીઓ તથા અગત કરીને સઘલા ઓલખીતાઓ તેમનાં દુખમાં પુરતો ભાગ લેયછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી ફેબરવારી ૧૮૭૪.]

2nd February 1874.

Meherjibhoy Bapujee Viccajee.—We regret to announce the death, which took place yesterday, of Mr. Meherjeebhoy Bapoojee Vicajee, Assist. Commissioner of Customs, Bombay. He was a Justice of the Peace and was a member of the old and once powerful Vicajee family. For his affability and good nature, he was very much liked by those who knew him.

[*Bombay Gazette, 4th February* 1874.]

તા૦ ૧૧ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૬ (ક૦) ૧૨૪૩ યજદજરદી.

રતનબાઈ તે મરહુમ ફરાંમજી કાવશજી બનાજીનાં બેટી—બાઇ રતનબાઇ તે મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજીનાં બેટી ૯૧ વરસની ઉમરે ગયા બુધવારે ગુજરીઆછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૭૪.]

11*th February* 1874.

Ruttonbai daughter of Framjee Cowasjee Banajee.—Bai Ruttonbai, the eldest daughter of the well known citizen the late Framjee Cowasjee Banajee, expired at her residence at Grant Road last night at an advanced age of 91 years, leaving a large number of relatives and

friends to mourn her loss. Her funeral will take place this evening at 3 p. m.

[*Times of India*, 12*th February* 1874.]

તા૦ ૨૦ મી ફેબરવારી.

રોજ ૩ માહ ૭ (કo) ૧૨૪૩ યજદજરદી.

દાદાભાઈ પેશોતનજી મુલાંફીરોજના—મુંબાઇની સ્પીનીંગ એનડ વીવીંગ કંપનીનો શેક્રેટરી મી૦ દાદાભાઇ પેશતનજી મુલાંફીરોજ મરણ પામેઓછે. એણે એ સ્પીનીંગમાં ૧૮ વરસ સુધી નોકરી કરી હતી.

[ગુજરાત મિત્ર, તા૦ ૮ મી મારચ ૧૮૭૪.]

20*th February* 1874.

DADABHOY PESTONJEE MOOLLA FIROZ.—We hear with regret the death of Mr Dadabhoy Pestonjee Mulaferoz, Secretary to the Bombay Spinning and Weaving Co., and relative to Mr. Sorabjee Mulaferoz, the *Kadmi* high priest of the Parsees. Mr. Dadabhoy was an intelligent man, who faithfully served the office of the above Mill for a period of eighteen years to the satisfaction of the proprietor, the late Mr. C. N. Davur. He leaves a large circle of friends and relatives to deplore his loss.

[*Bombay Argus*, 1*st March* 1874.]

તા૦ ૨૩ મી ફેબરવારી.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

ધનજીભાઈ ખરશેદજી સરાફ—મુંબઇની સમાલ કાજ કોરટના જડજ મી૦ માણેકજી ખરશેદજીના ભાઇ ધનજીભાઇ ખરશેદજી મુંબઇમાં મરણ પામયાછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧ લી મારચ ૧૮૭૪.]

23*rd February* 1874.

DHUNJIBHOY CURSETJEE SHROFF.—It is with regret we have to announce the death of Mr. Dhunjibhoy Cursetjee Shroff, a highly respectable member of the Parsee community. The deceased belonged to one of the leading Parsee families and was the second son of the late Mr. Cursetjee Manockjee, father to our well known Parsee judge, Mr. Manockjee Cursetjee. He leaves a very large family to bemoan his loss.

[*Times of India*, 24*th Feb.* 1874.]

27*th February* 1874.

JAMSETJEE DORABJEE SETHNA.—Last night Jamsetjee Dorabjee, one of the Parsees who was wounded during the Sonapoore Riot, in which, while he was conscious, he always maintained he was never concerned, died in the Jamsetjee Hospital. It is curious to know that this is one of the Parsees against whom the police hold an arrest warrant. Jamsetjee was a man who was tolerably well to do in the Parsee community.

[*Bombay Gazette*, 28*th Feb.* 1874.]

તા૦ ૮ મી મારચ.

રોજ ૧૯ માહ ૬ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

પદમજી બહુમનજી મેસમેન—

પુણું, તા૦ ૧૧ મી મારચ ૧૮૭૪.

અતરેના એક જરતોશતીનું અકશમાતથી મરણ નીપજવાની દુખદાએક ખીના હું નીચે ટાંકુચ. ચાલતા માસની તા૦ ૮ મી અને રવીવારે આ૦ પેશતનજી બહમનજી મેશમેન કે જેઓ અતરેની સઘલી "શાશુન બીલડીંગશ" ના મેનેજર છે તેઓ ખડકી નજદીકના એક બંગલાનું કામ જોવા સાંજની વખતે ગીઆ હતા. એવણુનો ભાઇ પદમજી જે હમેશ પોતાના ભાઇને કામ લાગતો હતો તેને સાથે લીધો હતો. કામની તપાસ થયા બાદ પેશતનજી બંગલેથી પાછા ફરેઆ જેની ગેરહાજરીમાં પદમજીએ ઉપલા

બંગલા પાછલની શંગમની નદીનાં પાણીની સપાટી ઉપર બેઠેલાં ધઆ તરતાં પખશીનો બંદુકથી શેકાર કીધો, જે નદીના કીનારાની નજદીકમાં હતો, અને પોતે અંગબલમાં જેવો પોખત તેવોજ તરવાનાં કામમાં પણ જાણીતો હોવાથી ઝટ કપડાં કાહાડીને તે શેકાર પાણીમાં ડુબી જાએ તેની આગમજ તેહને હાથ કીધો ને પાછો કીનારે ફરતાં નજદીકનો રસ્તો લીધો. જાંહાંથી આવતાં નદી તલે એક જાતની વેલ થાએચ તેને અતરે શેવાલ કેહચ તે વેલમાં પગ ગુંતાએઆથી ડુબી મરણ પામેઓ. સારાં ભાએગે કીનારાપર એક પારસી મીશતરી ઉપલા બંગલાનું કામ કરનાર હતો તેની મેહનત તથા મરદાંનગીથી કેટલાએક શોલજરો બોટમાં ફરતા હતા તેનાંવોએ ફવાંન બાહેર કાહાડેઉં જે પછી મરનારને ઘરમાં લાવતાં નજદીક રાતનાં નવ વાગા હશે. મરનારની ઉમર આસરે તેવીશ વરશની હશે. અંગબલની કસરતથી મરનાર ઘણું જોર ધરાવતો હતો તેથી હેને પદમ પેહલવાંનને નામે સરવે ઓલખતા હતા. એટલું છતાં એ જેહવો નમાનો, મીલનશાર, તેવોજ ગુજરાતી, મરાઠી, ફારસી તથા અંગરેજીનું ગનેઆંન ધરાવતો હતો. એનાં કવખતનાં મરણથી એના ભાઇઓ, બેહનો તથા વીધવા માતાને એક ભારી જખમ લાગોચ. મરનારની પાએદસતે તથા ઉઠમણાંમાં લગભગ અતરેના સઘલા જરથોસતીઓ ગયા હતા. તેમજ મરનારની માબેહનો આગલ પારસી બાનુઓની એટલી તો ભીડ થઇ હતી કે બેશવાની જગા પણ કોઇને બરોબર નહીં મલી હતી. મરનીરને જારે ઘેરમાં લાવેઆ તારે એની મુઠીમાં શેકાર ચોહટી રેહલો હતો. ખરેખર એ શેકાર નહીં પણ જમ હતો કે પખશીનો આકાર થઇ એનો જાંન લીધો.

[રાશ્ત ગોફતાર, તા૦ ૧૫ મી મારચ ૧૮૭૪.]

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૨૯ માહ ૬ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

દાદાભાઈ કાવશજી બુટી—જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાંના લોકોને સારીકાની જાણીતો થએલો ઘરશથ મી૦ દાદાભાઇ કાવશજી બુતી ચાલતા માસની તા૦ ૧૮ મી રાતનાં ૧૧ કલાકે મરણ પાંમેઓછે. મરનારને અવલમંજલ પોંહોચાડતી વેલાએ પુણાંના ઘણાખરા પારસીઓ ગએઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી મારચ ૧૮૭૪.]

પુણાં શેહરના જાણીતા પારસી ઘરહસથ શેઠ દાદાભાઇ કાવશજી બુઠીનાં મરણના સમાચાર અતરે આવીઆછે. આ બનાવથી પુણાંના તમામ જરથોસતીઓ અને મુંબઇમાં તેમના મીતરોમાં અતીશય દલગીરી ઉપજીછે. શેઠ દાદાભાઇ ઘણાજ ભલા માણસ હતા અને પાછલથી તબીએતની નાદરૂસતીને લીધે અધાપાથી બહુ હેરાંન હતા. મરણની વેલાએ તેઓ સારી ઉમરે પોંહોચેલા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી મારચ ૧૮૭૪.]

18*th March* 1874.

DADABHOY COWASJEE BOOTTEE.—A correspondent sends us the following —We regret exceedingly to have to report the death of the well-known citizen of Poona, Mr. Dadabhoy Cowasjee Booty, the news of whose demise reached us last evening by wire. Mr. Dadabhoy was highly thought of both amongst the Native and European community for his straightforwardness and unflinching honesty in his dealings, and we think we are giving expression to the feelings of the whole Poona public, when we say that the death of Mr. Dadabhoy has left vacant a place which will not be easily supplied. From what we have been told we have reason to believe that the deceased gentleman was in well-to-do circums-

tances, though later in life his weak and precarious health had reduced him total blindness.

[*Times of India, 20th March* 1874.]

તા૦ ૧૦ મી આપરેલ.

રોજ ૨૨ માહ ૮ (ક૦) ૧૨૪૩ યજદજરદી.

મેરવાંનજી ફરાંમજી પટેલ—જણાવવાને બહુ દલગીરી લાગેછે કે, આપણી ટાપુના જાણીતા બોજોરગ ગરહસથ અને ધારા બાંધનારી સભાના માજી અધીકારી શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલના તરીજા છોકરા શેઠ મેહેરવાંનજી ગઇ કાલે સહવારનાં દશ કલાકે, કેટલાક વખતની સખત બીમારી ભોગવી ખમબાલાનાં તેમનાં મકાનમાં હક થયાછે. આથી શેઠ ફરાંમજીનાં બોહોલાં કુટુંબમાં અને દોસતઆસનાઓમાં ભારે દલગીરી ફેલાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મી આપરેલ ૧૮૭૪.]

10*th April* 1874.

MERWANJEE FRAMJEE PATELL.—We regret to announce the death of Mr. Merwanjee Framjee Patell, third son of our worthy townsman Mr. Framjee Nusserwanjee Patell. The young gentleman, who was not quite forty, breathed his last yesterday morning at his father's residence at Kamballa Hill. The body will be taken to the Towers of Silence this morning at 8

[*Times of India* 11*th April* 1874.]

તા૦ ૧૬ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૭ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

ફરાંમરોજ મનચેરશાહ બેજનજી મેહરહોમજીના—એક જાણીતા પારસી ગરહસથ શેઠ મનચેરશાહ બેજનજીનું એક આસરે દશ વરસની વયનું જવાંન બાલક સેતરંજની બાજી ખેલવામાં એટલી તો મનશકતી બતાવતું હતું કે કેટલાક સારા રમનારાઓને તેણે માહાત કરી હેરત કરયા હતા, તે વીશેની ચરચા અમારા વાંચનારાઓને યાદ હશે. હાલ તે ઉઘરતાં, કુમલાં બાલકનાં મરણના સમાચાર લખી જણાવતાં અમોને મોટો સંતાપ ઉપજેછે. આ બાલક જોકે કાયાનું નબલું પણ મનશકતીએ બહુ ખીલેલું હતું, અને સેતરંજ ખેલવાની તેની શકતી કોઇ મોજેજા જેવી હતી. અલબતાં તે એક ખુદરતે નવાજેલું "જીનીઅસ" હતું અને જો તે જીવતે તો ઘણું કરી શકતે એ દેખીતું હતું, પણ અફસોસ! તે એક ગુલમોહોરની માસાલે આજે ખીલીને કાલે કરમાઇ ગયુછે. ખરી ખુબાવંતી વસતુ કેઇ આ પાપી જીહાનમાં કાએમ રેહેછે! તેમની તો સુગંધ અને પમરાટથી દુનીઆંને ગોયા લોભાવા સારૂં ખોદા તેમને હીઆં મોકલેછે, પણ બાકીનો વખત તેમને આ દુનીઆઇ હવસોથી દુર પોતાનીજ ગોદમા અને પોતાની દરગાહમાં તે સાહેબ રાખેછે. આવાં એક કામેલ બાલકનાં માબાપને જે નહીં પુરાય એવી ખોટ ગઇછે, તેમનાં દુખમાં વાંચનારી આલમ ભાગ લેવા વના રેહેશે નહીં.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી આપરેલ ૧૮૭૪.]

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૨૯ માહ ૭ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

એદલજી હોરમજજી થાંણેવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાં ખાતે મીશીઅરશ હોરમજજી મોટાભાઇની કમપનીનો વડો ભાગીઓ મી૦ એદલજી હોરમજજી થાનાવાલા ગએઆ શુકરવારને દીને પાછલા પોહોરનાં થોડા દીવશની માંદગીમાં મરણ પાંમીઆછે. મરનાર ઘણો બાહોશ અને મીલનશાર ઘરશથ હતો અને તેના ભર જુવાનીમાં આ દુનીઆં તજી જવાથી તેનાં શગાંવાહલાં અને દોશતઆશનાઓમાં મોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી આપરેલ ૧૮૭૪.]

તા૦ ૨૧ મી આપરેલ.

રોજ ૩ માહ ૮ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

હોરમજજી દોરાબજી ચીનાઈ— ગએઆ મંગલવારની રાતનાં પુણાં ખાતે મી૦ હોરમજજી દોરાબજી ચીનાઇ મરણ પામીઆછે. એ મરનાર સરકારનો એક પેનશનર અને દખણનો એક સરદાર હતો. તેનાં રૂવાનને અવલમનજલ પોહોચાડવાને એક સારી મીજલશ મલી હતી.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી આપરેલ ૧૮૭૪.]

તા૦ ૨૭ મી જુલાઇ.

રોજ ૧૦ માહ ૧૨ (ક૦) ૧૨૪૩ યજદજરદી.

અરદેશર ખરશેદજી દાદીશેઠ—પારસીઓનાં પરએઆત દાદીશેઠ ખાંનદાંનના નબીરા શેઠ અરદેશર ખરશેદજી દાદીનાં મરણની અતરે નોધ લેવાને દલગીરી ઉપજેછે. મરનાર કદીમી પારસીઓના વડા શેઠીયા ગણાતા હતા, તેવણ એક સુલેહનાં અમલદાર હતા અને દાદીશેઠ ખાંનદાંનની સખાવતથી થયલાં ધરમખાતાંઓના આગેવાંન મુતવલી હતા. તેવણનાં રવાંનને અવલમંજલ લઇ જતી વેળા જેવી મોટી મીજલસ મલી હતી, તેવી મીજલશો મરહુમ સર જમશેદજીના ગુજરી જવા બાદ કોઇજ વાર નજરે પડેછે. એ મીજલશે દેખાડયુંછે કે પારસી આલમ હજીબી દોલતના કરતાં ખાંનદાંનનો દરજો વધારે ઉંચો સમજેછે. એક ગરહસ્થ કે જેણે પોતાના બાપદાદાનાં ધરમખાતાંના વહીવટ સીવાએ બીજી કોઇબી રીતે પરજા ઉપયોગી કામોમાં કસીપણ જાહેર સેવા બજાવેલી નહી હોય, તેને ગરીબી હાલતમાં ગુજરી જતી વેળા આખા ટોળાના દરેક વરગે એવું માન આપયુંછે; કે જે આજકાલના શેઠીયાઓને પણ કદાચજ મલેછે. એ બનાવનો માતર એટલોજ ખોલાસો અમારી સમજમાં ઉતરેછે કે પોતાની શેવા બજાવનાર એક શેઠીયાનું હેશાંન પારસીઓ તેના જમાના સુધીજ નહીં પણ તેની પાછળના જમાનાઓ સુધી યાદ રાખેછે અને તેવા પરોપકારી પુરૂશને પોતાનેજ નહીં પણ તેની ઓલાદને તેઓ ચાહેછે અને માન આપેછે;—પછે તે ઓલાદે પોતાની જાહોજલાલી ખોઇ દીધી હોય તોબી તેમને પારસીઓ ચાહેછે, તે ઓલાદે પાછળથી પોતાના બાપદાદાઓનાં નામને જેબ આપનારાં કામો પછાત નાખયાં હોય તોબી ચાહેછે, કેટલાએક ઉતરતા વરગના આજકાલના શખસો પઇસાને જોરે શેઠીયા થઇ ગયા હોય તોબી પારસીઓ તેવા નામના શેઠીયાને બદલે ખરા ખાંનદાંની શેઠીઆને તેની ગરીબી છતાં ચાહેછે અને માન આપેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી આગશટ ૧૮૭૪.]

27*th July* 1874.

ARDASEER CURSETJEE DADY.—Sett Ardaseer Cursetjee Dady, we regret to announce, died last night at eight o'clock at his family residence at Chowpatty. The deceased gentleman was the eldest son of the late Cursetjee Dady Sett, and belonged to one of the oldest and most respectable Parsee families. At one time he was a member of one of the richest firms in Bombay, and did considerable business in banking and cotton. He, however, succumbed for a time to the pressure that was generally felt in Bombay about eight years ago, and unfortunately never regained his former position. Mr. Ardaseer Sett was personally an amiable gentleman, and was considered one of the leaders of the Parsee community. He was a Justice of the Peace. He had been ailing for some months from general debility, and after a lingering illness expired last night. His funeral will take place this afternoon.

[*Bombay Gazette*, 28*th July* 1874.]

તા૦ ૧૦ મી આગશટ.

રોજ ૨૪ માહ ૧૧ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

હોરમજશાહ જામાસપજી કોબલા—નીમચના માજી ડીપુટી પોસટ માસટર શેઠ હોરમજશા જામાસજી કોબલા પાડાંના રોગની બીમારીથી બે માસ દુખ ભોગવી ગઇ તા૦ ૧૦ મી આગશટે ૪૮ વરસની ઉમરે મરણ પામયાછે તેથી દલગીર છીયે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૬ મી આગશટ ૧૮૭૪.]

તા૦ ૨૫ મી આગશટ.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

ફરાંમજી ધનજીભાઈ બાટલીવાલા—જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ લાગેછ કે મરહુમ શેઠ ધનજીભાઇ ફરાંમજી બાટલીવાલાના વડા પુતર શેઠ ફરાંમજી ગઇ કાલ દીને શવારનાં દશ કલાકને અમલે ૪૫ વરશની વએમાં આ ફાંની દુનીઆં તરક કરી મીનોઇ લોકોમાં વાશો કરીઓછે. આ દુખદાએક બનાવથી મરનારના દોશતઆશનાઓ અને બોહોલાં કુટંમને મોટો ગમ પેદા થાએઓછે. મરનારનાં રૂવાંનને આજ દીને શવારનાં આશાએશનાં છેલલાં મકાન ઉપર લઇ જવામાં આવશે.

[જામે જમશેદ, તા૦ ૨૬ મી આગશટ ૧૮૭૪.]

જણાવવાને દેલગીરી ઉપજેછે કે શેઠ ફરાંમજી ધનજીભાઇ બાટલીવાલા જેવણ મરહુમ સર જમશેદજીના ભાણેજ થતા હતા, અને હાલમાં પરેલ ખાતે રેહતા હતા તેવણ પોતાનાં મકાંન ઉપર ગયા મંગલવારે ૫૦ વરસની વયે હક થયાછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી આગશટ ૧૮૭૪.]

25th August 1874.

Framjee Dhunjeebhoy Bottlewalla.—We regret to announce the death, yesterday, of Mr. Framjee Dhunjeebhoy Bottlewalla, a well-known Parsee gentleman of Bombay. The deceased, a nephew of the late Sir Jamsetjee Jeejeebhoy, Bart., was universally respected by his community. In the severe crisis of 1865 the deceased met with some reverses, but latterly he retired from business, and enjoyed a quiet undisturbed life.

[*Times of India*, *26th August* 1874.]

તા૦ ૨૮ મી આગશટ.

રોજ ૧૨ માહ ૧૨ (શે૦) ૧૨૪૩ યજદજરદી.

નવરોજજી બેહરાંમજી ખંબાતા—

મઉ

હુઇઆંના શમાચારમાં જણાવેછ કે વરશાદજીએ ઉગાડ આપીઓછે. કમીશરીએટ ખાતાંનો બીજો કલારક મી૦ નવરોજજી બેહરાંમજી ગએઆ માંસની તા૦ ૨૭ મીએ જાહેર બાગમાં ફરતો હતો, તેને લખવો થએઆથી તે અચબુચ પડી ગએઓ હતો, અને બીજે દીને મરણ પાંમેઓ હતો. તેનાં રૂવાંનને દોખમે ચઢાવીઉં હતુ. મરનારને લોકોમાં શારી આબરૂ હતી.

[જામે જમશેદ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૭૪.]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૨૮ માહ ૨ (ક૦) ૧૨૪૪ યજદજરદી.

ડોશાભાઈ હોરમજજી કામાજી—શેઠ ડોશાભાઇ હોરમજજી કામાજીનાં અતી દુખદાએક મરતીઉકથી પારસી ટોલાના મોટા ભાગનેજ નહીં પણ વેપારી આલમનાં સઘલાં જાણીતાં દેશી મંડલોમાં મોટો સંતાપ પેદા થયોછે. પારસીઓમાં કામા ખાનદાન જે સરદારી ધરાવેછે, તે ખાનદાનમાં મરહુમ શેઠ ડોશાભાઇ એક મુખીઅ હતા એટલું કહેલુ બસ નથી. તેવણ એક ફતેહમંદ અને માનવંત વેપારી હતા, એ પણ કેહેવાનું બસ થતું નથી. જો તેવણની જીંદગીને ઇનસાફ આપવો હોય તો બાહીમત કેહેવું જોઇએ કે માણસો વચે તેવણ એક ધડા અને બોધ સરીખા હતા. તેવણની મોટામાં મોટી ખુબીજ એ હતી કે તેવણ મજબુત "પરીનસીપલ" વાલા

હતા, તેથી તેવણ ગરહસથ હતા અને આજના સુધરેલા જમાનાએ "વાહીટ લાઇસ" (માફ કરી શકાય એવાં જુઠણુ) તથા "કાસમેટીક" અને "કાલર" વાલા જે ગરહસથો બનાવા માડયાછે તેમાંના નહીં પણ તેવણ એક ખરા અસલ ગરહસથ હતા. તેવણનાં નીખાલિસ સવતંતરપણાંનો, પરમાણીકપણાંનો, દેશહીતકારીપણાંનો અને જાહેર હીમતનો મુલ ભેદજ ગરહસથપણાંના દરએક કાનુનને એ રીતે વલગી રેહેવાથી હતો અને તેથીજ ઉપલા ગુણોમાં તેવણ વગર કેળવણીએ કેળવણી પામેલા ઘણા જવાનોને શરમમાં નાખવા જેટલો દાખલો આપતા હતા. તેવણ સારાં કામોને પઇસાથા ટેકો આપનાર હતા એટલુંજ નહીં પણ પોતે દાખલાથી પેહેલ કરનારા હતા. છોકરા તથા છોકરીઓનાં કેળવણીખાતાંઓને, અને સુધારા અને ગ્નાનની મંડલીઓને તથા પુસ્તકખાનાંઓને નાણાંની મદદ આપીનેજ નહીં પણ પોતાનાં બચાંઓને વેલાત મોકલી તેમની પાછલ હજારો રૂપીઆ ખરચીને તેવણે કેળવણીની કદર દેખાડી હતી. રાહાનુમાએ અને બીજી સુધારાની મંડલીઓ સાથ ફકત જોડાઇનેજ નહીં પણ લગનની, મરણની તથા બીજી રસમોમાં પોતાનાં કુટુંબ મધે સુધારાઓ ચાલુ કરીને એ બાબેની કામા ખાનદાંનની પરથમની આબરૂને તેવણે શોભા લગાડી હતી. વેલાત ઈ,ખાતેની પેહેલવેહેલી પારસી પેહેડીના તેવણ ભાગીઆ હતા, અને ફતેહમંદ વેપારી હોવા છતાં આજના વખતના સડેલા તથા બદદેઆનતી વેપારને તેવણ અંતકરણથી ધીકારનાર હતા. છેલા મોટા સટાના તેવણ મોટા સતરૂ હતા અને તે પાપી પવણમાં ઘસડાવા વગર જે ગણતરીના ચુનંદા વેપારીઓ સાંત મને અલગા રહયા હતા તેઓમાં શેઠ ડાશાભાઇ એક હતા. તેવણની સખાવત ઘણી હતી, પણ જમણા હાથની સખાવત દાવા હાથથી ખાંનગી હતી, અને જાહેરમાં જાણીતા થવા સાંમે તેવણને કોઇ જાતનો દર અથવા ભય હોય એટલાં એકમારગીપણાંથી તેવણ પોતાની ફરજો બજાવતા હતા. તેવણનાં મરણથી ઘણાં ગરીબ માણસોનો, ગરીબ ખાતાંઓનો, અને સુધારા તથા કેળવણીનો મદદગાર મુરબી ખોહોવાયોછે; અને તેવણનાં બેશાવંદાનાં ગમભરયાં દુખમાં અમે ખરાં જીગરથી ભાગ લઇએ છઇએ.

[રાસ્ત ગોફતાર, તા० ૨૫ મી અકટોબર ૧૮૭૪.]

તા० ૪ થી ડીશેમબર.

રોજ ૧૫ માહ ૩ (શે०) ૧૨૪૪ યજદજરદી.

દસ્તુર જમશેદજી રૂસતમજી કામદીનજી, ભરૂચના—ભરૂચના છેલા સમાચારો ઉપરથી જોવામાં આવેછે કે, તીઆંનાં દસતુર ખાંનદાંનના દસતુર જમશેદજી રૂસતમજી ગઇ તા० ૪ થીને દીને રાતે, સુમારે નવ કલાકે મરણ પામીઆછે. મરનારની ઉમર અઠાવણ વરસની હતી અને તેઓએ સરકારની લાંબો વખત સુધી નીમકહલાલીથી નોકરી કરી પેનશન મેલવીઉં હતું.

[મુંબઇ સમાચાર, તા० ૧૦ મી ડીશેમબર ૧૮૭૪.]

તા० ૨૭ મી ડીશેમબર.

રોજ ૮ માહ ૪ (શે०) ૧૨૪૪ યજદજરદી.

ખુરશેદજી પેશતનજી મોદી, ખંબાતવાલા—આપણા માજી મીઉનીશીપલ કમીશનર શેઠ ખરશેદજી પેશતનજી મોદી જેવો વરશ શવા વરશ થઉં અતરેથી ખંબાત ગએઆછે તેઓ શાહેબનાં મોતની દુખભરેલી ખબર શાંભલીને તેમના નખીરાવો જે અતરે હતા તે ખંબાત ગએઆછે.

[અમદાવાદના શમેશેહેર બાહાદુર ઉપરથી, જામે જમશેદ, તા० ૧૧ મી જાનેવારી ૧૮૭૫.]

તા० ૩૦ મી ડીશેમબર.

રોજ ૧૧ માહ ૪ (શે०) ૧૨૪૪ યજદજરદી.

નવસારી, તા० ૪ થી જાનેવારી ૧૮૭૫.

દેસાઈ જામાસપજી ખુરશેદજી—અતરેના વડા દેશાઇ મરહુમ ખુરશેદજીના બેટા દેશાઇ જામાસપજી ગયે રોજ. ૧૧ મે રાતે

બેહસતનશીન થયાછે. આ મરનાર દેશાઈજી પોતાની લાયકી અને અતી ઘણી નમનતાઈ માટે અતરે જાણીતા હતા, અને તેથી તેમનાં મરણે અતરેના જરથોશતીઓના મોટા ભાગમાં દલગીરી ફેલાવી હતી. એમનાં ઉઠમણાંની મજલેસ જાણવાજોગ મલી હતી, અને તેમાં કીરીઆનું કામ ખલાસ થયા પછી દસતુર રૂસતમજી કેકોબાદજીએ અંનજુમનને એવું કહી સંભલાવીઉં હતું કે, જેમ આગલા ઘણાક દસતુરો, તથા દેશાઈઓનાં નામ, જાહેર જશનો અને આફરીનગાનો વગેરેમાં લેવામાં આવેછે, તેમ આ મરહુમ દેશાઈ જામાસપજીનું નામ પણ લેવું.

[મુંબઈ સમાચાર, તા૦ ૬ થી જાનેવારી ૧૮૭૫.]

ઈ૦ સ૦ ૧૮૭૫.

તા૦ ૨૪ મી જાનેવારી.

રોજ ૬ માહ ૫ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

પેશતનજી પાલણજી માકાબચાના—હમારા જરતોશતી વાંચનારાઓને ખબર હશે કે આપણાં રવાનોને અવસમંજલ પોહોચાડવા માટે રાખેલા પગારદાર નશેશાલાર તથા ખાંધીઆઓનો બંદોબશત હાલ ઘણો દરોબશત ચાલેછે, અને આગલાં વરશોની માફક કંઈબી પરકારની ફરીઆદ એ વીશે આપણા જરતોશતીઓમાં ઉઠતી નથી તેનું માંન કેટલેએક દરજજે બાહેરકોટનાં એક જાણીતા ઘરહશથ મરહુમ શેઠ પેશતનજી પાલણજી માકાબચાજીનાંને ઘટેછે. એ લાએકીવાલા ગરહશથે ૮૨ વરશની જઈફ ઉમરે આએ ફાંની દુનીઆં છોડીને પેલી મીનોઈ જીહાંનમા રોજ. ૬ થો માહ. ૫ મો શેહનશાહી—તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૭૫ ને દીને વાશો કીધો તેવણનાં ઉઠમણાંની કીરીઆ ગઈ કાલ દીને નાંમદાર શર જમશેદજી જીજીભાઈ બારોનેટનાં બાહેરકોટ ખાતેનાં ધલાહી બાગમાં થઈ હતી તે વેલાએ એ મરહુમ ઘરહશથનાં કામની કદર બુજીને આપણી અનજુમનનાં ફંડના તરશટીઓની તરફથી મીજલશમાં એક પતર વાંચી શંભલાવીઆમાં આવીઓ હતો.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૭૫.]

તા૦ ૮ મી ફેબરવારી.

રોજ ૨૧ માહ ૬ (કo) ૧૨૪૪ યજદજરદી.

ખરશેદજી કાવશજી આશબરનર—જણાવવાને દલગીરી લાગેછે કે શેઠ ખરશેદજી કાવશજી આશબરનર, અથવા ભાંડુપવાલાએ આશરે ૬૭ વરશની વએમાં ગેઈ પરમ દીને આ ફાંની દુનીઆં છોડીને મીનોઈ લોકોમાં જાઈ વાશો કરેઓછે. ગેઈ પરમ દીને રાત શુધી એ મરનાર તંદરૂશત હાલતમાં હતા, અને પાછલી રાતનાં ૪ કલાકને શુમારે ચાહે પીવાને માગી હતી, પણ એ પછે જરા વખતે તેઓના ઓરડા મધે એક ઢપકારો થાએઆથી સઘલાંઓ દોડી ગીઆં હતાં, અને તે વેલા એ મરનાર ઢોલીઆ આગલ પડેલા જણાએઆ હતા. એ વેલાએ ડાકટર ફરાંમજી શાપુરજી બરડીને બોલાવી મંગાવીઆથી, માલમ પડીઉં કે મરનાર છાતીનાં દરદની અશરથી મરણ પાંમીઆ હતા. મરનાર શેઠ ઘણા શાલેશ અને એકમારગી હતા, અને તેમને પોતાના સદગુણોથી અતરેની પારસી આલમના મોટા ભાગનો પીઆર મેલવીઓ હતો જેઓને તેમનાં મરણથી ઘણી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૭૫.]

8th February 1875.

CURSETJEE COWASJEE ASHBURNER.—We regret to announce the death of Mr Khurshedjee Cowasjee Ashburner, the day before yesterday at the age of 67. The deceased was a retired merchant and landed proprietor, and was very much respected amongst the Parsees.

[*Times of India*, 11*th February* 1875.]

20th February 1875.

Merwanjee Shapoorjee General.—Our readers in the Mofussil will learn with much regret that a well-known man of Bombay has departed this life. We allude to Mr. Merwanjee Shapoorjee, commonly called the "General." This old man had nearly attained the age of 70 years. For many many years he was one of the Parsees best known in Bombay, and many a noble act of charity has adorned his character He was particulary well known to those officers of the Civil and Military Service. During the time of his fortune he was ever ready to lend a helping hand to others, and there are those now living who have not applied to him in vain. The old "General" was gifted with a most wonderful memory. It may be said of him that anything once told him was never forgotton. There are many who, on reading these lines, will regret to learn that the old "General" has gone to his final resting place. He died full of years, respected in life and honoured in death.

[*Bombay Gazette, 9th March* 1875.]

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

દસ્તુર હોરમજજી જામાસ્પજી જામાસ્પઆશાના—પુણાંવાલા ખાંનબાહદુર દસ્તુર નશરવાંનજી જામાસપજીના ભાઇ દસ્તુર હોરમજજી, જેઓ હેદરાબાદની અગીઆરીના દસ્તુર હતા, તેઓ પુણાં મધે ગઇ પરમ દીને ગુજરી ગયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૪ મી આપરેલ ૧૮૭૫.]

12th April 1875.

Dustoor Hormasjee Jamaspjee Jamasp Assana.—It is with deep and extreme regret we announce the untimely death of Dustoor Hormusjee Jamaspjee, the brother of our Khan Bahadur Dustoor Nusserwanjee Jamaspjee. This melancholy event took place last night at eight o'clock at his brother's residence in Nana's Pait, known as "Dustoor Hall." The deceased was suffering from piles, and had come to Poona about three weeks ago from Hyderabad Deccan, at which place he held the office of Dustoor for the last twenty years. He came here for a change, and for the purpose of getting medical treatment, but unfortunately succumbed to the disease from which he was suffering. His loss will be much regretted by the Parsee community of Poona as well as that of Hyderabad Deccan, and other places where he was familiarly known. The deceased gained for himself the good wishes of his friends and admirers, by his zeal and ability in performing the office of Dustoor for the Zoroastrian community in Hyderabad Deccan. In his death the Khan Bahadoor Dustoor Nusserwanjee Jamaspjee and his brother have lost a very intelligent member of the Dustoor Jamaspjee Ashajees' family. The deceased leaves a large number of friends and relatives to mourn his loss.

[*Poona Observer, 13th April* 1875.]

તા૦ ૧૯ મી મેએ.

રોજ ૧ માહ ૧૦ (ક૦) ૧૨૪૪ યજદજરદી.

રતનશાહ પેશતનજી વકીલ—સુરતથી હમોને મલેલી ખબરમાં દલગીરી સાથે જણાવવામાં આવેછે કે, તીઆંના પારસી ટોલાના

એક શેઠીઆ અને વકીલ ખાનદાનના જાણીતા ઘરસથ શેઠ રતનશાહ પેશતનજી વકીલના, બે દાહડા બોખારની સેજ માંદગી ભોગવીને ગઇ તા૦ ૧૯ મીએ રાતનાં કલાક ૯ ને અમલે, છપણ વરસની ઉમરે આ દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવી ગયાછે. તેઓ સુરતની માઉનીસીપાલીટીના અને પંચાતના એક મેમબર હતા, તેમજ તીઆંની જાફરઅલી સપીનીંગ અને વીવીંગ કંપનીના ડાઇરેકટર હતા. કાંઇ છોકરાં ન હોવાથી તેઓએ પોતાની હઇયાતીમાંજ પોતાનાં કુટુંબમાંથી દતક કરી લીધોછે. તેઓ મીલનસાર અને લાયકીવાલા હતા તેથી તેમનાં મરણે સુરતના જરથોશતીઓમાં તેમજ દેશાવર ખાતે તેમના લગતાવલગતાઓમાં દલગીરી ફેલાવીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૨ મી મેએ ૧૮૭૫.]

19*th May* 1875.

Ruttonsha Pestonjee Vakil.—The vernacular paper of Saturday morning announce the death of Mr. Ruttonshaw Pestonjee Vakeel, of Surat. The deceased was a member of the Parsee Punchayet and a Municipal Commissioner.

[*Times of India, 24th May* 1875.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

ભીમજીભાઈ જીવણજી રાંદેરીઆ—જણાવવાને દલગીરી ઉપજેછે કે મુમબાઇની આખી વશતીને જાણીતો થએલો તથા દેશાવર ખાતે પંકાએલો ઘરસથ તથા હાડવીદીઆનો નામીચો તબીબ મી૦ ભીમજી જીવણજી રાંદેરીઆ ગઇ પરમ દીને પાછલા પોહોરનાં ૬૫ વરશની ઉમરમાં અચબુચ મરણ પાંમીઆછે. આ મરણના સમાચાર ફેલાતાં આખાં શેહરનાં લોકોમાં દલગીરી પંથરાઇ હતી, શબબ કે મુમબઇમાં એક પણ દેશી કુટંમ હેવું નહીં હશે કે જેને મરનાર ડાકટર ભીમજીની જરૂર એક પણ વાર પડી નહીં હોએ. વલી જેઓને જરૂર પડતી તેઓને ડાકટર ભીમજી મોટી ખુશી સાથ મદદ આપતા હતા અને તેવી મદદ આપવામાં મોટી ફીની લાલચ એ ઘરશથે કોઇપણ વાર બતાવી નથી, પણ ઓર ગરીબગુરબાંઓને મુફત મદદ આપતા હતા, અને મદદ લેનારાઓની મોટી સંખીઆની ભીડ નીતરોજ તેમનાં મકાંન આગલ જોવામાં આવતી હતી, જે મકાંનને લોકોએ છાજતું નામ "ભીમજીની ઇશપીટાલ" કરી આપીઉં હતું. મી૦ ભીમજીએ લાંબો વખતવેર ગરીબગુરબાંઓ અને બીજાઓની મુફત દવા કરવાથી તેમની કદર બુજી તેમનાં ભલાં કામમાં મદદ કરવાને અતરેનાં શેહરીઓએ અને તેમાં ખશુશ કરી પારસીઓએ એક મોટું ફંડ કરીઉં હતું. ડાકટર ભીમજીની મદદ લેવાને કેટલાએક ડાકટરો ના પાડતા હતા અને ઉતરેલા શાંધા ઠેકાંણે લાવવાની અને ભાગેલાં હાડકાં શાંધવાની કોશેશ પોતે કરતા હતા, પણ તેઓ એ કામમાં ડાકટર ભીમજીની મુઆફક ફતેહ નહીં પામીઆથી તેઓને આખેર એ ડાકટરની મદદ લેવાની ફરજ પડતી હતી. મરનાર ડાકટર ભીમજીની મદદ દેશીઓજ નહીં પણ યુરોપીઅન વતીક લેતા હતા. અને તેમના મરનાર બાપ જીવણજી તથા તેવણે પોતે મલી ઘણાએક યુરોપીઅનોના ઉતરેલા શાંધા ઠેકાંણે આનીઆ હતા, અને ભાગેલાં હાડકાં શાહધીઆં હતાં, જેઓમાં મોટા શીવીલીઅન અને લશકરી અમલદારો તેમજ ગવરનર વતીક હતા, જેઓની અતીઘણી શરટીફીકેટો મરનારે શંઘરહ કરી એક ચોપાંનીઆંમાં છપાવી હતી, જે ઉપરથી ડાકટર ભીમજી કેહવા અગતના ઘરહશથ હતા તે જણાઇ આવેછે. મરનાર ડાકટર ભીમજીએ તેવંણની હઇઆતીમાં તેવંણનાં કુટંબીઓને તેવંણનાં હોનરથી શીખવી પાવરધા કરીઆછે, જેઓ આ ટાપુના જુદા જુદા ભાગો

ઉપરજ નહીં પણ કેટલાએક દેશાવરોમાં હાડવીદીઆનાં પરખીઆત ડાકટરો થએઆછે. હમો ઉમેદ રાખીએછ કે મરનાર ભીમજીનાં સરખું નામ અને જશ મેલવવામાં તેઓ ફતેહ પામે.

મરનાર ડાકટર ભીમજીએ એક તબીબ તરીકેજ નહીં પણ એક શેહરી અને એક મીતર તરીકે અતરેની પરજામાં શારૂં માન અને પરીત મેલવી હતી. તેવણનું દીલ ઘણું ઉદાર અને તેમનો શવભાવ ઘણો મીલનશાર હતો, અને તેમનામાં ઘણા ઓતમ ગુણો હતા, એટલે ઘણા થોડા વખતમાં તેવણ હરએક અનજાનીઆ શખસ સાથ મીતરાચારી બાંધી શખતા હતા. તે હઇઆંવેર કે જેઓને એ મરનાર ઘરશથના સાથ એક બે વાર કાંમ પડીઉં કે તે તેમનો મીતર થઇ લાગતો હતો. હમો આગલ જણાવી ચુકાછ કે મરનારને પઇશાનો લોભ હતો નહીં, અને તેના સાથ અતી ઉદાર દીલ હતું તેથી મીતરો, દોશતઆશનાઓ અને ઓલખાંણપીછાંનવાલાઓની પરેનાગત કરવા માટે તેવણ દુલલા હાથથી ખરચ કરતા હતા. મરનાર જો હાવું ઉદાર દીલ નહીં રાખતા હતે તો તેવણ પોતાની પાછલ લખો રૂપીઆ મુકી ગએઆ હતે, પણ દોલતના કરતાં પોતાના ભાઇબંધોનું ભલું કરવાની તેમની અતીઅંત ખાહેશ હતી, અને તેવણ પોતાની જીંદગીના છેડાશુધી તે મુજબ ચાલીઆ હતા. મરનાર તરફ લોકો કેટલું માન અને પરીત બતાવતા હતા તેના પુરાવામાં ગઇ કાલ દીને તેમને અવલમનજલ પોંહોચાડતી વેલાએ મલેલી મીજલશ ગુવાઇ આપેછ. જો જુદદીનોને આ મીજલશમાં ભાગ લેવાની છુટ હતે તો મરનારનાં રૂવાંનમે માન આપવા માટે શેંકડો નહીં પણ હજારો લોકોની ઠઠ મલતે.

મરનાર ડાકટર ભીમજી નીઆતજાતનો કાંઇપણ ફરક રાખીઆ વગર જેઓને તેમની મદદની જરૂર પડતી તેમને તે મોટી ખુશીથી આપતા હતા. છેલલાં બાવીશ વરશના દરમીઆંનમાં મુસલમનોએ બે મરતબે રાએટ કરી પારશીઓના ઉપર શેતમ ગુજારીઓ હતો. જેવારે એ રાએટ ચાલીઆ હતા અને જેવારે તે તુરતના બંધ પડીઆ હતા તેહવા વખતે પારશીઓની કાંઇપણ મદદ મેલવી નહીં શખાએ હેવી મુસલમાંનો ધાસતી રાખે એ તો ખુદરતી હતું. પણ પારસીઓનું દીલ કપટ અને કીનાબાજ નથી જેથી તેઓ પોતા ઉપર શેતમ ગુજારનારાઓની ચાલને હમેશાં દરગુજર કરતા આવીઆછે, એટલુંજ નહીં પણ તેઓ સાથ બનતી ખુબી કરતા આવીઆછે શબબ કે તેઓ સારી કાંની જાંણેછ કે નેકીનાં કાંમોથી હોરમજદ અને બદીનાં કાંમોથી હેરેમન રાજી થાએછ, માટે પોતાના દોશત અને દુશમેનો શાથ નેકી કરી પેલી જાહાંનમાં શવાબનો હંમબેરો મેલવવો. એક ખરા જરતોશતી તરીકે ડાકટર ભીમજીમાં આ ગુણો હતા અને તે ગુણો મુશલમાંનોનાં રાએટની વેલાએ જાહેરમ આવીઆ હતા. એ વેલાએ ડાકટર ભીમજીની મદદ લેવાને મુશલમાંનો ઘણી આચકી કરતા અને એમ શમજતા કે તે મદદ આપવા તેવણ ના પાડશે, તેથી તેમની આગલ તેઓ બીહીને આવતા. એવોની માવજત મી૦ ભીમજી અને તેમના શગાઓ હશતે મોહોડે કરતા, અને તેઓની માવજત કરવામાં કાંઇપણ કશુર નહી થશે એની તેઓને ખાતરી આપવામાં આવતી હતી. ડાકટર ભીમજીનો હાવો નેક શવભાવ જોઇ મદદ લેવા આવનારા મુશલમાંનો હેરતમંદ થત હતા, અને પારશીઓના ઉમદા ખવાશની તેઓ તારીફ કરતા હતા.

મી૦ ભીમજીનાં મરણથી અતરેના લોકોએ આ પરમાણે હાડવીદીઆનો એક નામીચો ડાકટર, એક ઉદાર શેહેરી, અને શઘલા વરનના લોકોનો એક મીતર ખોએઓછે, જેમની જગા પુરાવી મુશકેલ છે. આથીજ તેમનાં મરણથી તેમનાં કુટંબમાંજ નહીં પણ તમાંમ આલમમાં ગમગીની પેદા થઇછે જે

મનથી વીશરવી મુશકેલ છે. હાવા એક ખુબીવંતા ઘરશથ તરફ મમતા અને પીઆરની નીશાંન બતાવવા શારૂં અતરેના લોકોએ તેમની એક ઘટીત યાદગારી કરવી હેવી હમો સુચનાં કરીએછ, જે કુલ આલમને પશંદ પડતી થશે એમાં તો જરાએ શંધેહ નહીં.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી મેએ ૧૮૭૫.]

23rd May 1875.

BHIMJEE JEEVANJEE RANDELIA.—Mr. Bhimjee Jeevunjee Randeiria, Parsee inhabitant of Bombay, known throughout the Bombay Presidency by the name of Bhimjee the bone-setter, died on Saturday last after a short illness at the age of 65. The deceased gentleman, who enjoyed a very large practice in Bombay in his peculiar line, was celebrated amongst the native population of the Bombay Presidency for his liberality. For several years prior to his death he conducted at his own expense a dispensary where he treated patients from morning till evening, and even in the middle of the night. His place was largely frequented by people with broken or dislocated limbs, eager to avail themselves of Bhimjee's gratuitous services. His tact in giving relief to sufferers, where medical gentlemen of acknowledged abilities failed, his gentle disposition and liberality were so much appreciated by the inhabitants of Bombay, that a subscription list was raised, and about one lakh rupees were collected for him. Bhimjee enjoyed the confidence of many Europeans, old residents of Bombay, who preferred to call him in whenever any accident happened. His fame had travelled to distant countries, and he received professional calls from Calcutta, Madras, and even more distant parts of India.

[*Times of India, 27th May* 1875]

તા૦ ૨૫ મી મેએ.

રોજ ૭ માહ ૯ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

માણેકબાઈ તે આ૦ નવરોજજી પાલણજી દોરડીનાં વીધવા—જણાવવાને દલગીરી ઉપજેછે કે વરોદરાના માજી દેવાન શેઠ દાદાભાઇ નવરોજજીનાં માએ બાઇ માણેકબાઇ ગયે મંગલવારે રાતે ગીરગામ બાતે મરણ પામયાંછે. મરનારની ઉમર ૬૯ વરસની અને તેઓ નજદીક એક માસ થયો નબલાઇ અને તાપથી હેરાંન થતાં હતાં.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી મેએ ૧૮૭૫.]

25th May 1875.

MANEKBAI WIDOW OF NOWROJEE PALLONJEE DORDI.—We regret to announce the death of Bai Maneckbai, mother of Dadabhai Naorojee, ex-Dewan of Baroda, which took place last night at her residence, Girgaum. The deceased was 69 years of age, and had been suffering for the last four weeks from fever and general debility.

[*Times of India, 26th May* 1875.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૮ માહ ૧૦ (ક૦) ૧૨૪૪ યજદજરદી.

બરજોરજી જામાસ્પજી લાલા—શેઠ બરજોરજી જાંમાશપજી લાલા, જણાવવાને અતીઅંત દલગીરી ઉપજે છેકે પારસીઓની વસ્તીના આ જાણીતા અંને આબરૂદાર ગરહસ્થ ગયા બુધવારને દીને આ ફાંની જીહાંનથી અશબાબ ઉઠાવી ગયાછે. મરનાર ઘણા સમજુ, સાલેસ, અને મોટી પીછાંણ તથા વગવાલા હતા, અને તેવણે પોતાના સારા વખતમાં રાહાનુમાએ માજદીઅસનાં

વગેરે સભાઓમાં સાંમેલ થઇ સુધરેલા વીચારો અને ઘણી ભલી મનશની દેખાડી હતી. શેઠ બરજોરજીના ગુજરવાથી તેવણનું બચરવાલ કુટુંબ, બોહોલા દોસતઆસનાવો અને સઘળા જાણીતા ગરહસથોમાં બેહદ ઉદાસી ફેલાવો પામીછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી મેએ ૧૮૭૫.]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૧૦ માહ ૯ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

રતનશાહ મનચેરજી મેવાવાલા—શેઠ રતનશાહ મનચેરજી મેવાવાલા તે કંટરાકટર પેશતનજી રતનજીના બાવા પોતાની ૭૩ વરશની ઉમરે તા૦ ૨૮ મીની રાતનાં આ જાહાંન છોડી તે જાહાન કુચ કરી ગયાછે, જેથી એમનાં કુટુંબમાં ભારે દલગીરી ઉપજીછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૩૦ મી મેએ ૧૮૭૫.]

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

દસ્તુર જમશેદજી રૂસતમજી જામા-સ્પઆશાના—

નવસારી, તા૦ ૩૦ મી મેએ ૧૮૭૫.

જણાવવાને દલગીરી ઉપજેછે કે અતરેના જાણીતા અને બુજોરગ દસતુરજી સાહેબ જમશેદજી રૂસતમજી જામાસપઆસાવાલા, આસરે પંચીઆસી વરસની પાકી વયે, ગઇ તા૦ ૨૯ મી મેએને દીને રાતે સવા નવ કલાકને અમલે, આ ફાંની દુનીઆંથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઇ જેહાંન તરફ કુચ કરી ગયાછે. આ મરનાર દસતુરજી પોતાના એલમ અને પરહેજગારી માટે માન પામેલા હતા, અને તેમનાં મરણથી અતરેનાં લોકોમાં દલગીરી ફેલાઇછે. તેમની પાયદશત બાહરવણે સહવારે કાહડવામાં આવી હતી, જે વેલા એક મોટી મજલેસ જમાવ થઇ હતી; અને તેમનાં રવાંનને, ઉપર જણાવેલા દુખમાં આગલ જવાના નવા બંધાવેલા રસતા અને પુલ ઉપરથી પેહલવેહલું લઇ જવામાં આવીઉં હતું

[મુંબઇ સમાચાર, તા૦ ૧ લી જુન ૧૮૭૫.]

તા૦ ૧૬ મી જુન.

રોજ ૨૯ માહ ૯ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

એ૦ ફરામજી મોટાજી વેલાતી, વરોડરાના—

વરોડરા, તા૦ ૧૭ મી જુન ૧૮૭૫.

જણાવવાને અતીશે દલગીરી લાગેછ કે અતરેની કાંપનાં તથા શેહરનાં દસતુર ફરાં-મજી મોતાજી ગઇ કાલે શવારનાં શુરત મધે લીવરનાં દરદની બીમારી ભોગવી બેહશત-નશીન થએઆછે. એ મરણાર શવભાવે લગાર ગરંમ હતા પણ ચાલવે ઘણા શાચા હતા, અને એ મરનારનું શપશત ભણવા ઉપર અતરેનાં જરતોશતીઓ ઘણા મગરૂર હતા. જાતે લાએકીવાલા મીલંનશાર અને વચને શાચા હતા જેવોનાં મરણથી અતરેના જરથોશતીઓને એક મોટી ખોત ગઇછે. એ મરનાર પાછલ પોતાની ઘરડી માવતર તથા બચાંઓનો ભુકો મુકીને કુચ કરી ગીઆછે.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી જુન ૧૮૭૫.]

તા૦ ૮ મી આગશટ.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

પુણાં, તા૦ ૯ મી આગશટ.

કાવશજી શાપુરજી હાથીખાઉ—ગઇ કાલે સાંજનાં મી૦ કાવસજી હાથીદાર અથવા હાથીરામ નામના ગરહસથ આસરે પીસતા-લીસ વરસની ઉમરે મરણ પામીઆછે. મરનાર માહબલેશરમાં ઘણાક બંગલાઓની દેખરેખ કરતા હતા, તેમજ તાંહાં જનાર ઓની સગવડ માટે એક નાહનું સરીખું દુકાંન પણ રાખયું હતું. તેઓ દામ મોહડે માગયું લેતા હતા, પણ તેવી જગાએ ન મલે તેવી ચીજો પુરી પાડતા હતા. એ મરનારની લાશને અવલમંજલ પોહચાડવા અતરેથી ખા. બા. દસતુર નશરવાંનજીએ બે માણસ તથા એક મોબેદ ગઇ રાતરે તાબડતોબ સીતારે મોકલીઓછે. સીતારે પણ એ દસતુર હસતક એક દરેમેહર અને એક મોબેદ છે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૨ મી આગશટ ૧૮૭૫.]

તા૦ ૧૯ મી આગશ્ટ.

રોજ ૩ માહ ૧૨ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

લીમજીભાઈ નશરવાંનજી લીલાંઉ-વાલા—લખવાને દલગીરી ઉપજેછે કે પંજાબના એક એકસ્ટરા આશીસ્ટંટ કમીશનરની પદવી ઉપર હમણાંજ પસાર થયલો પારસી ગરહસથ મી૦ લીમજીભાઇ નશરવાંનજી લીલાંઉવાલા ગયા ભરેસપતવારને દીને શ્રી જલંદર ખાતે કોલેરાના દુશટ રોગથી હક થવાની ખબર તારની મારફતે અતરે આવીછે. મરનાર ગરહસથ ૩૩ વરસની ભરજવાંનીમાં હતા તથા જલંદરની સમાલ કાજ કોરટના જડજ મી૦ પેએનની સાથે તેના બંગલામાં રેહેતા હતા, તેજ બંગલામાં એમનાં દુખદાએક મરણનો આ મોઠો બનાવ બનેલોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી આગશટ ૧૮૭૫.]

તા૦ ૨૫ મી આગશ્ટ.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

શીરીનબાઈ બરજોરજી ડાકટર—મુંબઇના ડાકટર બરજોરજી દોરાબજીની બીજી છોકરી નામે શીરીન પણ ગઇ તા૦ ૨૫ મીએ મરણ પામીછે. એ છોકરી નાની હતી તીઆરે અભીઆસ કરાવવા માટે તેને ઇંગલાડ લઈ જવામાં આવી હતી, અને તીયાથી આવયા પછી તેણે પોતાની બેહેનપણીઓને યુરોપ જવાથી શું શું લાભ થાયછે તે વીશે સમજાવવું હતું તથા વારંવાર તેઓને સુધારાનાં કામનો બોધ આપયા કરતી હતી.

[ગુજરાત મિત્ર, તા૦ ૫ મી સપટેમબર ૧૮૭૫.]

25th August 1875.

MISS SHEREEN BURJORJEE DORABJEE COOPER.—We regret to announce the death on Wednesday, the 25th instant, of Miss Shereen, the second daughter of our citizen Dr. Burjorjee Dorabjee. When quite young she was taken to England to be educated, and on her return exerted herself, so far as lay in her power, to impart to the native girls of this country the benefits she had derived from her visit to Europe. Deceased was noted for her kindness of heart, and beloved of all who knew her.

[*Times of India, 28th August* 1875.]

તા૦ ૫ મી સપટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

ખાંનબાહાદુર કાવશજી નશરવાંનજી—ખાંનબાહાદુર કાવશજી નશરવાંનજી, જેઓ સીંધ ખાતે થુર અને પારકર પરગણાના જાણીતા અને લોકપરીય મેલ શુપરીનટેંડંટ હતા, તેઓ ગયાં પખવાડયાંમાં મરણ પામવાની દલગીરીભરેલી ખબર આવીછે. તે તરફ કોઇપણ પારસી નહીં હોવાથી તેમના મુસલમાંન નોકરોએ તેમને ભુમીદા કીધા હતા. મરનારના કરાંચી ખાતેના મીતરો તેમનાં મરણથી ઘણા દલગીર થયાછે. તેમની મુંબઇમા એક બેહેન સીવાય બીજું કોઇ બેશી નથી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી સપટેમબર ૧૮૭૫.]

5th September 1875.

KHAN BAHADOOR COWASJEE NUSSERWANJEE.—We regret to learn of the death, a week ago, of the well-known and popular Mail Superintendent of the Thurr and Parkur district, Khan Bahadoor Cowasjee Nusserwanjee. He died after a few hours' illness, and had to be buried by his Mahomedan attendants, there being no Parsees where the deceased was quartered. His death has caused much sorrow among his numerous friends in Kurrachee, who warmly appreciated his friendship.

[*Sind News, 13th September* 1875.]

તા૦ ૧૧ મી સપટેમબર.

રોજ ૨૬ માહ ૧૨ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

માણેકબાઈ તે બેહરામજી નશરવાનજી સીરવાઈનાં ધણીઆંની—હમુને જણાવવાને મોટો શંતાપ ઉતપન થાએછે કે આપણી ટાપુના જાણીતા શેહરી શેઠ બેહરામજી નશરવાંનજી શીરવઇનાં ધણીઆંણી બાઇ માણેકબાઇ ગઆ શનીવારે શવારનાં પ૨) વરશની ઉમરે હક થઆંછે.

[જામે જમશેદ, તા૦ ૧૩ મી સપટેમબર ૧૮૭૫.]

11*th September* 1875.

MANECKBAI WIFE OF BYRAMJEE NUSSERWANJEE SERVAI.—Very great sympathy, has been felt for Mr. Byramjee Nusserwanjee Servai, some time ago carting agent to the Railway companies, at his sad domestic bereavement, the death of his wife Bai Maneckbaie, which occurred on Saturday morning last It is felt more especially in the Parsee community, of which Mr. Byramjee is an esteemed and respected member, and deservedly so The funeral party was one of the largest known among the Parsees.

[*Bombay Gazette*, 13*th Sept* 1875.]

તા૦ ૧૯ મી સપટેમબર.

ગાથા ૪ (શે૦) ૧૨૪૪ યજદજરદી.

મનચેરજી મેહરવાંનજી ગુરગુર—શેઠ મનચેરજી મેહરવાંનજી જેઓની વરોદરાની કાંપમાં સરવેથી પેહેલી દુકાંન હતી, અને જેઓ સરકારદરબારનો વગવસીલો ધરાવનાર હતા તેઓ ગએ રવીવારે માથે લોહી ચઢવાથી એકાએક મરણ પામયાછે. શેઠ મનચેરજીની દુકાન સાથે સઘલા લશકરી અને શેહેરી અમલદારો મોટો વેહેવાર રાખતા હતા, પણ ૧૮૫૦ માં મોટી ખોટ જવાથી શેઠ મનચેરજીએ દુકાંન છોડીને એકાંત જીંદગી એખતીયાર કીધી હતી. તેમને ગાયકવાડ ખંડેરાવના દેવાંન ગોવીંદરાવ રોરીયા જોડે મોટી દોસતી હોવાથી, છુપી નોકરીના બદલા તરીકે તેમને દર માસે રૂ. ૩૦૦ નો મુસારો મલતો હતો, પણ તેનાં મરણ પછી ભાઉ સીંધીયાએ શેઠ મનચેરજીને મલતી આ રકમ અટકાવી હતી. આથી મરનાર પોતાનાં એકઠાં કીધેલાં નાણાંનાં વયાજ અને ઘરનાં ભાડાં ઉપર ગુજરાંણ ચલાવતા હતા. તેઓ સઘલા સરકારી અમલદારોને જાણીતા હતા, જેઓ તેમનાથી ગજદરબારી ખબરો મેલવતા હતા. શેઠ મનચેરજી પોતાના વેહેવારમાં ચોખું માણસ હોવાથી ઘણાઓને તેઓ નાપસંદ લાગતા હતા. તેમને કાંઇપિણ ફરજંદ નહીં હોવાથી તેમની આસરે રૂ. ૨૦૦૦૦ ની મીલકત તેમની વાધવાને ભાગે ગઇછે. મરનારના ગુજરાત અને મુંબઇમાં ઘણા ઓલખીતા અને મીતરો છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી સપટેમબર ૧૮૭૫.]

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૩ માહ ૧ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

કુવરજી જમશેદજી દોરાબજી લાલકાકા તથા તેમનાં બેહન પીરોજબાઈ—ગઇ પરમ દીને અમદાવાદ ખાતે જે મોહટી રેલ આવીઆ વીશેની ખબર હમોએ બીજા ભાગપર આપીછે તેના સંબંધમાં એક પારસી કુટુંબમાં ઘણો મોટો બનાવ બનવાની ખબર હમોને મલીછે. એ રેલના જોરથી તીઆંનુ એક ઘેર ટુટી પડયું હતું, જેમાં મી૦ જમશેદજી દોરાબજી લાલકાકા નામના ગરહસથની વરસ ૨૭ ની ઉમરની એક છોકરી અને વરસ સતરની ઉમરનો એક છોકરો ક્ચડાઇને મરણ પામીઆંછે. આ કમનસીબ છોકરો આવતી મેટરીકયુલેશનની પરીખશામાં એક ઉમેદવાર તરીકે આવનાર હતો; અને મરનાર જવાન છોકરી પોતાના ખાવંદ જે કલકતેથી મુંબઇ આવનાર હતો તેને મલવા માટે મુંબઇ આવવાની તઇઆરીમાં

હતી. પણ તેટલે આ અચંબુચી કુદરતી આફતથી તે બંને ભાઇબેહન મોહતને સવાધાન થયાંછે, અને તેથી તમનાં કુટુંબમાં દલગીરી ફેલાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૭૫.]

1*st October* 1875.

Framjee Jamsetjee Screwwalla.—We regret to announce the death of Mr. Framjee Jamsetjee Screwwallah, the head of the Screwwallah family, which melancholy event took place at the residence of his brother at Small Colaba last night. The deceased had been suffering from paralyses.

[*Bombay Gazette, 2nd October* 1875.]

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૧૮ માહ ૧ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

જીવણજી પેશતનજી મેહરજી—શેઠ જીવણજી પેશતનજી મેહેરજી—વીકાજી મેહેરજીનાં ખાનદાનમાંના આ લાયકીવાલા ગરહસથ ગઇ પરમ દીને સહવારે હૈદરાબાદ ખાતે મરણ પાંમયાછે. મરનાર નીજાંમ સરકારની નોકરીમાં ૩૦ થી વધારે વરસ થયાં હતા, અને નીમકહલાલીથી નોકરી બજાવવાના બદલા તરીકે તેઓએ સરકારનાં રાજમંડળના એક સભાસદની પદવીએ પુગયા હતા. ફકત છ માસ થયાજ મરનારે પોતાની નોકરી છોડીને પેનશન મેલવયું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૦ મી અકટોબર ૧૮૭૫.]

8*th October* 1875.

Jeevanjee Pestonjee Meherjee.—We regret to have to announce the death of Mr. Jeewunjee Pestonjee Meherjee, which sad event took place at Hyderabad early yesterday morning. The deceased gentleman was one of the most respected members of the once illustrious family of Pestonjee and Viccajee Meherjee. He had been in the service of His Highness the Nizam for thirty years or upwards, and, by zealous and faithful discharge of his duties, gradually rose to the post of a member of Board of State of H. H. the Nizam. He had retired from active service on pension only about six months ago.

[*Times of India, 9th October* 1875.]

12*th October* 1875.

Dorabjee Hormusjee Desai.—We regret to hear the accidental death of a young Parsee named Mr. Dorabjee Hormusjee Desai, on Tuesday last, at Bolton, who is nearly related to Mr. Jamsetjee Nusserwanjee Tata, in Bombay. The deceased was about 22 years of age, and was serving his apprenticeship at Messrs. Dobson and Barlow, Machinists, Bolton. The telegram does not give particulars about the accident, but states that he was drowned, the result of an accident

[*Times of India, 14th October* 1875.]

તા૦ ૧૭ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૨ (ક૦) ૧૨૪૫ યજદજરદી.

ભીમજીભાઈ જમશેદજી બાટલીબોઈ—જણાવવાને બેહદ દલગીરી ઉપજેછે કે અતરેની વસતીને શાહીકાની જાણીતા વેપારી ગરહસથ શેઠ ભીમજી જમશેદજી બાટલીબોઇ ગઇ કાલ દીને આએ ફાંની દુનીઆં છોડી મીનોઇ જાહણમાં વાશો કરીઓછે. મરનાર ગરહસથ ઘણા માલેશ અને મીલનશાર હતા અને ગરીબ ગુરબાંઓની દાદ લેતા હતા તથા ઘણીએક વેલાએ પરજાને લગતી બાબદોમાં જાહેર હીમત બતાવી હતી અને તેથી તેવણ સરવેના પીઆરા થઇ પડીઆ હતા,

તેવણનાં મરણથી તેવણના બુજરગ પીતાને જે કારી જખમ લાગેછે તે મનથી વીશરાવો અને દીલથી ભુલાવો મુશકેલ છે.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૭૫.]

24th October 1875.

SOONABAI, WIDOW OF MERWANJEE MANECKJEE PATELL.—The death is announced of Bai Soonabai, the widow of Merwanjee Maneckjee Patell, which took place yesterday at Nesbit Hall, Mazagon, the residence of her grandsons Messrs. Dhunjeebhoy and Pherozshaw Merwanjee Jeejeebhoy. The deceased lady was of the advanced age of 92, and leaves a large circle of grand and great-grand-children to mourn her loss.

[*Times of India, 25th October* 1875.]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૧૫ માહ ૨ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

જમશેદજી શોરાબજી ખરાસ—મી૦ જમશેદજી સોરાબજી ખરાસ, તે એડનવાલા મરહુમ શેઠ સોરાબજી કાવસજી ખરાસના નાધલા બેટા, એડનથી અતરે આવતાં અરબી સમુદર મધે ઇસટીમર દીલહીમાં, પોતાની છતરીસ વરસની ઉમરે, ગઇ તા૦ ૪ થી નવેમબર અને ગુરૂવારને દીને ગુજરી ગયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૯ મી નવેમબર ૧૮૭૫.]

તા૦ ૧૫ મી ડીસેમબર.

રોજ ૨૬ માહ ૩ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

બરજોરજી શોરાબજી ખરાસ—શેઠ બરજોરજી સોરાબજી ખરાસ નામના ગરહસથ ગઇ તા૦ ૧૫ મી ડીસેમબરને દીને મુંબઇમાં હક થયાછે. એ મરનાર ગરહસથ એડનના પેહલા પારસી વેપારી, તયાંની પંચાયતના માજી સરનશીન, તથા પરદેશ સાથે બોહલો વેપાર ચલાવનાર મરહુમ શેઠ સોરાબજી કાવશજી ખરાસના વચલા બેટા હતા. એઓએ આસતરીઅન લોયદ કુંપની તથા માજી આસતરેલીઅન મેલ કુંપનીની આડત એડન ખાતે ચલાવી હતી. એડન ખાતેનો આગલો અમેરીકન કાનસલ નીકલ ધી થરડ (નીકલ તરીજો) ૧૮૭૦ માં પોતાના હોદાનું રાજીનામું આપીને પોતાને સ્વદેશ ગયો, તયારથી તે આજ તુલીક અમેરીકન એલચી-ખાતાંનો જોખમભરેલો અખતયાર મરનારને સવાધીન હતો. એ અરસામાં મરનારે પોતાનો હોદો ચાલાકીથી બજાવીને અમેરીકન સરકારને પોતાનાં કામની સારી ખાતરી આપી હતી, કે જેથી વાસીંગતનની રાજમંડલીના વડા, પરેસીડંટ ગરાંટને બીજો કાનસલ નેમવાની કાંઇપણ અગત જણાઇ હતી નહીં. મરનારે કમીશનોન પાસટ માસટરની પદવી પસાર કીધી હતી, અને તેઓ પોતાની ઉપરાંત પારકી ભાષા-ઓમાં આરબી, સોમાલી, ઇંગરેજી, જંઝીબારમાં બોલાતી સોહાલી, તથા ફરેંચ ભાષા જાણતા હતા તેમજ તુરકી અને પોરટુગીઝ ભાષા પણ થોડી થોડી સમજતા હતા. વલી તેઓ પોરટુગીસ સરકારના એડન ખાતેના આડતીઆ હતા. તેઓ એડનથી મુંબઇમાં પોતાની તનદરોસતી સુધારવા અગીઆર વરસની લાંબી મુદત પછી આવયા હતા, અને તેટલાં ચાલીસ વરસની ઉમરમાં આ જેહાંનથી કુચ કરી ગયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૭ મી ડીસેમબર ૧૮૭૫.]

15th December 1875.

BURJORJEE SORABJEE KHARAS.—The *Samachar* records the death of a Parsee gentleman of some note in Aden, who arrived here a few weeks ago for the benefit of his health. Deceased was the second son of the late Mr. Sorabjee Cowasjee Kharas, the first Parsee who visited Aden and took an active part in the trade with Bombay and other parts,

When in 1870 the American Consul Nicholas retired from his post, Mr. Burjorjee Sorabjee Kharas was nominated to the Consulship, the duties of which he fulfilled with so much satisfaction to the American Government, that President Grant confirmed the appointment, and deemed it superfluous to delegate another officer. In addition to a thorough knowledge of Arabic, Somauli, and English, the late Parsee Consul possessed an intimate acquaintance with French, Turkish, and Portuguese. We also represented the last named European power at Aden.

[*Times of India*, 18*th December* 1875.]

ઇ૦ સ૦ ૧૮૭૬.

તા૦ ૫ મી જાનેવારી.

રોજ ૧૭ માહ ૪ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

માણેકજી નશરવાંનજી દલાલ—ઇંગલાંડના ગઇ કાલે આવેલા મેલ સાથ મલેલાં એક ખાંનગી પતરમાં જણાવવામાં આવેછે કે, *લનડન ખાતે મી૦ માણેકજી નશરવાનજી દલાલ નામના પારસીએ આપઘાત કીધોછે.* એ ધણી "ગીલકરીશટ સકાલરશીપ" નું ઇનામ મેલવીને વેલાત ખાતે વઇદકશાસ્ત્રનો અભીઆસ કરતો હતો, અને તેણે ચાલતા માસની તા૦ ૫ મી અને બુધવારને દીને ઝેર ખાઇને આપઘાત કરીઓહે. તે પોતાનાં બીછાણાં ઉપરજ મુવેલો માલુમ પડીઓ હતો, અને તેની પડોસમાં કંઇ ઝેરી વસતુની બાટલી પડેલી હતી. તેને આપઘાત કરવાનું કારણ માલુમ પડીઉં નથી, પણ એવું જણાયુંછે કે તેનાં મગજની હાલત નબલી ચાલતી હતી, તેથી આ પરીણાંમ નીપજીઉં હશે. મજકુર ઝેરની બાટલીપર તેણે અંગરેજીમાં એવી મકસદનું લખેલું હતું કે, તેનાં આ મરણના સંબંધમાં તેની સાથે રેહેનારાઓને બદનામ કરવા નહીં.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૭૬.]

5th January 1876.

Maneckjee Nusserwanjee Dalal.—We are informed of the death of Mr. M. N. Dalal in London on the 7th instant. The deceased youth was the first Gilchrist Scholar from this side of India. He was educated at the Elphinstone Institution and College, at the latter of which two places he was senior science scholar at the time he left to study in England. He had also passed his first B. A. examination of the Bombay *University before he left for England* in September 1874. At the time of his death, subsequent to his passing the London University matriculation examination with first class honours, he was studying medicine at King's College, with the view of competing for the Indian Medical Service.

[*Times of India*, 31*st January* 1876.]

તા૦ ૨૫ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

દાદાભાઈ કાવશજી તાતા—શ્રી હાંગકાંગથી અમોને એક મીતરનું કાગજ મલયું તેમાં જણાવેછે કે "અતરેની જાણીતી મેશરશ ટાટા કંપનીના ભાગીયા શેઠ દાદાભાઈ કાવશજી ટાટા જેવણ ગયા માસમાં નવસારી ખાતે હક થયાછે તેવણનાં મરણની ખબર અતરે ફેલાયાથી જરતોશતીઓમાં બહુ દલગીરી પેદા થઇ હતી. અતરેની અંજુમનનાં ફંડના એક આગેવાન ટરસટી તરીકે મરનાર શેઠે લાંબી મુદત સુધી કામ ચલાવયાથી અંજુમને તેવણનાં ઉઠમણાંની કીરીયા કરી હતી, જે વેલાએ મરનારની

યાદગારી કાએમ રાખવાના વીચારથી અતરે એક ફંડ ઉભું થયુંછે જેમાં અતારમાંજ ૨૭૫ ડાલરની રકમ તો ભરાઇ ચુકીછે. આવું માન ચીનમાં આજલગન કોઇબી પારસી ગરહસથને આપવામાં આવયું નથી."

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી આપરેલ ૧૮૭૧.]

તા૦ ૨૬ મી ફેબરવારી.

રોજ ૯ માહ ૬ (શે૦) ૧૨૪૫ યજદેજરદી.

પાલણજી પેશતનજી પોંહચખાનાં વાલા—આ મરનાર ઘરશથના ગુણો ગાવા તરણડે ઇંગરેજી પતરોએ એકસરખો અવાજ કાહડીઓછે. કાઉનસીલના મેમબરો, હાઇ કોરટના નીઆધીશો, વકીલો અને બારીશટરો, ઇંગરેજી વેપારીઓ, ઓધેદારો, અને નામીચા દેશીઓ મરનારનાં કુટંમંન તેઓની ગમખારીમાં દીલાસો આપવા વારાફરતી ગએઆ હતા, અને હજુર જાએછે. એ ઉપરથી સમજાએછે કે, દેશીઓના કરતાં ઇંગરેજોમાં એ ઘરશથ વધારે માનીતો અને માનવંતો થએઓ હતો. કેહવત છે કે નેકી તું કર, તે ખાલી નથી જનાર, તે મી૦ પાલણજીનાં મુકદમા ઉપરથી ખરી ઠરેછે. મરનારનો જોકે ધંધો હાટલ કીપરનો હતો, જે કાંઇ મોટાં માન અને મરતબાનો નહી હતો, પણ મરનારે તેનાં સદગુણથી એ ધંધામાં મોટું માન અને મરતબો મેલવીઓ હતો. એમની જુબાન હમેશાં શીરીન અને મીથાસભરી હતી, અને જેબી ઇઉરોપીઅન કે દેશી એમનાં આગલ કામે જતો તે પછી મોટી કે ઉતરતી પદવીનો હોએ, તેઓ સઘલાઓને એ મજકુર એકસરખી રીતે માન આપતો હતો અને મોટી હોરમતથી તેમના સાથ વાત કરતો હતો. ઇંગરેજોની મુલાખાત લેતી વેલાએ તેમની જુની રીત પરમાણે "ગાડ બ્લેશ યુઉ સર" ખોદાની તમોપર રેહમ હોજો, એ વાકીઅ હમેશાં તેમનાં મોહોડાંમાંથી નીકલતા, એટલે તેમની મુલાખાત લેનારા દરેક ઇંગરેજને ઇઆદ રેહેલાછે. આ દેશમાં અને તેમાં ખશુશ કરી મુંબઇ ઇલાકામાં સરકારી ગાંમ ખાતાંની અને લશકરી નોકરીમાં તેમજ વેપાર અને બીજા ધંધાને અરથે આવનારા ઇંગરેજોનો મોટો ભાગ મી૦ પાલણજીનાં પોંહચખાનાં મધે જઇ આવીઓછે, અને હઇઆં તેઓની જે ખીદમત કરવામાં આવેલી તે તેઓ હજુર ઇઆદ કરેછે. પુરાંના ઇંગરેજો જેઓ ધંધોરોજગાર છોડી અથવા પેનશન લઇ તેઓને વતન ગઆછે, તેઓ પણ મી૦ પાલણજીની ઇઆદદાશત ભુલીઆ નથી, અને તેઓ પોતાના છોકરા, ભાઇ, ભતરીજા, અને બીજા શગાઓને મુંબઇ મોકલતાં મી૦ પાલણજીની મુલાખાત લેવા બલકે તેમની સલાહ લેવા ભલાંમણ કરતા હતા. મી૦ પાલણજીની ફકત જુબાં શીરીન હતી એમ નહીં, પણ શીરીન જુબાં સાથ ઘણી ભલાઇ કરતા હતા. ઘણાક ઇંગરેજી અમલદારો જેઓ આ દેશમાં નોકરી કરતાં તેઓની સુખાકારી ખોઇ બેઠેલા અને જેઓ ઇનવાલીડ થઇ ઇંગલંડ જવા મુંબઇ આવેલા, તેઓમાંના કેટલાક પાસ મુંબઈનાં હાટલનું બીલ અને ઇંગલાંડ જવાનું નોલ આપવાનું સામરથ નહીં હોએ, તેઓને મી૦ પાલણજી એક પીતાની જગાબે કાંમ લાગતા, તેઓને ખાનુંપાનું આપતા અને વલી ઇંગલાંડ જવા માટે નોલના પઇસા ધીરતા, એટલે તેઓ મી૦ પાલણજીનું મોટું હેશાંન માનતા હતા. એથી હીંદુસથાંન અને ઇંગલંડ મધે મી૦ પાલણજીનું નામ ઘણું પરશીધ થએઉંછે. વલી સઉથી મોટી ખુબી મી૦ પાલણજીમાં એ હતી કે, એમને આજ સુધી કોઇનાં ઉપર પોતાનાં હાટલનાં બીલનાં પઇશા વશુલ કરવા ફરીઆદી માંડી નથી.

દેશીઓ જે નેકી ઇંગરેજોનાં સાથ કરે તે તેઓ ભુલતા નથી, હેવા ઘણાક દાખલામાં મી૦ પાલણજીનો એક દાખલો ઉમેરાએઓછે. મી૦ પાલણજીએ જે નેકી તેઓનાં સાથ કરી તે તેઓ ભુલી ગએઆ નથી, અને તેવણ જેવારે મરણ પાંમીઆ તેવારે તે જાહેરમાં

એકરાર કરવા ભુલીઆ નથી. પારસીઓએ તેઓના ચાલતા વખતમાં બીજી કોમોની સાથ ઇંગરેજોની સાથ મોટી ભલાઇ કરીછે, અને તે માટે જો તેઓએ કોઇથી થોડા ઇઆ ઘણા માનના સબુનો અને તેઓની માઠી હાલતમાં કાંઇક દીલાસો મેલવીઓ હોએ તો તે ઇંગરેજો આજે એટલા તો માહીત પડીઆછે કે, એમની ઇઆદગારી કરવા માટે જો એક ઉઘરાંણું કરવામાં આવે, તો તેમાં દેશીઓનાં સાથ તેઓ મોટી ખુશીથી શાંમેલ થાએ. તેમની હઇઆતીમાં પણ તેમની ઇઆદગારી ઉભી કરવાને ઇંગરેજો તઇઆર થએઆ હતા, અને કેટલાકો તો અતી માહીત પડી તેમને નાઇટનો ખેતાબ મલેલો જોવાની હોંસ રાખતા હતા. એમને લાએક તેશટીમોનીઅલ આપવા માટે આપણી પુલી-શના કમીશનર સર ફરાંક શુટરે એક ઘટીત સુચનાં કરી હતી, અને તે એકે એક ઉઘરાંણું કરી તેનો એક રૂપાંનો શટ લેવો અને તેનાં ઉપર ઘટીત લેખ કોતરી મી૦ પાલણજીને ભેટ કરવો કે, મી૦ પાલણજી એમનાં પોંહચ-ખાનાં મધે વાપડે, અને તેહાં ખાવા જના-રાઓ તે પલેટનાં લેખ વાંચી મરનારના ગુણોથી વાકેફ થાએ. આ પરમાણે ઇંગરેજો મી૦ પાલણજીને તેમની હઇઆતીમાં કાંઇ તેશટીમોનીઅલ આપવા તઇઆર થએઆ હતા, તેઓ એમનાં મરણ પછે એમની ઇઆદગારીને માટે કાંઇ કરવા ભુલે એમ નથી લાગતું.

[જામે જમશેદ, તા૦ ૧ લી મારચ ૧૮૭૬.]

26*th February* 1876.

PALLONJEE PESTONJEE HOTELWALLA.—Mr. Pallonjee Pestonjee, one of the best known and most popular man in Bombay, the proprietor of the Adelphi, Byculla Family, and Victoria Hotals, all well-known in India, and in England as well, died on Saturday morning at about 8 o'clock. There were no symptoms that his end was approaching. He was suddenly seized with an apoplectic fit, and died in a few minutes. He was 65 years old, but appeared to be much older. After the decline of the Hope Hall Hotel, the Adelphi became and has continued ever since one of the leading Hotels of Bombay. The generous and genial disposition of Mr. Pallonjee earned the good wishes of his customers, and his hearty "God bless you, Sir" will be often missed. He was a very kind, polite, and benevolent man. He had made it a study to win the favour of his customers by looking with a devoted earnestness and anxiety, to their comfort and convenience. Many men, too, have found in him a considerate friend and a kindly adviser. His customers, however influential and high in social rank, seldom failed to converse with the gay and cheerful old Pallonjee. When borne to the Tower of Silence his remains were followed by an exceedingly large crowd of Parsees as well as by the hotel servants of all parts who had assembled at the deceased's bungalow at Malabar Hill, to pay the last mark of respect to one whom they all loved and admired. Some years after the death of his first wife, Mr. Pallonjee remarried, and leaves behind him two young children.

Mr. Pallonjee had been proprietor of the Adelphi Hotel for nearly forty years. He was much respected by a large circle of friends, and was an especial favourite with Europeans of all classes. His unostentatious liberality to the distressed poor rendered him a very great favourite. It is a fact well-known that "Old Pallonjee" as he used to be called, has

frequently not only put up invalided officers from the mofussil when they had not the means to pay him, but had paid their passages and given them money for their immediate wants on arrival in England, taking his chance of being repaid if they were restored to health. Such acts of kindness made the old man loved by all classes, and his death will be the subject of wide regret. The Government made him a Justice of the Peace. It is said that he had acquired a rather large property. He has left a son, who received great and varied experience under "Old Pallonjee's" immediate eye.

[*Times of India, 28th Feb.* 1876.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૯ માહ ૭ (ક૦) ૧૨૪૫ યજદજરદી.

મેહરવાંનજી ફરાંમજી પાંડે—દગલબાજ દુનીઆંએ પારસી આલમને એક મોટો દગો દીધોછે. એવોના બાગમાં એક પુખ્ત થએલો ખુશબોદાર ગુલાબ, જે તેઓમાંના ઘણાએકોને તેની ખુશબો અને લંપતથી આશાએશ અને દેલાસો આપતું હતું, અને જેના ઉપર તેઓની ઉમેદ લટકાએલી હતી, તે અચબુચ કુમલાઇ ગએઉં છે. લોકોની ઉમેદ બાગબાંન તરફ મોટી હતી કે, હાવા ઓતમ ખીલેલા ગુલાબને તે મોટી શંભાલ અને જતનથી જાલવશે, પણ તે બર આવી નથી. જે ગોલાબનાં ફુલને માટે હમો બોલીએ છઇએ તે મરહુમ શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડે છે. પોતાની ગણીઆતના તરફ એમનો અતીઅંત પીઆર અને મમતા હતો, અને જેઓ નાચારી અને ગરીબાઇમાં આવીઆ હતા, તેઓને તેમાંથી બાહાર કાહડવા તેવણ રાતદીન મોટી આતુરતા રાખતા હતા. જેહવી તેમની આતુરતા હતી તેહેવોજ તેમનો દીલગુરદો હતો, અને કાંઇપણ મોટાઇ ઇઆ ગરૂરી બતાવીઆ વના તેમણે પોતાના ટોલાની હાલત સુધારવા માટે લખો રૂપીઆ ખરચીઆ હતા, અને આટલો મોટો ખરચ કરીઆ ઉપરાંત તે ખરચ વેઅરથ નહીં જાએ, તે માટે પોતાના તરફથી જાતી મેહનત લેતા હતા. પારસીઓમાં માઠી હાલતમાં આવેલા અને ગરીબાઇએ પોંહચેલા ઘણા થોડાજ હશે કે, જેઓએ શેઠ મેરવાંનજીનો આશરો મેલવવાની ઇછા બતાવી નહીં હોએ, તેમજ તેઓને આશરો આપવા શેઠ મેરવાંનજીએ ના પાડીઉં હોએ. નાચારો અને અશખતોને તથા બાઇ બાવરીઓને આશરો આપવા માટે તેવણે એક જુદું અને અલાહેદું ફંડ ઉભું કરીઉ હતું, જેમાંથી એવા લોકોને તેવણ આશરો આપતા. જેઓ કામ કરવાનું શામરથ અને ઉલટ ધરાવતા હતા, તેઓને પોતાના હશતકનાં ખાતાંઓ મધે તેવણ નોકરી રાખતા હતા, અને નોકરી આપીઆ ઉપરાંત તેઓનાં સુખ અને શગવડ ઉપર ધીઆંન આપતા હતા. તેવણ પોતાનાં ચાલતા ચલણમાં લખો રૂપીઆનો શદકો પોતાની કોમના ઉપર કરીઓ હતો. જેવારે મુંબઇ મધે જમીન અને ઇમારતની કીમત એકદંમ વધી ખીઆલી થઇ હતી, અને ભાડાં કાહની સરખાં મોટાં થએઆં હતાં, તેવારે મધમ શખતીના લોકોને તે વખતે ભાડું ભરવું મુશકેલ પડતું હતું, અને તેઓ તે માટેનાં મોટાં દુખમાં આવીઆ હતા. પોતાના જાતભાઇઓની આ મુશકેલી દુર કરવા માટે શેઠ મેરવાંનજીએ કરેલવાડીની શાંમણેની મોટી જગા ખરીદી અને હઇઆં ચાલીઓ બાંધવા માંડી, અને જેઓ પોતે થોડું ઘણું નાણું ખરચી રેહવાનું મકાંન બાંધી શકે તેઓને જગાના કટકા કીફાએત ભાવે વેચીઆ, અને તબી હેવી સરતે કે તેઓ જે મકાંન બાંધે તેમાં પોતે વશે અને પારસીઓને' વસાવે અને ભાડાંની મોટી લાલચ કરી પરકોમનાઓને ભાડે નહીં આપે. શેઠ મેરવાંનજીએ

લીધેલા આ ઇલાજથી મધમ શખતીના પારસીઓને સસતાં ભાડાંનાં રેહવાના મકાંન મલીઆં હતાં, અને મરહુમ શેઠ કાવશજી બનાજીવાલાં આતશબેહરાંમની આસપાસ જરતોશતીઓની વસતીની મોટી જરૂર હતી તે થઇ હતી. સસતાં ભાડાંનાં રેહવાનાં મકાંનો સવાએ મધમ સથીતીના પારસીઓને બીમારીની વેલાએ હવા ફેરબદલ કરવા માટેનાં મકાનની મોટી જરૂર હતી. સારી હવાની જગાએ બંગલાના બશો અને ચારશો રૂપીઆનાં ભાડાં હતા, તેટલાં આકલાં ભાડાં ગરીબોથી ભરાએ નહીં માટે બીમારીની વેલાએ હવા ફેરબદલ કરવા જવા તેઓથી નહીં બનવાને લીધે ઘણાકોની બીમારી વધતી હતી, અને ઘણાકો આ જુઠી જગત છોડી ચાલી જતા હતા. પોતાના ટોલાની આએ હાજત બર લાવવા ઉપર શેઠ મેરવાંનજીએ ધીઆંન આપીઉં, અને હાતમના સરખું સખી દીલ બતાવી મજકુર શેઠે કેટલાક લાખ રૂપીઆની મોટી રકમ ખરચી કોલાબા ખાતે પારસી શેનીટેરીઅમ બાંધીઉં, જે મેરવાંન બાગનાં નામે દરેક જરતોશતીને જાણીતું છે. આ મકાંન પછવાડે મજકુર શેઠને પાછલથી બીજો ખરચ થએઓ હતો, પણ તે પોતાનાં શરેશતાના સખી દીલ ગુરદાથી અને પોતાના ટોલા તરફ અતીઅંત પીઆર અને મમતા હોવાથી તેવણે મોટી ખુશીથી કરીઓ હતો. મેરવાંન બાગ બાંધીઆ ઉપરાંત પારસીઓની એક તરીજી હાજત ઉપર એ સખીવજુદ શેઠે ધીઆંન આપીઉં હતું અને તે એ કે દેશાવરથી આવતા પારસીઓને ઉતરવાની જગા મલતી હતી નહીં, અને તેઓને રખડવું પડતું હતું, તેઓનાં ઉતારાને માટે કરેલવાડીની પોતાની જગા ઉપર એક કુશાદગે ધરમશાલા બંધાવી. મેરવાંન બાગ અને પાડેની ધરમશાલા આજે પારસીઓને અતી ઉપયોગી થઇ પડીછે. વરશનાં બારે માસ મેરવાંન બાગ બીમાર અને હવા ફેરબદલ કરવા આવતા પારસીઓથી ભરેલો હોએછે, જેઓ પોતાની સુખાકારી મેલવી અને બાંધનારના હકમાં દુઆ માંગી પાછા ફરેછે, એજ પરમાંણે ધરમશાલા જેવારે પણ જુઓ તેવારે બાહરના ઉતારૂઓથી ભરેલી હોએછે.

શેઠ મેરવાંનજી જરતોશતીઓ ઉપર સદા ફીદા હતા અને તેઓની મુશકેલી દુર કરવા માટે પઇશો અને મેહનત ખરચવાને સદા તઇઆર હતા. એ માટેનો પુરાવો ઇરાંણીઓની હાલત સુધારવા માટે તેવણે આજ લામબો વખત થએઓ કરેલી કોશેશ ઉપરથી જણાએછે. ઇરાંન સરજમીન જે જરતોશતીઓનું વતન તેહાં તેઓની ઓલાદની નીશાન બતાવા માટે માતર પાંચ છ હજાર જરતોશતીઓ રેહઇ ગએઆછે. આટલી નાંધલી સંખીઆ તેઓ ઉપર ગુજરતા હદિસા, ધાતકીપણાં, અને જજીઆનાં કરથી ઓછી થતી હતી, અને હેવી જો તેઓની હાલત બીજો થોડાક વખત રેહેતે તો, ઇરાંણમાં જરતોશતીઓની નીશાંન બતાવા કોઇપણ રેહેતે નહીં એવી ધાસતી હતી. પોતાના હમદીનો ઉપરનો જુલમાત દફે કરાવવા અને તેઓની હાલત સુધારવા ઉપર શેઠ મેરવાંનજીએ ધીઆંન આપીઉં, અને બીજા સખીવજુદ પારસીઓની મદદથી એક મોટું ફંડ ઉભું કરીઉં અને મી૦ માણેકજી લીમજી આંતરીઆને ઇરાંણ મોકલી અને તેહાંની દરબારમાં વગ ચલાવી જજીઆની રકમ ઓછી કરાવી અને તેહરાંનની દરબારમાં તે પાધરો ભરતો કરીઓ. આએ પરીનાંમ મોટી કીમતનું હતુ અને જજીઆના કરમાંથી જરતોશતીઓ આજાદ થતાં તેઓની હાલત કાંઇક સુધારો થએઆછે. ઇરાંણીઓમાં ગણીઆંણનો ફેલાવો કરવા મકતબો ઉગાડીછે, અને તેઓના ફાએદાનાં કેટલાંક અગતનાં કાંમો કરીઆછે. દુકાલની વેલાએ ઇરાંનીઓને મદદ પોંહચતી કરવા માટે ઉભાં કરેલાં ફંડની વેલાએ શેઠ મેરવાંનજીએ ઘણી મેહનત લીધી હતી, અને અતરે નાહશી આવેલા

જરતોશતીઓને સારો આસરો આપીઓ હતો તથા બરદાશત લીધી હતી ધરાંણીઓને લગતા વહીવટ બાબદમાં પાછલથી કાંઇક ફરીઆદ ઉઠી હતી, પણ તેમાં મરહુમ શેઠ મેરવાંનજીની જો કાંઇ કશુર હોએ તો એટલીજ કે મી૦ માણેકજી લીમજી આંતરીઆ ઉપર તેવણે અતીઘણો વીશવાશ મુકીઓ હતો. પણ એ માટેની જેહેવી ભુલ જણાઈ કે તે શુધારવા ઉપર મરહુમ શેઠે સારૂં ધીઆંન આપીઉં હતું.

આ પરમાંણે પારશી ટોલાના ખેરખાહ અને ભલું કરનાર શેઠ મેરવાંનજી આ ફાંની દુનીઆ છોડી પોતાના શત પેગંમબર હજરત જરતોશતનાં પાશાંમાં વાશો કરીઓછે. પારશીઓના બાબમાં તેઓને આશાએશ અને સુખ આપનારાં ખુશબોદાર ફુલો એક પછે એક કરમાતાં જાએછે, એ મોટી દલગીરીની વાત છે, કેમકે હવે ઘણાં થોડાં ફુલો હેવાં રેહેઆછે કે જેઓની લમપતથી તેઓ પોતાની કોમનું દુખ દુર કરી શકે. હેવા ફુલોના ઉપર જાલમ મોહોત તેનો પંજા નાખી ઉમેદભરેઆં દીલોને નાઉમેદ કરવાને ભુલતો નથી. પણ માણસને માટે મોહોત સરજેલુંછે, અને મોહોતના આગલ માણસનો કાંઈ ચારો નથી. સઘલાઓને એક દીન ભરી આપવો છે. માણસજાત આ દુનીઆંમાં ખાલી હાથે આવેછે અને ખાલી હાથે જાએછે, પણ જે નેકીનો શોદો તે કરેછે તે પોતાની સાથ લઇ જાએછે. નેક આદમીનું આ દુનીઆંમાં મોટું કામ છે, પણ જાલમ મોહોત નેક અને બદનો ફરક કાંઇ સમજતું નથી, તેના પંજામાં જે આવીઓ તે ખરો. હાવી વગર ભરોશાની દુનીઆંમાં માણસજાતનું લાજેમ' છે કે પોતાથી બનતી ફરજ અદા કરી નેકીનો શોદો હાંસલ કરે. મરહુમ શેઠ મેરવાંનજીની નેકીની ખુશબોઇ ગઇ કાલ દીને મોટી પંમરી હતી અને તેમને અવલમંજલ પોંહચાડતી વેલાએ એક ઘણી મોટી અને દબદબાભરી મીજલસ મલી હતી, અને તેહાં હાજર થએલા દરેકનાં દીલ ગંમખાર હતાં અને સઘલાંઓને મોહોડેથી એકજ વચન નીકલતો હતો કે, તુંજ સરખા નેક અને ધરમાતુ ગ્રહસ્થને મરવું નહીં જોઇએ. આ પરમાંણે નેકીનો પંમરાત મરહુમ શેઠ પોતાની પાછલ મુકી ગએઆછે. તેઓથી જેઓ આસરો પાંમેલા હતા તેઓ અને બીજાંઓનાં દીલ એકસરખી રીતે ગંમખાર થએઆછે જે ગંમખારી મંનથી ભુલવી મુશકેલ છે.

મરહુમ શેઠ મેરવાંનજી કાંઇ લાંમબા દીવસના બીમાર નહી હતા, ગએઆ મંગલવારને દીને બપોરનાં તેવણ બીમાર થએઆ અને રાતના આ દુનીઆ છોડી ગએઆ હતા. મરનારની ઉમર ૬૪ વરશની હતી અને તેવણ પારસીઓનાં એક નામીચાં અને મોટાં ખાંનદાંનના હતા. એમનાં મરહુમ પીતાજી ફલાકાકાને નામે આખી પારસી આલમને જાણીતા છે, જેઓ આજે પણ તેમનું નામ માન અને પીઆરથી લીએછે. શેઠ મેરવાંનજીએ તેમની આખી જીંદગી વેપારમાં ગુજારીછે અને વેપારમાં તેવણ જેમ જેમ આબાદ થતા ગએઆ તેમ તેમને આસપાસ આબાદી ફેલાવી હતી. વેપારની પડતી હાલત પછે શપીનીંગ કું૦ઓનો ઉદીઓગ ખીલવવા ઉપર તેવણે ઘણું ધીઆંન આપીઉં હતું અને તેમનાં પરમાણીકપણાંથી તેમાં તેવણ મોટી ફતેહ પાંમીઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૯ મી મારચ ૧૮૭૬.]

7th March 1876.

MERWANJEE FRAMJEE PANDAY.—The death of Mr. Merwanjee Framjee Panday, which was announced in our obituary notices yesterday will leave a gap in the rank of the influential and respected members of the orthodox party among the Parsees—a party whose private charities, public benevolence, and spirit of enterprise have won general honour for their community. He

was one of a class, small and select, which is gradually fading away from the land, whose good deeds have added to the reputation for liberality and public spirit which the Parsees enjoy in this and foreign countries. Born of a mother of pure Persian extraction, Mr. Merwanjee was a true lover of his kind, and his public benefactions were confined to the people of his race. He built and endowed the Parsee Sanitarium at Colaba, named after him "Merwan Baug" at a cost of about seven lakhs of rupees; and the Parsee Dhurumsalla at Churney Road at a cost of about a lakh and a half.

Starting in life as a godownkeeper and general assistant in the firm of Frith, Bomonjee & Co, which existed many years ago, he left the service of the firm after several years' connection and became a broker to the firm of Messrs. Campbell, Mitchell & Co. From an early age he was considered to be a shrewd man of business, who turned his commercial experience to considerable advantage. He afterwards became broker to Messrs. Comber and Sons, and also to Messrs. Jafferson, Campbell & Co.

During the American War in 1862-63, he made large ventures in cotton transactions and made immense profits. In the sharemania times in 1863-64, he started the Imperial Banking and Trading Company, of which he successfully managed the affairs until the crash came which shook all the Joint-stock Companies in the city. He was in later years one of the promoters and directors of the Oriental Spinning and Weaving Company, and the Manockjee Petit Spinning and Weaving Company, and co-operated with Mr. A. C. Brice, in the establishment of the Bombay Press Company, the East India Press Company, and other press companies. In the management of the Oriental Spinning and Weaving Company, of which his firm are still the agents, he retrieved his fortune which had sustained a decline in the troubles of the share mania. Latterly his firm became agents to the New Dhurumsey Spinning and Weaving Mills and the Broach Mills, Mr. Merwanji paid unremitted attention to the improvement of the affairs of these two companies by a personal supervision of their working. It was only last week he visited the Broach Mills at Broach; and on the day preceding his death he is said to have visited the New Dhurumsey Mills at Coorla. On his return from the mills, he complained of a pain in his chest; and he has fallen a victim to that most insiduous of all diseases, heart disease. He was one of the working members of the Parsee Punchayet, a Justice of the Peace, and a Delegate of the Parsee Chief Matrimonial Court. In the share mania times, he purchased what is called "Bateo's Hill" near Bandora, and sold it to the Bombay Reclamation Company, against whom he afterwards filed a suit to recover sixteen lakhs of rupees; but the suit was eventually compromised. He had established a private fund of about two lakhs, with the special object of assisting the members of respectivable Parsee families in poverty and distress. He was a man of considerable influence and weight in his community, and frequently

private disputes among its members were referred to him for an amicable settlement. He died at the age of 64 years, and leaves behind him an only son, who is about twenty-three years of age. His funeral yesterday afternoon was attended by a very large concourse of Parsees.

His death, we believe, has caused general regret not only amongst the members of his own community, but throughout all classes in Bombay. Yesterday as soon as his death became known, most of the Parsee shops in Meadow Street, Forbes Street, and adjacent streets were partially closed, while the share market was entirely closed. The mills, of which Mr. Merwanjee was agent at the time of his death, the Oriental, the Coorla, and the Broach Mills, were also closed out of respect to his memory.

[*Bombay Gazette, 9th March* 1876.]

17*th March* 1876.

DADABHOY SORABJEE PATELL, M.A.—The melancholy death of Mr. Dadabhoy Sorabjee Patell, M A. the grandson of Mr. Framjee Nusserwanjee Patell, took place on the morning of the 18th instant at the residence of his father at Byculla. The deceased had been for some time suffering from liver. A number of influencial and leading members of the Parsee community attended the funeral. He left behind him a widow, and a large number of friends and relatives to mourn his untimely end. The deceased was about 32 years of age.

[*Times of India, 20th March* 1876.]

24*th March* 1876.

BACHOOBAI WIFE OF MR. HORMUSJEE BOMANJEE WADIA.—The death of Bai Buchoobai, wife of Mr. Hormusjee Bomanjee Wadia, and a niece of Mr. Ardaseer Hormusjee Wadia, took place at her residence at Grant Road on Friday last. The deceased was suddenly attacked with paralysis and expired within a short time. On Saturday last her remains were taken to the Towers of Silence, when a number of the leading members of the Parsee community attended her funeral. The entertainment at Lowjee Castle has in consequence been postponed *sine die*.

Among the many latters of condolence sent to Mr. Ardeshir H. Wadia for the sad occurrence, was one from H. E. the Governor, who deeply sympathises with the family for the bereavement, particularly on this festive occasion.

[*Times of India, 27th and 28th March* 1876.]

તા૦ ૩ જી આપરેલ.

રોજ ૧૬ માહ ૭ (શે૦) ૧૨૪૫ યજદેજરદી.

ભીખાઈજી તે (માણેકજી નવરોજજી જવેરીનાં માએનાં મમાઇ)—ગઇ પરમ દીને શુરત જીલ્લાનાં શીગનપોર ગાંમ મધે એક પારશી બાનુ નાંમે બાઇ ભીખાઇજી તે માંણેકજી નવરોજજી જવેરીનાં માએનાં મમાઇએ એકશો પંદર વરશની લાંબી ઉમરે પુગીને આએ દુનીઆંમાંથી વાશો ઉઠાવી મીનોઈ જાહાનમાં જાઇ વાશો કીધોછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી આપરેલ ૧૮૭૬.]

તા૦ ૨૨ મી આપરેલ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

એદલજી હોરમજજી બાંમજી—મી૦ એદલજી હોરમજજી બામજી નામે ૩૫ વરસ-

નો એક જવાંન પારસી ગરહસથ ગઇ કાલે સહવારે પોતાને ઘર બંદગી કરતાં મરણ પામયોછે. તેની લાસ ઉપર માણેકજી શેઠની વાડી આગલ જુરી ભરાઇ હતી, જેણે અભીપ્રાય આપયો કે છાતીનાં દરદથી મરી ગયો હતો. મરનારને તેનાં મરણની આગમજ પેટમાં દુખા આવયું હતું. આ મરનાર ગરહસથ અતરેના જાણીતા શેઠ નોશરવાંનજી રતનજી ટાટાના જમાઇ થતા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી આપરેલ ૧૮૭૬.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

જાંહગીરજી દીનશાહ મસરૂવાલા, સુરતના—સુરતની ખબર ઉપરથી જોવામાં આવેછે કે ચોકનાં બજારમાંની જાણીતી ઇઅરોપ શોપનો માલેક મી૦ જીહાંગીરજી દીનશાહ મશરૂવાલા ચાલતા માસની તા૦ ૨૩ મીને દીને અમરેલીનાં કેટલાએક ઇઅરોપીઅન રેહવાસીઓ ઉપર પોતાનું જે લેણું હતું તે લેવા માટે ગએઓ હતો, જાંહથી પાછો ફરતી વેલાએ અમરેલીનાં મોટા પુલ ઉપર પોતાના એક શોહબતીની સાથે ચાલતો હતો, અને તે વેલાએ તેનાં શોબતીની ટોપી લેવા માટે મી૦ જીહાંગીરજી પુલ ઉપરથી ઉતરવા જતો હતો. એ વેલાએ તેના પગ મધેનું બુટ લપસી ગએઆથી, મી૦ જીહાંગીરજી પુલની સાથે જબરદશત અથડાઓ, જે વેલાએ પોતાનો બચાવ કરતાં, મરનાર મી૦ જીહાંગીરજીનાં કલેજાંમાં કારી ઘાહ લાગો. એટલું એજ નહીં પણ તે મરનારનાં એક હાથનો ચુરો થાઇ ગએઓ. એ ઉપરથી તે મરનારને તાંહની શીવીલ આશપીટલમાં લેઇ ગએઆ જાંહ તેને પોતાનો પરાંણ છોડી દીધો. મરનાર પોતાનાં શાહલેશ શવભાવથી, તથા પોતાની મોટી ઇઉરોપ શોપથી, લોકોમાં જાણીતો હતો, માટે તેનાં મરણથી ઘણા લોકોમાં દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી મેએ ૧૮૭૬.]

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૨૯ માહ ૮ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

મનચેરજી પેશતનજી શેઠના—મી૦ મનચેરજી પેશતનજી શેઠના નામે એક પારસી ગરહસથ જેઓ પોતાના એક પારસી નોકર અને આઇ એમ નામના એક વીશવાશુ ચીનાની જોડ ચીનની મેલ સટીમર ટીબેટ ઉપર સવાર થઇને ગયે સોમવારે અતરેથી રવાંના થયા હતા, તેમને વીશે ગઇ પરમ દીને ગાલીથી એવા તારના સમાચાર મલયાછે કે તેઓ દરીયામાં બીજેજ દીને મરણ પામયા હતા. મરનાર બંધે આંખે અપંગ હતા અને તેમની ઉમર ૫૨ વરસની હતી. તેમની કેટલીક મીલકત ચીન ખાતે હોવાથી તેનો વહીવટ નકી કરવા માટે તેઓ એ દેશ જતા હતા. તેઓ ઘણાં વરસ સુધી એક યુરોપીયન પેહડીના દલાલ તરીકે ચીનમાં રહયા હતા, અને મોટું નાણું પેદા કીધું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી મેએ ૧૮૭૬.]

16*th May* 1876.

MUNCHERJEE PESTONJEE SETHNA.—A Parsee gentleman, Mr. Muncherjee Pestonjee Setna, who left Bombay by the P. and O. Co.'s steam ship Tibet on Monday last, died at sea next day. A telegram was received here yesterday from Galle announcing his death The deceased was blind, and was about 52 years of age He was going to China with his confidential servant [a Chinaman] and a Parsee clerk to dispose of his property in China. He has resided many years in, China as a broker to a well-known European firm, and was possessed of considerable property in China and in Bombay.

[*Times of India, 20th May* 1876.]

તા૦ ૩ મી જુલાઇ.

રોજ ૧૭ માહ ૧૦ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

પાલણજી દોરાબજી લાલકાકા—શેઠ પાહલનજી દોરાબજી લાલકાકાનું મરણ—૮૬ વરસના આ બુજરગ ગરહસથ ગયે સોમવારે એકાએક અને વલી ઘણી અજબ જેવી રીતે હક થયાછે. એ દીવસ સુધી તેઓ પોતાની સારી તંદરોસતીમાં હતા, અને સહવારે તો એક મરનાર મીતરને ઓટલે વઠીક જઇ આવયા હતા. નાસતો કરીને મરનાર ૧૦॥ વાગે મેશરસ મંચેરજી ફરાંમજી કામાની કુંપનીવાલી પોતાની આફીસમાં ગયા, જાંહાં લખતાં લખતાં તેઓએ એકાએક પરાણ મેળયો હતો. આમ થવાથી તેમને પાલખીમાં બેસાડીને પારસીઓ મોદી સ્ત્રીટ મધે તેમનાં ઘરમાં લઇ ગયા જાંહાંથી તેમની પાયદસત કાઢી હતી. ડાકટરની શાખશીપરથી જણાયછે કે મરનારને છાતીનું દરદ હતું. શેઠ પાહલનજી પોતાની પાછલ મોટું કુંટુંબ મેલી ગયાછે જેમાં તેમના એક બેટા ખાંનસાહેબ ખરશેદજી પાહલનજી ગુજરાતમાં ટપાલના ઇનસપેકટર છે. મરનાર ચીન અને બંગાલ સુધી વેપારને અરથે ગયા હતા. જોકે તેઓ આટલા બુઢા હતા તોપણ તેઓ એક જવાંન માણસની માફક કામ કરતા હતા. તેમના વડા બેટા જેઓ શોલાપુરમાં વેપારી છે તેઓ ૭૦ વરસના છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી જુલાઇ ૧૮૭૬.]

3rd July 1876.

PALLONJEE DORABJEE LALCACA.—We have to announce the sudden death yesterday, of Mr. Pallonjee Dorabjee Lalcaca, at the advanced age of eighty-six, under the following peculiar circumstances. The old gentleman was upto yesterday morning in his usual good health, and attended the funeral of a Parsee friend. After break fast, he went to his office at half-past ten o'clock, and within twenty minutes expired in his chair. He was immediately removed in a palanquin to his residence in Mody Street, Fort, and after the usual religious ceremonies, his remains were carried to the Towers of Silence at five o'clock. It appears from the testimony of his medical attendant that he was suffering from a weakness of the heart. Mr. Lalcaca belonged to an old, respectable and numerous family, and one of his sons Khan Saheb Cursetjee Pallonjee, is an Inspecting Post Master in Guzerat. The deceased had travelled to China and Bengal on commercial pursuits, and latterly was employed as a clerk in the firm of Messrs. Muncherjee Framjee Cama and Co, Though of such advanced age, he was in the full possession of his faculties, and was as steady at his desk as a hale young man.

[*Bombay Gazette*, *7th July* 1876.]

તા૦ ૧૪ મી જુલાઇ.

રોજ ૨૮ માહ ૧૧ (ક૦) ૧૨૪૫ યજદજરદી.

હોરમજજી શોરાબજી કોથારી—ગેઇ કાલે અતરે આવેલા એક ટેલીગરામની મારફતે હમો જાણવાથી દલગીર છઇએ કે કરાંચી ખાતેની જરતોશતી અનજુમનના એક મુખીઅ ગરહસથ શેઠ હોરમજજી શોરાબજી કોઠારી થોડા દીવશની માંદગી ભોગવીને સવરગવાશી થાએઆછે. કરાંચી ખાતે ઇંગરેજી હકુમત શરૂ થાએઆ પછી જે પારસી ગરહસથોએ એ શેહર ખાતે જાઇ વશીને પોતાની કોમનાં નામને જેબ આપી હતી તે માહેલા એક એ મરનાર ગહરસથ હતા. તેવણે સુરતથી નીકલીને સીંધ મધે જાયુક પોતાનું રેહથાણ કીધું હતું, અને ઇમાનદારી સાથે રોજગાર કરવામાં સારી દોલત તથા આબરૂ મેલવી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી જુલાઇ ૧૮૭૬.]

14th July 1876.

HORMUSJEE SORABJEE KOTHAREE. —Mr. Hormusjee Sorabjee Kotharee, one of the most prominent members of the Parsee community at Karrachee, has just died He had by his own industry risen from comparatively poor circumstances to wealth and competence. He was much respected for his integrity and benevolence and had many friends at Bombay, Surat and other places.

[*Bombay Gazette*, 17*th July* 1876.]

તા૦ ૨૭ મી જુલાઇ.

રોજ ૧૧ માહ ૧૧ (શ૦) ૧૨૪૫ યજદજરદી.

નવસારી, તા૦ ૨૭ મી જુલાઇ.

દેસાઈ માણેકજી હોરમજજી—આજ દીને અતરેનાં મોટા દેસાઇનાં ખાંનદાંનમાંના એક બુજોરગ દેશાઇ માણેકજી હોરમજજી બેહશતનશીન થયાછે. મરનાર સારી લાયકીવાલા ગરહસથ હતા, જેથી તેઓનાં મરણથી તેમનાં બેહોલાં કુટંબમાં તેમજ અતરેના જરતોશતીઓમાં દલગીરી પેદા થઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૭૬.]

આગશટ.

શાકરબાઈ તે મરહુમ શેઠ મનચેરજી મેહરવાંનજી ગુરગુરનાં વીધવા

વરોડરા, તા૦ ૧૩ મી આગશટ ૧૮૭૬.

અતરેના જાણીતા શેઠ મનચેરજી ગુરગુરનાં ધણીઆંની શાકરબાઇ આસરે ૬૫ વરશની જઇફીમો દંન તરણની માંદગી ભોગવીને શવરગવાશી થએઆંછે. એ મરનાર બાઇ જાતે ઘણુંજ રાંક અને શાલેશ હતાં, અને એવણના ખાવંદ ગએ શાલ ગુજરી ગીઆથી અતરે મરનારનો દારોદોશો કરવાનેં આવેઆં હતાં, પણ થોડા વખતમો એ મરનાર બાઇએ ઘણુએક સાથે ઓલખાંનપીછાંન કરીને સારી માએઆ મેલવી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી આગસટ ૧૮૭૬.]

તા૦ ૬ થી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શ૦) ૧૨૪૫ યજદજરદી.

પેશતનજી ફરાંમજી પોસ્ટવાલા અથવા ગ્રીનના—ગયાં અઠવાડીઆંમાં નરમદા નદીમાં આવેલી મોટી રેલમાં બરોડા રેલવેનાં પુલનાં ભાગી પડેલા ભાગને તપાસવા જતાં પોતાની હમેશ માફકની ફરજ બજાવાની ઉલટમાં મી૦ પેશતનજી ફરાંમજી ગ્રીન બ્રીડજ ઇનસ્પેકટર રેલનાં પાણીમાં ઘસડાઇ ગયાના સમાચાર આ તરફ ફરી વળેઆથી સુરત જીલાનાં દરએક નાહનાં મોટાં ગામોમાં તેને ખાસ રીતે અને નામથી પીછાંણનારી પ્રજામાં ભારે દલગીરીભરેલી દીલભર લાગણી બતાવામાં આવીછે. અને એ તેનાં કવખતની કજાથી નીપજેલાં મરણમાં વળી તેની લાશનો પતો હજુસુધી નહીં મલવાની ખબરથી તેનાં દુખદાયક મરણમાં શોકાતુર થનારાઓને વધારે દલગીરીભરેલો ઉમેરો થયોછે. બરોડા રેલવેનાં પેહેલાં મુરતમાં થઇ ગએલા ઇનજીનીઅર મી૦ ગ્રીન સાહેબે મરનારને તેહેની નાંહાંની વયમાંથી ઉંચકી લઇ પોતાની મેહરબાંની તળે ઉધારયો હતો. અને પોતાના કીમતી ઓધાનો સઘળો બોજો મી૦ પેશતનજીના આધાર ઉપર રાખ્યો હતો, જે વખતથી તે મી૦ ગ્રીનનાં ઉપનામથી ઓળખાતો આવ્યોછે. મરનારને મી૦ ગ્રીન પોતાના આસરા તળે વેલાત લઇ ગયો હતો. જાંહાં તેણે રેલવે ઇનજીનયરીંગનો ઉતમ અને પેહલવેહલો હોનર એ પારસી જુવાનને શીખાડી તેને પાછો બરોડા રેલવે સાથે જોડી મોકલ્યો હતો. અને તેથી તે બરોડા રેલવેના પેહેલા પારસી ઇનજીનીયર તરીકે એકલા સુરત જીલામાંજ નહીં પણ લાઇનના એકથી બીજા છેડા સુધી જાણીતો થઇ પડયો હતો. પણ અફશોશ કે જે ઉદયોગમાં તેનાં ઉપનામ મુરબીએ તેને સોંપ્યો હતો તેજ ઉદયોગની મજબુત ઉલટમાં તેની ટુંક ઉમરમાં કવખતનાં અને કઢંગાં મોતથી તે આપણામાંથી ગુમ થઇ ગયોછે ? એ વધારે દલગીર

થવાજોગ છે. અને બરોડા રેલવેનાં ઇનજી-નીયરીંગ ખાતાંએ મી૦ પેશતનજીનાં મૃત્યુમાં એક અગત્યનો અને તેની જગો નહીં પુરાય એવો એક દેશી સલાહકાર નોકર ખોયોછે. હવે આપણે જોવાનું રહ્યુંછે કે એવા એક નોકરનાં કુટુંબને રેલવે કંપની શું બદલો આપેછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૭૬.]

તા૦ ૧૫ મી સપટેમબર.

ગાથા ૧ (શે૦) ૧૨૪૫ યજદજરદી.

નવસારી, તા૦ ૧૮ મી સપટેમબર.

હોરમજજી બરજોરજી કપટાંન—શેઠ હોરમજજી બરજોરજી કપટાંન, જેઓએ અતરેનાં પારસીઓનાં દોખમાં તરફ જવાને એક પાકો રસતો બંધાવીને લોકોને ઘણું સુખ કરી આપી પોતાની યાદગારી કાયમ રાખીછે, તેઓ ગઇ તા૦ ૧૫ મીએ ગનદેવી ખાતે બેહસતનશીન થયાછે. આ ખબરથી અતરેના લોકોમાં ઘણી દલગીરી ફેલાઇછે. મરનાર શેઠનું ઉઠમાણું કરવાનો અતરેના લોકોનો વીચાર હતો, પણ ગણદેવીથી તેમના એક બેશીએ આવી તેમનું ઉઠમણુ કીધું હતું તેથી તે વીચાર માડી વાલીઓ હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૭૬.]

તા૦ ૨ જી અકટોબર.

રોજ ૧૩ માહ ૧ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

દોરાબજી ન. ખંડાલેવાલા—જણાવવા દલગીરી ઉપજેછે કે, ગએઆ શોમવારે પુણાં ખાતે આ૦ દોરાબજી ખંડાલેવાલા મરણ પામીઆછે. મરનાર પુણાં મધે શારૂં માન પામેલા હતા.

[જામે જમશેદ, તા૦ ૫ મી અકટોબર ૧૮૭૬.]

2nd October 1876.

DORABJEE N. KHANDALAWALLA.—It is with sincere regret that we announce the death of Mr. Dorabjee Khandallawalla, which melancholy event took place on the morning of Monday last. The deceased was highly respected by the Poona Parsees, and the funeral was attended by a large number of friends, Sir Jamsetjee Jejeebhoy Bart, C. S. I., attended to mark his respect for the departed.

[*Deccan Herald, 4th October* 1876.]

તા૦ ૧૨ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૧ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

નશરવાંનજી બહમનજી મોદી—જણાવવાને દલગીરી પેદા થાએચ કે આપણી વસતીને જાણીતા વેપારી શેઠ નશરવાંનજી બહમનજી મોદી ગઇ કાલે પેહલી રાતનાં ૯॥ કલાકને અમલે આએ ફાંની દુનીઆંમાંથી પોતાનો વાશો ઉઠાવી સદાની મીનોઇ જાહાંનમાં મુકાંમ કરેઓછે. મરનાર ચીન, બેંગાલ અને કલકતાના જાણીતા વેપારી અને ઘણા પરેજગાર હતા, તેમજ ઘણા સારા ગુણ ધરાવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૩ મી અકટોબર ૧૮૭૬.]

10th November 1876.

MUNCHERJEE SHAPURJEE VACHA.—We regret to announce the death of Mr. Muncherjee Shapurjee Vacha, at the early age of 36 years. This melancholy event took place yesterday at his residence on Malabar Hill. The deceased gentleman was a learned scholar in the Pehlvi, Zend, and Persian languages, and was for a few years a teacher in the Sir Jamsetjee Jejeebhoy Zend Institution. He translated lately, in conjunction with Dustur Eruchjee, several Yeshts of the Parsee religion, and published two volumes of them About three months ago he wrote several articles in the *Satya Mitra* in his own name, criticising some translations rendered by Durtur Peshootunjee of some passages in the Vendidad.

[*Times of India*, 11*th Nov.* 1876.]

તા૦ ૨૫ મી નવેમબર.

રોજ ૭ માહ ૪ (કo) ૧૨૪૬ યજદજરદી.

દાદાભાઈ હોરમજજી કામાજી—પારસીઓના બાગમાંનું એક પમરાત આપનારૂં ફુલ ગએઆ શનીવારની પાછલા પોહરના તરણ કલાકને અમલે કરમાએઉં છે, જેથી એ પરખીઆત ટોલામાં મોટી દલગીરી અને અફસોસ પેદા થએઓછે, જે દીલથી ભુલવો અને મનથી વીશરવો મુશકેલ છે. એ ફુલના પમરાટથી ઘણા દુખીઓને આશાએશ મલતી, ઘણી નાચાર વીધવા અને નાવારેસ નારોને તથા હાતીમ બાલકોને આસરો મલતો, અને હેવા અને હેવીજ કીસમનાઓ પોતાનાં દુખ અને નાચારીમાં એ ખુશબોદાર ફુલનો પમરાટ લઇ પોતાનાં દરદમંદ દીલને ખુશી અને આશાએશ આપતાં હતાં. પણ અફસોસ એ ફુલ તો કરમાઇ ગએઉં અને બચારા દુખીઆરાઓ અને હાજતમંદોની આશા ભશત થઈ, અને તેઓ દુખના માહશાગરમાં આવીઆછે. જમાનાએ ખરેખરૂં બુરૂં કામ કરીઉંછે, અને એ પમરાટ આપનારાં ખુશબોદાર ફુલ શેઠ દાદાભાઇ હોરમજજી કામાજીને આ દુનીઆંથી ઉઠાવી લીધાછે. માણસ દુનીઆંમાં જનમીઉં તે મરવાનેજ કાજે. મોહોત સઘલાઓને સરજીઉંછે, પણ ખરો ભાગ્યેશાલી તેજ છે કે, જે આ દુનીઆંમાં ખાલી હાથે આવે, અને પોતાના સાથ નેકીનો ખજાંનો લઇ જાએ.

મરહુમ શેઠ દાદાભાઈ કામાનું નામ આએ ટાપુના તમામ જરતોશતીઓમાંજ નહીં પણ પરકોમના લોકોમાં સારીકાની આશકારા થએલુંછે, અને એ નાંમ લાંમબો જમાનો સુધી જહલકતું રેહેઇ જવાનું. મરહુમ શેઠે એમની નાંધલી ઉમરથી વેપારમાં જીંદગી ગુજારી હતી, અને તેથી તેમને વેપારી આલમમાં મોહોટી ઓલખ અને પીછાંન થઇ હતી, જેઓમાં આ મરહુમ શેઠ તેમના મીલનસાર સ્વભાવ, પરમાણીકપણું અને બીજા સદગુણોને માટે પીઆરા થઇ પડઆ હતા. પોતાથી બનતી મદદ અને આસરો પોતાના કમનસીબ ભાઇબંદોને આપવો, એ ખોદાને ઘેરની ફરજ તેવણ સારાં મન અને ખરાં જીગરથી સમજતા હતા. એટલે જેખી સંકટમાં આવેલો વેપારી અથવા શેઠસાહુકાર એમની પાસ જતો, તેમને સારી સહલા અને કોઇ કોઇને સારો આસરો અને મદદ તેમનાથી મલતી હતી. ૧૮૬૪ ના સટામાં ખુવાર થએલા ઘણાક વેપારી અને શેઠસાઉકારો તથા કુટંબીઓને એ મરહુમ શેઠથી આસરો મલીઓ હતો, જે માટેનો ઉપકાર તેઓ પોતાની હઇઆતીની છેલલી ઘડી સુધી ભુલવાના નથી. કેટલાક વેપારીઓમાં અને કેટલાંક કુટંબોમાં લાંમબો વખત મુકદમાઓ ચાલીઆથી તેઓ ખુવાર અને પાએમાલ થતા હતા, તેઓની લવાદી આ મરહુમ શેઠ અને એમના નેક બખત ભાઇ શેઠ મનચેરજી કરતા હતા, જેમના ચુકાદાપર બંને તરફના લાગતાવલગતાઓ રાજી થતા હતા, અને તેથી કજીઆકંકાશનું મોહો કાલું થતું, હોરમજદની ફતેહ અને હેરેમંદોની શીકશત થતી હતી. નાચારબેચાર તેમજ મોહોટાં કુટુંબના ખરાબ હાલતમાં આવેલાઓને મરહુમ શેઠના તરફથી સારો આસરો મલતો હતો, અને તેથી તેઓ પોતાનો ગુજારો કરતા હતા, અને વલી એ આસરો આપવામાં એવણ એવી સંભાલ લેતા હતા કે, એ વીશે કોઇને ખબર પડે નહીં.

મરહુમ શેઠ દાદાભાઇ ઉપલાં કામો વગર ધામધુમે અને કાંઇ માન અને વખાંન પામવાની આશા વના કરતા હતા, એટલે તેવણનાં એ કાંમો વધારે દીપી નીકલતાં હતાં, અને તેમ તેમ તેવણ તરફ લોકોનો પીઆર અને મમતા વધતો હતો. તેવણ પોતાનાં કામકાજમાં, પેહરવાશ અને બીજી બાબદમાં શાદાઇ રાખતા હતા, જે સાદાઇ તેમની નેકીના પોશાગથી ઘણી દીપી નીકલતી હતી. જેહવું વેપારવનજમાં તેવણ પરમાણીક-

પણું બતાવતા હતા, તેહનું ધરમપર ઘણું સારૂં ધીઆંન આપતા હતા. જરતોશતી તરીકેની ફરજો તેવણ સારીકાની અદા કરતા હતા, અને પાકી અને પરહેજગારીથી તેવણનું તન અને મન અછું શનગાર પામીઉં હતું. હાવો એક સખીવજુદ અને નેક ખસલતનો નર ખોવો એ પારસી કોમને એક મોહોટો તોટો છે, અને તે પુરાવો મુશકેલ છે. રેહમત હોજો એ નેક અને અશો મરદનાં રૂહુ ઉપર તે કીરતારની.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૭૬.]

25th November 1876.

Dadabhoy Hormusjee Cama.—It is with regret we announce the death of Mr. Dadabhoy Hormusjee Cama, lately a well-known merchant of this town, China, and England, which melancholy event took place at his residence at Mody Bay at 4 P. M. on Saturday last. The deceased had been suffering from attacks of paralysis for some time. He was always consulted on commercial affairs by many of his brother merchants, and was ready and willing to render assistance to those who were in pecuniary difficulties, and had earned a good name amongst the Parsee community. He was also well-known as a very charitable gentleman. During the administration of Sir Seymour Fitzgerald, late Governor of Bombay, he was offered an appointment as a Justice of the Peace, but owing to some reason or other, the deceased declined to accept the offer. Amongst the mourners who attended his funeral, which took place yesterday morning were Sir Jamsetjee Jejeebhoy Bart., C. S. I., the Hon'ble Mr. Sorabjee Shapurjee Bengalee, Mr. Framjee Nusserwanjee Patell late a member of the Legislative Council, Messrs. Cursetjee Furdoonjee Parekh, Dinshaw Maneckjee Petit, C. N Cama, and several others. The deceased left behind him a widow and a large circle of sorrowing friends and relatives to mourn his loss. He was about 68 years of age. The Parsee community and the native merchants have lost an excellent adviser on commercial affairs.

[*Times of India, 27th Nov.* 1876.]

તા૦ ૪ થી ડીસેમબર.

રોજ ૧૬ માહ ૩ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

કરાંચી, તા૦ ૧૪ મી ડીસેમબર.

માહીઆરજી પેશતનજી બીખાજી દુબાશ—પી. ઇ. સ. ને. કંપનીના શેઠ માહીઆરજી પેશતનજી બીખાજી દુબાસ તરણ મહીનાની બીમારી ભોગવી ગઇ તા૦ ૪ થીને દીને મરણ પામીઆછે. એઓ આતરે દુબાસ તરીકે જાણીતા થયલા તથા મીલનસાર અને ઘણા ભલા સવભાવના જુવાંન પારસી હતા. તેમનાં મરણથી તેમના સંબંધીઓમાં ઘણી દલગીરી ફેલાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૭૬.]

તા૦ ૧૩ મી ડીસેમબર.

રોજ ૨૫ માહ ૩ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

રતનબાઈ તે આ૦ એદલજી શોરાબજી તાતાનાં વીધવા—

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

ગત ચાલતા માસની તા૦ ૧૩ મીની રાતે કલાક ૧૧ા ને અમલે બાઇ રતનબાઇ તે આ૦ દોરાબજી એદલજી તાતાનાં માએ ૧૦૨ વરશની લાંબી હઇઆતી ભોગવી બેહેશતનશીન થએઆં, તે વીશે ચાલતા માસની તા૦ ૧૬ મીનાં તમારાં જામે જમ-

શેહ મતર મધે એ મરનાર બાઇનાં મરણની નોધ ઉપરથી "મોહટી ઉમરનો એક નોંધી રાખવાજોગ દાખલો" એવાં મથાલાં તલે એક લંબાંન આરટીકલ લખીઓછે, પણ તેમાં માતર ઉમરની નોધ શીવાએ મરનાર બાઇ વીશે કસી વધુ ખબર કે જાતી ગુણ જાહેર થએઆ નથી. વાસ્તે આએ પરશંગે મરનાર બાંઇનાં જનમચરીતર વીશે ટુક હેવાલ લખી મોકલીએચ તે જો તમો શેઠની નજરમાં દરૂસત દીશે તો તેનાં સાર ઉપરથી કાંઇએક લખાન કરવુંજી. પછી તો તમો સાહેબની મરજી.

મરનાર બાઇનો જનમ શ્રી નવસારી મધે દસતુરજીના મોહલામાં શેઠ નશરવાંનજી રતનજી તાતાનાં હાલનાં મોટાં ઘરની લગોલગ પડોસમાંનાં ઘરમાં ઇશવી શને ૧૭૭૪ માં થએઓ હતો. મરનારના બાવા માણેકજી તાતા જેઓ નાધલી ઉમરે મરણ પામવાથી મરનાર બાઇનું નાધલી ઉમરમા પોશણ ઘણું સુધી બેહેશતનશીન દોરાબજી તાતા તે એ મરનાર બાઇના કાકા અને અતરેના લાએકીવાલા શેઠ નશરવાંનજી રતનજી તાતાનાં બપાવા થતા હતા તેવણે કરીડું હતું. મરનાર બાઇની શગાઇ શ્રી સુરત મધે જીનતગુજીન શેરાબજી ભીખાજી તાતાનાં છોકરા એદલજી સાથ સને ૧૭૮૪, ૮૫ માં થાઇ હતી.

મરનાર બાઇએ તરણ છોકરા અને એક છોકરીનો જનમ આપીઓ હતો, તેઓમાંથી હાલ માતર દોરાબજી તાતા હઇઆત છે જેનાં ઘેરમાં એ મરનાર બાઇ છેલી ઘડી શુધી હતાં. સને ૧૮૧૬ માં શ્રી નવસારી મધેથી એવણનાં ભરથારે અતરે બોલાવવાથી આવીને અતરેજ રહીઆં હતાં.

મરનાર બાઇ ઘણાં મીલનશાર, માએઆલુ, રાંક, નરમ સવભાવનાં, તે સાથે ઘણાંજ મેહેનતુ. હતાં, તેમજ સઘલાંઓને શીરીન જુબાનથી બોલાવનાર હતાં, અને ધરમ ઉપર ઘણાં ચુશત હતાં, અને મરણની છેલી ઘડી સુધી ઇઆથા અશેમ હર ઘડી ભણતાં હતાં અને બીજાઓને ભણવાની તાકીદ કરતાં. એ સઘલા સારા ગુણો ઉપરાંત બીજો ગુણ એ હતો કે નાહનાં બાલકોને ઘણાજ પીઆરથી ચાહી પોતા આગલ બેશાડી રાખતાં અને તેઓની જતનથી સંભાલ કરાવતાં હતાં. મરનાર આંગે શમતોલ દીશતાં અને ઘણો ખોરાક લેવાને તેમજ ઘણો દારૂ પીવાને ધીકારતાં હતાં. હમેશાં ઘણું કરીને શાદો અને શુતરો ખોરાક લેતાં. ઉપલા સદગુણોની અસરથી આટલી પાકી બુજરગીભરી ઉમર છતાં પોતાનાં મરણની થોડા દીવસ આગમજ સુધી સઘલાંઓ સાથે ઘણીજ હુશીઆરીથી વાત કરતાં, તથા જે કાંઇ કહીએ તેનો ચોકસાઇથી જવાબ વાલતાં અને પોતાની જીંદગીમાં જે કાંઇ બનાવો ગુજરીઆ હોએ તેને ઇઆદ કરતાં હતાં.

ગીઆ છેલા શાત વરશની અંદર મરનારનાં બે છોકરા (તેમાં છેલે શેરાબજી દેસાઇ) છોકરી અને તરણ વહુઓ તેમજ પોતાના ભાઇ કાવશજી તાતા તથા ભતરીજા દાદાભાઇ તાતાનાં (તેમાં મરનાર બાઇના ભાઇ અને ભતરીજા શ્રી નવસારી મધે થોડા મહીનાં થએઆ ગુજરીઆ હતા) થોડા થોડા મહીનાને છેટે ભરજુવાંન વએ ઘણીજ દલગીરીભરી રીતે મરણો નીપજવાથી મરનાર બાઇની દેહ દન ઉપર દન ઘણીજ લથરતી ચાલી હતી જે શબબોથી મરનારની કાંણે શાંભલવાની, તથા ચાલવાની અને આંખે જોવાની શકતી (તેમાં એક આંખ તો તદન ગઇ હતી) ઓછી થતી ચાલી હતી, તોપણ એક આંખે જોઇ શકતાં હતાં અને ઓલખતાં હતાં. ગીઆં સાત વરશ ઉપર મરનાર બાઇ કશતી વણવાને, તથા ઉન કાંટવાને, અને ઘેરમાંનું ઉપર તલેનું કામ કરવાને શકતીવાંન હતાં. પણ તે પછી ઉપર જણાવેલા માઠા બનાવોથી નાંતવાની વધતી ચાલી તોપણ કોઇ કોઇ વખતે આપણે ઘણુંબી ના કેહવા છતાં બીજાં ઘેર મધેનાંઓ સાથે હલકાં

કામ ઉપર વલગતાં અને કેહતાં હતાં કે "હું બેશી રહીને શું કરૂં, મને કંઇપણ કામ વગર બેશી રેહવા ગમતું નથી. ઉલટું મારૂં દીલ ભારી થઇ જાએછે" વગેરે અને જારે ચાલવાને દનપરદન અશકત થવા લાગાં તારે અફસોસ કરતાં કે અગાઉ નવસારી મધે જારે પીંડારાઓની હુલ પડતી તારે છેક સુરત વેર પગે ચાલીને જતાં, તેમાં રસતામાં ચાલતાં કાંટા, કાદવ, ધુલ, પાણી વગેરે અડચણો નડતી તેની જરા પણ દરકાર કરીઆ વગર ચાલીને જતાં હતાં, પણ હવે તો આટલું થોડુ પણ ચલાતું નથી. તેમજ બીજાં છોકરાંઓ દરીએ ફરીને આવીને મરનાર બાઇને કેહે કે અમે થાકી ગએઆં તારે પોતાની વાત કરીને કેહેતાં કે અમે નવસારીથી સુરત સુધી ચાલીને જતાં અને વખતે તેજ દીન તાંહથી પાછાં ચાલીને આવતાં.

જો એ મરનાર બાઇએ પોતાના છોકરા, છોકરી, વહુઓ અને કુટંબીઓનો ગમ ન ખાવો હતે તો હજુર એક દાએકો પુર સુખાકારી સાથે ગુજારી શકતે.

એ મરનાર બાઇનાં શાશુ પણ ૧૧૦ વરસની લાંબી જીંદગી ગુજારી આએ ફાંની જીહાંનમાંથી કુચ કરી તે મીનોઇ જીહાંનમાં વાશો કીવો હતો.

લા૦ શશત વીચાર.

[જામે જમશેદ, તા૦ ૨૬ મી ડીશેમબર ૧૮૭૬.]

ઈ૦ સ૦ ૧૮૭૭.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

આદરજી જીવણજી પોસ્ટ માસટર—

સુરત, તા૦ ૯ મી જાનેવારી ૧૮૭૭.

અતરેના માજી પોસટ માસટર મી૦ આદરજી જીવણજી રાજકોટ ખાતે લકવાના મરજથી ગુજરી ગયાછે. મરનારે અડાવીસ વરસ અને છ મહીના પોસટ ખાતાંમાં નોકરી કીધી હતી જે દરમીઆંનમાં તેઓએ સરવેનો એકસરખી રીત પેઆર મેલવીઓ હતો. મરનારનાં મરણના સમાચાર અતરે જાણવામાં આવીઆ તીઆરે લોક ઘણું દલગીર થઇ ગયું હતું. કેમકે મરનાર પોતા પાછલ ચાર છોકરી એક વીધવા અને મોહોલું કુટુંબ મુકી પીસતાલીસ વરસની વયમાં મરણ પામીઆછે. સઉ કરતાં વધારે દલગીરી તેની ચાર નાની છોકરીઓને માટે લાગતી હતી, કેમકે સરકારે વીધવાઓને પેનશન આપવાનું બંધ કીધુંછે. મરનારને પેનશન લેવાને ફકત દોઢ વરસ બાકી હતું, જેથી સરકાર મરનારની આગલી લાંબી નોકરી ઉપર નજર કરી તેને થોડી પણ બખશેશ આપે તો ઘણું સારૂં એવું અતરેના લોકો ઇછેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૭૭.]

3rd January 1877.

ADARJEE JEEVANJEE POST MASTER—Telegraphic intelligence was received in Bombay yesterday conveying the untimely death of Mr. Adurjee Jeevanjee, formerly a Post Master at Surat, and now at Rajkote, which melancholy event took place at Rajkote at 4 P. M. on Wednesday last. The deceased was for many years in the service of Government. During the Baroda Commission he was for a short time transferred to Baroda, where he discharged his duties to the entire satisfaction of his superiors. He was suddenly attacked with paralysis, but notwithstanding the best medical assistance that was rendered to him, his sickness proved fatal. His untimely death has caused a deep regret amongst the Parsee Community at Surat, where he was

highly respected by all those who knew him. He left behind him a large circle of sorrowing friend and relatives to mourn his loss. The deceased was about 45 years of age.

[*Times of India 5th January* 1877]

તા૦ ૫ મી જાનેવારી.

રોજ ૧૮ માહ ૪ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

જમશેદજી પેશતનજી પોસ્ટવાલા—જામે જમશેદના ઉઘરાંણી કરનાર જમશેદજી પેશતનજી પોશવાલા પોતાની ૬૨ વરશની જીંદગી આ ફાંની દુનીઆંમાં ગુજારીને ગેઇ કાલે શહવારનાં શવાદશ કલાકે પોતાનો અશબાબ ઉઠાવી મીનો જેહાંનમાં વાશો કીધોછે. એ મરનારને ઘણાંએક જણા "જામેનો જંમશુ" એવાં નામથી ઓલખતા હતા, અને કેટલીએક આશીશોમાંના માણસો સાથે મરનારની શાલેશાઇથી સારી ઓલખાંન પડી હતી. એ મરનારે આ છાપાખાનાંમાં ચાલીશ વરશની લાંબી મુદત શુધી અછી રીતે ચાકરી બજાવીછે. "જામે જમશેદનો જંમશુ" નાં મરણથી એ કારખાનાંએ પોતાનું એક રમકડું આજ દીને ખોએઉંછે.

[જામે જમશેદ, તા૦ ૬ થી જાનેવારી ૧૮૭૭.]

તા૦ ૧૩ મી જાનેવારી.

રોજ ૨૬ માહ ૪ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

કુવરજી હોરમજજી ભાભા—જણાવાને દલગીરી લાગેછે કે, આપણી ટાપુના સરવેને જાંણીતા વેપારી શેઠ કુવરજી હોરમજજી ભાભા ગએઆ શનીવારને દીને ૮૬ વરશની બુજરગ વએમાં આ હાદમંદ દુનીઆં તજી મીનોઇ જાહાનમાં વાશો કરેઓછે. મરનારે ચીન અને બીજા દેશોનાં સાથ લાંમબી મુદતવેર વેપાર ચલાવીઓ હતો, અને તે દરમીઆંનમાં જેઓએ એમના સાથ કામ પાડીઉં હતું તેઓ એમની શાદાઇ, શાલેશાઇ, તથા પરમાણીકપણાં વીશે સદા વખાંણ કરતા રેહેઆછે. મરહુમ શેઠ કુવરજીના આગલ જેઓ સલાહ લેવા આવતા હતા, તેઓને તે શાચેશાચી આપતા હતા, અને જેઓ એમની સલાહ માનતા તેઓ ખચીત પોતાને ફાએદો કરતા હતા. એક ખરા ઘરશથનું લાએકીપણું એ બુજરગ ઘરશથમાં હોવાથી એમનાં મરણથી એમનાં કુટમ પરીવાર તથા દાશતઆશનાઓમાં મોહોટી દલગીરી પેદા થઇછે.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૭૭.]

13th January 1877.

COOVERJEE HORMUSJEE BHABHA—It will be heard with regret that Mr. Cooverjee Hormusjee Bhabha, late a well-known merchant of China, Hongkong, and Bombay, died at his residence, Mody Street, Fort, on Saturday last. The deceased had great experience in commercial affairs, and was always consulted by many merchants in commercial Crises. He was ready and willing to offer any assistance to those who sought his advice. Yesterday morning his funeral was attended by a very large circle of friends and relatives. The deceased was 85 years of age.

[*Times of India 15th January* 1877]

તા૦ ૧૦ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

દસ્તુર મીનોચેહરજી દારાબજી ઉદવારેવાલા—

ઉદવારા, તા૦ ૨૨ મી ફેબરવારી.

ઉદવારાના વડા દસતુર મીનોચેરજી, રોજ. ૨૪ મો માહ. ૫ મો, તા૦ ૧૦ મી ફેબરવારીને દીને બેહશતનશીન થયા હતા. તેમનાં એ મરણથી તેમનાં ખેશકુટુંબ તથા તીઆંના રેહવાસીઓને ઘણી ગમગીની ઉપજી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૭૭.]

તા૦ ૨૭ મી મારચ.

રોજ ૯ માહ ૭ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

માણેકબાઈ તે શેઠ જમશેદજી હોરમજજી દસ્તુર જામાસ્પઆશાનાનાં ધણીઆંની તથા ખાંનબાહદુર દસ્તુર નોશરવાંનજી જામાસપજી જામાસ્પઆશાનાનાં બેટી—

શીકનદરાબાદ, તા૦ ૩૦ મી મારચ ૧૮૭૭.

બારશીથી મોટો અફસોસ ઉપજાવનારા સમાચાર અતરે હેવા આવીઆછે કે, અતરેના માજી દસતુરજી સાહેબ હોરમજજીની વહુ માણેકબાઇ તે દખણના માનવંત દશતુરજી શાહેબ ખાંનબાહાધર નશરવાંનજીની બેટી પોતાના ખાવંદ દશતુર જમશેદજીની સાથ નીજામ સરકારના બીર ટાલુકામાં રહેલાં હતાં, તે બાઇ તા૦ ૨૭ મી મારચને દીને બીર ગામમાં હક થએઆછે. તે તરફ ગાડી નહીં હોવાને લીધે આ રૂવાંનને ગાડામાં મુકી બેએ જન બારશી તરફ લાવીઆ કે રેલવેની ગાડીમાં મુકી પુણાં તરફ લઇ જાએ. પણ અફશોશ કે, રૂવાંનને રેલવેમા મોકલવા શટેશન માસટરે ના પાડીઉં, જે વીશેના તારના સંધેશા એક પછે એક અતરે આવેઆ હતા. એપરથી અતરેના શદર તાલુકદાર દશતુર રતનજી તથા દશતુર બેહરાંમજીએ અનેક ઉપાએ લીધા કે કાંઇબી કરી રૂવાંનને રેલવેમાં પુણે મોકલે. શદરહુ બાઇનાં મરણથી તથા તેમનાં રૂવાંનને પુણે લઇ જવા માટે થએલી હરખતથી દશતુરજી સાહેબ નોશરવાંનજી સંબંધી અતરેના જરતોશતીઓમાં બેહદ દલગીરી પેવશ થાઇછે. જઇફીના વખતમાં આ દુખ ખમવાને તે બાહરેહકતાલા નેકનાંમ દશતુરજી નોશરવાંનજીને શબતી આપે એમ શઘલી તરફથી દુઆ કરવામાં આવેછે.

શોલાપોર, તા૦ ૩૧ મી મારચ ૧૮૭૭.

લખવાને અતીઅંત દલગીરી ઉપજેછે કે, પુણેવાલા _અશો દશતુર ખાંનબાહધર નોશીરવાંનજીની બેટી બાઇ માણેકબાઇ તે દશતુરજી જમશેદજી હોરમજજી તાલુકદારની ધણીઆણીને આજ દીને અતરેનાં દોખમે ચઢાવીઆછે. એમનું રૂવાંન બાહારથી છેક પાંચ દાહડે આવીઉં હતું. એ મોહોત ખરેખર મોટું અફસોસકારક બનીઉંછે, અને તેથી શોલાપોર ખાતેના જરથોશતીઓમાં મોટી દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૩ જી આપરેલ ૧૮૭૭.]

તા૦ ૨ જી આપરેલ.

રોજ ૧૫ માહ ૭ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

જામાસપજી બહમનજી ભાવનગરી— ગયે સોમવારે પાછલા પોહોરે સુરતના ભાવનગરીઆનાં જાણીતાં ખાંનદાંનવાલા શેઠ જામાસપજી બહમનજી ભાવનગરીઆ ૬૪ વરસની ઉમરે હક થયા હતા. મરનાર ગરહસથ વીશે સુરતીઓ સારૂં માન ધરાવતા હતા, અને તેમનાં એકમારગીપણાંથી તથા તેમની સખાવત વીગેરેથી તેઓ તાંહના લોકોમાં બહુ માનીતા થયા હતા. ભાવનગરીઆ ખાંનદાંનની આગલ મોટી જાગીરી અને ઇસટેટો હતી, પણ શેરસટાના વખતમાં તેમની મોટી મીલકતનો નાશ થયો હતો.

શેઠ જામાસપજીના ત્રણ બેટાઓમાંનો એક માંદવીનો આસીસટંટ કમીશનર છે. મરનાર સુરતની પારસી માટરીમોનીયલ કોરટના એક ડેલીગેટ હતા. તેમની ભાવનગર ખાતે કેટલીક જાગીર હતી જે ઉપર તાંહાંના મરનાર થાકોરે ઇમારતો બાંધવાથી મરનાર તથા તેમના ભાઇઓએ થાકોર સામે દાવો ઉઠાવયો. જેમાં વચે પડવાને આપણા દેશના વજીરે ના પાડી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી આપરેલ ૧૮૭૭.]

2nd April 1877.

JAMSETJEE BOMANJEE BHOWNAGGREE—We regret to announce the death of Mr. Jamsetjee Bomanjee Bhownaggria at Surat on the after-

noon of Monday the 2nd instant, at the age of 64 years. He left three sons, one of whom is an Assistant Commissioner of Customs. The deceased gentleman was a leading member of the Parsee community of Surat, and one of the delegates of the Matrimonial Court of that town. At one time he was in affluent circumstances, but with the rest of the Bombay world, he dabbled in shares in 1864-65, and came to grief. He held considerable landed estates in Surat and adjacent country, but he had to relinquish them all in liquidation of his debts. He had some land in Bhownuggur, which the late Raja appropriated to building purposes, and for which a large claim had been set up by the deceased and his brothers, but the Secretary of State for India has, for political reasons, declined to interfere in the matter. The survivors of his family are still prosecuting their claim against the Bhownuggar Durbar. Mr Jamaspjee was well known to most of the old Civilians of Bombay, by whom he was highly respected. His sad death leaves a blank in the Surat native society.

[*Bombay Gazette* 7th *April* 1877.]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૨ માહ ૮ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

નવસારી, તા૦ ૨૬ મી આપરેલ ૧૮૭૭.

બરજોરજી બહુમનજી પદમ—મુંબઇવાલા શેઠ બરજોરજી બેહમનજી પદમ ગુજરી ગયા એવી ખબર જાણવાથી, અતરેની મેહરજીરાંણા લાઇબરેરીના કારોબારીઓએ ઠરાવ કીધો હતો કે, લાઇબરેરીનું મકાંન તેઓનાં માન અને મરતીઉકના શોકને ખાતર બંધ રાખવું. એ રીતે દન દોહડ સુધી એ મકાન બંધ રહીઉં હતું.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી આપરેલ ૧૮૭૭.]

29*th April* 1877.

Ardeshir Burjorjee Vacha—It is with regret we announce the death of Mr Ardasheer Burjorjee Bottleewalla, son-in-law of Mr. Cursetjee Furdoonjee Paruck, Sheriff of Bombay, which event took place at the Fort residence of his father-in-law, near Sir Jamsetjee Jeejeebhoy's house, yesterday morning. His funeral was attended by all the leading members of the Parsee community

[*Times of India*, 30*th April* 1877.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૨૫ માહ ૮ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

પેશતનજી જાંહગીરજી તારાચંદ—

મરણ—આપણી ટાપુના એક આગલા જાણીતા વેપારી તથા શર જમશેદજી બેની-વોલંટ ઇનશટીટીઉટના એક અધીકારી શેઠ પેશતનજી જાંગીરજી લીકીમના અથવા તારાચંદ ગઇ પરમ દીને શહવારનાં ૬૬ વરશની ઉમરે આએ માનોઇ જેહાંનમાંથી કુચ કરી શવરગવાશી થાએઆછ. એવણ આપણામાં એક પુરાંના વેપારી તથા શારાં કુલના નબીરા હતા. પેહલવેહલો શરાવક હીંદુ વેપારી શેઠ તારાચંદ મોતીચંદ નામનો ઇ૦ શ૦ ૧૮૧૪ માં મુંબઇથી ચીન ગએઓ હતો તેની શાથે તેના ગુમાશતા તરીકે શેઠ પેશતનજીના બાવા મરહુમ, શેઠ જાંગીરજી ખરશેદજી તારાચંદના ચીન ગએઆ હતા, અને તે પરથી તીઆં શાત વરશ વેર રહી પાછા આવી અતરે તથા ચીન ખાતેનો મોટો વેપાર તથા તે વેલાના નામીચા શરીમત વેપારીઓ મરહુમ શર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ મોતીચંદ અમીચંદ, બોમં

ચંદ મોતીચંદ, નાઓદા મહમદઅલી રોગે, ઇતીઆદીઓની અતરેની આડતો ચીનમાં કરતા હતા. શેઠ પેશતનજી પણ તેવણની શાથ વેપારના કામોને માટે ઇ૦ શ૦ ૧૮૩૦ થી તે ૧૮૩૩ લગણ ચીનમાં રહેઆ હતા. તે પછી અતરે આવી શેઠ પેશતનજીએ પોતાના બાપના મરણ બાદ ઇશટીમર શર જે. આર. કરનાકનો બધો વહીવટ તથા બીજો ઘણોક વેપાર ચલાવીઓ હતો. એવણે તા૦ ૩૦ મી જુલાઇ ૧૮૪૯ ને દીને મુંબઇની પારશી પંચાતના અધીકારીઓપર એક પતર લખી રૂ૧૫૦૦૦ પંદર હજારની રકમ ભેટ આપી હતી અને તેનાં વેઆજમાથી દર શાલ શુરત મધે વશનારા ૨૧ એકવીશ નાચારબેચાર જરથોશતીઓને એવણના બાવાનાં પુનને માટે એવણને નામે મુશારો અતરેની પંચાત તરફથી મલે એવો બંદોબશત કીવો હતો, કે જે મુજબ હજુ શુધી આપવામાં આવેછે. આ માંટે પંચાએતના અધીકારીઓએ એવણને તા૦ ૨૫ મી અકટોબર ૧૮૪૯ ને દીને એક પતર લખી શાબાશી આપી હતી. શેઠ પેશતનજીને આજ વીશ વરશ થએઆં શર જમશેદજી જીજીભાઇ પારશી બેનીવોલંટ ઇનશટીટીઉટના બાર અધીકારીઓમાંના એક અધીકારી ઠેડવીઆછે કે જે ઓઘો એવણે પોતાનાં મરણ લગણ ભોગવીઓ હતો. એવણ ઇ૦ શ૦ ૧૮૬૦ નાં વરશમાં હાલના નામદાર શર જમશેદજી જીજીભાઇ બારોનેટ શી. એશ. આઇ. શાથે ઇંગલંડની મુશાફરીએ ગએઆ હતા. ઇ૦ શ૦ ૧૮૬૫ નાં વમલમાં બીજા માતબરોની કાણી એવણ પણ ફશી ગએઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી મેએ ૧૮૭૭.]

તા૦ ૧૪ મી મેએ.

રોજ ૨૭ માહ ૮ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

એરચશાહ માણેકજી બનાજી—

બનાજી ખાનદાનના એક નબીરાનું મરણ—આએ ચાલુ ગરમીની મોહોસમમાં કોલેરાના કુશટ મરજે ઘણા કીમતી જીવોનો ભોગ લીધોછે, જેમાં મી૦ એરચશાહ માણેકજી બનાજી નામના એક ચંચલ જવાંનનાં સંતાપ ભરેલાં મોતની ખબર લેવાને અમોને અતીઅંત દલગીરી ઉપજેછે. એ મરનારે બનાજીનાં બોહલાં કુટુંબની તથા તેના દરેક કુટુંબીની અવલથી તે આખર લગણની નોધનો સંગરહ ઘણાજ પુરાંના દશતાવેજો તથા દફતરો ઉપરથી કરવાને શરૂ કીધું હતું, અને તે કામ સંપુરણ કરી તેને બરાબર રીતે એક પુસતકના આકારમાં ગોઠવવાની તઇઆરીમાં હતો, તેવામાં અજલના કાસદની જાલમાં તે ગીરફતાર થયોછે. તોપણ મી૦ બહમનજી બેહરાંમજી પટેલ જેઓ હીંદુસથાનમાં થઇ ગયલા સઘલા જાણીતા પારસીઓની નોધોનું એક કીમતી પુસતક બનાવેછે, તેઓને બનાજીના કુટંબની મરનાર પાસની ઘણી ખરી સઘલી નોધો મલીછે, એ સંતોશ ભરેલું છે. બનાજીની દરેમેહર વીશે જે મોટો કજીયો તેના તરસટીઓમાં અપસ અપસમાં ચાલી છેક હાઇ કોરટની દેવરીએ ચહડયો હતો, તે સમજુતીપર લાવવામાં મી૦ એરચશાહની આગેવાંની હતી, અને તેનો નીવેડો લાવવા માટે એવણને તરસટીઓએ પોતાના હાનરરી સેકરેટરી નેમયા હતા તથા તે સઘલી ગેરસમજુતીઓનો એવણની કોશેશથી ફડચો થવાની વકી હતી. જેઓ એ મરનારના સંબંધમાં આવયા હશે તેઓ આ માથા બનાવથી ખચીત ગમગીન થશે, કારણકે મરનાર ઘણોજ મીલનસાર, અને એકમારગી હતો.

[પજદં પરસ્ત, તા૦ ૨૦ મી મેએ ૧૮૭૭]

14*th May* 1877.

ERUCHSHA MANECKJEE BANAJEE—The *Bombay Samachar*, writing on the death of Mr. Eruchsha Maneckji Banaji by cholera, says that the deceased gentleman was busily engaged in writing a book of the history of the well-known Banaji family of the last two centuries from

old documents and papers; and the late Mr. Eruchsha was the foremost in bringing to an amicable settlement the dispute regarding the Banaji fire-temple and *Agiary* which went so far as the High Court. The deceased was also appointed to settle many other similar disputes, which, however, he did not survive to bring to a happy termination. In social life he was highly esteemed.

[*Times of India*, 18*th May* 1877.]

તા૦ ૨૧ મી મેએ.

રોજ ૪ માહ ૯ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

ફરાંમજી શાપુરજી ધનજીભાઈ બાટલીવાલા—અમુને જણાવવાને બેહદ દલગીરી અને શનતાપ લાગેછે કે, મરહુમ પેહલા બારોનેટ શર જમશેદજી જીજીભાઇનાં બેટી બાઇ પીરોજબાઇના ૨૫ વરશની ઉમરના વડા પુતર શેઠ ફરાંમજી શાપુરજી ધનજીભાઇએ થોડા દીવસ લગે માંદગી ભોગવીને, ગેઇ કાલ દીને શહવારનાં ૭ કલાકને અમલે આ ફાંની દુનીઆં તજીને પોતાનાં વાહલાં કુટંમબ, અને દોશતઆશનાઓને શોગમાં મુકી મીનોઇ જાહાનમાં વાશો લીધોછે. આ મજકુર શેઠનાં મરણથી જરતોશતી આલમમાં મોહોટી દલગીરી પંથરાઇછે, જે તેમનાં રૂવાનને માન આપવા માટે ગેઈ કાલે મલેલી મોહટી મીજલશપરથી જણાએછે.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી મેએ ૧૮૭૭.]

21*st May* 1877.

Framjee Shapoorjee Bottlewalla.—We are sorry to announce the melancholy death of Mr. Framjee Shapoorjee Bottlewalla, eldest son of Mr. Shapoorjee Dhunjeebhoy Bottlewalla, and nephew of Sir Jamsetjee Jeejeebhoy, Bart, C. S. I., which untimely event took place at the residence of his father in Hornby Row yesterday morning The deceased, who had been suffering from typhoid fever for some days, recovered, and died suddenly of general prostratation. His funeral took place in the afternoon, and was attended by a large circle of sorrowing friends and relatives to mourn the loss. He was about twenty-four years of age. A telegram was sent to Khandala to Sir Jamsetjee announcing the death of the deceased.

[*Times of India*, 22*nd May* 1877]

21*st May* 1877.

Jamsetjee Ratnaghar.—It is with much regret we learn of the decease of Mr. Jamsetjee Ratnaghar, late Municipal Contractor and formerly Contractor in the Commissariat Department, from heart disease, of which complaint he expired on Monday last, at the age of 54. Deceased has left a large circle of friends and relatives to mourn his loss, by whom he was highly respected in his life-time

[*Times of India*, 24*th May* 1877.]

તા૦ ૧૩ મી જુન.

રોજ ૨૭ માહ ૯ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

આ૦ કાવશજી નવરોજજી બાંમજી—મી૦ કાવશજી નવરોજજી બાંમજી ગેઇ કાલ દીને મરણ પામીઆછે અને તેમને આજ દીને શહવારે અવલમનજલ પોહચાડવાંમાં આવનાર છે. મી૦ કાવશજી એક ગરીબ મોબેદનાં ફરજંદ હતા, અને તેઓ પોતાની હોશીઆરીથી મોબેદીનો ધંધો છોડીને કંટરાકટ વીગરે કાંમો કરતા હતા, જેમાં નજર પોહચી ગએઆથી મી૦ કાવશજી સારી હાલતને પોહચીઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી જુન ૧૮૭૭.]

તા૦ ૭ મી જુલાઇ.

રોજ ૨૧ માહ ૧૧ (કo) ૧૨૪૬ યજદજરદી.

હીરજીભાઈ રૂસ્તમજી પટેલ— આપણી ટાપુના શરવેથી પુરાંના પટેલ ખાંનદાંનના ઉપલા નબીરાનાં લંડન મધે ચાલતા માશની તા૦ ૭ મીને દીને ૬૮ વરશની ઉમરે મરણ પામવાના શમાચાર અમોએ ગએઆ શુકરવારના આંકમાં જણાવીઆછે. મુંબઇમાંના હાલના ઘણા પારશીઓએ શેઠ હીરજીભાઇ પટેલને નજરે તો જોએઆજ નહી હશે, પણ અમો ધારીએચ કે પારશી ટોલાનો મોટો ભાગ તેઓનાં નાંમથી તો જાણીતોજ હશે. એવણની જીંદગી એક કીશા કાહણીના જેવી છે તે નીચલી વીગત ઉપરથી માલમ પડશે.

મરનાર શેઠ હીરજીભાઇના વડવા મુંબઇમાં શરવેથી પેહેલા પારશી આવેલા ગણાએછે. તેવણનું નામ દોરાબજી નાનાભાઇ કરીછે કે જેઓ ઇ. શ. ૧૬૪૦ ને આશરે શુરતની પાશેનાં શુમારી ગામમાંથી અતરે પોતાનાં કુટંબ શહીત આવીઆ હતા, અને તે વેલાના અતરેના પોરટુગીજ શતાવાલાઓના વડા કારભારી થએઆ હતા. તે પછી ઇ. શ. ૧૬૬૮ માં મુંબઇનો ટાપુ ઇંગરેજોને શવાધીન થએઓ તીઆરે ઇંગરેજોએ પોતાના રાજ દરબારીખાતાંના કારભારી તથા દુભાશીઆ તરીકે એવણને રાખેઆ હતા. એવણનાં મરણ બાદ એવણના છોકરા રૂશતમ દોરાબને ઇંગરેજ શતાવાલાઓએ પોતાનો કારભારી બનાવીઓ હતો, અને ઇ. શ. ૧૬૯૨ માં જંજીરાના હબશીઓએ મુંબઇનાં ટાપુ ઉપર જેઆરે હોમલો કીધો હતો તીઆરે આ રૂશતમ દોરાબે ઇંગરેજોને જે કીમતી મદદો તથા શલાહો આપી હતી તેના બદલામાં તેને મુંબઇનો પટેલ બનાવીઓ હતો, અને ઘણીક રીતની શતાઓ આપી હતી. રૂશતમ દોરાબનાં મરણ બાદ તેના વડા છોકરા કાવશજી રૂશતમજી પટેલને મુંબઇની પટેલાઇ મલી હતી. તેમનાં મરણ બાદ તેઓના ભાઇ દોરાબજી રૂશતમજી પટેલ, તે પછી શોરાબજી કાવશજી પટેલ, અને શેવટે મરહુમ શેઠ હીરજીભાઇના બાવા રૂશતમજી કાવશજી પટેલને મુંબઇની પટેલાઇ મલી હતી.

મરહુમ શેઠ હીરજીભાઇ પટેલ પોતાના બાપના વખતમાંજ પેહલવેહલા ઇ. શ. ૧૮૩૪ ના આગશટ માશમાં વેપારને અરથે અતરેથી કનતાન ખાતે ગએઆ હતા અને તીઆં મોહલા પાએઆપર વેપાર કરવા માંડીઓ હતો, તથા હાંગકાંગ, શેંગાઇ, શીંગાપોર, પીનાંગ, ઇંગલાંડ, કલકતા વગેરે જગાઓપર એવણની જુદી જુદી પેહડીઓ શાથે આડત હતી જેવી કે કલકતાવાલા "લાએલ માથીશનની કું૦", શીંગાપોરવાલા "જી. જેકારીકાની કું૦", મકાઉવાલા "ફલેચર લારકીનશની કું૦" અને તે પછીની "ઇનીશ ફલેચરની કું૦" તથા મુંબઇ મધે "રીમીંગટન" અને "બી. એનડ એ. હોરમજીની કું૦" એવોના આડતીઆ હતા. ચીનથી આઠ વરશે એટલે ઇ. શ. ૧૮૪૨ ની તા૦ ૨૯ મી ફેબરવારીએ એવણ પાછા મુંબઇ આવીઆ હતા. શેઠ હીરજીભાઇનો દેખાવ તે વખતે શોહામણો, બુલંદ તથા કદાવર, તેમજ પોશાક ઘણો ઊંચો પેહડતા હતા. આથી એવણ જેઆરે ઇ. શ. ૧૮૪૨ માં મુંબઇ આવીઆ તીઆરે લોકોનાં ટોલાંને ટોલાં એવણને જોવાને માટે એવણની ગાડી જાએ તીઆરે એકઠાં મલતાં હતાં. આએ માટેનો તે વેલાનાં મુંબઇ ચાબુકની ફાઇલમાંથી એક ફકરો નીચે ટાંકીએચ જે અમારાં વાંચનારાઓને ઘણો રમુજી લાગશે.

મુંબઇ ચાબુક, તા૦ ૪ થી મારચ ૧૮૪૨.

"ચીનથી ઘણા લોકો દોલત અને દરવ "મેલવીને આવીઆચ તેઓને જોવાની જેટલી "ઇનતેજારી આપણા ગાંમઠીઓને નહી હતી "તેટલી હીરજીભાઇ રૂશતમજી પટેલ જે "ગીઆં અડવાડીઆમાં પોતાની દાલ "જુવારથી શુખી થઇને ચીનથી આવીઆચ

"તેહને જોવાની થાઇચ. કેટલાએક મુંમ-
"બઇના લોકો બેશક કેહેવાના છે કે જે શખ્શ
"ગીઆં દશ વરશ ઊપર જે પોશાક અને
"લેબાશ તથા શુરતથી આપણી ટાપુની
"હર જગોએ જોવામો આવતો હતો તેજ
"શખ્શ તેજ શુરત પોશાક અને લેબાશથી
"હમણાં ચીનની મુશાફરી કરીને આવીઓચ
"તેને જોવાને શારૂં મોહલે મોહલે અને
"રશતે રશતે શેંહકડો માણશોનાં ટોલાં
"એકઠાં થાએચ ચીનથી એક નવી નવાઇનું
"પુતલું આવીઊં હોએ તે જોવાનેબી એટલાં
"લોકો એકઠાં થતાં નથી, જાંહાં બેશીએચ
"અને જે મંડલીમાં જાઇએચ તો તાહાં
"હીરજીભાઇ પટેલની વાત નીકલેચ. કેટલી-
"એક ટોલકીઓમાં તો એને ડીઊક આફ
"ચાએનાનું નામ આપીઊંચ."

પોતાની જાહોજલાલીના વખતમાં એવણ નીચલાં આઠ વાંહાંણોના જુદે જુદે વખતે માલેક થયા હતા. વાંહાંણ "બમનજી હોરમજી" કે જેનું નામ પેહેલાં "ચારલશ માલકમ" હતું તે પછી વેનશીટારટ, શકેલબીકાશટલ, કલીપરરોજ, બરગેનજા, મોલમીન, અને વાઇલડ આઇરીશ ગરલ.

એ પછી વલી પાછા એજ વરશના એટલે ઇ૦ શ૦ ૧૮૪૨ ના શપટેમબર માશમાં પાછા ચીન ગયા હતા, તે ૧૪ વરશ વેર તીઆંજ રહી તા૦ ૧૬ મી મારચ ૧૮૫૬ ને દીને મકાઊથી ઇંગલંડ ગયા હતા, તે પોતાના મરણની છેલી ઘડીવેર તીઆંજ રયા હતા. અને ૩૫ વરશના અરશામાં એકુવારબી પોતાના જનમ શેહેરમાં પગ મુકીયોતો નહી. ચીનની ઇ૦ શ૦ ૧૮૩૮ ની લડાઇમાં હાંગમરચંતો ઉપરના એવંણનો મોટી રકમનો દાવો હતો, અને તે મરચંટોની વતી ચીનાઇ શરકારે બરીતીશ શતાવાલાઓને શઘલા વેપારીઓનું કરજ આપવાને મોટી રકમ આપી હતી. તેમાંથી પોતાનું માગતું લેવાને એવણે ઇંગલંડમાં ઘણીવાર શરકાર ઉપર ફરીઆદીઓ માડી હતી પણ તેમાં નીશફલ થયા હતા. અને શેવટે છેક પારલામેંટ શુધી જવાને એમનો ઇરાદો હતો તેવામાં તીઆંજ બીચારા કમરવાશ થઇ પડયાછે.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૭૭.]

7th July 1877.

Heerjeebhoy Rustomjee Patell.—A scion of the old Patel family, Mr. Heerjeebhoy Rustomjee Patel, died in London on the 7th inst., at the age of sixty-eight. He was considered one of the handsomest men among the Parsees, and from his graceful manners and stylish dress, he was known as the "Duke of China." When he was but twenty-five years old, he went, in August 1834, to China for mercantile purposes, and extended his trading operations to Canton, Hongkong, Shanghai, Singapore, Penang, Calcutta, Bombay, and England. In China, the great firm of Messrs. Jardine, Matheson, & Co., and in Bombay, Messrs. Remington & Co., were his principal agents. At one time he was the owner of seven or eight sailing vessels. After a stay of eight years in China he returned to Bombay, which was in 1842. Having brought with him a small fortune, he was able to take up a foremost position in Bombay, and so great did his popularity become, that people of all classes were always forward to pay their respects to him, and when driving out his carriage was literally besieged and followed. The *Bombay Chabook* of the 4th March 1842 gives an amusing account of the sensation he created on his return to Bombay. It said that "in every club and in every social gathering, Mr. Heerjeebhoy

formed the topic of conversation; if a novel production or a curious picture were brought from China, people would not gather around it more than they do around Mr. Patel." In September of 1842, he went again to China, where, after spending fourteen years in very extensive commercial operations, he went to England direct from Macao, and remained there for the last thirty-five years without once revisiting his father-land. On account of the China war in 1838, he had a very considerable claim on what were then known as "the Hong Merchants," on whose behalf the Chinese Government had paid a large sum of money to the British authorities, for the purpose of liquidating the debts due to foreign merchants. In order to recover his own claim, he had filed several suits in various forms in the courts in England, but without success. It was his intention, finally, to have moved the British Parliament in this matter, but death overtook him and ended his anxieties and claims.

[*Bombay Gazette, 18th July* 1877].

તા૦ ૧૧ મી જુલાઇ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૨૪૬ યજદજરદી

સર જમશેદજી જીજીભાઈ (બીજા) બારોનેટ, સી. એસ. આઈ.—

સર જમશેદજી નામ સદાનું વાહાલું છે. એ નામ સાથ સખાવત અને સંઉરક્ષણનું ઘણું સંબંધ જોડાયલુ છે. એ નામે પારસી ટોળાની કીરતીને દુનીઆમા પ્રકાશીત કરીછે. તેથી જેમ એ નામ પેઢી દર પેઢી ચાલતું જાય તેમ એ ખાનદાન તરફ પારસીઓનું માન ઓલાદ દર ઓલાદ એક વારસા દાખલ ઉતરતું આવયુંછે. સર જમશેદજીનું ખાનદાન દરએક પારસીને પોતાના ખાનદાન જેટલું પેઆરૂં છે. એ ખાનદાનના બાપને પારસીઓ પોતાના બાપ જેટલો ગણેછે અને એ ખાનદાનનાં બચ્ચાંને પોતાના બચ્ચાં કરતાં કીમતી સમજેછે. એક સારો માણસ પોતાની હઇયાતીમાં કીરતી ભોગવેછે, પણ સર જમશેદજીની કીરતી લાંબા વખત સુંચીની છે. તે કીરતીનો તેમના કુટુંબે પઇસા કરતાં વધારે કીમતી વારસો લીધોછે, અને તે કીરતીનો એમની કોમને પણ વારસો મળયો છે. ઇરાંન છોડીને આવયા પછી સાડીબારસો વરશમાં પારસીઓ મધે સર જમશેદજી પેહલા બેરોનેટ જેવો કોઇ નર થયો નહી હશે. એના મરણ પછી એને ચોથે હીસે નામદાર કોઇ નર થયો નથી. હવે પછી કોઇ તેવો થશે પણ નહી એમ આપણ કહી શકશું નહી, પણ આટલું કેહેવાઇ શકાશે કે એવા કીરતીવાન થવું એ કાંઇ સેહેલું નથી અને એ કાંઇ સઘલાના નસીબમાં નથી.

પણ બીજા સર જમશેદજી બેરોનેટ વીશે લખતાં મરહુમ પેહલા બેરોનેટની એટલી વખાણ સાથ યાદ કરવાની આ જગા નથી એમ લાગેછે. બાપની વખાણથી કાંઇ બેટાની વખાણ સાબેત થતી નથી. ટાઇમસ આફ ઇંડયાએ સર (ખરશેદજી) જમશેદજીના હેવાલનું મથાલું કરી પેહલા સર જમશેદજીનો સઘલો હેવાલ આપયોછે, જેથી બીજા સર વીશે બોલવા જેવું કાંઇજ નથી એમ દેખાડયુંછે. પણ આપણા બીજા હીંદી બેરોનેટની કારકીરદીમા પેહલા હીંદી બેરોનેટને ભેલી નાખવાનો ગેરસરેસ્તો વાપરવાને હીઆં એક ખાસ સબબ છે. હીઆં પુત્રની કીરતી પીતાથી વારસામા મળીછે એટલુંજ નથી, પણ પીતાની કીરતીમા પુત્ર કેટલોક જાતી હીસો આપેલોછે. તે ભાગ અલબતાં થોડો છે, તોપણ એ પીછાણવા જોગ હીસો છે. એમની ઓલાદના હવે પછીના બેરોનેટોને કશો મળી નહી શકે એવો એ હીસો છે.

બીજા બેરોનેટ સાહેબે પોતાના પીતાની પાછલ કીરતીમા જાજો વધારો કરયો નથી. ઘણીવાર દેશીઓને એમનાથી ઓર નાસીપાસ થવું પડયુંછે. તોપણ હીઆં નોંધ કરવા જોગ એટલુંજ છે કે પેહેલા બેરોનેટની ઇજતનો મેહેલ ઉઠાવતી વેલા મરહુમ બીજા બેરોનેટ પોતાના ભાયગસાલી ભાઇઓ સાથ હાજર અને સાંમેલ હતા. હવે પછીના સર જમશેદજીઓ પોતાના વડવાની મેહેનતથી આ મેહેલનું આઇતું માન ભોગવશે, પણ શેઠ ખરશેદજી જમશેદજી અને એમના ભાઇઓનો તો એ માનમા ખુદ પોતાની મેહેનતનો ભાગ હતો.

સર જમશેદજી બીજા બેરોનેટનો જનમ ૧૮૧૧ ના શાલમા થયો હતો. તે વખતે મરહુમ પેહેલા બેરોનેટ માત્ર જમશેદજી જીજીભાઇ બાટલીવાલા નામના હતા. તેવણ અલ્લાહી બાગની સાંમેના પોતાના ઘરમા રેહેતા હતા કે જે ઘરમાં હમણાં છેલાં હુલડની વેળા તેવણના એશીઓ લુટાયા હતા. એજ ઘરમાં વડા બેટા ખરશેદજીનો જનમ થયો હતો. તેવણે સરજીઅન સાઇટસને નામે ચાલતી એક પુરાંની નીશાળમાં કેળવણી લીધી હતી, પણ તારપછી પોતાના અભેઆસથી તેમા ઘણો વધારો કીધો હતો. તેવણ પેહેલાં ફારબસની કંપનીમાં એક કલારક દાખલ રહીને વેપારીનું કામ શીખ્યા હતા, જે પછી તેવણના પીતાની પેઢી તેવણ ચલાવતા હતા, જે પેઢી સઘલો વખત તેવણના ભાઇઓ સાથ બાગમા ચાલુ રહી હતી. શેઠ જમશેદજી જીજીભાઇને નાઇટનો પેહેલો ખેતાબ છેક ૧૮૪૨ મા મળયો, તે વખતે શેઠ ખરશેદજી ૩૧ વરશના જવાંમરદ હતા તથા બીજવર પરણીને બચરવાલ થઈ ચુકેલા હતા. શેઠ ખરશેદજીના પેહેલાં ધણીઆંણી ૧૮૩૩ મા ગુજરી ગયાં, જે પછી તેવણે ૧૮૩૫ મા બાઇ રતનબાઇ તે હાલના ડાવેજર લેડી જમશેદજી સાથ લગન કરયાં હતાં, એ વખત સુધી એમનું રેહેઠાણ અલાહીબાગવાલા ઘરમાજ હતું, પણ પાછલ લગન વખતે કોટેકોટના એમના મોટાં ઘરનું મુહુરત થયું હતું અને તે વખતે જમશેદજી જીજીભાઇએ પેહલીજ વાર ધુમસર લગન કરયાં હતાં. ૧૮૪૨ મા સર નાઇટ થવા પછી, એ નામદાર અકાબરને ૧૮૫૭ માં નામદાર રાણી તરફથી બેરોનેટના ખેતાબની એનાએત થઇ, જે ખેતાબનો પેઢી દર પેઢી દરજજો સાચવવા માટે તે માહા પુરશે ૨૫ લાખ રૂપીઆ અનામત કાહાડી તે ઉપર કલકતાની લેજીસલેટીવ કાઉનસીલમાં ખાશ આકટ પસાર કરાવયો હતો. તારપછી ૧૮૫૯ મા પેહેલા બેરોનેટ સાહેબ બેહેસતનશીન થયા, જે વેલા શેઠ ખરશેદજી જમશેદજીને સર જમશેદજીના નામ સાથ બેરોનેટસી મળી તે વખતે એમની ઉમર ૪૮ વરશની હતી.

ઉપલી ટુંક હકીકત દેખાડેછે કે મરહુમ શેઠ ખરશેદજી તથા એમના ભાઇઓ સર જમશેદજીના ઉંચરતા નામ સાથ ઉંચરયા હતા, અને બાપ તથા બેટાઓ બંનેને અરસપરસ પ્રકાશ નાખવાની તક હતી. આ તક સર જમશેદજીના સાહેબજાદાઓને હાથ ખોહોવાઇ હતી એમ કોઇ કેહેશે નહી. મરહુમ સર જમશેદજીને જો મસતક ગણીએ તો તેમના બેટાઓ તેમના હાથપગ હતા. પોતાના એ હાથપગને કેળવણી વગેરે હથીઆરોથી મજબુત બનાવવાને તે સુધરેલા વીચારનો અકાબર પછાત નહી હતો, અને તેનુ પરીણામ એ છે કે સર જમશેદજી પેહેલા બેરોનેટના બેટાઓમા અને બીજા શેઠીયાના દીકરાઓમા મોટો ફરક રહી ગયો, તે આજવેર આપણ જોઇએ છઇએ. માન અને મરતબો કેમ જાલવવો તે પારસી શેઠીયાઓના આસીબાઇ દીકરાઓ કશું જાણતા નથી, પણ સર જમશેદજી ખાનદાનના નબીરાઓના હાથમા સરદારી પામવાની એ કલ આવી ગઇછે અને તેથી પારસી મંડળી ઉપરજ નહી, પણ આખી દેશી પરજામાં નબીરાઓનો વગ કાએમ રહયોછે. માન અકરામની કળ ફેરવવા-

મા મરહુમ સર જમશેદજી બીજા બેરોનેટ પુરતા કુશલ હતા. પછવાડેથી પોતાના ભાઇ મરહુમ શેઠ રૂસ્તમજી સાથના પંતીઆંલાપણામા અને શેરસટાના વંટોલીઆમાં પોતાને મોટી ખોટ જવા છતાં અને દોલત ઘસડાઇ જવા છતાં સર જમશેદજીએ પોતાના બાપની આબરૂને નીભાવી રાખી હતી. બીજા શેઠીયાઓના પઇસા ગયા એટલે વગ ગયો, પણ સર જમશેદજી બીજા બેરોનેટ પોતાની પુંજી ખોહી ગરીબ થયા, તેવણે ખરચ ઘટાડી નાખી આગળ કરતાં વધારે સાદી જીંદગી ગુજારવા માંડી, તોપણ જે માન મુશતકીમ પાયા ઉપર સ્થાપેલું હતું તે માનમા કશો ઘટાડો થયો નહી. રેલછેલમા તેમજ માફક-સર હાલતમા પ્રજાએ પોતાના આગેવાન તરીકે એમનાજ તરફ જોવાનું ચાલું રાખયું હતું. એક જાહેર હીલચાલ થતાંજ સર જમશેદજી સામેલ થાયછે કે નહી તે સઉ કોઇ જોતાં. તેવણ સામેલ થયા તો તે કામ પાર પડવાની પકી આશા આવતી હતી. તેવણ નહી શામેલ થયા તો તે હીલ-ચાલ ભાગી પડવાનો ભય રેહેતો અને નીરાશી થતી હતી. આવી રીતની ટોલાની શેઠાઇમા સર જમશેદજી એકલા હતા, અને તેવણના અકાલ મોતથી તેવણની એ જગા ખાલી પડીછે.

સર જમશેદજી પેહેલા બેરોનેટ, શેઠ ફરામજી કાવસજી અને શેઠ જગંનાથ સંકરશેઠ એ ત્રણ મરહુમ શેઠીઆઓનું "ત્રાયો" એક ભુરનું કેહેવાતું હતું. પણ એ ત્રણેઉ બુજરગોમા મરહુમ બીજા બેરોનેટને જવાન ઉમર છતાં જોડી શકાશે. જગંનાથ સંકરશેઠ બેશક ખરશેદજી જમશેદજીના જોડીયા હતા—સર જમશેદજીના સાથી તો તેવણ નામના હતા. પેહેલા સર જમશેદજી પોતે બેરોનેટ થવાની આગમચ દુનીઆંની જંજાલોથી વેગલા થયા હતા, બાહાર તેવણનું માત્ર નામ હતું પણ સઘળી મસલત તથા મેહેનત તો તેવણના દીકરાઓની, અકસર કરી વડા દીકરા શેઠ ખરશેદજીની હતી. શેઠ ખરશેદજી પોતે બેરોનેટ થવા આગમચ પ્રજાના માનની શબ્બત જમીનમા તેવણ પોતાના નામના મુલીયાં મજબુત બેસાડી ચુકયા હતા, માટે બાપની પદવી મેળવતાં એવણને નવેસરથી ઉગવું પડયું નહી હતું. સુલેહના અમલદાર, રાયલ એશીયાટીક સોસાઇટી, અને બીજી મંડળીઓમા દેશીઓને ઘણી આનાકાનીથી, પેહેલા દાખલ કરયા હતા. તે પેહેલા 'બાચ' મા શેઠ માણેકજી ખરશેદજી અને શેઠ જગંનાથ સંકરશેઠની સાથમા મરહુમ બીજા બેરોનેટ હતા. તેવણ ૧૮૪૨ મા સુલેહના અમલદાર થયા હતા. મુંબઇ બેંકના અસલ ડરેકટરોમા તેવણ એક હતા. જી. આઇ. પી. રેલવેની પેહેલવેહેલાં મુંબઇ ખાતે બોરડ હતી, તેમા મરહુમ બીજા બેરોનેટ પેહેલેથીજ ડરેકટર હતા. મુંબઇ યુનીવરસીટીના તેવણ એક પેહેલાજ ફેલો હતા. મુંબઇ આસોસીએશનની રાજ-દુવારી સભાના પેહેલા પ્રમુખમા તેવણ એક હતા. આગળા ગવરનર સર રીચર્ટ કારનાકના તેવણ અતલગના દોસત હતા તે વાતનેજ આજ ૩૦ વરશ થયાંછે. એ રીતે પારસીઓ પોતાના જે અકાબરનો આજે શોગ પાલેછે તેનું માન અને મરતબો આજ કાલનો નહી પણ આગલા દાએકાઓથી મલેલો હતો અને તેમા એમની તથા પારસીઓની મગરૂરી હતી.

પોતાના દરજજાનો આ દબદબો પોતાના બાપની બેરોનેટસી લીધા પછી તેવણે અછી રીતે જાલવી રાખયો હતો. તેવણને દરએક ગવરનર સાથ નહી પણ ગવરનર જેનરલો સાથ પીછાણ અને મોહોબત થઇ હતી. લારડ મેયો, લારડ નારઠબરૂક અને લારડ લીટન સુધીના વાઇસરાયો એમને ઘર મળવા ગયા હતા. ડયુક આફ એડીનબરો અને પ્રીનસ આફ વેલસ બંને શાહાજાદાઓએ એમને ઘર જઇ માન આપયું હતું, તથા પેહેલા શાહાજાદાએ ખંડાલામા આ પારસી

બેરોનેટની પહેરાણુગત તેણે ઉતારો લીધો હતો. સી. એસ. આઇનો એતાબ મરહુમ પુત્રના વખતમા પારસીઓના આ વડા ખાનદાનના એતાબોમા વધયો હતો. સન ૧૮૬૦ મા મરહુમ બીજા બેરોનેટ સાહેબે ઇંગલંડની મુસાફરી કીધી હતી, જાંહાં નામદાર રાણી, લારડ પામરસટન અને બીજા ઉમરાવોએ એમને મુલાકાતનું માન આપયું હતું, અને તે વખતથી ઇંગલંડના પાદશાહી કુટુંબ તથા લારડ ડરબી, લારડ હાલીફાકસ, ડયુક આફ આરગાઇલ અને બીજા મોટા ઉમરાવો સાથ પોતાને થયલી પીછાણ તેવણે અતાર સુધી કાગજ પત્રોથી ચાલું રાખી હતી. સર બારટલ ફ્રીઅરના વખતમા મરહુમ બીજા બેરોનેટે પુણાની દખણ કાલેજની ઇમારત બાંધવાને ૧ લાખ રૂપીઆની શખાવત કરી હતી, તથા સર જમશેદજી ઇસપીટાલમાં એક મજલો વધારીને નવી જગા કરવા માટે ૨૫૦૦૦ ની રકમ આપી હતી. કલકતાના મોટાં સાઇકલોનની વખતે સર બારટલ ફ્રીઅરે એક પરભાડી સભામા અમસથી વાત કીધા ઉપરથી મુંબઇના માતબરોએ તાંહાં ને તાંહાંજ ૮૦ હજાર રૂપીયાનું ફંડ કરી આપયું હતું તેમાં પેહેલ સર જમશેદજીની હતી. સર સેઅમોર ફીટસજરાલડના વખતમા આ મરહુમ અકાબરને મુંબઇની લેજીસલેટીવ કાઉનસીલના મેમબરની જગા મળી હતી. ત્રીજા વરશ ઉપર તેવણે પોતાના મરહુમ પીતાની અનામત રકમમાથી સરકાર પાસેથી લોન કહડાવી તે ઉપર વડી સરકારની લેજીસલેટીવ કાઉનસીલનું બીલ પસાર કરાવયું હતું, તે કામ વીશે આપણું મત ગમે એ હોય પણ આ અકાબરનો સરકાર દરબારમા વધી ગયલા વગની એ એક અચુક ઇધાણી હતી.

હીઆં મરહુમ બીજા બેરોનેટ સાહેબની કારકીરદીની આ તપાસ ખતમ થાયછે. એમની વખાણુની યાદ એથી વધારે થઇ શકતી નથી; એમના માન અને માનની આપણે વાતો કીધીછે, પણ એમના કામ કાંઇ જાજાં મલતાં નથી. એ દલગીરીભરેલું છે. એમની કોઇ બીજી મોટી શખાવતો દેખાડવાને આપણુ અશકત છઇએ, પણ બેરોનેટ થવા પછી ટુક વખતમા એવણુને નડેલી નાણુા સંબંધી અડચણોથી એ બાબતમા વધારે વકી રાખી શકાતી નથી. સર જમશેદજી નામજ શખાવતનો બીજો બોલ છે અને અમારૂં આધીન મત એવું છે કે એ ગુણનો વારસો સર જમશેદજીના આખાં કુટુંબે મેળવેલોછે. આજેબી શેઠ રૂસતમજી જમશેદજી તથા શેઠ સોહોરાબજી જમશેદજીનીજ નહી પણ લેડી આંવાંબાઇ અને બાઇ પીરોજબાઇ જેવી એ ખાનદાનની બાનુઓની શખાવતો યાદ રહેલીછે. કીરતી મેળવવાની આ લાઇન—શખાવત—માં મરહુમ બીજા બેરોનેટના દીલનો દોશ કાહાડવો વાજબી ગણાશે નહી કેમકે એ લાઇનિમા એમની પરીક્ષા કરવાનું સાધન એમના હાથમા રહયું નહી હતું. પણ સખાવત પઇસાથીજ થતી નથી. પ્રજાહીતના બીજાં જાહેર કામોમા આગેવાની લેવી એ પણ એક જાતની શખાવત છે. એ સંબંધી મરહુમ બીજા બેરોનેટ સાહેબની તપાસ લેતાં તદન એક દલગીરીભરેલી નીશફળતા નજરે આવેછે. એવણુની જાહેર હીમતની કોતાઇના દાખલા આ રાસ્ત ગોફતાર પત્ર આજ ૨૫ વરશ થયાં દુખ સાથ દેખાડતું આવેછે. પ્રજાની સેવા બજાવાની ઘણી કીમતી તકો મરહુમ બેરોનેટ સાહેબે જતી મેળી હતી, જેના છેલા દાખલા તરીકે ડુંગરવાડી ઉપરનો બખેડો આપણુને તરત યાદ આવેછે. તે વખતે પોલીસની ચાલ સામે શખત ઉપાય લેવાની આખી પારસી આલમની મરજી હતી તે જો આ મરહુમ અકાબરે પાર પાડી હોત તો ૧૮૭૪ ના હુલડનું બીજીવારનું દુખ પારસીઓને માથે આવી પડત નહી. પણ પારસી આલમના તે વીચારને મરહુમ સર જમશેદજીએ તોડી નાખીને

ખુલ્લું કરયાથી એ ટોલાને પછવાડેથી કેટલું વધારે ખમવું પડયું તે જાણીતી વાત છે. મરહુમ બીજા બેરોનેટ સાહેબની કારકીરદીમા માન અને દરજજાની સંભાલ સીવાએ બીજું થોડુંજ નજરે પડેછે. બેરોનેટ કુટુંબના આ માન અને દરજજામાં પારસીઓનું પોતાનું માન અને દરજજો છે અને તેથી પારસીઓ મગરૂર છે. પણ આ માન અને દરજજો કેટલીક વાર પોતેજ પોતાને નડેછે. એ માન અને વગ વધારવાની ઉલટ જેટલો ફાયદો કરેછે, તેના કરતાં એ માન અને દરજજો ખોહોવાની બીહીક કેટલીક વાર વધારે નુકસાની કરેછે. એવી બીહીકથી આપણા આ આગેવાન શેઠીયામા ઘણીવાર આપણે જાહેર હીમત અને સવતંત્રપણાની ગેરહાજરી તથા સતાવાલાઓની ખુસામતની હાજરી જોઇછે. એથી કરીને સર જમશેદજી ફૅમીલીએ પ્રજાનું હીત કરવાની જે અગતની તકો ખોહીછે તે જો નહી ખોહી હોત તો આજે બીજા બેરોનેટ સાહેબના વખતમા એ કુટુંબની પારસીઓ પુંજા કરત. તે પુંજા અને પુંજા કરતાં પણ વધારે ઇજતની નોકે પોહોંચવાનું આપણા નવા થયલા ત્રીજા બેરોનેટના હાથમા છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૫ મી જુલાઇ ૧૮૭૭.]

રા૦ ગો૦ તથા સ૦ પ્ર૦ ના અધીપતી જોગ.

સાહેબ—મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, સી. એસ. આઇ ના દુખદાયક મરણની નોધ તમોએ તથા તમારા બીજા ભાઇબંધોએ લેતાં તેમાં એ મરહુમ શેઠે આજ ૫૦ વરસ થયાં જાહેરમાં કેટલો ભાગ લીધો હતો તે વીશેની ઘણી વીગતો મેલી દીધીછે. મરહુમ સર જમશેદજી (તે વેલાના શેઠ. ખરશેદજી જમશેદજી) નાં પેહલીવારનાં લગન બાઇ દીનબાઇ તે શેઠ દીનશાહજી દાદાભાઇ શાએરની દીકરી સાથે ઇ૦ સ૦ ૧૮૨૨ ના ફેબરવારી માસમાં થયાં હતાં, અને તેની ખુશાલીમાં પેહલા બારોનેટ સાહેબે તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૨૨ ને દીને અતરેના ગવરનર માઉનટ સટુઅરટ એલફીનસટન, કમાનડર ઇન ચીફ, લેડી કાલવીલ, અને ઘણાખરા સઘળા યુરોપીયન અમલદારો તથા વેપારીઓને જીયાફતમાં બોલાવયા હતા. આ દીવસથી મરહુમ સર જમશેદજી પેહેલા બેરોનેટ તથા તેમના દીકરા મરહુમ શેઠ ખરશેદજી જાહેર વરતમાંન પતરોમાં પેહલવેહલા આવયા હતા. અને તેમની રીતભાંત વીશે તે વેલાના તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૨૨ ના "બોમબે કુરીઅર" નીચે પ્રમાંણે મત આપયું હતું—

"The amusements provided by Jamsetjee for his guests, evinced the elegance of his taste, while the amenity of his manners afforded ample proof, that good breeding and politeness are not exclusively the attributes of the inhabitants of the western world."

તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૩૦ ને દીને અતરેના રેહવાસીઓની એક સભા "નેટીવ એડયુકેશન સોસાઇટી" વાલા મકાનમાં મલી હતી. તે વેલાએ "ધી એગ્રીકલચરલ એંડ હારટીકલચરલ સોસાઇટી આફ વેસટરન ઇંડીઆ" નામે એક મંડલી ઉભી કરી હતી, અને તેના સેક્રેટરીઓ તરીકે સુપરીમ કોરટના તે વેલાના દુભાસીઆ મી૦ જોન વોપેલ તથા શેઠ ખરશેદજી જમશેદજીને ઠેરવયા હતા. એજ વરસનાં આપરેલ માસની ૩૦ મી તારીખે "બામબે એડયુકેશન સોસાઇટી" ની ભાંએખલા ખાતે મલેલી વારશીક સભામાં ગવરનર સર જાન માલકમે જમશેદજી જીજીભાઇ અને તેવણના દીકરા ખરશેદજી જમશેદજીએ તે મંડલીને કીધેલી નાણાની બખશેશને માટે તેમની ઘણી તારીફ કીધી હતી. દેશીઓને ગરાંડ જુરીમાં બેસવાનો હક મલવા પછી તેઓ પેહલવેહલા તા૦ ૫ મી જુલાઇ ૧૮૩૩ ને દીનેની શેશનમા બેઠા હતા. તેમાં પારસીઓમાં શેઠો ફરાંમજી કાવશજી બનાજી, જમશેદજી જીજીભાઇ, ખરશેદજી કાવશજી બનાજી, અને ખરશેદજી રૂસતમજી વાડીઆ બેઠા હતા. તે પછી બીજીવારની સેશન તા૦ ૨૫

મી સપટેમબર ૧૮૩૩ ને દીને મલી હતી, તેમાં ગરાંડ જુરીમાં શેઠ ખરશેદજી જમશેદજી તથા શેઠો હોરમજજી ભીખાજી ચીનાઇ, હોરમજજી બહમનજી શેઠના, અને અરદેસર હોરમજજી વાડીઆ બેઠા હતા. તા૦ ૨૧ મી જુલાઇ ૧૮૩૩ ને દીને શેઠ ખરશેદજીના પેહલાં ધરીઆંણી બાઇ દીનબાઇ ૧૯) વરસની ઉમરે હક થયાં હતાં તેની નોધ તે વેલાના બોમબે ગેજેટે તા૦ ૨૪ મી જુલાઇના આંકમાં લીધી હતી. તા૦ ૫ મી ફેબરવારી ૧૮૩૫ ને દીને મરહુમ સર જમશેદજી પેહલા બારોનેટ અતરેના ગવરનર લારડ કલેરને ઇંગલાંડ જતી વખતે એક મોટું ખાંણું આપયું હતું તે વેલાએ સરેશતા પરમાણેની સલામતીઓ લેવાયા પછી એવણે ઇંગ્રેજી ભાશામા એક સુભાખીત ભાશાણ કરી "લેડી" ઓની સલાંમતી લેવાડી હતી કે જે ભાશાણ કરવાની છતાની તે વેલાએ ઘણી તારીફ થઇ હતી.

શેઠ ખરશેદજી જમશેદજી તમારા લખવા પરમાણે ફારબસની કુા૦ નહી પણ રેમીંગટનની કુા૦ ની આશીસમા શીખાઉ દાખલ રહયા હતા. એવણના પીતાની પેહડીમાં તા૦ ૨૨ મી અકટોબર ૧૮૩૫ ને દીનથી એવણ તથા શેઠ ફરદુનજી શેરાબજી પારખને ભાગયા કરી તે પેહડી "જમશેદજી જીજીભાઇના છોકરાઓની કુ૦" ને નામથી ચાલુ કીધી હતી. તા૦ ૭ મી જાનેવારી ૧૮૩૭ ને દીને ઇંગલાંડ ખાતેની "રાયલ એશીઆટીક શોશાઇટી" માં એવણ તથા શેઠ અરદેસર ખરશેદજી વાડીઆ અને શેઠ અરદેસર હોરમજજી વાડીઆને "નાન રેસીડંટ" મેમબરો ઠેડવયા હતા. કે જે માન દેશીઓને પેહલવેહલું મલયું હતું. સર જમશેદજી હાસપીટલ બંધાયા આગમજ અતરેના લોકોએ ઉધરાણાંથી ગરીબ ગુરબાંઓની મફત દવાઇ કરવાને "બોમબે નેટીવ ડીસપેનસરી" સથાપી હતી કે જેને ડાકટર મેકીવાલી હાસપીટલ કેહેતા હતા તેમાં મુખય આગેવાંની એવણની હતી, અને તે ખાતાંના તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૩૭ ને દીને એવણને એક ડાએરેકટર ઠેડવીયા હતા. એવણ ઇ. સ. ૧૮૩૭ ના ચોમાસાંમાં પેહલવેહલા પુને ગયા હતા, અને તીયાંનાં પારશીઓની તરફથી તા૦ ૨૬ મી આગશટને દીને શેઠ શેરાબજી રતનજી પટેલે હીરાબાગમાં એવણને એક મોટી જીઆફત આપી હતી. તે પછી તા૦ ૩૦ મી આગશટે એવણે પોતાના મુરંબીજીને નામે તીયાંની તમામ અંજુમનનું જશન કરી સરવે પારશીઓને જમવાને નોતરીઆ હતા, તથા તીયાંના મોબેદો વચે જે મીનાકેસો ચાલતો હતો તે વચે પડી તે દાહાડેથી કાઢી નખાવી બંધે બેરદુને સલાહ કરાવી આપી હતી. તમો તથા તમારા બીજા ભાઇબંધો એવણને ઇ. સ. ૧૮૪૨ માં સુલેહના અમલદાર ઠેડવેલા લખોછો, પણ તેમ નથી. એવણને તા૦ ૫ મી અકટોબર ૧૮૪૦ ને દીને શેઠો દાદાભાઇ પેશતનજી વાડીઆ, મનચેરજી પેશતનજી વાડીઆ, માણેકજી લીમજી બનાજી, અને અરદેસર હોરમજજી વાડીઆની સાથે સુલેહના અમલદાર નેમયા હતા. તે આગમજ ઇ. સ. ૧૮૩૪ માં પેહલવેહલા જયારે દેશીઓને સુલેહના અમલદાર કીધા હતા તયારે પારસીઓમાં શેઠો જમશેદજી જીજીભાઇ, ફરાંમજી કાવશજી બનાજી, બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી કાવશજી બનાજી, ખરશેદજી અરદેસર દાદી, નવરોજજી જમશેદજી વાડીઆ, ખરશેદજી રુસતમજી વાડીઆ અને હોરમજજી ભીખાજી ચીનાઇને ઠેડવયા હતા. તા૦ ૨૦ મી મારચ ૧૮૪૧ ને દીને એવણને "એલફીનસટન નેટીવ એડયુકેશન ઇનસટીટયુશન" ના એક ડાએરેકટર ઠેડવયા હતા. તા૦ ૭ મી જાનેવારી ૧૮૪૨ ને દીને અતરે એક નવું ઠીએટર બાંધવાનો વીચાર કરવા માટે "ટાઉન હાલ" માં જાહેર સભા મલી હતી તયાં એ કારણની ગોઠવણ કરવા સારૂ પાંચ ઇંગ્રેજો અને બે દેશીઓ તેમાં એક

એવણ અને બીજા શેઠ જગંનાથ શંકરશેઠની કમીટી ઠેડવી હતી. ઇ. સ. ૧૮૪૨ મા પ્રીનસ આફ વેલસના જનમની અતરે ખબર પડતાંજ માહરાણી વીકટોરીયાને અતરેના રેહવાસીઓની તરફથી મુબારકબાદીનો એક માનપતર મોકલવાની એવણે શેઠ ફરામજી કાવશજીની સાથે મલી આગેવાંની કીધી હતી. તા૦ ૨૧ મી આપરેલ ૧૮૪૨ ને દીને અતરેના ટાઉન હાલમાં કાબુલની લડાઇમા મારયા ગીએલાઓની વીધવા તથા બાલકોને આસરો આપવા માટેનુ એક ફંડ ઉભું કરવા માટે મલેલી જાહેર સભામાં તે કામને માટે આઠ ઇગ્રેજો અને એવણ તથા શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆની એક કમીટી ઠડવી હતી. તા૦ ૨૯ મી આપરેલ ૧૮૪૨ ને દીને અતરે ઉઘરાંણાથી એક આઇસ-હાઉસ બાંધવાને માટે "ટાઇમસ" આફીસમા એક સભા મલી હતી, જેમાં તે કામ હાર પાડવા માટે મી૦ જાન બાઉમેન, કપટાન સટુઅરટ અને એવણની એક કમીટી ઠેડવી હતી. આએજ વરસના મેએ માસમાં હાલમા લંડન ખાતે મરણ પામેલા શેઠ હીરજીભાઇ રૂસતમજી પટેલનું "વેનસીટારટ" નામનું વાહાણ બળી જવાથી તેના ૧૮૦ માણસો તદન વગર આસરાના થવાથી તેમને માટેનું ઉઘરાંણું કરવાની કમીટીમા એવણ હતા. તા૦ ૨૯ મી મેએ ૧૮૪૫ ને દીને ટાઉન હાલમાં અતરે એક "જુઆલોજીકલ ગારડન" સથાપવા માટે સભા મલી હતી તે સભામો એ કામની ગોઠવણ કરવા માટે આઠ ઇંગ્રેજો, એવણ, તથા શેઠ જગંનાથ શંકરશેઠ અને બાલગંગાધર શાશતરીની એક કમીટી ઠેડવી હતી. ઇ૦ સ૦ ૧૮૪૫ માં પેહલવેહલી ગ્રેટ ઇંડીઅન પેનીનસુલા રેલવે કંપની સથાપી હતી તેના એવણ તથા શેઠો બહમનજી હોરમજજી વાડીઆ, દાદાભાઇ પેશતનજી વાડીઆ, અને વીકાજી મેહેરજીને ડાએરેકટરો ઠેડવયા હતા. તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૪૬ ને દીને સરકારે અતરે રૂનો વેપાર પડી ભાગવાનાં કારણનો રીપોરટ કરવા તથા તે પાછો વધે તે માટેના ઉપાયો બતાવવાને સાત ઇંગ્રેજો તથા એવણ અને શેઠ ખરશેદજી કાવશજી બનાજીનું એક કમીસન ઠેડવયું હતું.

અધીપતી સાહેબ, ઉપલી નોધ ઇ૦ સ૦ ૧૮૪૬ સુધીની લીધીછે. અને તે પછીના પતરો વાંચવાને શેવકને બનીઉં નથી. માટે તે વાંચયા પછી અગતજોગ બીનાઓની નોધ હવે પછી લખીશું.

હું છું સાહેબ તમારો નમનતાઇ ભરેલો શેવક,

લા૦ બહમનજી બેહરામજી પટેલ.

મુંબઇની તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૭૭.

સાહેબ—તમારા ગયા આંકમા મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, સી. એસ. આઇ. ને લગતી કેટલીક આગલાં વરસોની હકીકત અમોએ લખી મોકલી હતી તેમા એક ઠેકાંણે તેવણ સાહેબને તથા શેઠો અરદેસર ખરશેદજી વાડીઆ અને અરદેસર હોરમજજી વાડીઆને તા૦ ૭ મી જાનેવારી ૧૮૩૭ ને દીને ઇંગલાંડ ખાતેની "રાયલ એશીયાટીક સોસાયટી આફ ગ્રેટ બરીટન એંડ આએરલંડ" ના પેહલવેહલા દેશી મેમબરો થયલા જણાવયાછે; પણ તે પછી શેઠ માણેકજી ખરશેદજી સરાફનુ એક ચોપાનયું અમારા વાંચવામાં આવયાથી તેમાથી જણાયછે કે ઉપલી મંડલીના પેહલ-વેહલા દેશી મેમબર તરીકે તેવણ (શેઠ માણેકજી) તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૩૫ ને દીને થયા હતા.

મરહુમ સર જમશેદજી બીજા બારોનેટ પેહલવેહલા મીસીઅરશ રીમીંગટન કરાફરડની કું૦ માં એક શીખાઉ તરીકે રહયા હતા તેની સાબેતીમા એક વાત એ મરહુમ શેઠે છેલા અતરેથી પુણે ગયા તેની ચાર પાંચ દીવસજ આગમજ પોતાને મોઢે કીધીછે, તે અતરે જાણવાજોગ થઇ પડશે. તે એમ કે શેવકે હીંદુસથાનમાં થઇ ગયલા જાણીતા પારસીઓની નોધ વીશે છપાવવા ધારેલા

પુસતકની મદેહનજર તથા તેમા આપેલા થોડાક છાપેલા નમુનાની એક નકલ એવણ સાહેબના જોવામાં એક જાણીતા પારસી ગ્રહસથની મારફતે આવી, અને તેમા મરહુમ શેઠ શોરાબજી પેશતનજી પાટક વીશે તેવણ તે વખતે એક સરસ ઇંગ્રેજી લખનાર હતા એવું અમોએ લખેલું જાણી તુરત પેલા ગરહસથ-ને પોતે શાહદત આપી કે "હું પોતે જયારે પેહલવેહલો રીમીંગટન કરાફરડની કું૦ માં એક "આપરેનટીસ" તરીકે રહેલો હતો તયારે બેહશતી શોરાબજી પાટક ઇલો-રાના ગોફાઓ જોવાને ગયા હતા, તયાંથી તેઓએ મારી ઉપર તે ગોફાઓના બયાનનું એક કાગજ ઇંગ્રેજીમાં લખયુ હતુ. તે કાગજ મેં મારા સીનારને દેખડાવવાથી તે ઘણો તાજુબ થયો હતો કે એક નેટીવ આવું સરસ ઇંગ્રેજી લખેછે, અને તેણે તે કાગજ મારી પાસેથી લઇને નામદાર ગવરનર સર જાન માલકમને દેખડાવયો, કે જે પણ તે વાંચી ઘણો અજબ થયો હતો." આએ વાત પેલા પારસી ગરહસથે શેવકની આગલ તેજ વખતે કીધી હતી.

હું છું સાહેબ,
તમારો નમનતાઇ ભરેલો શેવક,
લા૦ બહમનજી બેહરાંમજી પટેલ.
મુંબઇની તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૭૭.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી જુલાઇ તથા ૧૨ મી અ.ગશટ ૧૮૭૭.]

11*th July* 1877.

SIR JAMSETJEE JEEJEEBHOY (2ND) BART, C. S. I.—By Sir Jamsetjee Jeejeebhoy's death, the Parsee community have lost their foremost man in rank and one of their best men in character and disposition. His name was familiar throughout England as well as India, both in connection with great acts of charity and his leadership of the enterprising race to which he belonged. Sir Jamsetjee was always gentle and obliging; and his generous hospitality and charity would have found no bounds if his purse had had no limits. Beloved by Europeans as well as natives, the Parsee Baronet was a favourite everywhere. He was never weary of arbitrating differences of opinion. His services as a mediator in many bitter questions have been frequently accepted by Government. We have heard him described over and over again as a "thorough English gentleman," and certainly Sir Jamsetjee possessed those instinctive graces of manner and disposition which made him beloved and respected everywhere. His loss is not for one section of the Community to regret, but for all. It will be difficult to fill his place in the Parsee community, and still more so for Europeans to find a native whose sympathies were so entirely in accord with their own as Sir Jamsetjee's always were.

In the death of Sir Jamsetjee Jeejeebhoy, the second Baronet of that name who died at Poona yesterday morning, the Parsee community deplores the loss of its natural and acknowledged leader. The remark made by a late journalist (Dr. George Buist) on the death of the first Parsee Baronet might perhaps—though in a much lesser degree—be applied to the second.—"The Parsees have lost their father, India the greatest of her sons: and England one of the noblest of her nobility." Beneath a reserved and somewhat cold exterior—the natural consequence of early restraint and a strict adherence to ceremony and the distinctive forms of etiquette obser-

ved under varying circumstances—the deceased gentleman concealed a heart at all times warm with sympathy and glowing with generous instincts. It could not in the nature of things be otherwise. He inherited much of the catholic charity, the generous nature, and the love of his fellow-creatures which distinguished his late father,—though not perhaps to an equal degree the activity and unflagging spirit of enterprise which raised the latter from an obscure to the highest position accessible to a native of this country. But the deceased was a constant help-mate in the counsels of his father, and shared with him the satisfaction resulting from the works of charity and beneficence, which were congenial to both. The second Baronet was a man of great intelligence, a shrewd observer, and an accurate reader of character. He possessed much worldly experience, to which he added largely during his travels in Europe and India Most of his benefactions were private, and there is, therefore no record of them accessible to the public. The great work of public utility which he was the means of raising is the Deccan College, for which he contributed a lakh of rupees in 1863-64. In 1864, he contributed half a lakh of rupees for the enlargement of the Sir Jamsetjee, Jejeebhoy Hospital and the addition of an upper storey.

Sir Jamsetjee was born on the 9th October 1811 at the old family house situated opposite "Alai Baug" in Shaik Abdool Rahman Street, and was therefore sixty-six years of age. His first tutor was a Serjeant Size or Seitz, under whom he learnt the rudiments of English; and his subsequent education was conducted at home under abler teachers. He possessed a fair knowledge of English, and was an excellant letter-writer. For several years Sir Jamsetjee worked as a junior clerk in the office of Messrs. Forbes and Co., where he gained a good knowledge of mercantile business, which stood him in good stead in carrying on the business of his father's firm in subsequent years. He was the eldest of four children,—three brothers and a sister. His first brother was the late Mr. Rustomjee Jamsetjee Jejeebhoy and his youngest brother is Mr. Sorabjee Jamsetjee Jejeebhoy, now leading a retired life in Bombay. For some time after his father's death, Sir Jamsetjee traded in partnership with his brother Rustomjee, but the partnership was dissolved before the latter was drawn into the vortex of the share mania Sir Jamsetjee did not escape scatheless, but to his credit be it said that he curtailed his expenses in order to pay his debts, although his younger brother was obliged to call a meeting of his creditors to effect a compromise with them Sir Jamsetjee married twice. By his first wife, Deenbaee, who died in 1833, he had a daughter, now deceased; but a grand-daughter is still living. He was married to Ruttonbaee, now Dewager Lady Jamsetjee in November 1835, and had by her many children, nine of whom are living—namely three sons —Maneckjee (born 3rd March 1851,) Cowasjee, and Jamsetjee—and six daughters, besides several grand-children.

The first Baronet was created a Knight in March 1842, and was

advanced to the dignity of a Baronet of the United Kingdom on the 6th August 1857. The second Baronet was originally known by the name of Cursetjee Jamsetjee Jeejeebhoy, but was styled and designated by the title of Baronet under a special Act of the Legislative Council of India, passed with the sanction of Her Majesty the Queen in 1860, by which all holders of the title relinquish their own names and assume that of the first Baronet. The deceased gentleman was far many years a trustee of the Parsee Punchaet charitable funds and chairman of the managing committee of the Sir Jamsetjee Jeejeebhoy Parsee Benevolent Institution. He was a member of several literary and commercial associations and was a president for sometime of the Bombay Association For a long time he managed the busines of the firm of Sir Jamsetjee Jejeebhoy Sons and Co., the transaction of which were for the most part guided by his wise counsels. He was also a Director of the Bank of Bombay and the Government Savings Bank. On the retirement of the late Mr. John Stuart, Secretary of the Bank, a purse of Rs. 20,000 was, on the motion of Sir Jamsetjee, presented to him by the Directors in recognition of his valuable services to the Bank. In 1842, Sir Jamsetjee was appointed a Justice of the Peace. He was also a Fellow of the Bombay University and a member of the Municipal Corporation. He obtained the title of Baronet on the death of his father on the 14th April 1859; and Her Majesty the Queen was pleased to confer on him a C. S. I. subsequently He was a personal friend of Sir James Rivett Carnac, Governor of Bombay, and was familiarly acquainted with the subsequent Governors as well as the Viceroys of India, especially the late Lord Mayo and Lord Northbrook. In the time of Sir Seymour Fitzgerald, he was appointed a member of the Bombay Legislative Council In May 1860, Sir Jamsetjee started with a number of friends on his travels in Great Britain, returning to Bombay in the end of the same year. While in London he kept an expensive establishment in Belgrave Square, and used to pay visits to Her Majesty the Queen, and to Lord Palmerston and other great nobles of the realm. In 1870, he travelled in Upper India on the arrival of His Royal Highness the Duke of Edinburgh in Calcutta; and was the guest of the late Lord Mayo in that city. In 1873, when Lord Northbrook held a Grand Durbar at Agra of the Rajahs, Princes and Chiefs, Sir Jamsetjee and his sons were specially invited to and attended the Durbar. On his way back he visited Benares, Delhi, Lucknow, and other places, returning to Bombay after a lengthened tour in Upper India. He again visited Upper India in January 1877, on the invitation of Lord Lytton at the time of the Imperial Proclamation at Delhi. On his way back in that year, he resided several days at Jubbulpore and visited its marble rocks. He was in the habit of carrying on a correspondence with members of the Royal Family, with Lord Derby, the Duke of Argyle, Lord Halifax, and other members of the nobility of

Great Britain. He always kept a splendid stud.

Sir Jamsetjee had been suffering from general debility consequent upon the carriage accident at Allahbad in January last, and the shock which he then received had a permanent effect upon his system. He left Bombay in April last, to spend the hot season at the "Duke's Retreat" as his bungalow at Khandala is called from the fact of the Duke of Edinburgh having stayed therein on his way to Bombay from Calcutta. While at Khandalla his illness took an alarming turn on the 31st May last, on which day a telegram summoned to his bed-side Lady Jamsetjee, his children, and some of his friends, who were in Bombay at the time. Dr. McGuire was in constant attendance upon the Baronet, and did all that a kind nature and unwearying vigilance could do to sustain vitality and hope in the invalid It was found that the patient suffered from dropsy in an advanced stage, loss of appetite, and great debility. His sister Pherozbaee and other relations tried to persuade him to return to Bombay, but Sir Jamsetjee was inexorable, and cheering them with a hope against hope, he eventually prevailed upon them to remove him to his bungalow at Poona, which they did on the 2nd ultimo. He there lingered on until Tuesday night, when alarming symptoms became but too clear an indication of approaching dissolution. In consequence of telegrams received from Poona, many of his relations and friends left Bombay yesterday morning. Towards noon a telegram was received announcing that the Baronet breathed his last at 11 A. M. yesterday. The news caused universal grief in the Parsee community, many members of which left for Poona by the 2 P. M. train for the purpose of accompanying the remains of the deceased to the Tower of Silence at Poona. Mr. Maneckjee, the eldest son who succeeds to the title of Baronet, was present at the Corporation meeting in Bombay on Tuesday, and left for Poona yesterday morning with Lady Jamsetjee and others. The intelligence of Sir Jamsetjee's death has been received with manifest feelings of regret amoung all classes of the community. He was a general favourite in society, and his death cannot but be regarded a public loss.

[*Bombay Gazette*, 12*th July* 1877.]

તા૦ ૨૧ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

ખરશેદજી જામાસપજી ભાવનગરી—અમને લખવાને ઘણી દલગીરી ઉપજેછે કે સુરતમાં શેઠ ખરશેદજી જામાશજી ભાવનગરીવાલા તા૦ ૨૧ મીએ રાતનાં દુશટ કોલેરાના મરજથી મરણ પામીઆછે. તેઓએ પોતાનાં કુટુંબ સાથે ખાનું લીધા બાદ ઓચીંતા ઉપર લખેલા દુશટ રોગ આવી તેમના જાનને ઘણી ઝડપથી લઇ ગયોછે. તેઓ ઘણા મીલનશાર અને ખાનદાન કુટુંબના ગરહસથ હતા. તેમનાં મરણથી કેટલેક ઠેકાણે ઘણી દલગીરી પેદા થઇછે. તેની લાશને તા૦ ૨૨ મી ને રવીવાર શવારનાં શુગીઅદાહ કરવામાં આવી હતી. તેમને અવલમંજલ પોંહચાડવામાં ઘણાક મોટા શેઠ શાહુકારો આવીઆ હતા અને તેમનાં કુટુંબમાં એ એક ચાલાક અને લાએક માણસ હતા.

(બોમ્બેઓ.)

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૭૭.]

તા૦ ૩૦ મી જુલાઇ.

રોજ ૧૪ માહ ૧૧ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

મનચેરજી પેશતનજી વાડીઆ—

વાડીઆ ખાંનદાંન આપણા પારસીઓમા બે રીતે જાણીતું છે. એક ઇ. સ. ૧૭૩૫ થી વાહાણો બાંધવાને માટે તથા બીજું ઇ. સ. ૧૭૮૦ થી બોહલા વેપાર વનજને માટે. એ ખાંનદાંનના એક નબીરા શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ ગયા શોમવારે ૬૫ વરસની વયે કોલેરાના દુશટ મરજથી અચબુચ મરણ પામયાછે. મરણની એક દીવસ બલકે વીશ કલાક આગમજ તો એવણને આલબલેસ બાગમાની પારસીઓની મોટી સભામાં બીરાજેલા અમોએ નજરે-નજર જોયા હતા. એવણ પારસીઓના આગલા અકાબર મરહુમ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના બીજા પુત્ર હતા, પણ એમના મમાવા શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ એવણને તથા એમના વડા ભાઇ શેઠ દાદાભાઇ વાડીઆને પોતાના પાલખ કરી લીધાથી એવોની નીસબત તેમની સાથે જોડાઇ હતી. શેઠ પેશતનજી વાડીઆ પારસીઓમા આગલા વખતમા એક મોટામા મોટા વેપારી તથા આગેવાંન શેઠીયા હતા. તેવણ ઇ૦ સ૦ ૧૮૧૬ ના આગશટ માસમાં પોતાનો વહીવટ આ બે દોતરાઓને સોંપી મરણ પામયા હતા. તે વેલાએ મરનાર મનચેરજીની વય નાથલી હોવાથી શેઠ દાદાભાઇએ પોતાને નામે વેપાર ચાલુ રાખયો હતો, અને એવણના ઉમરે પુગયા પછી તા૦ ૧ લી નવેમબર ૧૮૩૪ થી એવણને પોતાની સાથે શામેલ કરી "દાદાભાઇ અને મનચેરજી પેશતનજી" ને નામે વેપાર ચલાવવા માડયો હતો. એવણની પેહડીનું કામ ઘણા દેશાવરો સાથે હોવાથી તેમજ મુંબઇમાં એવોની મોટી મીલકતો હોવાથી દેશીઓ તેમજ ઇંગ્રેજોને પોતાના નાણાં મુકવાને એવોની પેહડી એક બેંકની માફક કામ લાગતી હતી, અને તેને "આએરન વોલસ" (લોઢાનો કોટ) નું નામ આપવામાં આવયું હતું. મરનાર મનચેરજી પેહલ વેહલા તા૦ ૫ મી જુલાઇ ૧૮૩૯ ને દીને ગરાંડ જુરીમાં બેઠા હતા. તા૦ ૫ મી અકટોબર ૧૮૪૦ ને દીને એવણને આપણી સરકારે સુલેહના અમલદારનું માન આપયું હતું. તા૦ ૧૪ મી મારચ ૧૮૪૪ ને દીને એવણ પેહલ વેહલા "પેટીશેશન" ની કોરટમાં અતરેના વડા માજીસટરેટની સાથે બીરાજયા હતા. ઇ૦ સ૦ ૧૮૩૬ માં પેહેલ વેહેલી "ચેમબર આફ કામરસ" અતરે સથાપી તેના એવણ શરૂઆતથી એક મેમબર હતા. ઇ૦ સ૦ ૧૮૫૧ માં એવણની પેહડીને મોટું નુકસાન જવાથી પોતીકો વહીવટ બંધ કરી તીઆરથી એકાંત જીંદગી ગુજારી હતી. દરેક જાહેર બાબદો તથા બનાવોની ખબર અંતર રાખવાનો એવણને ઘણો માહવરો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૫ મી આગશટ ૧૮૭૭.]

30*th July* 1877.

MUNCHERJEE PESTONJEE WADIA. We regret to record the death of Mr. Muncherjee Pestonjee Wadia, which took place yesterday afternoon at his residence at Parell. The deceased gentleman was present at the Parsee monster meeting held in the Allbless Baug, but soon after his return home, he was seized with cholera, and though medical assistance was rendered, he died the next day, having reached the age of 67 years. He was the second son of the late Mr. Nowrojee Jamsetjee Wadia, master builder H. M. Dockyard in Bombay. At one time he traded with his brother, Mr. Dadabhoy Pestonjee, under the name and firm of Messrs. D. and M. Pestonjee, when their commercial connextions were numerous and influential; but in the year 1851 they met with reverses and failed, their liabilities amounting to thirty lacs of rupees.

[*Bombay Gazette,* 31*st July* 1877.]

તા૦ ૫ મી આગશટ.

રોજ ૨૦ માહ ૧૧ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

તેહમુરશ જમશેદજી દેસાઈ—નવસારીના મોટા પારસી દેસાઇઓ ૨૫૦ થી વધારે વરસો સુધી વંશપરમપરા મોટો દોર ચલાવી ગયાછે, જેઓ સુરત જીલ્લામાં નવસારી, ગંદીવી, ચીકલી, ચોરાશી, સુપા, પારચોલ, કોશ અને અનાવલ, એ સઘલાં પરગણાંઓમાં હકુમતવાલા હતા. તેઓમાં દેસાઇ મનચેરજી ખરશેદજીનું નામ મરવેથી મશહુર છે. નવસારીના દેસાઇઓ આજે એજ વડવાનાં નામથી ઓલખાયછે. ચાલુ સદીની શરૂઆતમાં વરોદરાના ગાયકવાડ આનંદરાવને આરબ લશકરે તેના મેહેલમાં ઘેરી લીધો તે વેલા જો ઇંગ્રેજ સરકાર જો તેના બચાવમાં નહીં દોડત તો વરોદગામાં મોટું રમખાંણ જાગત. એ વખતે એ સરકાર વરોદરા ખાતે રેસીડનસી સથાપવાની કોઇ તક જોતી હતી. દેસાઇ મનચેરજી એ વેળાએ ઇંગ્રેજ તથા ગાયકવાડ સાથ મોટો વગ ધરાવતા હતા. તેવણે સુરતના તે વખતના પોલીટીકલ એજંટને મલીને વરોદરામાં બ્રીટીશોની કુમકની ૨૦૦૦ ફોજ રાખવાની ગાયકવાડને સલાહ આપી, તે એવી સરતે કે ઇંગ્રેજો આરબોનો વરોદરેથી પગ કાહાડે. ગાયકવાડ આ વાત કબુલ રાખી, અને આનંદરાવ, તેના દેવાંન રાઓજી આપાજી અને ઇંગ્રેજ સરકાર વચે એ બાબેના ૧૮૦૨ માં "કુપાકોલકરારો" થયા જેમાં દેસાઇ મનચેરજી શામેલ હતા. તેવણને બંધે સરકારોએ પોતાના વકીલ દાખલ કબુલ રાખવા, અને મોટાં ઇનામો આપયાં. વેલાતની તે વખતની કોરટ આવ ડરેકટરસે ૧૮૧૦ માં દેસાઇને વરસ દાહડે રૂ. ૨૪૦૦ નું સાલીયાંણું બાંધી આપ્યું, અને તેના વારેસોનાં વતન વજીફાનો બચાવ કરવાની કબુલાત આપી. આ કબુલાતની દેસાઇને જલદીથી જરૂર પડી, કેમકે ૧૮૩૦ થી ગાયકવાડનો તેઓ ઉપર કરડો ડોલો થયો, અને તેમનાં વતન તેણે જપત કીધાં. એ વખતે મનચેરજી દેસાઇના નાના બેટા જમશેદજીએ પોતાના વકીલ દાખલ પોતાના દીકરા દેસાઇ તેહમુરસપને મુંબઇ ખાતે મોકલયા, જેવણ ૪૦ થી વધારે વરસો અતરે ગુજારીને ગયે રવીવારે મરણ પામયાછે. દેસાઈ તેહમુરસપે મુંબઇના ગવરનર સર જેમસ રીવિટ કારનાકને તેમજ કલકતાની સરકારોને ઘણી અરજીઓ કરી પણ છેક ૧૮૪૨ સુધી તેમનો નીકાલ આવયો નહીં. અંતે બ્રીટીશ સરકારે ત્રણ ત્રણ કમીશનરો પાસે દેસાઇના ગાયકવાડ ઉપરના દાવાનો હીસાબ કરાવી તેમને ઇનસાફ આપયો, તે દેસાઇ તેહમુરસપની મેહેનતથી હતું. તેવણને દેસાઇ મનચેરજીના નબીરા દાખલ દર સાલ રૂ. ૩૦૦ નું ઇનામ મલતું હતું તે હવેથી બંધ થશે. એ ઇનામ મેલવનાર હવે માત્ર એકજ નબીરો રહયોછે, જે પછે દેસાઇઓનો ઇંગ્રેજ સરકાર સાથનો સંબંધ બંધ પડશે. દેસાઇ તેહમુરસપે નવસારી ખાતેનાં પોતાના વડવાઓનાં આતશબેહરાંમ અને અગીઆરીની મરામત કરાવી તેમાં નવો વધારો કીધો હતો. તેવણેબી એકવાર મામલત મેલવી હતી, જે થોડા વખતમાં તેમના હરીફે ચહડાવો કરી પડાવી લીધી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી આગશટ ૧૮૭૭.]

તા૦ ૬ થી આગશટ.

રોજ ૨૧ માહ ૧૧ (ક૦) ૧૨૪૬ યજદજરદી.

જરબાઈ વીધવા જાંહુગીરજી તાલેયારખાં—હમે જણાવવાને દલગીર છઇએ જે ગએઆ શોમવારે રાતનાં આશરે દશ કલાકે મરહુમ શેઠજી ફરદુનજી ડાશાભાઇ પારેખનાં બેટી નામે જરબાઇ ઉમર ૬૫ વરશની એ વરોડરામાં હક થએઆંછે. મરનાર બાઇ શેઠ રતનજી તથા નશરવાંનજી પારેખનાં બેહન હતાં. તેઓના તરણ છોકરા છે. પેહલા તો શેઠ પેશતનજી જાંગીરજી વરોડરામાં સેટલમેંટ કમીશનર છે. બીજા નામે શોરાબજી નવશારીના મુનસફ અને તરીજા શેઠ હોરમજજી મુંબઇની પેરોપરાએટરી ઇશકુલના માલેક છે.

[જામે જમશેદ, તા૦ ૮ મી આગશટ ૧૮૭૭.]

તા૦ ૨૩ મી આગશટ.

રોજ ૮ માહ ૧૨ (શે૦) ૧૨૪૬ યજદજરદી.

દોરાબજી પેશતનજી ઘાસવાલા—શેઠ દોરાબજી પેશતનજીનાં મરતીઉકથી પુણાંની શરવે ગનીઆતમાં ઘણી દલગીરી ફેલાઇછે, કારણકે આ ઘરશથ અતરે એક જાણીતા વેપારી, સરકારી વડા કનતરાકટર તથા જરથોશતીઓમાં એક સભીઅ ઘહરશથ તથા શેઠીઆ તરીકે ઘણાજ પરખીઆત હતા. આ મરહુમ શેઠીઆમાં ઘણો સારો ગુણ તે તેની હાતમદીલની સખાવત હતી. અતરે જો કોઇબી ધરમનાં કામને લગતી જાહેર ઇઆ ખાંનગી સભાઓ પોતાનું નાના જમા કરવા માટે લીશટ ફેરવતું કરે તો તેમાં સઉથી મોટી ઉમેદ શેઠ દોરાબજી ઉપર બાંધવામાં આવતી અને તેમાં તેઓ પાર ઉતરતા હતા. વલી આ સખીતએ શેઠીઆ હરદમ હાંથલાંપાંગલાંઓને દર વાર તેહવારે તથા દર અઠવાડીએ પોતાના ઘેર આગલ જમાવ કરી રૂપાં નાનાંની ખેગત કરતા હતા. તેવણ ઠંડીની તથા વરસાદની એ મોહસમોપર તેવા સઘલા લાચાર લોકોને ધાબલી ને કાંમલાની ખેરાત આપતા જે લેવાને શેંકડો લોકો ભેગાં મલતાં. આ સદાવરતું આ મરનાર શેઠીઆએ છેક શેવટ સુધી ચાલુ રાખયું હતું, અને જો તેનો હીસાબ લેવા ચાહીએ તો ખચીત આજે એક મોટી રકમ તે સખાવત પાછલ ખરચેલી માલમ પડી આવેછે. વલી આ ગરહસથે કેલવણીખાતાંઓને પણ પોતાની મગદુર મુજબ સારો લાભ આપેલો જણાએછે. તેમાં હાલ ઉદવારામાં જરતોશતી તેમજ તેઆંના બીજા વતનીઓ માટે એક ઇંગ્રેજી સકુલ આ શેઠીઆના ખરચથી હમનાં સુધી ચાલુ રહીછે. તેમજ પારસી બોરડીંગ સકુલને પણ એ સખી શેઠીઆ તરફથી સારી મદદ મલીછે. વલી દવાખાનાંઓ ઉંઘાડવા માટે પણ એ ગરહસથ તરફથી ઘણા દાખલાઓ મલી આવેછે. તેમાં શ્રી મઉની કાંપમાં હજારો ગરીબોને માટે આ હાતમદીલ શેઠીઆ તરફથી એક હાસપીટાલ ઉંઘાડવામાં આવીછે જે માટે રૂ. ૨૦ હજાર તો પરથમથીજ ખરચવા ઉપરાંત હમણાં સુધી તેમાં પોતાનો સખી દસત જારી રાખી બીજી ઘણીક મદદ આપીછે. આવા ભલા ગુણથી ખચીત આ જરતોશતી શેઠીઓ સગલા લોકોમાં પોતાની ખરી કીરતી મેલી અમર નામ કરી ગએઓછે એમાં તો કાંઇજ શક નથી.

આ મરહુમ ગરહસથ પોતાની પાછલ પોતાનું મોહલું કુટુંબ મેલી તથા સારી પુંજી અને મીલકતો તેઓને આપી ૬૨) વરશની ઉમરે પોતાની ઉતમ કીરતી સાથે હક થએઆછે. તેઓનાં ઉઠમણાંની કીરીઆ પુરી થવા બાદ રૂ. ૩૦૦૦ તેઓનાં પુન માટે ધરમ કરવાની તંદરોશતી ભણાવી હતી. તેઓનાં ઉઠીઆંણાંની કીરીઆ બાહેર દેશાવર ખાતે પણ થઇ હતી. તેમાં નવસારી, સુરત, ઉદવારા, હેદરાબાદ, અમદનગર, શોલાપુર અને મઉ ખાતે પણ થઇ હતી. કેહેછે કે આએ શેઠ દોરાબજી પોતાની જુવાની હાલતમાંથી વધી આવી મોટી આબરૂએ પોંહતા હતા તે હીઆ સુધી કે પોતે સરકારી વડા કનટરાકટર હોવાથી સરકારને પણ તેઓ વારવાર ઘણા ઉપીઓગી થઇ પડીઆ હતા તથા તે સાથે હાવા ધરમાઉ હોવાથી તેઓ માટે વડી સરકાર તરફથી ખાનબાહદુરનો ખેતાબ થોડા વખતમાં એનાએત થવાની ચોકસ વકી હતી, પણ દલગીરીભરેલું એ છે કે તેઓને જમાનાએ ઇઆરી બખશી નહીં. શેવટે એટલુંજ કેહવું બસ છે કે આ મરહુમ ગરહસથના બેટા શેઠ આદરજી તથા શેઠ ફરાંમજી પોતાના પીતાનાં પગલાપર ચાલી લોકોમાં પોતાના મુરબીનાં નામને વધારે જેબ મલે તેવી વરતનુંકથી પોતાનાં કુટુંબની સોભા વધારવાને શકતીવાંન થાશે એમ હમો ઇછીએ છીએ જેમાં તેઓને તે કુલ કુદરતનો સાહેબ પોતાની અજમતી મદદ કરે. (મલેલું.)

[જામે જમશેદ, તા૦ ૩૦ મી આગશટ ૧૮૭૭.]

23rd August 1877.

Dorabjee Pestonjee Ghaswalla.—The death of Mr. Dorabjee Pestonjee, the general Government contractor, which melancholy event occurred at his residence in the Wanooree lines, on Thursday, has cast a gloom over Poona. He was considered a leading man there, and was reputed for honesty and straightforward dealing. As a man of business he was very acute and far-seeing, and always had large orders in hand, his dealings being generally with the Government of Bombay, chiefly in the Commissariat Department. His original trade was for the supply of grass, and he is well known as a grass contractor. Almost all the grass fields in the Deccan were leased by him Formerly grass contracts were entered into direct by the commanding officers of the mounted corps and artillery, and of late this supply is made through the medium of the Commissariat Department. When this change was made, a report was forwarded on to the Government by the Commandant of Artillery and Dragoons, bringing to their notice the immense satisfaction given to them by the late Mr. Dorabjee Pestonjee, by carrying out his engagements in the face of many difficulties, and in connection with this business his name was honourably mentioned and his services thankfully acknowledged by Government. During the Abyssinian Campaign he rendered valuable assistance to the Commissariat in meeting with different supplies and cattle equipments with great promptitude. He was always jealous of his reputation as a contractor to Government. He had his branch establishments at several stations, Ahmednuggur, Deolalee, Nassick Secunderabad, &c. His business was further connected with the Collectors and the Forest Department. The lamented deceased was renowned for his liberality in Poona. He, it is said, took great pleasure in distributing alms to poor people with his own hand on every Sunday. He did not know what pride was, and was quite averse to external show in personal matters He was a real philanthropist. He was very kind to those suffering from any kind of bodily infirmity, and this without distinction of caste or creed. His donations to public institutions were as numerous as they were well bestowed. At Oodwara, where the sacred fire is preserved, an English school is opened by the deceased gentleman, and maintained exclusively at his own expense, for all classes of the people. Furthermore, he remitted money regularly to Oodwara for the maintenance of a hundred infirms or poor persons. He partially defrayed the expenses of the fire temple at Sholapore. The dispensary that he established at Mhow is worthy of notice. A few years ago General Malcolm, then commanding the station, and Colonel Lester, the then Cantonment Magistrate, used their best endeavours to raise a large amount by subscription for this necessary institution, but the project failed, as the amount was totally inadequate for the purpose. The subscription list was sent to the deceased gentleman by the Cantonment Magistrate through his brother, Khan Bahadoor Eduljee Pestonjee. The force of the

great want of medical aid for the entire native community of the Camp at Mhow was so greatly felt that he at once signified his wishes to the Cantonment Magistrate to meet the great public want by establishing a dispensary with a provision for a certain number of indoor patients at his entire cost, and on the condition of cancelling the subscription list. The charitable donor was at Mhow a few months ago for the marriage of his daughter, when he had the opportunity of inspecting the dispensary personally with Khan Bahadoor Dustoor Nusserwanjee Jamaspjee, high priest of the Parsees in the Deccan, in whose company he went from Poona with several other friends, when Doctor Thorold, in charge of the dispensary, took him round the place, explained the different diseases from which the in-door patients were suffering, and how each case was treated. The result of the expenditure of nearly Rs 90,000 must have afforded real gratification to the munificent benefactor, when he saw that hundreds of people got relief through his donation. This institution led General Montgomery, C. S. I., Commanding the Malwa Division, to bring all the instances of the liberality of the deceased gentleman prominently to the notice of the Governor-General's Agent in Central India for such personal mark of distinction as the Supreme Government may think fit to bestow upon him. Death deprived him of the worldly honours that were to be conferred on him. His hopes were too firmly fixed on everlasting recompense to permit of his doubling his reward or hankering after earthly honours. We gather from the Poona papers that the funeral and the third day's services were largely attended, from the present Sir Jamsetjee Jeejeebhoy, Bart., downwards. In addition to all the Poona Parsees, many gentlemen from Bombay were there, including Mr. Cursetjee Furdoonjee Paruck and Mr. Byramjee Jejeebhoy, C. S. I. At the *Oothiana* in Poona a sum of Rs. 3,000 was contributed to be appropriated for charitable purposes. The deceased gentleman was held in such high estimation that the *Oothiana* service was performed for him at several places—Oodwara, Surat, Hyderabad (Deccan), Ahmednuggur and Sholapore.

[*Times of India*, 5*th Sept.* 1877.]

8*th November* 1877.

DHUNJEEBHOY BURJORJEE KHUMBATTA.—Our correspondent at Broach writes as follows —"The melancholy intelligence of the violent death of Mr. Dhunjeebhoy Burjorjee Cambatta in the late railway collision near Naggary, on the Madras Railway, has cast a gloom over the Parsee community of Broach, as that gentleman belonged to this town. The deceased was the grandson of our well-known and esteemed townsman Khan Bahadoor Rustomjee Sorabjee Dulal, and was returning to Calicut to join the firm of Messrs. Cooverjee Ardesir and Co., of which he was the leading partner. The deceased was highly respected among the community, and was a man of great commercial tact and ability. The deceased was cut off in the

prime of life, and leaves behind him a wife, two children, and aged parents. to mourn his premature death."

[*Bombay Gazette*, 19*th Nov*. 1877.]

તા૦ ૧૬ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૨ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

અરદેશર ખરશેદજી વાડીઆ—

ઇંગલંડ મધે અતરેનાં પટેલ ખાનદાંનના જઇફ ગ્રહસથ શેઠ હીરજીભાઇ રૂસતમજી પટેલના મરણની નોધ લેવાને હજી તો અમોને છ માસ થયા નથી તેટલાં તાંહાંજ એક બીજા જુના પારસી ખાંનદાંનના જઇફ ગ્રહસથ શેઠ અરદેસર ખરશેદજી વાડીઆ ગઇ તા૦ ૧૬ મીએ ૭૦ વરસની વયે મરણ પામવાની નોધ અતરે કરવાને અમોને દલગીરી ઉપજેછે. એ મરનાર ઇ૦ સ૦ ૧૮૨૨ માં મુંબઇની સરકારી ગોદીમાં પેહલવેહલા પોતાના બાપના હાથ હેઠલ એક શીખાઉ તરીકે રહયા હતા. તે પછી તીઆંજ વધતાં વધતાં "આસીસટંટ બીલડર" ની પદવીએ ચઢયા હતા. એવણના મનની સઘલી વલણ સાંચાકામના અભયાસ ઉપરજ હતી, અને પોતે જાતી કોશેશ કરી મજગાંમની ગોદીમાં ઇ૦ સ૦ ૧૮૩૩ મા એવણે એક નાઘલી આગબોટ પેહલવેહલી બનાવી હતી, અને તે તા૦ ૧૪ મી આગસટ ૧૮૩૩ ને દીને પાણીમાં ઉતારી તેનું નામ "ઇનદસ" કરી રાખયું હતું. આ આગબોટની કારીગરી જોઇ અતરેનાં દરીઆઇ ખાતાંના સઘલા અમલદારો ઘણા ખુશી થયા હતા, તથા એવણને અને એવણના પીતા શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆને ઘણી શાબાસી મલી હતી. તે પછી વળી એવણે પોતાનું ચીત મુંબઇમાં ગયાસ લાઇટનો અખતરો કરવા ઉપર લગાડયું હતું, અને પોતાના મજગાંમના બંગલામાં પોતે જાતે સઘલી નલીઓ તથા ગાસ દાખલ કરવાનો સાંચો વગેરે ગોઠવી તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૩૪ ને દીને પેહલવેહલી તે લાઇટ સલગાવી હતી. તે જોવા માટે શેંહકડો દેશીઓના ટોલાં ને ટોલાં એવણના બંગલા આગલ આવી ઉભા રેહતાં હતાં. આ એવણની કારીગરીને માટે કોઇ વીદવાન ઇંગ્રેજ ગ્રહસથે તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૩૪ ના "બોંબે કુરીઅર" મા એક ચરચાપતર લખી તેની બનાવટની ઘણી તારીફ કીધીછે. તે પછી એ અખતરો જોવા માટે તા૦ ૧૦ મી મારચ ૧૮૩૪ ને દીને મુંબઇનો ગવરનર અરલ આફ કલેર પોતાના રેસાલા સહીત એવણને બંગલે ગયો હતો. તે દાહડે તે વખતના ઇંગ્રેજી વરતમાન પતરો ઉપરથી માલમ પડેછે કે એવણના ઘર આગલ લોકોની એટલી તો ઠઠ મલી હતી કે ગવરનરની ગાડીને તીઆં જવાને પણ ઘણી મુશકેલી પડી હતી. રાતનાં બરાબર સાત કલાકે ગવરનરે આવયા બાદ તેમને શેઠ અરદેસરે સઘલા સાંચા તથા બનાવટો ફરી ફરીને દેખડાવી હતી. તે પછી તે નામદારે એવણના ઉપલાં દીવાંનખાંનાંમાં જઇ આ એમની બનાવટ તથા હીંદુસથાંનમાં યુરોપની કારીગરી દાખલ કરવાની દીલસોજીને માટે ઘણી તારીફ કરી પોતાનો સંતોશ જણાવયો હતો, તથા એમના સુધરેલા "ટેસટ" અને ઉદયોગને માટે સરકાર તરફથી એક ખેલાત અથવા "ડરેસ આફ હોનર" બેટ આપી વદાએગીરી લીધી હતી. ગવરનર જેવા પોતાની ગાડીમાં બેસી રસતો લીએછે તેવામાં શેઠ અરદેસરે એક આંગલીની અસારત કરી સઘલી લાઇટ બુજાવી નાખી, અને પછી પાછી તરત એક મીનીટમાં તે સલગાવી, જેથી બાહેર ઉભેલા દેશીઓ એટલા તો અજાયબ થયા કે તેઓએ એમજ ધારયું કે એ જાદુ સીવાય બીજું કાંઇજ નહી હોય. તા૦ ૭ મી જાનેવારી ૧૮૩૭ ને દીને ઇંગલાંડની રાએલ એશાઆટીક શોશાઇટીએ વાડીયાજી શેઠ અરદેસરને એક મેમબર ઠેડાવી માન આપયું હતું. તે પછી પોતાના હુનરની પુખત રીતે માહીતગારી મેલવવા માટે એવણ તા૦ ૩૦ મી મારચ ૧૮૩૮ ને દીને સટીમર

"બીરેનીસ" માં સવાર થઇ પેહલવેહલા ઇંગલાંડ ગયા હતા. તયાં કેટલોક વધારે અભીઆસ કરી ઇ૦ સ૦ ૧૮૪૧ ના મારચ મહીનામાં પાછા અતરે આવયા હતા તે વેલાએ નામદાર કોરટ આફ ડાએરેકટરસના હોકમથી એવણને અતરેની ગોદીમા ફેકટરીના વડા ઇજનેરનો ઓધો રૂ૬૦૦)ને દરમાયે મલયો હતો. એ પછી તા૦ ૮ મી જાનેવારી ૧૮૫૧ ને દીને મુંબઇના ગવરનર લારડ ફાકલંડે ટાઉન હાલમાં એક દરબાર ભરી એવણના પીતાને નામદાર કોરટ આફ ડાએરેકટરસ તરફથી આવેલો રૂપાંનાં ઓજારોનો એક બાકસ ભેટ આપવાની કીરીઆ કીધી હતી, તે વેલાએ તે નામદારે શેઠ અરદેસરને પોતાની હજુરમાં બોલાવી સરકાર તરફથી તેમની કીમતી નોકરીને માટે ઉપકાર માનયો હતો તથા એવણના હુનરની તારીફ કરી તેના વધારા વીશે ઘણી ઉમેદ બતાવી હતી. એવણે તે પછી પોતાની તથા પોતાના પીતાની તરફથી નામદાર કોરટનો તથા ગવરનરનો ઉપકાર એક સુંદર તથા અલંકારીક ભાશાણથી વાલયો હતો. એ પછી તેજ વરસના આગશટ માસની આખરીએ એવણ છ મહીનાની રજા લઇ બીજીવાર ઇંગલાંડ જઇ આવયા હતા. ૧૮૫૭ ના આગસટ માસથી એવણે પોતાનો ઓધો છોડી પેનશન લેતું કીધું હતું. તે પછી કરાંચી જઇ તયાં ઇંનડસ નદીમાં ફરી શકે એવી તરણ ચાર આગબોટો એવણે ફતેહમંદીથી બાંધી આપી હતી, અને તે પછી આજ છેલાં પંદર વરસ થયાં ઇંગલાંડમાંજ જઇ એકાંતપણે એવણ જીંદગી ગુજારતા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી નવેમબર ૧૮૭૭.]

16*th* *November* 1877.

Ardeshir Cursetjee Wadia.—We regret to announce the death of a very old member of the Wadia family, that of Mr. Ardaseer Cursetjee Wadia, who died (as his family have learnt by telegram) at his residence in Richmond, Surrey, on the 16th instant. Mr. Ardaseer was the first Chief Engineer of H. M.'s Dockyard in Bombay, and was sent out to that post by the East India Company after receiving his education in England. He built the factory and put up and started all the machinery in the Dockyard, and after 30 years' service he retired, being succeeded by Mr J. Maclaren, who again made way for the gentleman who at present holds that appointment, Mr. Mathews. On the retirement of Mr. Wadia from the service of Government, he returned to England, but again came to India, having been engaged by the Sind and Punjab Railway to Superintend the organisation of the flotilla of this company. One of his sons, Mr. Rustomjee Ardaseer, now holds the appointment of Assistant Master Builder in the Dockyard, and another son, Mr. Nusserwanjee Ardaseer, is the founder of several of the Spinning Mills in Bombay.

[*Bombay Gazette*, 19*th* *Nov*. 1877.]

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૩૦ માહ ૨ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

શોરાબજી જીજીભાઈ—

મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ આગલા વખતમાં આપણા એક આગેવાન શેઠીયા હતા. તેવણના આ તરીજા દીકરાનાં ગયા રવીવારની રાતના અતેસારના મરજથી ૬૦ વરસની વયે મરણ પામવાના સમાચાર જણાવવાને અમોને દલગીરી ઉપજેછે. એવણ પોતાની ઉઘરતીજ વયથી 'બાપના વયાપાર વનજના કામમા પડેલા' હતા. તે પછી બાપે એવણને તથા એવણના ભાઇઓને પોતાની સાથે ભાગમા કરી "જીજીભાઇ દાદાભાઇના છોકરાઓની કું." ને નામે ધંધોરોજગાર ચલાવયો હતો. ઇ. સ. ૧૮૪૯ માં બાપના

મરણ પછી પણ એવો બધા ભાઇઓ સાથે મલી એજ નામે વેપાર કરતા હતા. પણ પછ-વાડેથી કુસંપને લીધે ભાગ છુટો કરવો પડયો હતો. તે બાદ એવણ જુદો વયાપાર તથા દલાલી કરવામાં પડયા હતા, પણ પાસો તેમાં અવડો પડયાથી બીચારા ઘણા વરસવેર ગરીબ હાલતમાં રહયા હતા. એવણ એકાંત સવભાવના તથા દયાલુ હતા અને કશી પણ ખોટી શીશીયારીને પસંદ કરતા નહી હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી નવેમબર ૧૮૭૭.]

18*th* *November* 1877.

Sorabjee Jeejeebhoy.—We regret to learn of the death, yesterday evening, of Mr. Sorabjee Jeejeebhoy, the elder brother of our well-known townsman, Mr. Byramjee Jeejeebhoy, C. S. I. Mr. Sorabjee was the third son of the late Mr. Jeejeebhoy Dadabhoy, who was for many years a leading member of the Parsee Punchayet. He was once very successful in business, but having some years ago suffered heavy losses in cotton, had since been leading a retired life.

[*Bombay Gazette*, 19*th* *Nov*. 1877.]

તા૦ ૧૯ મી નવેમબર.

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

ભીખાઈજી તે પુણાંવાલા શેઠ શોરાબજી જાંહગીરજી ચીનાઈનાં ધણીઆંની—દબાણ હારલાડના માલેક મી૦ શોહોરાબજી જાંહાંગીરજી ચીનાઇની ધરીઆંણી બાઇ ભીખાઇજી ગએઆ સોમવારની પાછલી રાતનાં દોહડ કલાકને અમલે મરણ પાંમીઆં છે. એ દુખદાએક બનાવથી પુણાની જરતોશતી આલમમાં દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી નવેમબર ૧૮૭૭.]

તા૦ ૨૦ મી ડીસેમબર.

રોજ ૨ માહ ૪ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

માણેકજી શાપુરજી વાછા, બી. એ.—હમોએ હમારાંગઇ પરમ દીનનાં પતરમાં જણાવીઆ પરમાણે આ ગોલી ડાપોરી ખાતેની પારસી બોરડીંગ ઇશકોલના માસ્ટર મી૦ માણેકજી શાપુરજી વાછાને લાગીછે. એની કેફીઅત એવી છે કે ગએઆ ગુરૂવારની સાંહાંજનાં નદી તરફ મોહડું કરીને એક બાંક ઉપર મી૦ માણેકજી શાપુરજી વાછા અને તેના બે વીદીઆરથીઓ બેઠા હતા. હીરજીભાઇ લીમજીભાઇ નામનો એક વીદીઆરથી જેની ઉમર શતર વરશની છે તેની પાસે બંદુક હતી જે કંઇબી કારણ વગર ભરેલી હતી તે તેના હાથમાં અનજાણપણે હતી. મી૦ માણેકજી તેઓને જુદી જુદી બાબદ માટે સમજાવતા હતા જે વેલાએ પેલો છોકરો હાથમાંની બંદુક શુધાં તે બાબદ ઉપર બોલાસાથી તકરાર કરવાને તથા સહમજણ પાડવાને ફરીઓ હતો અને તે તકરારમાં ઉલટથી ભાગ લેતો હતો તેવામાં એકાએક બંદુક મધેની ગોલી નીકલી અને માશતરનાં ગલાંમાં લાગી હતી જેથી તરતજ મરણ પામેઓ હતો. મરનારની લાશ ઉપર જુરી ભરવામાં આવી હતી અને જુરીએ એવો અભીપરાએ આપેઓ કે અનજાણપણે ગોલી લાગાથી મરણ નીપજીઉંછે. મરનારની લાશને ગએઆ શુકરવારને દીવસે બપોરનાં અવલમંજલ પુગાડી હતી.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી ડીસેમબર ૧૮૭૭.]

"મરનાર ઘણો માયાલુ સવભાવનો એકમારગી તથા પોતાનાં કામ પાછલ ઘણાં ખંતીપણે લાગી તે પાર ઉતારવા પાછલ સદા તતપર રહે એવો હતો, અને જોગે વચગાલે એ સકુલમાં જે છોકરો ડુબી ગયો હતો તે વખતે ઘણા છોકરાઓ નીકલી જશે હેવો સંભવ હતો, પણ આએ માસ્ટરની સારી સહલાથી તથા દયાલુ સવભાવથી તેમ ન થતાં ઉલટા છોકરાઓની સંખીઆ વધી હતી અને હવે પછે સારી સંખીઆ વધવાનો સંભવ હતો, પણ ખરેજ એ સકુલનાં કમભાયગ કે તેને પોતાનો આ ખરો મદદગાર ખોહોછે."

[મુંબઇ સમાચાર, તા૦ ૨૬ મી ડીસેમબર ૧૮૭૭.]

20th December 1877.

Maneckjee Shapurjee Vacha, B. A.—We regret to announce a very sad accident which occurred on Thursday evening last. The deceased, Mr. Maneckjee Shapoorjee Vacha, was school-master of the Parsee Boarding school at Dapoorie, and on the evening in question was seated on a bench with two of his scholars by the side of the river. One of them, a led about seventeen years of age, named Heerjeebhoy Limjeebhoy, had a fire-arm in his possession, which through some unexplainable means happend to be loaded. The school-master was engaged with the other boys in explanation of some subject or another when the lad with the fire-arm turned about, and through some unaccountable mischance the gun went off and its contents lodged in the head of the school-master, causing instant death. An inquest was held on the body of the deceased and a verdict of accidental death recorded.

[*Poona Observer*, 22*nd Dec.* 1877.]

ઈ૦ સ૦ ૧૮૭૮.

14th January 1878.

Hormusjee Muncherjee Bateewalla.—We regret to record the death of Mr. Hormusjee Muncherjee Bateewalla, formerly a Government contractor at Poona, in which capacity he had rendered very valuable services to Government during the mutiny. The deceased was a hale and hearty old gentleman a few months before his death, but for some time he had been suffering from hemiplegia, of which he died at the age of 75 at the residence of his grandsons, on the night of the 14th. Mr. Hormusjee was one of the oldest inhabitants of Poona, and was well-known to many of the civil and military officers there, who will be sorry to hear of his death.

[*Times of India*, 15*th January* 1878.]

તા૦ ૧ લી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૬ (કo) ૧૨૪૭ યજદજરદી.

ડાક્ટર રૂસતમજી જમશેદજી નાદર-શાહ—જણાવવાને દલગીરી ઉપજેછે કે મર-વેને જાણીતા અને હુશીઆર પારસી તબીબ ડાક્ટર રૂસતમજી જમશેદજી નાદરશાહ થોડાક દીવસની માંદગી ભોગવીને કોલાબા ખાતેનાં સાનાટેરીઅમમાં ગઇ પરમ દીને મરણ પામયાછે. મરહુમ શેઠ મેહરવાંનજી ફરાંમજી પાંડેએ કોલાબા ખાતે સેનીટેરીયમ બાંધવા પછે આજ લગન તેના શુપરીનટેંડેંટનું કામ ડાક્ટર નાદરશાહ બજાવતા હતા. વઇદાંની પરીક્ષામાં પસાર થયલા પેહેલા એલ. એમ. તબીબોમાંના ડાક્ટર નાદરશાહ એક હતા, તથા યુનીવરસીટીના ફેલો હતા. તેઓ થંડા સવભાવના, મીલનસાર અને પોતાનાં ઘરાકોના તેમજ પોતાના ભાઇબંધ ગ્રાજુએટોના માનીતા હતા. તેમનાં માનને ખાતર "રાઇ-ઝીંગ સ્ટાર આવ વેસટરણ ઇંડયા" ની મેસાનીક લાડજે પોતાની ગઇ કાલે મલનારી સભા મુલતવી રાખીછે, જે લાડજના તેઓ આગલ "માસટર" હતા. એઓનાં મરણથી શીખેલા વઇદોએ પોતાના એક ચંચલ જોડીયાને ખોહેયોછે અને ઘણાક દોસત-આસનાવો એમને માટે ગગ કરેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી ફેબરવારી ૧૮૭૮.]

1st February 1878.

Dr. Rustomjee Jamshedjee Nadersha.—We regret to announce the death of Dr. Rustomjee Jamsetjee

Nadirshaw, who was teacher of medicine to the Guzerati students of the Grant Medical College. Dr. Rustomjee had an extensive practice among the Parsees, and also among the European residents of Colaba. He was a Fellow of the Bombay University and a Freemason. He was one of the past Masters of Lodge Rising Star, one of the most influential Lodges on this side of India. He was much loved and esteemed by the members of his community, which was fully testified yesterday by the numerous attendance at the funeral in the premises of the Parsee Sanatarium at Colaba. As a mark of respect to the deceased, the regular monthly meeting of Lodge Rising Star, which was to be held this evening, has been postponed to some future day.

[*Times of India, 2nd February* 1878.]

તા૦ ૮ મી ફેબરવારી.

રોજ ૨૨ માહ ૫ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

ડાકટર રૂસતમજી કાવશજી બાધુરજી—ડાકટર રૂસતમજી કાવશજી બાધુરજીનાં મરતીઉકે એકલા તેમના પારસી જાતભાઇઓનેજ નહીં પણ બીજી ગ્નાતોના ઘણાક લોકોને ભારી ગમગીનીમાં નાખયાછે. પારસીઓના એક જાણીતા રૂસતમજી ડાકટરનાં દુખદાએક મરણની નોધ અમે ગયાજ અંકમાં લીધીછે, તયારપછી એકજ અઠવાડયાંમાં બીજા વધારે જાણીતા રૂસતમજી ડાકટરને ખોહોવાથી બમની ખોટ થઇછે. ડાકટર બાધુરજી આપણા કેળવણી પામેલા જવાનો આગલ એક નકલ કરવાજોગ દાખલો મુકી ગયાછે. અતીઅંત ગરીબ પણ આબરૂદાર માબાપથી જનમેલા એઓ પોતાનાજ ઉદયોગથી કેવલ મુફલેસીમાંથી એક લક્ષાપતીની હાલતમાં આવયા હતા, અને ઓળખાન વગરના એક રખડતા નીશાળીઆની હાલતમાંથી પોણી મુંબઇની પીછાંણ અને પેઆર મેળવી એઓ આ જીહાંન છોડી ગયાછે. નીશાળીઆની હાલતમાં પારકે આધારે પલાઇને પોતે ગરીબાઇનો સવાદ ચાખેલો, એટલે પોતાની તવંગરીમાં એઓનાં દયાલુ દીલને ગરીબોની દુજતી દાઝ હતી, જેથી આજે ૪૯ વરશની વએનાં એવણનાં કવખતનાં મરણે ઘણાં ગરીબ પણ ગમગોસાર કુટુંબો એમની અનેક સેવાઓને યાદ કરેછે. કોટનું ધરમનું દવાખાનુ એવીજ કીસમની ગરીબોની ખરી દાદખાહીનું એક ખાતું છે, તેની સાથનો ડાકટર બાધુરજીનો લાંબો સંબંધ એમની ઉપર કહેલી દીલસોજીનો માત્ર દાખલો છે. એ હોદો એવણે એવી તો લાયકીથી ચલાવયો હતો કે ચોથાં વરસ ઉપર એઓ જયારે ઇંગલંડ જવા નીકલયા હતા તયારે આ ધરમખાતાંના લાગતાવલગતાઓએ એમને ખાસ માનપત્ર આપયું હતુ. ઇંગલંડ ખાતે ડાકટર ખરશેદજી ફરાંમજી બોરીની સાથે જઇ લંડનની રાએલ કાલેજમાં સરજીઅનની પરીક્ષા પસાર કરી મરનાર તબીબ એમ. આર. સી. એસ. ની પદવી લઇ આવયા હતા. પણ તેની આગમજથી વઇદના ધંધામાં એઓ સઉથી ફતેહમંદ હતા અને એમની ઘરાકી મોટા મોટા ઇંગરેજ ડાકટરોને પણ અદેખાઇ પેદા કરે એટલી વધી ગઇ હતી. પ્રજાનો આટલો વીશવાસ મેળવવા લાએક એમના ગુણો હતા. સદાના નરમ સવભાવ તથા મીલનસારપણાં ઉપરાંત, પોતાના ધંધા ઉપર એકચીતે મંડી રહી એઓએ પોતાના મીત્રોનો મોટો ગુસો ખેંચી લીધો હતો, કેમકે દરદી ઘરાકોની સેવામાં એવણે તમામ મોજ, સુખ અને આસાએસ તજયાં હતા અને શેવટે પોતાના ધંધાની હેજગારી પાછળનાં એજ ખંતીપણાંથી એઓએ પોતાની જીંદગીનો ભોગ આપયોછે. એઓને સરકારે સુલેહના અમલદાર તથા યુંનીવરસીટીના ફેલો ઠરાવયા હતા, તથા કોટના રેહેવાસીઓએ મીઉનીસીપાલ

કારપોરેશનમાં મેમબર ચુંટી કાહાડયા હતા. "ફ્રીમેસને" ની લાડજ "રાઇજીંગ સટાર" ના એઓ માસટર હતા, જે લાડજે એકજ અઠવાડયાંમાં પોતાના બે "પાસ્ટ માસટરો" ખોહયાછે.

[શરત ગોફતાર, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૭૮.]

8th February 1878.

Dr. Rustomjee Cowasjee Bahadurjee.—We regret to announce the death of Dr. Rustomjee C. Bahadurjee, M. R. C. S., which occurred yesterday morning at his residence in the Fort. The deceased, who was a graduate of the Grant Medical College, had during his recent visit to Europe enrolled himself as a member of the Royal College of Surgeons. It would not be perhaps far out of mark to say that he commanded the most extensive practice in Bombay. He rose from comparatively poor circumstances to an affluent position as a member of the Parsee community. He was much respected He was a fellow of the Bombay University, a member of the Municipal Corporation and belonged to the governing body of many institutions, among them notably the Bombay Branch of the East India Association and the Alexandra Native Girls' English, Institution. As a mark of respect for the deceased, the Alexandra Institution was closed for the day. The funeral took place in the afternoon, when about two thousand Parsees assembled to pay their last respects The Parsee Freemasons, representing all the local native lodges, mustered strong in the funeral, as deceased was one of the Past Masters of the Lodge Rising Star, the oldest and the most influential native lodge on this side of India. He leaves a large family, and a wide circle of sorrowing friends.

[*Times of India, 9th February* 1878.]

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

બાપુજી વીકાજી મેહેરજી—ઉપલા અઠઅથના સીકંદરાબાદ ખાતે ગયાં અઠવાડીઆમાં થયલાં દલગીરી ભરેલાં મરણની ખબર અમોએ ગયા પતરમાં લીધી હતી. એ મરનાર ૭૨ વરસની પકી ઉમરે મરણ પામયાછે, અને પોતાની જીંદગીના છેલાં ચાર પાંચ વરશ એકાંતપણે કાઢયાછે. તોપણ આગલા દાહડાઓ ઉપર એવણ તથા એવણના નામીચા બાપ અને કાકાએ પારસીઓમાં વેપારી તથા રાજદરબારી તરીકે મોટું માન મેલવયું હતુ. તેની અગર થોડીક બીના આ વખતે અમારા વાંચનારાઓની સામે મેલયે તો તે કવખતની ગણાશે નહી.

મરહુમ શેઠ વીકાજી મેહેરજીનો જનમ તારાપોર ગામમાં થયો હતો. તેવણે પ્રથમમાં પેશવાઇ હકુમતને તાબેના વસાઇ ગામના "આશેરી" નામના માહલનો ઇજારો લીવો હતો. એ પછી પોતાના મામા તથા સસરા શેઠ રતનજી નાહનજી કે જેવણને પેશવાઇ હકુમતના દીવાન ખંબાતવાલા મોદી શેઠ ખરશેદજી જમશેદજી સાથે ઘણી દોસતી હતી, તે બંનેના વગથી વસાઇની દરબારમાં સારી ઓળખાણ થઇ હતી, અને તેથીજ એવણને આગલ વધવાનું સાધન પણ થયું હતું. આ વખત સંજાણ.પરગણાનાં મામલતદાર બલવંતરાવ વીશે તયાંની પ્રજાએ ફરીઆદ કીધાથી તેને તયાંથી બરતરફ કરી સંજાણને લગતાં ગામડાંઓના વશાઇની સરકારે એવણને મામલતદાર ઠેડવયા હતા. તયાં એવણે નવ વરસ સુધી મામલતદારી કીધા પછી પુનાના બાજીરાવ પેશવા તરફથી

એવણુને વસાઇના બંદરથી તે તારાપોર થઇને છેક કોકણુ કાંઠા સુધીના તરીના આયાત તથા નીકાશ માલની જગાત વસુલ કરવાનો ઇજારો મલયો. એ પછી પેશવાઇ રાજયના દીવાન ખંબાતવાલા મોદી શેઠ ખરશેદજી જમશેદજીના કઢંગા મરણુને લીધે, તથા તરીમકજી ડુંગલા નામના તેના એક ખટપતીઆ સરદારના ફીતુરોને લીધે બાજીરાવ પેશવાને પુના માહેલા ઇંગ્રેજી રેસીડંટ સાથે કાંઇ ગેરસમજુતી થઇ હતી, તેની ફરીયાદો વગેરે કલકતે ગવરનર જનરલ આગલ રજુ કરવાને બાજીરાવને એક લાએક તથા પકા શખસની શોધ કરતાં આ તેમનાજ રાજયના એક અમલદાર શેઠ વીકાજીની બાહોશી તેના કાનપર પડી, જેથી તેણે એવણુને પોતાની હજુરમા બોલાવયા, અને ઘટતા દસતાવેજો, વગેરે આપી કલકતે રવાના કરવાની તઇયારીમાં હતા, તેવામા તે વાતની ખબર પેલા ખટપટીઆ તરીમકજી ડુંગલાને થવાથી તેણે વચમાં ફાંચડ નાખયા કીધી, અને એવણુના આથરાંમાં ફરયા કીધો.

શેઠ વીકાજીએ દરીયાફ્ત કીધો કે રખે મારો હાલ પણુ મરનાર મોદીના જેવો થાય, માટે પોતાના છોકરાંઓનાં લગનને બહાણે તયાંથી રૂખશત લઇ તારાપોર ગયા, અને તે પછી થોડીક મુદતમાં બાજીરાવની હકુમત પણુ પરાગંદે થઈ. તયારબાદ ઇ. સ. ૧૮૧૭ માં શેઠ વીકાજી પોતાના નાહલા ભાઇ શેઠ પેશતનજીને સાથે લઇ મુંબઇ આવયા, અને શેઠ હોરમજજી ભીખાજી ચીનાઇ, તથા શેઠ અરદેસર ફરાંમજી વાડીઆની સાથે ભાગમાં "હોરમજજી ભીખાજીની કુ૦" ને નામે ચીન તથા કલકતાનો વેપાર ચલાવવા માડયો. એ પછી તા૦ ૧૬ મી આગશટ ૧૮૨૩ ને દીને તે પેહેડીમાંથી પોતાનો ભાગ જુદો પાડી તેજ વરસમાં પોતાના ભાઇ સાથે "પેશતનજી મેહરજીની કુ૦" ને નામે જુદો વેપાર ચલાવવા લાગા. આ વખતે મરનાર શેઠ બાપુજી તારાપોરથી મુંબઇ પેહલવેહલા આવયા, અને ઉપલી પેહડીમાં રહી સઘલો વેપાર વનજનો અનુભવ મેલવયો. તે પછી અતરેનીજ પેહડીની એક શાખા શેઠ વીકાજીએ ઇ. સ. ૧૮૩૨ મા ચીન મધે સથાપી તેના વડા તરીકે શેઠ બાપુજીને તીઆં મોકલીઆ. તીઆંથી ઈ. સ. ૧૮૩૫ માં એવણુ મુંબઇમાં પાછા આવયા, અને તેજ સાલમાં એવણુના બાવા તથા કાકાને હેદરાબાદ ખાતે જવું પડયાથી અતરેની પેહડીનો સઘલો વહીવટ એવણુને સોંપયો હતો.

હેદરાબાદ ખાતે આ બંધે નામીચા ભાઇઓ શેઠ વીકાજી તથા પેશતનજી મેહરજીનો સુભ પગપેસારો કેમ થયો તે જાણુવાજોગ છે. એવોએ કોઇની મારફતે તયાંનાં બીરારના પરગણુાનો કાંઇક મેહશુલને લગતો ઇજારો માથે રાખયો હતો. તે વીશેની કાંઇક જીકર નીકલયાથી ઇ. સ. ૧૮૩૩ માં શેઠ પેશતનજી પેહલવેહલા તે તરફ ગયા હતા. તયાંના દીવાંન તથા કેટલાક અમલદારો સાથે એવણુને ઓળખાંણુ થવાથી ઇ. સ. ૧૮૩૫ માં એવણુને ઇંગરેજ સરકારની રજામંદીથી તયાં એક વેપારી પેહડી કાઢી હતી તે પછી તયાંના દીવાન રાજા ચંદુલાલની મદદથી એવણુને નીજાંમ સાથે પીછાણુ થઇ. નીજાંમની દરબારને જોઇતું નાણું એવણે ઓછે વયાજે આપવાને માથે લીધાથી શેઠ વીકાજીને મુંબઇથી તેડાવી સીકંદરાબાદ, ઔરંગાબાદ, ખાંનગાંમ, બાલાપોર, ઉમરાવટી, અને ઇલીચપોર, વગેરે ગામોમાં સરાફી પેહડીઓ સથાપી. આ તાલુકાઓની જે વશુલાત એવણુ ઉપજાવતા તેમાંથી સેંકડે પાંચ ટકા લેખે હકસાઇ એવણુની પેહડીને મલતી હતી. આ ગોઠવણુથી નીજામ સરકારને પણુ મેહશુલમાં ઘણો ફાયદો માલમ પડયો, અને ચાર પાંચ વરસ સુધી તયાં રહેલા નામદાર કંપની સરકારના "કંનટીજેંટ" લશકર માટે દર મહીને સવાત્રણુ લાખ રૂપીઆનો લવાજમો પણુ એવણુની પેહડી હસતકજ ભરાતો રહયો, એ પછી કાબુલની લડાઇ નીકલવાથી

ઇ. સ. ૧૮૪૦ માં ઉપજા તાલુકાઓની આમદાનીમાં ઘટાડો થવા લાગો, તથા ઇંગ્રેજી "કંનટીજેંટ" નો દરમાયો પોહ-ચતો થવાને પણ લગરીક ઢીલ થવાથી એવણુને સરકારમા કાંઈ વાંધો પડયો. તે પટાવવાને બંધે બાજુએથી તરેહવાર નવી નવી ગોઠવણો કરવામાં આવી, પણ તે ફોકટ ગઇ અને એવણુની પેહડીનું ઘણુંક નાણું તે કરજમાં પેસી ગયું.

નીજામની સરકારમાં જેવો શેઠ વીકાજી તથા શેઠ પેશતનજીનો પગપેસારો થયો કે થોડીક મુદતે મરનાર શેઠ બાપુજીને હેદરાબાદ તરફ બોલાવી તયાંના અઉરંગાબાદના શેહરની સોબેદારીનો ઓધો તેવણુને આપયો. તે બાદ નીજામ સાથે ઉપલો હીસાબને લગતો વાંધો પડયાથી તેને લગતા કાંમકાજો કરવા તથા હીસાબ તપાસવાને માટે એવણે હેદરાબાદ ખાતે રાજધાનીમા આવી ઘણાક દીવશો સુચી નીજામના દફતરદારો સાથે બેશીને સઘળો હીસાબ મુકરર કરાવયો હતો. તે પછી ઇ. સ. ૧૮૫૩ માં જયારે નવાબ (હાલનો સર) સાલારજંગ નીજામનો પ્રધાન થયો તયારે તેણે એવણુની તથા એવણુના કુટુંબ-ની આગલી નોકરીઓ તથા નુકશાંનીઓ ધેઆનમા લઇ એવણુને હેદરાબાદ ખાતેજ રાખી તીઆંના કશટમ ખાતાંમા રૂ૧૦૦૦) ના દરમાયાનો મોટો ઓધો આપયો હતો. જે ૨૧ વરસ વેર પુરતી ઇમાનદારીથી બજાવી ઇ. સ. ૧૮૭૪ મા એવણે પેનશન લેતું કીધું હતું. મુંબઇની સરકારે એવણુને અતરેના સુલેહના અમલદાર તરીકેનું માન તા૦ ૫ મી અકટોબર ૧૮૪૦ ને દીને આપયું હતું.

બાહમનજી બેહરામજી પટેલ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી મારચ ૧૮૭૮.]

22nd February 1878.

BAPOOJEE VICCAJEE MEHERJEE — We regret to announce the death of Mr. Bapoojee Vicajee Meherjee, which took place yesterday morning at Hyderabad, Deccan. The deceased gentleman was one of the ablest native administrators in the Deccan, and had shown remarkable ability in the management of the Berar districts, which were mortgaged to the Vicajee family by the Nizam's Government for debts contracted. When the Berars, however, were ceded to the British Government, the Parsee mortgagees suffered materially, and their losses they frequently but vainly attempted to represent to the Home Government and Parliament. The Nizam's Government has at present various numbers of this noted family in their employ, in posts of trust and responsibility. Mr. Bapoojee was about 80 years of age, and has left a numerous family. Mr. Meherjee Bapoojee, his eldest son, who predeceased him, was employed in the Bombay Custom House, and Mr. Hormusjee, his second son, was for a long time an assistant to the Municipal Commissioner of Bombay.

[*Bombay Gazette, 23rd Feb.* 1878.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૭ માહ ૯ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

એદલજી દારાશાહ શેઠના—જરતોશતી છોકરીઓની નીશાલ મંડલીના ઉપરી તથા આશીશટંટ શેકરેટરી શેઠ એદલજી દારાશાહ શેઠનાનાં ગઆ શુકરવારની શાંજનાં ૪૭ વર-શની ઉમરે મરણ પામવાના શમાચારની નોધ લેવાને અમોને ઘણી દલગીરી ઉપજેછે. શટુડંટશ લીટરરી શોશાઇટી તરફથી નીશાલ મંડલીને અશતક ઇ. શ. ૧૮૫૮ માં જર-થોશતી છોકરીઓની નીશાલો શોંપવામાં આવી તીઆરથી એવણ તે ખાતાંમાં એક શીકશક તરીકે જોડાઆ હતા, અને લાંબી મુદત શુધી કોટની નીશાલના વડા શીકશક-

નો ઓધો ઘણી ચાલાકીથી બજાવીઓ હતો. એક શીકશક તરીકેની એવણુની છોકરાંઓનાં મગજમાં શાધારણુ ગનીઆન ઠશાવવાની કુનેહ કાંઇ અજાએબ રીતની હતી, અને તે માટે એ ખાતાંના આગલા શેકરેટરીઓ શેઠ નવરોજી ફરદુનજી, અને હાનરેબલો શોરાબજી શાપુરજી તથા ડોશાભાઇ ફરાંમજી એવણુ માટે ઘણું ઊંચુ મત ધરાવતા. તથા એ ખાતાંની કારોબાર મંડલી તરફથી એક વાર એવણુને એક શોનાનું ઘડીઆલ ઘટતા લેખ શાથે ભેટ આપીઊં હતું. વડા શીકશકનો ઓધો એવણે આજ પાંચ વરશ થઆં પોતાની બીમારીને લીધે છોડીઆથી એવણુને એ ખાતાંની શઘલી નીશાલોની દેખરેખ રાખવા માટે ઉપરી ઠેડવીઆ હતા, અને એ નીશાલ મંડલીનો લાભ, તેની જાતી તારીફ, તથા તેને મલતાં ઉતેજનને એવણુ પોતાને પુખત રીતે બદલો મલેલો શમજતા હતા. કોટમાંની પુરાંની "ફોરટ રીડીંગ રૂમ એનડ લાઇબરેરી" નામનાં પુશતકખાંનાંને ગએ વરશે એવણે બે મરતબે ગુજરાતી ભાશાનાં પુશતકોનો એક મોટો તથા કીમતી જથો ભેટ આપીઓ હતો, અને તે ખાતાનો કારોબાર ચલાવવામાં એવણુ ઉમંગથી શામેલ રેહેલા હતા. એવણુનાં મરણુથી ઉપલાં બેહુ ખાતાંઓને મોટો ટોટો ગએઓછે, તેમજ એવણુની પોતાની લાએકી અને શભીઅતાથી મેલવેલા બેહદ દોશત આશનાવોને અતીઅંત શંતાપ ઉપજીઓછે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી મેએ ૧૮૭૮.]

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

અરદેશર એદલજી ચીનાઈ—ઇંગ્રેજીમાં કેહવત છે તેવા "રૂપાંનો ચમચો મોહમાં રાખીને જનમેલા" માણસો અગર મોટાઇ ભોગવીને મરણ પામે, તો તેમાં જેટલી કીરતી છે તે કરતાં ગરીબી હાલતમાંથી પોતાના શ્રમે વધીને મોટા દરજજાએ પોહાંચનારા નરની કીરતી વધારે મોટી છે. એવા બે લાએક દેશીઓને આપણુ વચેથી મોતનો દુત એકજ પખવાડીયાંમાં ઉપાડી ગયોછે, એમાંનો પેહેલો ગરહસથ શેઠ અરદેસર એદલજી ચીનાઇ છે. ગયા બુધવારની રાતે ૫૫ વરશની પુખત ઉમરે એવણુનું મરતીઉક નીપજવાના સમાચાર જાહેર કરતાં અમોને મોટો સંતાપ ઉપજેછે. પોતાના ઉદયોગથી વધેલા પારસી વેપારીઓને એઓ એક દાખલા જેવા હતા. તેવણુનું બચપણુ ઘણી ગરીબીમાં ગુજરયું હતું. તેવણુ જયારે વાણીયાવારીમાં ગલકાની ચાલીપર રેહેતા હતા તયારે કસી કેળવણી વગર પોતાની રોટલી પેદા કરવાની તેવણુને ફરજ થઇ હતી અને તેથી મરનાર શેઠ ખરશેદજી માણેકજી સરાફ (જડજ માણેકજીના પીતા) ના હાથ નીચે ૧૫ રૂપીઆના પગાર ઉપર મેહેતા તરીકે તેવણુ રહયા હતા, જે મેહેતાગીરીના અરસામાં શેઠ ખરશેદજી માણેકજીના આસરા હેઠલ તેવણુ થોડીક કેળવણી પામયા હતા. તે વખતે રૂસતમજી મોટાભાઇ (અરધા) અને ખરશેદજી માણેકજી કમીસરીએટના કનટરાકટરો હતા અને તેમના મેહેતા તરીકે અરદેસર ચીનાઇને કમીસરી ખાતાંનો પેહેલો અનુભવ થયો હતો. એવણુ ખરશેદજી માણેકજીની નોકરી મુકવા પછી પોતાને હીસાબે ધંધામાં પડયા, જે અરસામાં તેવણે ચીનની મુસાફરી કરી હતી. નજદીક પચીશ વરસની વાત ઉપર બસરાની નાવ ખાતે રવાને થયલા કાફલાની વખતે કેમીસરીએટ કનટરાકટર તરીકે તેવણુ પેહલવેહલા જાણુમાં આવયા હતા અને તે વખતથી તેવણુ ધંધામાં તથા વગમાં વધયા હતા. તયારબાદ તેવણે ચીનમાં પેઢી ઉંઘાડી હતી તથા ઇંગલંડ સાથ મોટો વેપાર ચલાવયો હતો. પણુ પ્રજા સાથની તેવણુની વધારે પીછાંણુ આજ આસરે હઠાર વરસ ઉપર થઇ હતી જયારે તેવણે તે વખતની "બાંબે સટીમ નેવીગેશન કંપની" નાં વહીવટમાં ચાલતાં અંધેરનું ભાગીદારો

આગલ મોટું મીપાલું બતાવી આપયું હતું. આ કામ શેઠ અરદેસરે પોતાને જોખમે ઉઠાવ્યું હતું, તથા ઘણી હોશીયારીથી પાર ઉતારયું હતું. તે આપણી જાંઇંટ સટાક કંપનીઓની બચગીનો વખત હતો. મોટી કંપનીઓના ભાગીદાર થવા તથા વહીવટ ચલાવવામાં તે વખતે ઇંગરેજ શેહેરીઓની પેહેલ હતી અને દેશીઓમાં એ સંબંધી જાહેર હીમત દેખાડનારા મરનાર મી૦ કાવસજી નાનાભાઇ દાવર સરીખા એકજ બેજ શખસો જણાયલા હતા. તેવા વખતમાં શેઠ અરદેસરે મજકુર સટીમ નેવીગેશન કંપનીમાં ચાલતી માલની ચોરી, કનટરાકટોમાં લુચાઇ અને હીસાબની ઘાલમેલ પકડનારો એક મોટો રીપોરટ અચબ્રુચ રજુ કરીને સરવેને અચરતીમાં નાખ્યા હતા. તે સભામાં કપનીના ડરેકટરોનો ઘણો ફેંસતો થયો હતો અને એક ડરેકટર મી૦ કાનદાસ નારણદાસ પોતાનાં બચ્ચાંની માંદગીને બાંહાંને સભામાંથી ઉઠી જવાથી તે વખતનાં "બાંમે સાટરડે રીવયુ" માં "મી૦ કાનદાસનું બચ્ચું" એવે નામે તેની સખત ઠેકડી કરેલી અમોને હજી યાદ છે. તયાર પછી લાંબો વખત સુધી શેઠ અરદેસર ચીનાઇ શેઠ નશરવાંનજી તાતા અને બીજાઓ સાથે કમીસસેરીએટના સુપ્રીમ કનટરાકટર થઇ પડયા હતા. સટાનાં દેવાંનપણાંથી ઘણેક દરજજે અલગા રેહેવા છતાં તેવણુને થોડાક છાંટા ઉડયા હતા તથા કેટલોક ભોગ આપવો પડયો હતો, પણ તે વખત આગમચથી પોતાની દેહનાં દુખથી તેવણુ જાહેર જીંદગીમાંથી ખસતા ગયા અને મરણ વેલા મોટું કુટુંબ તથા ખાનદાની સનેહ સંબંધીઓને તેવણુ પોતા પાછલ મુકી ગયાછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી જુન ૧૮૭૮.]

તા૦ ૧ લી જુન.

રોજ ૩૫ માહ ૯ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

માણેકજી કાવશજી એંટી—મી૦ માણેકજી કાવશજી એંટીનાં નામથી વાંચનાર અંજાણ્યા નહી હશે. મોટા સંતાપ સાથ એ જાણીતા ગ્રહસથનું દુખદાયક મરતીઉક જાહેર કરવાની ફરજ પડેછે. એ મરનારે જોકે માત્ર સુરતમાં કેળવણી લીધી હતી, તોપણ પોતાની જાતી હોશીયારીથી પોતાના અભિઆસમાં બાહોલો વધારો કરી મેલયો હતો. પેહલવેહલાં એક અકસમાત રીતે મરનાર જાહેરમાં આવયા હતા. ૧૮૬૨ માં સુરતની શેશન કોરટમાં તેવણે આસેસર દાખલ હાજર થતાં પોતાના જોડા ઉતારવાને ના પાડવાથી મરનાર જડજ વારડન સાથ તેને મોટી તકરાર થઇ પડી હતી, તે તકરાર મી૦ એંટીએ વખાણુવાજોગ હીમત અને ચાલાકીથી ચલાવી અને પછી જડજ વારડન સાંમે ફરીઆદની સરકારમાં એક એવી મોતેબર અરજી મોકલી, કે જે અરજી "ખાસડાંનાં માન" સાંમે એક કીમતી નીબંધ તરીકે આજ સુધી કામ લાગે એવી રીતે રચીછે. આ અરજીનો જવાબ સરકારે એટલોજ વાલયો કે મી૦ એંટીની કાબેલીઅત ઉપર પ્રસન થઇ તેને તરતજ સરકારી નોકરીમાં નેમયો. મરનાર જડજ વારડન તયારપછી આપણી હાઇ કોરટનો જડજ થયો, પણ મી૦ માણેકજીએ તેને ચખાડેલો સવાદ તે ઘણાં વરશ સુધી ભુલી ગયો નહીં હતો. સરકારનાં સેટલમેંટ ખાતાંમાં એક હેડ કલારકની પદવી ઉપરથી વધીને મી૦ એંટી બે વરશમાં આસીસટંટ આફીસર થયા અને તયારપછી છ વરસમાં તેની પંચમાહલ ખાતે ડીસટરીકટ ડેપયુટી કલેકટર અને માજીસટરેટ તરીકે નેમણુક થઇ, જયાંથી અમદાવાદ, ભરૂચ, ધુલીઆ, ખાંનદેશ અને સુરતમાં ડેપયુટી કલેકટર અને 'માજીસટરેટના હોધા ચલાવતાં' છેલે એમને એજ હોધા ઉપર ખેડા જીલા ખાતે મોકલવામાં આલયા—જયાં કપડવંજમાં કોલારાના પલીદ મરજે એમનો ભોગ લીધોછે. અજાએબ જેવું એ છે કે મરનારની આગમચનો પારસી ડેપયુટી મી૦ ફીરોજશાહ નાણાંવતી એજ કસબામાં, એજ જગયા

ઉપર નાખેલા એકજ તંબુમાં એજ મરજથી મરણ પામયા હતા. મી૦ એંટી ગયા સુનીવારની સાંજના સવારી ઉપર ફરી આવયા પછી અચ્યુચ્ય તેમના ઉપર આ મરજે હોમલો કીધો અને થોડા કલાકમાં તેમનો પ્રાણ કીરતારને હવાલે થયો. તેમનાં ગ્વાંનને કપડવંજથી અમદાવાદ લઇ જઇ દોખમે ચહડાવતાં બહુ વખત લાગયો તેથી આપડા અને હલાકી પોંહોંચી. તેવણનાં મોતથી સરકારે અતી ઘણો ચંચલ, ઇમાનદાર અને આપએખતીઆર નોકર ખોહયોછે. ગુજરાતના લોકોમાં અગત કરીને પારસીઓમાં મરનાર પોતાની લાયકી, ઉદારતા, માયા તથા મીલનસારપણાંને માટે સારૂં માન મેલવી ગયાછે. માઠાં ભાયગે એમનો સંસાર સુખમાં ગુજરયો નથી, અને થોડાજ વખત ઉપર એઓએ સુરતમાં માંડેલો સંસારી મુકદમો વાંચનાર ભુલયા નહીં હશે કે જે મુકદમાથી મરનારને નહીં શોભા લાગી હતી કે નહીં તેની આબરૂમા વધારો થયો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી જુન ૧૮૭૮.]

1st *June* 1878.

MANECKJEE COWASJEE ENTEE.—We regret to announce the death, from cholera, on Saturday evening last, at Memoodabad of Mr. Maneckjee Cowasjee Entee, District Deputy Collector and Magistrate of the Kaira Collectorate. Mr Entee had the repute of possessing considerable ability and intelligence, and as his age was only forty, a bright prospect seemed before him. He was educated at Surat, and afterwards held a subordinate appointment in this office, where he evinced much intelligence, but left this engagement on obtaining employment in the Guzerat Allienation Department. On the reduction of that department, he was appointed a mamletdar, and afterwards a Deputy Collector and Magistrate. Some of his magisterial decisions, which we published from time to time, were marked by considerable care and penetration, not often found in native judicial productions.

In the death of Mr. M. C. Entee, who died on the 1st inst., Government have doubtless lost an intelligent and useful servant. He joined Government service as acting head clerk in the office of the Alienation Settlement officer, N. D., on the 19th September 1862, was appointed Sub-assistant Settlement Officer N. D. on the 1st April 1864, officiating fifth grade District Deputy Collector and Magistrate Panch Mahals on the 1st March 1869 and was confirmed in the appointment on the 10th June 1869 He was nominated Deputy Collector and Magistrate, Ahmedabad, and acting Collector and Magistrate, fifth grade, at Broach on the 18th August 1868, Huzoor Deputy Collector and Magistrate at Dhulia, Khandesh on the 15th June 1872, and acted as District Deputy Collector and Magistrate in Khandeish from that date to 15th August 1872. On the 28th October 1873 he was appointed Deputy Collector on special duty, Surat City Survey; and Acting District Deputy Collector and Magistrate at Surat on the 6th October 1874. He performed the duties of second Assistant Collector at Surat from 7th May to 5th June 1875; and on the 15th November 1876 was appointed, acting District Deputy Collector at Khaira. His last remains were carried from Memodabad, where he died, and consigned

to the Tower of Silence at Ahmedabad.

[*Bombay Gazette*, 3*rd* & 5*th June* 1878.]

તા૦ ૧૧ મી જુન.

રોજ ૨૫ માહ ૯ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

ડાક્ટર મનચેરજી શોરાબજી ચહલા—કેળવણી પામેલા પારસીઓનો મોતના દુતે થોડા વખતમાં ઘણો ભક્ષ કરયોછે. ડાક્ટરો બાપુરજી અને નાદરશાહનાં મરણની ખોટમાં ડાક્ટર મનચેરજી સોહોરાબજીનાં મરતીઉકે વધારો કરયોછે, કે જેવણ વઇદક શાસ્ત્રની માહીતગારીમાં ઘણા કામેલ હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જુન ૧૮૭૮.]

18*th June* 1878.

GOOLBAI, WIFE OF RUSTOMJEE NANABHOY BYRAMJEE JEEJEEBHOY.—We regret to announce the death of Bai Goolbai, the daughter of Mr. Dinshaw Manockjee Petit, and wife of Mr. Rustomjee Nanabhoy Byramjee Jeejeebhoy, the grandson of Mr Byramjee Jeejeebhoy, C. S. I., which took place on Tuesday night last at her father's residence at Malabar Hill. Deceased was about fourteen years of age and was for some time past suffering from chronic rheumatism. Our readers may remember that the marriage of the deceased was celebrated some six years, ago, when grand fastivities were given by Mr. Byramjee Jeejeebhoy, C. S. I, and about two lakhs of rupees were otherwise spent in the celebration. The funeral yesterday was attended by about three thousand Parsee gentlemen, filling up the whole of the spacious compound of Mr Petit's residence. Mr. Byramjee Jeejeebhoy was at Khandala at the time of the unfortunate occurrance. He has since come down to Bombay.

[*Times of India*, 20*th June* 1878.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૪ માહ ૧૦ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

નશરવાંનજી દોરાબજી આપખ્ખત્યાર—

મી૦ નશરવાંનજી દોરાબજી આપેખતીઆરનું મરણ—જણાવવાને દલગીરી ઉપજેછે કે છાપામંડળોમાં આ જાણીતો દેશી લખનાર અને અખીપતી ગઇ તા૦ ૨૦ મીને દીને જાહાનસી ખાતે મરણ પામયોછે. એ તરફ પારસીઓની ઝાઝી વસતી નહીં હોવાથી જાહાનસી યા તેની નજદીકીમાં દોખમું નથી માટે મરનારની લાશને ભુમીદા કરી હતી. તેઓ પોતાની એક સગીનાં જાહાનસી ખાતે મરણ પામેલા ભરથારનું લેણદેણ નકી કરવા માટે આજ બે માસ ઉપર મુંબઇથી તે તરફ ગયા હતા. મી૦ નશરવાંનજીએ પ્રથમ આપેખતીયાર નામનુ અઠવાડયાનું એક પત્ર ચાલુ કીધું હતું જેને પાછળથી "પારસી પંચ" સાથે જોડી નાખયું હતું. મી૦ નશરવાંનજી ૪૫ વરસની ઉમરે મરણ પામયાછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જુન ૧૮૭૮.]

20*th June* 1878.

NUSSERWANJEE DORABJEE APAKHTYAR.—We learn that a telegram has been received in Bombay from Morar, announcing the death of Mr. Nusserwanjee Dorabjee Apakhtyar, which took place on Thursday last at Jhansie. There is no Tower of Silence in Jhansie, and the deceased, had to be buried there. He left Bombay some two months ago with the view of settling the affairs of a female relative, whose husband had died in Jhansie. He was for nany years connected with the Native Press of Bombay; and was the first to start a Guzeratee weekly known as the *Apakhtyar*; which subsequently became incorporated with

the *Parsee Punch.* Up to the time he left Bombay he was the proprietor and reputed editor of the *Parsee Punch* and the *Yezdanperest*, both of them Guzeratee weekly newspapers.

[*Bombay Gazette*, 25*th June* 1878.]

તા૦ ૨૬ મી જુન.

રોજ ૧૦ માહ ૧૧ (ક૦) ૧૨૪૭ યજદજરદી.

શાવકશાહ શેહરાબજી દાવર—ગયા બુધવારે થાણાંના સબારડીનેટ જડજ મી૦ સાવખશાહ સોહોરાબજી દાવરનું આસરે ૩૫ વરસની જવાંન વયે મરણ નીપજયું છે. એ ગ્રહસથ આપણને જાણીતા સુરતની સમાલ કાજ કોરટના જડજ શેઠ કેખશરો હોરમજજી આલપાઇવાલાના જમાઇ હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જુન ૧૮૭૮.]

તા૦ ૨૬ મી જુન.

રોજ ૧૦ માહ ૧૧ (ક૦) ૧૨૪૭ યજદજરદી.

મનચેરજી ફરાંમજી પટેલ—જણાવવાને અતીશે દલગીરી ઉપજે છે કે આપણા જાણીતા અકાબર શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં પુતર શેઠ મનચેરજી ફરાંમજી પટેલ ગઈ કાલે શાંહાંજનાં બેહશતનશીન થઆછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુન ૧૮૭૮.]

તા૦ ૨૭ મી જુન.

રોજ ૧૧ માહ ૧૧ (ક૦) ૧૨૪૭ યજદજરદી.

શાપુરજી હોરમજજી પાટક, એમ. એ.—એવીજ રીતે એક બીજા કેલવણી પામેલા પારસીનું એટલીજ જુવાનીમાં મરણ નીપજવાની નોધ દલગીરી સાથ લેવી પડે છે. એ ગ્રહસથ અતરેના સોલીસીટરો મીશી-અરસ શાપુરજી અને ઠાકોરદાસની પેઢીના ભાગીઆ મી૦ શાપુરજી હોરમજજી પાટક છે. એઓ યુનીવરસીટીની ઉંચી કેલવણી પામવા છતાં ઘણાજ સાદા, શરમાલ અને એકમારગી હતા. એમનું સઘળું ચેઆંન એમના ધંધામાં તથા કુલોની સેવામાં હતું અને એમનું ધારાનું ગ્નાન ચહડતા પ્રકારનું હતું. એમના ગુજરવાથી આપણા જાણીતા અને વખણાયલા વકીલોમાંથી એક ખોટ થઇ છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જુન ૧૮૭૮.]

27*th June* 1878.

SHAPURJEE HORMUSJEE PATUCK.—Mr. Shapoorjee Hormusjee Patuck, of the firm of Messrs. Shapoorjee and Thakurdass, solicitors, died on Thursday night last of typhoid fever at his residence Falkland Road. Deceased was a graduate of the Bombay University, and had considerable practice as a solicitor of the High Court

[*Times of India*, 29*th June* 1878.]

1*st July* 1878.

A SAD LIST.—During the last few months, and particularly in June last, a number of young Parsees, more or less of known character, have died. Drs. Rustomjee Badurjee (member of the Municipal Corporation), Rustomjee Nadursha (Physician to the Colaba Sanitarium), Furdoonjee Jamsetjee, and Muncherjee Sorabjee (private practitioners), departed this life before June, Messrs. Maneckjee Cowasjee Entee (Deputy Magistrate), Shavuksha Sorabjee Davur & Nanawattee (Subordinate Judges), Shapoorjee Hormusjee Patuck (Solicitor, High Court), Nusserwanjee Dorabjee (editor of a native paper), and Muncherjee Framjee Patell, all died in June last It is curious to observe that a majority of these casualties happened from brain fever.

[*Bombay Gazette*, 1*st July* 1878.]

તા૦ ૮ મી જુલાઇ.

રોજ ૨૨ માહ ૧૦ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

મનચેરજી હીરજીભાઈ રેડીમની—જણાવવાને બેહદ દલગીરી અને શંતાપ લાગેછે કે, આપણી વસતીના જાણીતા અને પરખીઆત વેપારી શેઠ હીરજીભાઇ જાંહાંગીરજી રેડીમનીનો પુતર અને સર કાવશજી જાંહાંગીરજીના ભતરીજા શેઠ મનચેરજી તાવના મરજથી કેટલાક દીવસ માહગી ભોગવી આરતીશ વરશની વએમાં ગઇ કાલે જીનતનશીન થઆછે. મરણાર તેનાં સદગુણોથી પોતાનાં એશકુટુંબ અને દોશતઆશનાઓમાં અતીઅંત પીઆરો થઇ પડીઓ હતો, જેઓ તેનાં મરણથી મોહોટી માહતમપોશીમાં આવીઆછે, જે મનથી ભુલવી અને દીલથી વીશરવી કઠણ છે.

[જામે જમશેદ, તા૦ ૯ મી જુલાઇ ૧૮૭૮.]

તા૦ ૧૯ મી જુલાઇ.

રોજ ૩ માહ ૧૧ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

સર કાવશજી જાંહગીરજી રેડીમની નાઈટ, સી. એસ. આઈ.—જાલમ જમાનાએ આ શું બુરૂં કામ કરીઉં, વાંકી પીથના આશમાને એ કેવી મોહોટી બેવફાઈ કરી, અને જમાનાએ તેની કેહવી ઉલટી ચાલ બતાવી. અફશોશ! શદ હજાર અફશોશ!! પારશીઓના બાગમાંનું ખુશનુમાં ફુલ જે પોતાના પમરાતથી ઇનશાંન જાતને બેહદ સુખ આપતું તે કરમાએઉ છે, અને સર કાવશજી જાંહાંગીર નાઇટ સરખા જમાને હાતમને એક પલવારમાં ઉંચકી લીધાછે. પારસીઓના નામીચા નરો એક પછે એક આ ફાની દુનીઆં મુકી ચાલતા થાએછે—એકનાં ગમનાં આંશુ હજુ નુછાએઆં નથી, અને દીલનો વીલાપ અને મનની દલગીરી ભુલાઇ નથી એટલામાં બીજાનો ગમ દીલપર આવી પડેછે, જે ખમવો મુશકેલ થઇ પડેછે, અને મોહોટા અફસોસની વાત છે કે તેઓની ખુરસી ખાલી પડેછે, જે પુરાતી નથી. સઘલો મારો ખમી શકાએ પણ જાલમ મોહોતનો મારો અને તેણી નામીચા નરોપર તે ખમાવો મુશકેલ છે. તે ખમતાં ખમતા પારસી કોમની સબુરી તદન ઉડી ગઇછે—તેઓ નાચાર થએઆછે—અને સઘલાઓનો એકજ અવાજ નીકલેછે કે, એ કીરતાર તું અમારાપર હવે રેહેમ કર, અને અમારા નામીચા નરોને જાલમ જમરાના હાથપર બચાવ કર. મોહોત કોઇને છોડતું નથી અને મોહોત જેવું સુખ તો બીજું કોઇએ નથી. જેઓએ નેકીનાં કામો કરીઆંછે, જેઓએ હોરમજદને રાજી રાખેઓછે, જેઓએ તેના બંદાને સુખી કરીઓછે, અને તેઓનાં દુઓ તાલી તેઓની હાજતો પાર ઉતારીછે, તેઓ આ દુનીઆંમાં ખાલી હાથે આવીઆ હતા, પણ પોતાની સાથ નેકનાંમીની મોહોટી પુંજી જમાવ કરી લઇ જાએછે, જે સુખ હંમેશગી સુધી તેઓને મીનોહી જહાંનમાં પુરૂં પડેછે, તેઓને તો મોહોત મોટી બખશેશ છે, પણ જેઓ તેઓના તરફ પીઆર અને માંનથી જોતા હોએ, જેઓ તેઓને આસરે હોય, જેઓએ તેઓનાથી સુખ જોએઉં હોય, અને જેઓની ઉમેદનો કોત અને આશાનો તેઓ થાંભ હોય, તેઓને તેઓ નીરાશ અને દુખી કરી જાએછે. એટલાજ માટે નામીચા નરોનું મરણ જીવતાઓને દુખી કરેછે. તે કીરતારની મરજી અને તેના હોકમ આગલ માણસ જાતનું કાંઇ ચાલતું નથી, તેને આધીન થએઆવના છુતકો નથી, અને આપણો અફસોસ ફોકતનો છે.

સર કાવશજી જાહાગીરજી નાઇટે તેમની જીંદગીમાં જેજે નેકનામીનાં કામો કરીઆંછે. તેનો હેવાલ વરતમાંનપતરોની કતારમાં આવી શકાએ એટલો નથી. તેથી તો પુશતકોનાં પુસતકો ભરાશે. જેખી નામીચી કલમ એમનાં જનમચરીતરનો હેવાલ છાપશે, તે પારસીઓને મગરુબ રેહવાજોગ અને જાવેદાનની એક નોધ આપી જશે કે, તમારામાં હવો એક નામીચો નર' થઇ ગએઓછે કે,

જેમને પોતાની સખાવતનો જહરો ચાલુ કરી માણસ જાતનું ભલું કરીઉછે, અને પોતાને પેદા કરનાર હોરમજદ અને તેના પેગમબર સત જરતોશતને રાજી કરીઓછે.

પેહલા બારોનેટ મરહુમ સર જમશેદજીની જેહવી સખાવત નીઆત જાત અને ધરમના ફરક વગર શઘલી કોમોને માટે હતી, તેહવીજ નેકનાંમ સર કાવશજીની હતી. તેમની નજરમાં શું પારસી, શું ખરીશટી, શું હીંદુ કે શું મુસલમાંન, શું કોમ કે પરકોમ એકસરખા હતા, અને તેઓને એકસરખા દેશી ભાઇ ગણી તેઓને ફાએદો આપનારાં ધરમખાતાંઓ ઉભાં કરીઆં હતાં, એટલુજ નહીં પણ તેઓને નીભાવાને માટે ફંડો કાહડીઆં હતાં. એ જોતાં સર કાવશજીના મરણથી ફકત પારસીઓનેજ નહીં પણ તમામ આલમને મોહટો તોટો ગએઓછે, અને તે તેઓએ એ ઉમરાવનાં મરણનો ગઇ કાલે શોગ કરી બતાવી આપીઉછે.

મરહુમ ઉમરાવ સર કાવશજી આજ લાંમઓ વખત થઓ બીમાર હતા તોએ તેવણે પોતાના ભાઇબંધોનું ભલુ કરવાનાં તથા જાહેર કામોમાં ભાગ લેતા હતા. તેમની મનશકતી અજબ હતી અને સખત બીમારીની કાંઇએ અસર તેનાપર થઇ હતી નહીં. બીજા બારોનેટ સર જમશેદજીનાં મરણે તેવણની સુખાકારીપર માઠી અસર કરી હતી, અને વધારે માઠી અસર તેમના ભતરીજા શેઠ મનચેરજીનાં મરણથી થઇ હતી. ગઇ કાલ દીને પાછલી રાતનાં મરહુમ ઉમરાવની છાતીએ ગઉતનો મરજ ચહડીઓ હતો અને મોહોટો ગભરાત થઓ હતો. ડાકટર બલાનકે આવીને ડૉકટર કારટરને બોલાવીઓ હતો અને આસરે છ કલાકે મજકુરે ડાકટરે આવીને જોએઉં તો તેવણ મરણ પાંમીઆ હતા. ૧૮૬૪ માં તેવણ ગઉતના મરજથી પેહલા હેરાંન થઆ હતા અને તેમના જીવીઆની આશા છોડી હતી, તે પછે તેવણ સાહજા થઆ પણ ગઉતના મરજે તેવણને ઘણા હેરાંન કરીઆ હતા. છેલલો જાહેરમાં તેમને દેખાવ આનરેબલ શેઠ શોરાબજીને તેહાંની શેઆદીની વેલાએ કરેઆ હતો તે પછે તેવણ બીમાર પડઆ હતા, જે બીમારીએ તેમનો અંત આણેઓછે. ૧૮૬૧ માં તેવણની ધરીઆંણી મરણ પામી હતી. તેમનાં મરણની ખબર સર ફરાંક સુટરે તારમાં નામદાર ગવરનરપર મોકલીછે અને તેમજ કલકતા, લનડન અને બીજાં શેહરો ખાતે તાર ગઆછે, જાંહાં તેમનાં મરણથી મોહોટી દલગીરી ઉપજવાની.

સર કાવશજી જાંહાંગીરજી નાઇટનો જનમ ઇઆજદજરદી ૧૧૮૧ નાં શાલમાં આદર મહીનો અને અમરદાદ રોજે થએઓ હતો, અને તેમને ૬૭ મું વરસ બેશવાને બે મહીના થવા આવીઆછે. તમણે તેમના જમાનાના પરબીઆત મી૦ વીલીઅમ શાઇઝની સકુલમાં કેલવણી મલી હતી. ચઉદ ઇઆ પદર વરસની ઉમરે તેવણે સકુલ છોડી અને તેહાંથી વેપારની મોહોટી સકુલે તેમના મમાવા શેઠ ખરશેદજી અરદેશર દાદીના હસતકમાંની એકાદી ઇંગરેજી પેહેડીપર તેવણ શીખવા રહેઆ હતા.

સર કાવશજી જાંહાંગીરજી નાઇટ સકુલેથી ઉઠીઆ પછે એકાદી આફીસમાં શીખવા રહેઆ હતા, અને તેહાર બાદ મીશીઅરશ ડનકન ગીબસને તેહાં ગોડાઉન કીપર રહેઆ હતા. એ પછી શેઠ ખરશેદજી અરદેશરની કુ૦ મારફતે મીશીઅરશ ગરે કું૦ ના દલાલ થઆ હતા—તે પછે મીશીઅરશ એનીશન કારડવેલ જે પાછલથી મીશીઅરશ કારડવેલ પારસનની કુ૦ થઇ તેમાં તથા મીશીઅરશ પીલ કાશલની કું૦ માં દલાલ હતા. જેવારે તેવણ દલાલીના ધંધાપર હતા તેવારે કેટલીક કુંપનીના તેવણ ડરેકટર થએલા હતા, અને મુંબઇની નાણાવત તથા વેપારપર મોહોટું ધીઆંન આપતા હતા. ૧૮૬૪ નાં શાલમાં અતરે ઉભી થએલી કેટલીક માહભારત કુંપનીના તેવણ આગેવાંન થએલા હતા,

પણ પાછલથી સખત માંદગીને લીધે તેવણ એ કુંપનીઓનાં કામમાં ભાગ લઇ શકીઆ નહીં. તેમની સખાવતની શરૂઆત ૧૮૫૬ માં થઇ હતી, અને સખાવત કરતી વેળાએ તેવણ તેને લગતા બંદોબસતપર કેહવું ધીઆંન આપતા હતા, તે નીચલી વીગત-પરથી જણાએછે. એ શાલમાં તેવણ સુરત ગએઆ હતા, અને સુરતમા એક ઇશીપી-ટાલની મોહોટી જરૂર હતી, અને તે માટે લોકોએ ઉઘરાંણું કરી રૂપીઆ ૧૮૦૦૦ જમાવ કરીઆ હતા, અને બાકી રૂ. ૧૨૦૦૦ જોઇતા હતા. કલેકટર મી૦ હેબરટે શેઠ કાવ-શજીને એટલા બાકી રૂપીઆ આપવા જણા-વીઉં હતું. પણ તેવણે ઉતર આપીઓ કે એટલાજ નહીં પણ સઘલા રૂપીઆ તેવણ આપશે, જે હેવી સરતથી કે સરકારે એ ઇશપીતાલ પોતાના સવાધીનમાં લઇ તે ચાલુ રાખવી. સરકારે તેમની એ સુચનાં કબુલ રાખી, અને તેથી આજે સુરતને એક સારી ઇશપીટાલનું સુખ મલીઉંછે. સર કાવશજીનો ધરમ વીશેશ કરી કેલવણી ખાતાં, દવાખાનાં તથા ઇશપીટાલો ઉભી કરવા પછવાડે ઘણો થએઓછે અને હેવી તેમની ધરમની કીમત તમામ આલમમાં ઘણી થાએછે. એ માટે મુંબઇના એક પછે એક થનારા ગવરનરો તેમની તારીફ કરી ગએઆછે. ૧૮૬૫ માં એલફીનસટન કોલેજનો પાએઓ નાખતાં સર બારટલ ફ્રીઅરે એક અમુલીખ ભાશાણ કરીઉં હતું તે મધે સર કાવશજી અને તેમનાં ખાંનદાંનની મોહોટી સતુતી કરી હતી અને તેમના ધરમાતુ સવભાવના ગુણ ગાએઆ હતા. સર કાવશજીએ અતીઆરસુધીમાં પંદર લાખનો જાહેર અને પાંચ લાખનો ખાનગી ધરમ કરીઓછે. તેમના કેટલાક જાહેર ધરમની ટીપ અમો આપીએ છઇએ જે ખુદ બતાવી આપશે કે પોતાના ભાઇ-બંધોને માટે એ અમીર અલ ઉમરાવે કેટલું બધું કરીઉંછે:—

મીઅપોગલી તરફ એલફીનસટન કાલેજ બાધી આપી તેની લાગતના રૂ. ૨૦૦૦૦૦ તથા તે મકાન તઇઆર થતાં સુધી શીખવા જનારાઓને માટે ગોવાલીઆ તલાવની પાસે આવેલો બંગલો દર મહીને રૂ. ૧૦૦ લેખે જે રાખેલો હતો, તેનું ભાડું ૧૨૩૧ થી ૧૨૪૦ સુધી વરસ ૧૦ નું રૂ. ૧૨૦૦૦ મલી ફકત એજ ખાતાં ઉપર થએલી સખાવતનાં...	૨૧૨૦૦૦
એવણની આગેવાંની હેઠલ ઉભી થએલી "ફીનાનશીયલ એશોશીએશન" ને મદદ તરીકે ભેટ આપેલા............	૨૦૦૦૦૦
સુરતની વસતીને પીવાના પાણીનું સુખ કરી આપવા માટે ખરેચેલા.......	૧૫૦૦૦૦
નામદાર મરહુમ સર જમશેદજી આશાપી-ટલના ચોકની અંદર આખના દરદીઓ માટે બંધાવી આપેલાં મકાન ઉપર થએલી લાગતના.......	૧૨૦૦૦૦
નામદાર પરીનસ આવ વેલસ પરણેઓ તેની ખુશાલીમાં મુંબઇ ખાતેની ઇઉની-વરશીટીને માટે મેદાનમા બધાતી એક સુંદર ઇમારતમા.....................	૧૦૭૦૦૦
સુરત ખાતે બંધાવી આપેલી આશાપીટલની બેઠકના................................	૭૫૦૦૦
"શટરેનજર હોમ" નામનું મકાંન બાધી આપવા માટે કીધેલી મદદના	૫૦૦૦૦
પુણાં ખાતે શીવીલ ઇનજીનીઅરીગ કાલેજ બંધાઇ તેમાં કીધેલી મદદ...........	૫૦૦૦૦
એલાવ ખાતે દવાખાનું કાહડવાના હેતુથી સરકારને સોંફેલા......................	૫૦૦૦૦
સીંધ હેદરાબાદ ખાતે દેવાનાઓની આશી-પટલ બાધી આપી તેના................	૫૦૦૦૦
મુંબઇ ખાતે જુદી જુદી જગોપર બંધા-વેલા ૪૦ ફુવારાને માટે થએલો ખરચ.	૪૦૦૦૦
નોશારી ખાતેની જરતોશતી મદરેસા ઉપર ખરચેલા	૩૫૦૦૦
પોતીકા મરહુમ નેઆગાંનોની નઇઅતે પાર-શીની પંચાએતને આપેલા.............	૩૦૦૦૦
મુંબઇનાં આંધલાં પાંગલાં ગરીબ જરતો-શતીઓની પરવરશી માટે પંચાએતને આપેલા..................................	૩૦૦૦૦
ખેતવાડી ખાતે જરતોશતી છોકરીઓની નીશાલ કાહાડી આપી તેમાં............	૩૦૦૦૦
ગંદેવી ખાતેની ઇંગરેજી નીશાલમાં આપેલા.	૨૦૦૦૦
લંડન ખાતે રીજંટ પારક તરફ બંધાવેલા સુંદર ફુવારા ઉપર ખરચાએલા......	૧૫૦૦૦

મુંબઇની રાએલ એશીઆટીક શોશાઇટીને આપેલી મદદના	૧૩૦૦૦
રાંડેલનાં દવાખાંનાં માટે આપેલા.........	૧૨૦૦૦
વલસાડનાં દવાખાંનાંને કીધેલી મદદના...	૧૧૦૦૦
ઇરાંન દેશના જરતોશતીઓને માટે ચોંતેલા જજીઆના કરની મદદમાં આપેલા રૂ. ૧૦૦૦૦ તથા તેવોની પરવરશી સારૂં આપેલા રૂ. ૧૦૦૦ મલી જુમલે	૧૧૦૦૦
ફરાંનસ તથા જરમની ખાતે ઉઠેલી લડાઇમાં ઘાએલ થએલા સીપાહીઓની મદદ માટે બેઉ તરફ નીમોનીમ પોંહચતા કીધેલા...	૧૦૮૦૦
સર કાવશજી જાંહાંગીર રેડીમની નાઇટ, સી. એસ. આઇ. કલકતા તથા મધરાજ ખાતેનાં ગરીબોનું સંકટ તાલવાની સોચનાથી મોકલેલા..................	૧૦૦૦૦
ગરાંટ મેડીકલ કાલેજમા પોતીકે નામની બે ઇસકાલરશીપ આપવા માટે તાહાના વહીવટદારોને સોપેલા..................	૧૦૦૦૦
ચોપાતી ખાતે રેહનારા ગરીબ ઇરાંની જરતોશતીઓ માટે બાધી આપેલી ધરમશાલાની ઇમારત ઉપર ખરચાએલા.	૧૦૦૦૦
લનડન ખાતે જુદાં જુદાં ધરમખાતાઓની મદદ માટે બેવાર મોકલેલા......	૮૮૦૦
કોલાબા ખાતે બંધાએલાં "સેંટ જાન" નાં દેવલને માટે મીનારો બાંધવા સારૂં...	૭૫૦૦
મુંબઇનાં મેદાનમાં પોરટુગીશનાં છોકરાઓની તબીએત માટે "સેંટ ઝેવીઅર" ઇસકુલ બંધાઇ તેની ઉપર મીનારો બાંધવા તથા ઘડીઆલ મેલવા સારૂં...	૭૫૦૦
સેંટ ટામસ દેરલનાં ચોકમાં બાધી આપેલા કુવારાનો ખરચ............	૭૦૦૦
'અલેકજાંડરા નેટીવ ગઆરલસ ઇંગલીશ સકુલ" મદદ સારૂં પેહેલાં ૫૦૦૦ આપીઆ હતા, અને તે પછે શીખેલી છોકરીઓને લારડ નારથબરૂકને નામે દર શાલ ઇનામ આપવાના હેંતુથી મોકલેલા રૂ. ૫૦૦ મલી......	૫૫૦૦
ગનદેવીનાં દવાખાનાં માટે મોકલેલા......	૫૫૦૦
નોશારી ખાતેના મોટા ફલીઆમાં દરદીઓને માટે દવાખાનું ચાલુ કરી આપીઉં હતું તે ઉપર ખરચેલા...............	૫૦૦૦
વીકટોરીઆ તથા આલબરટ મીઉજીઅમની મદદ માટે............................	૩૫૦૦
સર જમશેદજી જીજીભાઇ ઇનસટીટીઉટમાં મોકલેલા	૩૫૦૦
ચોપાતીની ધરમશાલામાં રેહેનારા ગરીબ જરતોશતીઓને દર શાલ પોતાની શાલગરીને દાહડે મેજબાની જમાડવા સારૂં પંચાએત હસતક સોપેલા............	૩૫૦૦
નામદાર પરીનસ આફ વેલસ સખત બીમારીમાંથી સલામત ઉઠીઆ તેની ખુશાલીમાં લંડન ખાતે "ફીવર હાસપીટલ" ને મદદ કીધેલા............	૨૦૦૦
ફીમેલ નારમલ ઇસકુલની મદદ માટે આપેલા.	૧૫૦૦
પેહલવી વીઆકરણ કેતાબની ૧૨૫ નકલ લીધી તેના દસતુર પેશુતનને આપેલા...	૧૨૫૦
મુંબઇ એશો.શીએશનની (બીજીવાર ઉભી થએલી) સભાને મદદ કીધેલા.........	૧૦૦૦
ડાકટર લીવીગસટમની શોધ માટે જનારા કાફલાને આપેલી મદદના............	૧૦૦૦
મુંબઇનાં બારાંની ભેટ સારૂં વેલાત તરફથી "ફલાઇનગ સકુઆડરન," નામની ઇંગરેજી મનવારોનો કાફલો જે આવીઓ હતો તેના અમલદારો તથા સેલરોને જીઆફત આપવા માટે થએલાં ઉઘરાંણા અંદર ભરેલા..................	૧૦૦૦
ખાનદેશ તથા નાશકમાં આવેલી રેલથી પાએમાલ થએલાઓની મદદ સારૂં મોકલાવેલા	૧૦૦૦
બોમબે "ફીલ હારમોનીક શોશાઇટી" ને ગાએનનાં પુસ્તકો ખરીદવા સારૂં બખશેશ કીધેલા.....................	૧૦૦
કાંદાવાલા મોહલામાં પુસતકખાનાંને બખશેશ કીધેલા રૂ. ૫૦૦) ઉપરાંત વેલાતનાં વરતમાનપતરો બે વરસવેર પોંહચતાં પાડીઆં તેનો લવાજમો મલીને કુલે સખાવત કીધેલા.....................	૫૮૯
શીતલા સારૂં ગાએની રસીનો અખતરો અજમાવનાર ડાકટર બલાકને એક વરસ તુલીક.........................	૫૪૦
કોટ ખાતેની "ફોરટ ઇમપરૂવમેંનટ લાઇબરેરી" નામની વાચનશાલાને બખશેશ આપેલા..................................	૫૦૦
શેંટ વીનસેંટ ડી પાલનાં ઉઘરાંણાંની ટીપમાં ભરી આપેલા..........................	૫૦૦
કસરતશાલાની મદદ માટે પરથમ ઘણીવાર આપેલાં નાણાંની ઇઆદી હાથ આવી નથી પણ હવડાં પોંહચતા પાડેલા જે જણાએઆય તે	૫૦૧

પોતીકા મરહુમ બીરાદર શેઠ દાદાભાઇ રૂસતમજી પટેલની નઇઅતે "કાવશજી જાંહાંગીર મદરેસા" નામની મકતબમાં શીખનારાઓને ધરમની કેલવણી આપવાના હેતુથી ભેટ કીધેલા............	૫૦૦
પુણાં ખાતે કાનવેંટ ઇસકુલ પારસી બાલક ઇસકુલ, નેટીવ જનરલ લાએબરેરી તથા છાવણી માહેલી ઇસકુલના સંબંધમાં સથાપેલી કસરતશાલા મલી ચાર ખાતાંઓને સરખે હીસસે વેંહચી આપેલા કુલલે........................	૫૦૦
પોતાનાં ઘરના જઇદ પંથકી આ૦ નશરવાનજી ખરશેદજી કાંગા મરણ પાંમેઆ તેની નઇઅતે નવસારી ખાતેની "કાવશજી જાંહાંગીર જરતોશતી મદરેસા" માં જંદ અવસતાના વરગ ઉપર થતા ખરચની મદદ માટે મોકલેલા.........	૫૦૦
ગરાંટ મેડીકલ કાલેજમાંનાં ગુજરાતી દાઇઓના વરગ સારૂં આપેલા............	૨૦૦૦
ખેતવાડીની શેઠ એદલજી રૂસતમજી સુનાવાલાની વાડીમાંની કસરતશાલાનાં ફંડમાં.	૩૦૧
માહીમ ખાતે એક બાગ બનાવવા સારૂ રૂ. ૨૫૦૦) મુંબઇની મીઉનીસીપાલીટીને આપેઆથી તેનું નામ "સર કાવશજી જાંહાગીર બાગ" રાખીઉં............	૨૫૦૦
મી૦ ઓબરાઇન તે ડીઓસીસ સકુલના માસટરે આપઘાત કરેઓ તેની વીધવા તથા આઠ બાલકોને સારૂ થાએલા ઉઘરાંણામાં	૧૦૦૦
મુંબઇનાં વઇદક ખાતાંનો એક બીજો અંગરેજ અમલદાર એજ પરમાણે પોતાનાં કુટુંબને નાચાર અવસથામાં મેલી મરણ પાંમીઆથી તેના કુટુંબને બખશેશ દાખલ....................	૨૦૦૦
ખેતવાડીની છોકરીઓની નીશાલમાં......	૨૦૦
ફોરટ રીડીંગ રૂમમાં નવાં પુસતકો ખરીદવાને આપેલા...................... ..	૧૦૦૦
ભુલેશવર લાઇબરેરીને	૫૦૦
મુંબઇમાં જીમખાંનાને સારૂં રૂ. ૫૦૦૦ આપેઆથી મેદાનમાંનાં અંગરેજોના જીમખાંનાં સાથે એ શેઠનું નામ જોડાએદછે તેમા........................	૫૦૦૦
એલફીનસટન કાલેજના વીદયારથીઓ નાટક કરેછે તેનાં ફંડમાં...............	૫૦૦
ઇનડો બરીટીશ ઇનસટીટીઉશનનું ફંડ ખલાસ થવાથી તેની ખાધ ખોરાકીનું બીલ એ શોશાઇટીથી નહીં આપી શકાએઆથી એ શેઠે આપી ચુકવેઉં હતું...	૪૦૦
અમદાવાદમાં સને ૧૮૭૫ નાં શાલમાં મોટી રેલ આવી હતી તેનાં ફંડમાં ભરેઆ હતા................................	૧૫૦૦
ગોવાલીઆ તલાવ આગલની એવેનાં બપાઇ બાઇ શુનાંબાઇ તે મરનાર શેઠ હીરજીભાઇ જીવણજી રેડીમનીનાં બેટીએ બંધાવેલી દરેમેહર નબલી હાલતમાં આવેઆથી એવોએ રૂ. ૫૦૦૦ ખરચીને તેની મરામત કરાવી તા૦ ૪ થી સપટેમબર ૧૮૭૬ ને દીને ફરીથી બંધાવી આપીછે......................	૫૦૦૦
રગતપીતની હાસપીટલના ફંડમાં.........	૫૦૦૦
ઇસટીમર સીરાપીસમા શાહજાદો પરીનસ ઓફ વેલસ અતરે સહીસલાંમત આવી પુગેઓ તેની ખુશાલીમા ઇંગલંડના સેલર હોમમાં........................	૫૦૦
નોશારી ખાતેની જરથોશતી મદરેસાને ભેટ આપેઆ.....................	૧૨૦૦
જાનવરો ઉપરના ઘાતકીપણાનો અટકાવ કરવાને ઉભી થએલી મંડલીના ફંડમો.	૩૦૦
ઇનડો બરીટીશ ઇનશટીટીઉશનના છોકરાઓને પેહેડવાનાં કપડાં નહી હોવાથી તેના શેકરેટરીએ એ શેઠને અરજ કરવાથી મોકલીઆ......................	૨૫૦
૧૮૭૬ ના દખણના દુકાલનાં ફંડમાં......	૨૦૦૦
વાદરાનાં દવાખાનાના ફંડમા............	૧૦૦૦૦
મુંબઇની કારપારેશનને મટે એક લાએક શીલ બનાવવા સારૂં પેહેલા રૂ. ૧૦૦૦, તથા બીજા વધારાના ખરચના રૂ. ૬૦૦ મલીને................................	૧૬૦૦
એલફીનસટન કાલેજની લાઇબરેરીમાં વીદીઆને લગતી ચોપડીઓની ખુટ હોવાથી તાંહાંના વીદીઆરથીઓને ઘણી અડચણ પડતી હતી તે ટાલવા માટે..........	૫૦૦
અતરેની ગરાંટ મેડીકલ કાલેજમાંથી જેબી વીદીઆરથી "આરબીડ એનેટમી" ની બાબદમાં સરશ નીવડે તેને ઇનામ આપવા............................	૧૫૦૦
	૧૪૬૯૩૩૦

બાહારકોટ મછી બજાર આગલ એક ધરમનું નવું દવાખાનું ઉઘાડેઉં છે.

બોરીબંદર આગલ જરથોશતીઓને પાંણી પીવા સારૂં એક પરબ બાંધી આપેઉં.

એવોની શાલગરીનો મુબારક રોજ જે તા૦ ૨૫ મી મેએ ૧૮૭૫ ને દને હતો તે દીને ચોપાતી ખાતેની ધરમશાલાનાં ગરીબ ધરાંનીઓ તથા આંધલા પાંગલાઓ તથા નાચાર જરથોશતીઓને મીઠાઇ મલીડાનું રાત દીસનું ખાણું આપેઉં હતુ.

મજગાંમ મધેની શેઠ નાનાભાઇ જમશેદજી ગજદરવાલી પુરાંણી દરેમેહેરને સારૂં ગએ વરસે નવેસરથી એક ફંડ ઉભુ કરી આપીઉં છે.

પુણાં ખાતે એક નવી લાએબરેરી અસથા-પવાનો ઠેડાવ કરેઓ હતો.

સર કાવશજી એમના ધરમાતુ સવભાવ અને સદગુણોથી જેમ પરજા તેમ સરકારમાં તેવણ અતી માનીતા હતા. આપણા ગવરનર સર રીચરડ ટેમપલે તરણ મરતબ તેવણની મુલાખાત લેવા ખાએસ બતાવી, પણ માંદગીના શબબપરથી તેવણ તે લઇ શકીઆ નહીં. એજ પરમાંણે પરીનસ આફ વેલસે તેમની મુલાખાતની આરજુ રાખી હતી, પણ માંદગીથી તેવણ તે લઇ શકીઆ નહી. ૧૮૭૧ નાં શાલમાં આપણી માઆલુ શાહનશાહબાનુએ એમને સટાર આફ ઇનડીઆનો ખેતાબ આપીઓ હતો. એ ખેતાબ તેમને ઇઓગીઅ મલીઓ હતો તે માટે તેમના તરફ માન અને પરીત બતાવવા તથા તેમની ઇઆદગારી કાએમ રાખવા માટે તેવણનું એક બાવલું ઉભું કરવા સર જમશેદજીના મજગાંમ કાશલમાં સભા ભરાઇ હતી, જેના શેકરેટરીનો ઓધો આનરએબલ શેઠ ડોશાભાઇ ફરાંમજીએ લીધો હતો, અને એ ફંડમાં રૂ. ૨૦૦૦૦ ભરાએઆ હતા.

સટાર આફ ઇનડીઆનો ખેતાબ મલીઆ પછે ૧૮૭૨ માં સર કાવશજીને નાઇટહુડનો ખેતાબ મલીઓ હતો. એ ખેતાબની ખુશાલીમાં એ નામવર ઉમરાવને ચોમેરથી ઘણાક આડરેસો મલીઆ હતા. મુંબઇના લોકોની તરફથી અપાએલું માનપતર જેનાપર લગભગ ૨૦૦૦ શહી છે તે એ નામવર ઉમરાવને પોંહોચાડવા માટે તેમનાં કોટવાલાં ધરમાં એક દબદબા ભરીઉં ડીપીઉટેશન ગએઉં હતું. એ માનપતર આનરએબલ મી૦ ગીબશે વાંચીઉં હતું તે તથા તેનો ઉતર હેઠલ આપીએ છઇએ:—

સર કાવશજી જાંહાગીર રેડીમની નાઇટ, સી. એસ. આઇ.

સાહેબ—“ આપણી નામદાર રાંણી વીક-
“ટોરીઆએ તમોને જે માન ભરેલો ખેતાબ
“બખશેઓછે, તે કારણ માટે હવડાં ચોતર-
“ફથી ખુશાલીના અવાજો નીકલેછે, અને
“તેવે સમે હમો તમારા હેતુ મીતરો આ
“લએઆથી તમોને મુબારકબાદી આપીએછે

“જોએઆથી હમોને અતીઅંત સંતોશ
“ઉપજેછે કે તમારી હાતમ જેવાં દીલની
“સખાવતો કાંઇ આ તરફ પરશીધ થાઇછે,
“એટલુંજ નહીં, પણ છેક વેલાતના મુલકો-
“માંની તે ફેલાવો પાંમીછે; અને તેજ શબબથી
“નામદાર મલકાંને મલીકા માહરાંણીએ
“તમોને નાઇટનો માંન ભરેલો એલકાબ,
“તમારી બુલંદ ખસલતની પીછાંન તરીકે
“એનાએત કીધોછે; તે જે હીમતે બાહદુર
“શખશ બામુદત થાઇ પોતે શરીરે અસુખ
“હોવા છતાં સરવે ગનીઆતના ગરીબો
“તથા કંગાલોની કદર બુજી તેઓની પીડા-
“કારીનું નીવારણ કીધામાં પોતીકું સવાબ
“સહમજે છે.

“તમારાં પરોપકારી કામો દુનીઆંના
“લોકોમાં જે આશકાર થઇ ચુકાંછે, તેહનો
“વીસતાર હીઆં કરી તમોને તસદી આપવા
“હમો ચાહાતા નથી; પણ હમો તમારા હંમ-
“શેહરીઓ જે પરથમથી હેવાં કાંમનાં પરીનાંમ
“જોતા આવેઆ છઇએ તેથી માતરે એટલું
“તો કેહવાની રજા લઇએચ કે, તમારી
“સખાવતનાં કામો જેવાં પરોપકારી, તેહ-
“વાંજ સારા વીચાર, તથા દુરઅંદેશીથીજ
“થાએલાંછે.

"મુંબઇ જેહવાં શેહેરમાં જે સખી નરો
"થાઇ ગએલાછે, તેહવા સખી નરોની
"સંફમાં

"સર કાવશજી જાંહાંગીરને

"જોઇ હમો અગનીત મધન છહાએ,
"વાસતે તમો સર કાવશજીને બારેહકતાલા
"લાંબી જીંદગી બખશે, અને મુંબહ શેહે-
"રને માથે તમોને સરતાજ ભરેલા રાખે,
"હેવી હમારી અંતકરણની દુવા તમોને
"આમીન હોજો."

ઉપલાં માનપતરનો જવાબ, સર કાવશજી-
ની ફરમાસથી ડાકટર મેકેનજીએ નીચે
પરમાણે સભાની સાંમણે વાંચી સંભલા-
વેઓ હતો.

"હાનરેબલ સાહેબો અને ધરહસથો—
"માહરા સરીખા ગરીબડા પણ એક વફાદાર,
"અને ઉપકારી પરજાને જે મોહોટો એતાબ
"નામદાર માહરાંણીએ આપેઓ, તે માટે
"તમોએ ભેટ કીધેલી મુબારકબાદી માહરાં
"જીગરના ઉપકાર સાથે હું અંતકરણથી
"કબુલ રાખુંછું."

"આજ દીને તમોએ આપેલું માનપતર
"લેવામાં માહરા દેશી ભાહઓ તરફથી એક
"મોટામાં મોટી હોરમત મલેલી હું સહમજુ-
"છું, અને આ બીના જાંણીને બસુસ
"મને માહ સંતોશબી ઉપજેછે કે, જુદી
"જુદી જાતનાતમાં આટલાબધા માહરા
"મીતરો છે, અને તે માનપતર મધે આ
"દેશનાજ નહીં, પણ ગરેટ બરીટન બાતેના
"હોરમત અને મોભાભરેલા ધરહસથોનાં
"નામો સમાએલાંછે."

"સરવે શખતીમાંન કીરતારની મરજીથી
"જે દરદની હું હજા ભોગવુંચ, તે માટે
"તમોએ કીધેલા હસારાનો જવાબ હું કેમ
"વાલું તેની મહને બીલકુચ સહમજ પડતી
"નથી; પણ હું તમોને બાતરીથી કહુંચ કે
"ગરીબ લોકોને આસરો આપવાની
"માહરી નબલી કોશેશ માહરા વડવાઓએ
"કીધેલાં નેકનામીનાં કામો, જેહનો દાખલો
"આ પરેસીડનસી બાતે એકશો વરસથી
"વધારેની મુદતપર થઇ ગએલા એક ગવર-
"નરેબી કબુલ કીધો હતો તેની હું નકલ
"કરૂંછું. હું દુવા માગુંચ કે માહરાં
"નામનો વારસો મેલવનારાઓમાં આ
"સોચના જારી રેહે, અને જેટલા જમાના
"સુધી રેડીમનીનું નામ હઇઆત પાંમે
"તેટલાં વેર આ નામ વફાદારી અને પર-
"મારથનાં કામો સાથ જોડાઇ રેહે."

"માનવંતા સાહેબો અને ગરહસથો—
"આજે તમો તસદી લઇને હીઆં હાજર
"થઆચ તે માટે તમારો ઉપકાર માનુંછું,
"અને અરજ કરૂંચ કે માહરી તરફની
"બાતેરી કબુલ રાખતાં સઘલા માહરા
"મીતરો (આ માનપતરમાં શહી કરનારાઓ)
"નેબી પોહોંચાડવી, કે આ માનપતરને
"એક મોહટી ઇઆદગારી તરીકે માહરાં
"કુટમમાં ઘણી ગરૂરી સાથે જાલવી રાખ-
"વામાં આવશે."

તા० ૧ લી અકટોબર ૧૮૭૨.

હું છેઉં ઇતીઆદી,

(શહી) કાવશજી જાંહાંગીર.

એલફીનસટન કાલેજના વીદીઆરથીઓએ
મરહુમ ઉમરાવનો ઉપકાર માનવા સારૂં એક
ફંડ ઉભું કરી તેની એક તસવીર પડાવી એ
કાલેજ રૂમમાં મુકી હતી. તે મુકવાની કીરીઆ
કરતી વેલાએ સર કાવશજીની મોહોટી સતુતી
આનરએબલ મી० ગીબસે કરી હતી.

[જામે જમશેદ, તા० ૨० મી જુલાઇ ૧૮૭૮.]

19th July 1878.

Sir Cowasjee Jehangeer Readymoney, Kt., C. S. I.—Among those of our native fellow citizens who by their own industrious exertions have attained considerable wealth and eminence in our island, the foremost place must be assigned to the worthy gentleman whose decease we chronicle today. Sir Cowasjee Jehan-

ghier, Kt., C. S. I., breathed his last yesterday morning at 6 at his residence on Malabar Hill.

The news, though sudden, will hardly cause surprise. It was well-known that Sir Cowasjee had been suffering for a number of years from an acute form of gout, which completely deprived him of the use of his hands and feet. He had been seriously ill for the past two years, and during the last two months was unable to leave his bed. The last time he was out of his house was on the occasion of the marriage of the daughter of the Hon'ble Sorabjee Shapoorjee Bengali, about three months ago. During the last four or five days the gout had been especially severe in the right hand. On Thursday night symptoms of a severe attack of gout commenced to set in, and Dr. Cowasjee Pestonjee, who was in constant attendance on the deceased, advised that the members of his family should be summoned, as Sir Cowasjee was then believed to be dying. At five Dr. Blane, Sir Cowasjee's medical adviser, was sent for, and he found him in such a critical condition that he sent for Surgeon General Hunter for a consultation. Dr. Hunter arrived about the time Sir Cowasjee expired. The deceased's adopted son, Mr. Jehangier Cowasjee Jehangier, was with him up to the last.

Sir Cowasjee, who kept alive in his person the princely beneficence of the first Parsee Baronet for the last quarter of a century, was the son of a member of the illustrious Banajee family, and in his youth was adopted by the widow of the late Heerjee Readymoney, and so acquired the patronymic which his family have ever since inherited. Sir Cowasjee's father had four children, two sons and two daughters of whom Cowasjee, the youngest, was born in 1812. From a very early age he was apprenticed to trade, his school life having been brought to a close at fourteen. He commenced his mercantile life under comparatively humble circumstances, for it was as a godown-keeper that the future millionaire began his successful career. Subsequently he entered into partnership with a firm of brokers, and afterwards set up on his own account. From this point his career in the pursuit of wealth was one of uninterrupted prosperity, and it should be mentioned to his honour that all his dealings were throughout these years characterised by an honestly and uprightness which won him the esteem and confidence of all who were brought into business relations with him. Sir Cowasjee was indeed qualified by nature to be a successful man of business, for there was no undertaking in which his rare business talents did not enable him to distance his competitors and achieve renown. The Readymoney family is one of the most distinguished amongst the Parsees. Sir Cowasjee in his lifetime united in himself three of the wealthiest and the oldest Parsee families in Bombay. From his father's side he was a Banajee, from his grand mother's side a Readymoney, and from his mother's side a Dadyshett. Sir Cowasjee had no children. He adopted about four years ago the grand son of his brother Heerjee-

bhoy, Mr. Jehangier Cowasjee Jehangier, who is married to the daughter of Mr. Ardeshir Hormusjee Wadia, another of our Bombay merchant princes. Sir Cowasjee's wife died in 1861. It need hardly be said that for years past he had been a confirmed invalid, but while the limbs were idle the mind was active. The indefatigable old man took a lively interest in all current topics of the day, whether political, commercial, or social. He was present at a meeting of the Parsee community to elect a leader in place of the late Sir Jamsetjee Jejeebhoy. Though very ill he attended, and had to be carried about by four hamals who were faithfully attached to him. It is said that one European Surgeon alone received from the deceased Knight a sum of Rs. 18,000 as fees. In 1864 he was pronounced to be in danger, but recovered through skilful medical assistance. It is indeed a marvel how a constitution so shattered held out so long,

Sir Cowasjee's father, Mr. Jehangier Readymoney, was the broker of the well known firm of Duncan, Gibb and Co. About the year 1831 Sir Cowasjee himself joined the firm as a godown-keeper, and subsequently as a broker. In conjunction with Messrs. Cursetjee Ardesier and Co., he acted as broker for Gray and Co., Higginson and Cardwell (afterwards Cardwell, Parsons and Co.), and Peel, Cassels and Co., retiring from business in 1862, and was one of the first batch of Fellows elected for the Bombay University. In the old days of the commercial prosperity of this city Sir Cowasjee acted as director to most of the banks in Bombay. During the American war the place was bristling with new fledged financial and banking associations, many of which in conjunction with others he promoted. Along with others he suffered terribly in the subsequent crash. It is well-known that a large portion of his magnificent wealth was expended on charitable purposes Indeed he was second only to the first Sir Jamsetjee Jeejeebhoy in philanthropy. It will not be out of place to give here a list of his public charities —

1846.	
Dr Bremner's Dispensary called New Native Dispensary ...	Rs 1,000
1850.	
Erecting 37 huts, tiled roofs, for sufferers by fire in Camatee-poora	1,225
District Benevolent Society ...	1 000
1852.	
Bombay Association	500
Perry Testimonial Fund ...	1,000
1853	
Prize money to School of Industry	1,026
1854	
Bandora Dispensary Fund ...	500
Sir J J. Benevolent Institution Fund	3,500
1858.	
Scottish Orphanage Rs 1,000 Government paper of 4 per cent., value Rs. 846, interest of which to be expended towards the clothing of the girls ...	Rs 846
1861.	
Scottish Orphanage Rs. 1,000 towards the General Fund	1,000

1862.		
Scottish Orphanage Rs. 1,500 towards the New Building Fund ...	1,500	
1867.		
Scottish Orphanage Rs. 1,000, 5 per cent. Government paper, interest of which to be expended towards the clothing of the boys...	1,081	
1869.		
Scottish Orphanage Rs. 500, Government paper of 5 per cent, interest of which to be expended on each of the birthday of Sir Joseph Arnold, Judge of the High Court, that his name may be remembered for ever .	544	
		4,971
1864.		
Poona Orphanage Fund ...		1,000
1858–59.		
Victoria Museum by three different sums		2,000
1861		
North Western Famine Fund...		1,000
1861–62		
Building Surat Hospital ...		71,902
Manchester Distress Fund ...		1,000
Lancashire Relief Fund ...		2,000
1862–63.		
Building University Hall ...		1,00,000
Building Poona Engineering College		50,000
Building Strangers' Home Rs. Friend Society ...	50,000	
Interest accumulated on Rs. 50,000 from April 1869 to April 1875 being 7 years at 5 per cent., as promised by Government	17,500	
Amount lying with the Secretaries and Tresurers for Building ...	10,000	
		77,500

Royal Asiatic Society for purchasing Oriental Works ...	5,000
Providing a Seal for University	1,200
Panjrapole Fund in Porebunder	2,200
Alexandra Girls English School Fund	5,000
Illuminated clock to be put on Tower of St. John's Church towards memory of Cabul Massacre	7,500
1863–64.	
Royal Asiatic Society for the purchase of different coins and for three presses to put them in	8,000
Distribution to the distressed weavers at Madras	5,000
Elphinstone College for purchasing Sanscrit works ...	1,000
Calcutta Relief Fund	5,000
1863–65.	
Sailors' Home subscription list by two sums	1,500
1864.	
Remitted in London £ 500 for Albert Orphanage Asylum, London	4,752
1864–66.	
Building Eye Hospital in Bombay	1,12,000
1864–65.	
Building Elphinstone College...	2,00,000
1865–66	
Erecting a fountain in St Thomas Cathedral	13,777
Nowsaree Madressa (School) in 5 per cent Government Lean	1,100
1867.	
Clock tower erected in Kupperwanj and for a library in Kaira Collectorate	2,500
1864.	
Presented to the Financial Association of India and China which was established by European and Native merchants, among whom Mr. Willis, of Messrs. Forbes and	

Co., and Sir Cowasjee were promoters The object of the Institution was a very good one; it was intended for the very laudable purpose of assisting people by advances on house and landed property to acquire it for themselves eventually by paying back in monthly instalments the advances made, also discounting of bills. The Institution had a very good credit and did good business Sir Cowasjee took no share in the management, as he fell very ill at the time and did not expect to recover, so he was obliged to retire at once; and sold off his shares, the profit of which, two lacs, he presented to the Association, to form a reserve fund to give stability to the Institution which he considers rendered a help to the community ... Rs. 2,00,000

Charges incurred for carrying on the following Charitable Dispensaries —

Dispensary at Randeer from May 1862 to April 1871 ... ... Rs 12,500

Dispensary at Gundevi in Baroda Territory from April 1865 to 15th August 1868 ... 5,000

Dispensary at Nowsaree from October 1864 to May 1867 4,565

Dispensary at Bulsar from 1862 to April 1871 11,500

34,065

Charges incurred for carrying on Schools at following places —

For School at Gundevi in the Gaicawar's territory, from January 1864 to Dec, 1869 ... Rs. 14,000

For Girl School at Khetwady from 1859 to December 1870 ... 22,500

School at Nawsaree ... 35,000

71,500

For street drinking fountains and for their erection in different public places, also a sum of Rs. 30,000 to Parsee Punchayet for the maintenance of lame and blind Parsees; also small amounts in different Associations, Libraries, Dispensaries, a Gymnastic School, &c 2,10,288

1866-67.

Nowsaree Madressa 5 per cent. Government Loan 529

1867-68

Parsee Punchayet 500 in 5 per cent Government Loan towards the lame and blind Parsees Fund, and Rs 500 in Government 5 per cent Loan towards funds for carrying dead bodies of Parsees to Towers of Silence 1,085

1868

University for establishment of a Latin Scholarship 5,000

Grant Medical College for purchasing works of Natural History... 2,000

Bombay Association 1,000

Printers' Pension Society, London 1,046

Parsee Punchayet Fund for teaching one of the Oriental languages 5,000

Native Genaral Library ... 1,100

Building a Lunatic Assylum and a garden attached, at Hyderabad, in Sind... ... 50,000

1868-69.

Remitted to London for a Fountain erected in Regent's Park 13,544

1869.

Grant Medical College for establishment of two Scholarships to Matriculated Students ... 5,514

Indian Turf Society to encourage importing blood horses, which are very useful ...	5,400
Itani Fund for a dinner to be given every year to the poor and indigent persons ...	3,815
East India Association, London	1,112
Female Normal School for a Scholarship	1,500
Building a Tower attached to Portuguese College, St Xavier College	5,000
Establishment of a Scholarship in the above College... ...	2,742
Grant Medical College for a Scholarship in the Gujerati Vernacular Class	2,756
Nowsaree Madressa (School) for teaching Oriental languages	1,080
Remitted to London for the benefit of different Charitable Institutions	2,000
Duke of Edinbargh's Reception Fund	2,000
Funds at Ichapoor in Guzerat towards expenses incurred for carrying dead bodies of Parsees there	1,080
1869–70	
Gundevi English School ...	3,000
1870.	
Inspector General India Medical Department for experiments on animal vaccination ...	540
Kandavalla Mohla Reading Room and Library	500
Gundevi English School and Dispensary	1,000
Remitted to London a bill for £1,000 for the relief of sufferers in Franco-Prussian War.	10,726
1871.	
Khetwadi Girl School	1,000
4 per cent Govt. Loan to the Parsee Zuzeea fund for the relief of poor Persians residing in Persia	9,975
Famine fund for the relief of poor Persians residing in Persia	1,500
Gundevi Charitable School and Dispensary	500
Ichapoor General Fund ...	500
Library of music to the Bombay Philharmonic Society ...	600
Remitted to London £200 for different charitable Institutions	2,049
Dhuramsalla erected in Bombay for the poor distressed Parsees coming out from Persia	15,000
1872.	
Remitted to London for the benefit of Livingstone Search Fund	1,026
Contributed to the entertainment given in Bombay to Sailars of Flying Squadron .	1,000
Alexandra Girls English Institution on the arrival of Lord Northbrook	500
Sir Seymour Fitzgerald Testimonial Fund	500
Rustomjee Jamsetjee Memorial Fund	1,400
Protestant Christain Institutions	2,000
Maclean Subscription Fund ...	1,000
Dadabhoy Nowrojee Testimonial Fund	500
Christian Catholic Institutions .	1,000
Nowsaree Madressa	500
Khandiesh and Nassic Relief Fund	1,000
1873.	
Remitted in London for publication of a book on Shakespears' Play	1,052
1874.	
Bengal Relief Fund	1,000
Providing furniture to the University of Bombay	10,000
1866–67.	
Indo British Institution by three sums	1,000
1875.	
Connon Memorial Fund ...	1,000
Grant Medical College for opening a Guzerati Midwifery Class	2,045

Nowsaree Madressa	1,200
O'Brien Family Fund	1,000
Fort Reading Room and Library	1,000
Bhooleshwar Library	500
Building for Gymkhana for Europeans	5,000
Mahim Garden to the Municipality	2,500
Ahmedabad Relief Fund ...	1,500
Parsee Punchayet towards Towers of Silence Fund ...	1,000
School of Art for Ellis Prize ...	1,032
Remitted £ 50 for the benefit of Royal Portsmouth Sailors Home	556
Prince of Wales, Reception Fund	2,000

1876.

Nowsaree Madressa	1,200
Furniture in Gymkhana Building	1,000
Cost of three large Reservoir with fountains and a drinking trough for cattle erected at Penn	3,000
Repairing a Parsee Fire Temple at Gowalia Tank	3,000
Famine Relief Fund for the Southern Mahratta Country	2,000

1877

Nowsaree Madressa	1,200
Four and a half per cent. Government of India Loan towards the maintenance of the Bandora Dispensary which was on the point of closing for want of maintenance fund, the said Dispensary having been established long time ago by public subscription with very large aid from Government	10,000
Municipality of Bombay for the Corporation seal... ...	2,196
Subscription List for the memory of Sir J. J. second Baronet, by two sums ...	1,500

1878.

Elphinstone College for the purchase of scientific books, standard books, by two sums ...	1,000
Grant Medical College for an annual prize to be awarded to students in morbid anatomy	1,500
Total Rs ...	14,45,706

Sir Cowasjee's public charities were not restricted to one class or particular locality. In 1861 great distress prevailed in the North-West Provinces on account of famine, and on a Committee being appointed in Bombay to collect subscriptions for the famished districts, he took the lead by advancing Rs. 90,000 without interest. The amount was sent, and the immediate relief thus afforded no doubt saved hundred of lives. Besides the above, Sir Cowasjee's account books contain proofs of numerous other private charities which for obvious reasons cannot be enumerated here. As an instance of his disinterested generosity, we may mention that in 1856 the deceased Knight with some friends visited Nowsaree, Surat, and other towns in Guzerat While at Surat his attention was drawn to the efforts which were being made to establish a hospital for the poor. It was explained to Sir Cowasjee that Rs. 18,000 had been collected, and Mr. Hibbert, the Collector, sent his Sheristedar to solicit a contribution from Sir Cowasjee, who it was thought would supply the balance wanting *viz*,, Rs. 12,000. Although Surat was not a place which had any particular claims on Sir Cowasjee, he made a very liberal proposal to the Collector which was

no less than the offer to undertake the entire cost of the building, provided the Government consented to take it under its charge. Government agreed to do this, and the work was at once commenced. Sir Cowasjee paid upwards of Rs. 70,000 for the erection of the building.

In 1860 when the income tax was imposed for the first time in Bombay Sir Cowasjee was appointed one of the assessors. It is a well known fact that he was offered a seat in the Legislative Council by the several Governors who were at the head of the administration during his life time; but he had to decline the honour on account of his physical inability. Mr Charles Forjett, the former Police Commissioner, will no doubt readily admit that it was mainly through Sir Cowasjee Jehangier that his plan of building the Elphinstone Circle was successfully carried through. In consideration of his public benefactions Her Majesty the Queen conferred on him the Companionship of the Star of India in 1872 Lord Northbrook happened to be then in Bombay, and Sir Cowasjee was invited to attend a durbar by the late Viceroy, who in a private note informed Sir Cowasjee that arrangements would be made for his comfort. However, this was not possible, and the medal intended for him had to be sent to his residence. Sir Jamsetjee Jejeebhoy, C. S. I., called a meeting of the citizens of Bombay at the Mazagon Castle to consider the advisability of erecting a Statue to the honour of Sir Cowasjee Jehangier. Mr. Dosabhoy Framjee was appointed Secretary; and Rs. 20,000 were subscribed. We give below the circular signed by most of the leading citizens, European and Native, as a just tribute to Sir Cowasjee's benevolence :—

Mr. Cowasjee Jehangier Readymoney is justly celebrated over the whole of India—and his name is to no small extent familiar in England and on the continent of Europe—for his princely benefactions.

The munificent sums bestowed in the cause of charity by this benevolent and public spirited gentleman, have always been characterized by an enlightened purpose and an anxious desire to alleviate the sufferings of his fellow men. For nearly a quarter of a century the stream of his charity has been constantly flowing, and during that period (leaving out of consideration his large private benefactions), Mr. Cowasjee Jehangier has given to objects of public charities nearly fifteen lakhs of rupees The catholic character of his donations, and his benevolent sympathy for the poor and needy of all classes and creeds, are abundantly evident from the nature of a few of his most prominent benefactions, which are briefly mentioned here.

Mr. Cowasjee Jehangier has built an hospital at Surat at a cost of Rs. 72,000 and an eye hospital in Bombay at a cost of Rs. 1,12,000 He contributed Rs. 50,000 towards the construction and establishment of a lunatic asylum at Hyderabad, Sind, and has given largely to dispensaries in several towns in the Presidency, some of which have been established and maintained at his own expense.

Mr Cowasjee Jehangier has ever done his utmost to promote the spread of education amongst his countrymen, and his efforts in this respect must always be remembered with gratitude, and will form an imperishable monument to his name. For a building for Elphinstone College (now known as Cowasjee Jehangier's Buildings) he has given two lakhs of rupees; for erecting the University

Hall, one lakh; for the Poona Engineering College Rs. 50,000, and he has besides established and maintained schools in various mofussil towns and villages His generous donations towards educational institutions, and the scholarships he has founded in connection with them, are well known.

The different charitable institutions in this presidency have often benefitted by his unstained liberality. Not long ago he contributed Rs. 50,000 for a home for European strangers, and to every establishment for the maintenance of the poor, the aged, the infirm, and the friendless orphan, which required monetary aid, he has invariably extended a helping hand. Neither has the thirsty wayfarer been forgotten, for through his benevolence many drinking fountains have been erected throughout the city

Nor have Mr. Cowasjee's charities been confined to his own country, they have extended to Europe. His munificent donations to charitable institutions in England, and his handsome subscription for the relief of the sick and wounded of both nations during the recent continental war, will long remain fresh in the recollection of every one.

There is, of course, no attempt made here to recount every instance of Mr. Cowasjee Jehangier's generous philanthrophy, to do so is needless, and would be a laborious task.

It has long been felt that something should be done by the people of Bombay to express their high sense of his character as a great public benefactor; and it is thought by many influential citizens, both European and Native, that this can be most appropriately effected by placing a statue of Mr. Cowasjee in the Elphinstone College buildings, or in some other public institution in this city, founded or endowed by him. In the event of the funds raised being more than are required for the statue, the balance will be disposed of by the Committee on some further object, to perpetuate the name of Mr. Cowasjee Jehangier

In 1872 the Queen Empress, on the occasion of the anniversary of Her Majesty's birthday, conferred on him the honour of Knighthood. Sir Cowasjee was deluged with congratulatory addresses, the Parsee communities in all the towns of Guzerat and elsewhere vying with each other in showing their respect for the aged Knight. A congratulatory address signed by upwards of two thousand of his fellow citizens was presented in July of the same year on his being created a Knight of the United Kingdom. The deputation for presenting the address met at the office of Messrs Forbes and Co., and then proceeded to his Fort residence, where the ceremony took place. The deputation was a large one, and included many of the principal European and Native inhabitants of the city. The Hon'ble J. Gibbs (then Mr. Justice Gibbs) accepted the office of spokesman, and made a speech, in which he recounted the eminent services rendered by Sir Cowasjee to Government. He said that the success of the Income Tax Commission was mainly owing to those gentlemen who associated with the Government officers in their management, and particularly to Sir Cowasjee Jehangier. Mr. Gibbs acknowledged that after the Commission was over he went to England in 1862, and received thanks for the manner in which it had been worked. Those thanks, Mr. Gibbs said, were not so much due to him as to the gentlemen—of whom Sir Cowasjee was the principal one—who were joined with Mr. Gibbs on the com-

mission. The honourable gentleman then gave a list of Sir Cowasjee's public charities, which amounted to nearly fourteen lacs. He mentioned with pride that there is hardly a street in the city of Bombay where we do not find useful ornamental structures at which the way farer may quench his thirst at Sir Cowasjee's bounty. Mr. Gibbs informed his hearers that in London itself one of its parks boasted of one of the handsomest of such structures erected at Sir Cowasjee's cost. Mr Gibbs concluded by saying that Sir Cowasjee was the direct descendant of Sorabjee Muncherjee and Ardesir Dady, who fed at their own expense in the famines of 1790 and 1805, everyday, respectively two and five thousand people, without distinction of caste or creed. The address was then presented to Sir Cowasjee, on whose behalf Dr. Mackenzie replied. Mr. Dinshaw Maneckjee Petit then read a congratulatory address from the inhabitants of Surat; and the late Mr. John Connon, the Senior Magistrate of Bombay concluded the ceremony by adding his tribute of congratulation of Sir Cowasjee's elevation to Knightly rank.

The latest edition of Hebrett's Peerage and Baronetage contains the following —

"READYMONEY.—Sir Cowasjee Jehangier, C S I, born 1812, Sir Cowasjee's ancestors both paternal and maternal were among the leading Parsee merchants and shipowners in Bombay, trading with England and China for the past 135 years, and have been distinguish alike for honourable enterprise in trade, liberality, and unwavering loyalty to the British Government, by whom they were always treated with marked consideration. Sir Cowasjee Jehangier has given to public works £150,000, and his private benefactions have been immense"

The late Sir Cowasjee never visited England, but his name was well known there and respected for his great benefactions Some time ago the Graphic published his portrait and a short description of his life, from which we make the following extract —"Sir Cowasjee and the Hon'ble Mr. Framjee Nusserwanjee are the last two servivors of that group of wealthy Bombay Sethias, including Sir Jamsetjee Jejeebhoy, Bart, the Hon'ble Jugonnathjee Sunkersett, and Framjee Cowasjee Banaji whose vigorous abilities, remarkable public spirit, and extraordinary benefactions have given them a wide-world fame in the present generation, while their names will always be held in honour and veneration by Englishmen for their unfeigned and earnest loyalty to his Government. It seems to have answered to their ideal of human wisdom and benevolence, and the love and reverence towards the great British raj handed down as a cherished tradition from father to son in their families is to an Englishman their happiest characteristic. Sir Cowasjee's public benefactions exceed £135,000, and in recognition of his services to education, public health, and philanthropy in India he has recently been made a Knight and Companion of the Star of India. Sir Cowasjee is a great sayer of good things and coiner of striking epithets, of which some have passed into the common phrase of Bombay, as in the notable instance of his appeal through

the press against civillian judges for more "bombarding barristers like Bayley (now Mr Justice Bayley) of the Bombay High Court, and Anstey."

When the Prince of Wales was in Bombay he expressed a desire to see the Parsee Knight at his residence, but owing to his lamentable infirmity Sir Cowasjee, much to his regret, was unable to have the honour of an interview with His Royal Highness. The Prince sent him a book, a silver medal, and a portrait of himself and the Princess

On the 2nd March last, the ceremony of unveiling the portrait of this princely benefactor was performed in the common room of the Elphinstone College. The cost of this memorial portrait was defrayed by past and present members of the College. The ceremony was performed by the Hon. Mr. Gibbs, Vice-Chancellor of the Bombay University.

The above is a short sketch of the life of this munificent citizen, who died yesterday morning at 6 o'clock at the age of 66, surrounded by his family and friends. He was perfectly sensible when he died. His body will be carried to the Dady Shett's Tower of Silence this morning at 8 o'clock. We may mention that this tower is situated in the Tower of Silence compound on the Chowpatty Hill and was specially built to receive the dead bodies of the members of the Dady Shett family.

The family of the late Sir Cowasjee yesterday received many messages of condolence from European and Native inhabitants of Bombay. During the day a telegram was received from the Hon. J. Gibbs, at Poona assuring the bereaved relatives of his deep sympathy with them in the loss they had suffered. Two of Sir Cowasjee's old personal friends, the Hon Dossabhoy Framjee and Mr. Manockjee Rustomjee Bannajee of Calcutta, telegraphed to express the regret with which they had heard the sad tidings. Professor Peterson, Registrar of the University of Bombay, an institution which has so greatly benefited by Sir Cowasjee's beneficence, assured the family of his readiness to join in any manifestation of the honour due to the deceased Knight by attendance at any part of the funeral ceremonies. The general desire to do honour to the memory of Sir Cowasjee is shown by the intimation given elsewhere that none of the Banks in Bombay will open for business to-day until 11 A. M., and we hear that the leading firms have, at the suggestion of the Chamber of Commerce, decided upon paying a similar mark of respect. Yesterday, Elphinstone College, the Parsee Schools, the share bazaar, and shops kept by Parsees in different parts of the city remained closed.

The following hand-bill was issued yesterday by the Bombay Tramway Company —

"Notice is hereby given, that tram-cars will run at the interval of every 10 minutes to and from Girgaum for the convenience of people wishing to join the funeral procession of the late Sir Cowasjee Jehangier. Similar arrangements will be made for Sunday."

[*Times of India, 20th July* 1878.]

તા૦ ૨૪ મી જુલાઇ.

રોજ ૮ માહ ૧૧ (શે૦) ૧૨૪૭ યજદજરદી.

પીરોજશાહ શાપુરજી કમીશરીવાલા, સુરતના—

સુરત, તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૭૮. જણાવવાને દલગીરી ઉપજેછે કે શેઠ પીરોજશા શાપુરજી કેમેશરીવાલા ઇઆને અઠાવાલા શક્ત માંદગી ભોગવીને ગએઆ બુધવારે શવરગવાશી થએઆછે. મરનારપર કેટલીક આફતો હતી તથા તેમના જનમારા મધે જાહેરમા એક આફત જે બક્શીની સાથે હતી તમાથી મોકલા થએઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૭૮.]

આ શેહેરના જાણીતા પારસી ગ્રહસથ શેઠ પીરોજશા શાપુરજી કમેશરીએટવાલા યાને અઠાવાલા ગયા બુધવારના સ્વરગવાશી થયાછે, એવું જાણીને અમો દલગીર છીએ.

[ગુજરાત મિત્ર, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૭૮]

તા૦ ૧૬ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૨૪૮ યજદજરદી.

અરદેશર મેહેરવાંનજી શેઠના—શેઠ ખાનદાનમાં માણેકજી શેઠની પ્રખ્યાત પેઢીને વારસામા ઉતરતી આવેલી મોટી દોલત અને મીલકતના વડા વારસ શેઠ અરદેશર મેહેરવાંનજી માણેકજી શેઠનાનાં અકસમાત મરણની નોધ અતરે લેવાની દુખભરેલી ફરજ અમારે માથે આવી પડીછે. આ જવાંન "શેઠ" પોતાનાં કાંઇ મોટાં કામથી પ્રખ્યાત થયા નથી, પણ તેવણનુ નામ પારસીઓમાં મોટું છે, અને ગણત્રીના જે પારસી લક્ષાપતી બલકે કરોડપતીઓ સરવેને મોહોડે આવી ગયાછે તેઓમાંના એક લેખે એ જવાંન ગ્રહસથનાં મરણ ઉપર પારસીઓનું ઘણું ધેઆંન ખેંચાયુંછે. અને ૧૭૨૪ માં નવરોજજી નામનો એક પારસી માજી ઇસટ ઇનડીયા કંપનીના ડરેકટરો આગલ દાદ માગવા સારૂં લંડન ગયો હતો, તે પારસી નવરોજજીનાં નામની યાદગારી મજગાંમ ખાતેના "નવરોજજી હીલ" સાચવી રાખીછે અને જે ભાયગશાલી પારસી કુટુંબને પેઢી દર પેઢીએ ડુંગરે પથરનું સોનું કરી આપયુંછે, તે કુટુંબે આ મરનાર શેઠ અરદેસરમાં પોતાનો છેલો વારસ ખોહયોછે. મોગલાઇ રાજના નવાબ મોમીને નવરોજજીના બાપ શેઠ રુસતમ માણેકની સુરતની મીલકત ઉપર જબતો બેસાડયો હતો, તેમાં ઇંગ્રેજી કોઠીવાલાઓની ઉશકેરણી હોવાથી નવરોજજી શેઠ ઇગલંડ ગયા હતા, તયાં તેવણ પોતાની ફરીઆદમાં ફાવયા. કોરટ આફ ડરેકટરોમાંથી દરેના ચાર લવાદોએ ઇસટ ઇંડીઆ કંપનીના દેવાને પેટે શેઠ રુસતમ માણેકનાં કુટુંબને ૭ લાખ રૂપીઆ અપાવયા તથા તેમની મીલકત ઉપરનો મુસલમીન જબતો ઉંચકાવયો, પણ તેજ વખતથી શેઠ નવરોજજી અને તેમના ભાઇઓ મુંબઇ આવી રહયા જયાં તેમના વંશ આજે પારસીઓને શોભા લગાડે એવી દોલત અને દરજજો પામયાછે. નવરોજજી હીલ અને તેને લગતી બીજી સરવે મીલકતની કીમત શેર સટાના વખતમાં ૧ કરોડ રૂપીઆથી વધારે અંકાઇ હતી અને તેની ઉપજ દરરોજ ૧ શેર સુના જેટલી હતી. તેના છેલા વારસ મરહુમ જાણીતા શેઠ મેહેરવાનજી માણેકજી શેઠના પોતાનો કીમતી વારસો થોડાંજ વરસ ભોગવીને હક થયા તેની દુખદાએક નોધ આ પત્રમાં અમે લીધેલી અમારી યાદદાશ્તમાં તાજી છે, તેટલામાંજ તેવણના આ પુત્રનું મરણ તેવાજ ટુક ભોગવટા વચે જવાન વયે નીપજવાથી ખેદ થાયછે. એક ભયંકાર અકસમાતને લીધે આ મરણ વધારે ખેદકારી થયુંછે. શેઠ અરદેશર એક સારા શોકીન ઘોડેસવાર હતા. તેવણ ગયા સોમવારે નાયગામમાં સવારી કરી જતા હતા, તેવામાં ઘોડો લઇ નાહાઠાથી ઘોડા ઉપરથી તેવણ ઉડીને પથર ઉપર અફડાયાથી તેવણનાં માથાંની ખોપરી ફાટી ગઇ હતી, જયાંથી બેશુધ હાલતમાં તેવણને ઘર ઉંચકી લાવયા

પછી તેવીજ બેશુધી બે દહાડા કાહાડી તેવણે અંતે પ્રાણ આપયોછે. તેવણ માતર ૩૫ વરસની જવાન વયના હતા. તેવણ મીઉનીસીપાલ કારપોરેશનના મેમબર હતા અને જાહેરમાં વધવાની ઉલટ રાખતા હતા. કોટમાં તેવણુના બાપદાદાનું બંધાવેલું "માણેકજી શેઠની વાડી" ને નામનુ પ્રખ્યાત ધરમનું મકાન તેવણે સઘલું તોડી પાડીને વધારે સારી ઢપમાં નવેસરથી બંધાવવા માડયું હતું, પણ તે કામ પુરૂ કીધા અગાઉ તેઓ મોતના ભોગ થયાછે. મરહુમ શેઠ મેહેરવાંનજીની સથાપેલી કાંદાવાલા મોહલાની જરતોશતી છોકરીઓની નીશાલ શેઠ અરદેસરે પોતાને ખરચે ચાલુ રાખી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી અકટોબર ૧૮૭૮.]

16*th October* 1878.

ARDESHIR MERWANJEE SETHNA.—We regret to have to announce the death yesterday forenoon of Mr. Ardeshır Merwanjee Sett, head of one of the wealthiest Parsee families in Bombay. It seems that on Monday last Mr. Ardeshir was out riding at Naigaum, near Dadur, when his horse, a spirited Arab, started at something and bolted. The deceased though a good rider, evidently could not keep the horse in check. The spot was deserted at the time, and there was no witness to the said accident. The deceased did not recover consciousness after the fall, and consequently nothing definite is known as to the cause of the accident. It is supposed, however, that the horse threw his rider down, and the back of the head coming in contact with hard ground, the result was fracture of skull and vein under the right ear A cooly who came up directly afterwards shouted for help, and Mr. Ardeshir was conveyed to Mr. Panthaky's bungalow and subsequently removed to his residence at Girgaum, where he was under the treatment of Drs. Hojel, Blanc, Anna, and Ardeshir Jamshedjee. The deceased was 36 years of age. He was a member of the Municipal Corporation, and one of the largest land owners in Bombay if not the very largest. The extensive property known as the Nowrojee Hill belonged to him. He leaves behind him two infant daughters As heir to the Maneckjee Sett's family, he was trustee to all Maneckjee Sett's charitable institutions, and by right of his ancestors was head of the Bhagarsath Mobeds, or priests, of Bombay. Deceased had commenced to rebuild the large place known as the Maneckjee Sett Wadee in the Fort for the free use of the Parsee community, and had set apart a large sum for the purpose. The melancholy catastrophe deprives him of the satisfaction of seeing his wishes realized.

[*Times of India*, 17*th October* 1878.]

તા૦ ૨૪ મી અકટોબર.

રોજ ૪ માહ ૨ (શે૦) ૧૨૪૮ યજદજરદી.

કાવશજી દીનશાહજી પીટીટ—જણાવવાને દલગીરી ઉપજેછે કે શેઠ દીનશાહજી માણેકજી પીટીટના વડા દીકરા શેઠ કાવશજી ૩૪ વરસની જવાંન ઉમરે એક બે દીવસની માંદગી ભોગવીને ગયે બુધવારે મરણ પામયાછે. મી૦ કાવસજી શેઠ દીનશાહજીના દીકરાઓને નામે ચાલતી પેહેડીના વડા ભાગીયા હતા, જે પેહેડી માણેકજી પીટીટ, મજગાંમ, વીકટોરીયા, ભરૂચ અને અતરેની બીજી મીલોના એજંટનું કામ ચલાવેછે. મી૦ કાવસજીની પાયદસતને વખતે પારસીઓની મોટી સંખયા ઉપરાંત કેટલાક યુરોપીયનો અને હીંદુઓથી

હાજર થયા હતા. એ વેલાએ શેઠ દીનશાહજીના વાલકેશવર ખાતેના "પીટીટ હાલ" નામના બંગલાથી તે છેક દોખમાંની સીડી સુધી મજકુર જુદી જુદી મીલો, જેમના મરનાર ગ્રહસથ શેકરેટરી અને ટરેજરર હતા, તેમનાં માણસો ઘંભીર ચેહેરે જાણે છેલ્લો સેજદો કરવા આવયાં હોય તેમ ઉભાં રહયાં હતાં.

બજારગેટ તેમજ પારસી બજારના પારસી દુકાંનદારોએ મરનારનાં માનને ખાતર દીવાલીના પેહેલા બે દીવસો બુધ અને ભરેસપતવારે પોતાની દુકાંનો ઉપર દર સાલના ધારા મુજબ રોશની કરી ન હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી અકટોબર ૧૮૭૮.]

23rd October 1878.

COWASJEE DINSHAW PETIT.—Mr. Cowasjee Dinshaw Manockjee Petit, one of the wealthiest merchants of Bombay, died yesterday morning. The deceased, who was about 34 years of age, was the senior partner of the firm of C. and F. Dinshawjee, agents to the Petit, Mazagon, Victoria, Broach and other local Mills. He was the eldest son of Mr Dinshaw Maneckjee Petit, the Parsee millionaire, who had the additional misfortune to lose his daughter only a few months ago. The late Mr. Cowasjee was greatly respected by all who knew him.

[*Times of India, 24th October* 1878.]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૪૮ યજદજરદી.

શાપુરજી શોરાબજી મગોલ, અમદાવાદના—અમદાવાદવાલા શેઠ શાપુરજી શોરાબજી મગોલ પાઠાંનાં બુરાં દરદથી ઘણા દીવસ બીમારી ભોગવી તા૦ ૪ થી નવેમબર ૧૮૭૮, રોજ મેહેર માહ અરદીબેહેશને દીને અમદાવાદમો ૫૭ વરસની ઉમરે ગુજરેઆછે. એ મરનાર ગરહસથ અમદાવાદના એક અનુભવી અને આબરૂદાર વેપારી હતા, પારસી ડીશટરીકટ મેટરીમોનીઅલ કોરટના ડેલીગેટ હતા તથા અમદાવાદની પારશી પંચાતના મેમબર અને શેકરેટરી હતા. એ ઘરહશથ ચુશત દીનદાર, મીલનશાર, બાહોશ, પરઉપકારી, ખરી રાહે ચાલનાર, અમદાવાદના એક જુના વાશીનદા ગણાતા હતા, અને સારો વગ ઘરાવતા હતા. હેવા લાએકીવાલા જરથોશતી ગરહશથના ગુજરવાથી મોટો શંતાપ ઉપજેઓછે.

[જામે જમશેદ, તા૦ ૮ મી નવેમબર ૧૮૭૮.]

તા૦ ૬ થી ડીશેમબર.

રોજ ૧૮ માહ ૩ (શે૦) ૧૨૪૮ યજદજરદી.

કાવશજી માણેકજી ગાંધી—ખેતવાડીના જરતોશતીઓએ ઉભાં કીધેલાં ધરમખાતાંના એક તરશટી મી૦ કાવશજી માણેકજી ગાંધી ગેઇ રાત આસરે સાહડાસાત કલાકે ખેતવાડીના અગીઆરી મોહલામાં પોતાનાં ઘેરમાં હક થાએઆછે.

[જામે જમશેદ, તા૦ ૭ મી ડીશેમમર ૧૮૭૮.]

તા૦ ૨૩ મી ડીશેમબર.

રોજ ૫ માહ ૪ (શે૦) ૧૨૪૮ યજદજરદી.

માણેકજી ખરશેદજી દાદીબરજોરના—પોતાની આ દુનીઆમાં શુ ફરજ છે તે સમજી અને તે અદા કરી મુગે મોહોડે અને કાંઇપણ દેખાવ કરીઆ વના ચાલી જનારા ઘણાક પારસી ઘરશથો છે, જેઓમાંના એક શેઠ માણેકજી ખરશેદજી દાદીબરજોરના ગઇ પરમ દીને આ ફાંની દુનીઆં છોડી ગઆછે. પોતાની આસપાસના ઓલખાંન પીછાંનવાલા તથા શગાવાહલાઓમાંના જેઓ બેકાર અને લાચાર હાલતમાં હોએ તેઓને ધંધે રોજગારે લગાડવા તથા આસરો આપવામાં મરહુમ શેઠ સદા ઉલટ બતાવતા હતા, અને તેથી તેવણ લોકોમાં મોહોટાં માનને લાએકના થઆ હતા. તેવણનાં મરણથી તેમના દોસત આશનાઓમાં મોહોટી દલગીરી પેદા થઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી ડીશેમબર ૧૮૭૮.]

ઈ૦ સ૦ ૧૮૭૯.

તા૦ ૬ ઠી ફેબરવારી.

તેહમુલજી દાદાભાઈ મોદી—મોટી દલગીરીથી જાહેર કરીએચ જે શ્રી મુંબાઇ તથા શ્રી પુણા વગેરેનાં યુરોપીઅન, પારશી, હીંદીઆદીઓમાં જાણીતા શેઠ તેહમુલજી દાદાભાઇ મોદી તે પુણા આબજરવરના માલેક ગેઇ રાતનાં બે કલાકને અમલે બુરા લકવાનાં મરજથી હક થાએઆછે, જોકે એ નાપાક મરજ મરનાર શેઠને ગએઆ શુકરવારની શાંજનાં લાગું થએઓ તે એવો તો જોરમાં છાતી ઉપર લાગુ થઓ કે......

આજ રોજે શહવારનાં મરનારનાં રવાંનને અવલમજલ લઇ જતી વખતે શ્રી પુણાના કુલે પારશીઓ હાજર થએઆ હતા. તેઓ માતરે બે કલાકની અરસાની ખબરમાં લોકો એકઠાં થાએઆ હતા, મુંબાઇથી ગેઇ પરમ રોજે સર જમશેદજી જીજીભાઇ બારોનેટ એક તારનો શ વેશો મરનારનાં ભાઇ શેઠ રૂશતમજી દાદાભાઇ (વકીલ) મોદી ઉપર મોકલી મરનારની ખબરઅંતર પુછાવી હતી. કારણકે મરનાર પેહેલા તથા બીજા બારોનેટના વખતથી સર જમશેદજી જીજીભાઇ બારોનેટનાં (Agent) આડતીઆ તરીકેનું કામ શ્રી પુણામા કરતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૭૯.]

તા૦ ૨૯ મી મેએ.

શેઠ કાવસજી માણેકજી લીમજીનું મરણ—એ ત્રણ દીવસો સુધી છાતીના દરદથી પીડાયા પછી એ ગરહસથ ગયે ભરેસપતવારે મરણ પાંમયાછે. તેમના પીતા શેઠ માણેકજી લીમજી આસરે અરધી ડજન યુરોપીયન પહેડીઓનાં દલાલ હતા, જેમના મરણ પછે તેમના દીકરાઓએ ૧૮૬૫ સુધી ભાગમાં ધંધો કીધો હતો. મરનાર મી૦ કાવસજી બનાજી ખાનદાનનાં અને સર કાવસજી જાંહાંગીર રેડીમનીનાં પીતરાઇ થતા હતા. તેઓ યુનીવરસીટીનાં ફેલો, સુલેહના અમલદાર, મયુનીસીપલ કારપોરેશનનાં મેંબર અને પારસી મેટરીમોનીયલ કોરટનાં ડેલીગેટ હતા. તેઓએ યુનીવરસીટીને રૂ. ૫૦૦૦) આપીને પોતાના પીતાને નામની સકાલરશીપ સથાપી હતી. માહાબલેશવર ખાતે "ફરીયર હાલ" બાંધવા માટે ૧૮૬૫ માં ઉઘરાણાની ટીપ તેવણે ફરતી કરીને પોતે રૂ. ૩૦૦૦ ભરી આપયા હતા. તેમની ઉમર ૪૩ વરસની હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી જુન ૧૮૭૯.]

તા૦ ૨૯ મી મે.

મી૦ હોરમજજી પેસતનજી બેનેટ, એમ. એ. જેઓ વેલાત ખાતે મેજીસટરની પદવી મેલવી આવયા પછે દવાના થઇ ગયા હતા, તેઓએ ગયે ભરેસપતવારે આપઘાત કરયો હતો. કોલાબાની દેવાનાશાલામાથી ગયા જુન માસમાં પાછા લાવીને તેમને તેમના ભાઇઓએ પોતાની દેખરેખ હેઠલ રાખયા હતા. ઉપલે દીને મેદાનમા પોતાના સોહોબતીઓની નજર ચુકાવીને મરનારે તેઓ આવી પુગે તે આગમજ કુવામાં નખાવી દીધું. કેટલેક વારે લાશને બાહેર કાહાડયા પછે ગોકલદાસ હસપીટાલમાં લઇ ગયા, જાહાં બેઠેલી કારોનરની જુરીએ અભીપ્રાય આપયો કે મરનારે દેવાની હાલતમાં કુવામાં પડીને આપઘાત કીધો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી જુન ૧૮૭૯.]

તા૦ ૧૦ મી જુલાઇ.

મી૦ ખરશેદજી જાંહાંગીરજી ચીનાઈ—જણાવવાને દલગીરી લાગેછે કે પુણા ખાતે મી૦ ખરશેદજી જાંહાંગીરજી ચીનાઇ ગઇ પરમ દીને મરણ પાંમીઆછે. મરનાર શીલનશાર હતા તથા એકજીકયુટીવ ઇનજીનીઅરની આફીશમાં મદદનીશ અકાઉનટનટ હતા. મરનારની ચાર છોકરીઓ તથા તરણ છોકરાઓ છે.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૭૯.]

તા૦ ૩૦ મી આગસ્ટ.

ભરૂચવાલા ખાનબાહદુર રૂસતમજી સોહોરાબજી દલાલ ૮૦ વરસની વયે સ્વરગવાસી થયાની ખબર આવીછે. તેમનાં મરણને દીને તેમનાં માનને ખાતર ભરૂચના કલેકટર મી૦ વાહીટે સઘલી સરકારી આફીસો, નીશાળો અને જાહેર ખાતાંઓ બંધ રખાવયાં હતાં. તથા તેમનાં મરણથી સરકારને ગયલી એક સખી ધરમાતુ અને ભલા શેહેરીની ખોટ માટે દલગીરી જાહેર કરનારૂં સરકયુલર બાહેર પાડયું હતું. એજ પ્રમાણે વલી રૂનાં કારખાનાઓ અને દુકાનો પણ બંધ રહી હતી. મરનાર દોલતમંદ વેપારી હતા, ઇંગરેજી કેળવણીના ખેરખાહ અને આગેવાન હતા. ભરૂચની પારસી પંચાતના તેઓ વડા હતા. તેમનાં ભલાં કામોને માટે સરકારે તેમને ખાનબાહદુરનો એતાબ આપયો હતો.

(રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકાશ.)

ઈ૦ સ૦ ૧૮૮૦.

તા૦ ૨૪ મી ફેબરવારી.

અરદેશર નશરવાંનજી દાદીબરજોરના—

એક નોંધી લેવાજોગ મરતીઉક.

DEATH OF A REMARKABLE PARSI GENTLEMAN.

પારસીઓનાં એક પુરાતમ ખાંનદાનના અને પુરાતમ ઉમરના નામીરા શેઠ અરદેસર નશરવાંનજી દાદીબરજોરના ગયા મંગલવારને દંને ૮૨ વરસની ઉમરે મરણ પામવાના સમાચારની નોંધ લેતાં અમોને દલગીરી ઉપજેછે. મરનારના કોઇ મોટા કામને માટે યા કોઇ જાહેર સેવાને માટે અમે આ નોંધ લેતા નથી. તેવણની માફક ૮૨ વરશની ઉમરે આપણામાં થોડાંજ માણસો જીવતા હશે અને વળી એ આખી ઉમરમાં કદી બીમાર નહી પડે એવા આ મરનાર જેવા તેથી પણ ઘણા થોડા હશે. ડાકટર ખરશેદજી ફરામજી બેરીએ આપણને એવું દેખાડવાના ભાશણો કીધાં હતાં કે માણસો જો ખુદરતના કાયદા પ્રમાણે સાદી જીંદગી ગુજારે તો ઓછામાં ઓછા ૧૦૦ વરશ તેઓ જીવવા જોઇએ અને દુખ દરદ થવાં નહી જોઇએ. હવે મરનાર શેઠ અરદેસર જોકે બેઆસી વરશની ઉમરે ગુજરયાછે, પણ તેવણ મરણના વખત સીવાએ આગળ પોતાની જીંદગીમાં બીમાર પડેલા એવુ તેવણના કોઇ ખેશીઓ જાણતા નથી. તેવણને તબીબનું કામ પડયું નહી હતું. કોઇ પણ દરદનો તેવણને અનુભવ નહી હતો. અને વધારે અગતનું એ છે કે તેવણે એવી નેમથી ખામખા પોતાની જીંદગીનુ દરએક કામ બજાવવાના કાયદા બાંધેલા હતા. સુવા, ઉઠવા, નાહવા, બંદગી કરવા, ખાવા, વાંચવા, લખવા, અને બાહેર જવા એ દરએક કામના તેવણે નીઅમીત કલાક ઠરાવેલા હતા અને તે વખત તેવણ કદી ચુકતા નહી હતા. તેવણની જીંદગી ઘણીજ સાદી હતી. ખોરાક સોજો પણ સાદો લેતા, તે અંડીવેર કે ચોકસ મેવો, ચોકસ મછી અને ચોકસ તરકારી તેવણના ઘરના માણસોએ કદાચ છુપી ખાધી હશે, પણ મરનારે પોતે તે ચીજો લાંબી જીંદગી સુધી હોઠપર મુકી નહી હશે. વળી તેવણ રાત્રે દુધ ને કેક સીવાએ કદી ભારી ખોરાક લેતા નહી હતા, એટલા માટે રાતના કેથે કોઇ દાહડે જમવા જતા નહી હતા પણ સકારાંમાં ખાઇ સકારે સુઇ જતા, કોઇ દાહાડે ઉજાગરો નહી કરતા અને દરરોજ સહવારના સકારે ઉઠતા હતા. કપડાંની સફાઇમાં તેવણની જતન હદથી બાહેર હતી. જુદાં જુદાં કામ પ્રમાણે જુદાં જુદાં કુમાસનાં કપડાં નેમેલાં હતાં તે અંડીવેર કે મારીનો ઓરડો જુદો હતો તેમાં જેવી રીતનું દીલ કે અંગ, ભાગ, જે પ્રમાણેનો ચીકાશ કે મેલ લુછવાનો હોય તે પ્રમાણે જુદા જુદા નંબરના તુવાલો ટીકીટ મારીને હારેદાર ટાંગી રાખેલા હતા. તેવણ

જરાબી ધુલ કે મેલ સાંખી શકતા નહી હતા. તેવણ પોતાના આખા માળા ઊપર સાદરી જડાવતા. પોતાના ઘરમાં તેવણ અતી ઘણું અજવાલું લેતા નહી હતા. બારીઓ બંધ રાખતા, પણ ફુડકાં અને વીન્ડોજનો સદા ઉંઘાડાં રાખતા. તેવણ કદી પણ મોટે બોલતા નહી હતા, અને કોઇને પણ મોટે સાદે બોલાવતા ઇયા બોલાવવા દેતા નહી હતા પણ સઘલું ઘાંટની સીગનલથી કામ લેતા. ગડબડ દુર કરવા સારૂં તેવણ બામબા એકાત રેહેતા હતા. તેવણ મીજાજના એટલા ઠંડા હતા કે કોઇને ધમકાવતા પણ પોતાનો મીજાજ હાથમાં નહી રહે એવી રીતે કોઇ દાહડે પણ ચીડારડાતા નહી હતા. તેવણની યાદદાસત મરણના છેલા દાહાડાઓ શુધી ઘણી સરસ રહી હતી, પણ વળી તેવણે અગત જોગ બનાવોની નોધ પોતાની પાસે એકઠી કરી રાખેલી હતી, જેથી તેવણ ઇંગ્રેજી તેમજ ગુજરાતી વરતમાનપત્રો અને ચોપાનીયાનાં હંમેશના અને ઘણા ચોકસ વાંચનાર હતા, અને જોકે આજના વખતના "સ્ત્રી બોધ" તથા "નુરે એલમ" જેવાં ચોપાનીયાંઓનો તેવણને શોખ હતો, તોપણ પોતાના વખતના "જગત પરેમી" અને "જગત મીત્ર" ચોપાનીયાં તરફ તેવણ ઘણી પસંદગી બતાવતા હતા, જે આગલાં પત્રો અને ચોપાનીયાં તેવણે પુસતકો બંધાવીને જાલવી રાખયાં હતાં. આ ચાલુ સદીની શરૂઆતના વખતના કેળવણી પામેલા જે બે ચાર પારસીઓ હાલમાં જીવતા છે તેઓ માંહેલા શેઠ અરદેસર એક હતા. એવણના વડવાઓ પણ અતરેના ઘણાજ પુરાતમ રેહવાસીઓ હતા. અને અજાયબ જેવું એ છે કે તેવણના સઘલા વડવાઓ લાંબી જીંદગી ભોગવી ગયા હતા. શેઠ અરદેસર નાહનપણથીજ એક ઉદયોગી જવાંન હોવાથી તે વખતના જાણીતા પારસી સોદાગર શેઠ સીમજી કાવશજી બનાજીની નજર એવણ ઉપર પડી, અને તેવોએ એમને પ્રથમમાં મીશીઅરસ રીમીંગટનની કુંપનીમાં એક લખનાર તરીકે રાખયા. તે બાદ વધતાં વધતાં એવણ મીશીઅરસ મીનબોરન અને તે પછી આડમ સકીનરની પેહડીપર ગોડાંઉનકીપર થયા હતા. એવણ ઘણાજ સુઘડ, સારી રીતભાંતવાલા, અને ખુશ મીજાજના હોવાથી સઘળી ઉપર જણાવેલી પેહડીઓના સાહેબોનો એમના ઉપર ઘણો પીઆર બેડા હતો. ઇ૦ સ૦ ૧૮૨૮ માં દેશીઓને ઇનસાફની અદાલતોમાં જુરીમાં બેશવાનો જે હક મલયો હતો તે વેળાએ જુરીમાં બેશવા લાયક જે થોડાક દેશીઓનાં નામો મુંબઇની સરકારે ચુંટી કાઢેલા "પારસી પ્રકાશ" માં સફે ૨૧૨ મે છપાયલાં છે તેમાં એવણનુ પણ નામ છે. ઇ૦ સ૦ ૧૮૩૦ ની તા૦ ૧૭ મી નવેમબરે જે દીને મુંબઇ મધે મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆવાલું આતશબેહરાંમ પરઠાયું તે દીને એવણને કલકતાની સરકારની રૂ૩૦૦૦૦ ત્રીસ હજારની સોરતી આવી હતી. તયારથી તેવણે ધંધો છોડી દઇ એકાંતમાં સુખથી રેહેવાનું ઠરાવયું હતું અને ઉપલી મજબુત કવાયદ મુજબ જીંદગી ગુજારીને તેવણ ખરેખરા સુખી અને નીરોગી રહયા હતા.

બ. બે. પ.

[રાસત ગોફતાર, તા૦ ૨૯ મી ફેબરવારી ૧૮૮૦.]

તા૦ ૫ મી આપરેલ.

રોજ ૧૯ માહ ૭ (શે૦) ૧૨૪૯ યજદજરદી.

પેશતનજી બરજોરજી એંટી—અતરેની પારસી પંચાતના એક માજી મેમબર મી૦ પેશતનજી બરજોરજી એંટી ગયા શોમવારે સવરગવાશી થયાછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૧૧ મી આપરેલ ૧૮૮૦.]

તા૦ ૩૦ મા જુન.

રોજ ૧૫ માહ ૧૦ (શે૦) ૧૨૪૯ યજદજરદી.

દોરાબજી નશરવાંનજી મીસતરી—મરહુમ શેઠ દોરાબજી નશરવાંનજી મીસતરી, ભરુચાના જેઓ ગયા બુધવારેની

રાતનાં ૮૨ વરશની લાંબી ઉમરે બેહશત-નશીન થયાંછે તેવણ આજ અરધી સદીથી વધારે મુદતના એક મીસતરી અથવા આગલા વખતના એક ઇજનેરખી (કહીએ તો ચાલે) હતા. એ મરનારનાં ઉપરીપણાં હેઠલ મુંબઇમાં ઘણીક જાણીતી ઇમારતો બંધાઇ હતી, અને જેમાંની એક–કોટ માંહેલી મરહુમ સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટીઉટવાલી ઇશકોલ, ની ઇમારતની બાંધણી વીશે માજી વાઇસરાય લારડ નારથબરૂકે પણ એવણ તથા એવણના દીકરા શેઠ દીનશાહજીની ઘણી તારીફ કીધી હતી. એ મરનારનાં ઉપરીપણા હેઠલ મુંબઇનું શેઠ કાવશજી એદલજી ખીશની વાલુ તથા થાણાંનુ શેઠ રૂશતમજી કાવશજી પટેલવાલું તથા ગંદેવીનુ ઇ. સ. ૧૮૭૧ માં બંધાયલું અંજુમનનું દોખમું તેમજ બીજાં કેટલાંક દોખમાંઓ બંધાયાં હતાં. સુરત મધે ગોપીપરામાં એવણે પોતાને ખરચે તીઆંની ગુજરાતી નીશાલને માટે એક કુશાદે મકાંન બંધાવી તે સરકારને સવાધીન કીધું હતું, જે-પર એવણનાં નામની તખતી સરકાર તરફથી મુકાવીઆમાં આવીછે.

બ. બે. પ.

[જામે જમશેદ, તા૦ ૫ મી જુલાઇ ૧૮૮૦.]

તા૦ ૧૦ મી જુલાઇ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૨૪૯ યજદજરદી.

નવરોજજી હોરમજજી કાબરાજી—જણાવવાને દલગીરી ઉપજેછે કે મી૦ નવરોજજી હોરમજજી કાબરાજી ગયા શનીવારની સવારનાં આ વગર ભરોશાની દુનયાં છોડી ગયાછે. મરનાર અતરેના લોકોને જાણીતા હતા, અને તેવણે પોતાની જીંદગીનો ઘણોખરો ભાગ ઇંગરેજી તથા ગુજરાતી છાપાખાતાંઓના સંબંધમાં ગુજારયો હતો. પરથમ તેવણનો સંબંધ અતરે પરગટ થતાં ગેજટ નામનાં પતર સાથે થયો હતો, અને તે ઉપરથી તેમને મી૦ નવરોજજી ગેજટનાં નામથી ઓલખવામાં આવતા હતા. તયાર બાદ મુંબઇ ટાઇમસ સાથ તેવણનો સંબંધ જોડાયો હતો. ગમે એવા ખરાબ કીસમના અખ્ખશર તેવણ ઉકલાવી શકતા હતા, અને મુંબઇ ટાઇમસનાં કારખાંનાંમાં તેવણ એખ-લાજ હતા કે જેવણ ડાકટર બાઉસટનાં લખાંણ ઉકલાવી શકતા હતા. પાછલથી તેમનો સંબંધ કેટલાંક ગુજરાતી પતરો સાથ જોડાયો હતો. મુંબઇ મધે પરગટ થતાં રાસ્ત ગોફતારના અધીપતી મી૦ કેખશરૂના તેવણ પીતા થાયછે—એ બંને બાપ દીકરાએ તેઓની જીંદગીનો મોટો ભાગ વરતમાંનપતરો સાથના સંબંધમાં ગુજારયોછે.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૮૦.]

તા૦ ૯ મી અકટોબર.

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૨૫૦ યજદજરદી.

રૂસતમજી ફરાંમજી દીવેચા—અતરેનાં દીવેચાના ખાંનદાંનનાં એક બુજોરગ ઘર-હસથ શેઠ રૂશતમજી ફરાંમજી દીવેચાનાં ગયે શનીવારે રાતનાં ૬૦ વરસની ઉમરે મરણ પાંમવાની નોંધ લેવાને હમોને ઘણી દલગીરી ઉપજેછે. એ મરનાર સવભાવે રાંક, મીલનશાર, અને અકલમંદ હતા, તથા વરતમાન પતરો અને ચોપડીઓ વગેરે વાંચવાનો માહવેરો રાખીઆથી જાહેર બાબદોની સારી માહીતગારી ધરાવતા હતા. દીવેચાનું કુટુંબ મુંબઇ મધે આજ ૧૫૦ થી વધારે મુદતનું વશેલું-છે. એ કુટુંબના વડવા નાથાજી બહમનજી ઇસવી સને ૧૭૨૭ માં દીવ બંદરેથી અતરે આવીઆ હતા, અને વઇદાંનો ધંધો કરતા હતા. મુંબઇ મધે તે વેલાએ પારસીઓ વચે એ નાથા દીવેચા અને આશાવઇદ બે મુખીઅ હકીમો અથવા ડાકટરો ગણાતા હતા. નાથાજીના દીકરા પેશતનજી અતરે આવતાં વીલાયતી વાહાણો તથા મનવારોનાં દુબાશનું કાંમ શેઠ દાદીભાઇ નોશરવાંનજીની સહાયતા હેઠલ કરતા હતા તેમના વડા દીકરા ફરાંમજી પેશતનજી દીવેચા તે મરહુમ શેઠ રૂશતમજીનાબાવા ઇસવી સને ૧૮૧૪ થી મુંબઇના ગવરનરોનાં શેર ખાતાંના તમાંમ વહીવટનાં વડા કારભારી

હતા. આ ઓધો મુંબઇ આવતા દરેક ગવરનરની મનપસંદ રીતે તથા સરકાર તરફ નીમકહલાલી અને કરકસરથી બજાવવાના બદલામાં નામદાર ગવરનર સર જાન માલકમની સરકારે ઇંગલાંડથી કોરટ આફ ડાએરેકટરસની પરવાનગી મંગાવી તારીખ ૩૦ મી નવેમબર ૧૮૩૦ ને દીને તેવણને છાસતી તરફ આવેલાં માવલ અને મરોલી નામનાં બે ગાંમો વંશપરંપરા ઇનામમાં આપીઆં હતાં. ફરાંમજી મજકુરનાં ઇસવી સને ૧૮૪૫ માં મરણ બાદ એ ગામો મરનાર શેઠ રૂશતમજીના હસતકમાં આવીઆં હતાં, અને તેવણે પોતાની જાતી મેહનત, ખંત, અને ચોકસાઇથી તેમાં ઘણોક સુધારો કરી ઉપજ વધારી હતી, તથા તે તરફ કીનારો આવેલો હોવાથી મીથાંનાં અગરો બાંધી તે જીનશનો મોટો વેપાર પોતાના મરણ સુધી ચલાવતા હતા.

બ. બે. પ.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી અકટોબર ૧૮૮૦.]

તા૦ ૧૧ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૧ (શે૦) ૧૨૫૦ યજદજરદી.

એ૦ ફરાંમજી મીનોચેહરજી દસ્તુર જામાસ્પઆશાના, બી. એ.—દસ્તુર જામાસપઆશાના ખાનદાંનનાં એક જવાન અને કેલવાયલા નબીરા એ૦ ફરાંમજી મીનોચેહરજી જામાસપઆશાનાં, બી. એ. ગયા સોમવારની પાછલી રાતનાં ચાર વાગાને અમલે "હારટ ડીજીસ" નાં દરદથી મરણ પાંમીઆછે જે જણાવવાને અમોને મોટી દલગીરી ઉપજેછે. એ મરનારની ઉમરે અગરજો વફાદારી કીધી હતે તો તે બેશક પોતાનું તથા પોતાના વડવાઓનું નાંમ કાઢયા વગર રેહતે નહી. અતરેનાં દસતુર ખાનદાનમો પેહલવેહલી યુનીવરસીટીની પદવી મેલવનાર એ જવાન હતો, તેમજ જંદ પેહલવી, ફારસી, અને સંસકરત જબાનોનું પુખ્ત ગનીઆન ધરાવતો હતો. એ મરનાર 'મરહુમ સર જમશેદજીવાલી જંદ, પેહલવી મદરેસામાં ઇંગરેજી ભાશાનો શીકશાગુરૂ હતો, અને એણે જંદ શીકશક તથા આજ થોડાક દીવસજ થયા જરથોસતી ધરમબોધની પેહલી ચોપડી બાહેર પાડી હતી, તથા તેનાં હવે પછી બીજા તરણ ભાગ બાહેર પાડનાર હતો તેવામાં અફસોસ કે જમે તેને એંચી લીધો અને સઘલી આશા ધુલ મલી.

બ. બે. પ.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૦.]

તા૦ ૨૧ મી અકટોબર.

રોજ ૩ માહ ૨ (શે૦) ૧૨૫૦ યજદજરદી.

મનચેરજી ફરદુનજી કાંગા—

શીંગાપોર, તા૦ ૨ જી નવેમબર ૧૮૮૦.

શેગુન તરફથી એવા સમાચાર મલયાછે કે તારીખ ૨૧ મી અકટોબરને દને રાતનાં એક પારસી અકશમાત રીતે દરીઆમો પડીને મરણ પામીઓછે. કેહેછે કે તે પારસી શીક હતો વાસતે તે બીજે ગામ હવા ફેરબદલ કરવા માટે આગબોટપર જતો હતો તેટલામાં હોડીમાંથી આંચકા શમેત તે બીચારો દરીઆમો પડી ગયો અને તેની ઘણીબી સોધ તે તરફના હોરા તથા મુસલમાન લોકે કીધી પણ તેની લાશ હાતમો આવી નહી, તે પારસીનું નામ શાંભલીઆ પરમાણે મનચેરજી ફરદુનજી કાંગા છે, તથા તેનાં એશીઓ તમારી તરફ ખેતવાડી ખાતે રેહેછે એવું શંભલાએ છે, વાસતે આ દલગીરી ભરેલી બીના તમારીપર લખુંછું કે જેથી તેનાં શગાં વાહલાંને તમારાં પતરની મારફતે ખબર પડે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી નવેમબર ૧૮૮૦.]

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૨ (શે૦) ૧૨૫૦ યજદજરદી.

હોરમજજી ફરાંમજી ચીનાઈ—**અતરેના એક આગલા વેપારી શેઠ હોરમજજી ફરાંમજી ચીનાઇ ગયા શોમવારે સવારનાં ૭૬ વરશની જઇફ વયે બેહશતનશીન થયાછે. એ મરનાર ઇસવી સને ૧૮૩૦ નાં વરશથી**

ચીન ખાતે વેપાર તથા આડતના કામો કરતા હતા, અને ઇસવી સને ૧૮૪૪ નાં વરશમાં મુંબઇ મધે આવી હીયાં પણ એક વેપારી પેહડી સથાપી હતી. એ મરનાર નામાં તથા હીસાબ કેતાબના કામમો ઘણા ખબરદાર હતા, અને હુંડીઆંમણના કોઠા તથા બીજાં બે તરણ ગણીતને લગતાં પુસતકો એ મરનારે બાહેર પાડયાં હતાં. જરથોશતી મજહબને લગતી બાબદો વીશે જાણવાનો તથા તકરારો કરવાનો એ મરનારને ઘણો સાહવેરો હતો. છેલાં આઠ દશ વરશ થયાં એ મરનાર આંખથી ઘણો હલાક થવાને લીધે એકાંત જીંદગી ગુજારતો હતો.

બ. બે. પ.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી નવેમબર ૧૮૮૦.]

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૧ માહ ૪ (કદ૦) ૧૨૫૦ યજદજરદી.

નવરોજજી માણેકજી ભાંડુપવાલા— વખતનાં ફરતાં ચક્ર તલે માણસની મતી અને ગતીમાં કેટલો ફેર પડી જાયછે! ગયા ભરેસપતવારને દીને ચોપાટીની આંધલાં લુલાંની ધરમશાળામાં એક ગરીબ પારસી ગ્રહસથનું મરણ નીપજયુંછે કે જેણે એક વખત શખાવતો કરી હતી અને શેઠાઇસમાન સાહેબી ચલાવી હતી. આસરે તીસ વરશ ઉપર જુની આંખોએ એક નવાઇ દીઠી હતી કે જેમાં એક પારસી ગ્રહસથ પોતે પોતાની ગાડી પછવાડે હુક અથવા આંકડી ભેરવીને પોતાની ધણીયાણીની ગાડી જોતરતો હતો અને એ રીતે આપણા રસતાઓ ઉપર એક ઘોડા પાસે બે ગાડી ખેંચાવાનો દેખાવ થતો હતો. તે વખત ઉપર આપણામાં બાનુઓની સાથે તેમના ગ્રહસથોએ બેસી ફરવાની છીટ હતી. જેઓ ઉંઘાડી ગાડીએ પોતાની બાનુઓને લઇ ફરતા તેમના ઉપર ગાળ પડતી હતી અને જેઓને બેસવું પડે તેઓ પોતાનાં બૈરાં સાથે બારીના વીનીજનો ઢાંકીને બેસતા હતાં તથા પવનચકીની બાગળ આગળ ગાડીમાંથી ઉતરી પડતા હતા. તેવા વખતમાં જે ધણીએ પોતાની ગાડીની પછવાડે પોતાના ધણીયાણીની ગાડી એક ટરેનની મીશાલે ઘસડવાની નવાઇ કાહાડી હતી તેની એ ઓળખ ઉપરથી જાણીતા વાંચનારાઓ સમજયા હશે કે અમે પ્રખયાત મી૦ નવરોજજી ભાંડુપવાલા વીશે લખીયે છીયે. એવણ આજ વીશ વરશ ઉપર પોતાને ખરચે ઇંગલંડ ગયા હતા અને માત્ર ૧૮૬૪ માં એવણે થાણાની સગડી ઉપરનો દીવો સદા જાગતો રાખવા માટે તયાની અનજુમનને રૂ૧૫૦૦ ની શખાવત કરી હતી. મરહુમ શેઠ કાવસજી આશબરનારના ભાંડુપના કીમતી એસટેટ ઉપર મરનાર નવરોજજી ભાંડુપવાલા સને ૧૮૩૦ થી કારભાર ચલાવતા હતા અને તે વખત પછી થોડાં વરશમાં ભાંડુપ અને થાણા વચે આગગાડી થવા છતાં આ મરનાર ગ્રહસથે થાણાના આદરીયાનમાં ભણવા સારૂં પાલખીમા જવાનું ચાલુ રાખયું હતું, કે જે વખતે તેવણની પાલખી સાથ પચાસ માણસો ચાલતા અને આતશ આદરમાં તેવણ શાલ ઓઢીને આવતા તયારે એક નાની જેવી સવારી નીકલતી હતી. ભાંડુપના કારભારથી મરનાર આખી મુંબઇને જાણીતા થયા હતા. આપણાં ઘરોમાં છેક માલા ઉપર દીવાલમાં 'કાક' ફેરવતાંજ પાણી નીકલેછે, એ યંત્ર રચનામાં આજે આપણને નવાઇ લાગતી નથી. પણ વીહારનું પાણી જયારે મુંબઇગરાઓ જાણતા નહી હતા તયારે ભાંડુપના પાણીના બાંધકામની મોટી વાખવાખી હતી અને તે જોવાને મુંબઇથી ગયલાં લોકો છાપરે છાપરે પાણી ચહડેલું જોઇને તથા કારંજા અને ફુવારા ઉડતા જોઇને ઘણાં અજબ થતા હતા. તે સઘળી વાખવાખી મરનાર નવરોજજી ભાંડુપવાલાને મળતી, કે જેવણે પોતાના ધણી તરફથી મી૦ આશબરનરની મારફતે ખજુરમાંથી દારૂ ગાળવાનો બાફથી ચાલતો સંચો વીલાતથી મંગાવીને ભાંડુપમાં ઉભો કીધો

હતો અને તેને માટે આશરે બે માઇલ ઉપરથી પાણી પોહોંચતું કરવાને ભાંડુપનું નાનું "વાટર વરક" સથાપયું હતું, તથા તેવણનો ભાંડુપનો બંગલો જે ઉપર એક મીનારો બંધાવયો હતો અને જયાંથી હાથે કલાકો વગાડીને ગામને ખબર આપવામાં આવતી હતી. તે બંગલામાં ફુવારાનાં પાણી ઉડાડવાના મી૦ નવરોજજીના ખેલ તે વખતના જોનારને મનથી ઘણા રમુજી હતા. તેવણ આશરે પંદર વરશ ઉપર ભાંડુપ છોડી આવયા ત્યારે તેવણ પાસે સારી દોલત હતી, પણ પાછળથી તેવણનો પડતો વખત શરૂ થયો અને જે માણસે આવી જાહોજલાલી ભોગવેલી તેની જીંદગીનો અંત આજે ચોપાટીના ધરમખાતાંમાં આવયોછે. મરનારના બાપ માણકજી કલકતામાં શેઠ "દોરાબજી બંગાલી બાબુ" ને તયાં વેપાર ચલાવતા હતા અને તયાંજ મરણ પામયા હતા અને એવણના બપાવા બેહેરામજી ટીપુ સુલતાનના બાપ હૈદરઅલી સાથની બીજીવારની લડાઇમાં કામીસેરીઅટ સંગાથે હાજર હતા, જે ઉપરથી તેવણને લશકરીની અટક મળી હતી.

બ. બે. પ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી નવેમબર ૧૮૮૦.]

તા૦ ૧૧ મી ડીશેમબર.

શોરાબજી ફરાંમજી કરાકા—જણાવવાને દલગીરી ઉપજેછે કે શેઠ શોરાબજી ફરાંમજી કરાકા તે અતરેની મીઉનીસીપાલીટીના પે માસટર ગઇ કાલ દીને ૫૮ વરસની ઉમરમાં હક થયાછે. એ મરનારને અતરેની એલફીનસટન કાલેજમાં તા૦ ૨૦ મી મારચ ૧૮૪૧ ને દીને આપણા જાણીતા પ્રોફેસર દાદાભાઇ નવરોજજીની સાથે "કલેર સકાલરશીપ" મલી હતી. ઇ. સ. ૧૮૪૩ થી એવણે ઘણા વરશ સી ચીન દેશમાં ગુજારયાં હતાં અને છેક પછવાડેથી અતરેની મીઉનીસીપાલીટીમાં નોકર રહયા હતા. એવણની આગમજ એમના ત્રણ કાકાઓ મેરવાનજી, અરદેસર અને નશરવાંનજી કરાકા આગલા ચંચલ એલફીનસટોનીયનો હતા. આપણી વસતીના જાણીતા શેઠ ડોસાભાઇ ફરામજીના મરનાર વડા ભાઇ હતા.

બ. બે. પ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૮૦.]

સુધારો.

તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૭૯.

મી૦ ગાંધીભાઈ જાંહાંગીર શોલીશીતરનું મરતીઉક—જણાવવાને ભારે દલગીરી લાગેછે કે, મી૦ ગાંધીભાઇ જાંહાંગીર વાછાગાંધી, તે હાઇ કોરટના શોલીશીટર ગઇ કાલ દીને અતરેની શમાલ કાઝ કોરટમાં વડા જડજ મી૦ હારતની હજુરમાં એક મુકદમો ચલાવતા હતા, તેમાં તેવણ શાખશીની ઉલટપાલટ તપાશ કરતા હતા તેવામાં એકાએક બેશુધ થઇ ગએઆ અને મી૦ શોરાબજી બેજનજી વકીલનાં આંગપર પડી ગએઆ હતા. જીઆાં જડજો મીશીઅરસ હારટ, શપેનશર અને ગણપતરાવ આવેઆ હતા. તુરતજ ગોકલદાશ તેજપાલની હાશપીટલનાં મદદનીશ એપોથીકરી મી૦ ઇરાડજને તથા ડાકટર કાવસજી હોરમજજીને બોલાવવામાં આવેઆ હતા. જેઓએ મરનારની છાતી તપાશીને જણાવેઉં કે મરનારનું મરણ હઇડાંનાં દરદથી અથવા માથે ગરમી ચહડવાથી નીપજીઉ હશે. આ પછી મરનારને પારશી વકીલો અને બેલીફો નીચે લાવેઆ અને શીગરામમાં મુકીને તેના બાપીકા ઘેરમાં લેઇ ગએઆ હતા.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૭૯.]

સમાપ્ત.